# વ્રજ મેરે મન ભાયી



D 5 Jan 1999

॥ સ્વામિનીવલ્લભ: શ્રીદ્વારકેશો જયતિ ॥
॥ પ્રિયવ્રજસ્થિત્યૈ શ્રીવલ્લભાય નમ: ॥

# વ્રજ મેરે મન ભાયી

## (વ્રજનું સચિત્ર દર્શન)

લેખક

**પ્રા. રમેશભાઈ વિ. પરીખ**

પ્રકાશક

**શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ**

હરસાનીજી હાઉસ, ૪૧-૪૪, ઊર્મિ શોપીંગ સેન્ટર,
બી. કે. સિનેમા સામે, મહેસાણા - ૩૮૪ ૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૪૨૩૫૩ • ફેક્સ : ૯૧-૨૭૬૨-૫૧૨૯૮

# *Brij Mere Man Bhayi*

*(A pictorial encyclopedia of Brij)*

**by**

***Prof. Rameshbhai V. Parikh***

© કોપીરાઈટ - પ્રા. રમેશભાઈ વિ. પરીખ

**પ્રાપ્તિસ્થાન**

**શ્રી વિજયભાઈ એમ. દેસાઈ**
(માત્ર રૂબરૂમાં - સવારે ૧૧ થી સાંજે ૫ સુધી)
કેમિ ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે,
૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦૦૦૨
ફોન : ઓ. : (૦૨૨) ૨૦૬૦૮૫૮, ૨૦૧૦૦૮૪
ઘર : (૦૨૨) ૩૬૯૩૮૨૧, ૩૬૯૦૯૩૦
ફેક્સ : ૯૧-૨૨-૨૦૬૦૮૫૮


**શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ**
(રૂબરૂ અને પોસ્ટથી)
હરસાનીજી હાઉસ, ૪૧-૪૪, ઊર્મિ શોપીંગ
સેન્ટર, બી. કે. સિનેમા સામે,
મહેસાણા - ૩૮૪૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૪૨૩૫૩
ફેક્સ : ૯૧-૨૭૬૨-૫૧૨૯૮

પ્રથમ આવૃત્તિ : ઓક્ટોબર, ૧૯૯૮

પુસ્તક પ્રકાશન સહાય : રૂા. ૧૦૦/-

લેસર ટાઈપ સેટીંગ
પુષ્ટિ પ્રિન્ટ્સ, ૩૧, શિવ સોસાયટી નં.૨, બી.કે.સિનેમાની બાજુમાં, મહેસાણા.

મુદ્રક
વિનય પ્રિન્ટીંગ પ્રેસ, અમદાવાદ



# સમર્પણ

શ્રીબ્રજ, બ્રજરજ, બ્રજબધૂ, બ્રજેશ, બ્રજસમુદાય ।
બ્રજકાનન, બ્રજગિરિન કોં બંદૌ સદા સતભાય ॥
બ્રજબાસી બલ્લભ સદા મેરે જીવન પ્રાન ।
તિન કોં નિમિષ ન બિસરિ હૌં નંદરાય કી આન ॥
બ્રજ તજિ અનત ન જાઈ હૌં મેરે તો યહ ટેક ।
ભૂતલ ભાર ઉતારિ હો, ધરિ હો રૂપ અનેક ॥
બ્રજ, બૃંદાબન, ગિરિ, નદી, પસુ, પંછી સબ અંગ ।
ઈનસોં કહા દુરાવનો, યે સબ મેરો અંગ ॥

વંદે વ્રજવસુંધરામ્ લીલાભુવિભૂધરામ્ ।
શ્રીયુગલપદાંકિતામ્ સ્ફૂરદમંદરેણૂત્કટામ્ ॥

# હૈયું હીબકાં ભરે એવી વ્યથા-કથા

વૈષ્ણવનું હૈયું બીજાં હૈયાંથી નોખી જાત-નાતનું! વિશ્વના વિરહથી બીજાં હૈયાં વલખે, કાયાની માયાની વિપતથી વિલપે. વૈષ્ણવનું હૈયું વિભુના વિરહમાં ઝૂરે, વિભુના શ્રમને જોઈ હીબકે. વૈષ્ણવના પ્રતિ શ્વાસે એક જ નાદ ગૂંજે - ''કહૌ કૈસે સુખ ઉપજાઈ રી?''

વૈષ્ણવને વ્હાલા વ્રજપતિ અને વ્રજપતિને વ્હાલું વ્રજ. ''ગણ્યું જેને વ્હાલું વ્હાલાએ, અતિ વ્હાલું તું ગણી રે'જે.'' એ ન્યાયે વ્રજ વૈષ્ણવનો પ્રાણ, વ્રજપતિ આત્મા.


આવા વ્રજનાં દર્શન, વ્રજવાસ, વ્રજયાત્રા માટે વૈષ્ણવ વલખે. રાતદિવસ સંતાપે. આંખનાં મોંઘાં આંસુ વહાવે. ન કહેવાય, ન સહેવાય, ન રહેવાય એવી વિરહવેદના લઈને જીવે.

વ્રજમાં જવાનું થાય ત્યારે એનો મનમધુપ ગૂંજે, મનમયૂર નાચે. આંખો અતિ મોંઘા હર્ષાશ્રુથી છલછલ થાય.

પણ ત્યાં ગયા પછી હૃદય વ્રજની અવહેલના નિરખી, નજરબાણોથી લોહી નીતરતું વીંધાઈ જાય. એની વ્યથાની કથા નજરે જોતાં હૈયું હીબકાં ભરે - ''મારા વ્હાલાના વ્હાલા વ્રજની આ સ્થિતિ!''

વૈષ્ણવ પાસે આ અપેક્ષા! પણ આજે વૈષ્ણવ વ્રજની વ્યથાથી વિમુખ નથી બનતો? વ્રજ માટે એનાં સ્પંદન-સંવેદન સૂકાઈ નથી ગયાં? જો એમ થતું હોય તો એને નોળવેલ સૂંઘાડી પુનઃ સ્ફુરિત કરાવવા માટે જ આ પુસ્તક છે.

# પ્રસ્તાવના



## ભૈયા, ગોકુલ કબ ચલેંગે?

**વ્રજ**-ગોકુલ તો પુષ્ટિજીવોનું પિયર ને સાસરું. શ્રીપ્રભુના આનંદવિગ્રહમાંથી પુષ્ટિજીવો જન્મ્યા, શ્રીપ્રભુની સાથે નિજધામ વ્રજ-ગોલોકમાં વસ્યા. શ્રીપ્રભુને વર્યા. પિતા અને પતિ બંને સ્વરૂપે શ્રીપ્રભુને સેવ્યા. દોષવશાત્ પૃથ્વીના અન્ય પ્રદેશોમાં જન્મ્યા. પુષ્ટિજીવ હોવાથી શ્રીમહાપ્રભુજીના શરણે આવ્યા. વ્રજરાજ શ્રીગોવર્ધનનાથજીને બ્રહ્મસંબંધ દ્વારા સર્વ સમર્પણ કર્યું. એમને ઘરમાં પધરાવી, ઘરને વ્રજ-ગોલોક બનાવી, એમની સેવા-સ્મરણ કર્યા. દેહ પડવાનો સુઅવસર આવ્યો, ત્યારે પુષ્ટિજીવ હરખાયો -

**''આવ્યાં મારે સ્વામીનાં નોતરાં,**
**ને મારે જાવું વ્રજ-સાસરે જો,**
**રાજ, કોઈ રોકો નહીં.''**

આમ, જીવનભર અને જીવનબાદ સાચા વૈષ્ણવની મોટામાં મોટી અભિલાષા જો કોઈ રહેતી હોય, તો તે વ્રજવાસની જ રહે છે. ભગવદ્કૃપા જેના પર વરસે તેવા બડભાગી જીવને અખંડ વ્રજવાસી થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. બાકીના વૈષ્ણવો વારંવાર વ્રજનું સ્મરણ કરતાં, વ્રજવાસનો વિરહતાપ સેવે છે.

***''ધન્ય શ્રીયમુનામા કૃપા કરી શ્રીગોકુલ-વ્રજસુખ આપજો;***
***વ્રજની રજમાં અહર્નિશ અમને સ્થિર કરીને સ્થાપજો.'***

શ્રીગુસાંઈજીના સેવક દિવાન નારાયણદાસ ઠેઠ બંગાળમાં રહે. ત્યાંનું દિવાનપદ સંભાળે. ઘડીનો સમય ન મળે. ગોકુળ જવાનો તાપ રહે. ગોકુળ જવું તો દૂર પણ તેના સ્મરણનો ય સમય ન મળે. એક વ્રજવાસી એમના ત્યાં આવ્યા. એમને રોકી લીધા. એમની સાથે ગોકુળના સ્મરણની એક સુંદર વ્યવસ્થા ગોઠવી. કચેરીમાં વ્રજવાસી દિવાનજીની સામે બેસી, દર પાંચ મિનિટે પૂછે - ''ભૈયા, ગોકુલ કબ ચલેંગે?'' નારાયણદાસ અર્ધી ક્ષણ શ્રીમદ્ ગોકુલનું સ્મરણ કરતાં કહે: ''હાં,હાં, અબ ચલેંગે-'' ને પાછા કામમાં ખૂંપી જાય.

આવું અલૌકિક ગુરુત્વાકર્ષણ છે શ્રીમદ્ ગોકુળનું - વ્રજનું.

**શ્રીમદ્ગોકુલસર્વસ્વં, શ્રીમદ્ગોકુલમંડનમ્ ।**
**શ્રીમદ્ગોકુલદ્કતારા, શ્રીમદ્ગોકુલજીવનમ્ ॥**

વ્રજયાત્રાના દિવસો આવે. સંબંધી - સ્વજન જવાની તૈયારી કરે. આપણાં ભાગ્યનાં દ્વાર ખૂલ્યાં ન હોય - આંખ આંસુથી છલકાય. વ્રજયાત્રા કયારે થશે એવો વિરહતાપ થઈ આવે. તન તપે, મન બેચેન બને. જેમના ભાગ્ય ખૂલ્યાં હોય એ જાય. જઈ આવનારને પૂછીએ - ''ત્યાં શું દર્શન કર્યાં?'' એના જવાબમાં એમનાં લૌકિક સુખદુ:ખની વાતો જ સાંભળવી પડે. જનારને અને નહીં જનારને વ્રજના અલૌકિક ભગવદ્સ્વરૂપની સમજ નહીંવત હોય છે. ત્યાંનાં લીલા-સ્થાનોની ભગવલ્લીલાનું જ્ઞાન પણ નહીંવત હોય છે.

ગત વર્ષે ગુડી પડવાની આગલી રાતે જ ભગવદ્પ્રેરણા કહો તો પ્રેરણા અને આજ્ઞા કહો તો આજ્ઞા થઈ. મારા વ્રજના ગુણગાનનું પુસ્તક લખ. ગુડી પડવાથી પ્રારંભ પણ થઇ ગયો. જમણા હાથના પંજામાં થોડાં વર્ષોથી દૂઃખાવો રહે. ઝાઝું લખાય નહીં. તે દુઃખાવો ગુડી પડવા પર અસહ્ય. કીડનીની નવી તકલીફની શરૂઆત. મન વ્યગ્ર રહે. પણ ભગવદિચ્છા અને કૃપા થાય, તો લંગડો ય પહાડ ચડી જાય! પુસ્તક લખાવા માંડયું. પંદર દિવસમાં ખંડ ૧નાં ૨૧૬ પાનાં લખાઈ ગયાં.

શ્રીનવનીતભાઈને અમેરિકા ફોનથી વાત કરી. તેમણે આવવા તૈયારી બતાવી. ફોટોગ્રાફ લઇ આપવાની સેવા સહર્ષ સ્વીકારી. શ્રીપ્રવીણભાઈએ સાથે આવવાની સંમતિ આપી. આમ બધી અનુકૂળતા શ્રીપ્રભુએ કરી આપી. ૮૪ લીલાધામોનાં સ્થળોનાં અને લીલાઓનાં બહુરંગી ૨૦૦ જેટલાં ચિત્રો સાથે આ ગ્રંથ બે ભાગમાં લગભગ ૪૦૦ પાનાંનો બન્યો.

એક સ્વજન વૈષ્ણવે પ્રશ્ન કર્યો : ''પ્રકાશન ખર્ચ તો બહુ મોટો આવે. મનોરથી મળ્યા છે?''

મેં કહ્યું : ''હા, મનોરથી શ્રીવ્રજરાજકુંવર પોતે. એ લખાવે છે, તો લખું છું. એ ચિત્રો અપાવે છે. એ છપાવશે. પણ મારા પર તો કૃપા કરી છે કે મને મનથી વ્રજમય કરી દીધો છે. અંતરચક્ષુ ખોલી વ્રજની પરિક્રમા કરાવે છે.''

ગ્રંથપ્રકાશન માટેના મનોરથી પણ શ્રીમહાપ્રભુજીએ મોકલ્યા. મૂળ મોડાસાના પણ હાલ ન્યુયોર્ક (અમેરિકા) સ્થિત **શ્રીગોવિંદભાઈ બુટાલા** મુંબઇ આવેલા. એમને મનોરથી થવાની પ્રેરણા શ્રીમહાપ્રભુજીએ કરી. સામે પગલે તેમનો ફોન આવ્યો. તેમના અને તેમનાં બેન **પ.ભ. શ્રીશારદાબેન બુટાલાના પરિવાર** મનોરથી બન્યાં. હું તેમનો અત્યંત આભારી છું.

પ્રથમ આવૃત્તિની બધી નકલો તેના મનોરથીને આપવાની હોવાથી, વૈષ્ણવ સમાજ માટે મનોરથીની સંમતિથી બીજી આવૃત્તિ સમાંતરે પ્રકાશતિ કરી રૂપિયા ૪૦૦/-નું પુસ્તક વૈષ્ણવોને માત્ર રૂપિય ૧૦૦/-માં આપવાની અનુકૂળતા કરી આપનાર સૌ મનોરથી વૈષ્ણવોનો પણ ખૂબખૂબ આભારી છું.

વ્રજલીલાનાં ચિત્રોનાં બીજાં બે આલ્બમ મુંબઇના પ. ભ. શ્રીવલ્લભદાસભાઇ જેઠાલાલ કાપડિયાએ સામે પગલે મોકલી આપી, તેનો ઉપયોગ કરવાની અનુમતિ આપી. તેમનો હું કૃતજ્ઞી છું.

**પૂ. ગો. શ્રીચિમનલાલજી મહારાશ્રી (ગોકુલ)** એ ઘણી કૃપા કરી. તેમના ગ્રંથભંડારમાંથી અવલોકન માટે હાલ અપ્રાપ્ય **''વ્રજવિભવ''** ગ્રંથ આપ્યો અને આશીર્વાદ આપ્યા. આપશ્રીનો હું ઋણી છું.

**પૂ. ગો. શ્રીમથુરેશ્વરજી મહોદય (સૂરત-વડોદરા), પૂ. ગો. શ્રીઇંદિરા બેટીજી મહોદયા (સૂરત-વડોદરા), પૂ. ગો. શ્રીનિકુંજલતા બેટીજી મહોદયા (સૂરત-મુંબઇ), પૂ. ગો. શ્રીવાગીશકુમારજી મહોદય (કાંકરોલી) અને પૂ.ગો. શ્રીદ્રુમિલકુમારજી મહોદય (સૂરત-વડોદરા)** ના પણ આશીર્વાદ સાંપડયા છે. તે સૌનો હું ઋણી છું.

વ્રજના ફોટોગ્રાફસ લેવા માટે **શ્રીનવનીતભાઇ સી. શાહ** સ્વખર્ચે ઠેઠ અમેરિકાથી, મહિનાની રજા લઇને આવ્યા અને સ્વખર્ચે ફોટા પાડી, આ ગ્રંથ માટે સુલભ કરી આપ્યા. હું તેમનો અત્યંત આભારી છું.

ફોટોગ્રાફ લેવા વ્રજમાં જવાનું થયું. વ્રજયાત્રા માટે સહયોગ આપનાર **શ્રીસુનિલભાઇ પરીખ (વડોદરા), શ્રીવલ્લભભાઇ મહેતા(ઘડિયાળી) (મુંબઇ-ગોકુલ) શ્રીલક્ષ્મીનારાયણ મુખિયાજી (ગોકુલ) શ્રીપ્રવિણભાઇ એમ. શાહ (વાડાશિનોર-વડોદરા) શ્રીવિજયભાઇ દેસાઇ (મુંબઇ), શ્રીનટુભાઇ પટેલ (વાડાશિનોર)** નો પણ ખૂબ ખૂબ આભારી છું.

સમગ્ર પુસ્તકનું પ્રુફરીડીંગ અતિ શ્રમ અને સમય લઈને સેવાભાવથી કરી આપવા માટે ભરુચના **શ્રીવૈકુંઠભાઈ ભગત**નો પણ ખાસ ઋણી છું.

ઉપર નિર્દિષ્ટ લેખક મહોદયોનાં પુસ્તકોમાંથી મળેલા માર્ગદર્શન માટે તેમનો કૃતજ્ઞી છું.

જેમની કૃપાથી લખાયું છે તેમનાં ચરણકમળોમાં દીન વંદનાથી વધુ કંઇ ધરવાનું મારું ગજું જ નથી.

**શ્રીમહાપ્રભુજીનો ઉત્સવ**
**ચૈત્રવદી ૧૧, રવિવાર**
**તા.૧૪-૬-૯૬**
**મહેસાણા**

દાસાનુદાસ
રમેશભાઈ વિ. પરીખ
નાં સપ્રેમ જયશ્રીકૃષ્ણ

*"નદી દેખી કર્યું સ્નાન, તુલસી દેખી તોડયાં પાન,*
*પથ્થર દેખી પૂજ્યા દેવ, અખા ન થયું બ્રહ્મનું જ્ઞાન."*

આજે મોટા ભાગનો આપણો વૈષ્ણવ સમાજ સુશિક્ષિત છે. માત્ર અંધશ્રદ્ધાથી દોરાતો નથી. સમજથી શ્રદ્ધા કેળવનારો છે. શાસ્ત્ર પણ કહે છે કે ભગવાનનો મહિમા જાણીએ તો જ ભગવાનમાં સાચો, સુદૃઢ સ્નેહ થાય, અન્યથા ન થાય. આજે આપણે ભગવદ્‌સ્વરૂપનો મહિમા જાણ્યા વિના, સેવા કરવા જઇએ તો એ સેવા કર્મકાંડ બનીને રહે છે, તેમ વ્રજનો મહિમા જાણ્યા વિના વ્રજયાત્રા કરવા જઇએ તો તે શરીરનો વ્યાયામ અને પ્રવાસ બની રહે છે. આથી સમજદાર વૈષ્ણવો વ્રજયાત્રા કરવા જતાં પહેલાં વ્રજ વિશે જાણકારી મેળવી લેવા ઇચ્છે છે અને વ્રજમાં જે જે સ્થાને જાય, તે તે સ્થાન પર તેના પ્રાચીન ઈતિહાસને જીવી લેવા ઇચ્છે છે; તેથી તેમની વ્રજયાત્રા સાર્થક બને છે, વિશેષ આનંદપ્રદ બને છે અને ચિરસ્મૃતિવાળી બને છે.

દેશવિદેશનાં જે વૈષ્ણવો એકવાર પણ વ્રજમાં જઇ નથી શક્યાં, તેઓ પણ વ્રજ વિષે વાંચીને વ્રજની લગની લગાડી શકે છે. ઘેર રહ્યાં રોજ વ્રજનું અને વ્રજપરિક્રમાનું ભાવભાવન તથા લીલાભાવન કરી શકે છે.

કલિયુગમાં દોષો અનેક, પણ સાથે ગુણો એવા કે ગુણોનું પલ્લું નમી જાય. અન્ય યુગોમાં માનસિક દોષો અને પાપોના દંડ ભોગવવા પડે અને શરીરથી કરેલાં પુણ્યકર્મોનું જ ફળ મળે. કલિયુગમાં માનસિક દોષોનો દંડ નહીં અને માનસિક ભાવનાઓનું એ જ ફળ મળે, જે શરીરથી કરેલ કર્મોનું ફળ મળે.

એક વૈષ્ણવ એની આખી જિંદગીમાં વધુમાં વધુ કેટલી વ્રજયાત્રા કરે? પચીસ-ત્રીસ કરે. પરંતુ એ જ વૈષ્ણવ ઘેર બેઠાં રોજ મનથી સમગ્ર વ્રજપરિક્રમાનું ભાવન-ચિંતન જરૂર કરી શકે. તો એક વર્ષમાં ૩૬૦ થી ૩૬૫ વ્રજ પરિક્રમા થાય. દસ વર્ષમાં ૩૬૦૦ થાય. ઘેર બેઠાં આટલી બધી માનસિક પરિક્રમાનો આનંદ અને ફળ પ્રાપ્ત થઇ શકે. આ માટે વ્રજપરિક્રમા વિષેનાં સુંદર પુસ્તકો જરૂરી બને.

મારી અંગત વાત કરું. સાઠ વર્ષમાં વ્રજપરિક્રમા કરવાનો યોગ હજી પ્રાપ્ત થયો નથી. વ્રજમાં પણ ઓછું જ જવાયું છે. મારાં દાદીમાએ એમના જીવનમાં એક વખત વ્રજપરિક્રમા કરેલી. મારા બાળપણમાં તેઓ મને વ્રજની ઘણી વાતો કહે. વ્રજનું એક અનોખું આકર્ષણ બાલ મનમાં ઘૂંટાયું હતું. ત્યારથી વ્રજ વિષે જાણવાની, વાંચવાની જિજ્ઞાસા આજ સુધી અપાર રહી છે. શેષ જીવનમાં આ સંપૂર્ણ રોગગ્રસ્ત શરીરથી વ્રજપરિક્રમાનો લાભ શ્રીપ્રભુ આપશે કે નહીં તેની ખબર નથી. વિરહતાપ રહ્યા કરે. તાપ બુઝાવવા માણસ જળ પીએ. થોડીક ક્ષણ સારું લાગે. પાછો તાપ અકળાવે. વ્રજના દર્શનની પ્યાસ બુઝાવવા વ્રજ વિષે વાંચું. **ગો.વા. શ્રીપ્રેમલાલભાઇ મેવચા** આપણા સંપ્રદાયના બહુ ઉત્તમ લેખક. એમનું પુસ્તક **'વ્રજયાત્રાનો સંગાથી'** અનેક વખત વાંચી ગયો. એ વાંચતાં આંખ ટપકે -"ભૈયા, ગોકુલ કબ ચલેંગે?" થોડાં વર્ષો પછી, **'શ્રીવલ્લભ-સુધા'**ના ભાવનિષ્ઠ તંત્રી **શ્રીરવજીભાઇ પ. પટેલ**નું દળદાર પુસ્તક **'શ્રીમથુરાવ્રજ મંડળ યાને વ્રજદર્શન'** પ્રાપ્ત થયું. વ્રજનાં ધામનાં માનસ ચિત્રો એની સહાયથી દોરાયાં ત્યાં સંપ્રદાયના મૂર્ધન્ય વિદ્વાન **શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજી**નું **"વ્રજવિહાર"** પુસ્તક હાથવગું થયું. શાસ્ત્રપ્રમાણ પરિસ્કૃત એ ગ્રંથે વ્રજનાં માનસમિત્રોને પ્રમાણ અને પ્રમેયના મનોહારી રંગોથી સજીવ બનાવી દીધાં.

બે વર્ષ પહેલાં ભગવદ્‌વાર્તા માટે હૈદ્રાબાદ જવાનું થયું. મારાં યજમાન દંપતી **શ્રીતરમકદાસભાઇ** અને **અ.સૌ. પદ્માવતીબહેન રાજા**એ એમના અમૂલ્ય પ્રાચીન ચિત્ર- સંગ્રહોનાં દર્શન કરાવ્યાં. એમાં બે મોટાં આલ્બમો તો વ્રજનાં જુદાં જુદાં ધામોનાં જ હતાં. હૃદય ભાવવિભોર બની ગયું. બે વર્ષ પછી ફરી ત્યાં જવાનું થયું. એમને વિનંતી કરી કે આ બધાં ચિત્રોની મને ફોટોકોપી કરાવી આપો, જે તેમણે સહર્ષ સ્વીકાર્યું. હૈદ્રાબાદની વૈષ્ણવ સંસ્થા **શ્રીકૃષ્ણ સેવા સમિતિ**એ એ રંગીન ફોટોગ્રાફોનું આલ્બમ મને સહર્ષ ભેટ આપ્યું. હું તેમનો ખૂબ આભારી છું.

આ પૂર્વે અમેરિકાથી મારા અંગત સ્વજન **શ્રીનવનીતભાઇ શાહ** ભારત આવેલા. ભારત આવવાનો એમનો મુખ્ય હેતુ વ્રજનાં દર્શનનો હતો. દિવસો થોડા હતા. અમને પણ વ્રજમાં જવાનો લાભ તેમની આડીથી મળ્યો. શ્રીનવનીતભાઇ ફોટોગ્રાફીના કુશળ કલાકાર-કસબી. ફોટોગ્રાફ લેવાની આગવી સૂઝબૂઝ. વ્રજના થોડાક ફોટા તેમણે લીધા. મને મોકલ્યા.

મારા બીજા સ્વજન **શ્રીગોકુલેશ યાત્રા સંઘ** - વડોદરાના **પ.ભ. શ્રીપ્રવીણભાઇ વાડાશિનોરવાળા**. અનેક વ્રજપરિક્રમા કરી ચૂકેલા. વ્રજના ખૂણે ખૂણાના અનુભવી. એમનું માર્ગદર્શન મળ્યું.



# બ્રજ મોહિ બિસરત નાહીં

– નવનીત શાહ (ન્યુ જર્સી – યુ.એસ.એ.)

પૂર્ણપુરુષોત્તમ શ્રીવ્રજનાયક ભગવાન શ્રીકૃષ્ણ મથુરા પધાર્યા, પછી એકાંતમાં પોતાના પ્રિય સખા ઉદ્ધવને દિલની વાત કહે છે : ''ઊધો ! મોહિ બ્રજ બિસરત નાહીં.'' પરાત્પર શ્રીકૃષ્ણપ્રભુની પ્રતિજ્ઞા હતી : ''બ્રજ તજિ અનત ન જાઉં'' આથી ભાવાત્મક સ્વરૂપે શ્રીકૃષ્ણ પ્રભુ સદા વ્રજમાં બિરાજમાન છે. તેમને ત્રિકાળ ''ગોલોકતોઽધિકં મમ પ્રિય ગોકુલોસ્તિ !'' (ગોલોકથી યે અધિક મને ગોકુલ પ્રિય છે.) મહર્ષિ નારદજીએ પણ બાળક ધ્રુવને શિખામણ આપી :

ધર્માર્થ કામમોક્ષાખ્યં ય ઇચ્છેચ્છ્રેયં આત્માઃ ।
એકમેવ હરેસ્તત્ર કારણં પાદસેવનમ્ ।।
તત્તાત ગચ્છ ભદ્રં તે યમુનાયાસ્તીરં શુચિ ।
પુણ્યં મધુવનં યત્ર સાન્નિધ્યં નિત્યદા હરેઃ ।।

અર્થાત – હે બાળક, જે ધર્મ,અર્થ, કામ, મોક્ષ રૂપી પુરુષાર્થ દ્વારા પોતાના આત્માનું શ્રેય ઇચ્છતા હોય, તેમના માટે શ્રીહરિનાં પાદસેવન જ એકમાત્ર સાધન છે. તેથી, તું પવિત્ર યમુના તટે જા. ત્યાં પવિત્ર મધુવન છે, જ્યાં શ્રીહરિનો નિત્ય વાસ છે. તારું કલ્યાણ થાવ.

આથી 'સ્કંદ પુરાણ'માં કહેવાયું :

*''ધન્યં વૃંદાવનં યત્ર, ધન્યા શ્રીમથુરાપુરી ।*
*વ્રજહારેશ્વરી યત્ર, ધન્યા સા વ્રજભૂમિકા ।।''*

( વૃંદાવન ધામને ધન્ય છે. શ્રીમથુરાપુરીને ધન્ય છે. જ્યાં શ્રીવ્રજના હાર (શૃંગાર) રૂપ શ્રીરાધાજી બિરાજે છે, તે વ્રજભૂમિને ધન્ય છે.)

આથી રસિક ભક્ત રસખાનજીએ વ્રજમાં રહીને મનોકામના સેવી :

*''માનુષ હૌં તો વહી રસખાનિ,*
*બસૌં બ્રજ ગોકુલ ગાંવ કે ગ્વારન ।*
*જો પસુ હૌં તો કહા બસ મેરો,*
*ચરૌં નિત નંદ કી ધેનું મંઝારન ।।*
*પાહન હૌં તો વહી ગિરિ કો,*
*જો કિયો હરિ છત્ર પુરંદર કારન ।*
*જો ખગ હોં તો બસેરો કરૌં,*
*મિલિ કાલિંદી કૂલ કદંબ કી ડારન ।।''*

(હવે પછી મનુષ્યજન્મ મળે તો વ્રજના ગોકુળ ગામમાં ગ્વાલ બનું. પશુજન્મ મળે તો, નિત્ય નંદરાયજીની ગાયો ભેગો ચરું. પથ્થર થઉં તો જે પર્વતની શ્રીહરિએ ઇન્દ્રમાનભંગ માટે છત્રી કરી હતી, તે શ્રીગિરિરાજજીની શિલા બનું. પક્ષી બનું તો, કાલિંદીકાંઠે કદંબની ડાળે વાસ કરું.)

શ્રીસૂરદાસજી એમના વતન સિંહીમાં બાળપણમાં રહ્યા. યુવાનીમાં મથુરા-ગૌઘાટ પર રહ્યા. શ્રીવલ્લભના શરણાગત બન્યા પછી વ્રજમાં ચંદ્રસરોવર પર શેષ વર્ષો રહ્યા. વિવિધ સ્થળોના નિવાસના અનુભવ પછી, તેઓ કહે છે :

*"કહાઁ સુખ બ્રજ કૌ સૌ સંસાર ।*

*કહાઁ સુખદ બંસીબટ જમુના, યહ મન સદા બિચાર ॥"*

(હે મન, સદા વિચાર કર કે વ્રજ જેવું સુખ દુનિયામાં બીજે ક્યાંય છે? બંસીબટ અને યમુનાજી જેવાં સુખ આપનાર કોઇ અન્ય છે?)

શ્રીઠાકોરજીએ વ્રજને વ્હાલું કર્યું. શ્રીમહાપ્રભુજી માટે કહેવાયું: **"પ્રિય વ્રજસ્થિતિઃ"** (શ્રીમહાપ્રભુજીને વ્રજમાં બિરાજવું પ્રિય છે.) અને **"ગોવર્ધનસ્થિત્યુત્સાહઃ"** (ગોવર્ધન- ગિરિરાજમાં બિરાજવાના ઉત્સાહવાળા છે.) આથી ભારતનાં ૮૪ બેઠકોમાં શ્રીમહાપ્રભુજીની ૨૦ બેઠકો તો કેવળ વ્રજમાં છે. શ્રીગુસાંઇજીએ અડેલ કાયમ માટે છોડી, વ્રજ-ગોકુળમાં સ્થિરવાસ કર્યો. અષ્ટછાપ ભગવદીયો શરણે આવ્યા પછી, વ્રજ છોડીને ક્યારેય ક્યાંય ગયા નહીં. અનેક વૈષ્ણવો એકલા યા સપરિવાર વ્રજવાસ કરીને સવા પાંચસો વર્ષથી વ્રજમાં રહેતા આવ્યા છે. આપણા ભગવદ્સ્વરૂપો અને ગોસ્વામી બાળકો વ્રજ-મથુરામાં સ્થાયી બિરાજે છે. વ્રજપરિક્રમા કરવાની પરંપરા તો શ્રીમહાપ્રભુજીના સમયથી ચાલી આવે છે. શ્રીદયારામભાઇએ સાચું જ કહ્યું કે "વ્રજ વ્હાલું રે, વૈકુંઠ નહિ જાવું."

૮૪-૨૫૨-૭૮ ભગવદીયોને વ્રજના અલૌકિક, આધિદૈવિક સ્વરૂપનો સાક્ષાત અનુભવ હતો. પછીના સમયમાં વ્રજના અલૌકિક સ્વરૂપનો અનુભવ બધા વૈષ્ણવોને સુલભ ન રહ્યો, પણ આધ્યાત્મિક સ્વરૂપનો અનુભવ પ્રાપ્ત થતો. તેથી તેઓ વ્રજની અલૌકિકતાને સમજતા. સાંપ્રત સમયમાં પુષ્ટિમાર્ગમાં શુદ્ધપુષ્ટિજીવો તો અતિ અલ્પ છે. પુષ્ટિપુષ્ટિ જીવોની સંખ્યા પણ ઝાઝી નથી. પુષ્ટિમર્યાદા જીવો ઠીક ઠીક પ્રમાણમાં છે. ઝાઝી સંખ્યા તો પુષ્ટિપ્રવાહી જીવોની છે. અથવા પુષ્ટિપ્રવાહી જીવોનો વધુ સંગ કરનારા પુષ્ટિમર્યાદા જીવોની છે. પરિણામે આધુનિક સમયના વૈષ્ણવોને - પ્રૌઢ અને યુવાન બંને - વ્રજના આધ્યાત્મિક સ્વરૂપની પણ ખાસ સમજ હોય એવું ઓછું જોવા મળે છે. તેમને કેવળ વ્રજના આધિભૌતિક સ્વરૂપનો જ અનુભવ છે, જે તેમનામાં દોષદૃષ્ટિ જગાડે છે.

આધુનિક સમયમાં વૈષ્ણવો વ્યક્તિગત, સપરિવાર, સમૂહમાં વ્રજ ૮૪ કોશ પરિક્રમામાં વ્રજની યાત્રા, ભૂતકાળ કરતાં અધિક પ્રમાણમાં કરે તો છે, કારણ સાધન સગવડો વધવાથી ઘણી સરળતા થઇ છે. પરંતુ વ્રજ માટેની તેમની પુષ્ટિભક્તિ વધતી હોય, પુષ્ટિભક્તિના ફળરૂપ લીલાનુભવ થતો હોય એવું સામાન્ય રીતે જણાતું નથી.

એનું એક કારણ છે - વ્રજના માહાત્મ્યજ્ઞાનનો અભાવ. મોટા ભાગના વૈષ્ણવો ગાડરિયા પ્રવાહ જેમ દોડી આવે છે. હીરો ઘોઘે જઇ આવ્યો એમ ખાલી હાથે પાછા ફરે છે. સાથે લાવે છે, પેંડા, માવાબાટી, ચનાચિરવા, કંઠીઓ, જમુનાજળની લોટી. યાદ કરે છે ત્યાં ખાધેલી પકોડી, દહીંવડાં, ખસ્તા કચોરી, રબડી-પૂરીને - એમની વ્રજયાત્રાની આટલી જ 'ઇતિ શ્રી' હોય છે. વ્રજનાં લીલાસ્થાનોની લીલા શ્રવણમાં ય આવી હોતી નથી.

માણસમાત્રની એક વિચિત્રતા છે કે, દુનિયા આખીની ઝીણી ઝીણી બાબતો જાણે, પણ પોતીકા વિષે જ અજાણ રહે. વ્રજ આપણું નિજધામ છે. પિયર અને સાસરું બંને છે. ત્યાં જ પાછા જવાનું છે. છતાં આપણે આપણા પોતાના એ મૂળ વતન વિષે બહુ ઓછું જાણીએ છીએ. જે જાણીએ છીએ, તેમાં અન્યથા જ્ઞાન-ખોટી માહિતી-વધારે હોય છે. તે ક્યાં તો વડીલો કે ચોબાજી પાસેથી સાંભળેલી હોય છે. શ્રદ્ધાથી માની લીધેલી હોય છે. શાસ્ત્રો અને ગ્રંથોના અભ્યાસથી મેળવેલું માહાત્મ્યજ્ઞાન બહુ ઓછાને નસીબ થતું હોય છે.

શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે : મહાત્મ્યજ્ઞાન વિના પ્રેમ થતો નથી. સુદૃઢ અને સર્વાધિક પ્રેમ માટે માહાત્મ્યજ્ઞાન પાયાની શરત છે. વ્રજમાં વારંવાર જવા છતાં વ્રજ માટે નિષ્કામ પ્રેમ થતો નથી, વ્રજ આપણા સ્મરણમાં રમતું નથી, એનું આ જ કારણ છે.

વ્રજમાં જઇ આવેલા અને નહીં જઇ શકેલા સર્વ આબાલવૃદ્ધ વૈષ્ણવોને વ્રજનું સુપેરે માહાત્મ્યજ્ઞાન થાય એવા ગ્રંથની રચના કરવાની પ્રેરણા મુરબ્બી શ્રી રમેશભાઈને અનાયાસ જ શ્રીહરિ-ગુરુ- વૈષ્ણવની કૃપાથી થઇ. જીવ મનોરથ કરે, ત્યારે તે પૂર્ણ થાય કે નહીં, તેનો આધાર ભગવદિચ્છા પર છે. પરંતુ પ્રભુ સ્વયં મનોરથ કરે, ત્યારે તે માટે જરૂરી સર્વ સાધન પ્રભુ સ્વયં બની જાય છે. એવો અનુભવ આ ગ્રંથ રચનાના સાક્ષી તરીકે મને થયો.

વ્રજના ફોટોગ્રાફ લેવાના નિમિત્તે એક સપ્તાહની વ્રજયાત્રા મુ. શ્રી રમેશભાઈ સાથે કરવાનું મને સદ્ભાગ્ય પણ સાંપડ્યું. ત્યાંના આનંદની અનુભૂતિ શબ્દોમાં લખી શકું તેમ નથી.

આ પુસ્તક પ્રકાશનનાં મનોરથી બનવા તૈયાર થયેલા શ્રીગોવિંદભાઈ બુટાલા અને તેમનાં બહેન શ્રીશારદાબેન બુટાલાને તથા અન્ય સર્વ મનોરથી વૈષ્ણવોને જેટલા ધન્યવાદ આપું તેટલા ઓછા છે.


*Pictorial Encyclopedia*ના પ્રકારનું વ્રજ વિષેનું આ પુસ્તક કદાચ આપણા પુષ્ટિમાર્ગમાં પહેલું જ હશે, એમ માનું છું. તેને આનંદપૂર્વક આવકારું છું. ■






चित्रकार
दिनेश. डी. शर्मा
नाथद्वारा
दर्शन राजभोग




नन्दालय
बी.एम.शर्मा



ગો.વા. સુશીલાબેન મોહનલાલ દેસાઈ (વીમાવાળા)

(બાલાસિનોર - મુંબઈ)


નાં

સૌ વૈષ્ણવોને જય જય શ્રીગોકુલેશ

સાથે

સપ્રેમ ભેટ

વિજયભાઈ એમ. દેસાઈ
૫૪, ગીતાંજલી, ૭૩-૭૫, વાલકેશ્વર રોડ, મુંબઈ



રૂક્ષ્મણીબેન સાકરલાલ દોશી
મણીબેન ચંદુલાલ ધારીઆ


ચંદુલાલ બાપુલાલ ધારીઆ
ચુનીલાલ બાપુલાલ ધારીઆ

**હસ્તે હરેશભાઈ ધારીઆ**
**(ડેટ્રોઈટ, અમેરિકા)ના**
**સૌ વૈષ્ણવોને જય જય શ્રી ગોકુલેશ**



કલાવતીબેન બાબુલાલ પરીખ
બાબુલાલ પુનમચંદ પરીખ

**હસ્તે ગીતાબેન હરેશભાઈ ધારીઆ**
**(ડેટ્રોઈટ, અમેરિકા)ના**
**સૌ વૈષ્ણવોને જય જય શ્રી ગોકુલેશ**



ગો.વા. જેઠાલાલ મૂળજીભાઈ બજરિયા
ગો.વા. મણિબાઈ જેઠાલાલ બજરિયા
નાં સૌ વૈષ્ણવોને સપ્રેમ જયશ્રીકૃષ્ણ

શ્રી હિંમતભાઈ જેઠાલાલ બજરિયા
શ્રી ઈન્દુબેન હિંમતભાઈ બજરિયા

શ્રી હંસરાજભાઈ જેઠાલાલ બજરિયા
શ્રી દમયંતીબેન હંસરાજભાઈ બજરિયા


શ્રી માવજીભાઈ જેઠાલાલ બજરિયા
શ્રી સંજયભાઈ હંસરાજભાઈ બજરિયા

શ્રી ચેતનભાઈ હંસરાજભાઈ બજરિયા
શ્રી હેમાબેન ચેતનભાઈ બજરિયા
મિત ચેતનભાઈ શિનાઈ

ગો.વા. મોતીબેન જમનાદાસ

ગો.વા. દમયંતીબેન દોલતસિંહ દુતિયા (વીરૂબેન)
ગો.વા. ભાનુબેન ભગવાનદાસ બબલા (રતનબેન)
કોકિલાબેન કનકસિંહ દુતિયા (જયાબેન)
રૂક્ષ્મણીબેન રણજીતસિંહ દુતિયા (જીવીબેન)

**નાં સૌ વૈષ્ણવોને સપ્રેમ જયશ્રીકૃષ્ણ**



ગો.વા. ગંગાબા જોઈતાભાઈ પટેલ (ધર્મજ)
ગોલોકવાસ - તા. ૮-૧૦-૯૦

શ્રી ચીમનભાઈ તથા સૂર્યકાન્તાબેન
પટેલ (એટલાન્ટા)

કેતન સી. પટેલ　　સુષ્મા કેતન પટેલ

રાકેશ સી. પટેલ　　બિન્દીયા રાકેશ પટેલ

દિપા, મિહિર, બિજલ, બ્રિજેશના

**સૌ વૈષ્ણવોને સપ્રેમ**
**જયશ્રીકૃષ્ણ**

**ગો.વા. મોહનલાલ એમ. શાહ અને**
**ગો.વા. શારદાબેન મો. શાહ**
**તથા મેરીલેન્ડ, અમેરિકાના અન્ય વૈષ્ણવોના**
**સપ્રેમ જયશ્રીકૃષ્ણ**



ગો.વા. સૂર્યકાન્તાબેન જશભાઈ પટેલ

ગો.વા. સૂર્યકાન્તાબેન
જશભાઈ પટેલ પરિવાર
બાંધણી(ખેડા) નિવાસીના
સપ્રેમ જયશ્રીકૃષ્ણ

હસ્તે રાજેન્દ્ર પટેલ (અમેરિકા)

બીનાબેન કનુભાઈ હાથી
અમેરિકા નિવાસીના
સપ્રેમ જયશ્રીકૃષ્ણ

ભારતી પંકજ પારેખ

અને

પંકજ પારેખ

(ન્યૂયોર્ક, અમેરિકા)

ના

સૌ વૈષ્ણવોને સપ્રેમ જયશ્રીકૃષ્ણ

રસિકલાલ દલાલ ચેરિટેબલ ટ્રસ્ટ
મુંબઈના
સૌ વૈષ્ણવોને જય જય શ્રી ગોકુલેશ

હંસાબેન નરેન્દ્રભાઈ પટેલ
તથા
પરિવારના
સૌ વૈષ્ણવોને સપ્રેમ જયશ્રીકૃષ્ણ

મીનાક્ષીબેન જે. પટેલ
અમેરિકા નિવાસીના
સૌ વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ


Pradip

# વ્રજપરિચય

આતે જો યહાં હૈ, બ્રજભૂમિ કી છટા દેખ,
નેક ન અઘાતે હોતે, મોદ-મદ ગાતે હૈં ।
જિસ ઓર જાતે ઉસ ઓર મનભાયે દૃશ્ય,
લોચન લુભાતે ઔર ચિત્ત કો ચુરાતે હૈં ।
પલ ભર અપને કો ભૂલ હી વે જાતે સદા,
સુખદ અતીત સુધા-સિંધુ મેં સમાતે હૈં ।
જાન પડતે હૈં ઉન્હેં આજ ભી કન્હૈયા વહાં,
મૈયા-મૈયા ટેરત હૈં, ગૈયા કો ચરાતે હૈં ।

- ઠાકુર ગોપાલશરણ સિંહ

જા કૌં બેદ રટત, બ્રહ્મા રટત, સંભુ રટત, સેસ રટત;
નારદ-સુક-બ્યાસ રટત, પાવત નહીં પાર રી ॥

- નંદદાસજી

**પ્રકરણ - ૧**



# 'વ્રજ' શબ્દની સંકલ્પના

**(૧) ઉપક્રમ :**

જયાં જયાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો વસે છે ત્યાં ત્યાં ઘેર-ઘેર, એક ધોળ અવારનવાર ગવાય છે.

***"ધન્યશ્રી યમુનામા કૃપા કરી, શ્રીગોકુળ વ્રજસુખ આપજો,***
***વ્રજની રજમાં અહર્નિશ અમને સ્થિર કરીને સ્થાપજો.'***

જયારે કોઈ વૈષ્ણવનો ગોલોકવાસ થાય છે, ત્યારે તેમનાં સ્વજનો, તેમના દેહને અંતિમ વિદાય આપતાં ગાય છે :

***"આવ્યાં મારે શ્રીજમુનાજીનાં નોતરાં ને***
***જાવું વ્રજદેશ જો, રાજ કોઈ રોકો નહિ.'***

આ બધાં પદોમાં **'વ્રજ'** શબ્દ સ્થળવાચક છે. જયારે જયારે આપણે **'વ્રજ'** શબ્દ બોલીએ છીએ, કે સાંભળીએ છીએ, ત્યારે ત્યારે આપણને જયાં શ્રીકૃષ્ણની લીલાભૂમિ - મથુરા, ગોકુળ, વૃંદાવન, નંદગામ, બરસાના આવેલાં છે, એ વ્રજ-પ્રદેશની યાદ આવે છે. શ્રીગિરિરાજજી અને શ્રીયમુનાજીનાં સ્મરણે પણ વ્રજમંડળની યાદ આવે છે.

**'વ્રજભૂમિ'** અને **'વ્રજ'** શબ્દ આપણા લોહીમાં એવાં ઓતપ્રોત થઈ ગયાં છે કે તે વિષે આપણને ઝાઝું વિશેષ સાંભળવાની કે જાણવાની જિજ્ઞાસા થતી નથી. વ્રજના સ્વામી શ્રીકૃષ્ણને આપણે ગમે તેટલા જાણીએ અને સમજીએ છીએ, તોયે તેઓ આપણા માટે અગમ્ય રહે છે. એવું જ કંઈક તેમની લીલાભૂમિ - વ્રજનું પણ છે. અનુભવીઓનો અનુભવ કહે છે કે વ્રજને વિશેષ રૂપે જાણવાનો પણ એક આનંદ છે. પરિચય વિના પ્રેમ નહીં. જાણ્યા વિના મણાય નહીં. આવો, આપણે તે આનંદ માણીએ.

**(૨) 'વ્રજ' શબ્દનો અર્થ :**

સામાન્ય રીતે, હાલમાં ગામોનાં અને સ્થળોનાં નામો તે બંધાવનારી વ્યક્તિના નામ પરથી પડે છે અથવા તે સ્થળની ભૌગોલિક સ્થિતિ ઉપરથી તેનું નામકરણ થાય છે. કોઈક મહાપુરુષનું નામ પણ તે સ્થળને આપવામાં આવતું હોય છે. વ્યક્તિઓનાં નામ કેવળ રાશિને આધારે રખાતાં હોય છે, કયારેક તેમાં નવીનતાનો આગ્રહ રાખવામાં આવતો હોય છે. વ્યક્તિ કે સ્થળોનાં નામને તેમના ગુણ કે સ્વરૂપ સાથે કોઈ સંબંધ હોતો નથી, કારણ કે એ બધાં લૌકિક નામો છે, લૌકિક મનુષ્યોએ પાડેલાં નામો છે.

વેદોમાં અને પુરાણોમાં સ્થળોનાં અને વ્યક્તિઓનાં અનેક નામો મળી આવે છે. તે બધાં નામ ઉપરોકત બાબતોને ધ્યાનમાં રાખીને પડેલાં નથી. તે દરેક નામની પાછળ તે સ્થળ કે વ્યક્તિના સ્વરૂપ અને ગુણનું રહસ્ય છૂપાયેલું હોય છે. તે નામ સ્વયં પ્રભુ દ્વારા કે પ્રભુના મહાન ભકતો એવા દેવર્ષિઓ કે મહર્ષિઓ દ્વારા પડેલાં હોય છે. તેમાં લૌકિકતાને બદલે અલૌકિકતા હોય છે. આથી તે નામો ત્રણે કાળમાં શાશ્વત - સનાતન રહે છે.

**'વ્રજ'** શબ્દનું પણ આવું જ છે. વ્રજનું નામકરણ વેદોમાં થયેલું જોવા મળે છે. વેદ સાક્ષાત્ ભગવાનના ઉચ્છ્વાસની ભગવદ્વાણી છે, એટલે **'વ્રજ'** નામ સાક્ષાત્ ભગવાન દ્વારા પડાયેલું છે. સંસ્કૃતમાં તેનું નામ વ્રજ છે. વ્રજપ્રદેશમાં બોલાતી વ્રજભાષા સંસ્કૃતમાંથી ઉતરી આવેલી છે. તેથી સંસ્કૃત ભાષાના ઘણા શબ્દ કયાં તો મૂળ રૂપે અથવા ફેરફાર થઈને તદ્ભવ રૂપે વ્રજભાષામાં આવેલા છે. વ્રજભાષામાં **'વ'** અક્ષર નથી. વ્રજભાષા બોલવામાં લલિત, મધુર, કોમળ છે. તેથી તેમાં કઠોર અથવા અઘોષ વર્ણો ઓછા છે. ઘોષ અથવા કોમળ વર્ણો વધુ છે. એટલે વ્રજભાષામાં **'વ'** ના સ્થાને **'બ'** વર્ણનો ઉપયોગ અને ઉચ્ચાર થાય છે. આથી સંસ્કૃત શબ્દ **'વ્રજ'** વ્રજભાષામાં **'બ્રજ'** બની ગયો.

### (૩) સંસ્કૃત શબ્દકોષ પ્રમાણે વ્રજ શબ્દના વિવિધ અર્થો:

સંસ્કૃતના સુપ્રસિદ્ધ વિદ્વાન કોશકાર શ્રીવામન શિવરામ આપ્ટે તેમના સંસ્કૃત કોશમાં 'અમરકોશ'ના આધારે 'વ્રજ' શબ્દના અનેક અર્થો આપે છે. **'વ્રજ'** શબ્દ 'વ્રજ્' ધાતુ ઉપરથી બનેલો છે. વ્રજ્ ધાતુના જુદા જુદા અર્થો મળી આવે છે, તે નીચે પ્રમાણે છે.

(૧) વ્રજ્ : જવું, ચાલવું, પ્રગતિ કરવી (જેમ કે, નાવિનીતવ્રજેદગુણ્ય:)

(૨) વ્રજ્ : પધારવું, પહોંચવું, દર્શન કરવાં (જેમ કે, મામેકં શરણં વ્રજ)

(૩) વ્રજ્ : વિદાય થવું, સેવામાંથી નિવૃત્ત થવું, પાછળ હટવું, સમય વીતવો. (જેમ કે, ઇયં વ્રજતિ યામિની)

વ્રજ શબ્દના આ અર્થો ઉપરથી એક વાત સમજાય છે કે સંસ્કૃતમાં ગમ્ ધાતુ જવાના અર્થમાં અને 'ધાવ્' ધાતુ દોડવાના અર્થમાં વપરાય છે. એવા જ અર્થમાં વ્રજ્ ધાતુ વપરાતો જોવા મળે છે.

સંસ્કૃત વ્યાકરણના નિયમ પ્રમાણે ધાતુને જયારે ઉપસર્ગ લાગે છે, ત્યારે તે ધાતુનો મૂળ અર્થ બદલાઇ જઇ, એક નવો અર્થ બને છે. તે પ્રમાણે 'વ્રજ્' ધાતુને જુદા જુદા ઉપસર્ગો લાગતાં, નીચે પ્રમાણેના નવા શબ્દો અને તેમના અર્થો મળે છે.

(૧) અનુ-વ્રજ્ : પાછળથી જવું, પાછળ જવું, મેળવવું, મદદ લેવી.

(૨) આ-વ્રજ્ : આવવું, પહોંચવું.

(૩) પરિ-વ્રજ્ : આમતેમ સાધુના રૂપે ફરવું.

(૪) પ્ર-વ્રજ્ : સ્થાન છોડવું, સંસાર છોડવો.

વ્રજ્ ધાતુ પરથી જયારે વ્રજ નામ બને છે, ત્યારે તેના અર્થ નીચે પ્રમાણે થાય છે.

(૧) વ્રજ : સમુચ્ચય, સંગ્રહ, સમૂહ.

(૨) વ્રજ : ગ્વાલોને રહેવાનું સ્થાન-ગોષ્ઠ, ગૌશાળા, માર્ગ -રસ્તો.

આ વ્રજ શબ્દને સમ્ ઉપસર્ગ લાગતાં, તેનો અર્થ યુવતી (વ્રજસ્ત્રી) એવો થાય છે.

વ્રજ શબ્દની પાછળ નાથ, કિશોર, મોહન, વલ્લભ, વર, જેવા શબ્દો જોડાતાં તેનો અર્થ કૃષ્ણ એવો થાય છે.

ડૉ. વાસુદેવ કૃષ્ણ ચતુર્વેદીનો વ્રજ શબ્દ અંગેનો વિચાર પણ વિચારણીય છે. વ્રજની વ્યુત્પત્તિ વ્રજ્ ધાતુથી છે, જેનો એક અર્થ જવું છે. જગત શબ્દની વ્યુત્પત્તિમાં પણ જવાનો અર્થ છે. **વ્રજનાત્ વ્રજતં વ્યાપ્તિ:** તેથી જે વ્યાપક છે, તેને વ્રજ કહ્યું છે.

ગતિના અર્થમાં વપરાતા વ્રજ્ જેવા ધાતુ અધ્યાત્મનાં ચાર મુખ્ય લક્ષ્યો (૧) ગમન (૨) જ્ઞાન (૩) મોક્ષ અને (૪) અધ્યાત્મનું પ્રતિપાદન કરે છે. આ ચારે લક્ષ્ય પરમતત્ત્વની પ્રાપ્તિનાં ચાર સોપાન છે. આ ચારે લક્ષ્યોની પ્રાપ્તિનો સંભવ વ્રજમાં છે.

વ્રજ શબ્દ બ્રહ્મનો પણ પર્યાય છે. **યસ્ય ભાસાસર્વમદિં વિભાતિ.** જે બ્રહ્મથી સર્વ જગત સુશોભિત છે, તે બ્રહ્મ વ્રજથી સુશોભિત છે.

આ પ્રમાણે આપણે વ્રજ શબ્દના શબ્દકોશમાં આપેલા અર્થ જોયા. સાહિત્યમાં દરેક શબ્દની પાછળ અર્થનું એક અદ્‌ભુત રહસ્ય રહેતું હોય છે, તે પ્રમાણે વ્રજ શબ્દના વિવિધ અર્થોનો સમુચ્ચય કરતાં નીચે પ્રમાણે અર્થ વિચાર કરી શકાય.

**(૪) વ્રજના વિવિધ અર્થોનું અલૌકિક રહસ્ય :**

**'વ્રજ્'** ધાતુનો **એક અર્થ** જવું, ચાલવું, પ્રગતિ કરવી એવો છે. તેનું રહસ્ય એ છે કે હે વૈષ્ણવો, વ્રજ તમારું નિજધામ છે. તે તમારું પિયર અને સાસરું બંને છે. માટે, વ્રજ તરફ જાવ, વ્રજમાં જ ચાલો, વ્રજના અલૌકિક તત્ત્વને સમજવામાં આગળ વધો - પ્રગતિ કરો.

**'વ્રજ્'** ધાતુનો **બીજો અર્થ** પધારવું, પહોંચવું, દર્શન કરવાં એવો જોયો. તેનું રહસ્ય એ છે કે વ્રજમાં જઇને વ્રજવિહારી શ્રીગોવર્ધનધારીનાં અને શ્રીરાધારાણીનાં દર્શન કરો, શ્રીગિરિરાજજીનાં અને શ્રીયમુનાજીનાં દર્શન કરો. વ્રજભૂમિનાં દર્શન કરો, ત્યાં બિરાજતા શ્રીઠાકોરજીને હૃદયમાં પધરાવો.

**'વ્રજ્'** ધાતુનો **ત્રીજો અર્થ** છે વિદાય થવું, સેવાથી નિવૃત્ત થવું, પાછળ હટવું. સમય વીતવો. એનું રહસ્ય એ છે કે તમારી જિંદગીનો સમય વીતી રહ્યો છે, માટે વિલંબ કરવો ઠીક નથી. જગતમાંથી વિદાય થવાની વેળા આવે, તે પહેલાં પ્રભુની સેવા માટે લૌકિક છોડો, ભક્તિના માર્ગે આગળ વધો.

**'વ્રજ્'** ને **'અનુ'** ઉપસર્ગ લગાડવાથી પાછળથી જવું, પાછળ જવું, મેળવવું, મદદ લેવી, એવો **ચોથો અર્થ** મળે છે. તેનું રહસ્ય એ છે કે વ્રજમાં ભગવદીયો જે માર્ગે ગયા છે, તેમની પાછળ તેમને અનુસરો, ભક્તિ એટલે સેવા પ્રાપ્ત કરો.

**'વ્રજ્'**ને **'આ'** ઉપસર્ગ લગાડવાથી **પાંચમો અર્થ** થાય છે આવવું, પહોંચવું, અર્થાત્ શ્રીઠાકોરજી સુધી પહોંચો, શ્રીઠાકોરજીને મેળવો.

**'વ્રજ્'**ને **'પરિ'** ઉપસર્ગ લગાડવાથી **છઠ્ઠો અર્થ** થાય છે સાધુ રૂપે ફરવું. તેનું રહસ્ય એ છે કે લૌકિક આસક્તિ છોડો, ભક્તિમાર્ગીય સંન્યાસી બનો, બીજા બધાનો આશ્રય છોડી શ્રીવ્રજેશ્વરનો આશ્રય કરી જાણો.

**'વ્રજ્'**ને **'પ્ર'** ઉપસર્ગ લગાડવાથી **સાતમો અર્થ** થાય છે સ્થાન છોડવું, સંસાર છોડવો. તેનું રહસ્ય એ છે કે તમારે તમારું ઘર, કુટુંબ છોડવું છે, તો વ્રજમાં જઇને રહો, વ્રજમાં પરિવ્રાજક બનીને રહો, વિરક્ત બનીને રહો.

આમ, **'વ્રજ'** શબ્દ આપણને લૌકિકથી અલૌકિક તરફ જવાનો માર્ગ બતાવે છે. તે માટેની પ્રેરણા આપે છે. ત્યાં પહોંચાડે છે. માટે જ આપણે કહીએ છીએ કે અમને વ્રજવાસ ક્યારે મળે?

**'વ્રજ'**ના વિવિધ અર્થોનું જે રહસ્ય આપણે જાણ્યું તે પરથી એમ કહી શકાય કે વ્રજમાં ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનો સમુચ્ચય છે. માટે વૈષ્ણવોએ વ્રજમાંથી ભગવદ્‌જ્ઞાન મેળવી, ભક્તિમાર્ગીય વૈરાગ્યપૂર્વકનું ભગવદીય જીવન ગાળતાં, દેહ અને અંતઃકરણમાં ભક્તિરસનો સંગ્રહ કરવાનો છે.


**'વ્રજ'** શબ્દનો એક અર્થ ગૌશાળા કરવામાં આવ્યો. સાચે જ, વ્રજ બહુ મોટી ગૌશાળા છે. ત્યાં શ્રીનંદરાયજીની નવલાખ ગાયો સહિત બધા વ્રજવાસીઓની બોત્તેર લાખ ગાયો વસે છે. સંસ્કૃતમાં ગો શબ્દનો એક અર્થ જેમ ગાય છે, તેમ બીજો અર્થ ઇન્દ્રિયો પણ છે. ગૌશાળા એટલે ગાયોને રહેવાનું સ્થાન. ગૌશાળા શબ્દનો બીજો અર્થ છે ઇન્દ્રિયોના સમૂહને રહેવાનું સ્થાન, એટલે આપણું શરીર. વ્રજમાં જેમ ગાયો વિચરણ કરે છે, તેમ વ્રજમાં આપણી ઇન્દ્રિયો પણ વિચરણ કરે તે જરૂરી છે. આપણું શરીર વ્રજ બને. તેમાં શ્રીવ્રજનાથ બિરાજે. બધી ઇન્દ્રિયો મન સહિત શ્રીવ્રજનાથની સેવા કરે.

**'શ્રીમદ્‌ભગવદ્‌ગીતા'**ના માહાત્મ્યમાં કહેવામાં આવ્યું છે કે **'સર્વોપનિષદો ગાવો દોગ્ધા ગોપાલનંદનઃ ।'** અર્થાત્ બધાં ઉપનિષદો ગાયસ્વરૂપ છે. તેમને દોહનાર ગોપાળ શ્રીનંદનંદન છે. તેમાંથી પ્રાપ્ત થયેલું દૂધ એ ગીતા છે. વ્રજ ગૌશાળા હોવાથી બીજા અર્થમાં તે સર્વ ઉપનિષદોની ભૂમિ છે. સર્વ ઉપનિષદોનું રહસ્ય જેમ ગીતામાં છે, તેમ વ્રજમાં પણ રહેલું છે. ઉપનિષદોમાં ભગવદ્‌રસનું જ્ઞાન છે. તે અલૌકિક ભગવદ્‌રસનું આકંઠ પાન વ્રજમાં પ્રાપ્ત થાય છે, તેનાથી આપણું જીવન સફળ બને છે.

■

અલી સજની, ક્યારે ગોકુળ જઈશું?
નંદકુંવર જુએ રાહ, ક્યારે મળીશું?
વ્રજરજ છે દિવ્ય, ક્યારે લોટીશું?
જમુનાજી છે ભરપૂર, ક્યારે પાન કરીશું?

**પ્રકરણ : ૨**



# વ્રજનું નામકરણ

**(૧) વૈદિક સાહિત્યમાં વ્રજ નામ :**

વ્રજ શબ્દનો સૌ પ્રથમ પ્રયોગ **ઋગ્વેદ**માં અનેક સ્થાને થયેલો મળી આવે છે. ઋગ્વેદ ચારે વેદમાં સૌથી પ્રાચીન વેદ કહેવાય છે. તેમાં વ્રજ શબ્દનો ઉપયોગ થયો હોય એવા ઘણા મંત્રો છે, જેમાંથી મુખ્ય મંત્રો નીચે પ્રમાણે છે.

(ક) **'અપાવૃત વ્રજિની રુત્સ્વર્ગાદ્વિદુશે માનુષી દવ આવઃ।'** (**ગાયોથી ઘેરાયેલી** વ્રજભૂમિ સ્વર્ગથી પણ ઉત્તમ જણાય છે. અહીંના લોકો દેવો જેવા તજસ્વી છે.

(ખ) **'ગવાસપ વ્રજ વૃદ્ધિ કૃણુસ્ય રાધો અદ્રિયઃ ।'** (હે ઈન્દ્ર! તારો આપેલો યશ બધે વધે છે. તું અમારા માટે **ગાયોનો વાડો** (વ્રજ) ખોલ.)

(ગ) **'યં ત્વા જનાસો અતિસંચરન્તિ ગાવ ઉષ્ણામિવ વ્રજ પ્રવિષ્ઠઃ ।'** (હે યુવાન, જેમ ગરમીથી પીડાતી ગાયો **ગૌશાળામાં** (વ્રજમાં) આવે છે, તેમ ઠંડીથી પીડાતો માણસ તારી પાસે આવે છે.

ઋગ્વેદ પછી બીજો વેદ **યજુર્વેદ** છે. તેમાં પણ વ્રજ શબ્દનો ઉલ્લેખ નીચે મુજબ મળે છે.

> **'તાવાં વાસ્તૂન્યુશ્મસિ ગમધૌ**
> **યત્ર ગાવો ભૂરિશૃંગા અયાસઃ**
> **અત્રાહ તદુયુગાયસ્ય વૃષ્ણઃ**
> **પરમંપદવિભાતિ ભૂરિ ।'**

(હે પ્રભો! જયાં મનોહર શીંગડાંવાળી **ગાયો ચરે છે** અને વિદ્વાનો જેમની કીર્તિ ગાય છે એવા વૃષ્ણવંશી જયાં પ્રકાશમાન છે, ત્યાં અમે જઈએ છીએ.)

ત્રીજો વેદ **સામવેદ** છે. તેમાં પણ **'વ્રજ'** શબ્દનો ઉલ્લેખ નીચે મુજબ મળે છે.

**'આદસ્યવાતો અનુવાતિ શોચિર યસ્ત તે વ્રજિનં કૃષ્ણમસ્તિ।**
**ઉધસ્ય તે નવજાતસ્ય વૃષ્ણો ।'**

(શીતળ પવન વાય છે. ભૂમિ પુલક્તિ થઈ છે. નવજાત વૃષ્ણી બાળકથી તે **ભૂમિ** અત્યંત શોભાયમાન થઈ છે.)

વૈદિક સાહિત્યમાં થયેલા **'વ્રજ'** શબ્દના જે ઉલ્લેખો આપણે ઉપર જોયા, તે સર્વમાં **'વ્રજ'** શબ્દ **ગાયોનું સ્થાન,**

અર્થાત્ **ગૌશાળા** તરીકે વપરાયેલો છે. સંસ્કૃતમાં ગાયોના સ્થાનને ગોષ્ઠ પણ કહેવામાં આવે છે. આને લઈને વ્રજ શબ્દની નીચે પ્રમાણે વ્યાખ્યા થઈ.

**'વ્રજન્તિ ગાવો તસ્મિન્નિતિ વ્રજઃ'** અર્થાત્ જેમાં ગાયો જાય છે, તે સ્થાન એટલે વ્રજ. આમ, **વૈદિકકાળમાં વ્રજ શબ્દ ગાયોના સ્થાનવાચક છે. તે વખતે વ્રજ શબ્દ કોઈ પ્રદેશ કે દેશના નામ તરીકે વપરાતો ન હતો.**

### (૨) વ્રજનું તે સમયનું નામ :

વૈદિકયુગ પછી ભારતમાં બૌદ્ધયુગ આવ્યો. વૈદિકયુગથી બૌદ્ધયુગ શરૂ થયો, ત્યાં સુધીના સમયમાં આજના વ્રજમંડળને **'બ્રહ્મર્ષિદેશ'** અથવા **'બ્રહ્માવર્ત'**ના નામે ઓળખવામાં આવતો હતો. મહર્ષિ મનુએ તેને બ્રહ્મર્ષિદેશ કહેવાનું કારણ **'મનુસ્મૃતિ'**માં બતાવ્યું છે. તે પ્રદેશમાં ઘણા વિદ્વાન, સદાચારી, બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણો રહેતા હતા, જેઓ બ્રહ્મોપાસનામાં સદા તત્પર હતા. તેમનાં દિવ્ય ચરિત્રો માનવસમાજ માટે આદર્શરૂપ હતાં. બ્રહ્મને ખોજનારા ઋષિઓનો એ પ્રદેશ હોવાથી તેને બ્રહ્મર્ષિદેશ અથવા બ્રહ્માવર્ત કહેવામાં આવતો.

### (૩) બૌદ્ધ સમયમાં વ્રજનું નવું નામકરણ :

બૌદ્ધકાળમાં આ પ્રદેશ **'મજિઝમ'** પ્રદેશ અથવા મધ્યપ્રદેશ તરીકે પ્રસિદ્ધ હતો. તેની ઉત્તરે હિમાલય, દક્ષિણે વિંધ્યાચળ, પૂર્વમાં પ્રયાગ અને પશ્ચિમમાં કચ્છના રણમાં સમાઈ જતી સરસ્વતી નદી આવેલાં છે. આ ચાર સીમાડાઓની વચ્ચે મધ્યમાં આ પ્રદેશ આવેલો હોવાથી તે મજિઝમ દેશ અથવા મધ્યપ્રદેશ તરીકે જાણીતો હતો. તેમાં નવ જનપદ (જિલ્લા) આવેલા હતા. તે પૈકી મત્સ્ય, શૂરસૈન, કુરુ અને પાંચાલ એ ચાર મોટા જનપદ (જિલ્લા) હતા.

### (૪) પુરાણ સાહિત્યમાં 'વ્રજ' નામ :

પુરાણ સાહિત્યમાં વ્રજપ્રદેશનો ઉલ્લેખ સ્થળવાચક નામ તરીકે થયેલો જોવા મળે છે. **'હરિવંશ'** પુરાણના વિષ્ણુપર્વમાં અનેક સ્થાને વ્રજ શબ્દ સ્થળવાચક રહ્યો છે. એવી જ રીતે **'પાંચરાત્ર'** ગ્રંથમાં વ્રજ શબ્દનો ઉલ્લેખ સ્થળવાચક તરીકે થયો છે, જેમ કે :

**'વ્રજે વસન્તિ યે ભક્તા**
**યે વિપ્રાઃ પ્રાણિનો નરા : ।**
**તે સર્વે માનનીયા**
**સ્યુરંગીભૂતા હરેર્યતઃ ॥'**

(**વ્રજમાં** જે ભકતો, બ્રાહ્મણો, પ્રાણીઓ, અને મનુષ્યો વસે છે તે બધા માનનીય (માન આપવા લાયક) છે, કારણ કે તેઓ શ્રીહરિના અંગભૂત છે.)

**'હરિવંશ'** પુરાણમાં કહેવામાં આવ્યુ છે કે

**'ક્ષણેન તદ્ વ્રજસ્થાનમીરણમ્ સમપક્ષત ।**
**દ્રવ્યાવયવનિવૃત્તં કીર્ણમં વાયસમંડલૈઃ ॥'**

(નંદરાયજી વગેરે વૃંદાવન ગયા તે જ ક્ષણથી **વ્રજસ્થાન** (ગામ) સૂમસામ થઈ ગયું. ત્યાં કાગડા ઊડવા લાગ્યા.)

શ્રીમદ્ભાગવતમાં પણ વ્રજ શબ્દ આ જ **અર્થ**માં વપરાયો છે.

**'કંસેન પ્રહિતા ઘોરા પૂતના બાલઘાતિની ।**
**શિશૂંશ્ચચાર નિધ્નન્તિ પુરગામવ્રજાદિષુ ॥'**

(કંસે મોકલેલી, બાળકોને મારનારી, ભયંકર પૂતના પુર (શહેર), ગામ (ગામડું) વ્રજ (નેસડો) વગેરેમાં બાળકોને મારતી ફરતી હતી.)

આમ, શ્રીભાગવતમાં **'વ્રજ'** શબ્દ નાના ગામ અને આહીરોના નેસડા માટે પણ વપરાયેલો જોવા મળે છે. તે ઉપરાંત શ્રીભાગવતમાં વ્રજ શબ્દ વિશાળ પ્રદેશના **અર્થ**માં પણ વપરાયો છે. જેમ કે **'વૃંદેશો વ્રજવૃષામૃગગાવો ।'** અર્થાત્, ભગવાન શ્રીકૃષ્ણ વેણુનાદ કરે છે, ત્યારે તેમની પાસે વ્રજના બળદો, હરણો, અને ગાયોનાં ટોળેટોળાં દોડી આવે છે. અહીં **'વ્રજ'** શબ્દ આખા પ્રદેશ માટે વપરાયો છે. જેમાં ત્યાંનાં ગામો, ખેતરો વગેરેનો સમાવેશ થાય છે. એ જ રીતે વ્રજ શબ્દનો એક બીજો પ્રયોગ પણ આ જ અર્થમાં શ્રીભાગવતમાં જોવા મળે છે. **'ગચ્છ દેવી વ્રજં ભદ્રે ગોપગોપીરલંકૃતમ્'** અર્થાત્ હે દેવી, ગોપ અને ગાયોથી શોભતા **વ્રજમાં** તું જા. આમ, શ્રીભાગવતમાં વ્રજ કેવળ ગાયોનું સ્થાન રહ્યું નથી, તે ગોપાલનું સ્થાન - સ્થળ - બન્યું છે.

શ્રીભાગવતમાં શ્રીનંદરાયજી જયાં વસતા હતા, તે પ્રદેશ માટે વિશેષ નામ (*Proper noun*) તરીકે **'વ્રજ'** શબ્દ વપરાયો છે. સાથે સાથે **શ્રીભાગવતમાં એવો પણ નિર્દેશ મળે છે કે શ્રીનંદરાયજીના વ્રજ સિવાયનાં બીજાં વ્રજ પણ**

મીનાબેન સુધાકર શેઠ (ઈલીનોઈસ, અમેરિકા)ના સદૈન્ય જયશ્રીકૃષ્ણ

હતાં, જેમ કે **'સમાગતાન્ પૂજયતી વ્રજૌકસઃ ।'** અર્થાત્ ભગવાને શકટભંજનલીલા કરી, ત્યારે ઉત્સવમાં બીજા વ્રજમાંથી પણ વ્રજવાસીઓ આવ્યા હતા. તેમનું પૂજન કરવામાં શ્રીયશોદાજી રોકાયેલાં હતાં.

**'વ્રજ'** શબ્દ શ્રીભાગવતમાં શ્રીનંદરાયજીના વ્રજ તરીકે તો સ્પષ્ટ રીતે વપરાયેલો છે જ, જેમ કે **'આરબ્ધ નંદસ્ય વ્રજઃ સર્વસમૃદ્ધિમાનઃ ।'** અર્થાત્ શ્રીકૃષ્ણના પ્રાકટ્યથી શ્રીનંદરાયજીનું વ્રજ સર્વ પ્રકારે સમૃદ્ધિથી ભરપૂર છે. ઉદ્ધવજીએ પણ શ્રીગોપીજનોને વંદન કરતાં **'વંદે નંદવ્રજસ્ત્રીણામ્ ।'** (નંદવ્રજનાં સ્ત્રીઓને હું વંદન કરું છું) એમ કહ્યું છે. આથી નક્કી થાય છે કે શ્રીભાગવતમાં વ્રજ શબ્દ વ્રજપ્રદેશ માટે વપરાયો છે. શ્રીનંદરાયજી જયાં વસતા હતા, તે પ્રદેશને પણ વ્રજ તરીકે ઓળખવામાં આવ્યો છે, તે સિવાયનાં વ્રજ હોવાનો ઉલ્લેખ પણ શ્રીભાગવતમાં મળી આવે છે.

**'મહાભારત'**માં આદિપર્વમાં 'વ્રજ' શબ્દ **સમૂહના અર્થમાં** વપરાયો છે. આમ, **'વ્રજ' શબ્દ, જે વેદકાળમાં ગોષ્ઠ (ગૌશાળા) વાચી હતો, તે શ્રીભાગવતકાળમાં ગામવાચી અને પ્રદેશવાચી બન્યો.**

ભાષાશાસ્ત્રમાં આને અર્થ વિસ્તારની પ્રક્રિયા કહેવાંમાં આવે છે. ભાષાના આરંભમાં એક શબ્દ અમુક નાના વર્ગના અર્થમાં વપરાતો હોય, તે કાલાંતરે વ્યાપક અર્થમાં વપરાવા લાગે. જેમ કે લવણ-મીઠું. તે પરથી લાવણ્ય શબ્દ બન્યો. ત્યાં અર્થનો વિસ્તાર થતાં લાવણ્યનો અર્થ રૂપની મધુરતા એવો થયો.

આ નિયમ મુજબ ગોષ્ઠવાચી વ્રજ શબ્દ કાલાંતરે ગામવાચી અને પછી પ્રદેશવાચી વિશેષ નામ બન્યો.

**(૫) વ્રજપ્રદેશનાં અન્ય નામો :**

પૌરાણિક કાળમાં અને ત્યારબાદ આ પ્રદેશ ત્રણ નામોથી પ્રસિદ્ધ રહ્યો છે. (૧) શૂરસેન દેશ (૨) મથુરામંડળ (૩) વ્રજ.

**શૂરસેન દેશ :** આ પ્રદેશ ચંદ્રવંશમાં યાદવકુળમાં થયેલા શૂરસેનના નામ પરથી શૂરસેનદેશ તરીકે ઓળખાયો. આ શૂરસેન રાજા વસુદેવજીના પિતા હતા.

શૂરસેન નામ પડવાનું એક બીજું કારણ પણ પુરાણાંતરમાં જોવા મળે છે. હાલના મથુરાની આજુબાજુના પ્રદેશમાં બહુ મોટું વન હતું. તે વન ઉપર મધુ નામના દૈત્યરાજની સત્તા હતી. તેથી તે મધુવન તરીકે ઓળખાતું.

આ મધુ દૈત્યે મહાદેવજીને પ્રસન્ન કરી, તેમની પાસેથી શૂલ (ત્રિશૂળનું એક ફણું) જેવું દિવ્ય હથિયાર મેળવ્યું હતું. મહાદેવજીનું તેને વરદાન હતું કે જયાં સુધી તેની પાસે અને તેના પુત્ર પાસે આ હથિયાર રહેશે, ત્યાં સુધી કોઇ તેમને મારી શકશે નહિ. મધુ દૈત્યે મરતી વખતે તેના પુત્ર લવણને સલાહ આપી હતી કે તું દેવો, બ્રાહ્મણો વગેરેનો અપરાધ કરીશ નહિ, તેમને પજવીશ નહિ, તો મહાદેવજી પ્રસન્ન રહેશે.

પરંતુ લવણ મહાદુષ્ટ હતો, અત્યંત નિર્દયી હતો. તેણે ઋષિઓ અને બ્રાહ્મણોને ખૂબ પજવ્યા, તેમના યજ્ઞોમાં વિઘ્ન નાખ્યાં. ત્રાસેલા ચ્યવન વગેરે ઋષિ-બ્રાહ્મણોએ લંકાથી અયોધ્યા પાછા ફરેલા શ્રીરામચંદ્રજીને ફરિયાદ કરી. શ્રીરામચંદ્રજીએ બ્રાહ્મણોના અને ધર્મના રક્ષણ માટે નાના ભાઇ શત્રુઘ્નને લવણનો વધ કરવા મોકલ્યો.

શત્રુઘ્ને લવણને તેના ઘરની બહાર નીકળતાં જ પકડ્યો. શત્રુઘ્ને લવણના ઘરનું દ્વાર રોકી લીધું, જેથી લવણ મહાદેવજીએ આપેલું હથિયાર લેવા અંદર જઇ ન શકે. શત્રુઘ્ને લવણ સાથે યુદ્ધ કરી, તેનો સંહાર કર્યો. શત્રુઘ્નની વીરતાથી પ્રસન્ન થયેલા દેવોએ શત્રુઘ્નને વરદાન માગવા કહ્યું. શત્રુઘ્ને માગ્યું કે આ પ્રદેશના લોકો મારા જેવા શૂરવીર થાય, અન્યાય અને અધર્મનો સામનો કરનારા થાય.

શ્રીરામચંદ્રજીએ શત્રુઘ્નને આ પ્રદેશનું રાજય સોંપ્યું. શત્રુઘ્ને મથુરાપુરી વસાવી. દેવોના વરદાનથી ત્યાંના લોકો શૂરવીર હોવાથી, તે પ્રદેશ શૂરસેન તરીકે પ્રસિદ્ધ થયો.

**મથુરામંડળ :** વૈદિકયુગથી આ પ્રદેશમાં આવેલી મથુરાપુરી પ્રસિદ્ધ હતી. મધુરાક્ષસના નામ પરથી તે મધુપુરી તરીકે ઓળખાતી હતી. વળી, તે મધુરાને નામે પણ ઓળખાતી હતી. તેનું અપભ્રંશ મથુરા થયું. મથુરાપુરીની આજુબાજુનો પ્રદેશ ૮૪ કોશનો હતો. તેની પૂર્વ દિશાએ હાસ્યવન એટલે બરહદ, પશ્ચિમ દિશાએ અપહારવન એટલે સોન (ગૂડગાંવ), દક્ષિણ દિશાએ જહ્નુવન એટલે બટેશ્વર. અને ઉત્તર દિશાએ જીવનવન એટલે શેરગઢ નજીક ભુખનવન આવેલાં હતાં.

આ ચારે સ્થાન મથુરાથી લગભગ ચારેય દિશામાં એકવીસ-એકવીસ ગાઉ દૂર હતાં. તેથી મથુરાપુરીના નામ પરથી આ પ્રદેશ મથુરામંડળ તરીકે પ્રસિદ્ધ થયો.

વ્રજ : તેનું વ્રજ નામ પડવાનું એક અનુમાન સર હેન્રી એમ. ઈલિયટ નામના વિદ્વાને કર્યું છે, તે મુજબ જયારે બ્રહ્મા શ્રીકૃષ્ણની ગાયો ચોરીને લઈ ગયા, ત્યારે શ્રીકૃષ્ણે પોતાના સ્વરૂપમાંથી એવી ગાયો પ્રકટ કરી, જે મથુરામંડળની સીમામાં ચરતી રહી. આ ગાયો યમુના કિનારે ચરતી હતી. જયાં કૃષ્ણની ગાયો ચરતી તે વ્રજ.

પુરાણોમાં વિરજાને શ્રીરાધાજીની સખી બતાવવામાં આવી છે. શ્રીકૃષ્ણ અને શ્રીરાધાજી રોજ સાથે વિહાર કરતાં. એક દિવસ શ્રીરાધાજી ન પધારતાં શ્રીકૃષ્ણની સાથે વિરજા સખી વિહાર કરવા લાગ્યાં, એવામાં શ્રીરાધાજી પધાર્યાં. શ્રીરાધાજીના કોપથી બચવા વિરજા સખી સરિતાસ્વરૂપ બની ગયાં તે જ શ્રીયમુનાજી. આ પરથી વ્રજ નામ પડ્યું, એવું પણ અનુમાન કરવામાં આવ્યું છે.

■

## ''બ્રજ બસિવો દીજૈ સુલભ''

**વ્રજ ક્યાં છે?**

- વ્રજનાં ત્રણ સ્વરૂપ : (૧) આધિભૌતિક - આંખોથી દેખાય છે તે. મથુરામંડળ - વ્રજમંડળ (૨) આધ્યાત્મિક - ભક્તિ પ્રદાન કરી ભગવદ્પ્રાપ્તિ કરાવી આપવાનું અલૌકિક સામર્થ્ય (૩) આધિદૈવિક - અલૌકિક ભગવલ્લીલાધામ.
- વ્રજના આધિભૌતિક સ્વરૂપમાં, તેનાં આધ્યાત્મિક અને આધિદૈવિક સ્વરૂપો સદા બિરાજમાન છે. ભગવદ્કૃપાપાત્ર ભક્તોને તેનો અનુભવ સનાતન છે. તે અનુભવ માટે વિશ્વાસ, શ્રદ્ધા, નિષ્ઠા અને ભાવ જરૂરી છે.
- જેમ પરાત્પર પરમાત્મા બૃહત્ (સર્વ વ્યાપક) હોવાથી, 'બ્રહ્મ' કહેવાયા, તેમ તે સર્વવ્યાપક પરમાત્માનું અધિસ્થાન પણ સર્વવ્યાપક પરમાત્માનું અધિસ્થાન પણ સર્વવ્યાપક છે - બૃહત્ છે. આથી ભગવાન શ્રીકૃષ્ણની પ્રતિજ્ઞા યથાર્થ છે કે 'બ્રજ તજિ અનત ન જાઉં.'' જ્યાં ભગવાન, ત્યાં તેમનું અધિસ્થાન વ્રજ.
- આપણા ઘરમાં શ્રીમહાપ્રભુજીની કૃપાથી શ્રીઠાકોરજી પધારે અને બિરાજી, સેવા અંગીકાર કરે, તો આપણું ઘર પણ વ્રજ.
- આપણા સેવ્ય પ્રભુ કૃપા કરી, આપણા અંતઃકરણમાં બિરાજી, આપણને સાનુભવ આપે, તો આપણો દેહ અને અંતઃકરણ પણ વ્રજ. અગિયાર ઇન્દ્રિયો અને બારમું શરીર વ્રજનાં બાર વન. શરીરની ભીતરની સૂક્ષ્મ અગિયાર ઇન્દ્રિયો સહિત બારમું મન અને લિંગદેહનાં એ બાર તત્ત્વો મળી કુલ ચોવીસ થાય. તે વ્રજનાં ૨૪ ઉપવન.
- હૃદય ગોકુળ-વૃંદાવન. મસ્તક - ગિરિરાજ. વહેતો ભક્તિરસપ્રવાહ - શ્રીયમુનાજી. વ્રજ જરાય આઘું નથી. આપણી પાસે જ સદા છે. આપણી અંદર જ છે.

પરસોતમદાસ નાનાલાલ દેસાઈ તથા અ.સૌ. રસિકાંતાબેન (સિંગાપુરવાળા)ના સદૈન્ય જયશ્રીકૃષ્ણ

**પ્રકરણ : ૩**



# વ્રજભૂમિનો સીમા-વિસ્તાર

આજે ભૌગોલિક રીતે વ્રજભૂમિ જે સ્વરૂપમાં છે, તેનો પણ થોડોક પરિચય કરી લઈએ. વ્રજનું મહત્ત્વ ત્રણ બાબતોથી વિશેષ છે. (૧) તે ભગવાન શ્રીકૃષ્ણની પ્રાકટ્યભૂમિ અને લીલાસ્થળી છે. (૨) પ્રાચીન કાળમાં તે શૂરસેન જિલ્લા તરીકે પ્રસિદ્ધ હોવાથી તેનું ઐતિહાસિક મહત્ત્વ છે. (૩) વ્રજભૂમિ વ્રજભાષાનું ક્ષેત્ર છે.

**(૧) ભગવાન શ્રીકૃષ્ણનું લીલાક્ષેત્ર :**

આ એ જ વ્રજ છે, જ્યાં પૂર્ણ પુરુષોત્તમ ભગવાન, શ્રીકૃષ્ણસ્વરૂપે પ્રકટ થયા. ગોકુળમાં અને વ્રજમાં અગિયાર વર્ષ અને બાવન દિવસ સુધી બિરાજ્યા. બીજાં ચૌદ વર્ષ મથુરામાં બિરાજ્યા. તેમણે વ્રજભૂમિમાં વ્રજલીલા અને મથુરાલીલા કરી. એ વાતને હજારો વર્ષ ઉપરાંત વર્ષો વીતી ગયાં, છતાં પણ આજે તેના કણ-કણમાં શ્રીકૃષ્ણ અને તેમની લીલાઓ પ્રત્યક્ષ હોય એવો અનુભવ થાય છે અને આનંદ થાય છે. આથી શ્રીકૃષ્ણના ભક્તો માટે વ્રજ તીર્થક્ષેત્ર બન્યું છે. દર વર્ષે વિવિધ વૈષ્ણવ સંપ્રદાયના હજારો વૈષ્ણવો ચોર્યાસી કોશ વ્રજની વ્રજયાત્રા કરે છે.

વ્રજની વચ્ચેથી વહેતાં શ્રીયમુનાજીના બંને કિનારે થઈને બાર વન અને ચોવીસ ઉપવન આવેલાં હતાં. આ બાર વન અને ચોવીસ ઉપવનના સીમાવિસ્તારનો પ્રદેશ વ્રજ છે. શ્રીકૃષ્ણના ગૌચારણના પ્રદેશની ભૂમિનો આ સમગ્ર વનપ્રદેશ છે.

**બાર વન :**

(૧) મધુવન : મથુરાથી દક્ષિણ-પશ્ચિમ દિશામાં ચાર પાંચ માઈલ દૂર મહોલી ગાંવ પાસે.

(૨) તાલવન : મથુરાથી છ માઈલ દૂર, ભરતપુર જવાના માર્ગે તારસીગાંવ નજીક.

(૩) કુમુદવન : ઊંચા ગાંવ પાસે.

(૪) બહુલાવન : કુમુદવન પાસે.

(૫) કામવન : મથુરાથી ૩૬ માઈલ દૂર, ભરતપુર જિલ્લાના કામા તાલુકામાં.

(૬) ખિદરવન : છાતાથી ચાર પાંચ માઈલ દૂર, ખૈરગાંવ પાસે.

(૭) ભદ્રવન : માંટગાંવથી ત્રણ માઇલ દૂર, શ્રીયમુનાજીની ડાબી બાજુ.
(૮) ભાંડીરવન : છાહીરીના નગરાની પાસે.
(૯) બેલવન : જહાંગીરપુર ગામ પાસે શ્રીયમુનાજીની ડાબી બાજુ.
(૧૦) લોહવન : મથુરાથી ગોકુળના રસ્તે મથુરાથી ત્રણ માઇલ દૂર.
(૧૧) મહાવન : ગોકુળ પાસે, શ્રીયમુનાજીની ડાબી બાજુ.
(૧૨) વૃંદાવન : મથુરાથી ૧૮ માઇલ દૂર.

**ચોવીસ ઉપવન :**

(૧) ગોકુળ (૨) ગોવર્ધન (૩) બરસાના (૪) નંદગાંવ (૫) સંકેત (૬) પરમંદરા (૭) અડીંગ (૮) શેષશાઇ (૯) માંટ (૧૦) ઊંચોગાંવ (૧૧) ખેલવન (૧૨) શ્રીકુંડ (૧૩) ગંધર્વવન (૧૪) પરાસોલી (૧૫) બિલછુવન (૧૬) બચ્છવન (૧૭) આદિબદરી (૧૮) કરહલા (૧૯) અંજનોંખર (૨૦) પિયાસા (૨૧) કોકિલાવન (૨૨) દધિગાંવ (૨૩) કોટવન (૨૪) રાવલ.

**(૨) શૂરસેન નામનો જિલ્લો :**

આગળના પ્રકરણમાં જોઇ ગયા તે પ્રમાણે પ્રાચીન સમયમાં આજના મથુરા શહેર અને તેની આસપાસના પ્રદેશને શૂરસેન નામના જિલ્લા તરીકે ઓળખવામાં આવતો હતો. તેની રાજધાની મથુરા હતી. તેને મધુરા પણ કહેવામાં આવતી.

આ શૂરસેન જિલ્લાની સીમાઓ સમયે સમયે બદલાતી રહી છે. આજે તે મથુરા જિલ્લાના નામે પ્રસિદ્ધ છે. ઇ.સ. સાતમી સદીમાં તેની મુલાકાત લેનાર ચીનના પ્રવાસી હ્યુ-એન-સંગના વર્ણન મુજબ તે વખતના મથુરા રાજયમાં હાલના મથુરા અને આગ્રાના જિલ્લાઓ ઉપરાંત હાલના ભરતપુર અને ધ્રોલપુરનો કેટલોક ભાગ તથા મધ્યપ્રદેશનો કેટલોક ઉત્તરી ભાગ પણ હતો. દક્ષિણ પૂર્વ દિશામાં મથુરા રાજયની સીમા જીઝૌતી સુધી હતી, જયારે દક્ષિણ-પશ્ચિમમાં માળવાના રાજ્ય સુધી તે વિસ્તરેલી હતી.

સાતમી સદી પછી મથુરા રાજયની સીમાઓ ઘટતી ગઇ. તેનું મુખ્ય કારણ કનોજ રાજયની ઉન્નતિ હતી. કનોજ રાજયમાં મથુરા અને અન્ય પડોશી રાજ્યોની ભૂમિ ભળી ગઇ.

પ્રાચીન સાહિત્યગ્રંથોના ઉલ્લેખ પ્રમાણે આ શૂરસેન પ્રદેશની ઉત્તરી સીમા ઉપર કુરુદેશ હતો. (જે હાલ દિલ્હી તરીકે ઓળખાય છે) દક્ષિણમાં ચેદી રાજય (જે હાલ બુંદેલખંડ તરીકે પ્રસિદ્ધ છે), પૂર્વમાં પાંચાલ રાજય (જે હાલ રૂહેલખંડ તરીકે જાણીતું છે) અને પશ્ચિમમાં મત્સ્ય જનપદ (જે હાલ અલવર જિલ્લા અને જયપુરના પૂર્વ ભાગ તરીકે જાણીતું છે) સુધી હતી.

આજે વ્રજનો મોટો ભાગ મથુરા જિલ્લામાં છે. તેનો થોડોક ભાગ રાજસ્થાનમાં આવેલા ભરતપુર જિલ્લામાં છે, તો ઉત્તર તરફ થોડોક ભાગ હરિયાણાની સરહદ પર છે. વ્રજયાત્રા ચોર્યાસી કોશના વિસ્તારમાં થાય છે, પરંતુ વાસ્તવમાં વ્રજભૂમિ તેથી અધિક ક્ષેત્રફળવાળી છે.

**(૩) વ્રજભાષાનું ક્ષેત્ર :**

પ્રાચીન ગ્રંથો પ્રમાણે વ્રજભૂમિને મંડલાકાર (ગોળાકાર) બતાવવામાં આવી છે, પરંતુ વ્રજભાષા જયાં બોલાય છે, તે પ્રદેશની સીમાઓનો વિચાર કરતાં વર્તમાન વ્રજ પૂરું ગોળાકાર જણાતું નથી. હાલના સમયમાં તેની યાત્રા જે રીતે થાય છે, તે પ્રમાણે જ પહેલાં પણ થતી હતી, તેમાં ખાસ કોઇ પરિવર્તન થયેલું જણાતું નથી, પરંતુ સંભવ છે કે ઇસુની ચૌદમીથી સોળમી સદીની વચ્ચે વ્રજભૂમિ ગોળાકાર હોય, જેને કારણે તેને વ્રજમંડળનું નામ અપાયું હોય!

એક બીજા વિચાર પ્રમાણે 'મંડલ' શબ્દ ગોળાકારના અર્થમાં ન લેતાં, પ્રદેશના અર્થમાં લેવો જોઇએ. તે સ્વીકારીએ તો વ્રજમંડળનો અર્થ વ્રજપ્રદેશ એવો કરી શકાય.

વ્રજમાં થઇ ગયેલા શ્રીનારાયણ ભટ્ટે ઇ.સ. ૧૫૬૦ના અરસામાં **'વ્રજભક્તિવિલાસ'** નામનો એક ગ્રંથ લખ્યો હતો. તેમાં તેમણે વ્રજની સીમાનો વિસ્તાર બતાવ્યો છે. તે પંક્તિઓ નીચે મુજબ છે.

*'ઇત બરહદ ઉત સોનહદ*
*ઉત સૂરસેનકો ગામ ।*
*બ્રજ ચૌરાસી કોશમેં મથુરામંડળ ગ્રામ ॥'*

આ પંક્તિઓ મુજબ વ્રજની પૂર્વ સરહદ અલીગઢ જિલ્લાના બરહદ નામના ગામ સુધી છે, જે તે સમયમાં હાસ્યવનના નામે પ્રસિદ્ધ હતું. તેની પશ્ચિમ સરહદ ગુડગાંવ જિલ્લામાં સોન નદીના કિનારા સુધીની છે. જે તે વખતે

ઉપહાર તરીકે ઓળખાતું. તેની દક્ષિણ સરહદ આગ્રા જિલ્લાના વટેશ્વર સુધીની છે, જે તે વખતે જહ્નુવન તરીકે ઓળખાતું. તેની ઉત્તર સરહદ શેરગઢ તાલુકાના ભુષણવન સુધીની છે, જે તે વખતે ભુવનવન તરીકે ઓળખાતું.

આજે આ વાતને ચાર સદી વીતી ગઇ છે. હાલમાં વ્રજભાષાનો વિસ્તાર આ સરહદો ઓળંગીને ઘણો આગળ વધ્યો છે. અંગ્રેજી વિદ્વાન ગ્રિયર્સનના મત મુજબ મથુરા જિલ્લો, રાજસ્થાનનો ભરતપુર જિલ્લો અને કરૌલીનો ઉત્તર ભાગ, જે ભરતપુર અને ધ્રોલપુરની સીમાઓ સાથે જોડાયેલો છે, તે ધ્રોલપુર જિલ્લો, મધ્યપ્રદેશના મુરૈના અને ભીંડ જિલ્લા તથા ગ્વાલિયરનો ઉપરનો ભાગ, આગ્રા જિલ્લો, એટા જિલ્લો, અલીગઢ જિલ્લો, બુલંદ શહેર તરફનો લગભગ અડધો દક્ષિણ ભાગ, ગુડગાંવ જિલ્લાનો દક્ષિણભાગ અને અલવર જિલ્લાના પૂર્વ ભાગ સુધી વ્રજભાષા બોલાય છે. વ્રજભાષાની દૃષ્ટિએ આ વિસ્તારોમાં પથરાયેલ ભૂમિ **બૃહદ વ્રજપ્રદેશ** કહી શકાય.

### (૪) વ્રજ અને મથુરા એક છે કે ભિન્ન છે?

**'વરાહપુરાણ'**માં ભગવાન પોતે પોતાના વ્રજમંડળનો વિસ્તાર નીચે પ્રમાણે બતાવે છે.

**વિંશતિર્યોજનાનાં ચ માથુરં મમ મંડલમ્ ।**
**યત્ર તત્ર નરઃ સ્નાત્વા મુચ્યતે સર્વપાપકૈઃ ॥**

અર્થાત્ , મારું મથુરામંડળ વીસ યોજન (૮૦ કોશ)નું છે. તેમાં વ્રજ ૮૦ કોશનું છે અને મથુરા ચાર કોશનું છે. એટલે વ્રજમાં મથુરા ઉમેરીએ તો ૮૪ કોશ થાય.

આ પરથી એમ કહી શકાય કે વરાહપુરાણના આધારે વ્રજ અને મથુરા એક નથી, નજીક નજીક આવેલ બંને ભિન્ન સ્થાનો છે.

શ્રીમદ્ ભાગવતે પણ વ્રજને મથુરાથી અલગ ગણ્યું છે. દશમ સ્કંધના આરંભમાં રાજા પરીક્ષિત શુકદેવજીને પ્રશ્ન કરે છે : **'કસ્માન્ મુકુંદો ભગવાન્ પિતુર્ગેહાદ્ વ્રજં ગતઃ।'** અર્થાત્, કયા કારણથી શ્રીમુકુંદ ભગવાન પિતાના ઘેરથી વ્રજમાં ગયા? અહીં સ્પષ્ટ થાય છે કે શ્રીમુકુંદ ભગવાનના પિતાનું ઘર એટલે મથુરા. માટે, રાજા પરીક્ષિત પણ એમ સમજે છે કે મથુરાથી વ્રજ અલગ છે.

રાજા પરીક્ષિતે શુકદેવજીને બીજો પ્રશ્ન કર્યો : **'વ્રજે વસન્ કિમકરોન્મધુપુર્યામ્ ચ કેશવ?'** અર્થાત્ કેશવે વ્રજમાં અને મધુપુરી (મથુરા)માં વસીને શું શું કર્યું? અહીં વ્રજ અને મથુરા એમ બે અલગ નામો કહ્યાં છે. તે દ્વારા વ્રજ અને મથુરા જુદાં છે, એમ સૂચવ્યું છે. આ પ્રમાણે દશમ સ્કંધમાં અનેક સ્થાનોમાં વ્રજ અને મથુરા અલગ હોવાનાં ઘણાં સ્પષ્ટ પ્રમાણો મળી આવે છે.

વ્રજ ભગવાન શ્રીકૃષ્ણની આધિદૈવિક ક્રીડાભૂમિ છે. જ્યારે મથુરા આધ્યાત્મિક મર્યાદાતીર્થ છે. વ્રજમાં ભગવાન શ્રીકૃષ્ણે ધર્મીસ્વિરૂપની પુષ્ટિલીલા કરી છે, આથી આપણા પુષ્ટિમાર્ગમાં પરંપરાથી મથુરામાં વિશ્રામઘાટ ઉપર શ્રીમહાપ્રભુજી બિરાજે છે, તે સ્થળ પુષ્ટિલીલાનું ગણાય છે. અન્ય ભાગ મર્યાદાલીલાનું આધ્યાત્મિક તીર્થસ્થાન ગણાય છે.

શ્રીમહાપ્રભુજીની બેઠકવાળા વિશ્રામઘાટ ઉપર જ શ્રીસ્વામિનીજીની અલૌકિક નિકુંજ આવેલી છે, જયાં શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકોરજીને માનલીલા કરવાનો આગ્રહ કરેલો. શ્રીઠાકોરજીએ માનલીલા અહીં કરેલી. તે માન શ્રીસ્વામિનીજી છોડાવી શકયાં ન હતાં. શ્રીસ્વામિનીજીની વિનંતીથી, શ્રીયમુનાજીએ શ્રીઠાકોરજીનું માન છોડાવ્યું હતું. એટલે આ સ્થળ શ્રીયુગલસ્વરૂપની અલૌકિક પુષ્ટિલીલાનું સ્થળ છે. આથી શ્રીમહાપ્રભુજીએ **'શ્રીયમુનાષ્ટક'**માં આ સ્થળનો નિર્દેશ કર્યો : **'વિશુદ્ધમથુરાતટે સકલગોપગોપીવૃતે।'** અર્થાત્ મથુરાના આ વિશુદ્ધ તટ ઉપર શ્રીઠાકોરજી, શ્રીસ્વામિનીજી અને શ્રીયમુનાજી સર્વ ગોપગોપીઓથી વીંટળાઈને લીલા કરી રહ્યાં છે.

વ્રજમાં અગિયાર વર્ષ અને બાવન દિવસ બિરાજ્યા પછી શ્રીકૃષ્ણ મથુરા પાછા પધાર્યા. ત્યારબાદ તેઓ મથુરામાં ચૌદ વર્ષ સુધી બિરાજયા. આ ચૌદ વર્ષ દરમ્યાન વ્રજમાંથી ન તો શ્રીનંદરાયજી કે શ્રીયશોદાજી શ્રીકૃષ્ણને મળવા કયારેય મથુરા આવ્યાં કે ન તો શ્રીરાધિકાજી કે ગોપીજનો પણ તેમના પ્રિયતમ શ્રીકૃષ્ણને મળવા મથુરા ગયાં, કારણ કે પૂર્ણ પુરુષોત્તમ અલૌકિક ધર્મીસ્વરૂપથી શ્રીકૃષ્ણ સદા કેવળ વ્રજમાં જ બિરાજમાન છે. મથુરામાં તેઓ ચાર વ્યૂહ સહિત, તેમના ધર્મસ્વરૂપથી બિરાજમાન છે.

આમ, અલૌકિક રીતે પણ વ્રજ અને મથુરા ભિન્ન છે.

પ્રકરણ : ૪



# વ્રજભૂમિનો ધાર્મિક અને સાંસ્કૃતિક ઇતિહાસ

**વેદકાળમાં વ્રજભૂમિ :**

વ્રજભૂમિ પુરાણકાળમાં વ્રજદેશ તરીકે પ્રસિદ્ધ થઇ, પરંતુ વેદકાળથી તેનો સંબંધ શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજી સાથે હતો. વેદમાં 'ચરંતકૃષ્ણ' એવો શબ્દપ્રયોગ મળે છે, એવી જ રીતે વેદમાં 'અંશુમતી' શબ્દ મળે છે. અંશુમતી અંશુમાનનું સ્ત્રીલિંગરૂપ છે. અંશુમાન એટલે સૂર્ય. તે સંબંધે અંશુમતી એટલે સૂર્યપુત્રી શ્રીયમુનાજી. વેદકાળમાં અહીં વસતા બ્રાહ્મણો વૈદિકયજ્ઞો વિશેષ રૂપે કરતા. તેઓ તપોનિષ્ઠ હતા, તેથી અહીં તપનું પણ પ્રાધાન્ય અને પ્રાબલ્ય હતું. વ્રજ વેદકાળમાં તપોભૂમિ અને યજ્ઞભૂમિ હતું.

મહર્ષિ પરાશર આ જ વ્રજભૂમિના વતની હતા. આજે શ્રીગિરિરાજજીની તળેટીમાં આવેલો ચંદ્રસરોવરનો વિસ્તાર પરાસોલીના નામથી પ્રસિદ્ધ છે. એક મત પ્રમાણે પરાસોલી શબ્દ પરમ રાસસ્થલીનો અપભ્રંશ છે. બીજો મત એવો છે કે આ વિસ્તાર શ્રીયમુનાજીની બે ધારાઓ વચ્ચેનો ભૂમિપ્રદેશ હતો. શ્રીયમુનાજીની એક ધારા આજે વહે છે તે જ માર્ગે વહેતી હતી. બીજી ધારા ગોવર્ધન પાસે આવેલા જમુનાવતા ગામ પાસે થઇને શ્રીગિરિરાજજીની તળેટીમાંથી વહેતી વહેતી આગ્રા પાસે પહેલી ધારાને મળતી હતી. એટલે આ પ્રદેશ દ્વીપ કહેવાતો. ત્યાં પરાશરમુનિનો આશ્રમ હતો. ત્યાં જ પરાશરમુનિના ત્યાં વેદવ્યાસજીનો જન્મ થયો, તેથી વેદવ્યાસજીનું એક નામ દ્વૈપાયન પડ્યું. દ્વીપમાં જન્મ્યા માટે દ્વૈપાયન. તેમનો જન્મ અષાઢ સુદ પૂનમે થયો, તેઓ ગુરુઓના ગુરુ કહેવાય છે. તેથી તેમનો જન્મદિવસ ગુરુપૂર્ણિમા તરીકે

ઉજવાય છે. આજે પણ પરાસોલીમાં ગુરુપૂર્ણિમાના દિવસે મોટો મેળો ભરાય છે. પરાસોલી-ચંદ્રસરોવર નજીક મહેમદપુર નામનું ગામ છે. તે જ વેદવ્યાસજીની જન્મભૂમિ હતી એમ કહેવાય છે, તેની સ્મૃતિમાં આજે ત્યાં સરસ્વતી મંદિર બનેલું છે. અહીંથી જ વેદવ્યાસજી હિમાલયમાં ગયા હતા, જ્યાં તેમણે આશ્રમ બનાવ્યો હતો. પરાશરના નામ પરથી પરાસોલી નામ પડયું.

આ જ વ્રજભૂમિમાં મધુવનમાં શ્રીયમુનાજીના કિનારે બાળક ધ્રુવે ઘોર તપશ્ચર્યા કરી હતી અને ભગવાન પાસેથી ધ્રુવલોક પ્રાપ્ત કર્યું હતું.

**પુરાણકાળમાં વ્રજભૂમિ :**

પૌરાણિક સમયમાં આ પ્રદેશ વ્રજભૂમિ તરીકે પ્રસિદ્ધ થયો, તે સાથે જ ત્યાં વૈષ્ણવધર્મના પુનરુત્થાનનો પ્રારંભ પણ થયો. શ્રીકૃષ્ણને પોતાના ઈષ્ટ માનનારા ભક્તોએ શ્રીકૃષ્ણની લીલાભૂમિ વ્રજને પોતાનું વતન બનાવ્યું. પરિણામ સ્વરૂપે પુરાણકાળથી વ્રજ વૈષ્ણવ ધર્મ અને સંસ્કૃતિનું પ્રમુખ કેન્દ્ર બન્યું.

ભારતીય સમાજમાં ધર્મ અને સંસ્કૃતિ પરસ્પરનાં અભિન્ન અંગ છે. ધર્મ વિનાની સંસ્કૃતિ અને સંસ્કૃતિ વિનાના ધર્મનો વિચાર કરવામાં આવ્યો નથી. આથી વ્રજ જેમ વૈષ્ણવ ધર્મનું પ્રધાન કેન્દ્ર બન્યું, તેમ વૈષ્ણવી સંસ્કૃતિનું પણ પ્રધાન કેન્દ્ર રહ્યું.

કયારેય વ્રજ રાજનીતિનું ક્ષેત્ર કે કેન્દ્ર બન્યું નથી. રાજનીતિથી તે હંમેશાં અલિપ્ત રહ્યું છે. તેથી રાજકીય ઈતિહાસમાં આ પ્રદેશ વ્રજમંડળ તરીકે કયારેય ઓળખાયો નથી. તેનું પ્રાચીન નામ મધ્યપ્રદેશ પણ રાજનૈતિક નથી. બ્રહ્મર્ષિદેશ અથવા બ્રહ્માવર્ત નામ પણ સાંસ્કૃતિક છે. તેનું રાજનૈતિક નામ શૂરસેન પ્રદેશ અને મથુરામંડળ છે. શૂરસેન પ્રદેશની રાજધાની મથુરાનગરી હોવાથી અહીં રાજનૈતિક પ્રવૃત્તિઓ અધિક થઈ. તેની ખાસ અસર વ્રજ ઉપર પડી નથી.

**મહાકાવ્યકાળમાં વ્રજભૂમિ :**

પૌરાણિક કાળ પછી રામાયણ અને મહાભારતના મહાકાવ્ય કાળથી આ પ્રદેશનો કડીબદ્ધ ઈતિહાસ પ્રાપ્ત થાય છે. હરિવંશમાં જણાવ્યા પ્રમાણે મહર્ષિ મનુના વંશમાં ઈક્ષ્વાકુ નામના રાજા થઈ ગયા. તેમના વંશજ રાજા હરિયશ્વ હતા. તેમનાં પત્ની મધુમતી મથુરાપ્રદેશના રાક્ષસ રાજા મધુદૈત્યની પુત્રી હતાં. હરિયશ્વનું રાજય અયોધ્યામાં હતું. હરિયશ્વના મોટાભાઈએ હરિયશ્વનું અયોધ્યાનું રાજય પડાવી લીધું. ઘણા પ્રયત્નો પછી પણ હરિયશ્વ પોતાનું રાજય પાછું મેળવી શક્યા નહીં, ત્યારે એમની વ્યવહારકુશળ પત્ની મધુમતીએ કહ્યું: અયોધ્યાનું રાજય મેળવવાનો વિચાર છોડીને મારા પિતા મધુના ત્યાં જઈએ. ત્યાં સુંદર મધુવન છે. આહ્લાદક સ્વર્ગ સમું વાતાવરણ છે. તમે મારાં માતાપિતાના પ્રીતિપાત્ર છો. મને પ્રસન્ન રાખવા મારો ભાઈ લવણ તમારા ઉપર વધારે પ્રેમ રાખે છે. આપણે શાન્તિથી ત્યાં મુકત રીતે રહીશું. અહીં તમારા મોટાભાઈના નોકર બનીને રહેવાનું કારણ નથી.

પત્નીની સલાહ માનીને હરિયશ્વ મધુમતી સાથે મધુવન ગયા. ત્યાં મધુ દૈત્યે તેમનો સત્કાર કર્યો. મધુ દૈત્યનું રાજય મથુરાથી લઈને સૌરાષ્ટ્રમાં અરબસાગર સુધી વિસ્તરેલું હતું. નીચે વિંધ્યાચળ સુધી વિસ્તરેલું હતું. ત્યાં હરિયશ્વની પત્ની મધુમતીએ એક પુત્રને જન્મ આપ્યો. મધુ દૈત્યે આશીર્વાદ આપતાં કહ્યું: તમારો વંશ વર્ષો બાદ યયાતિના યદુવંશ સાથે મળી જશે, અને તમારાં સંતાનો ચંદ્રવંશની એક શાખા કહેવાશે, માટે આ પુત્રનું નામ હું યદુ રાખું છું.

વાલ્મીકિ રામાયણમાં પણ મધુ દૈત્યનો ઈતિહાસ આપવામાં આવ્યો છે. આ મધુ દૈત્યે શંકરની આરાધના કરી, તેમના દિવ્ય ત્રિશૂળની એક શૂળ પ્રાપ્ત કરી હતી અને મથુરાનગરીની સ્થાપના કરી હતી. મધુ દૈત્યના નામ પરથી તેનું નામ મધુપુરી પડ્યું. તે મધુરાના નામથી પણ ઓળખાતી. પાછળથી મધુરાનું મથુરા થઈ ગયું. આ મધુપુરી મધુવન નામના વિશાળ વનમાં આવેલી હતી. મધુપુરીમાં મધુએ એક બહુ સુંદર આરસનો મહેલ બનાવ્યો હતો. શહેર યમુનાકિનારે અર્ધચંદ્રાકાર બનાવ્યું હતું.

મધુ દૈત્યના પુત્ર લવણે પિતાની આજ્ઞા ન માનીને, ત્યાં રહેતા બ્રાહ્મણોને પરેશાન કરવા માંડ્યા, ત્યારે શ્રીરામની આજ્ઞાથી શત્રુઘ્ને ત્યાં જઈ, લવણને મારી, મધુ દૈત્યનું સમગ્ર રાજય કબજે કર્યું. આમ, મથુરાનગરીને અને મથુરા રાજયને શત્રુઘ્ને ફરી વસાવ્યું.

પરંતુ મથુરા લાંબા સમય સુધી રઘુવંશી રાજાઓના હાથમાં ન રહી. જયારે ભગવાન શ્રીરામ અયોધ્યા પર રાજય કરતા હતા, ત્યારે રાજા હરિયશ્વનો પૌત્ર સાત્વત આનર્તનો રાજા હતો. આનર્ત એટલે આજનું સૌરાષ્ટ્ર. તે પછી સાત્વતનો પુત્ર અંધક રાજા થયો. શ્રીરામ પછી તેમના પુત્ર કુશ અયોધ્યાના રાજા થયા, ત્યારે અંધકે તેના નાનાજીનું રાજ્ય ફરીથી મેળવી લીધું. અંધકના વંશમાં રાજા ઉગ્રસેન થયા. તેઓ મથુરાના રાજા બન્યા. તેમના રાજયમાં ભગવાન કૃષ્ણનો મથુરામાં પ્રાદુર્ભાવ થયો.

યયાતિના વંશનો એક રાજા વૃષ્ણિ થઇ ગયો. તેની ઘણી પેઢીઓ ચાલી. જેમ યદુના નામથી તેના વંશ જ યાદવ કહેવાયા, તેમ તેની એક શાખા વૃષ્ણિના નામથી વૃષ્ણિવંશી કહેવાઇ. તેથી શ્રીકૃષ્ણ વૃષ્ણિના નામથી પ્રસિદ્ધ છે. યદુવંશીઓની એક બીજી શાખા સાત્વતના નામે પ્રસિદ્ધ થઇ. કૃષ્ણ આ શાખામાં થયા હોવાથી તેઓ સાત્વતપતિ તરીકે પણ પ્રસિદ્ધ છે.

વૃષ્ણિવંશમાં વસુદેવજી થયા. તેમની રાજધાની આગ્રા પાસે આવેલા હાલના વટેશ્વર ગામ પાસે હતી. સાત્વતવંશમાં અંધકરાજા થયા. અંધકના વંશમાં દેવક અને ઉગ્રસેન નામે બે ભાઇ થયા. દેવક મોટાભાઇ હોવા છતાં નાનાભાઇ ઉગ્રસેનને સ્વેચ્છાએ મથુરાના રાજા બનાવ્યા. દેવકની પુત્રી દેવકી હતી. ઉગ્રસેનનો પુત્ર કંસ હતો.

અંધકનો એક પુત્ર ભજમાન હતો. ભજમાનનો પૌત્ર શૂરસેન થયો. તે એટલો પ્રતાપી હતો કે તેના નામ પરથી આ રાજય શૂરસેન રાજય તરીકે ઓળખાયું. આ શૂરસેનના પુત્ર વસુદેવ હતા. વસુદેવ કંસની કાકાની દીકરી દેવકીને પરણ્યા હતા. વસુદેવની પાંચ બહેનોમાં એક પૃથા હતી. શૂરસેને પોતાની દીકરી પૃથાને પોતાના મિત્ર કાન્તિભોજને દત્તક આપી હતી. દત્તક પિતા કાન્તિભોજના નામ પરથી પૃથા કુંતી તરીકે પ્રસિદ્ધ થઇ. તેનું લગ્ન પાંડુરાજા સાથે થયું. વસુદેવના પુત્ર કૃષ્ણ થયા અને કુંતીના ત્રણ પુત્રો - યુધિષ્ઠિર, અર્જુન અને ભીમ થયા. આમ, આ સમગ્ર પ્રદેશ ઉપર પૌરાણિક કાળમાં યાદવવંશનું શાસન રહ્યું.

કંસના સસરા જરાસંઘે જમાઇનું વેર લેવા મથુરા ઉપર વારંવાર હુમલાઓ કરવા માંડ્યા, ત્યારે યુદ્ધમાં થનારી જાનહાનિ નિવારવા શ્રીકૃષ્ણે મથુરાવાસીઓ સાથે મથુરામંડળ છોડી, દ્વારકાનું રાજ્ય વસાવ્યું.

ભગવાન શ્રીકૃષ્ણ નિજધામમાં પધાર્યા, પછી તેમના વંશમાં તેમના પ્રપૌત્ર વજ્રનાભ હતા. યુધિષ્ઠિરના વંશમાં અર્જુનના પૌત્ર પરીક્ષિત હતા. યુધિષ્ઠિરે હસ્તિનાપુર રાજયના રાજા તરીકે પરીક્ષિતને અને મથુરામંડળના રાજા તરીકે વજ્રનાભજીને રાજતિલક કરી, રાજગાદી સોંપી. પરીક્ષિત વજ્રનાભજી કરતાં ઉંમરમાં મોટા અને સગપણે કાકા થતા હતા. તેથી પરીક્ષિતના માર્ગદર્શન પ્રમાણે વજ્રનાભજીએ ભગવાન શ્રીકૃષ્ણે મથુરા છોડયા પછી ઉજડી ગયેલ મથુરાનગરીને અને સમગ્ર મથુરામંડળને ફરીથી વસાવ્યું. તે માટે તેમણે વ્રજમાં રહેતા મહર્ષિ શાંડિલ્યનું માર્ગદર્શન મેળવ્યું.

**વ્રજભૂમિમાં જૈન અને બૌદ્ધધર્મ :**

ઇસુની પહેલી સદી પહેલાં ભારતમાં જૈન ધર્મ શરૂ થઇ ચૂકયો હતો. જૈનધર્મની દૃષ્ટિએ આજે પણ મથુરાનું ઘણું મહત્ત્વ છે. બૌદ્ધધર્મ પહેલાં અહીં જૈનધર્મ મજબૂત બન્યો હતો, એવું જણાય છે. અહીંના હિંદુધર્મીઓ સાથે કોઇપણ જાતનો ધાર્મિક સંઘર્ષ કર્યા વિના, જૈનધર્મીઓ શાન્તિથી રહેવા લાગ્યા હતા. તે સમયમાં મથુરામાં બ્રાહ્મણો વિશેષ હતા. જૈનો અને બ્રાહ્મણો વચ્ચે કોઇ સંઘર્ષ થયાનો ઉલ્લેખ પ્રાચીન ગ્રંથોમાં મળતો નથી. જૈનોનાં જે ચોર્યાસી તીર્થ કહેવાય છે, તે આજે પણ મથુરામાં છે. અતિ પ્રાચીન કાળમાં મથુરામાં જૈનોની એક મોટી પરિષદ મળી હતી. તેમાં જૈનધર્મોના આગમશાસ્ત્રોની વાચનાની પુનર્વ્યવસ્થા કરવામાં આવી હતી.

ભારતમાં જૈનધર્મ પછી બૌદ્ધધર્મનો ઉદય થયો. બૌદ્ધધર્મ પણ આ પ્રદેશમાં ફેલાયો. જૈનગ્રંથો અને બૌદ્ધગ્રંથો પરથી જણાય છે કે જૈનો અને બૌદ્ધો વચ્ચે અહીં સંઘર્ષ થતો રહ્યો હતો. બૌદ્ધધર્મની દૃષ્ટિએ પણ મથુરાનું મહત્ત્વ ઓછું ન હતું. સ્વયં શ્રીબુદ્ધ અહીં આવ્યા હતા. તેઓ મથુરાથી પ્રસન્ન થયા ન હતા, એવું પણ બૌદ્ધગ્રંથો પરથી જાણવા મળે છે. મથુરાના રાજા અવંતિપુત્રે બૌદ્ધધર્મ સ્વીકાર્યો હતો. ઉપગુપ્ત નામના પ્રસિદ્ધ બૌદ્ધ આચાર્ય પણ મથુરામાં થયા હતા. ચીની પ્રવાસીઓની નોંધ પરથી જાણવા મળે છે કે તે સમયમાં

મથુરામાં વીસ બૌદ્ધ આશ્રમો હતા, જેમાં ત્રણહજાર બૌદ્ધભિક્ષુઓ રહેતા હતા.

જૈન અને બૌદ્ધગ્રંથોમાં મથુરા અને મથુરામંડળનો જ ઉલ્લેખ જોવા મળે છે. વ્રજ શબ્દનો કયાંય ઉલ્લેખ જોવા મળતો નથી.

બૌદ્ધધર્મની સામે આદિ શંકરાચાર્યે હિંદુધર્મનું પુનરુત્થાન કરવાની જેહાદ ઈસુની છઠ્ઠી સદીમાં ઉપાડી. ત્યારથી બૌદ્ધધર્મ ભારતમાં જ નહિ, મથુરામંડળમાં પણ શિથિલ થવા લાગ્યો. હિન્દુધર્મનું પુનરુત્થાન થયું. તેના ફળ સ્વરૂપે વ્રજ શબ્દનો પ્રયોગ શાસ્ત્રગ્રંથોમાં અને સાહિત્યગ્રંથોમાં થવા લાગ્યો. ઈસુની પંદરમીથી સોળમી સદી સુધીમાં વ્રજ શબ્દ પૂરેપૂરો પ્રચલિત બની ગયો. તે સમયમાં મથુરા તેનું રાજનૈતિક અસ્તિત્વ ગુમાવી ચૂકયું હતું. તે હવે રાજય કે રાજધાની રહ્યું ન હતું, માત્ર એક જિલ્લો હતો.

**શૈવ અને શાક્ત ધર્મનો પ્રચાર :**

વ્રજમાં બૌદ્ધધર્મના લોપ પછી શૈવધર્મનો પ્રભાવ વધ્યો હોય, એવું જોવા મળે છે. ગુપ્તકાળની ઘણી શૈવમૂર્તિઓ આ પ્રદેશમાંથી નીકળી છે. વ્રજની લોકસંસ્કૃતિમાં વ્રજનાં જુદાં જુદાં સ્થાનોમાં આજે શિવમંદિરો અને શિવપૂજા જોવા મળે છે. શૈવો ઉપરાંત શાક્તોનું પ્રાબલ્ય પણ અહીં હતું, તેથી ઘણાં દૈવીમંદિરો પણ છે.

**વૈષ્ણવ સંપ્રદાયોનો પ્રસાર :**

વૈષ્ણવ સંપ્રદાયના ઉદય અને વિકાસની સાથે શૈવ અને શાકત સંપ્રદાયની શક્તિ અહીં ઘટવા લાગ્યાં. ઈસુની ચૌદમીથી સોળમી સદી સુધીમાં ભારતમાં શ્રીરામાનુજ, શ્રીમધ્વ, શ્રીનિમ્બાર્ક, શ્રીવલ્લભ અને શ્રીકૃષ્ણચૈતન્ય - એ પાંચ સમર્થ આચાર્યો થઇ ગયા. તે સૌએ વ્રજને આશ્રય આપ્યો. પરિણામે વ્રજ વૈષ્ણવ સંસ્કૃતિનું મુખ્ય કેન્દ્ર બન્યું. આજે પણ વ્રજમાં વૈષ્ણવ સંસ્કૃતિ તેની અનેક પરંપરારૂપી ધારાઓ સાથે ચાલી રહી છે. વૈષ્ણવ સંસ્કૃતિની બધી જ પરંપરાઓનો મૂળ આધાર કૃષ્ણ છે. તેથી બધા જ વૈષ્ણવ સંપ્રદાયો કૃષ્ણસંપ્રદાય છે. વ્રજમાં આજે પ્રચલિત મુખ્ય છ વૈષ્ણવ સંપ્રદાય છે. (૧) નિમ્બાર્ક (૨) વલ્લભ (૩) ગૌડીય (૪) રાધાવલ્લભી (૫) હરિદાસી (૬) શુક. આ બધા સંપ્રદાયોની દાર્શનિક વિચારસરણીમાં સૂક્ષ્મ તફાવતો છે. પરંતુ સર્વ સામાન્ય રૂપે બધા કૃષ્ણ અને રાધાની અનન્ય ભક્તિ કરનારા છે. કોઈમાં કૃષ્ણ મુખ્ય છે, તો કોઈમાં રાધા. કોઈમાં બંનેનું સમાન મહત્ત્વ છે, તો કોઈમાં બંને એક અદ્વૈત સ્વરૂપે સેવાય છે. અહીં દ્વૈતાદ્વૈત, દ્વૈત, વિશિષ્ટાદ્વૈત અને શુદ્ધાદ્વૈત - આ ચારેય ભક્તિમાર્ગીય તત્ત્વદર્શનની વિચારધારાઓ પ્રવર્તે છે. તે બધા જ દાર્શનિક વાદ રાધાકૃષ્ણના નામરૂપમાં સમાઇ જાય છે. આથી અતિશયોક્તિ વિના એમ કહી શકાય કે વ્રજની સંસ્કૃતિ કૃષ્ણસંસ્કૃતિ છે.

**વ્રજ સંસ્કૃતિ :**

આ કૃષ્ણસંસ્કૃતિનું મૂળ તત્ત્વ ભક્તનો ભગવાન પ્રત્યેનો અમર્યાદિત નિષ્કામ અને દિવ્ય પ્રેમ છે. અહીં જ કૃષ્ણે ઇંદ્રને પરાજિત કર્યો છે, અહીં જ કૃષ્ણે ગોપીઓ સાથેની લીલામાં વેદધર્મની મર્યાદાઓ છોડીને, ભક્તોના નિર્વ્યાજ પ્રેમનો અંગીકાર કર્યો છે, અહીં ગોપીઓએ શીખવ્યું કે સર્વસમર્પણથી જ કૃષ્ણને પ્રેમ થઇ શકે છે. સર્વ સમર્પણ વિના કૃષ્ણરસ પ્રાપ્ત થઇ શકતો નથી. કૃષ્ણરસને જ રાસરસ, યુગલરસ કે રતિરસ પણ કહી શકાય. એ દિવ્યરસમાં ડૂબેલા રહીને તેનો આસ્વાદ કરવો, એ જ ભક્તની અભિલાષા હોય છે. કૃષ્ણની પ્રાપ્તિ અન્ય કોઇ ઉપાયથી શકય નથી, ત્યારે વ્રજરજ તે માટેનો એક મહત્ત્વપૂર્ણ ઉપાય છે. ભગવાન શ્રીકૃષ્ણ કોઈપણ યુગમાં ભલે થયા હોય, પરંતુ આજે પણ તેમની ચરણરજ વ્રજભૂમિમાં છે, એમની એ ચરણરજ વ્રજભૂમિની રજમાં મળી, સમગ્ર વ્રજભૂમિની રજને આજે પણ પાવન કરે છે. અહીં કેવળ ભગવાન કૃષ્ણની જ રજ નથી, ભગવાનને વશ કરનાર ભગવાનના ભક્તોની ચરણરજ પણ આ ભૂમિની રજમાં મળેલી છે, તેથી વ્રજરજ સાધારણ રજ નથી, પ્રેમરજ છે. આવો અલૌકિક પ્રેમ, એ જ વ્રજની સંસ્કૃતિનો મૂળ આધાર છે, જે કૃષ્ણ અને રાધાને કારણે વિકસ્યો છે. જે કૃષ્ણના કારણે વ્રજ - વ્રજ બન્યું. તે મૂળ તો ગોવ્રજ અર્થાત્ ગોલોક જ છે. ગોકુળ અને ગોવર્ધન તેનાં બે ધ્રુવ છે. કૃષ્ણ ગોપાલ છે, તેની વ્રજ સંસ્કૃતિ જેમ કૃષ્ણસંસ્કૃતિ છે, તેમ ગાયો અને ગાયોનાં દૂધ-દહીં-માખણની સંસ્કૃતિ પણ છે. વાસ્તવમાં આ વનભૂમિ હતી. તેમાં ફરી-ફરીને કૃષ્ણે ગાયો ચરાવી, વ્રજનાં વનોનું સાંસ્કૃતિક

મહત્ત્વ સ્થાપિત કર્યું. અહીં માત્ર ભૌતિક પર્વત રૂપે શ્રીગિરિરાજજી બિરાજતા નથી, પણ સાક્ષાત્ ભગવત્સ્વરૂપે બિરાજે છે. અહીં શ્રીયમુનાજી કેવળ નદી નથી, શ્રીઠાકોરજીનાં સ્વામિનીજી છે. આમ, અહીંની ભૌગોલિક ભૂમિનાં વન, પર્વત, નદી તેનાં વતની કૃષ્ણના સંબંધે અલૌકિક દિવ્ય છે.

વ્રજની આ સંસ્કૃતિનો આધ્યાત્મિક પક્ષ પણ છે. ભારતની યુગો યુગોની દાર્શનિક પરંપરામાં મહત્ત્વનું યોગદાન આપનાર શ્રીરામાનુજ, શ્રીમધ્વ, શ્રીનિમ્બાર્ક, શ્રીવલ્લભ અને શ્રીકૃષ્ણ ચૈતન્ય જેવા મહાન દિવ્ય આચાર્યોએ વ્રજની કૃષ્ણસંસ્કૃતિને ભારતીય દાર્શનિકતાથી પ્રકાશિત કરી છે. આમ, વ્રજની સંસ્કૃતિ અધ્યાત્મસંસ્કૃતિ પણ છે. તે કલ્યાણમયી સંસ્કૃતિ છે, કારણ કે ભકિતસહિત અહીં આવનારનું સદા શ્રેય થાય છે.

■

## વ્રજ અને પુષ્ટિમાર્ગ

શ્રીમહાપ્રભુજી તેમની ત્રણે ભારતયાત્રા દરમ્યાન વ્રજમાં પધાર્યા. મથુરાના મુસલમાન સુબાના આંતકમાંથી મથુરાને મુક્ત કર્યું અને બહુલાવનમાં ગૌપૂજન પુનઃ શરૂ કરાવ્યું. મુસ્લીમ સંસ્કૃતિ સામે ટક્કર લઈ, શ્રીમહાપ્રભુજીએ વ્રજમાં કૃષ્ણ સંસ્કૃતિ ઉજાગર કરી.

વ્રજના ગોકુળમાં જ શ્રીમહાપ્રભુજીને શ્રીઠાકોરજીએ સાક્ષાત્ દર્શન આપી, બ્રહ્મસંબંધનું દાન કર્યું. ગોકુળ પુષ્ટિમાર્ગનું પ્રાકટ્યસ્થાન બન્યું. શ્રીગોવર્ધન પર્વતમાંથી અલૌકિક રીતે શ્રીગોવર્ધનનાથજીનું સ્વરૂપ શ્રીમહાપ્રભુજી દ્વારા પ્રકટ થયું અને તેમનું ભવ્ય મંદિર શ્રીગિરિરાજજી પર બન્યું.

શ્રીમહાપ્રભુજીએ વારંવાર વ્રજ પરિક્રમા કરી. શ્રીસુબોધિની લેખનનો પ્રારંભ વૃંદાવનમાં થયો. શ્રીયમુનાષ્ટક અને સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથો આ ભૂમિ પર લખાયા.

શ્રીગુસાંઈજીએ અડેલ કાયમ માટે છોડી વ્રજમાં પહેલાં મથુરા અને પછી ગોકુળમાં સ્થિરવાસ કર્યો. ત્યારથી ગોકુળ ગાજતું થયું. અહીં શ્રીગુસાંઈજીના સાત બાળકોનાં સાત મંદિર બન્યાં. શ્રીગુસાંઈજી અને તેમના વંશજોએ વ્રજનો વિકાસ કર્યો. વ્રજભાષામાં રચનાઓ કરી - કરાવી, તેને સાહિત્યિક ભાષાનો દરજ્જો અપાવ્યો. અષ્ટછાપ ભક્તકવિઓ અહીં વસ્યા.

વ્રજમાં શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી આદિની ઘણી બેઠકો આજે પણ વિદ્યમાન છે.

વ્રજના વિકાસ અને ગૌરવમાં સતત પાંચસો વર્ષથી પુષ્ટિમાર્ગનો અદ્વિતીય ફાળો છે.

■

પ્રીતિબેન ગિરીશભાઈ દેસાઈ (અમેરિકા નિવાસી)ના સદૈન્ય જયશ્રીકૃષ્ણ

**પ્રકરણ : ૫**



# વ્રજની સંસ્કૃતિ અને સભ્યતા

**(૧) વ્રજ સંસ્કૃતિ એટલે કૃષ્ણ સંસ્કૃતિ :**

ભારતમાં વ્રજની સંસ્કૃતિ પ્રાચીનતમ છે. શાસ્ત્રો સમજાવે છે તેમ, બ્રહ્માના કેલેન્ડરમાં દરેક મહિનો બત્રીસ દિવસનો છે. બ્રહ્માના દરેક દિવસના અંતે બ્રહ્માંડનો પ્રલય થાય છે અને નવા બ્રહ્માંડની રચના થાય છે. નવી પ્રજા, નવી સંસ્કૃતિ અને નવી સભ્યતા પ્રગટ થાય છે. બ્રહ્માના દરેક દિવસને કાલગણનામાં કલ્પ કહેવામાં આવે છે. દરેક કલ્પને એક વિશેષ નામ હોય છે. જેમ કે બ્રહ્મકલ્પ, પાદ્મકલ્પ, રથંતરકલ્પ. એક કલ્પમાં સત્યયુગ, દ્વાપરયુગ, ત્રેતાયુગ અને કલિયુગ એમ ચાર યુગનો સમાવેશ થાય છે. આમ, બ્રહ્માનો એક દિવસ એટલે પૃથ્વી પરના ચાર યુગ. ચાર યુગનાં કુલ વર્ષ તેતાલીસ લાખ વીસ હજાર છે.

ગીતાજીમાં ભગવાને કહ્યું કે ધર્મના રક્ષણ માટે હું યુગે યુગે પૃથ્વી ઉપર અવતાર લઉં છું. પુરાણો કહે છે કે ભગવાન શ્રીકૃષ્ણ દરેક કલ્પમાં વ્રજમાં અવતાર લે છે અને કૃષ્ણલીલા કરે છે. જુદાં જુદાં પુરાણો - પદ્મપુરાણ, અગ્નિપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ, હરિવંશ, શ્રીમદ્‌ભાગવત, વગેરેમાં કૃષ્ણલીલા કહેવાઈ છે. દરેક પુરાણની કૃષ્ણલીલામાં થોડો થોડો ફરક પણ છે. તેનું કારણ આ જ છે. ચંદ્ર એક જ હોવા છતાં, દરરોજ સોળે કળાએ દેખાતો નથી, તેમ ભગવાન શ્રીકૃષ્ણ પરિપૂર્ણાવતાર પૂર્ણપુરુષોત્તમ હોવા છતાં દરેક કલ્પમાં તેમની સર્વ કલાઓ સાથે પ્રકટ થતા નથી. જે કલ્પમાં ધર્મસ્થાપન માટે જેટલી શક્તિની જરૂર હોય, તેટલી જ કળાઓવાળું પોતાનું સ્વરૂપ પ્રકટ કરે છે. આજ સુધી પંદર કલ્પો થયા. તેમાં એક

જ વખત તેઓ સોળે કલાયુક્ત પરિપૂર્ણાવતારે પૃથ્વી પર પ્રકટ થયા અને તે સારસ્વતકલ્પમાં. પંદર કલ્પોમાં સારસ્વત કલ્પ ચૌદમો કલ્પ છે. અત્યારે સારસ્વત કલ્પ પછીનો પંદરમો કલ્પ શ્વેતવારાહકલ્પ ચાલે છે. આમ, પંદરે પંદર કલ્પમાં ભગવાન શ્રીકૃષ્ણ વ્રજમાં અવતર્યા છે.

ભગવાન શ્રીકૃષ્ણના વ્રજની સંસ્કૃતિ પંદર કલ્પ જેટલી પ્રાચીન છે. એક કલ્પનાં ત્રેતાલીસ લાખ વીસ હજાર વર્ષ ગણીએ અને તેને પંદરે ગુણીએ તો જે જવાબ આવે, એટલાં વર્ષો જૂની વ્રજની સંસ્કૃતિ છે, એમ પુરાણોએ કહ્યું છે.

ભગવાન શ્રીકૃષ્ણ પૃથ્વી ઉપર એકસો પચીસ વર્ષ બિરાજયા. તેમાં વ્રજમાં અગિયાર વર્ષ ને બાવન દિવસ બિરાજયા. પછી ચૌદ વર્ષ મથુરામાં બિરાજયા. બાકીનાં સો વર્ષ દ્વારકામાં બિરાજયા. આમ, તેમના અવતારકાળનો માત્ર ચોથો ભાગ જ તેઓ વ્રજમંડળમાં બિરાજયા. છતાં, વ્રજની સંસ્કૃતિ અને સમાજજીવન પર તેમના દિવ્ય વ્યક્તિત્વ, વિચાર, વર્તન અને વાણીના પ્રભાવની અમીટ છાપ કરોડો વર્ષો પછી પણ અકબંધ રહી છે.

પંદરે પંદર કલ્પમાં તેમણે પંદર પંદર વખત આ વ્રજભૂમિમાં જ અવતાર લીધો અને લીલા કરી. તેથી આદિકાળથી લઈને આજ સુધી વ્રજની સંસ્કૃતિ અને સભ્યતા કૃષ્ણરંગે રંગાયેલાં છે અને કૃષ્ણલીલાથી ઘડાયેલાં છે. વ્રજના કણકણમાં અને શ્વાસ-શ્વાસમાં આજે પણ કૃષ્ણ છે. તેથી વ્રજની સંસ્કૃતિને કૃષ્ણ સંસ્કૃતિ કહેવામાં આવે છે.

આજે ચાલુ શ્વેતવારાહકલ્પના દ્વાપરયુગમાં શ્રીકૃષ્ણ વ્રજમાં અવતર્યા. એકસો પચીસ વર્ષ બાદ તેમણે નિજધામ તરફ પ્રયાણ કર્યુ. તેમનો પ્રયાણનો દિવસ, એ જ કલિયુગના આરંભનો દિવસ. પાશ્ચાત્ય વિદ્યાના સંસ્કારવાળા ઇતિહાસકારો ભગવાનના આ કૃષ્ણાવતારને માત્ર પાંચહજાર વર્ષ પહેલાંનો જ માને છે. એક વખત એમની વાત સ્વીકારી લઈએ તો પણ નિશ્ચિતરૂપે કહી શકાય કે વ્રજસંસ્કૃતિ કમસેકમ પાંચહજાર વર્ષથી તો કૃષ્ણરંગે રંગાયેલી છે જ. ભારતીય સંસ્કૃતિમાં બીજું કોઈ વ્યક્તિત્વ પોતાની આટલી લાંબી, મધુર અને પ્રભાવશાળી છાપ મૂકી ગયું નથી, શ્રીરામ પણ નહીં.

વ્રજસંસ્કૃતિની આ અસર માત્ર વ્રજ પૂરતી જ સીમિત રહી નથી. તેણે ભારતના સમગ્ર પ્રજાજીવન પર હજારો વર્ષોથી હકારાત્મક અસર કરી છે. ભારતીય સાહિત્ય, કલા, ઉત્સવો, હિન્દુધર્મના સંપ્રદાયો અને ગ્રંથો પર એની પ્રગાઢ અસર જોવા મળે છે. એક ચિંતકે સાચું જ કહ્યું છે કે જીવનમાંથી કૃષ્ણને બાદ કરો, જીવન શૂન્ય બની જશે.

### (૨) વ્રજસંસ્કૃતિ એટલે વનસંસ્કૃતિ :

શ્રીકૃષ્ણ જે વ્રજમાં પ્રકટ થયા, તે જ વ્રજ બાર વન અને ચોવીસ ઉપવનોનું બનેલું છે. બાર વન અને ચોવીસ ઉપવનોના વિસ્તારમાં આજે પણ મોટાં ગામ તો ચારથી પાંચ જ છે. નંદગામ, બરસાના, કામવન અને વૃંદાવન. પાંચમા ક્રમે ગોકુળ ગણી શકાય. બાકી તો બધાં નાનાં નાનાં ગામડાંઓ છે. એટલે વ્રજમંડળમાં વિશેષતઃ વનસંસ્કૃતિ હતી. તેને ગોષ્ઠસંસ્કૃતિ પણ કહી શકાય. ગોષ્ઠ એટલે ગાયોના વાડા. અહીં રહેતા વ્રજવાસીઓ વનવાસીઓ હતા, ગોપાલક હતા. જ્ઞાતિએ અહીર હતા, નાના નાના નેસડાઓમાં રહેનારા હતા. ખેતી ઓછી અને પશુપાલન વધારે હતું. પશુઓ, અને તેમાં ખાસકરીને ગાયો એમની સંપત્તિ હતી. ગાયોના ગુજારા માટે જળ, ઘાસ વિપુલ પ્રમાણમાં મળતું રહે એને ધ્યાનમાં રાખી, આ વ્રજવાસીઓ વારંવાર એક વનથી બીજા વનમાં સ્થળાંતર કરનારી પ્રજા હતી. વર્ણે વૈશ્યો હોવાથી સ્વભાવે ઉદાર હતા. વ્યવહારમાં રાંક અને ધર્મભીરુ હતા. અશિક્ષિત પણ હતા. પરંપરાથી ચાલી આવતી ધાર્મિક રૂઢિઓને શ્રદ્ધાથી અનુસરનારા હતા. બ્રાહ્મણો અને દેવોને પૂજનારા હતા. ઇંદ્રયાગ જેવા યજ્ઞો કરનારા હતા. તે વનમાં રહેતા હોવાથી વનનાં વૃક્ષો, શ્રીગિરિરાજપર્વત અને શ્રીયમુનાનદીને પોતાનાં ઇષ્ટ ગણતાં હતાં. શ્રીગિરિરાજજી સાક્ષાત્ ભગવાન છે, એવું જ્ઞાન અને ભાન ભગવાન શ્રીકૃષ્ણે તેમને કરાવ્યું. પરિણામે ઇંદ્રયાગ કરનાર વ્રજવાસીઓએ ગોવર્ધનયાગ શરૂ કર્યો. તેઓ શ્રીયમુનાજીને પણ ઇષ્ટ ફળદાતા, અલૌકિક માતા સમજીને તેમનું વ્રતપૂજન કરતા. પ્રકૃતિના કણકણમાં ભગવાન બિરાજમાન છે એવો ભાવ રાખીને પ્રકૃતિ સાથે આદરભાવથી વર્તતા. રાસ દરમ્યાન અંતર્ધાન થયેલા ભગવાન શ્રીકૃષ્ણને શોધવા નીકળેલાં ગોપીઓએ આથી જ વૃક્ષોને અને લતાઓને ભગવાનનું ઠામ-ઠેકાણું પૂછેલું. જ્ઞાની ઉદ્ધવજીએ પણ વ્રજમાં

મીનાબેન અશોકકુમાર દરજી (અમેરિકાવાળા)ના સદૈન્ય જયશ્રીકૃષ્ણ

આવી, આવો પ્રકૃતિપ્રેમ કેળવ્યો હતો. તેથી જ તેમણે માગ્યું કે બીજો જન્મ મને આ વ્રજની ગુલ્મલતાઔષધિમાં મળે. પ્રકૃતિપ્રેમી વ્રજવાસીઓ પ્રકૃતિના ઋતુચક્ર પ્રમાણે બદલાતા રંગોનો આનંદ લેવા શ્રીકૃષ્ણને કેન્દ્રમાં રાખીને વસંતોત્સવ, શરદોત્સવ જેવા અનેક ઉત્સવો ઉજવતા.

**(૩) વ્રજસંસ્કૃતિ એટલે ગોષ્ઠસંસ્કૃતિ :**

વ્રજમાં અવતરીને શ્રીકૃષ્ણ ગોપાલ બન્યા. દેવરાજ ઇન્દ્રે તેમને ગોવિંદ પદવી પ્રદાન કરી. શ્રીકૃષ્ણને ગાયો એટલી બધી પ્રિય હતી કે તેઓ તેમનાં માતા યશોદાજીને કહેતા : મારી બધી ગાયોના ચારે પગોએ તમે ચામડાના જોડાઓ પહેરાવી દો, પછી હું પગમાં જોડા પહેરીશ. મારી ગાયો ખુલ્લા પગે ફરે અને હું પગમાં જોડા પહેરું, એ કેમ બને? શ્રીકૃષ્ણ ગોપાલ બનીને નિત્ય ગાયો ચરાવવા એક વનથી બીજે વન પધારતા. વ્રજવાસીઓને પણ ગાયો એ જ એમની સંપત્તિ હતી. તેમની સંપત્તિની ગણત્રી ગાયોની સંખ્યાથી થતી. પુરાણોના મતે શ્રીનંદરાયજીના ત્યાં નવલાખ ગાયો હતી. સમગ્ર વ્રજમંડળમાં કુલ બોત્તેરલાખ ગાયો હતી. આ બધી ગાયોનાં દહીં-દૂધ વેચવા વ્રજાંગનાઓ મથુરા જતી. ભગવાન શ્રીકૃષ્ણે વિચાર કર્યો કે પૈસાના લોભે વ્રજવાસીઓ એમનાં બાળકોને દૂધ-દહીંથી વંચિત રાખી, મથુરાવાસીઓને દૂધ-દહીં વેચી તગડા કરે છે. પેટે ગોપીચંદન લગાવી, મેળવેલી સમૃદ્ધિથી શું સુખ મળે? જયાં જે ચીજ વસ્તુ પાકે, ત્યાં જ તે ન મળે એ કેમ ચાલે? આથી શ્રીકૃષ્ણે દૂધ-દહીં વેચવા જનાર પાસેથી કર (દાણ) લેવાની શરૂઆત કરી. વ્રજવાસીઓ પૈસાના લોભે તેમનાં સંતાનોને પૂરું દૂધ-દહીં ખવડાવ્યા વિના, વેચવા માટે ઘરમાં સંગ્રહખોરી કરતાં, છૂપાવી દેતાં. શ્રીકૃષ્ણે માખણચોરીના મિષથી વ્રજવાસીઓનાં બાળકોને એમનાં મા-બાપે સંતાડેલ દૂધ દહીં ભરપેટ ખવડાવવા માંડ્યું. વધ્યું તે વ્રજનાં પશુઓ અને બંદરોને પણ ખવડાવ્યું. આમ, શ્રીકૃષ્ણે વ્રજમાં સાચી ગૌસંસ્કૃતિ - ગોષ્ઠ સંસ્કૃતિ સ્થાપી. આ સંસ્કૃતિમાં સાચો સમાજવાદ હતો. સૌ વહેંચીને ખાય, સૌનાં પેટ ભરાય પછી બાકીનું વેચાય. એક દુઃખી હોય ત્યારે બીજા સુખ માણી ન શકે. આવી સહકારની ભાવના વ્રજમાં શ્રીકૃષ્ણે ખીલવી. ગાયોનું મૂલ્ય સૌને સમજાવ્યું. ગાયોનાં રક્ષણ માટે સાત દિવસ ગિરિરાજ ધારણ કર્યો.

શ્રીકૃષ્ણે સમજાવ્યું કે ભારતીય સંસ્કૃતિના પાયામાં ગાય છે. ગાયોને કેન્દ્રમાં રાખવામાં આવે તો ભારતીય સમાજ સાત્ત્વિક સુખ પ્રાપ્ત કરી શકે છે. જીવનની સર્વ જરૂરિયાતો પૂરી કરનારી ગાય છે. તેથી તેમણે ગૌપૂજા શીખવાડી. ગૌપૂજા એટલે ગાયોને ચાંલ્લો કરી, થોડુંક ઘાસ ખવડાવવાનું કર્મકાંડ નહિ. ગાયોનું પાલનપોષણ અને રક્ષણ કરવું એ જ સાચી ગૌપૂજા છે, એમ તેમણે શીખવ્યું. જયાં સુધી આ ગૌપૂજા થતી રહી, આ સંસ્કૃતિના કેન્દ્રમાં ગાય રહી, ત્યાં સુધી અહીંના લોકો સાત્ત્વિક સુખ, સંપત્તિથી સભર રહ્યા.

**(૪) વ્રજની સભ્યતા (કલ્ચર) :**

વ્રજમાં વસતા વ્રજવાસીઓ મુખ્યત્વે બે સમાજમાં વહેંચાયેલા હતા - ચંદ્રવંશી અને સૂર્યવંશી. ચંદ્રવંશી અહીર (ગોપ) જાતિના મુખિયા નંદરાયજી હતા. પુરાણોના મતે નંદરાયજી અને વસુદેવજીના પિતા એક જ હતા., માતા અલગ અલગ હતાં. વસુદેવજીનાં માતા ક્ષત્રિયાણી હતાં. નંદરાયજીનાં માતા નંદરાયજીના પિતાનાં કાયદેસરનાં પત્ની ન હતાં, પણ ભોગપત્ની હતાં. તેઓ જ્ઞાતિએ વૈશ્ય હતાં. શાસ્ત્રોના નિયમ મુજબ માતાની જ્ઞાતિ એ પુત્રની જ્ઞાતિ કહેવાય છે. તેથી વસુદેવજીનાં માતા ક્ષત્રિયાણી હોવાથી વસુદેવજી ક્ષત્રિય રાજકુંવર કહેવાયા. નંદરાયજીનાં માતા વૈશ્ય હોવાથી નંદરાયજી વૈશ્ય જાતિના - ગોપ જાતિના કહેવાયા. એમના પિતાએ તેમને આજીવિકા માટે અડધો વ્રજનો પ્રદેશ આપ્યો.

વ્રજમાં બીજી સૂર્યવંશી અહીર (ગોપ) જાતિ પણ હતી. તેમના મુખિયા વૃષભાનજી હતા. શ્રીનંદરાયજીની હકુમત અડધા વ્રજ પર હતી, બાકીના અડધા વ્રજ પર શ્રીવૃષભાનજીની હકુમત હતી. શ્રીનંદરાયજી અને શ્રીવૃષભાનજી ખાસ મિત્રો હતા. તેથી શ્રીનંદરાયજી ગોકુળમાં રહ્યા, ત્યારે શ્રીવૃષભાનજી ગોકુળની નજીક રાવલગામમાં રહ્યા. પાછળથી ગોકુળ છોડી, શ્રીનંદરાયજી નંદગામમાં ગયા, ત્યારે શ્રીવૃષભાનજી રાવલ છોડી, બરસાના ગયા. નંદગામ અને બરસાના પણ પાસપાસે છે. તેઓ બંને પાછળથી વેવાઇ પણ થયા. શ્રીનંદરાયજીના પુત્ર શ્રીકૃષ્ણનાં લગ્ન શ્રીવૃષભાનજીનાં પુત્રી શ્રીરાધાજી સાથે થયાં. બંને મિત્રો અને વેવાઇ હોવાથી, ભારે સુમેળથી રહેતા.

તેથી વ્રજની બંને જાતિઓ વચ્ચે પણ ભારે સુમેળ હતો. સંપ, સરળતા અને સાત્ત્વિકતા આ વ્રજવાસીઓની વિશિષ્ટતા હતી.

શ્રીકૃષ્ણે વ્રજમાં પ્રકટ થયા પછી તેમના મંગળ પગલે વ્રજ પણ સંપત્તિ અને સુખવાળું બન્યું. પરાપૂર્વની ગોપસંસ્કૃતિ અને સભ્યતા પર શ્રીકૃષ્ણનો અસરકારક પ્રભાવ પડ્યો. ત્યાંની સભ્યતાના દૃષ્ટિકોણમાં ઘણું પરિવર્તન આવ્યું. શ્રીકૃષ્ણે વ્રજને સ્વાર્થવાદમાંથી સમાજવાદ તરફ દોર્યું. સંપત્તિ સંગ્રહ કરવા માટે નથી, પરિવાર અને સમાજના સુખ માટે છે એ વાત ગળે ઉતારવા શ્રીકૃષ્ણે દાણલીલા કરી અને માખણચોરીલીલા પણ કરી. શ્રીકૃષ્ણે વ્રજવાસીઓને શીખવ્યું કે સંગ્રહખોરો સંગ્રહ કરે તો એમને લૂંટો.

શ્રીકૃષ્ણે વ્રજની સભ્યતામાં એક બીજું પરિવર્તન કર્યું. આજ સુધી વ્રજવાસીઓ ઇંદ્રને પોતાના આશ્રયદાતા ગણી, ઇંદ્રયાગ કરતા. શ્રીકૃષ્ણે વ્રજવાસીઓને વાસ્તવિકતા શીખવી કે આપણા કુળદેવતા તો શ્રીગોવર્ધનપર્વત જ છે, તે જ આપણા સાચા આશ્રયદાતા છે. તેમની ઉપેક્ષા કરી, સ્વર્ગના દેવ ઇંદ્રનો યજ્ઞ કરો છો, તે યોગ્ય નથી. એમણે શીખવ્યું કે એવો યજ્ઞ કરો કે તેનો પ્રસાદ કોઇની માલિકીનો ન રહે. સૌનો એમાં હક્ક રહે, તે પ્રસાદ સૌને મળે, એ પ્રસાદનું વહેંચીને ભોજન થાય. પહેલાં ગરીબ અને બ્રાહ્મણોને જમાડાય. શ્રીગોવર્ધનપૂજન અને અન્નકૂટ પાછળની આ ભાવના શ્રીકૃષ્ણે વ્રજની સભ્યતામાં ઉમેરી.

શ્રીકૃષ્ણે વ્રજવાસીઓને કંસ જેવા દુષ્ટ શાસકો સામે અવાજ ઉઠાવતાં શીખવ્યું. તેમણે સમજાવ્યું કે દુષ્ટો અને આતંકવાદીઓનો સંહાર કરવો એ પાપ નથી, પણ પુણ્ય છે, અધર્મ નથી પણ ધર્મ છે. તેમણે સૌને એક મંત્ર શીખવ્યો - કોઇ બળજબરીથી તાબે કરવા માગે તો તેની તાબેદારી ન સ્વીકારો. કોઇ પ્રેમથી બાંધે તો એ પ્રેમબંધનમાં જરૂર બંધાવ. બાકી, સૌ સરખાં છે, કોઇ કોઇને ગુલામ બનાવી શકે નહિ.

શ્રીકૃષ્ણના સમયમાં ઘરમાં અને સમાજમાં સ્ત્રીઓનું ચલણ વિશેષ હતું. તેઓ મનમાની કરી શકતાં. શ્રીકૃષ્ણે એમને પણ કહી દીધું કે તમારી મર્યાદામાં રહો. તમારા ઇશારે બીજાને નચાવવાની અને દમ ભરવાની વાત છોડી દો. સ્ત્રી અને પુરુષ સંસારરથનાં બે સરખાં ચક્ર છે. પરસ્પરને સમાનતાથી જુઓ અને પરસ્પર સાથે સમાનતાથી વર્તો.

શ્રીકૃષ્ણે ગરીબ શ્રીમંતના ભેદ તોડ્યા. ગરીબ વ્રજવાસીઓની ખાટી છાશ સામા પગલે જઇ, આરોગતા, અશક્ત ગરીબ ગોપીઓનું કામ કરી આપતા, તેમની ગાયો દોહી આપતા. પોતાના સખાઓ સાથેના વ્યવહારમાં તેમણે ગરીબ-શ્રીમંતનો ભેદ કયારેય ઊભો થવા ન દીધો.

શ્રીકૃષ્ણે વ્રજના સમાજજીવનની સભ્યતામાં શુદ્ધ પ્રેમનું તત્ત્વ ઉમેર્યું. તેમણે મોરપિચ્છ, વાંસની વાંસળી અને ચણોઠીના ફળની ગુંજામાળાને વ્રજસંસ્કૃતિનું ગૌરવવંતાં પ્રતીક બનાવ્યાં. તેમણે જગતને ગાયો તરફ પ્રેમ અને ગૌસેવાના પાઠ શીખવ્યા.

તેમણે સમાજને શીખવ્યું કે તમારી પોતાની ભાષાને આદર આપો. શ્રીકૃષ્ણે દેવભાષા સંસ્કૃત છોડી, લોકભાષા-વ્રજભાષાનો મહિમા વધાર્યો. વૃક્ષ, પર્વત, નદી, કુંડ, સરોવર, પશુ, પક્ષી જેવાં પ્રકૃતિનાં તત્ત્વ સાથે આત્મીયતા બાંધતાં પણ શીખવ્યું. આ બધું વ્રજના સમાજજીવનની સભ્યતામાં અને તેના સાહિત્યમાં ભરપેટ જોવા મળે છે.

ભગવાન શ્રીકૃષ્ણ સ્વધામ પધાર્યા, પછી દ્વારકાપુરી સમુદ્રમાં ડૂબી ગઇ. આખું મથુરામંડળ નિર્જન અને ઉજ્જડ બની ગયું. સ્કંદપુરાણ કહે છે કે ત્યારે વ્રજમંડળમાં કોઇ રહ્યું ન હતું. એ સમયમાં ભગવાનની ચોથી પેઢીએ થયેલા તેમના પ્રપૌત્ર વજ્રનાભજીએ શાંડિલ્ય મુનિની સહાયથી વ્રજ ફરી વસાવ્યું: નવા વસેલા વ્રજમાં પણ વ્રજની મૂળ સંસ્કૃતિના જ રંગ હતા. ત્યારથી લઇને આજ સુધી વ્રજની સંસ્કૃતિ અને સભ્યતા કૃષ્ણસંસ્કૃતિ, વનસંસ્કૃતિ અને ગોષ્ઠસંસ્કૃતિની પ્રધાનતાવાળી રહી છે. આજે પણ ચોર્યાસી કોશના વિસ્તારના પ્રદેશમાં દસહજારથી વધુ વસ્તીવાળું વૃંદાવન સિવાય બીજું કોઇ શહેર નથી. મોટાં ગામો પણ આંગળીના વેઢે ગણાય એટલાં જ છે. બાકી તો બધાં ગામડાંઓ જ છે. સિમેન્ટ-કોંક્રીટનાં જંગલો અને આધુનિક મકાનો થોડાંક વૃંદાવનમાં દેખાય છે. થોડાંક બરસાના, કામવન કે જતીપુરા, ગોકુળમાં દેખાય છે. તે પણ છેલ્લા બે દાયકામાં વધ્યાં છે.

ત્યાંના લોકોના પહેરવેશ ઉપર હવે પાશ્ચાત્ય અસર આવવા લાગી છે. બાકી, હજીયે અંતરિયાળ વિસ્તારમાં તો મૂળ વ્રજનો જ પોશાક જોવા મળે છે. ભાષા તો વ્રજભાષા જ

વિલાસબેન ગાંધી (અમેરિકા નિવાસી)ના સદૈન્ય જયશ્રીકૃષ્ણ

રહી છે. રહેણીકરણી અને જીવનશૈલી પણ પરંપરાગત છે. શાળા-કોલેજોમાં અર્વાચીન શિક્ષણ અપાતું થયું છે. પરંતુ કન્યાકેળવણી નહીંવત્ છે. ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓ પણ રડીખડી છે. છૂટક વેપારધંધા પણ જીવન-જરૂરી ચીજવસ્તુઓના કે યાત્રાળુઓની જરૂરિયાતના, બાકી તો ચોમાસા પર નિર્ભર ખેતી, ગૌપાલન અને તીર્થગોરપણું એ જ મુખ્ય વ્યવસાય છે.

વ્રજનું તીર્થક્ષેત્ર તરીકેનું માહાત્મ્ય અર્વાચીન સમયમાં વધતું જાય છે. દેશનો વસ્તી-વિસ્ફોટ અહીં પણ છે. આવન-જાવન માટેના રસ્તા અને વાહનોની વધેલી સગવડથી યાત્રાળુઓનો ધસારો વધ્યો છે. જુદી જુદી સંસ્કૃતિ અને સભ્યતાવાળા યાત્રાળુઓની પ્રભાવક અસર વ્રજની સંસ્કૃતિ અને સભ્યતા પર પડવા લાગી છે. આથી વ્રજની આજની સંસ્કૃતિ વિશેષ પ્રકારે વનસંસ્કૃતિ કે ગ્રામસંસ્કૃતિ ન રહેતાં તીર્થસંસ્કૃતિ બનતી જાય છે. યાત્રાનો વેપાર શરૂ થયો છે. તેના કારણે તીર્થક્ષેત્રનાં સારાં-નરસાં બંને પ્રકારનાં તત્ત્વોની ભરમાળ અહીં વધી છે. અહીંની ભોળી પ્રજા તેની અસરમાં આવવા લાગી છે.અહીં આવનાર ભારતવાસીઓમાં સૌથી વધુ સંખ્યામાં ગુજરાતીઓ હોય છે. તેથી અહીંના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીથી ભિખારી સુધીના સૌ ખપ પૂરતા ગુજરાતી બોલી લે છે. સમજે છે તો બધું જ. ગુજરાતી ભોજન પણ અહીં મળે છે. અહીંના લોકો યાત્રાળુઓની સાયકોલોજી સારી રીતે સમજતા થયા છે.

**(૫) વ્રજનું સમાજજીવન :**

વ્રજમાં ચારેય વર્ણ છે. બ્રાહ્મણોમાં મથુરામાં ચતુર્વેદી (ચોબાજી) બ્રાહ્મણો વધારે છે. બાકીના વ્રજપ્રદેશમાં સનાઢ્ય બ્રાહ્મણો વિશેષ છે. તેમાંના ઘણા શાંડિલ્યમુનિના ગોત્રના છે. ક્ષત્રિયોમાં ગોરવા અને યાદવો વિશેષ સંખ્યામાં છે. વણિકોમાં અગ્રવાલ છે. શૂદ્ર જાતિમાં કુંભાર, સુથાર, મોચી, દરજી, નાયી અને હરિજન છે. મુસલમાનોની વસ્તી પણ વ્રજના અમુક ભાગોમાં ઠીક ઠીક પ્રમાણમાં છે.

મોટાભાગના લોકો પરંપરાગત જીવન જીવનારા છે. વર્ણ-વ્યવસ્થા, છૂતાછૂતનો આગ્રહ, આચારપાલન વગેરે સનાતનધર્મની પરંપરા આજે પણ જોવા મળે છે. તીર્થસંસ્કૃતિને અનુરૂપ આચારવિચારનો અને એંઠાજૂઠાનો આગ્રહ વિશેષ છે.

વ્રજમાં એકપણ કુટિરઉદ્યોગ નથી. મોટા ઉદ્યોગનો તો વિચાર જ નથી.પરિણામે બેરોજગારીની સમસ્યા બહુ મોટી છે. સિંચાઈની વ્યવસ્થા પણ અલ્પ છે. મોટાભાગે ખેતી ચોમાસા પર આધારિત અને પ્રાચીન પદ્ધતિ મુજબની છે. ખેતીવિજ્ઞાને શોધેલી નવી પદ્ધતિઓનો ખાસ ઉપયોગ જોવા મળતો નથી. માલ પરિવહન માટે પણ ગાડાંઓનો ઉપયોગ વધુ થાય છે. ગાડાંઓને પણ બળદોના સ્થાને ભેંશા જોડેલા હોય છે. ટ્રેકટરો ઓછા પ્રમાણમાં છે. વ્રજનો મોટાભાગનો સમાજ તીર્થયાત્રાળુઓ તરફથી મળતાં દાનદક્ષિણા, ખેતી, ગોપાલન જેવી આકાશી આવક પર જીવનારો છે. પરિણામે વ્રજમાં અતિ શ્રીમંતો તો ભાગ્યે જ છે. ઉચ્ચ મધ્યમવર્ગ પણ થોડો છે. મધ્યમવર્ગ પણ મધ્યમ પ્રમાણમાં છે. ગરીબ અને અતિ ગરીબવર્ગ મોટા પ્રમાણમાં છે.

ઉદ્યોગોનો અભાવ, અલ્પ જમીન, આકાશી ખેતી અને પશુપાલન પર નભતા અહીંના લોકો મહેનત કરવા છતાં સારી કમાણી ન મળતાં પરિસ્થિતિવશ આળસુ બન્યા છે. અહીંની સખત ગરમીએ પણ તેમને આળસુ બનાવ્યા છે. તીર્થયાત્રીઓ પાસેથી મળતાં દાનદક્ષિણાએ તેમને આળસુ અને બેઠાડુ બનાવ્યા છે. તેમના સ્વમાનના ખ્યાલોનો છેદ ઊડી ગયેલો જણાય છે. યુવાનો પણ હાથ લંબાવતાં શરમાતા નથી. માબાપ નાનાં બાળકોને પણ યાત્રાળુઓ પાસે ભીખ માગવા પ્રેરે છે અને તેમની પાસે ભીખ મંગાવે છે.

અહીં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે. કન્યા કેળવણી તો સાવ જ ઓછી છે. માંડ પ્રાથમિક શિક્ષણ લીધેલ થોડોક વર્ગ છે. સુશિક્ષિતો તો ખાસ જોવા મળતા નથી અને જે થયા છે તે મથુરા, દિલ્હી કે અન્ય શહેરોમાં જઈને વસ્યા છે. એ સંજોગોમાં અહીંના લોકો જૂના, રૂઢિગત અને સંકુચિત માનસવાળા, નોકરી ધંધાના અભાવે ભાગ્ય પર આધીન રહી, ગરીબડી જિંદગી જીવનારા છે. નાનાં બાળકોને શાળાએ મોકલવાને બદલે એમની ભીખની કમાણી ઘર ચલાવવામાં પૂરક બને છે. આ બાળકોને સારા સંસ્કારોની માવજત મળતી નથી, પરિણામે તેઓ થોડાક પૈસા માટે યાત્રાળુઓને તંગ કરે છે, યાત્રાળુ

પૈસા ન આપે તો ગંદી ગાળો પણ બોલે છે અને જૂવાની માફક યાત્રાળુઓને વળગ્યા રહે છે.

શાસ્ત્ર પૂછે છે કે ભૂખ્યો માણસ કયું પાપ ન કરે? ભૂખી નાગણ એનાં જ બચ્ચાંને ખાય, તેમ અહીંના ગરીબ-ભૂખ્યા લોકો પેટનો ખાડો પૂરવા યાત્રાળુઓને લૂંટે, કયારેક ચોરી કરે, કયારેક પરિક્રમા કરતા યાત્રાળુઓને આંતરી પૈસા પડાવે, થોડોક આતંક પણ મચાવે. પણ એમાં એમનો જેટલો વાંક છે, તેથી વધારે વાંક આપણા રાજયકર્તાઓનો પણ છે. અહીં કયારેક એકલદોકલ યાત્રીનાં ખૂન થઇ જવાનું પણ સંભળાય છે. ગામના માથાભારે લોકો ગામ પાસેથી જતી સડક પર ટોલનાકું બનાવી, ગ્રામપંચાયતના નામે યાત્રાળુઓનાં વાહનો પાસેથી પૈસા પડાવતા હોય છે. અહીંના વેપારીઓ જાણે છે કે તેમનો ધંધો યાત્રીઓ ઉપર નિર્ભર છે. રોજ નવા યાત્રીઓ આવે છે, એટલે તેઓ યાત્રીઓને મૂંડી, બે પૈસા વધારે કમાઇ લેવાની વેતરણમાં હોય છે.

તીર્થગોર યાત્રીઓ પાસે વધુમાં વધુ દાન-દક્ષિણાની અપેક્ષા રાખે છે. મથુરામાં મથુરાના તીર્થગોર ચોબાજી હોય છે. એવી જ રીતે ગોકુળ, દાઉજી અને જતિપુરામાં પણ હવે ત્યાંના સ્થાનિક તીર્થગોર હોય છે. મોટાભાગના તીર્થગોર તેમના યજમાનોને સારી રીતે સાચવે છે. તેમના માટે મુકામ, ભોજન, યાત્રા માટે વાહન અને યાત્રાસ્થાનોમાં સાથે જઇ, દર્શનાદિ કરાવવાની બધી વ્યવસ્થા કરે છે. પોતાના યજમાનોની સાથે રહે છે, સમયનો ઘણો ભોગ આપે છે. તેઓ યજમાનો સાથેના વ્યવહારમાં પૂરા પ્રામાણિક હોય છે. તેમાંથી મોટાભાગના તીર્થપુરોહિતોએ તેમના યજમાનોની સહાયથી જ યજમાનોના ઉતારા માટે તેમના ઘેર રૂમો બંધાવી હોય છે. તેઓ વ્રજયાત્રામાં ભોમિયાની કામગીરી પણ બજાવે છે. અલબત્ત, તેઓ યજમાનો પાસેથી વધુ દાન દક્ષિણાની અપેક્ષા રાખે છે.

અહીંના સમાજમાં દહેજપ્રથા ખરી. સ્ત્રીઓ બહુધા કામ કરનારી, યજમાનોની સરભરા કરે. સ્ત્રીઓ ભારતીય સાડી ખૂબ જ મર્યાદાથી પહેરે. બહાર જાય ત્યારે સાડી પર બીજી ચાદર ઓઢે, ઘૂંઘટ કાઢે. વ્રજની સ્ત્રીઓ દેખાવમાં સુંદર, તેમની સમજણ ઊંચી અને કામમાં શક્તિશાળી. શ્રીરાધાજી, શ્રીલલિતાજી, શ્રીચંદ્રાવલીજી, શ્રીયમુનાજી, આદિ વ્રજભક્તોનો અંશ આજે પણ તેમનામાં દેખાય છે. પુરુષો સાદાસીધા, કસરતબાજ, થોડાભોળા, પ્રમાદી અને ભોજનપ્રિય. ભાંગનું સેવન પણ અહીં વધતાઓછા પ્રમાણમાં થાય.

વ્રજના લોકો ખાવાના શોખીન. ગોપાલનના કારણે દહીં-દૂધ વધારે. માવાની રબડી, બરફી, પેંડા, ગુલાબજાંબુ, જલેબી જેવી મીઠાઇઓ વધુ બને અને ખવાય પણ એટલી જ. મથુરાના પેંડા તથા માવાબાટી દેશવિદેશમાં વિખ્યાત. ફરસાણમાં ખસ્તા કચોરી, દહીંવડાં, પકોડાં અને નાસ્તામાં ચના-ચેરવા મુખ્ય. યાત્રાળુઓના ટેસ્ટ અને માંગને લઇને હવે ત્યાં પણ પુરી-પકોડી, રગડા-પેટીસ, ખમણ, સેવ, ભજિયાં, બટાકાવડાં, અને સમોસાં પણ મળે. પરંતુ ત્યાંના લોકો મીઠાઇ સાથે ઘીમાં બનેલી પૂરી અને ઘીમાં રંધાયેલાં શાકને જ પાકું ભોજન કહે. પાકા ભોજનમાં લાડુ, પૂરી અને કચોરી મુખ્ય હોય. દાળભાતને કાચું ભોજન કહે. લગ્ન જેવા પ્રસંગોએ અચૂક પાકું ભોજન જ હોય.

અહીંના પુરુષો કુસ્તી અને તેલમાલીશના શોખીન. દંડ-બેઠક, કૂસ્તી વગેરે કરી, તેલમાલીશ કરીને શ્રીયમુનાજીમાં ન્હાય. પછી ભાંગ પી પાકું ભોજન કરે. તે પણ સવાર-સાંજનું એક ટંકે. પછી આરામ. સાંજે થોડા પૈસા મળી જાય તો પાવ કિલો, આધા કિલો રબડી પેટમાં ઉતારી દે, પછી જય જમુનામૈયાકી!

અહીંના લોકો ગાવા-બજાવવાના પણ શોખીન. હોળીના દિવસોમાં અહીં રસિયાની રમઝટ બોલે. સ્ત્રીઓ પણ વ્રજની આગવી હલકમાં ગાય. સ્ત્રીઓ આનંદના પ્રસંગે નાચે પણ ખરી. ઘૂમટો કાઢી, મન મૂકીને નાચે.

એમના રોજિંદા ભોજનમાં મોટાભાગે ઘઉં, ચણાના મીક્સ લોટની રોટી, જેને બેજરની રોટી કહેવામાં આવે છે અથવા મકાઇના રોટલા. સરસવની ભાજીનું કે સરગવાની શીંગોનું શાક, કેરીનું અથાણું, દહીં, દૂધ અને છાશ પણ ખરાં.

આ વ્રજવાસીઓ પૈકીના મોટાભાગના રામ, મહાદેવ, દેવી કે ગણેશની પૂજા-અર્ચના કરે. કૃષ્ણ તો એમના સખા, પણ ભક્તિ રામની વિશેષ પ્રચલિત. શ્રીયમુનાજી અને શ્રીગિરિરાજજીમાં અપાર શ્રદ્ધા. યાત્રીઓ પાસે વૈષ્ણવતા

ઈલાબેન જીતેન્દ્રભાઈ ભૂતવાલા (અમેરિકાવાળા)ના સદૈન્ય જયશ્રીકૃષ્ણ

બતાવે ખરા, પણ અંગત જીવનમાં વૈષ્ણવતા ભાગ્યે જ!

એમના ઉછેર, તથા વાણી-વર્તન ઉપર, એમની સંસ્કૃતિ અને સભ્યતાની ભારોભાર અસર હોય એ સ્વાભાવિક છે. વ્રજની સંસ્કૃતિ અને સભ્યતા કરતાં દેશના બીજા ભાગની સંસ્કૃતિ અને સભ્યતામાં ફરક છે. આપણું સમાજજીવન જુદું છે. આપણો ઉછેર, વાણી, વર્તન અને આપણી પરિસ્થિતિ જુદાં છે. તેથી આપણે વ્રજમાં જઈએ છીએ અથવા વ્રજવાસીઓ આપણે ત્યાં આવે છે, ત્યારે આપણે તેમના પ્રત્યે દોષભાવ, દુર્ભાવ કે અભાવથી પીડાઈએ છીએ, એમનાં દોષદર્શન કરીએ છીએ, એમની સામે ઢગલાબંધ ફરિયાદો કરીએ છીએ. પરંતુ જો આપણે સહૃદયતાથી એમના અંગત જીવનમાં ડોકિયું કરીશું, તો તેમના માટેનો દોષભાવ અને ફરિયાદો જરૂર નિર્મૂળ થશે. એક ચિંતકની અનુભવવાણી યાદ રાખવા જેવી છે : માણસ જો પોતાની દૃષ્ટિ છોડી, સામાની દૃષ્ટિથી જુએ તો જગતનાં અડધાં યુદ્ધો અને દુઃખો આપોઆપ ટળી જાય.

આથી આપણે વ્રજમાં જઈએ, ત્યારે ખાસ યાદ રાખવું જોઈએ કે, આપણે વ્રજ અને વ્રજવાસીઓના મહેમાન છીએ, આપણા ઈષ્ટ શ્રીકૃષ્ણને વ્રજ અને વ્રજવાસીઓ તેમના અંગ સમાં પ્રિય છે. આપણે ત્યાં મહેમાન હોવાથી એ વ્રજવાસી યજમાનોનો અનાદર અને અપમાન ન કરીએ. યજમાનનો આદર સાચવવો એ મહેમાનની સભ્યતા છે. વ્રજવાસીઓની ગાળો તો શ્રીકૃષ્ણે પણ સહન કરી છે. એમના હાથે ભગવાન સ્વયં બંધાયા છે. તેઓ ભગવાન સાથે ઝઘડ્યા છે, ભગવાન સામે લાઠી ઉગામી છે અને ભગવાનને વહાલ પણ એટલું જ કર્યું છે. ભગવાન સાથે તેઓ ઝઘડતા, ત્યારે પણ ભગવાન હસતા રહેતા. આપણે પણ વ્રજમાં હસતાં રહીએ, વ્રજવાસીઓ સાથે હસતાં રહીએ. આપણા યાત્રાના બજેટમાં આપણા આનંદ-પ્રમોદના ખર્ચમાં કાપ મૂકીને, યથાશક્તિ એમને દાનદક્ષિણા આપીએ. એમની માગણી અને લાગણી સંતોષીએ. ન આપી શકીએ તો યે આપણી વાણીને તીખી અને કડવી ન બનાવીએ. શ્રીગિરિરાજજી, શ્રીયમુનાજી અને શ્રીમહાપ્રભુજીને ભોગ ધરી, એ મહાપ્રસાદ વ્રજવાસીઓને લેવડાવી દઈએ. આપણે તો 'મહાપ્રસાદ ઔર જલ જમુના કો તનક તનક લિજે.' ત્યાંથી મહાપ્રસાદનાં પાર્સલ બાંધી, ઘેર લઈ આવવાને બદલે અને ત્યાં ઝાપટવાને બદલે વ્રજનાં ભૂખ્યાં બાળકોને અને વ્રજવાસીઓને લેવડાવવાનો આનંદ લઈએ. એક કવિએ કહ્યું છે કે ભૂખ્યાં જનોનાં પેટ ઠારો, હૈયાં જરૂર આપણાં ઠરશે.

■


## વ્રજવાસનું સુખ

એક વખત શ્રીગુસાંઈજી અને તેમના જ્યેષ્ઠ પુત્ર શ્રીગિરિધરજી શ્રીગિરિરાજજીની તળેટીમાં બિરાજ્યા હતા ત્યારે થોડાક ચમાર લોકો એક મરેલા ગધેડાને ઘસડીને લઈ જતા હતા. તે જોઈ શ્રીગુસાંઈજીએ શ્રીગિરિધરજીને આજ્ઞા કરી : 'ગોવર્ધન, આ ગધેડો બડભાગી છે. મર્યા પછી પણ એને વ્રજરજમાં લોટવા મળે છે! ગોવર્ધન, જ્યારે મારો દેહ છૂટે, ત્યારે મારા દેહને પણ, આમ જ, વ્રજરજમાં ઘસડીને અગ્નિસંસ્કાર કરવા લઈ જજો. વ્રજરજમાં લોટવામાં જે સુખ છે, તે ત્રિભુવનમાં નથી.'

આથી સૌ ભગવદીયો વ્રજવાસ માગે છે. શ્રીગુસાંઈજીના સેવક ખંભાતના માધવદાસજીએ તો તેમનાં મોટાં ભાગનાં પદોની છેલ્લી કડીમાં વ્રજવાસ જ માગ્યો છે. જે સુખ વ્રજમાં છે, તે ત્રણ લોકમાં નથી.

■

**પ્રકરણ : ૬**



# વ્રજના લોકોત્સવો

વ્રજ એટલે આનંદનું અને ઉત્સવનું ધામ. ગોલોકનો આનંદ અને ગોલોકના ઉત્સવો પૃથ્વી ઉપર કયાંય હજારો વર્ષોથી એકસરખા મનાવાતા હોય, તો તે વ્રજચોર્યાસી કોશમાં. એટલે વ્રજચોર્યાસી કોશને આનંદલોક કહી શકાય. અહીં કોઈપણ તિથિ અશુભ નથી. આજે અક્ષયનવમી છે? ચાલો, કંસના મેળામાં! આજે રથયાત્રા છે? ચાલો રથના મેળામાં! આજે વ્યાસપૂર્ણિમા છે? તો ચાલો પરાસોલીના મેળામાં! આજે બરસાનાની રંગીલી હોળી છે? તો ચાલો, ત્યાં! આજે વૃંદાવનના મંદિરમાં વાસંતીખંડ ખૂલે છે? તો ચાલો, દર્શન કરવા! આજે દુર્વાષાઋષિનો મેળો છે? તો ચાલો, મેળો મહાલવા! આજે અહીં ફૂલડોલ છે, કાલે બીજે છે, પરમદિવસે ત્રીજે છે. તો ચાલતાં જ રહો. આજે હરિયાળી ઘટા છે, કાલે શ્યામઘટા છે? દર્શન કરતાં રહો. આજે કુનવારાનો ઉત્સવ છે, તો કાલે છપ્પનભોગ છે- આજે શ્રીઠાકોરજી હટડીમાં બિરાજ્યા છે, તો કાલે ફૂલના બંગલામાં બિરાજશે, પરમ દિવસે સ્નાનયાત્રા છે, તો પછી રથયાત્રા છે! આજે નાવનો મનોરથ છે, તો કાલે પનઘટનો મનોરથ છે. કયાંક નૌટંકી ચાલે છે, તો કયાંક સ્વાંગ થઈ રહ્યા છે. વૃંદાવનમાં ભજન, તો ગોવર્ધનમાં રસિયા, હાથરસમાં કુસ્તી, તો બરસાનામાં કીર્તનસમાજ. વ્રજમાં ઉત્સવો, મેળાઓ, તહેવારો, મનોરથોનો કોઈ અંત જ નથી. વ્રજ એટલે મોજમજા અને મેળાઓની ભૂમિ. ફાટ્યાંતૂટ્યાં વસ્ત્રોમાં નિર્ધન જેવી જિંદગી જીવનારા વ્રજવાસીઓ અહીં મસ્તીમાં જીવે છે. તેથી તો અહીંની સ્ત્રીઓ ઊંચા સૂરમાં ફરિયાદ કરે છે કે વ્રજની રજમાં અમે લક્ષ્મી કેમ

ન બન્યાં? લક્ષ્મી બન્યાં હોત તો શ્રીહરિની ચરણસેવા કરત, એમની ચરણરજ અમને ઊડી-ઊડીને લાગત.

વિશ્વભરમાં માનવપ્રકૃતિ ઉત્સવપ્રિય અને ઉત્સાહપ્રિય છે, એનું સૌથી મોટું સ્વરૂપ વ્રજમાં જોવા મળે છે. એવો એક પણ દિવસ ખાલી નથી હોતો, કે વ્રજના કોઇ ખૂણે ઉત્સવ ન હોય! ઉત્સવ શબ્દનો મૂળ અર્થ છે એવી કોઇ ઘટના કે પ્રવૃત્તિ, જે હૃદયમાં આનંદની છોળો ઉછાળે. વ્રજ આનંદનું ધામ છે, કારણ કે સાક્ષાત્ આનંદનું સાકાર સ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણ અહીં પ્રકટ થયા અને તેમણે અહીં આનંદમયી લીલાઓ કરી. આનંદસ્વરૂપ શ્રીકૃષ્ણની ચરણરજ વ્રજની રજના કણકણમાં ભળી ગઇ. પરિણામે વ્રજ પણ સાક્ષાત્ ઉત્સવનું જ સ્વરૂપ બની ગયું છે.

શ્રીકૃષ્ણના પ્રાકટ્યના દિવસથી જ વ્રજમાં રોજેરોજ, કોઇને કોઇ નિમિત્તે ઉત્સવ થતા રહ્યા. શ્રીયશોદાજીએ જોયું કે પલનામાં પોઢેલ લાલાએ પહેલી વખત સૂતાં સૂતાં જાતે પડખું ફેરવ્યું, એટલે શ્રીયશોદાજીએ તે ઉત્સવ મનાવ્યો. તેમનો લાલો આંગળી પકડી ઊભો થયો, એટલે એનો ઉત્સવ! આથી, ભક્ત કવિઓએ કહ્યું કે : નંદ મહર ઘર સદા બધાઈ! નરસિંહ મહેતાએ ગાયું : નિત્ય ઓચ્છવ, નિત્ય કીર્તન- આ ઉત્સવનો દોર ભગવાન શ્રીકૃષ્ણ મથુરા પધાર્યા, પછી પણ ચાલુ રહ્યો. તેમના પ્રિય સખા ઉદ્ધવજી શ્રીકૃષ્ણના જેવું જ પીતાંબર અને મુકુટ ધારણ કરી, વ્રજમાં આવ્યા. ત્યારે વ્રજવાસીઓએ વ્રજ અને વૃંદાવનમાં સુમહાન ઉત્સવ મનાવ્યો હતો.

શ્રીકૃષ્ણના સમયમાં વ્રજમાં મનાવાયેલા આ ઉત્સવોની પરંપરા હજારો વર્ષો બાદ પણ આજે વ્રજમાં ચાલી રહી છે.

**હોળીનો ઉત્સવ :**

વ્રજના સર્વ ઉત્સવોમાં બે ઉત્સવ સૌથી મોટા. હોળી અને દિવાળી. બીજે બધે હોળી બે દિવસ મનાવાય, પહેલા દિવસે હોળી પ્રગટાવવાની, અને બીજા દિવસે રંગોથી ખેલવાની, પરંતુ વ્રજના ચોર્યાસી કોશમાં હોળી પૂરા સત્તર દિવસ સુધી ખેલાય છે. તેમાંય પુષ્ટિમાર્ગીય મંદિરોમાં તો વસંતપંચમીથી શરૂ કરીને ફાગણ વદ-૧ સુધી હોળીનો રંગોત્સવ મનાવાય છે. ક્રમશઃ હોળી ખેલ ઉત્તરોત્તર વધે છે.

હોળીના દિવસોમાં માત્ર રંગોત્સવ જ મનાવાતો નથી, કયાંક સંગીતસમાજ થાય છે. કયાંક રસિયાની રમઝટ જામે છે, કયાંક કુસ્તીનાં દંગલ થાય છે, કયાંક નૃત્ય-ગીત થાય છે. તો કયાંક ફૂલડોલ પણ થાય છે. આબાલવૃદ્ધ સ્ત્રીપુરુષ સૌ મન મૂકીને હોળીના ઉત્સવના દિવસો માણે છે. તેથી એમ કહેવાય છે કે બીજા તહેવારો દેશ પરદેશમાં ગમે ત્યાં કરીએ તો ચાલે, પરંતુ હોળી તો વ્રજની જ - વતનની જ.

વ્રજની હોળી કૃષ્ણમય અને કૃષ્ણ હોળીમય- બની ગયેલ જણાય છે. હોળીના દિવસોમાં પૂરું વ્રજ કૃષ્ણમય બની જાય છે. પ્રત્યેક વ્રજવાસી છેલછબીલો કૃષ્ણ બને છે અને પ્રત્યેક વ્રજવાસિની દ્વાપરયુગની ગોપી બની જાય છે. વ્રજમાં સર્વત્ર હોળીનો ઉત્સવ મનાવાય છે, પરંતુ તેમાં ચાર સ્થળની હોળી વધારે પ્રસિદ્ધ છે. (૧) નંદગામ - બરસાનાની લઠમાર હોળી (૨) બલદેવજી (દાઉજી)ની હુરંગા હોળી (૩) જાવબઠેનની હુરંગા હોળી (૪) ફારેનગામની આગ પર ચાલવાની રોમાંચકારી હોળી.

નંદગામ બરસાનાની હોળીમાં નંદગામના છેલછબીલા યુવક યુવતીઓ રંગ ઉડાડતા, નાચતા, ગાતા, કૂદતા, હાથમાં ચામડાની મોટી મોટી ઢાલ લઇ, બરસાના આવે છે, બરસાનાની ગુસાંઇ યુવતીઓ વજનદાર લાંબી લાકડીઓથી તેમનું સ્વાગત કરે છે. બરસાનાની યુવતીઓ ચપળતાથી હાથમાંની લાકડીઓ ફેરવતાં નંદગામના યુવાનો પર ઘા કરે છે. નંદગામના યુવાનો હાથમાં પકડેલી ચામડાની ઢાલ કુશળતાથી પકડી, લાઠીઓના ઘા ઢાલ ઉપર ઝીલે છે. બરસાનાની સાંકડી ગલીઓમાં આ લઠમાર હોળીનો આનંદ લેવાય છે. ઉપરથી રંગ, ગુલાલની વર્ષા થાય છે. આ હોળીખેલ જોવા દેશવિદેશથી અનેક લોકો આવે છે.

આવી બીજી હોળી જાવબઠેનની પ્રસિદ્ધ છે. છાતા તાલુકામાં નંદગામ અને પોસીની વચમાં જાવ નામનું ગામ આવેલું છે. એમ કહેવાય છે કે અહીં શ્રીકૃષ્ણે શ્રીરાધાજીનાં કોમળ ચરણોમાં અરતો લગાડ્યો હતો. તે પરથી આ ભૂમિ કેટલી રસમય હશે, એનું અનુમાન કરી શકાય. પાસે બઠેન નામનું ગામ છે, જયાં શ્રીઠાકોરજી અને શ્રીબલદેવજી બની-ઠનીને બિરાજયા છે. અહીં ચૈત્ર સુદ-૨ની બપોરથી હોળીખેલનો આરંભ થાય છે. જે સૂર્યાસ્ત સુધી ચાલે છે. જાવ

અને બઠેન એ બંને પૂરાં ગામ હોળી ખેલવા ઉમટે છે.

વયોવૃદ્ધ અને મહેમાનો દર્શક બનીને રસ્તાઓમાં ગોઠવાઇ જાય છે. વૃદ્ધ, યુવાન, યુવતીઓ, બાળકો અને બાલિકાઓની ટોળીઓ પરંપરાગત રંગબેરંગી વસ્ત્રોમાં સજી-ધજીને ગામના ચોકમાં એકત્ર થાય છે. ઝાંઝ, મંજિરા, ડફ, થાળી વગેરે વાદ્યોના તુમુલધ્વનિ સાથે તેઓ રસિયા ગાય છે. આજ બિરજ મેં હોરી રે રસિયા- તેઓ નાચતા, ગાતા ગામની પ્રદક્ષિણા કરે છે અને ગામના લત્તે લત્તે ફરે છે. ગામના દરેક ચોરાહા ઉપર રંગ, ગુલાલ, અબીર વગેરેથી તેમનું સ્વાગત સત્કાર થાય છે. પછી સૌ ગામ બહાર વિશાળ મેદાનમાં જાય છે. ત્યાં ગામની નવવધૂઓ હાથમાં લાઠી લઇ, યુવાનોનું સ્વાગત કરે છે. યુવાનો વાંસની છાબડીઓની ઢાલ બનાવી, તેનાથી પોતાનો બચાવ કરે છે. નંદગામ બરસાનાની લઠ્ઠમાર હોળીમાં ચાલતા-ચાલતાં સ્ત્રીઓ પુરુષો તરફ લાઠી વીંઝે છે. તેથી વાગવાની સંભાવના ઘણી ઓછી રહે છે, પરંતુ અહીં તો સામસામે ઊભા રહીને, લાઠીદાવ ખેલાય છે અને બચાવ થાય છે. આનંદના ઉન્માદમાં પણ કોઇ સ્ત્રી કે પુરુષ એકબીજાના શરીરનાં કોઇપણ અંગને સ્પર્શ કરતાં નથી.

આવી જ રીતે બલદેવજી-દાઉજીમાં પણ હુરંગાનો ઉત્સવ થાય છે.

ફારેનગામમાં હોળી સળગાવવામાં આવે છે. તેના અંગારા ઉપર ત્યાંના યુવાનો મસ્તીથી ચાલે છે, તેમની આજુબાજુ અગ્નિની જ્વાળાઓ ઊઠતી હોય છે. પણ કોઇ દાઝતું નથી. તે દૃશ્ય પણ રોમાંચકારી હોય છે.

**ફૂલદોલોત્સવ :**

હોળી બાદ વ્રજમાં જુદા જુદા દિવસે, જુદા જુદા સ્થળોએ ફૂલડોલનો ઉત્સવ ઉજવાય છે. જેને દોલોત્સવ કહેવાય છે. વૃક્ષની ડાળી પર દોરડાથી બનાવેલા ઝૂલાઓ ઉપર ફૂલ-પત્તીઓથી તેને શણગારવામાં આવે છે. પુષ્ટિમાર્ગમાં અને રાધાવલ્લભ સંપ્રદાયમાં આ દોલોત્સવનું વધારે મહત્ત્વ છે. ચૈત્ર સુદ ૬ના દિવસે વિશ્રામઘાટ પર, ફાગણ વદ-૧૧ના દિવસે માનસરોવર પર, રાધારાણીના મંદિરે, ફાગણ સુદ-૧૧ના દિવસે છાતામાં આ ફૂલડોલના ઉત્સવ અને મેળા ભરાય છે. પુષ્ટિમાર્ગીય મંદિરોમાં ફાગણ વદ એકમે ફૂલડોલનો ઉત્સવ ઉજવાય છે.

એક વખત એવો હતો, જયારે મથુરાનાં બજારોમાં શ્રીદાઉજી અને શ્રીમદનમોહનજી હોળી ખેલતા પધારતા. આગળ કીર્તનિયા સમાજ, તે પછી શ્રીઠાકોરજીના સુખપાલ અને ત્યારપછી ગુલાલ અને અબીર ભરેલાં ગાડાંઓ. ગાડાંઓમાં ગોસ્વામી બાળકો અને મંદિરના પરિચારકો તથા રસોઇયા લોકો હોય. કપડાની મોટી પોટલીઓમાં અબીલ ગુલાલ ભરી-ભરીને ઉડાડવામાં આવે. લાલ, સફેદ અને રંગીન વાદળો છવાઇ જાય. રસ્તામાં, છજાંઓમાં, અને અગાશીઓમાં એટલો ગુલાલ જામી જતો કે વરસાદનાં તીવ્ર ઝાપટાં પણ તેને મુશ્કેલીથી સાફ કરી શકે. આજે પણ મથુરા અને વ્રજનાં બધાં મંદિરોમાં પૂરો એક મહિનો રંગ-ગુલાલ વરસે છે. ધ્રુપદ-ધમાર ગવાય છે. ઝાંઝ, ડફ, મૃદંગ વાગે છે. શયનનાં દર્શનમાં રાળ ઊડે છે. દાઢી રંગાય છે, સ્વાંગ નાચે છે અને રસિયાઓ ગવાય છે.

**દિવાળી :**

વ્રજનો બીજો મોટો ઉત્સવ દિવાળીનો છે. જેમ પ્રાણીઓમાં મનુષ્ય શ્રેષ્ઠ છે, મનુષ્યના શરીરમાં મુખની શોભા શ્રેષ્ઠ છે, મુખમાં વાણી શ્રેષ્ઠ છે, અને વાણીમાં વ્રજવાણી શ્રેષ્ઠ છે, તેમ વ્રજભૂમિમાં ગિરિગોવર્ધન શ્રેષ્ઠ છે. ગિરિગોવર્ધનમાં માનસીગંગા અતિ શ્રેષ્ઠ છે. એ માનસીગંગાનો શ્રેષ્ઠ ઉત્સવ દિવાળીના દીપદાનનો છે. દિવાળીની અમાસની રાતે માનસીગંગાના કિનારે, પગથિયાં, ઘાટ, અટારીઓ, ચોક, ગલીઓ, ઘરનાં દ્વાર સર્વત્ર એક સાથે લાખ્ખો દીવા ઝળહળી ઊઠે છે. જાણે સ્વર્ગલોક ચમકતું ન હોય! માનસીગંગાના જેવી દિવાળી જગતભરમાં કયાંય મનાવાતી નથી.

દિવાળીના દિવસોમાં માત્ર માનસીગંગામાં જ નહિ, ગામગામ અને ઘેરઘેર દીવાઓ પ્રગટે છે. દીપમાલિકાઓ સજાવાય છે, ગાયો શણગારાય છે અને ગાયોને ખેલાવવાનો આનંદ લેવાય છે. ગાયોને ગોળ-ઘીમાં બનાવેલ લાડુ-લાપસી ખવડાવાય છે.

દિવાળીની તૈયારી વ્રજમાં દશેરાથી શરૂ થઇ જાય છે. આમ તો દેશભરમાં દિવાળી નિમિત્તે રંગરોગાન અને સજાવટ શરૂ થાય છે, પરંતુ વ્રજની સંસ્કૃતિમાં ભોગ અને રાગ મુખ્ય

અંજનાબેન પ્રદીપભાઈ ગાંધી (લોરેન્સવીલે, જ્યોર્જીયા અમેરિકા)ના સદૈન્ય જયશ્રીકૃષ્ણ

છે. એટલે વ્રજના ઉત્સવોમાં ઉમંગપૂર્વક ગાન, વાદન અને દિવ્ય ભોજનનો વધુ મહિમા છે. વ્રજમાં દિવાળી ઉપર, માત્ર દીવાઓ જ પ્રકાશતા નથી, વિવિધ પ્રકારનાં પકવાનો બને છે. અન્નકૂટના દિવસે ગોવર્ધનપૂજા કરવા માટે ગોકુળથી શ્રીગોકુલનાથજી ખાસ જતિપુરા પધારે છે. માત્ર વૈષ્ણવમંદિરોમાં જ નહિ, બધાં જ દેવમંદિરોમાં અન્નકૂટ થાય છે. વ્રજમાં તો ઘેર ઘેર મંદિરો છે. એમ કહી શકાય કે વ્રજનું દરેક ઘર એક મંદિર છે. એટલે ઘેર ઘેર દિવાળીનો ઉત્સવ ઉજવાય છે. ઘર આંગણાં શણગારાય છે. ગોબરના ગોવર્ધન બનાવી, તેનું પૂજન થાય છે અને અન્નકૂટની સામગ્રી બને છે.

**છપ્પનભોગ :**

વ્રજના અન્નકૂટ પ્રસિદ્ધ છે, તેમ વ્રજનો છપ્પનભોગ પણ પ્રસિદ્ધ છે. પુરાણોના મત પ્રમાણે છપ્પનભોગનો ઉત્સવ એક વખત દુર્વાસામુનિએ કર્યો હતો. દુર્વાસામુનિ ભાંડીરવનમાં અન્ન-જળ છોડીને, દુર્વાનો રસ પીને તપ કરતા હતા. શ્રીઠાકોરજીએ ગોપીજનોની સામે દુર્વાસાઋષિની પ્રશંસા કરતાં કહ્યું કે તેઓ મારા પણ ગુરુ છે. તે જાણીને ગોપીજનોને તેમનાં દર્શન કરવાની પ્રબળ ઇચ્છા થઈ. તેઓ છપ્પન પ્રકારની ભોગસામગ્રી સિદ્ધ કરી, દુર્વાસાનાં દર્શન માટે ભાંડીરવન ગયાં. તેમનું પૂજન કરી, છપ્પન સામગ્રીનો ભોગ ધર્યો. દુર્વાસાએ કહ્યું : હું પરમહંસ છું, એટલે મારા હાથથી ભોજન નહીં કરું, તમે મારા મુખમાં મૂકતાં જાઓ. ગોપીઓએ તેમને છપ્પનભોગની બધી સામગ્રી ખવડાવી. બધાં જ વાસણ ખાલી થઈ ગયાં.

આવો જ બીજો છપ્પનભોગ પરશુરામજીએ પ્રદ્યુમ્નજીનો કર્યો હતો. ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞાથી તેમના પુત્ર પ્રદ્યુમ્નજી દિગ્વિજય કરવા નીકળ્યા. તેઓ મહેન્દ્રાચલ પર્વત ઉપર પહોંચ્યા. ત્યાં પરશુરામજીનાં દર્શન થયાં. પરશુરામજીએ તેમને આશીર્વાદ આપ્યા અને છપ્પન સામગ્રીઓથી તેમનું આતિથ્ય કર્યું.

અન્ય પુરાણોમાં પણ છપ્પન પ્રકારના ભોગનો ઉલ્લેખ મળે છે.

શ્રીકૃષ્ણાવતારમાં શ્રીકૃષ્ણનું લગ્ન શ્રીરાધિકાજી સાથે થયું. ત્યારે બરસાના આવેલી જાનને લગ્ન પછી શ્રીવૃષભાનજીએ વરભોજન આપ્યું. તેમાં છપ્પન પ્રકારની સામગ્રીઓથી ભોજન કરાવવામાં આવ્યું. એ ભાવથી આજે પણ પુષ્ટિમાર્ગીય સેવા પ્રકારમાં છપ્પનભોગનો મનોરથ થાય છે.

**કુનવારો :**

નંદાલયમાં શ્રીનંદરાયજીએ શ્રીકૃષ્ણની સગાઈના પ્રસંગે વેવાઈપક્ષને અને સ્વજનોને ભોજન માટે નોતર્યા હતા. કુનવા એટલે કુટુંબ. કૌટુંબિક સ્વજનોને તેમણે ભોજન કરાવ્યું તે કુનવારાના નામથી પ્રસિદ્ધ છે. શ્રીગિરિરાજજી અને શ્રીયમુનાજીના કુનવારાના પણ ઘણા મનોરથો વર્ષભરમાં થતા રહે છે. શ્રીગિરિરાજજીના કુનવારાના મનોરથના દિવસે સવારે શ્રીગિરિરાજજીને ષોડશોપચારથી પૂજન કરાવવામાં આવે છે અને પછી સાંજે કુનવારાનો ભોગ આવે છે.

વ્રજમાં વ્રતનાં અનુષ્ઠાન, તહેવારો, ઉત્સવો અને મેળાઓની અધિકતા જોવા મળે છે. અહીં માટે એક કહેવત પ્રચલિત છે કે : સાત વાર અને નવ તહેવાર.

**વ્રજના તહેવારો અને વ્રતો :**

ચૈત્ર મહિનાની સુદ એકમથી અઢાર દિવસ સુધી અહીંની કુંવારી કન્યાઓ ગણગોરનું વ્રત કરે છે. નવવધૂઓ પણ શિવપાર્વતીના ચિત્રનું પૂજન કરે છે. તે ખૂબ ધામધૂમથી ઉજવાય છે. આઠમના દિવસે શીતળામાતાની પૂજા થાય છે. ચૈત્ર સુદ એકમથી રામનવમી સુધી દેવીપૂજનનો લોકોત્સવ થાય છે. ઘેર ભીંત લીંપીને તેના ઉપર કંકુ કે સિંદૂરથી દેવીનાં બે ત્રિશૂળ બનાવી, દેવીપૂજન થાય છે.

ચૈત્ર વદની આસપાસ ચાસચૌથ મનાવાય છે. લાકડાના પાટિયા ઉપર માટીના ગોળા બનાવી, ભૂખ, તરસ, નિદ્રા અને આશા નામની ચાર દેવીઓના ભાવથી તેમનું પૂજન થાય છે.

જેઠ મહિનામાં બડમાવસનો મુખ્ય તહેવાર મનાવાય છે. સૌભાગ્યવતી સ્ત્રીઓ કાચા સૂતરના દોરાથી થડને એકસો આઠ વખત સૂતર લપેટે છે. ઘરમાં પણ વડનું ચિત્ર ભીંત પર બનાવે છે, જે હળદર અને ચોખાથી બને છે. તેના પર ચંદનનો લેપ કરવામાં આવે છે.

શ્રાવણ મહિનામાં વ્રત, તહેવાર વધારે આવે છે. નાગપંચમીના દિવસે બારણાની બંને બાજુ ગોબરથી નાગ

બનાવાય છે. દહીં અને દૂધથી તેમનું પૂજન થાય છે. ક્યારેક સફેદ ભૂમિ ઉપર કાળા નાગ ચીતરવામાં આવે છે.

શ્રાવણ સુદ-૩ના રોજ હરિયાળી ત્રીજ મનાવાય છે. છોકરીઓ અને નવવધૂઓ મેંદીથી હાથ શણગારે છે અને નૃત્યગાન કરે છે.

રક્ષાબંધનના અવસરે સોનાપૂજનની પ્રથા છે. તે દિવસે બહેનો તેમના ભાઈને રક્ષા બાંધે છે.

ભાદરવા મહિનાની ત્રીજે બે પાટલા ઉપર બે તળાવ બનાવાય છે અને કંકુ ચોખાથી તેમની પૂજા થાય છે. જન્માષ્ટમીના દિવસે વિવિધ પ્રકારના હિંડોળા, પલનાં સજાવાય છે અને કલાત્મક ઝાંખીઓ તૈયાર થાય છે. વાઘબારસે સવત્સ ગાયની પૂજા થાય છે. પાટલા પર ગાયની પ્રતિમા બનાવી, કંકુ-ચોખાથી પણ તેનું પૂજન થાય છે. એવી જ રીતે આનંદચૌદશે પણ પૂજન થાય છે.

આસો સુદ એકમથી નોમ સુધી નવરાત્રિનો તહેવાર મનાવાય છે. તેને નોરતાં કહે છે. તે દિવસોમાં દેવીપૂજન થાય છે. દિવાળી ઉપર ગુફાની આકૃતિ બનાવવામાં આવે છે. તેની બે બાજુ માટીની સીડીઓ બનાવે છે. તેની ઉપર બંને બાજુ બબ્બે ભુજા અને નીચે બે પગ બનાવે છે. એક મહાદેવજીનું મુખ અને બીજુ પાર્વતીજીનું મુખ બનાવે છે. વેલ વગેરેની સુંદર આકૃતિ ચીતરાય છે. કન્યાઓ અને સ્ત્રીઓ વિધિપૂર્વક નોરતાંનાં ગીત ગાય છે. માટીની ગોરમા બનાવી, બનાવેલી ગુફામાં સ્થાપન કરે છે અને તેમનું પૂજન કરે છે.

શ્રાદ્ધપક્ષમાં સાંઝીનો તહેવાર મનાવાય છે. તે પણ દેવીપૂજનના ભાગરૂપ હોય છે. સાંજના સમયે પૂજન થતું હોવાથી તેને સાંઝી કહે છે. દિવાલ ગોબરથી લીંપીને અથવા જમીન ગોબરથી લીંપીને તેના ઉપર પાર્વતીનું રેખાચિત્ર દોરાય છે અને તે ચિત્રને ફૂલ, પત્તી, રંગ વગેરેથી શણગારાય છે. પછી તેમની પૂજા થાય છે. પૂજાનો ક્રમ પંદર દિવસ સુધી ચાલે છે.


કારતક મહિનામાં કરવાચોથનું વ્રત સૌભાગ્યવતી સ્ત્રીઓ મનાવે છે. આખો દિવસ વ્રત રાખી, રાત્રે ચંદ્રને અર્ધ્ય આપી, ભોજન કરે છે. દિવાળી પછી ભાઈબીજનો તહેવાર પણ ધૂમધામથી મનાવાય છે. કારતક સુદ આઠમને ગોપાષ્ટમીના દિવસે વિવિધ રંગોથી ગાયોને શણગારવામાં આવે છે. કારતક સુદ અગિયારસે દેવઊઠી એકાદશી મનાવાય છે. ઘરના આંગણામાં ખડીથી સુંદર મંડપચિત્ર દોરાય છે. રાત્રે જાગરણ થાય છે. મંડપચિત્રની ઉપર શેરડીના સાંઠાનો મંડપ બને છે. તેમાં પાટલા ઉપર દેવને પધરાવી, તેમને જગાવવાની ક્રિયા થાય છે. પછી આરતી અને પરિક્રમા થાય છે.


આ બધા ઉત્સવો કેવળ મનોરંજન માટે નથી, તેમાં ધર્મનું અનુષ્ઠાન પણ છે. તેથી તેમાં સાત્ત્વિકતા અને પવિત્રતા છે. આનંદ તો છે જ, પણ તે દુન્યવી ભોગનો નથી, ભક્તિનો છે. હજી ત્યાં આ ઉત્સવોની ઉજવણીમાં ધંધાદારી વિકૃતિ આવી નથી. ત્યાંના લોકો સ્વયંસ્ફૂરિત ઉત્સવો ઉજવતા હોવાથી તેમાંથી નિર્દોષ આનંદ ઉત્પન્ન થાય છે. જિંદગીનાં દુઃખો ઘડીભર ભૂલવાનું તે ઓસડ બને છે.

શ્રીવલ્લભસંપ્રદાયનું મુખ્ય કેન્દ્ર ગોકુળ અને ગિરિરાજ હતાં. શ્રીમહાપ્રભુજીએ અને શ્રીગુસાંઈજીએ સારસ્વત કલ્પની કૃષ્ણલીલા જ ત્યાં ફરી પ્રકટ કરી. ભગવાન શ્રીકૃષ્ણ જ શ્રીગોવર્ધનનાથજી સ્વરૂપે શ્રીગિરિરાજ ઉપર બિરાજ્યા અને શ્રીનવનીતપ્રિયજી આદિ અન્ય સ્વરૂપો ગોકુળમાં બિરાજ્યા. સેવા રીત પ્રીત વ્રજજનકી, જનહિત જગ પ્રગટાઈ. એ ન્યાયે ત્યારથી લઈને આજ સુધી પુષ્ટિમાર્ગીય મંદિરોમાં બારે માસ વ્રજ ભક્તોના ભાવના આનંદઉત્સવ થતા રહે છે. એ પરંપરા આજે પણ મથુરા, ગોકુળ, જતિપુરા, કામવન, વૃંદાવન વગેરે સ્થાનોનાં પુષ્ટિમાર્ગીય મંદિરોમાં ચાલુ છે. તેની અસર અન્ય દેવાલયો ઉપર પણ પડી છે. ત્યાં પણ આ પ્રકારના ઉત્સવો ઉજવાય છે. પરિણામે, વાર-તહેવારે યાત્રાળુઓની ભારે ભીડ વ્રજમાં જોવા મળે છે.

વૃંદાવનમાં તો ઘેર ઘેર મંદિર છે. હરેકૃષ્ણવાળા વિદેશી કૃષ્ણભક્તોએ ત્યાં ઈસ્કોનનું મોટું મંદિર બનાવ્યું છે. વૃંદાવનમાં નામ સંકીર્તનની રમઝટનો વિશેષ આનંદ બારેય માસ છે. આ લોકોત્સવો તે પ્રદેશના લોકમાનસનો સુપેરે પરિચય કરાવે છે. સાથે સાથે ''ઉત્સવપ્રિયાઃ ખલુ માનવાઃ'' અર્થાત્ મનુષ્યો ખરેખર જ ઉત્સવપ્રિય છે, એ ઉક્તિને યથાર્થ કરે છે.

# પ્રકરણ : ૭






थापे



## વ્રજનો કલા વૈભવ

શ્રીકૃષ્ણને શ્રીમહાપ્રભુજીએ સકલ કહ્યા છે. સકલ એટલે સર્વ કલાઓથી પરિપૂર્ણ, સર્વ કલાઓના નિધિ. આવા શ્રીકૃષ્ણ ભલે વ્રજમાં અગિયાર વર્ષ બિરાજયા અને ચૌદ વર્ષ મથુરામાં બિરાજયા, પરંતુ પચીસ વર્ષના ટૂંકાગાળામાં એમણે વ્રજને સર્વ કલાઓની ભેટ આપી દીધી. આ કલાઓની એવી ભેટ આપી કે સમગ્ર ભારતમાં એકપણ કલાવિદ્યા આજે એવી નથી, જે વ્રજના કલાવૈભવની અસરથી બાકાત રહી હોય! ભારતના ઈતિહાસમાં જાટ, મરાઠાઓનો યુગ હોય કે મુગલકાળ હોય, શકકુશાણ યુગ હોય કે નાગવંશ અથવા ગુપ્તવંશનો સમય હોય, બૌદ્ધકાળ હોય કે જૈનકાળ હોય, મહાભારતનો યુગ હોય કે રામાયણનો, વ્રજનાં રૂપરસની, દર્શન અને શાસ્ત્રની, સાહિત્ય અને કલાવૈભવની, સંસ્કૃતિ અને સભ્યતાની લૌકિક અને લોકોત્તર જીવનપદ્ધતિની એવી અમીટ કહાની ભારતના ઈતિહાસમાં લખાઈ ગઈ છે, જે સુવર્ણાક્ષર છે.

વ્રજમાં કયાંક પથ્થરોમાં કોતરાયેલી, તો કયાંક વિવિધ રંગોના સંયોજનથી ભીંતો પર દોરાયેલી ચિત્રકલા જોવા મળે છે. વ્રજમાં સંગીતકલા પણ સંગીતની સ્વરલહરીઓથી ઝંકૃત થતી, ઢાલ, ડફ, મૃદંગ, વાંસળી, સારંગી અને નગારાઓના સ્વરોમાં વહેતી તથા નૂપુરોના ઝંકાર સાથે લય સાધતી જોવા મળે છે. એની નૃત્યની મુદ્રાઓ પણ અનોખી છે. વ્રજમાં મોટા મોટા કિલ્લાઓ અને નાની નાની ગઢીઓ, રાજાઓ અને શ્રીમંતોના કલાવૈભવ ખચિત મહેલો, સંતો અને સાધકોની પર્ણકુટિઓ, જૈનો અને બૌદ્ધોના વિહાર અને સ્તૂપો વ્રજના કલાવૈભવની મધુર ગાથા ગાય છે. વ્રજમાં મુખ્યત્વે સ્થાપત્યકલા, મૂર્તિકલા, ચિત્રકલા, સજાવટની કલા, સંગીતકલા, નૃત્યકલા અને પાકકલા જોવા મળે છે.

**(૧) મૂર્તિકલા :**

વ્રજ તો રાધાકૃષ્ણનું ધામ છે, એટલે વ્રજમાં રાધાકૃષ્ણનાં મંદિરો અને મૂર્તિઓ સૌથી વધારે હોય એમાં નવાઈ નથી. પરંતુ કૃષ્ણભક્ત મહાદેવજીનાં મંદિરો અને મૂર્તિઓની પણ વ્રજમાં કમી નથી. અહીંનાં શિવમંદિરો કેવળ આરાધના માટેનાં સ્થાનો જ નથી, મૂર્તિકલા અને શિલ્પસૌષ્ઠવનું અનોખું ઉદાહરણ પણ છે. મથુરામાં ભૂતેશ્વર, રંગેશ્વર, વૃંદાવનમાં ગોપેશ્વર, કામવનમાં કામેશ્વર, ગોવર્ધનમાં કમલેશ્વર, નંદગામમાં નંદેશ્વર મહાદેવનાં મંદિરો આ વાતની સાક્ષી પૂરે છે.

વ્રજ, વૃંદાવનમાં ઘેર ઘેર તુલસીઠાકુર પુજાય છે, તો સાથે દેવીદુર્ગાની આરાધના પણ ઓછી નથી. રાજરાજેશ્વરી શ્રીરાધારાણીને પણ અહીંના લોકો દેવી સ્વરૂપે માને છે. ભગવાન શ્રીકૃષ્ણની સાથે પ્રકટ થયેલ મહામાયા જ વિંધ્યવાસિની બનીને વિંધ્યાચળમાં બેઠાં છે. ભારતનાં બધાં શકિતપીઠોમાં એમનું આરાધન થાય છે. વ્રજમાં દેવીઓનાં અનેક મંદિરો છે. જેમાં સુરભિ, રોહિણી, રેવતી, ગૌરી, ચંદ્રાવલી, ચંદ્રભાગા, લલિતા વગેરે મુખ્ય છે. અડીંગમાં કુળદેવી મુખરાઈ, શ્રીગિરિરાજજી પાસે મનસાદેવી, આદિકેદારમાં ગૌરીમાયા, કામવનમાં વિમલા, મનસા અને વૃંદા, બરસાનામાં રાધારાણી, નૌવારી, ચૌબારી, સંકેતમાં સંકેતદેવી, અને લોહવનમાં આનંદીબેદી દેવીનાં મંદિરો આવેલાં છે. તેમાં મથુરાની મહાવિંધ્યાદેવી અને બરસાનાની રાધારાણીનું મંદિર કલા અને સ્થાપત્યની દૃષ્ટિએ વિશેષ દર્શનીય છે.

વ્રજમાં અન્ય દેવ-દેવતાઓની મૂર્તિઓ પણ મળી આવે છે. અતિ પ્રાચીન સમયથી વ્રજ મૂર્તિકલા માટે વિખ્યાત રહ્યું છે. તેમાં ઇ.સ.પૂર્વેનાં વર્ષોની બ્રહ્મા, શિવ, વિષ્ણુ, કૃષ્ણ-બલરામ, કાર્તિકેય, ગણેશ, ઇંદ્ર, અગ્નિ, નવગ્રહ, સૂર્ય, કામદેવ, હનુમાન વગેરે દેવોની તથા અનેક દેવીઓની મૂર્તિઓ મળે છે. કેટલીક પથ્થરમાં કંડારાયેલી છે. તો કેટલીક માટીમાં બનેલી છે. આ ઉપરાંત જૈનોના તીર્થંકરોની અને તેમની દેવીઓની મૂર્તિઓ પણ મળે છે. બુદ્ધની પણ અનેક પ્રતિમાઓ વિવિધ મુદ્રાઓમાં અહીં પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત યક્ષ, કિન્નર, ગંધર્વ, અપ્સરાઓ વગેરેની પણ અનેક મૂર્તિઓ મળી છે. પુરુષ અને સર્પ - બંને રૂપે નાગની મૂર્તિઓ પણ અહીંથી પ્રાપ્ત થઇ છે. શકકુશાણ રાજાઓની મૂર્તિઓ પણ જમીનમાંથી મળી આવેલી છે.

**(૨) સ્થાપત્યકલા :**

વ્રજનાં વિશિષ્ટ સ્થાપત્યોમાં મંદિરો પહેલા નંબરે છે. વ્રજમાં સૌથી પ્રાચીન ચાર મંદિરો છે. મથુરામાં કેશવદેવજીનું મંદિર, વૃંદાવનમાં ગોવિંદદેવજીનું મંદિર, ગોવર્ધનમાં

હરિદેવજીનું મંદિર અને દાઉજીમાં બલદેવજીનું મંદિર અત્યંત પ્રાચીન છે. એમ કહેવાય છે કે શ્રીકૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્ને મથુરાની કુબ્જાની દેખરેખમાં આ ચારેય મંદિરો અને તેની મૂર્તિઓનું નિર્માણ કરાવ્યું હતું. વ્રજનાં મંદિરોમાં સૌથી વધુ પ્રસિદ્ધ વૃંદાવનનાં મંદિરો છે. વૃંદાવનનાં મંદિરો વિશ્વવિખ્યાત છે. એમ કહી શકાય કે વ્રજ સ્વયં એક મંદિર છે. સ્થાપત્યની દૃષ્ટિએ દર્શનીય મંદિરોમાં મથુરાનું શ્રીદ્વારકાધીશનું મંદિર અને શ્રીગોવર્ધનનાથજીનું મંદિર, કૃષ્ણજન્મભૂમિના સ્થાને બનેલું કૃષ્ણમંદિર, બરસાનામાં શ્રીરાધિકાજીનું મંદિર, કામવનમાં પંચમપીઠ અને સપ્તમપીઠનાં મંદિરો, ગોકુળમાં ચતુર્થપીઠ અને શ્રીરાજા ઠાકુરનું મંદિર અદ્ભુત સ્થાપત્ય શૈલીના નમૂનાઓ છે.

વૃંદાવનમાં ઇ.સ. ૧૫૮૦માં બનેલું દક્ષિણ ભારતની સુપ્રસિદ્ધ શ્રીરંગમ્ શૈલીનું શ્રીરંગજીનું મંદિર ઉત્તર ભારતનાં સર્વશ્રેષ્ઠ મંદિરોમાંનું એક છે. સ્થાપત્યકલાની દૃષ્ટિએ શાહજીનું મંદિર મહત્ત્વપૂર્ણ છે. સંપૂર્ણ આરસના બનેલા આ મંદિરના સ્તંભો એક જ શિલાખંડમાંથી બનેલા છે. આ શિલાખંડોમાંથી બનેલા સ્તંભો જાણે આમળા ચઢાવેલી વેલ ન હોય, એવા અદ્ભુત છે! તે જોવા માટે વિશ્વભરના કલાપારખુઓ આવે છે. સ્થાપત્યકલાની દૃષ્ટિએ વ્રજનું ત્રીજું મહત્ત્વપૂર્ણ મંદિર ઇ.સ. ૧૫૯૦માં બનેલું ગોવિંદદેવજીનું મંદિર છે. પહેલાં તે સાત મજલાનું હતું, આજે તે ત્રણ મજલાનું રહ્યું છે. એવું જ ચોથું મંદિર લાલાબાબુનું મંદિર છે. તેનાં શિખરોનું સ્થાપત્ય અદ્ભુત છે. એવું જ એક બીજું બ્રહ્મચારીજીનું મંદિર છે, જે રાજસ્થાની શૈલીમાં બન્યું છે. તે દુર્ગશૈલીનું મંદિર છે. લાલાબાબુનું મંદિર ઓરિસ્સાની શૈલીમાં બનેલું છે. આમ, અહીંની મંદિરકલામાં ભારતની વિવિધ સ્થાપત્ય શૈલીઓનું દર્શન જોવા મળે છે.

વ્રજનાં અન્ય સ્થાપત્યોમાં કુંડો, સરોવરો, કિલ્લાઓ, મહેલો અને છત્રીઓનો સમાવેશ થાય છે. ચંદ્ર સરોવર, પ્રેમસરોવર, ઉદ્ધવકુંડ, કિલ્લોલકુંડ, અપ્સરાકુંડની સ્થાપત્ય શૈલી અતિ દર્શનીય છે. કુસુમ સરોવર પરની છત્રી દર્શકોનાં મન મોહી લે છે. નાની મોટી અનેક છત્રીઓ વ્રજમાં ઠેર ઠેર છે. દિગનો રાજમહેલ અને કિલ્લો વિદેશી પર્યટકોને પણ આશ્ચર્યચકિત કરે છે. કામવનની પહાડી ઉપર પણ એવો જ કિલ્લો આવેલો છે.

### (૩) ચિત્રકલા :

વ્રજમાં ચિત્રકલા બે સ્વરૂપે દેખાય છે. (૧) પથ્થરમાં કોતરાયેલાં ચિત્રો (૨) વિવિધ રંગોથી ભીંતો ઉપર દોરેલાં ચિત્રો.

મંદિરોના બહારના ભાગમાં પથ્થરોમાંથી કંડારાયેલાં ચિત્રોનું શિલ્પ અદ્ભુત છે. નાનામાં નાની પ્રતિમા પણ ઉત્તમ શિલ્પનો નમૂનો છે. ભીંત ઉપર પણ પ્રાચીનકાળથી વિવિધ રંગો દ્વારા ચિત્રો દોરાતાં આવ્યાં છે. ઘરના દ્વાર પાસેની દિવાલો ઉપર પણ આવાં ચિત્રો જોવા મળે છે. તેમાં હાથી,ઘોડા, દ્વારપાળ, ગાયો, ફૂલના વેલબુટ્ટાની ડિઝાઇન વગેરે મુખ્ય હોય છે.

પુષ્ટિમાર્ગે પણ વ્રજની ચિત્રકલાના વિકાસમાં ઘણો મોટો ફાળો આપ્યો છે. પુષ્ટિમાર્ગીય મંદિરોમાં શ્રીઠાકોરજીના સિંહાસન પાછળ જે પિછવાઇઓ રાખવામાં આવે છે, તે પિછવાઇઓ વસ્ત્રો પર દોરાયેલાં અદ્ભુત ચિત્રોના નમૂના છે, જેમાં ચિત્રકારોએ પૂરું દિલ રેડી, વિશાળ વસ્ત્રફલક ઉપર વિવિધ રંગોથી કૃષ્ણલીલાનાં નયનરમ્ય ચિત્રો બનાવેલાં હોય છે. તેમાં મુખ્યત્વે અન્નકૂટ, ગોવર્ધનધારણ, ગાયો ચરાવતા કૃષ્ણ, ફૂલડોલ, ઉષ્ણકાળના બંગલા, ઝૂલાઓ અને હિંડોળા, જન્માષ્ટમી, દાનલીલા, સાંઝીલીલા અને રાસલીલા મુખ્ય હોય છે.

આ ચિત્રકારોએ હસ્તલિખિત પુસ્તકનાં પાને પાને પણ તે વિષયને અનુરૂપ ચિત્રો બનાવેલાં જોવા મળે છે. સચિત્ર ભાગવત, સચિત્ર ગીતગોવિંદ, સચિત્ર વાર્તાસાહિત્ય એના ઉત્તમ નમૂનાઓ છે, જે કાગળ ઉપર દોરાયેલાં છે. અહીં લખાયેલાં હસ્તલિખિત પુસ્તકો પણ લેખનકલાના ઉત્તમ નમૂનાઓ છે.

અહીં સાંઝીના દિવસોમાં (શ્રાદ્ધ પક્ષમાં) પંદર દિવસ સુધી નવયુવતીઓ ઘર આંગણે દિવાલ ઉપર કે જમીન ઉપર ગોબર કે માટીનું લીંપણ કરી, વિવિધ રંગો, ફૂલો વગેરેથી જુદાં જુદાં ચિત્રો દોરે છે અને તેને સજાવે છે.

પુષ્ટિમાર્ગીય મંદિરોમાં આ દિવસોમાં વિવિધ રંગોની

કલાત્મક સાંઝી મોટા ચોરસ પાટ ઉપર ચિત્રોમાં બીબાંઓની મદદથી પાડવામાં આવે છે. સાંઝી માટેનાં આ બીબાંઓ પણ અહીંના ચિત્રકાર - કારીગરોની મોટી દેન છે. આ બીબાંઓની મદદથી બનતાં રંગચિત્રો દર્શન કરનારને આશ્ચર્યમુગ્ધ કરે છે.

**(૪) સજાવટની કલા :**

અહીં વિવિધ ઉત્સવો વર્ષભર ઉજવાતા રહે છે. તેને લઇને ઉત્સવને અનુરૂપ સજાવટો અહીંનાં મંદિરોમાં થતી રહે છે. તેમાં ફૂલબંગલા, નાવ, હિંડોળા, અને ફૂલડોલ મુખ્ય છે. અહીંના કારીગરો વિશાળ ફલક ઉપર લાકડાની પટ્ટીઓની મદદથી બે મજલાના અને ત્રણ મજલાના બંગલા બનાવે છે. તેમાં છજાં, ઝરુખા, બારી, ઓસરી વગેરે કલાત્મક રીતે બનાવે છે. આ બંગલાઓને વિવિધ પ્રકારનાં ફૂલ-પાનથી કલાત્મક રીતે સજાવે છે. દર્શન કરતાં એમ લાગે કે ફૂલના બંગલા છે! કેટલાક કલાકારો ફૂલપાનની જગ્યાએ કેળનો ઉપયોગ કરે છે. કેળનાં પત્તાં અને થડમાંથી સુંદર કલાત્મક આકારો બનાવી, આ બંગલાઓ સજાવે છે. ફૂલબંગલાઓની કારીગરી બહુ જ વખણાય છે. આ કલાકારો ફૂલની પિછવાઈઓ પણ બનાવે છે. શ્રીઠાકોરજીના ફૂલના શૃંગાર બનાવે છે. ફૂલથી પલનાં અને હિંડોળા પણ સજાવે છે. હિંડોળાની સજાવટ ફૂલ સિવાય પણ વિશિષ્ટ રીતે થાય છે. તેમાં વસ્ત્રો વગેરેનો ઉપયોગ થાય છે. શાકભાજી અને ફળફૂલનો પણ ઉપયોગ થાય છે. પુષ્ટિમાર્ગીય મંદિરોમાં ઋતુ અનુસાર વિવિધ મનોરથો થાય છે. અધિક માસમાં તો પૂરો મહિનો વર્ષભરના મનોરથો થાય છે. આ મનોરથોની પણ અદ્ભુત સજાવટ કરવામાં આવે છે. આ મનોરથોની સજાવટમાં ભાવાત્મકતાની સાથે કલાત્મકતાનો પણ સમન્વય હોય છે.

**(૫) સંગીતકલા :**

વ્રજમાં ધ્રુપદ ધમાર ગાયકીનો ચરમ વિકાસ થયો છે. વ્રજની આ શાસ્ત્રીય ગાયનકલાને ધ્રુવપદના નામે ઓળખવામાં આવે છે. ધ્રુવપદ ગાયનશૈલીમાં શરૂઆતમાં રાગનો આલાપ લેવામાં આવે છે. ત્યારબાદ સ્થાયી, અંતરા, સંચારી અને આભોગ - એ ચાર ખંડો અનુસાર સ્વર વિસ્તાર કરવામાં આવે છે. તેમાં લય, તાલ પણ મહત્ત્વનાં હોય છે. આ ધ્રુવપદ શૈલીને એક બાજુએ રાજયાશ્રય મળ્યો હતો, તો બીજી બાજુએ ધર્માશ્રય પણ મળ્યો હતો. શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીએ, વૃંદાવનના સ્વામી હરિદાસજી અને હિત હરિવંશજીએ આ ધ્રુવપદ શૈલીને શ્રીઠાકોરજી સામેના કીર્તનગાનમાં યોજી હતી. શ્રીગુસાંઈજીએ આઠ કીર્તનકારોને અષ્ટછાપ મંડળનું નામ આપી, શ્રીનાથજીની કીર્તનસેવા સોંપી હતી. સં. ૧૬૦૨ પછી પુષ્ટિમાર્ગીય મંદિરોમાં ગવાતી આ કીર્તનશૈલીનો ઉત્તરોત્તર વિકાસ થયો. વીસમી સદીમાં તે હવેલીસંગીતના નામે ઓળખાવા લાગી. તેમાં નિત્યનાં અને વર્ષોત્સવના કીર્તનો ઋતુઅનુસાર અને દિવસરાતના જુદા જુદા સમય અનુસાર, વિવિધ રાગોમાં ગાવામાં આવે છે. પુષ્ટિમાર્ગીય સંગીત પરંપરાનાં આજે મુખ્ય બે કેન્દ્ર વ્રજ અને નાથદ્વારા છે. વ્રજમાં મુખ્યત્વે મથુરા, ગોકુળ, જતિપુરા, અને કામવનમાં આ પરંપરા સચવાઈ છે. તો નાથદ્વારા અને કાંકરોલીમાં પણ આ જ પરંપરા સચવાઈ છે. આ હવેલીસંગીતની શૈલી જ્યાં જ્યાં પુષ્ટિમાર્ગીય હવેલીઓ છે, ત્યાં ત્યાં વત્તા ઓછા પ્રમાણમાં ઉપયોગમાં લેવાય છે.

વ્રજમાં શાસ્ત્રીય સંગીત ઉપરાંત લોકસંગીતની પણ આગવી પરંપરા છે. તેમાં રસિયા, ખ્યાલ, ઠુમરી, જેવી શૈલીઓ વિશેષ પ્રચલિત છે. વિવિધ પ્રસંગોએ પુરુષો અને સ્ત્રીઓ લોકગીતો મન મૂકીને ગાય છે.

**(૬) નૃત્યકલા :**

સંગીતની સાથે નૃત્ય પણ જોડાયેલું છે. શ્રીકૃષ્ણે રાસલીલાની કલા જગતને શીખવી, અહીં સોળમી સદીથી નૃત્યમાં રાસનું આયોજન કરવાની પરંપરા શરૂ થઇ છે. શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી કરહલા ગામના ઘમંડદેવજીએ આ પરંપરાને સુનિશ્ચિત કરી. તેમાં પાછળથી શ્રીનારાયણસ્વામીએ ઘણું યોગદાન આપ્યું. રાસલીલાનું લોકનાટ્ય અને લોકનૃત્ય આજે વિશ્વમાં વિખ્યાત છે. તેનો મૂળ વિકાસ બરસાના પાસે કરહલા ગામમાં થયો હતો. ત્યાં અનેક રાસમંડળીઓ બની. અને રાસલીલા માત્ર વ્રજમાં જ નહિ, પૂરા વિશ્વ સુધી પહોંચી. આજે કરહલાની રાસલીલાની કલા લગભગ લુપ્ત થવા લાગી

છે, ત્યારે વૃંદાવનમાં આ કલા સચવાઈ રહી છે.

રાસધારીઓની એક મંડળી બને છે. તેમાં એક મુખ્ય નાયક હોય છે. તે ગાયન-વાદનમાં પ્રવીણ હોય છે. ચૌદ પંદર વર્ષની વધુમાં વધુ ઉંમરનાં વ્રજવાસી બાળકો કૃષ્ણ, રાધા, ગોપ, ગોપી, વગેરે બને છે. તેમને નૃત્ય અને ગાનની તાલીમ આપવામાં આવે છે. તેઓ કૃષ્ણની વિધ લીલાઓના રાસ ભજવે છે.

આ રાસ બે પ્રકારના હોય છે. નિત્યરાસ અને કોઈ વિશિષ્ટ લીલાનો રાસ. શરૂઆતમાં નિત્યરાસ થાય છે, પછી યુગલસ્વરૂપની આરતી થાય. ત્યારબાદ વિશિષ્ટ લીલાનો રાસ થાય. રાસમાં પદગાન મુખ્ય હોય છે. આ પદગાનમાં વ્રજભાષાના ભક્ત કવિઓનાં પદો ધ્રુપદ-ધમાર શૈલીમાં ગવાય છે.

આજે આ રાસકલાનું મૂળ સ્વરૂપ ઘણું બદલાઈ ગયું છે. પહેલાં તે ભગવલ્લીલાનાં ચિંતન, દર્શન માટે થતી, આજે તેનો હેતુ જનમનરંજનનો બની ગયો છે.

નવરાત્રિના દિવસોમાં વ્રજના ગામડે ગામડે રામલીલા પણ થાય છે. તેમાં પણ નૃત્ય અને સંગીતની બોલબાલા હોય છે.

હોળીના દિવસોમાં પણ સ્ત્રીઓ અને પુરુષો મસ્ત બનીને ડફ, ઢોલ અને નગારાના તાલે સમૂહમાં નૃત્ય કરતાં, ગાયન-વાદન કરે છે.

**(૭) પાકકલા :**

વ્રજની દૂધની મીઠાઈઓ ભારતભરમાં પ્રખ્યાત છે. વિદેશોમાં પણ તે પહોંચવા લાગી છે. મથુરાના પેંડા, બીજે કયાંય બનતા નથી. મેવાબાટી, માવાનાં ઠોર, બરફી, સકરકંદ, ગુલાબજાંબુ, જલેબી, ખૂરચન, રાજભોગ વગેરે મીઠાઈઓ સ્વાદથી અને નામથી અદ્વિતીય રહી છે. પુષ્ટિમાર્ગીય મંદિરોએ પાકકલામાં ઘણું મોટું યોગદાન આપ્યું છે. દૂધઘર, અનસખડી, અને સખડી એમ ત્રિવિધ પ્રકારે સામગ્રીઓનું વર્ગીકરણ પુષ્ટિમાર્ગીય સેવાપ્રકારમાં થયું છે. ત્યાં બનતી અનસખડીની અનેક સામગ્રીઓ એવી છે કે જે બીજે કયાંય બનતી નથી કે જોવા મળતી નથી. જેમ કે માખણવડાં, વિવિધ પ્રકારનાં ગુંજાં, ચંદ્રકળા, ફેણી, કપૂરનાડી, મનોહર, મનમનોહર, બાબર અને ઘેબર, વિવિધ પ્રકારના મોહનથાળ, તવાપૂરી, ખરમંડા, ઇંદ્રસા, મુખવિલાસ, મદનદીપક, માંડા અને ખાંડા, અમૃતરસાવલી વગેરે મુખ્ય છે. ખાસાપૂરી, સાદી પૂરી, જીરાપૂરી, મેંદાપૂરી, ખરખરી વગેરે અનેક જાતની પૂરીઓ, વિવિધ પ્રકારની રોટલીઓ, ઉપરાંત નમકીનવાળી અનેક સામગ્રીઓ બને છે. આ બધી સામગ્રીઓ વ્રજની ભારતીય પાકકલાને દેન છે.

**(૮) મલ્લવિદ્યા :**

શ્રીકૃષ્ણના સમયથી વ્રજમાં મલ્લવિદ્યા અને દ્વંદ્વયુદ્ધ પણ પ્રચલિત છે. તેની શાસ્ત્રીય તાલીમ આપતા અખાડાઓ અને વિદ્યાગુરુઓ આજે પણ મથુરા વગેરે સ્થળોએ વિદ્યમાન છે. એમ કહી શકાય કે મલ્લવિદ્યાનો વિકાસ શ્રીકૃષ્ણ અને શ્રીબલરામજી દ્વારા જ થયો છે. અહીં મનુષ્ય-મનુષ્ય વચ્ચેનાં દ્વંદ્વયુદ્ધ ઉપરાંત હાથી અને મનુષ્ય, સિંહ અને મનુષ્ય, પાડા અને મનુષ્ય વચ્ચે પણ દ્વંદ્વયુદ્ધો થતાં હતાં. સાઈઠ વર્ષ પહેલાં વ્રજના મલ્લ આખા ભારતમાં અજેય મનાતા હતા. મથુરામાં આવેલો ભૂતેશ્વરનો અખાડો સૌથી પ્રાચીન મનાય છે. ઘણા નામી પહેલવાનો વ્રજે આપ્યા છે. આ અખાડાઓમાં ધર્મનો કોઈ જ ભેદભાવ રખાતો નથી. ત્યાં જેવી હિંદુ-મુસ્લિમ એકતા છે, એવી બીજે કયાંય નથી.

**(૯) સાહિત્યકલા :**

વ્રજમાં લોકસાહિત્ય અને શિષ્ટ સાહિત્યના વિપુલ ભંડાર છે.

સૂરદાસ આદિ અષ્ટછાપ કવિઓ ઉપરાંત અનેક કૃષ્ણભક્ત કવિઓ દ્વારા રચાયેલ વિપુલ અને સમૃદ્ધ પદ્યસાહિત્ય અપૂર્વ છે. તેમાંનું કેટલુંક તો વિશ્વસાહિત્ય કક્ષાનું છે.

શ્રીગોકુલનાથજીએ વ્રજભાષાના ગદ્યને શિષ્ટ સાહિત્યનો દરજ્જો અપાવી, ઘણું ગદ્ય સાહિત્ય આપ્યું છે.

પદ્યસાહિત્યના વિવિધ પ્રકારોની ઉત્તમ કૃતિઓ વ્રજભાષાના સાહિત્યમાં મળી આવે છે.

લોકસાહિત્યમાં જનસામાન્યના મનોભાવોનું સુંદર શબ્દચિત્રણ મળે છે. તે તેના મૂળ રૂપમાં સચવાયું છે.

**પ્રકરણ : ૮**



# વ્રજની ભાષા અને સાહિત્ય

વ્રજપ્રદેશમાં બોલાતી ભાષા પ્રદેશના નામ પરથી વ્રજભાષા તરીકે જાણીતી છે. વ્રજભાષાના એક ઉત્તમ કવિ શ્રી ગોપાલદાસ વ્યાસે વ્રજભાષાને ગોપીજનોના અધરોની ભાષા કહી છે. તેમની વ્રજભાષા પ્રશસ્તિ જાણવા અને માણવા જેવી છે.

*યે અનુરાગ કે રંગ રંગી,*
*રસખાન ખરી, રસખાન કી ભાષા ।*
*યામેં ઘુરી મિસુરી મધુરી,*
*યહ ગોપિન કે અધરન કી ભાષા ।*
*કો સરિ યાકી કરેં કવિ વ્યાસ,*
*યે ભાવ ભરે અખરાન કી ભાષા ।*
*બોરતિ ભક્તિ નિચોરતિ જ્ઞાનહિ,*
*ગોવિંદ કે ગુનગાન કી ભાષા ।*
*સૂર કહી, તુલસી નૈં લહી, પ્રભુ-*
*પાંયન સોં પરસી બ્રજભાષા ।*
*દેવ બિહારી કરી ઉર ધારન,*
*મોતિન કી લર-સી બ્રજભાષા ।*
*ભૂષન પાએ ભવાની ભાઈ, કવિ-*
*વ્યાસ હિયે હરષી બ્રજભાષા ।*
*મતિરામ કે માનસ તેં ઉમડી,*
*ઘન આનંદ વ્હૈ બરસી બ્રજભાષા ।*

●

*જસુધા કૌ લોરી ગાય, પાલનૌ સિખાયૌ તૈનૈં,*
*ગોપી-ગ્વાલ-બાલન ઠિઠોલિબૌ ખિલાયૌ હૈ ।*
*રાધિકા કૌ માન, મનુહાર, અભિસાર ઔર*
*બાંસુરી કૌ વ્યાસ રસ ઘોલિબૌ સિખાયૌ હૈ ।*

સમજુબા પટેલ (અમેરિકા નિવાસી)ના સદૈન્ય જયશ્રીકૃષ્ણ

*સાહિલ કૌં રસ, રીતિ, શબ્દ, અર્થ, અલંકાર,*
*લલિત કલાન દ્વાર ખાલિબૌ સિખાયૌ હૈ ।*
*ધન્ય બ્રજબાની, તેરી અકથ કહાની, તૈનૈં,*
*બાની કે બિધાતા હૂ કૌં બોલિબૌ સિખાયૌ હૈ ।*

કોઈપણ સાહિત્યિક ભાષા એકાએક પોતાનું નિશ્ચિત સ્વરૂપ ધારણ કરતી નથી. તેનો વિકાસ તે પ્રદેશમાં બોલાતી કોઈને કોઈ લોકબોલીમાંથી થયો હોય છે. તે લોકબોલી સાહિત્યકારની કલમની તાકાતથી ધીમે ધીમે સાહિત્યિક ભાષાનું સ્વરૂપ લે છે. સમયના પ્રવાહ સાથે આગળ વધતી એ લોકબોલી તેનું પોતાનું રૂપ બદલે છે. આ વાત વ્રજભાષાના ઉદ્‌ગમ અને વિકાસને પણ લાગુ પડે છે.

જયારે આપણે વ્રજભાષા શબ્દનો પ્રયોગ કરીએ છીએ ત્યારે તેનો અર્થ એ છે કે વ્રજમાં બોલાતી ભાષા અથવા બોલી એટલે વ્રજભાષા. ઈતિહાસ બતાવે છે કે આ પ્રદેશ પ્રાચીન સમયમાં શૂરસેન જિલ્લા તરીકે ઘણું મહત્ત્વ ધરાવતો હતો. તેની રાજધારી મથુરા હતી. ત્યાં સંસ્કૃતમાંથી ઉતરી આવેલી શૌરસેની પ્રાકૃત લોકબોલી ભાષા તરીકે વપરાતી હતી. ધીમે ધીમે આ મથુરામંડળ અથવા વ્રજમંડળની સંસ્કૃતિ અને ભાષા આજુબાજુના પ્રદેશોમાં ફેલાવા લાગ્યાં. તે સમગ્ર પ્રદેશ વ્રજપ્રદેશ તરીકે ઓળખાવા લાગ્યો. આજે આ વ્રજભાષા મથુરા જિલ્લા ઉપરાંત ગ્વાલિયર, ભરતપુર, બૈસવાડા, ભદાવર, અંતર્વેદ અને બુંદેલખંડ જિલ્લાઓમાં પણ બોલાય છે. વ્રજભાષાની લોકબોલીનો વિચાર તેના વિશુદ્ધ રૂપથી કરવામાં આવે તો તે ધૌલપુર, આગ્રા, મથુરા અને અલીગઢ જિલ્લાઓમાં વિશેષ કરીને બોલાય છે.

આજે વ્રજભાષા બે સ્વરૂપમાં પ્રાપ્ત થાય છે. (૧) લોકબોલી (૨) સાહિત્યિક ભાષા. લોકબોલી તરીકે ઉપર જોયું તે પ્રમાણે તે તે જિલ્લાઓમાં લોકોના રોજિંદા વ્યવહારમાં તે વપરાય છે. તેમાં ઘણું લોકસાહિત્ય પણ રચાયેલું છે. જે પરંપરાથી કર્ણોપકર્ણ ગવાતું આવ્યું છે. તેમાં ગદ્યરચનાઓ નથી. બાર ગાઉએ બોલી બદલાય એ કહેવત પ્રમાણે આ બધા જિલ્લાઓમાં બોલાતી વ્રજભાષાની બોલીમાં થોડું થોડું અંતર જોવા મળે છે.

સાહિત્યિક વ્રજભાષાનો ઉત્તમોત્તમ કાવ્યગ્રંથ સૂરદાસજીના સૂરસાગરને ગણવામાં આવે છે. વ્રજભાષા-સાહિત્યની તે સુપ્રસિદ્ધ મૌલિક કૃતિ છે. વ્રજભાષામાં સૌથી પહેલી આ સાહિત્યિક રચના એવી ઉત્તમ બની કે જેથી તેના સાહિત્યિક સ્વરૂપના વિકાસમાં કોઇ ખામી રહી નહીં, એ જ રીતે સાહિત્યિક વ્રજભાષામાં ગદ્ય સાહિત્યની શરૂઆત સૂરદાસજીના ઉત્તરકાલિન શ્રીગોકુલનાથજીની ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓથી થઇ છે.

વ્રજભાષાના ઉદ્‌ભવ અને વિકાસનો વિચાર કરીએ તો ભારતવર્ષમાં સૌથી પ્રાચીન આર્યલોકની ભાષા વૈદિક સંસ્કૃત હતી. તેમાંથી શિષ્ટ સંસ્કૃત બની. બૌદ્ધ અને જૈનકાળમાં પ્રાકૃત ભાષાઓ સંસ્કૃતમાંથી વ્યુત્પન્ન થઇ. તેમાં પાલી, શૌરસેની મુખ્ય હતી. ઈ.સ.પૂર્વે ૨૦૦થી ઈ.સ. ૨૦૦ સુધીમાં પ્રાકૃત ભાષા પાલીનો સાહિત્યિક ભાષા તરીકે વિકાસ થયો. તે સમયમાં શૂરસેનપ્રદેશ મધ્યપ્રદેશ તરીકે ઓળખાતો હતો. આ મધ્યપ્રદેશની લોકબોલી પર આધારિત પાલીભાષા હતી. સંસ્કૃત નાટકોમાં ગામડાંના પાત્રોની ભાષાના રૂપમાં પ્રાકૃત ભાષાનો પ્રયોગ જોવા મળે છે.

સંસ્કૃત વ્યાકરણકારોએ જે મુખ્ય પ્રાકૃત ભાષાઓનો ઉલ્લેખ કર્યો છે, તેમાં શૌરસેની અને મહારાષ્ટ્રી મુખ્ય છે. પાલીમાંથી શૌરસેની પ્રાકૃત ભાષા ઉદ્‌ભવી હોય એમ ઘણા વિદ્વાનોનું માનવું છે. ઈ.સ. ૬૦૦થી ૧૦૦૦ દરમ્યાન શૌરસેની પ્રાકૃતમાંથી શૌરસેની અપભ્રંશ અને તેમાંથી જ વ્રજભાષા ઉદ્‌ભવી છે. સાહિત્યના ગ્રંથોમાં વિ.સં. ૧૦૦૦ પૂર્વેથી વ્રજભાષાનો પ્રારંભ જોવા મળે છે. પરંતુ તેનો વાસ્તવિક વિકાસ વિ.સં.૧૪૦૦થી ૧૬૦૦ દરમ્યાન થયો છે. તે સમય દરમ્યાન તેણે સાહિત્યિક ભાષાનું સ્વરૂપ પ્રાપ્ત કરી લીધું હતું. તેના વિકાસમાં વ્રજમાં પ્રસ્થાપિત થયેલા વૈષ્ણવ સંપ્રદાયો, અને તેમાં ય પુષ્ટિમાર્ગનો ઘણો મોટો ફાળો છે.

શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજી તૈલંગ બ્રાહ્મણ પરંપરાના હોવાથી, તેઓ ઘરમાં પણ સંસ્કૃત ભાષાનો જ ઉપયોગ કરતા હતા, એમ સમજાય છે. શ્રીગુસાંઇજી શ્રીઠાકોરજીની સેવામાં પણ સંસ્કૃત ભાષાનો ઉપયોગ કરતા હતા. એક વખત તેઓ શ્રીઠાકોરજીને શૃંગાર ધરી રહ્યા હતા, ત્યારે શૃંગારની એક

પેટીની જરૂર પડી, જે શય્યામંદિરમાં હતી. તેમની સાથે સેવામાં બેઠેલા તેમના પુત્રોને તેમણે સંસ્કૃતમાં આજ્ઞા કરી કે પેટી લાવો. ત્યારે તેમના નાના પૌત્ર સંસ્કૃતમાં વાત સમજી ન શક્યા, પણ દોડ્યા. શું લઇ જવાનું છે, તે સમજણ ન પડતાં શય્યામંદિરમાં જઇ, રડવા લાગ્યા. ત્યારે શ્રીનાથજીએ સાક્ષાત પ્રકટ થઇ, તે બાળકને પેટી બતાવી અને કહ્યું કે આ લઇ જાવ. શ્રીનાથજીએ શ્રીગુસાંઇજીને આજ્ઞા કરી કે હું વ્રજનો છું, એટલે મને વ્રજભાષા અત્યંત પ્રિય છે, માટે તમે સેવામાં અને વ્યવહારમાં સંસ્કૃતને બદલે વ્રજભાષાનો ઉપયોગ કરો. ત્યારથી પુષ્ટિમાર્ગમાં વ્રજભાષાનો ઉપયોગ સવિશેષ થતો રહ્યો છે. આજે પણ શ્રીવલ્લભકુળનાં બાળકો આપસ આપસમાં વ્રજભાષામાં વિશેષ વાતચીત કરે છે. મોટાં મંદિરોમાં સેવામાં પરિચારકો પણ વ્રજભાષાનો વિશેષ ઉપયોગ કરે છે. શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીના ગ્રંથો વ્રજભાષામાં અનુવાદિત થયા છે. આ ગ્રંથો પરની સંસ્કૃત ટીકાઓના પણ વ્રજભાષામાં અનુવાદ થયા છે. પુષ્ટિમાર્ગનું સમગ્ર કીર્તન-સાહિત્ય વ્રજભાષામાં છે. વાર્તાસાહિત્ય પ્રમાણે તો કુલ કીર્તનોની સંખ્યા લાખોમાં થાય, પરંતુ આજે પ્રાપ્ત કીર્તનો દસહજારથી ઓછાં તો નથી જ!

વ્રજભાષાના વિકાસમાં પુષ્ટિમાર્ગનો ફાળો સૌથી મહત્ત્વનો છે. તેમાં ય વ્રજભાષાના ગદ્યને સાહિત્યિક પ્રતિષ્ઠા અપાવનાર તો પુષ્ટિમાર્ગીય વાર્તા સાહિત્ય જ છે. શ્રીહરિરાયજીના વ્રજભાષામાં લખાયેલા ગદ્ય ગ્રંથોની સંખ્યા પચાસથી વધારે છે. વ્રજભાષાને સાહિત્યિક રીતે શ્રીપુરુષોત્તમજી, શ્રીગિરિધરલાલજી, શ્રીવ્રજભૂષણજી જેવા આચાર્ય બાળકોનું યોગદાન ઉલ્લેખનીય છે. વિદ્વાનોમાં શ્રીદ્વારકાદાસ પરીખ, શ્રીપ્રભુદયાલ મિત્તલ, શ્રી જવાહરલાલ ચતુર્વેદી, શ્રીહરિહરનાથ ટંડન, શ્રીગોવર્ધનનાથ શુકલ, શ્રીવ્રજેશ્વર વર્મા, શ્રીદીનદયાલ ગુપ્ત, શ્રી ગોપાલદાસ વ્યાસ વગેરે વિદ્વાનોનો ઉલ્લેખ કરવો જ રહ્યો.

જેમ પુષ્ટિમાર્ગે વ્રજભાષાનાં કાવ્ય અને ગદ્ય બંને રૂપોને સાહિત્યિક પ્રતિષ્ઠા અપાવી છે, તેમ, વ્રજભાષાના શબ્દભંડોળને અનેક પારિભાષિક શબ્દો પણ આપ્યા છે. જે તે અગાઉ વ્રજભાષાના શબ્દભંડોળમાં જોવા મળતા નથી, જેમ કે અનસખડી, અનવસર, અપરસ, અભ્યંગ, આડબંધ, આતમસુખ, કસુમલ, કતરા, કપૂરનારી, કુલહ, ખંડપાટ, ગ્વાલપગા, ગોકર્ણ, ઘૈયા, ઝોડ, જગમોહન, ઝાંપી, ટેરા, ડબરા, તબકડી, તાતી, પઠૌની, પપચી, બંટા, બેટીજી, બૈઠક, મણિકોઠા, મુખિયા વગેરે. આમ પુષ્ટિમાર્ગના આચાર્યો અને વિદ્વાનોએ વ્રજભાષાને અપનાવીને કેવળ ગ્રંથોની રચના જ નથી કરી, પરંતુ તેને બોલચાલમાં પણ વિશેષ શબ્દભંડોળથી સમૃદ્ધ કરી છે, અને સાહિત્યના સ્તર સુધી પહોંચાડી છે.

વ્રજભાષા સાહિત્યમાં અષ્ટછાપ ભક્તકવિઓનાં પદો, વાર્તા સાહિત્ય, સિદ્ધાંત ગ્રંથો ઉપરાંત અનેક નાટકોની રચના પણ જોવા મળે છે. વ્રજભાષામાં જીવનચરિત્રનું સાહિત્ય પણ ઠીક ઠીક પ્રમાણમાં છે. જેમાં વાર્તા સાહિત્ય, નાભાજીની ભક્તમાળ, પ્રિયાદાસની ભક્તિરસબોધિની, વગેરે મુખ્ય છે.

અહીં લોકસાહિત્ય પણ ઘણું જ બળવત્તર છે, વ્રજની ભાષા અને સાહિત્યની અસર સમગ્ર ભારતની ભાષા અને સાહિત્યમાં જોવા મળે છે. અન્ય પ્રદેશમાં જન્મેલ કેટલાક પ્રતિભાસંપન્ન લોકોએ વ્રજ સાહિત્યમાં ઘણું મોટું યોગદાન આપ્યું છે. અષ્ટછાપ ભક્તકવિઓમાંના કૃષ્ણદાસજી ગુજરાતના હતા. શ્રીરસખાનજીની માતૃભાષા ઉર્દુ હતી.

### વ્રજભૂમિ મોહની મૈં જાની

બ્રજભૂમિ મોહની મૈં જાની ।
મોહન કુંજ, મોહન બૃંદાબન,
મોહની શ્રીયમુના મહારાની ॥૧॥
મોહન નાર સકલ ગોકુલકી,
બોલત અમૃત બાની ।
'શ્રીભટ'કે પ્રભુ મોહન નાગર,
મોહની શ્રીરાધા રાની ॥૨॥

* * * *

હરિ ગુન કથા ભઈ જબ મીઠી,
બ્રજ રસ મિલ્યો તા માંહિ ।

## પ્રકરણ - ૯



# વ્રજને પણ પ્રશ્નો છે

### (૧) વ્રજ તરફનો પુષ્ટિમાર્ગનો દૃષ્ટિકોણ :

શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઇજીએ વ્રજને પોતાનું સર્વસ્વ ગણ્યું હતું. તેમણે વ્રજના પુનર્વસન અને ગૌરવ માટે અથાગ પરિશ્રમ લીધો હતો. વ્રજને પ્રેમલક્ષણાભક્તિનું પરમધામ બનાવ્યું હતું. એમનો વ્રજ માટેનો પ્રેમ અપરંપાર હતો. જે વૈષ્ણવોએ પણ વ્રજની સેવા કરી, તેમના પર તેઓ અતિ પ્રસન્ન રહેતા. જેમણે સ્વાર્થ માટે વ્રજવાસ કર્યો, તેમની તેઓ ઉપેક્ષા કરતા. જેમણે વ્રજનો અનાદર કર્યો, તેમના પર તેઓ અપ્રસન્ન રહેતા.

ગોવર્ધનદાસ નામના શ્રીગુસાંઇજીના એક સેવક પુણ્યફળના સ્વાર્થથી જ દરરોજ શ્રીગિરિરાજજીની પરિક્રમા કરતા. તેમની વ્રજભક્તિ સ્વાર્થથી દૂષિત હતી, એટલે શ્રીગુસાંઇજી તેમની સામે પણ ન જોતા. એક દિવસ પરિક્રમા કરવા નીકળતાં, ખાડામાં પગ પડ્યો અને પગ મચકોડાઇ ગયો. ચાલી ન શકાયું. પરિક્રમા ન થઇ. તે દિવસે તેમણે શ્રીગિરિરાજજીની તળેટીના રસ્તાના ખાડાટેકરા સરખા કર્યા, કાંટા-કાંકરા વીણી રસ્તો મુલાયમ બનાવ્યો. તે દિવસે શ્રીગુસાંઇજી તેમના ઉપર ઘણા પ્રસન્ન થયા.

શ્રીગુસાંઇજીના સેવક અલીખાન પઠાણે વ્રજનાં વૃક્ષો કાપવા પર રોક લગાવી, વ્રજને ઉજ્જડ થતું બચાવવાની સેવા કરી હતી.

એક વૈષ્ણવ આડેધડ માર્ગે શ્રીગિરિરાજજી પર ચડતા હતા. તેથી શ્રીગિરિરાજજીને પરિશ્રમ થતો હતો. ત્યારે તે જોઇ શ્રીગુસાંઇજી તેમના ઉપર ઘણા નારાજ થયા હતા.

શ્રીસૂરદાસજીએ સ્વરૂપ જાણ્યા વિના શ્રીયમુનાજી ન્હાતા વૈષ્ણવોને ચીમકી આપીઃ પ્રેમ કે સિંધુકો મર્મ જાન્યો નહીં, કહા ભયો દેહ બોરે?

આમ, પુષ્ટિમાર્ગમાં વ્રજ સાક્ષાત અલૌકિક સ્વરૂપાત્મક છે. તેની યાત્રા ભાવાત્મક છે. જેમ ભગવત્સ્વરૂપના અપરાધથી આપણે સાવધ રહીએ, તેમ વ્રજના અપરાધથી પણ સાવધ રહેવું જરૂરી છે. જેમ સ્નેહપૂર્વક શ્રીઠાકોરજીની તનુવિત્તજાથી લઇને માનસી પર્યન્તની સેવા કરીએ છીએ, તેમ વ્રજની સેવા પણ અવશ્ય આગ્રહપૂર્વક કરવી જોઇએ. સેવાના અનવસરમાં

ભગવદ્‌ગુણગાન અને કથાશ્રવણ કરીએ તેમ વ્રજનું પણ ગુણગાન અને કથાશ્રવણ કરતાં વ્રજવાસ કરવો જોઈએ. વ્રજમાં ગયા અને રહ્યાની સાર્થકતા ત્યારે જ થાય કે જયારે આપણે વ્રજની વધુમાં વધુ તનુવિત્તજા સેવા કરી, વ્રજને સુખદ, સ્વચ્છ, સુંદર, સ્વસ્થ બનાવીએ. જો વિશ્વના એક કરોડ વૈષ્ણવ આ કાર્ય માટે કટિબદ્ધ બને, તો વ્રજભૂમિની દિવ્યતા ફરી નિખરી ઊઠે.

**(૨) વ્રજને ય તેના પ્રશ્નો છે :**

જીવન વ્યવહારમાં મુખ્યત્વે બે દૃષ્ટિકોણ જોવા મળે છે. (૧) હકારાત્મક (૨) નકારાત્મક. બંને દૃષ્ટિકોણ ઘટના, સ્થિતિ, સંજોગોને મૂલવે છે, પણ રીત અલગ અલગ છે. બે મિત્રો ભર ઉનાળાના બપોરે ત્રીજા મિત્રને ત્યાં ગયા. મિત્ર પત્નીએ બંનેને ગુલાબજળવાળું શીતળ, સુગંધી અર્ધો અર્ધો ગ્લાસ જળ પીવા આપ્યું. બંનેએ પીધું. કોઠે ઠંડક થઇ. એક મિત્રે કહ્યુંઃ મજા આવી ગઇ. આવી ગરમીમાં અર્ધો ગ્લાસ પાણી મળ્યું! બીજાએ નાક ચડાવી, બબડાટ કર્યો : સાવ કંજૂસ, અર્ધો ગ્લાસ પાણી જ પાયું! બંનેએ સરખું પાણી પીધું. એકનો દૃષ્ટિકોણ હકારાત્મક હતો, બીજાનો નકારાત્મક હતો.

વ્રજમાં જઇએ ત્યારે ય આવો અનુભવ થાય. તકલીફો તો પડે. પણ હકારાત્મક દૃષ્ટિકોણવાળા વૈષ્ણવ કહે : પ્રવાસ એટલે જ તકલીફો માણવાની બાદશાહી મજા! નકારાત્મક દૃષ્ટિકોણવાળા વૈષ્ણવ કહેશેઃ સાવ નકામું, બધું બગડી ગયું છે. ફરી ભૂલેચૂકે ન અવાય. આમ કહીને ય ફરી જાય તો ખરા જ. બંને પ્રકારના દૃષ્ટિકોણ ધરાવનારાઓની વાત સાચી જ છે કે આજે વ્રજમાં ઘણી બાબતો સુધારા માગી લે તેવી છે. એની ચર્ચા સૌ કરે છે, કેટલાક તીખાશથી ફરિયાદના અને આક્રોશના પંચમ સૂરમાં રજૂઆત કરે છે, તો કેટલાક દુઃખથી, લાગણી અને ભાવના કારણે મનોમન વિચારે છે. આ બધા વિચારો અને રજૂઆતના સારરૂપે આપણી સામે નીચેના પ્રશ્નો જરૂર ઉપસ્થિત થાય છે.

**(૧) યમુનાજીનું પ્રદૂષિત જળ :**

જે શ્રીયમુનાજળને શ્રીઠાકોરજી અને વ્રજભક્તોના જલવિહારથી સ્મરશ્રમજળનું સ્વરૂપ પ્રાપ્ત થયું, જેમનામાં સ્નાન અને પાન કરવાથી, કિનારે વાસ કરવાથી તનુનવત્વ પ્રાપ્ત થાય છે એમ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે. જે જળ, જળ નથી, સાક્ષાત શ્રીમહારાણીજી છે, એવી આપણી શ્રદ્ધા છે, એવા શ્રીયમુનાજળમાં મથુરામાં ગટરોનાં પ્રદૂષિત પાણી છોડવામાં આવે. ગોકુળમાં ય એવું થાય. કદાચ વૃંદાવનમાં ય થતું હેશે. આગળથી પણ પ્રદુષિત જળ ભેળવાતું હશે. મથુરા-ગોકુળવાસીઓ જય જમુનામૈયાકી બોલે ખરા, પણ તનની અને વસ્ત્રોની ગંદકી તો યમુનાજળમાં જ ઠાલવે. લાખો યાત્રાળુઓ પણ પૂજાનાં ફૂલ, પૂજાપો, શરીરનો મેલ, યમુનાજળમાં વહેવડાવે. ઘાટ ને કિનારા સ્વચ્છ રાખવામાં નગરપાલિકા કે ગ્રામપંચાયત માનતી જ ન હોય. ત્યાં આવનારને ય સ્વચ્છતાનો આગ્રહ અને અસ્વચ્છતાનો સંકોચ ન હોય. પછી એ તીર્થજળ પ્રદૂષિત જ થાય અને રહે!

શ્રીગોકુળ પાસે યમુના બેરેજ બને. ગોવિંદઘાટ અને ઠકુરાણી ઘાટ પરથી શ્રીયમુનાજીનો પ્રવાહ એક-દોઢ કિલોમીટર દૂર ગયો. ઘાટ પાસે ભરાઇ રહ્યા પ્રદૂષિત જળના ખાડા. તેમાં પાછી ગટરગંગા ઉભરાય. ચોમાસામાં જ ઘાટ પાસે શ્રીયમુનાપ્રવાહ વહે.

શ્રીગોકુળથી થોડે દૂર શ્રીવલ્લભઘાટ જઇએ તો, ત્યાં શુદ્ધ જળ મળે!

પ્રદુષિત શ્રીયમુનાજળ તરફ ભારત સરકારનું ધ્યાન ખેંચાયું હતું. શ્રીયમુના પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પણ બન્યું હતું. બજેટ ફાળવાયું, ખર્ચાયું. પણ બધું કાગળે કુશળ. પ્રદૂષણ ઘટ્યું નથી, વધ્યું છે!

**(૨) યમુનાઘાટે ભિક્ષુકોની પજવણી અને કોલાહલ :**

મથુરાનો વિશ્રામઘાટ હોય કે ગોકુળના ગોવિંદઘાટ અને ઠકુરાણી ઘાટ - શ્રદ્ધા અને ભાવ લઇ દૂર દૂરથી આવતા ભાવિક ભક્તોની ચોમેર મીઠાઇ પર છવાઇ જતી માખીઓની જેમ ત્યાંનાં સ્થાનિક બાળબચ્ચાંથી લઇ, પ્રૌઢ લોકો માગવા માટે છવાઇ જાય છે. ન તેમને શાંતિથી, એકાગ્રતાથી શ્રીયમુનાપૂજન, પાન કે સ્નાન કરવા દે; ન શાંતિથી બેસી શ્રીયમુનાષ્ટકનો એક પાઠ પણ કરવા દે. દક્ષિણા આપવા ઇચ્છુક ખિસ્સું ખાલી કરી દે, તો ય થોડાક તો રહી જ જાય અને એમની ગંદી ગાળ જ આશીર્વાદ રૂપે લઇને જવાનું થાય.

વિપીનભાઈ ડાહ્યાભાઈ પરીખ (અમેરિકાવાળા)ના સદૈન્ય જયશ્રીકૃષ્ણ

ભાવુકજનો હૃદયમાં એવો ભાવ સંઘરીને ત્યાં ગયા હોય કે આનંદથી શ્રીયમુનાજીને શ્રીયમુનાષ્ટકના નવ પાઠ કરતાં કરતાં દૂધ ચડાવીશું, પ્રેમથી શ્રીયુગલસ્વરૂપની ભાવના કરી, ઘાટ પર ભોગ ધરીશું, સૂર્યાસ્ત સમયે ઘાટ પર બેસી, શાંતિથી શ્રીયમુનાજીનાં એકતાલીસ પદ અને આરતી ગાઈશું, પ્રસન્ન શાંતિનો અનુભવ કરીશું. તો એ ભાવના પૂરી થવી દુર્લભ. યાત્રાળુઓની ભીડ, તીર્થગોરોની ચીસો, ભિક્ષુકોનો કકળાટ - એક બાજુ જળનું પ્રદૂષણ અને બીજી બાજુ સ્થળનું અને અવાજનું પ્રદુષણ. ત્યાંથી જલ્દીમાં જલ્દી ભાગી છૂટવાની જ વેતરણ કરવી પડે.

### (૩) શ્રીજતિપુરા મુકામે શ્રીગિરિરાજજીના મુખારવિંદ પાસે પ્રદૂષણ :

શ્રીજતિપુરામાં સુંદરશિલાનાં શ્રીમહાપ્રભુજીના બેઠકજી સામે શ્રીગિરિરાજજીનું મુખારવિંદસ્વરૂપ બિરાજે છે, ત્યાં ભાવિકો દરરોજ સેંકડો મણ દૂધથી શ્રીગિરિરાજબાવાને સ્નાન કરાવવા સવારથી સાંજ સુધી લાંબી લાઈનો લગાવી દે છે. જયાં વસ્તી ત્યાં ભીડ; જયાં ભીડ, ત્યાં કોલાહલ અને ધક્કા-મુક્કી, ઝઘડા પણ ખરા. જયાં લાઈન, ત્યાં આગળ જવાની કુટિલ વેતરણ. આ બધાંને લઈને ત્યાં મનની શાંતિ અને પવિત્રતા નંદવાય, વાણીને મુખરતા દોષ લાગતાં ભ્રષ્ટ થાય. શ્રીગિરિરાજજી તો સાક્ષાત ભગવત્સ્વરૂપ છે. તેમના ભારે અપરાધ થાય. તેમને દૂધ ચડાવનારાઓના પગ લાગે. તેમના શ્રીઅંગે દૂધનાં વાસણો અજાણતામાં, ધક્કામુક્કીમાં, રઘવાટમાં, પહેલાં સ્નાન કરાવવાની વેતરણમાં અથડાય. તેમને ઘણો શ્રમ થાય. સેવા કરવા જતાં દોષ વધુ થાય. મન પ્રદૂષિત થાય.

સ્નાનનું સેંકડો મણ દૂધ ગટર વાટે વહે. માણસો, બાળકો, કૂતરાં સાથોસાથ તે પીએ. પૂરા દિવસો ત્યાં વહેતા, ઢોળાતા દૂધને સારી રીતે સાફ કરવાની કોઈ વ્યવસ્થા નહિ. તેથી દૂધની દુર્ગંધ નાક અને માથું ચડાવી દે. જે કૂતરાં અપવિત્ર કહેવાય, તે શ્રીગિરિરાજજીના ચરણારવિંદ સુધી તળેટીમાં બિન્દાસ્ત ફરે. બધાં આવી વરવી સ્થિતિ ચૂપચાપ સહી લે. જો કોઈ શાણો માણસ ફરિયાદ કરે, તો તે ત્યાંના ઠેકેદાર અને તેમના માણસો દ્વારા હડધૂત થાય.

એમ કહેવાય છે કે આ સ્થાન શ્રીનાથદ્વારા ટેમ્પલ બોર્ડને આધીન છે અને તેનો ઠેકો (કોન્ટ્રાકટ) આપવામાં આવ્યો છે. શ્રીઠાકોરજી અને શ્રીઠાકોરજીનાં સ્થાન કોન્ટ્રાકટથી લીલામ કરી, પૈસા કમાવાનાં સાધન બની ગયાં છે. કોન્ટ્રાકટરને નફામાં રસ, સેવાનો ભાવ નહિ. પરિણામ ત્યાં જોઈ શકાય છે.

ત્યાં શ્રીગિરિરાજજીને સ્નાન કરાવવા માટે જે દૂધ વેચાતું મળે તે પણ નર્યું પાણી જેવું. તેમાં દૂધ ઓછું, પાણી વધારે. દૂધ પણ સારી કવોલીટીનું નહીં. ભાવ ઊંચા. માંગ અને પુરવઠાનો સિદ્ધાંત. માંગ વધારે, પુરવઠો ઓછો.

શ્રીગિરિરાજજીની તળેટીના નાકે સાંકડી ગલીમાં બંને બાજુ દૂધઘરિયાઓની દુકાનો. ત્યાં બનતી દૂધઘરની સામગ્રીઓ શ્રીગિરિરાજજીને - શ્રીમહાપ્રભુજીને ભોગ ધરાય. સામગ્રી સિદ્ધ કરવામાં કેટલી અપરસ-આચાર પળાતાં હશે, તે શ્રીગિરિરાજજી અને શ્રીમહાપ્રભુજી જાણે. એ સામગ્રીમાં ખાંડ વધારે. ભાવિકોને મને કમને તે જ સામગ્રી ભોગ ધરાવવી પડે.

વળી ત્યાં માગનારાઓનો ત્રાસ તો ખરો જ. ગોકુળથી યે વધારે. ન શ્રીગિરિરાજજીની સન્મુખ શાંતિથી દસ મિનિટ બેસી શ્રીગિરિરાજધાર્યાષ્ટક અને શ્રીગિરિરાજ નામાવલિનો પાઠ પણ થાય.

કેટલાક વૈષ્ણવો સુરભિ કુંડે છપ્પનભોગના સ્થળે શ્રીગિરિરાજજીને દૂધથી સ્નાન કરાવી, ભોગ ધરવા ચૂપચાપ જાય છે. ત્યાં પણ માગનારાઓ અને પ્રસાદ ઝૂંટાવનારાઓની કનડગત અને અશાંતિ તો ખરાં જ.

શ્રીગિરિરાજજીની પરિક્રમા રોજ સેંકડો ભાવિકો કરે છે. ભારત જેવા ગરમીપ્રધાન દેશમાં વર્ષના પાંચ-છ મહિના ગરમીના. વ્રજની ગરમી આકરી. પરિક્રમા ઝડપથી કરાય તો યે ચાર-પાંચ કલાક લાગે. ખુલ્લા પગે જ થાય. સડક અને રેતી બરાબર તપેલાં હોય. ખુલ્લા પગે ચાલવાની ટેવ નહીં ને પગ દાઝે. એટલે કેટલાક શ્રદ્ધાળુ તો રાતમાં કરે, કેટલાક પરોઢ થતાં પહેલાં કરે. અંધારું હોય. પરિક્રમા કરનારનો મોટો સમૂહ ન હોય. સ્ત્રીના શરીર પર બંગડી, બુટ્ટી, દોરો તો હોય જ. પુરુષ પાસે ઘડિયાળ અને પાંચ-પચાસ રૂપિયા હોય. કેટલાક લોકો પરિક્રમા કરનારને લૂંટે, સામનો કરનાર ઉપર

હુમલો થાય. પોલિસ ફરિયાદ કરવા યાત્રાળુ કયાં જાય? એમાં પોલિસ પણ આપણા ભ્રષ્ટ દેશની. યાત્રાળુઓને કોઇ રક્ષણ ન મળે. સ્થિતિસંપન્ન હો તો સાથે બે-ચાર મજબૂત, કદાવર બાંધાના લાઠીધારીઓને પોતાના રક્ષણ માટે લઇ જવા પડે. જાનના જોખમ થવાના કિસ્સા સંભળાય છે.

દૂધઘરિયા ગલીના બીજા છેડે નાનો ચોક. નાસ્તાની લારીઓ, વ્રજવાસીઓ અને યાત્રાળુઓથી કીડિયારાની જેમ ઉભરાય. ખાઇને ફેંકેલા પડિયા, કુલડી, ગંદુ પાણી પગમાં આવે. લારીઓમાં બનતા-વેચાતા નાસ્તાઓની શુદ્ધિ કેટલી કોણ જાણે? બહારનું ન ખાતા વૈષ્ણવો અહીં વ્રજમાં બાધ નહિ કહી હોંશેહોંશે પેટમાં પધરાવે. સંયમના બંધ છૂટવાનું આ પણ એક પ્રદૂષણ જ ને!

લલિત બ્રજદેશ ગિરિરાજ રાજે- એ પદમાં શ્રીચતુર્ભુજ-દાસજીએ વર્ણન કર્યું છે, તેના કોઇ અંશ અહીં દૃષ્ટિગોચર જ ન થાય. પ્રાકૃતિકતા ખતમ થઇ રહી છે, માનવસર્જિત કૃત્રિમતા, અવ્યવસ્થા, અશુદ્ધિ, અપવિત્રતા અને અપરાધ વધતાં રહ્યાં છે.

### (૪) બેઠકજીઓની અવ્યવસ્થા :

વ્રજમાં શ્રીમહાપ્રભુજીનાં ૨૨, શ્રીગુસાંઇજીનાં ૯ અને અન્ય ૨૨ બેઠકજીઓ તો ૧૪૨ બેઠકજીઓની યાદી પ્રમાણેનાં છે. તે સિવાયનાં વધારાનાં દસ-બાર છે. આમ, કુલ ૬૫ જેટલાં બેઠકજીઓ છે. મોટાભાગના શ્રીનાથદ્વારા ટેમ્પલ બોર્ડ હસ્તક. બાકીનાં જુદા જુદા ગોસ્વામી બાળકો હસ્તક. તે પૈકી કેટલાંક એવાં સ્થાનોમાં છે, જયાં કાયમી ધોરણે વૈષ્ણવો રહેતા નથી. યાત્રા જાય ત્યારે જ ત્યાં વૈષ્ણવો જાય. એકલદોકલ વૈષ્ણવ ત્યાં ભાગ્યે જ જાય. આ પૈકીની મોટાભાગની બેઠકો ઠેકા (કોન્ટ્રાકટ) પર અપાઇ છે. જે નથી અપાઇ, તે પૈકી કેટલીક પર સ્થાનિક માથાભારે તત્ત્વોએ કબજો કરી લીધો છે. પરિણામે આ સ્થાનો પણ રૂપિયા કમાવાનાં સાધન બની ગયાં છે. ત્યાં બિરાજમાન શ્રીઆચાર્યસ્વરૂપનાં સુખ, ગરિમા, અને અલૌકિકતા સદંતર વિસરાઇ ગયાં છે. આ વાત કડવી છે, પણ સત્ય છે, આ સત્યને વધુ મધુરતાથી રજૂ કરવું મુશ્કેલ છે.

ત્યાં કાયમી ધોરણે સેવા અલ્પ અને સૂક્ષ્મ. તેમાં ભાવ તો કેટલો તે શ્રીબેઠકનાયક જાણે. સાફસફાઇ ઓછી. માત્ર ચોતરાજી પર તિલક ને તુલસીમાળા. તાંબાનાં ઝારીજી યે ન હોય તો નવાઇ નહિ. મથુરામાં તો નાનકડો ગોખલો. પૈસા ઝૂંટાવવા ચોબાઓની ભીડ. ભારે દુર્વ્યવસ્થા. એવું સાંભળ્યું છે કે કેટલીક બેઠકો તો યાત્રા સમયે જ ખૂલે. ઠેકેદાર એ દિવસે જે મળે તે ગાંઠે બાંધીને લઇ જાય. વ્રજની બેઠકોના જીર્ણોદ્ધારનું કામ પણ કપરું. સ્થાનિક તત્ત્વો એમાં ય લાભ માગે. બધું એમના હસ્તક કરાવો તો કરવા દે. પરિણામે ખર્ચ વધુ, કામ નબળું. હતા ત્યાંના ત્યાં.

યાત્રા દરમ્યાન કે બસ યાત્રા વખતે નાનકડા સ્થાનમાં ધસારો વધુ થાય. રાહ જોવાની ધીરજનો અભાવ. પડાપડી. ભીનાં, નીતરતાં કપડે ઝારી ભરવા ધક્કામુક્કી અને ઘોંઘાટ કરતા વૈષ્ણવો. શ્રીબેઠકનાયકને પ્રસન્નતા થતી હશે ખરી?

આ બધી પરિસ્થિતિ પુષ્ટિમાર્ગનું ગૌરવ વધારનારી છે?

### (૫) વ્રજનાં સ્થાનોની જીર્ણતા :

વ્રજનાં ઘણાં મંદિરો, કુંડો, તળાવો, સરોવરો, મકાન, બેઠકો, જીર્ણ થઇ ગયાં છે. રખોપાના અભાવમાં એમની સુંદરતા, સ્વચ્છતા અને સ્વસ્થતા ગુમાવી રહ્યાં છે. વનો કપાઇ રહ્યાં છે. વગડા દેખાઇ રહ્યા છે. કુંડોનાં જળ ગંદાં બની રહ્યાં છે. આ દેશની બિનસાંપ્રદાયિકતાની વાત કરનાર રાષ્ટ્રીય સરકાર અને રાજય સરકારને તો વ્રજની સંસ્કૃતિ સાથે જાણે ન્હાવાનો સંબંધ જ ન હોય, એવી ઉપેક્ષા દેખાય છે. બીજા સંપ્રદાયો વૃંદાવનને વિસ્તારે છે. વ્યક્તિગત પ્રયત્નો અલ્પ પ્રમાણમાં થાય છે. ભૌતિક રીતે વ્રજ કુરૂપ, જીર્ણશીર્ણ બનતું જાય છે. વ્રજનું એક ભાવનાચિત્ર મનમાં સંઘરી, જનારી યુવાપેઢી નિરાશ અને નકારાત્મક બને છે.

આપણે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો વ્રજ આપણું હોવાનો દાવો કરીએ છીએ. દર વર્ષે વ્રજયાત્રાનું આયોજન કરવા શ્રીવલ્લભકુળમાં આગ્રહો સેવાય છે. વ્રજયાત્રામાં લાખો રૂપિયા ખર્ચાય છે. પરંતુ વ્રજનાં સ્થાનોના જીર્ણોદ્ધાર તરફ તો સરિયામ દુર્લક્ષ જ સેવાતું દેખાય છે. જે સ્થાનો આપણાં છે, એમ કહેવાય છે, તેનું સંરક્ષણ આપણે કરી શક્યા નથી. એના પરિણામે એ પૈકીનાં કેટલાંક સ્થાનો આપણા હાથમાંથી સરકી ગયાં છે. અને બાકીનાં સરકી રહ્યાં છે, પણ આપણો પ્રમાદ

લતાબેન ચંદ્રકાંતભાઈ પટેલ તથા સર્વે પરિવાર (અમેરિકાવાળા)ના સદૈન્ય જયશ્રીકૃષ્ણ

એ વાસ્તવિક દુ:ખદતાથી જતો નથી.

**(૬) વ્રજવાસીઓની આર્થિક બેહાલી :**

વ્રજમાં નથી નાના-મોટા ઉદ્યોગો. નથી વેપાર વાણિજય. નથી સમૃદ્ધ ખેતી. લોકો બેકાર છે, બેહાલ છે, બેચાર છે. પરિવાર મોટા છે, આવક ટૂંકી છે. સ્વમાન અને સંસ્કાર છોડી, પેટની ભૂખ મિટાવવા ભીખ માગવા, ચોરી કરવા, યાત્રીઓને લૂંટવા-કનડવા બેકરાર બને છે. વાંક એમનો ઓછો છે, આપણો વધારે છે. વ્રજવાસીઓના ગુણગાનનાં કીર્તન ગાનારા આપણે એ વ્રજવાસીઓની કાયમી બેહાલી મિટાવવા ખાસ કંઇ કર્યું હોય એવું ધ્યાનમાં આવતું નથી.

સંપત્તિવાળા કોઇક ભાવિકો ત્યાં ગજા પ્રમાણે થોડાને ભોજન કરાવે અને દક્ષિણા આપે. બાકી બીજું કંઇ નહિ. જયાંની પ્રજા ભૂખે ભાંગતી હોય, ત્યાં આપણે કઇ અપેક્ષા રાખીએ? છતાં આપણે વૈષ્ણવ તો ખરાં જ - એવા વૈષ્ણવ કે જે પીડ પરાઇ જાણે રે અને પરદુ:ખે ઉપકાર કરે તો યે મન અભિમાન ન આણે રે..

**પ્રશ્નોનું નિરાકરણ :**

ચીની ભાષાની એક કહેવત છે - આખા આકાશને માણસ ન રંગી શકે, પરંતુ તેના ઘરની ખરાબ થઇ ગયેલી છતને તો જરૂર રંગી શકે. ઉપર વિચારેલા પાંચ પ્રશ્નોના સંપૂર્ણ ઉકેલ કદાચ ન આવી શકે, પણ જો સમસ્ત વલ્લભીય સમાજ ખભેખભો મિલાવી, સૂરમાં સૂર મેળવી, ગંભીરતાથી સેવામાં લાગે તો ભગવત્કૃપાથી વ્રજ જરૂર સુરમ્ય બને.

**(૧) જળનું પ્રદૂષણ :**

(ક) શ્રીયમુનાજળનું પ્રદૂષણ અટકાવવા ઉત્તર પ્રદેશની સરકાર અને ભારત સરકાર પર ગંભીરતાથી દબાણ લાવવું. વિધાનસભ્યો અને સાંસદો દ્વારા, મથુરા અને વ્રજના લોકો દ્વારા આ બાબતમાં જનઆંદોલનો ચલાવી શકાય.

(ખ) આપણે સૌ સ્વયંશિસ્ત પાળીએ. આપણે જળને પ્રદૂષિત ન કરીએ. મથુરાવાસીઓ અને વ્રજવાસીઓમાં પણ એ માટે ચેતના આવે એવી પ્રવૃત્તિઓ ગંભીરતાથી થાય.

(ગ) વ્રજના કુંડો, તળાવો, સરોવરનાં જળ પણ આપણે ગંદાં ન કરીએ અને બીજાંઓ દ્વારા ગંદાં થતાં રોકવાનો કાર્યક્રમ અમલી બનાવીએ.

(ઘ) દર વર્ષે એ જળની સાફસૂફી કરાવીએ.

(ચ) વ્રજયાત્રાનાયક દ્વારા વ્રજયાત્રા પૂર્વે અને પછી એ જળ સાફ કરાવવાનું વ્યવસ્થિત રીતે ગોઠવાય.

**(૨) સ્થળનું પ્રદૂષણ :**

(ક) શ્રીયમુનાજીના ઘાટ સ્વચ્છ રહે, રોજ સાફ થાય .

(ખ) યાત્રાનાં સ્થળોમાં ભીડને લઇને જયાં જયાં ગંદકી થતી હોય તે સાફ થાય.

(ગ) યાત્રાળુ તરીકે આપણે ગંદકી ન કરીએ અને ગંદકી ન વધારીએ.

(ઘ) વ્રજયાત્રા દરમ્યાન અને મુકામ ઊઠ્યા પછી, ગંદકી અવશ્ય દૂર થાય.

**(૩) અવાજનું પ્રદૂષણ :**

આપણા જ હાથની વાત છે. આપણે દરેક જણ આપણી જાતને શિસ્તબદ્ધ બનાવીએ, ધીરજથી દરેક સ્થાનનાં દર્શન-સેવા માટે લાઇનબંધ રહીએ, શાંતિ જાળવીએ, સેવા દર્શન વખતે મોં બંધ રાખીએ તો જ રોકાય. બાકી, હું તો બોલું જ! પતી ગયું!

**(૪) વ્રજનાં સ્થાનોનો જીર્ણોદ્ધાર :**

(ક) શ્રીવલ્લભવિઠ્ઠલની પેઢી જેવી એક સમસ્ત વલ્લભીય સમાજની સંસ્થા બનાવવી, જેમાં અંગત મતભેદો અને મનભેદો બાજુએ રાખી, દરેક વ્યક્તિ જોડાય અને પોતાનો તન-મન-ધનનો ફાળો આપે.

(ખ) બજેટ ક્રમશઃ પ્રમાણે એક એક ધામનાં સ્થાનોનો જીર્ણોદ્ધાર થાય, એવો દસવર્ષીય પ્લાન બને.

(ગ) એક કરોડની વૈષ્ણવસૃષ્ટિ, દર વર્ષે પ્રતિ વૈષ્ણવ માત્ર એક રૂપિયો આ કાર્ય માટે, દસ વર્ષ સુધી આપે. એક વર્ષે એક કરોડ રૂપિયા ખર્ચી શકાય. આ યોજના કાયમી ધોરણે પણ ગોઠવી શકાય.

(ઘ) દર વર્ષે નીકળતી વ્રજયાત્રાના આયોજક પણ આ કાર્યમાં સ્વૈચ્છિક લેવી આપે.

(ચ) ઘણા વૈષ્ણવ આર્કિટેકટો, એન્જિનિયરો, બિલ્ડરો અને કોન્ટ્રાકટરો છે. જેમનો સહયોગ આ કાર્યને સસ્તું, સુંદર ને ઝડપી બનાવી શકે.

(છ) વ્યક્તિગત રીતે વ્રજની યાત્રા કરવા જનાર વ્યક્તિ કે પરિવાર પણ પોતાના યાત્રાખર્ચનો એક ટકો રકમ આ કાર્યમાં આપે.

## (૮) શ્રીગિરિરાજજીના સ્થાનની શુદ્ધિ - પવિત્રતા અને સ્નાનના દૂધનો ઉપયોગ :

(ક) ડેરી ટેકનોલોજીના નિષ્ણાતોનો એવો અભિપ્રાય મળ્યો છે કે સ્નાનનું દૂધ બહાર ન ઢોળાય તેમ અંડરગ્રાઉન્ડ ટનલ-પાઈપ લાઈન દ્વારા, અંડરગ્રાઉન્ડ ટેન્કમાં ભેગું થાય. મીની ડેરી પ્લાન્ટ નાંખી, તે દ્વારા તે દૂધ પ્રોસેસ થાય. તેનો પાવડર બને. તે પાવડરનું ફરી શુદ્ધ દૂધ બનાવી, ત્યાંની પ્રાથમિક શાળાનાં બાળકોને પીવડાવવામાં આવે, તો દૂધના કારણે થતી દુર્ગંધતા, કૂતરાંનો ત્રાસ, વેડફાઈ જતું દૂધ વગેરે બાબતો રોકી શકાય.

(ખ) યાત્રાળુ વૈષ્ણવ સ્નાન કરાવવા અમુક જથ્થા દૂધનો આગ્રહ છોડી દઈ, થોડું પણ ઉત્તમ, ભેળસેળ વિનાનું દૂધ જ વાપરવાનો આગ્રહ રાખે, તો સ્નાન માટે હલકું ભેળસેળિયું દૂધ વેચાતું બંધ થઈ જશે. દૂધ તો આપણા હૃદયના પ્રેમનું ભાવાત્મક સ્વરૂપ છે. પ્રેમ કદી લિટરમાં કે કિલોમાં મપાતો નથી, ઉત્તમતા જ પ્રેમને માટે પર્યાપ્ત છે. શ્રીગિરિરાજબાવા સાક્ષાત ભગવાન છે. તેઓ જથ્થાના નહિ, ભાવના અને ઉત્તમતાના ભોક્તા છે.

(ગ) સાતકોશની પરિક્રમામાં બિરાજતા શ્રીગિરિરાજબાવાનો પ્રત્યેક શિલાખંડ સાક્ષાત શ્રીગિરિરાજપ્રભુનું સ્વરૂપ છે. કોઈપણ શિલાખંડનું આ ભાવથી સ્નાનપૂજન થાય, તો તે સાક્ષાત શ્રીગિરિરાજબાવા જ અંગીકાર કરે છે, એવી શ્રદ્ધા રાખી, તે પ્રમાણે કરીએ તો મુખારવિંદ પરથી ભીડ, ધક્કામુક્કી, અવ્યવસ્થા જરૂર નિવારી શકાય.

## (૯) વ્રજવાસીઓને સહાય :

(ક) શ્રીવલ્લભવિઠ્ઠલની પેઢી જેવી સંસ્થા જરૂરિયાતમંદ વ્રજવાસીઓને ભોજન, માંદગી, શિક્ષણ આદિ માટે સહાય કરવાની યોજનાઓ ગોઠવી, એમને મદદરૂપ થઈ શકે.

(ખ) વૈષ્ણવ ઉદ્યોગપતિઓ ત્યાં લઘુ ઉદ્યોગો, સહકારી મંડળીઓ વગેરે ઊભા કરવાનું કરી શકે.

(ગ) ત્યાં શિક્ષણની વ્યવસ્થાઓ વધારવી જોઈએ.

(ઘ) વ્રજવાસીઓમાં આત્મસન્માન અને ગૌરવની ભાવના જાગૃત કરવી જોઈએ.

## (૧૦) વ્રજયાત્રા માટેની સુવિધાઓ :

(ક) દર વર્ષે વ્રજયાત્રા નીકળે, પડાવનાં સ્થાન લગભગ નક્કી હોય છે. પાકથી ઊભાં ખેતરો પડાવ માટે પૈસા આપી, રાખવાં પડે છે. ત્યાં જમીન સિવાય કોઈ સુવિધા હોતી નથી. સરકારની મદદથી જ્યાં ખરાબાની જમીન સસ્તા ભાવે વેચાતી મળે, ત્યાં તે ખરીદી, બાઉન્ડરી વૉલ સાથે મુકામના પડાવ બનાવવા જોઈએ. યાત્રાના આયોજકો ખેતરના માલિકને પૈસા ચૂકવે છે, તેમ અહીં ભાડું ચૂકવે. કાયમી, વ્યવસ્થિત સ્થાનની જોગવાઈ થઈ શકે.

(ખ) વ્યક્તિગત યાત્રા કરવા જનારા વૈષ્ણવોને દરેક સ્થળનાં બધાં સ્થાનોનાં વ્યવસ્થિત સેવા-દર્શનનો આનંદ મળે અને જવા આવવામાં સહાય મળે એવી જોગવાઈ થવી જોઈએ.


(ગ) બહારનું ખાનપાન ન કરતા વૈષ્ણવો માટે, પ્રસાદી ભોજનની વ્યવસ્થા થવી જરૂરી છે. શ્રીઠાકોરજી પધરાવીને જનારા માટે પણ સેવા સચવાય એવી વ્યવસ્થા જરૂરી. બાકીના વૈષ્ણવોને પણ સસ્તું, સારું, શુદ્ધ ભોજન મળે, સગવડભર્યો મુકામ મળે એવું ગોઠવવું જોઈએ.

આ બધા વિચારો સામે એક જ પ્રશ્ન ઊભો થાય છે? અંગ્રેજી કહેવત પ્રમાણે ઘંટ તૈયાર છે. પણ બિલાડીના ગળે બાંધે કોણ? આ વિચારો તો થતા જ આવ્યા છે, પણ તેને કાર્યાન્વિત કરવા આજ સુધી કોઈ આગળ આવ્યું નથી, એ પણ હકીકત છે.

બુદ્ધિપ્રેરક શ્રીકૃષ્ણ આપણી પાસે વ્રજસેવા કરાવે એ જ અભ્યર્થના.

*બ્રજ બસી બોલ સબન કો સહિયે ।*
*જો કોઉ ભલી બુરી કહૈ લીખૈ,*
*નંદનંદન સુખ લહિયે ॥*


















# વ્રજમહિમા

હૌં બ્રજ માઁગનો જુ, બ્રજ તજિ અનત ન જાઊં ।
બડે બડે ભુવપતિ રાજ લોકપતિ દાતા સુર સુજાન ॥
કર ન પસારૌં, સીસ ન નાઊં, યા બ્રજકો અભિમાન ।
સુરપતિ નરપતિ નાગલોકપતિ મેરે રંક સમાન ॥
ભાઁતિ ભાઁતિ મેરી આસા પૂજિ યે બ્રજજન સોં જિજમાન ।
મૈં બ્રત કરિ કરિ દેવ મનાયે અપની ઘરની સંયુત ॥
દિયો હૈ બિધાતા સબ સુખદાતા ગોકુલપતિ કે પૂત ।
હૌં અપનો મન ભાયો લૈહોં કિત બૌરાબત બાત ॥
ઔરન કોં ધન, ધન જ્યોં બરખત, મોં દેખત હઁસિ જાત ।
અષ્ટસિદ્ધિ નવ નિધિ મેરે મંદિર તુવ પ્રતાપ બ્રજ ઈસ ॥
કહત *'કલ્યાણ'* મુકુંદ તાત કર કમલ ધરૌ મમ સીસ ।

- ગો.શ્રી કલ્યાણરાયજી




# વ્રજમહિમા

**વ્રજમહિમા - દેવવાણીમાં :**

વ્રજની મહત્તા, ગૌરવ, માહાત્મ્ય, પવિત્રતા, અલૌકિક સુંદરતા, દૈવી સંપદા વગેરે બાબતો વિષે વેદ, સંહિતા, પુરાણ આદિમાં ઘણું કહેવાયું છે. આચાર્યો, મહર્ષિઓએ દેવવાણી સંસ્કૃતમાં વ્રજભૂમિના ગુણ ગાયા છે. તેમાંથી કેટલાંક ઉદ્ધરણોનું મનન કરીએ.

૧. **અપાવૃત વ્રજિનો રુત્સવર્ગાદ્વિદુરો માનુનીદવઃ આવઃ ।**

(ઋગ્વેદ)

ભાવાર્થ : ગોધનથી ઘેરાયેલ વ્રજ-વસુંધરા (ભૂમિ) સ્વર્ગથી પણ ઉત્તમ છે, અહીંના મનુષ્યોમાં દેવોના જેવી તેજસ્વિતા છે.

૨. **તાવાં વાસ્તૂન્યુશ્મસિ ગમધ્યૈ**
**યત્ર ગાવો ભૂરિશૃંગા અયાસઃ**
**અત્રાહ તદુરુગાયસ્ય વૃષ્ણઃ**
**પરમં પદમવભાતિ ભૂરિ ॥**

(યજુર્વેદ)

ભાવાર્થઃ ઇંદ્ર ગોલોકનાથ શ્રીકૃષ્ણ અને શ્રીશેષજીની સ્તુતિ કરતાં કહે છેઃ હે પ્રભુ, જયાં સુંદર શીંગડાંવાળી અસંખ્ય ગાયો ચરે છે અને ઘણા વિદ્વાનો જેની કીર્તિ ગાય છે, તથા વૃષ્ણીવંશી (શ્રીકૃષ્ણ) જયાં પ્રકાશમાન છે, ત્યાં અમે દેવો જઇએ છીએ.

૩. **આદસ્યવાતો અનુવાતિ શોચિર યસ્ય તે વ્રજિન કૃષ્ણમસ્તિ ॥ ઉધસ્ય તે નવજાતસ્ય વૃષ્ણો ।**

(સામવેદ)

ભાવાર્થઃ (વ્રજમાં) શીતલ વાયુ વાઇ રહ્યો છે. ભૂમિ પુલકિત થઇ રહી છે. વ્રજના સ્નેહી વૃષ્ણીવંશી નવજાત બાલક શ્રીકૃષ્ણથી વ્રજભૂમિ અત્યંત શોભાયમાન થઇ રહી છે.

૪. **ક્ષણેન તદ્ વ્રજસ્થાનમીરણં સમપદ્યતઃ ।**
**દ્રવ્યાવયવ નધૂતં કીર્ણવાય સમંડલૈઃ ॥**

(તૈતિરીય સંહિતા)

૫. **અત્રૈવ વ્રજભૂમિઃ સા યત્ર સુરોપિતમ્ ।**
**ભાસતે પ્રેમપૂર્ણાનાં કદાચિદપિ સર્વતઃ ॥**

(પદ્મપુરાણ)

ભાવાર્થ : અહીં જ તે વ્રજભૂમિ સારી રીતે સ્થિર છે. તે પ્રેમપૂર્ણ ભક્તોને કયારેક સર્વપ્રકારે અનુભવાય છે.

૬. **ન વિદ્યતે ચ પાતાલે નાન્તરિક્ષં ન માનુષે ।**
**સમાનં મથુરાયાં હિ પ્રિયં મમ વસુન્ધરે ॥**
**અહો મધુપુરી ધન્યા સ્વર્ગાદપિ ગરિયસી ।**
**સા રમ્યા ચ ગુણસ્તા ચ જન્મભૂમિસ્તથા મમ ॥**

(વારાહ પુરાણ)

ભાવાર્થ : શ્રીહરિ કહે છે : પાતાળ, આકાશ (સ્વર્ગલોક) અને પૃથ્વીમાં મને મારી મથુરા સમાન બીજું કોઇપણ પ્રિય (તીર્થ) નથી. તે અત્યંત રમણીય અને ગુણોસભર મારી જન્મભૂમિ છે.

૭. **વ્રજે વસન્તિ યે ભક્તા યે વિપ્રાઃ પ્રાણિનો નરાઃ ।**
**તે સર્વે માનનીયાઃ સ્યુરંગીભૂતા હરેર્યતઃ ॥**

(શાંડિલ્ય સંહિતા)

ભાવાર્થ : વ્રજમાં વસતા ભક્તો, બ્રાહ્મણો, પ્રાણીઓ અને મનુષ્યો - બધા માનનીય છે, કારણ શ્રીહરિએ તેમનો અંગીકાર કર્યો છે. (તેઓ શ્રીહરિના અંગભૂત છે.)

૮. **ધન્યં વૃંદાવનધામં, ધન્યા શ્રીમથુરાપુરી ।**
**વ્રજહારેશ્વરો યત્ર ધન્યા સા વ્રજભૂમિકા ॥**

(વારાહ પુરાણ)

ભાવાર્થ : વૃંદાવન ધામને ધન્ય છે. શ્રીમથુરાપુરીને ધન્ય છે. તે વ્રજભૂમિને ધન્ય છે, જયાં વ્રજના શૃંગાર રૂપ ઈશ્વર (શ્રીકૃષ્ણ) છે.

૯. **તસ્મિન્ મધુવનસ્થાને, મથુરા નામ સા પુરી ।**
**શત્રુઘ્નેન પુરા સૃષ્ટ્વા હત્વા તં દાનવં રણે ॥**

(હરિવંશ)

ભાવાર્થ : તે મધુવન નામના સ્થાનમાં, મથુરા નામની નગરી છે. પ્રાચીન કાળમાં શત્રુઘ્ને તે દાનવને યુદ્ધમાં હણી, તે નગરીનું સર્જન કર્યું હતું.

૧૦. **મયા તત્ર તપસ્યાતં પુત્રાર્થં તુ વસુન્ધરે ।**
**દેવકીગર્ભસંભૂતેન વસુદેવગૃહે શુભે ॥**

(મહાભારત)

ભાવાર્થ : વસુદેવજીના ઘેર, દેવકીજીના ગર્ભથી પ્રકટ થયેલા શ્રીહરિ બિરાજે છે, તેવી શુભ ભૂમિમાં પુત્ર માટે મારે તપશ્ચર્યા કરવી છે.

૧૧. **જયતિ તેડધિકં જન્મના વ્રજ,**

**શ્રયત ઈન્દિરા શશ્વદત્ર હિ ।** (શ્રીભાગવત)

ભાવાર્થ : તમારા જન્મથી વ્રજનો અધિક જય (ઉત્કર્ષ) થયો છે. વૈકુંઠ વગેરે લોકથી વ્રજનો મહિમા અધિક વધી ગયો છે. તેથી વૈકુંઠવાસિની સૌંદર્ય અને સંપત્તિની મહારાણી લક્ષ્મીજી વૈકુંઠ છોડી, સદાને માટે અહીં (વ્રજમાં) આવીને વસ્યાં છે.

૧૨. **યમુનાસ્તટં શુચિ**

**પુણ્યં મધુવનં યત્ર સાન્નિધ્યં નિત્યદા હરેઃ ।**

(શ્રીભાગવત)

ભાવાર્થ : યમુનાતટે પવિત્ર અને પુણ્યકારી મધુવન છે, જયાં શ્રીહરિનું નિત્ય સાન્નિધ્ય છે.

૧૩. **વ્રજમંડલભૂગોલં શેષનાગફણં વટમ્ ।**

**કુમુદાખ્યં મહાશ્રેષ્ઠં સર્વેષાં મધ્યસંસ્થિતમ્ ॥**

ભાવાર્થ : શેષનાગની કુમુદ નામની શ્રેષ્ઠ ફણા ઉપર પૃથ્વીના મધ્યમાં રહેલ વ્રજમંડળ સર્વ સ્થાનોમાં મહાશ્રેષ્ઠ છે.

**(૨) વ્રજમહિમા - વ્રજભાષામાં :**

**વ્રજમહિમાનાં પદો :**

**(૧)**

જબ લગિ જમુના, ગાય, ગોવર્ધન
જબ લગિ ગોકુલ ગામ ગુસાંઇ
જબ લગિ શ્રીભાગવત કથારસ
તબ લગિ કલિજુગ નાહીં (૧)
જબ લગિ સેવારસ,
નંદનંદન સોં પ્રીતિ લગાઇ
**'પરમાનંદ'** તા સોં હરિ ક્રીડત
શ્રીવલ્લભચરન જિન પાઇ (૨)

**(૨)**

મધુર બ્રજદેસ બસિ મધુર કીનો
મધુર ગોકુલ ગાઁવ, મધુર વલ્લભ નામ,
મધુર બિઠ્ઠલ ભજન દાન દીનો (૧)
મધુર ગિરિધરન આદિ સપ્તતનુ બેનુ નાદ
સપ્ત રંધ્રન મધુર રૂપ લીનો
મધુર ફલફલિત અતિ લલિત
**'પદ્મનાભ'** પ્રભુ મધુર અલિ ગાવત સરસ રંગભીનો (૨)

**(૩)**

ઔર કોઇ સમુઝે સૌ સમુઝે,
હમ કો ઈતની સમઝ ભલી;
ઠાકુર નંદકિસોર હમારે,
ઠકુરાયન બૃખભાન લલી. (૧)
શ્રીદામા આદિ સખા સ્યામ હૈ,
સ્યામા સંગ લલિતાદિ અલી;
બ્રજપુર બાસ, સૈલ-બન બિહરત,
કુંજન કુંજન રંગરલી. (૨)
ઈન કે લાડ ચાહૌં સુખ સેવા,
ભાવબેલિ રસફલન ફલી;
કહૈ **'ભગવાન હિત રામરાય'**,
સબનતેં ઈનકી કૃપા ભલી. (૩)

**(૪)**

બ્રજબાસી જાનૈ રસરીતિ.
જિન કે હ્રદય ઔર નાહીં ભાવતિ, નંદસુવન પદપ્રીતિ. (૧)
સર્વભાવ સર્વાત્મનિવેદન રહતિ હૈ ત્રિગુણાતીત,
કરતિ મહલમેં ટહલ નિરંતર, જાત જામ જુગ બીત. (૨)
જિનકી ગતિ ઔર નાહીં જાનૈ, બિચ જવનિકા ભીતિ,
કોઇ એક લહૈ **'દાસ પરમાનંદ'** ગુરુપ્રસાદ પ્રતીતિ. (૩)

**(૫)**

ગોપી પ્રેમ કી ધુજા,
જિન ગોપાલ કિયો અપને બસ,
ઉર ધરિ સ્યામ ભુજા. (૧)
સુક મુનિ બ્યાસ પ્રસંસા કીની,
ઊધૌ સંત સરાહી;
ભૂરિ ભાગ્ય ગોકુલ કી બનિતા,
અતિ પુનિત ભવ માંહીં. (૨)
કહા ભયો જો બિપ્રકુલ જનમિયો,
જૌ હરિસેવા નાહીં
સોઇ કુલીન **'દાસ પરમાનંદ'**
જો હરિ સન્મુખ ધાઇ. (૩)

**(૬)**

શ્રીજમુનાજી તિહારો દરસ હौं પાઉં
શ્રીગોવર્ધન, શ્રીબૃંદાબન, બ્રજરજ અંગ લગાઉં. (૧)
દિન દસ પાંચ રહौं શ્રીગોકુલ, ઠકુરાનીઘાટ હौं ન્હાઉં,
**'દાસન'** ઉપર કરો કૃપા સંતન કે સંગ આઉં. (૨)

**(૭)**

કહાઁ સુખ બ્રજ કૌ સૌ સંસાર,
કહાઁ સુખદ બંસીબટ જમુના, યહ મન સદા બિચાર. (૧)
કહાઁ બન ધામ રાધાસંગ, કહાઁ સંગ બ્રજબાસ,
કહાઁ રસ રાસ બીચ અંત સુખ, કહાઁ નારી તન તામ. (૨)
કહાઁ લતા તરુ તરુ પ્રતિ બૂઝનિ, કુંજ કુંજ નવ ધામ,
કહાઁ બિરહ સુખ બિન ગોપિન સંગ, **'સૂર'** સ્યામ મન કામ.(૩)

**(૮)**

બ્રજભૂમિ મોહિની મૈં જાની
મોહન કુંજ મોહન બૃંદાબન,
મોહન જમુના પાની. (૧)
મોહનિ નારી સકલ ગોકુલ કી,
બલોત અમૃત બાની;
**'શ્રીભટ્ટ'** કે પ્રભુ મોહન નાગર,
મોહનિ રાધા રાની. (૨)

**(૯)**

શ્રીબૈકુંઠ બૈકુંઠનાથ સે પ્યારે બ્રજ બ્રજનંદ,
ધિક્ જૌ આનંદ બિસરિ, ચાહૈ બ્રહ્માનંદ. (૧)
બ્રજ બૃંદાબન બિહારિલો, મોહન મદન પ્રતાપ,
સો તજ કે વ્હાઁ કૌ બસૈ, લૈન વિપ્ર કૌ શાપ. (૨)
(નાગરીદાસ)

**(૧૦)**

ગોકુલ મંગલ, મધુબન મંગલ, મંગલ છબિ બૃંદાબન ચંદ
મંગલ કરન ગોવરધનધારી, મંગલ ભેષ જસોદાનંદ (૧)
મંગલ ધેનુ-રેનુ-ભુવ મંગલ, મંગલ મધુર બજાવત બેન
મંગલ ગોપબધૂ પરિરંભન, મંગલ કાલિંદી પય-ફેન (૨)
મંગલ ચરનકમલ મુનિ મંગલ, મંગલ કીરત જગત નિવાસ
અનુદિન મંગલ ધ્યાન ધરત મુનિ,
મંગલ અતિ **'પરમાનંદદાસ'**. (૩)

**(૧૧)**

માનુષ હौं તો વહી **'રસખાનિ'**,
બસौं બ્રજ ગોકુલ ગાઁવકે ગ્વારન.
જો પસુ હौं તો કહા બસ મેરો,
ચરौं નિત નંદ કી ધેનુ મંઝારન. (૧)
પાહન હौं તો વહી ગિરિ કૌ,
જો કિયૌ હરિ છત્ર પુરંદર કારન,
જો ખગ હौं તો બસેરો કરૌ,
મિલિ કાલિંદી કૂલ કદંબ કી ડારન. (૨)
(રસખાનજી)

**(૧૨)**

બ્રજરજ તજિ અબ અનત ન જૈહौं
વામેં ચારિ પદારથ હૈ,
સો આગે કૌ ફલ પૈહौं. (૧)
ભુક્તિ-મુક્તિ કૌં લાંઘિ,
પ્રિયા પદ પલ્લવ કૌ સુખ લૈ હौं.
હौं મધુકર વ્હૈ ચરનકમલ-રસ,
કૌષે માંહિ રમૈ હौं (૨)
પિય પ્યારી કે અંગ સંગ કી,
આભા તન નિબહૈ હौं
યા સુખ ઉપર **'રસિક'** સરન લૈ,
બાર બાર બલિ જૈહौं (૩)

**(૧૩)**

જમુના પુલિન, કુંજ ગહવર કી,
કોકિલ વ્હૈ દ્રુમ કૂક મચાઊં.
પદ પંકજ પ્રિય લાલ મધુપ વ્હૈ,
મધુરે મધુરે ગૂંજ સુનાઊં. (૧)
કૂકર વ્હૈ બન બીથિન ડોલौં,
બચે સીંથ રસિકન કે ખાઊં,
**'લલિતકિસોરી'** આસ યહી મમ,
બ્રજરજ તજિ છિન અનત ન જાઊં (૨)

**(૧૪)**

તજિ તીરથ હરિ રાધિકા, તન દૂતિ હરિ અનુરાગ.
જિહિ બ્રજ કેલિ નિકુંજ મગ, પગ પગ હોત પ્રયાગ.
(બિહારી)

(૧૫)

કહા કરૌં બૈકુંઠ હિ જાઇ

જહાં નહીં બંસીબટ, જમુના,
ગિરિ ગોવર્ધન, નંદ કી ગાઇ. (૧)
જહાં નહીં વે કુંજ લતા, દ્રુમ,
મંદ સુગંધી બહત નહીં વાઇ.
કોકિલ, મોર, હંસ નહીં કૂજત,
તાકૌ બસિવૌ કહિ સુહાઇ. (૨)
જહાં ધુનિ નહીં બંસી કી બાજત,
કૃષ્ણ ન પુરવત અધર લગાઇ.
પ્રેમ પુલક રોમાંચ ન ઉપજત,
મન-ક્રમ-બચ આવત નહીં દાઇ. (૩)
વહાં નહીં યે ભુવિ બૃંદાબન,
બાબા નંદ જસોમતિ માઇ.
**'ગોબિંદ'** પ્રભુ તજિ નંદસુવન હૌ,
બ્રજ તજિ ઉહાં બસૈ મેરી બલાઇ. (૪)

(૧૬)

શ્રીજમુના જલ પાન કરૌં, બસૌં બૃંદાબન ધામ,
મુખ મેં મહાપ્રસાદ રખૌં, લૈ શ્રીવલ્લભ નામ.
(ભારતેન્દુ હરિશ્ચંદ્ર)

(૧૭)

સીસ ગિરિરાજ તાપૈ મુકુટ મયૂર પુંજ
ગુંજ બેનુ કુંજ અલિકાવલિ પ્રમાનિ લૈ.
નવનીત પ્યારૌ મુખ ચંદ ચંદસર કૌ સૌ
નંદગાંવ ગોકુલ ભુજાન ઉર આનિ લૈ. (૧)
બૃંદાબન હૃદય સરોજ, પ્રાન મથુરા હૈ
ત્રિગુન ત્રિબન કામ તત્ત્વ હરિ ઠાનિ લૈ,
રાધિકા પ્રકૃતિ ભક્ત ભૌંર ચરનારવિંદ,
ઐસે બ્રજમંડલ કૌ કૃષ્ણરૂપ જાનિ લૈ. (૨)

(૧૮)

એક બ્રજરેનુકા પૈ ચિન્તામનિ બારિ ડારૌં,
બારિ ડારૌં વિશ્વ સેવાકુંજ કે બિહાર પૈ,
બ્રજ કી પનહારિન પૈ રતિ-સચિ બારિ ડારૌં,
રંભા કૌ બારિ ડારૌં, ગોપિન કે દ્વાર પૈ. (૧)
બ્રજ કી લતાન પૈ કલ્પતરુ બારિ ડારૌં,
બૈકુંઠ હૂ બારિ ડારૌં, કાલિંદી કી ધાર પૈ,
કહે **'અભૈરામ'** એક રાધે જૂ કો જાનત હૌં,
દેવન હૌં બારિ ડારૌં, નંદ કે કુમાર પૈ. (૨)

(૧૯)

બૃંદાબન સૌ બન નહીં, નંદગાંવ સૌ ગામ
બંસીબટ સૌ બટ નહિ, સ્યામ નામ સૌં નામ (૧)
સ્યામ નામ સૌં નામ, ન સ્યામા સી મહારાની
બ્રજબાલન સી બાલ, ન બ્રજબાની સી બાની (૨)
**'બલા'** કહૈં રસસિદ્ધ, નહીં કહું ગોધન સો ધન
સકલ સિદ્ધિ સંપન્ન, ધન્ય બસુધા બૃંદાબન (૩)

(૨૦)

બ્રજ હૈ શરીર ઇન્દ્રિયાદિક હૈં ગૌએં જહાં
ગોપરૂપ જીવ સખા ભાવ હૌ પ્રકાસી હૈ.
મન હૈ જસોદા ચિત્તવૃત્તિ ગોપી ગન
કર્મ નંદરાય જ્ઞાન ગોકુલ બિલાસી હૈ. (૧)
મુદિત મુકુંદ પૂર્ણ ગોપાલ આત્મા હૈ
અમરત્વ ગોરસ પિબત અવિનાસી હૈ
બ્રહ્મવિદ્યા મધુ તાકી મધુરી મધુપુરી
જહાં બિચરત જીવ ગૌલોક કૌ નિવાસી હૈ. (૨)

(૨૧)

બ્રજભાષે હૌં ભૂલિ સકત કબહૂં નહિ તોકોં
તેરી મહિમા ઔર મધુરિમા મોહત મોકોં (૧)
વહ બૃંદાબન, નંદગાંવ, ગોકુલ, બરસાનો
જહાં સ્વર્ગ કૌ સાર અવનિતલ પૈ સરસાનો (૨)
વહ કાલિંદી કુલ કલિત કલરવ વા જલ હૌ
ઝલકત જામેં સ્યામ બરન અજહૂં સ્યામન કોં (૩)
વહ હરીલ કે કુંજ ચીર ઉરઝાવન હારે
રહૈ આપ બલબીર જહાં સુરઝાવન હારે (૪)
(રાષ્ટ્રકવિ મૈથિલીશરણ ગુપ્ત)

(૨૨)

નવ સિદ્ધિ ધરા, રસ સિદ્ધિ ધરા,
રજ કે પરસે મન મોદ મિલૈ,
તપસ્વી, ગુરુ, સંતન કી જનની,
બ્રજબાસિન હાસબિનોદ મિલૈ. (૧)

અગિલે પિછલે જબ પુન્ય કરૈં
તૌ તરેટી રમૈં ઔ પ્રમોદ મિલૈ,
બિધના બ્રજધામ કૌ બાસ મિલૈ,
મોહિ શ્રીગિરિરાજકી ગોદ મિલૈ (૨)
(રાધાગોવિંદ પાઠક)

**(૨૩)**

કહાં લોં કહિએ બ્રજ કી બાત.
સૂન હૂ સ્યામ તુમ બિનુ ઉન લોગનિ,
જૈસે દિવસ બિહાત (૧)
ગોપી, ગાઇ, ગ્વાલ, ગોસુત સબ,
મલિન વદન કૃસ ગાત
પરમ દીન જનુ સિસિર હેમ હત,
અંબુજગન બિનુ પાત (૨)
જો કોઇ આવત દેખિ દૂર તેં,
ઉઠિ પૂછત કુસલાત
ચલન ન દેત પ્રેમ આતુર ઉર,
કર ચરનનિ લપટાત (૩)
પિક ચાતક બન બસન ન પાવત,
વાયસ બલિ નહીં ખાત
**'સૂર સ્યામ'** સંદેસનિ કે ડર,
પથિક ન ઉહિ મગ જાત (૪)

(24)

ઊધૌ, મોહિ બ્રજ બિસરત નાહીં
બૃંદાબન ગોકુલ બન ઉપબન,
સઘન કુંજ કી છાંહીં. (૧)
પ્રાત સમય માતા જસુમતિ
અરુ નંદ દેખિ સુખ પાવત,
માખન રોટી દહ્યો સજાયૌ,
અતિ હિત સાથ ખવાવત. (૨)
ગોપી ગ્વાલ બાલ સંગ ખેલત,
સબ દિન હંસત સિરાત
**'સૂરદાસ'** ધનિ ધનિ બ્રજબાસી,
જિન સૌં હિત જદુતાત (૩)

**(૨૫)**

રે મન તું બૃંદાબિપિન નિહાર
જદપિ મિલૈ કોટિ ચિંતામનિ,
તદપિ ન હાથ પસાર (૧)
બિપિન રાજ સીમા કે બાહર,
હરિ હૂ કો ન નિહાર
જૈ **'શ્રીભટ્ટ'** ધૂલિ ધુસર તન
યહ આસા ઉર ધાર (૨)

**(૨૬)**

બ્રજ કે પરમ સનેહી લોગ
ગારી દૈ હંસ મિલત ગહવરે, અંતર પ્રેમ સંજોગ(૧)
પ્રેમ રૂપ રસ દંપતી લીલા, યહ તિન કો નિત ભોગ
**'નાગરીદાસ'** સદા આનંદી, સપને હૂ ન સોક (૨)

**(૨૮)**

જો સુખ લેત સદા બ્રજબાસી
સો સુખ સપને હૂ નહિ પાવત,
જો જન હૈં બૈકુંઠનિવાસી. (૧)
હ્યાં ઘરઘર વ્હૈ રહ્યો ખિલૌના,
જગત કહત જાકો અવિનાસી
**'નાગરીદાસ'** વિસ્વ સેં ન્યારી,
લગિ ગઇ હાથ લૂટ સુખરાસી (૨)

## શ્રીગોકુલ ગુણગાન :

**(૧)**

સદા મન શ્રીગોકુલમેં રહિયે
ગોબિંદ ઘાટ છોંકર કી છૈયાં, બૈઠક દરસન પૈયે (૧)
જમુના પુલિન સુભગ બૃંદાબન ગિરિ ગોવર્ધન જૈયે
ઘર ઘર ભક્તિ ભાગવત તન મન પ્રાન બિકૈયે (૨)
શ્રીબિઠ્ઠલનાથ બિરાજત નિસદિન ચરનકમલ ચિત્ત લૈયે
શ્રીવલ્લભ પદ કમલ કૃપા તેં ઈનકે **'દાસ'** કહૈયે (૩)

**(૨)**

સુખ નિધિ શ્રીગોકુલ કો બસિબૌ
છિન છિન બારબાર સખીરી,
શ્રીવલ્લભમુખ નિરખિ હુલસબૌ (૧)

ગૃહગૃહન પ્રતિ કુંજન કુંજન
પિય સંગ હેલિ પરસ્પર હસિબૌ
ઐસી કનક કસૌટી ઉપર,
સુભગ પ્રેમવલિત તન હસવૌ (૨)
જમુના તીર મહારાજ સોં મિલિ,
ભાવે અંગોઅંગ પરસવો
દંપતી રૂપ રાસિ સુખ સીમા,
**'માધૌદાસ'** યહી રંગ રસવૌ (૩)

## શ્રીવૃંદાવન-વાસ :

**(૧)**

બૃંદાબન એક પલક જો રહિયે
જનમ જનમ કે પાપ કટત હૈ કૃષ્ણ કૃષ્ણ મુખ કહિયે (૧)
મહાપ્રસાદ ઔર જલ જમુના કો તનક તનક ભરિ લહિયે
**'સૂરદાસ'** બૈકુંઠ મધુપુરી ભાગ્ય બિના કહાં તે પૈયે (૨)

**(૨)**

જહં જહં ચરનકમલ માધૌ કે તહં તહં મનમોર
જો પદકમલ ફિરત બૃંદાબન ગોધન સંગ કિસોર (૧)
ચિંતન કરૌં જસોદાનંદન મુદિત સાંઝ અરુ ભોર
કમલનયન ઘનસ્યામ સુભગ તન પીતાંબર કે છોર (૨)
ઈષ્ટ દેવતા સબ બિધિ મેરે, જો માખન કે ચોર
**'પરમાનંદદાસ'** કી જીવનિ ગોપીનિ પર ઝકઝોર (૩)

**(૩)**

લગૈ જો શ્રીબૃંદાબન કો રંગ
મન કે મૈલ સબે છુટ જૈહે, અરુ બિષયન કો સંગ (૧)
રાધાવર સેવતિ અરુ સુમરતિ ઉપજત લહર તરંગ
સખીભાવ સહજ હોય છિનુ મેં, પુરુષભાવ હોય ભંગ (૨)
દેહ અભિમાન સબૈ છૂટ જૈહે, મનસા હોય અપંગ
**'પરમાનંદ'** નંદનંદન ભજ મિટિ હૈ કોટિ અનંગ (૩)

**(૪)**

હરિ રસ બૃંદાબન તેં આયો
ભગવદીયજન પીબન કારન, શ્રીબ્રજનાથ પઠાયો (૧)
બાંટિ લિયો અપની અપની રુચિ, જો જાહે મન ભાયો
**'સૂરદાસ'** પ્રભુ રસિક બિનોદી, સો રસ રસિકન પાયો(૨)

**(૫)**

ધનિ ધનિ બૃંદાબન કે વાસી
નિસિદિન ચરનકમલ અનુરાગી,
સ્યામા સ્યામ ઉપાસી (૧)
અષ્ટ મહાસિદ્ધિ દ્વારે ઠાડી,
રમા ચરનકી દાસી
યા રસ કો જો મરમ ન જાન્યો,
જાય બસો કિન કાસી (૨)
ભસ્મ લગાય ગરે લિંગ બાંધો
નિસિદિન ફિરો ઉદાસી
**'પરમાનંદદાસ'** કો ઠાકુર સુંદર ઘોષનિવાસી (૩)

**(૬)**

શ્રીબૃંદાબન મેં જમુના સોહે
જિનકે ગુન અરુ સોભા નિરખત મદનમોહન પિય મૌહૈ
સદા સંજોગ રહત ઈનહી કો, હરિરસ સોં અતિ પાગી
**'રસિક'** કહૈ ઈન કે સુમિરન તેં, હરિચરનન અનુરાગી.

**(૭)**

શ્રીજમુનાજી તિહારો પુલિન મોહિ ભાવૈ
સુર બ્રહ્માદિક ધ્યાન ધરત હૈ,
સો સુપને નાહિ પાવૈ (૧)
બિચ બિચ કુંજસદન અતિ સુંદર,
સ્યામા સ્યામ સુહાવૈ
ચહું દિસ સકલ ફૂલ અતિ ફૂલૈ,
ગુહિ ગુહિ કંઠ ધરાવૈ (૨)
કુસુમન કુ જો બીજના સંવારૈ,
સખિયન બાંહિ ઢુરાવૈ
**'સૂરદાસ'** પ્રભુ સબ સુખસાગર,
દિન દિન સોભા પાવૈ (૩)

## શ્રીગિરિરાજજી - ગૌરવ - ગાથા :

**(૧)**

તરહટી શ્રીગોવર્ધન કી રહિયે
નિત્ય પ્રતિ શ્રીમદનગોપાલ લાલકે ચરનકમલ ચિત્ત લહિયે.
તન પુલકિત બ્રજરજમેં લોટત, ગોબિંદકુંડ મેં ન્હૈયે
**'રસિક'** પ્રીતમ હિત ચિત કી બાતેં, શ્રીગિરિધારીજી સોં કહિયે.

(૨)

સુખનિધિ શ્રીગિરિરાજ તરહટી
કુંડ કુંડ જલ અચવન ન્હાવત, પુનિ પુનિ રજમેં લૌટી.
ધરત ભોગ બેજર કી રોટી, ઉપર મેવા ટેંટી
**'રસિકદાસ'** જન શ્રીવલ્લભ કો પરસિ, સકલ દુઃખ મેટી.

(૩)

હૌં હરિદાસવર્ય પેં વારી
સીતલ ઝરના નિરંતર,
પવન સુગંધ પરમ સુખકારી (૧)
બૃંદાબન કે પરમ મુકુટમનિ,
ભક્તજનન કે અતિ હિતકારી
નંદનંદન ક્રીડત નિસિવાસર,
સંગ સોભિત બૃખભાનદુલારી (૨)
નિત શ્રીવલ્લભ બિઠ્ઠલ રાજત,
કોટિ કલા પ્રગટે અવતારી
ભજનાનંદ દૈ નિજદાસન,
પૂરન કામ ત્રયતાપ નિબારી (૩)
જો જન છિનુભર રહત તરહટી,
તાકી કથા કૌ કહૈ બિસ્તારી
જ્ઞાન વૈરાગ્ય તાકી રજ ચાહત,
ડોલત મુક્તિ બિચારી
પુરન ભાગ્ય પુલિંદીનન કે,
વિમલ કથા સુક બ્યાસ બિચારી
**'રસિકદાસ'** જન યહી માંગત હૈં,
જનમ જનમ ઈન કો અનુસારી (૪)

(૪)

ધન્ય હરિદાસવર્ય સુખરાસિ
નંદનંદન કો પરમ રમન સ્થિતિ,
ભક્તજનનકે પ્રેમ પ્રકાસી
પૂરન ભાગ્ય પુલિંદિનીન કે
અકથ કથા ગુન સકલ નિવાસી
શ્રીવલ્લભ વલ્લવી નિત્ય ક્રીડત,
**'રસિકદાસ'** જન દરસન પ્યાસી.

(૫)

યહ તુમ સોં માંગૌ ગિરિરાઇ
જનમ જનમ તરહટી બસિવૌ,
બ્રજરજ તજિ ચિત્ત અનત ન જાઇ. (૧)
હરિ સેવા રસપાન કરૌં,
ઔર શ્રીભાગવત રસ મુખ ગાઇ
**'રસિકદાસ'** યહી જન કી પ્રતિજ્ઞા,
શ્રીવલ્લભકુલ નિત્ય સિરનાંઇ. (૨)

## શ્રીયમુના-વંદના :

(૧)

શ્રીજમુના પાન કરત હી રહિયે
બ્રજ બસિવો નીકો લાગત હૈ, લોકલાજ દુઃખ સહિયે
શ્રીવલ્લભ શ્રીબિઠ્ઠલ ગિરિધર ગાવત સબ સુખ પૈયે
**'બ્રજપતિ'** મુખ અવલોકિ, મહાસુખ દરસત દગ ન અઘૈયે.

(૨)

અતિ મંજુલ જલપ્રવાહ મનોહર સુખ
અવગાહત વિદિત રાજતિ અતિ તરણિનંદિની.
સ્યામ બરન જલક રૂપ લોલ લહર વર અનૂપ
સેવિત સંતત મનોજ વાયુમંદિની. (૧)
કુમુદ કુંજ બન બિકાસ મંડિત દિસ દિસ સુબાસ
કુજત અલિ હંસ કોકિલ મધુર છંદિની.
પ્રફુલ્લિત અરવિંદપુંજ, કોકિલ કલકલ-સાર ગુંજ
ગાવત અલિ મંજુલ પુંજ, વિવિધ વંદિની. (૨)
નારદ સિવ સનક વ્યાસ દયાવૃત મુનિ ધરત આસ
ચાહત પુલિન વાસ, સકલ દુઃખ નિકંદિની.
નામ લેત કટત પાપ મુનિ કિન્નર ઋષિ કલાય,
કરત જાપ **'પરમાનંદ'** મહા આનંદિની. (૩)

(૩)

પ્રફુલ્લિત બન વિવિધ રંગ ઝલકત જમુના તરંગ
સૌરભ ઘન આમોદિત અતિ સુહાવનો.
ચિંતામનિ કનકભૂમિ છબિ અદ્ભુત લતા ઝૂમિ
સીતલ મંદ અતિ સુગંધ આવનો. (૧)
સારસ હંસ સુક ચકોર મિત્રિત નૃત્યત સુમોર
કલકપોત કોકિલા કલ મધુર ગાવનો.

જુગલ રસિકવર વિહાર **'પરમાનંદ'** છબિ અપાર
જયતિ ચારુ વૃંદાવન પરમ ભાવનો.

**(૪)**

શ્રીજમુનાજી નિરખત સુખ ઉપજત
સન્મુખ વૃંદાવિપિન સુહાયે
શ્રીવિશ્રામ વલ્લભજુકી બૈઠક
નિર્મલ જલ જમુના કે નહાયે
ભુજ તરંગ સોહત અતિ નીકે
ભંવર કંકન સુહાયે
બ્રજપતિ કેલિ કહા કબિ બરને
સેસ સહસ્ર મુખ પાર ન પાયે.
સ્રમજલ સહિત અગાધ મહારસ,
લીલાસિંધુ તરંગન છાયે
સકલ સિદ્ધિ અલૌકિક દાતા,
જે જન તહિ ચરનન ચિત્ત લાયે.
રવિ મંડલ દ્વાર હોય પ્રકટી
ગિરિ કલિંદ સિર તેં બ્રજ ધાયે
**'હરિદાસ'** પ્રભુ સોભા નિરખત
મન, કર્મ, બચન ઈનકે ગુન ગાયે.

**(૫)**

શ્રીજમુનાજી તિહારો દરસ મોહિ ભાવૈ ।
શ્રીગોકુલ કે નિકટ બહત હો,
લહરન કી છબિ આવૈ ॥
દુઃખહરની સુખ કરની, શ્રીજમુનાજી,
જો જન પ્રાત ઊઠિ ગાવૈ ।
મદનમોહન જુ કી ખરી યે પિયારી,
પટરાની જુ કહાવૈ ॥
બૃંદાબન મેં રાસ રચ્યો હૈ,
મોહન મુરલી બજાવૈ ।
**'સૂરદાસ'** પ્રભુ તિહારે મિલન કો,
બેદ બિમલ જસ ગાયૈ ॥

**(૬)**

તુમ સમ ઔર ન કોઈ શ્રીજમુનાજી ।
કરો કૃપા મોહિ દીન જાનિ કે, નિત બ્રજબાસો હોઈ ॥
રાખો ચરન સરન તરનિ તનયા, જનમ આપદા ખોઈ ।
યહ સંસાર સ્વારથ કો સબબિધ, સુત બંધુ સગો ન હોઈ ॥
પ્રેમ ભજનમેં કરત વિઘ્નતા, સંત સંતાપે સોઈ ।
તા કો સંગ મોહિ સુપન ના દીજૈ, માંગત નયનભર રોઈ ॥
ગરલપાન ડારત અમૃતમેં બિષયા રસ સોં મોઈ ।
**'રસિક'** કહૈ દીન હોઈ માંગૌ, લહર સમુદ્ર સમોઈ ॥

## વ્રજની શોભા :

**(૧)**

બોલે માઈ ગોવર્ધન પર મુરવા ।
તૈસી યે સ્યામઘન મુરલી બજાઈ,
તૈસે હી ઉઠે ઝુક ધુરવા ॥
બડી બડી બુંદન બરખન લાગ્યો,
પવન ચલત અતિ ઝુરવા ।
**'સૂરદાસ'** પ્રભુ તુમ્હારે મિલન કો
નિસિ જાગત ભયો ભુરવા ॥

**(૨)**

જહાં તહાં બોલત મોર સુહાયે ।
સાવન રમન ભવન બૃંદાબન ઘોર ઘોર ઘન આયે ॥
નેન્હી નેન્હી બુંદન બરખન લાગે, બ્રજમંડલ પે છાયે ।
**'નંદદાસ'** પ્રભુ સંગ સખા લિયે, કુંજન મુરલી બજાયે ॥

**(૩)**

દેખોરી માઈ નઈ બરખા રિતુ આઈ ।
ઉમગિ ઘટા ચહું દિવસ તે, જુર જુર બિજુરી ચમક સુહાઈ ॥
દાદુર મોર પપૈયા બોલત કોયલ સબદ સુહાઈ ।
નિસદિન રહત સદા પ્રીતમ સંગ, નિરખત નેન અઘાઈ ॥
ધન જમુના ધન પુલિન મનોહર વાયુ બહત સુખદાઈ ।
**'સૂરદાસ'** પ્રભુ કી છબિ પર નેનન નીર બહાઈ ॥

**(૪)**

ધરતી જુ દુલહનિ મેઘ દુલ્હે બ્યાહન કો આયો ।
ઈન્દ્ર કે દમામા બાજે, બુંદન કો સહેરો છાજે,
ગરજ નિસાન, આતસબાજી બરન બરન
બદરા બરાતી લાયો ॥
કોયલ ગાવત પપૈયા બજાવત દાદુર નૃત્ય નચાયો ।
**'સૂરદાસ'** પ્રભુ તિહારે મિલન કો આનંદ મંગલ ગાયો ॥

(૫)

બૃંદાબન કયોં ન ભયે હમ મોર ।
કરત નિવાસ ગોવર્ધન ઉપર નિરખત નંદકિસોર ॥
કયોં ન ભયે બંસીકુલ સજની અધર પિબત ઘનઘોર ।
કયોં ન ભયે ગુંજા બન બેલી રહત સ્યામ જુકી ઓર ॥
કયોં ન ભયે મકરાકૃત કુંડલ સ્યામ સ્રવન ઝકઝોર ।
**'પરમાનંદદાસ'** કો ઠાકુર ગોપિન કે ચિત્ત ચોર ॥

(૬)

મધુબન સ્યામ કરત હૈ બિહાર ।
રહી ઢરકિ રંગ પાગ ગુલાબી, ગાવત રાગ મલ્હાર ॥
તેસોહી પિછોરા લાગત ભારી, મોતીન માલ સંવાર ।
**'સૂર'** ઘટા ઘુમડી ચહું દિસ તેં તિન કી પરત ફુહાર ॥

(૭)

હમારે માઈ સ્યામાજુ કો રાજ ।
જાકે આધીન સદા હી સાંવરો યા બ્રજ કો સિરતાજ ॥
યહ જોરી અવિચલ શ્રીબૃંદાબન નહીં ઔરન સોં કાજ ।
શ્રીબિઠ્ઠલ બિપિન બિહારિન કે સંગ જયોં જલધર સંગ ગાજ ॥

## વ્રજ - લોકબોલીમાં :

(૧)

બ્રજ ચૌરાસી કોસ કી પરિક્રમા જો દેય ।
તૌ લાખ ચૌરાસી જોનિ કે સંકટ હરિ હર લેય ॥
જૈ જૈ બ્રજભૂમિ, જૈ જૈ બ્રજભૂમિ ॥

(૨)

ચારોં ધામોંસે નિરાલા બ્રજધામ, દર્સન કર લો જી ।
દર્સન કર લો, સુમિરન કર લો, દર્સન કર લો જી ॥
લેકર રાધાજી બિહારીજી કો નામ, દર્સન કર લો જી ॥

(૩)

કાન્હા બરસાનમે મેં આ જઈયો, બુલાઈ ગઈ રાધા પ્યારી ।
હૈં એક દૂજે કે પ્રેમપુજારી, દોઉ મિલકેં ભયો જી એક નામ
કિ દર્સન કર લો જી ॥

(૪)

બૃંદાબન સુહાવન, કયા કહિએ?
ભયો પ્રેમ સોં પાવન, કયા કહિએ?
કહું બાંકે બિહારી, કહું કુંજબિહારી
સ્વામી હરિદાસ હરિ પૈ બલિહારી
આજ હૂ રચાવે યહાં રાસ મુરારિ,
કુંજન કી છટા અભિરામ, કિ દર્સન કર લો જી.

(૫)

સાધુ સંતન કી ભૂમિ બ્રજભૂમિ ।
જાતી નૈનન સેં ચૂમી બ્રજભૂમિ ॥
ઓ સૂરદાસ પ્રભુભક્તિ મેં લાગે ।
કવિ રસખાન બિરજ અનુરાગે ॥
હો કે દાસી મીરાં સબ રસ ત્યાગે ।
સો નિહારે તો દેખેંગી બ્રજભૂમિ ॥

(૬)

મૈં તો ગોવર્ધન કૂં જાઊં મેરી બીર,
નાંય માને મેરો મનુઆ ।
સાત સેર કી કરૌં કઢૈયા,
અરી પૂરી પુઆ બનાઊં મેરી બીર ॥
નાંય માને મેરો મનુઆ,
મૈં તો ગોવર્ધન કો જાઊં મેરી બીર ॥
ટોસા બાંધ બગલ મેં રાખૂં,
અરી મૈં તો મન આવૈ વહાં ખાઊં મેરી બીર ।
સાત કોસ કી દૈ પરિકમ્મા,
અરી મૈં તો માનસીગંગા ન્હાઊં મેરી બીર ।
નાંય માને મેરો મનુઆ,
મૈં તો ગોવર્ધન કૂં જાઊં મેરી બીર ॥

(૭)

લગિ રહી આસ કરૌં બ્રજબાસ, તરહટી ગોવર્ધન કી મૈં ।
ભજન કરૌં ઔર ધ્યાન ધરૌં, છૈયા કદમન કી મૈં ।
સદા કરૌં સત્સંગ મંડલી સંત જનન કી મૈં ।
પલકન ડગર બુહાર રેનુકા બ્રજગલિયન કી મૈં ॥
સીસ ચઢા રજ અંગ લિપટાઊં કૃષ્ણચરનન કી મૈં ।
કરૌં ગંગ સ્નાન માનસી હરન અઘન કી મૈં ।
અભિલાસી પ્યાસી રહેં અખિયાં હરિદરસન કી મૈં ।
ભૌર લગૈ ઘર ઘર તે ભિચ્છા, કરૌં દ્વિજન કી મૈં ।
ગંગા જલ મેં ધોય ભેંટ કરૌં નંદનંદન કી મૈં ।
સીત પ્રસાદ હિ પાય કરૌં સુદ્ધિ નિજ તન કી મૈં ।
સેવા મેં મૈં સદા રહૂં, નિજ બ્રજભક્તન કી મૈં ।

(૮)

મેરી બ્રજ બૃંદાબન ધામ લગૈ મોય જય તે પ્યારૌ હૈ ।
જગ મોય પૂજૈ સીસ નવાવેં ।
યહાં ગોપી નિત નાચ નચાવેં,
યોગિન તે દુર્લભ ગતિ પાવેં ।
યહાઁ યસોદા માત પે સ્વયં બંધાઊં હાત ।
વહાઁ જગ કો પાલન કરૌં, યહાં ચોરિ ચોરિ દધિ ખાત ॥
ચક્ર સુદર્શન ત્યાગી બન્યૌ યહાં બંસીબારૌ હે ।
જાહિ બેદ કહિ નેતિ પુકારે
સો યશુદા કે ખેલૈ દ્વારેં
જ્ઞાની ધ્યાની ખોજત હારેં ॥
બેજર કી રોટી મિલેં, પ્રેમ ભરી ફટકાર ।
દેહ ધરે કૌ ફલ મિલ્યૌ, સુફલ ભયૌ અવતાર ॥
સાલ દુસાલા છોડ સ્યામ લિયો કામર કાટી હૈ મમ

## વ્રજ ગુજરાતીમાં :

(૧)

તેનું ધનભાગ્ય ભવમાં, જેણે વ્રજમંડળ જોયું,
જેણે વ્રજરજમાં તન રોળ્યું,
તેણે જનમમરણ ખોયું (૧)
શ્રીવૃંદાવન રાસરમણ સ્થળ,
જેણે નયને નિરખ્યું,
તેના ભાગ્યમાં કેટલુંક સુખ છે
તે કોઈથી ન જાય પરખ્યું...(૨)
શ્રીજમુનાજળ સ્નાન-પાન સહેજે
તેહને નૂતન તનુ મળિયું,
કદાપિ કુશ્ચિત કર્મ બને તો
એ જમપુરી જાવું ટળિયું...(૩)
ચોરાસી કોશી પરિક્રમા કીધી,
તેને ચોરાસી નથી ભમવું,
વન ઉપવન જોઈ આનંદ આવ્યો,
તેને હરિસંગે ઠર્યું રમવું...(૪)
શ્રીગોવર્ધન મહારાણી જેણે
પ્રેમ ધરીને પૂજયાં,
તેની એકોતેર શત પેઢી તરી,
તેને હરિનાં ચરણ સૂઝયાં...(૫)
સેવ્યા સમર્યા જેણે નંદનંદન
શ્રીગોકુલ માંહે વસીને,
**'દયા'** નો પ્રિતમ તેને પ્રેમે પોતાનો
કરી હાથ ગ્રહે હસીને...(૬)

(૨)

સુંદર ગોકુળિયું જોવાના મુજને કોડ,
તે મુજને દેખાડો જી,
જયાં છે લાલ ગિરિધારીજીની જોડ,
તે મુજને ઓળખાવો જી....૧.
એ છે અવનિ કેરા ભૂપ,
તે મુજને દેખાડો જી,
સુંદર જમુનાનું નીર,
તે મુજને દેખાડો જી...૨.
સુંદર ઠકુરાણીનો ઘાટ,
તે મુજને ઓળખાવો જી,
મારો વ્હાલો કરે જયાં રાસ,
તે મુજને દેખાડો જી...૩.
નયનાં ભરીને નિહાળું ગિરિરાજ,
તે મુજને દેખાડો જી,
જેણે સાર્યાં **'માધવદાસ'**નાં કાજ
તે મુજને ઓળખાવો જી...૪.

(૩)

સુંદર શ્રીગોકુળગામ રે બિહારી શ્યામ
બ્રહ્મસંબંધનું ઠામ રે બિહારી શ્યામ..૧.
શ્રીમહારાણીજીની વાટ રે, સોહે શ્રીગોવિંદઘાટ,
દૈવી જીવને કાજ રે, પ્રકટ્યા શ્રીવલ્લભરાય..૨.
શ્રીપુરુષોત્તમે કરુણા કરી, શ્રીવલ્લભ દ્વિજ દેહ ધરી,
પોતાનાં જે જન રે, વિછર્યો છે બહુ દિન રે...૩.
સમર્પણ આપ્યાં સુખસાર, થયો સેવાનો અધિકાર,
ઊંચનીચ સહુ શરણે લીધાં, સર્વે તે પોતાનાં કીધાં...૪.
**ગ્રહી છે દૃઢ કરી બાંહ્ય**, રાખો ચરણકમળની છાંય,
**દયા કરો દીનાનાથ** રે, સેવા શ્રીગિરિધરજીને હાથ રે...૫.
**રાખો ચરણકમલની છાંય** રે, શોભા જોઈ **'વલ્લભદાસ'** રે,
**દેજો તે વ્રજમાં વાસ રે, દોષ** કોટિ નિવારી કીધાં કાજ રે...૬.

(૪)

શ્રીગોકુળ સુખ વાસ વસીએ
શ્રીવલ્લભવિઠ્ઠલ ચરણસ્પર્શ કરીએ
અતિ પુનિત જમુનાજળ પીએ...૧.
શ્રીગિરિધર, ગોવિંદ, બાલકૃષ્ણ
શ્રીગોકુલનાથ નિરખી સુખ લીજે
શ્રીરઘુપતિ, જદુપતિ, ઘનશ્યામ
સર્વે મંદિર દર્શન નિત્ય કીજે...૨.
રમણ રેતી અતિ પરમ મનોહર
ટીલન પર જાય લોટીએ,
વલ્લભ છોંકર છાંય નિરંતર
વૈષ્ણવ સંગ ઘેરે રસ પીજીએ...૩.

(૫)

ચાલો, સખી, શ્રીગોકુળ જઈએ, નિર્મળ યમુનાજી ન્હાઈએ
હે અખંડ વ્રજવાસી થઈએ...૧.
નિત્ય પ્રતિ જસોદા ઘાટે, મહાપ્રભુ ઊભા રંગીલી વાટે,
તે પ્રગટ્યા ભક્ત રસિક માટે...૨.
શ્રીગોકુળપતિ દાન દીએ ભારી, અંગીકૃત કીધી છે નારી
સદા પ્રભુ મહામંગલકારી...૩.
પ્રાણજીવન મંદિરમાં રાજે, ભક્તતણાં મહાદુઃખ ભાજે
આનંદ શ્રીગોકુળમાં ગાજે...૪.
નૈણાં ભરી પ્રિતમજી નિરખું, જન્મ સફળ કરીને લેખું
રમણ સ્થળ ભાવ કરી પેખું...૫.
શ્રીગોકુળ રંગ તણી રેલી, લતાદ્રુમ ફૂલી રહી વેલી
નિરખતાં થઈ રહી ઘેલી...૬.
સ્ફાટિક મણિ ગોવર્ધન સોહે, શ્રીવૃંદાવન જોતાં મન મોહે
તે સ્થળ જન્મોજન્મ જોઈએ...૭.
શ્રીગોકુળ વસીએ રે હેલી, શ્રીમહારાણી સહાય કરે વહેલી
ખેલું જઈ સખી સર્વે પહેલી...૮.
શ્રીમહારાણી ઘેરાં બહુ ભાવે, ભકત સહુ દર્શન આવે
તે તો લઈ પુષ્પે વધાવે..
**'માધવદાસ'**ને મન ભાવે...૯.

(૬)

ધન્ય શ્રીયમુના મા, કૃપા કરી શ્રીગોકુળવ્રજ સુખ આપજો,
વ્રજની રજમાં અહર્નિશ અમને સ્થિર કરીને સ્થાપજો
તમે મોટાં છો શ્રીમહારાણી, જીવ તણી કરુણા જાણી,
શરણે લેજો અમને તાણી.

(૭)

જ્યાં શ્રીવૃંદાવન આદિ અચલ શશી, શરદ રેન બહુ વેશ,
વનદેવી પદ કુમકુમ મુખ સુખ, પરસે રંગ વિશેષ.
જ્યાં સરિતા ચામીકર મણિગણ, ઉભય બદ્ધ સોપાન,
કમલ કુમુદ નાના અલિ સુંદર, મધુર કરે ત્યાં ગાન.
કનકલતા માલતી મલ્લિકા, વિવિધ કુસુમ મકરંદ,
શીતલ પવન ઝકોરે લહેરે, પરસે અતિ આનંદ.
પદ્મરાગ મરકત મણિ સ્ફાટિક, શ્રીગોવર્ધન સોહે,
બ્રહ્મા રુદ્ર ત્યાં કોણ બાપડા, શ્રીહરિનું મન મોહે.
નાના પક્ષીની શબ્દ માધુરી, શોભા તણો નહિ પાર,
વિવિધ પ્રકારે જૂજવા કહેતાં, ગ્રંથ થાય વિસ્તાર.
શ્યામા શતદલ નયન સુંદરી, જૂથ તણો નહિ પાર,
અનેક રાસમંડલ રચના રચી, ખેલે શ્રીનંદકુમાર.
એણી પેરે નિત્ય નવલી લીલા, ઘોષ વાદ્ય ઝંકાર,
અંગ સ્વેદ મકરંદે મોહ્યા, મધુપ કરે ગુંજાર.

(૮)

ત્યાંથી શ્રીવૃંદાવન પાઉં ધારિયા, જ્યાં મધુપ કરે ઝંકાર,
કુસુમ દ્રુમ નવ મલ્લિકા, મકરંદનો નહીં પાર.
તરુ તમાલ અતિ શોભિતાં, હેમ જૂથિકા સંઘોડ,
લલના તે સુભગ લટકંતાં, દીસે તે મોડામોડ.
તાન ધૂનિ મુનિ મયૂર રૂપે, સાંભળે ધરી ધ્યાન,
નિત્ય લીલા ગાન શ્રવણે કરે તે મધુપાન.
કુંજસદન સોહામણું શોભા તણો નહિ પાર,
વિવિધ રાસલીલા કરે, વ્રજમાં ખેલે નંદકુમાર.

(૯)

ભજ મન વ્રજસદનં,
ધુરિ ધુસર શ્રીમુખની લાગે, નિરખ વદન નંદકુમારં..૧.
કુંજ નિકુંજ વેલી દ્રુમ શોભે, કદંબ શ્યામ તમાલં,
ગિરિ શિખરે વન ગહવરે નાચે, કોકિલ કલરાવં...૨.

કુંડ કુંડ વિમલ જલતરંગ લહેરે, કમળ મધુર ગુંજારં,
મદમાતી ગોપી ડોલે, ગ્વાલ હીંડે કર લકુટી લાલં..૩.
પેંડા, બાટી ગોવર્ધન આરોગે, બંદરની ભર ચારં,
જમુનાપુલિન મધુર લાગે, રમણ મનોહર વ્રજરજં...૪.
વલ્લભ વિઠ્ઠલ રાધારમણ બિરાજે, નિત્ય નિત્ય આનંદે,
વાયુ સુખ, જલ સીતલ, ગાળી મીઠી, મધુર સુભાષં..૫.
મન મોદ બઢાવે, આતમ સુખ આપે, અલૌકિક વ્રજદેશં,
સદા ત્યાં વાસ વસીએ, પરસીએ ચરણકમલ સુખકંદ...૬.

**(૧૦)**

વર્ણવું શ્રીવૃંદાવન સુખધામ કે, શોભા ત્યાં ઘણી રે લોલ,
જમનાનાં નીર વહે ગંભીર કે, ગોવર્ધન ગિરિ રે લોલ..૧.
બંસીબટ સુંદર ઘનઘોર કે, નિકુંજ છબી શી કહું રે લોલ,
ફૂલ્યાં ભારે અઢારે દ્રુમ કે, નામ પણ શું કહું રે લોલ...૨.
ફૂલ્યો ચંપો ને કચનાર કે, કમળ ને કેતકી રે લોલ,
ફૂલી ગુલઘાટી ગુલબાસ કે, ચમેલી માલતી રે લોલ...૩.
ત્યાં ઘનશ્યામ ચરાવે ધેનુ કે, બજાવે વાંસળી રે લોલ,
સ્વર સુણી ગોકુળની વ્રજનારી કે, ચિત્તડેથી ચળી રે લોલ..૪.
કીધા અવળ સવળ શણગાર કે, સહુ ટોળે મળી રે લોલ,
ચાલી સહુ સખીઓ મળી સાથ કે, મુખભૂખખાન ઢળી રે લોલ..૫.
આવી વૃંદાવન સુખધામ કે, જયાં ઊભા હરિ રે લોલ,
કટિ પર કર મૂકયો વ્રજનાથ કે, અધર મોરલી ધરી રે લોલ...૬.
એવી છબી જોઇને વ્રજનાથ કે, ઘણી થઇ આતુરી રે લોલ,
કીધા હાવ ભાવ સન્માન કે, વધારી ચાતુરી રે લોલ...૭.
સુંદર શ્યામ હરિ કર ઝાલ્યા કે, ગયા મળી કુંજમાં રે લોલ,
મચ્યો ત્યાં રાસ વિલાસ અનેક કે, રતિ સુખ સંગમાં રે લોલ...૮.
એવી લીલા અપરંપાર કે, નહિ ગાઇ શકું રે લોલ,
**'બદરી'** કહે કે શું ગાઉં કે, મહામતિ મંદ છું રે લોલ...૯.

**(૧૧)**

સાચા સંબંધી રે શ્રીગોકુળ કયારે જઇશું?
આપણે બે બેલડીએ વળગી, શ્રીયમુનાજીમાં નાહીશું.
શ્રીગોકુલની ગલીએ ગલીએ, ગુણ ગોવિંદના ગાઇશું...૧.
શ્રીગિરિધારી અલબેલા જોઇને, મન માન્યાં લાડ લડીશું,
**'ભીમ'**ના ઠાકોરને જઇ ભેટશું, સદા સોહાગી થઇશું...૨.

**(૧૨)**

ગોકુળ નાનું ગામડિયું, શા માટે આવો શ્યામ?
શા માટે આવો શ્યામ? શા માટે આવો શ્યામ?
પ્રથમ વિસારી ધેનુ હતી પ્યારી,
હવે તો ભૂલ્યા છો, બાવા નંદજીનું ધામ- ગોકુળિયું...૧.
મથુરાની અંદર મણિમય મંદિર,
આ માટીથી બનેલાં, તમને કયાંથી ગમે ગામ? ગોકુળિયું...૨.
કુબ્જા નારી, કંસ તણી દાસી,
તેમાં જઇ લોભાણા, ભૂલી ગયા છો તમામ..ગોકુળિયું..૩.
કહે કવિ **'પિંગળ'** મૂરતિ છે મંગળ,
પ્રભુ હૃદયે વસો તો, મારે શું બીજું કામ- ગોકુળિયું...૪.

## વ્રજ-રાષ્ટ્રનેતાઓની વાણીમાં :

### ૧. વ્રજ ગ્વાલ બનવાની કામના (રવીંદ્રનાથ ટાગોર)

*(બંગાળીમાંથી અનુવાદ)*

હું સસભ્યતાનું આ જગત તજી દેવા રાજી છું.
હું નવ બંગમાં નવયુગનો ચાલક થવા નથી ઇચ્છતો.
હું વિલાયત ન ગયો તો શું થયું?
મેં રાજાનું સન્માન ન મેળવ્યું તો શું થયું?
અરે, જો હું આવતા જન્મમાં ગ્વાલબાલ બની શકું,
તો હું મારા ઘરમાંથી સુસભ્યતાનું જગત બૂઝાવી દઉં.

જે લોકો બંસીબટ નીચે નિત્ય માત્ર ધેનુ ચરાવે છે,
જે લોકો ગુંજાફળોની માળા ગળામાં પહેરે છે,
અને પહેરાવે છે,
જે લોકો વૃંદાવનના વનમાં સદા શ્યામની બંસી સૂણે છે,
જે લોકો યમુનાના શ્યામ શીતળ જળમાં કૂદી પડે છે,

અરે! સવાર થયું, જાગો ભાઇ-એકબીજાને પોકારે છે,
અરે! ત્યાંનાં ઘરઘરમાં દધિમંથનનો ધ્વનિ જાગ્યો છે,
જુઓ, મેદાનના રસ્તે ગાયો ખરીઓની
રજ ઉડાડતી ચાલે છે.

રમીલાબેન જીતુભાઈ ખટાઉ (શિકાગો નિવાસી)ના સદૈન્ય જયશ્રીકૃષ્ણ

જુઓ, આંગણામાં વ્રજવધૂઓ ગાયો દોહે છે,
અરે! સવાર થયું, જાગો ભાઇ - એકબીજાને પોકારે છે.
અરે! શ્રાવણનાં વાદળોની છાયા
શ્યામ તમાલનાં ફૂલો પર પડે છે,
અરે! કાલિંદીના કિનારાની બંને બાજુ અંધારું છવાઇ ગયું
ઘાટ પરની ગોપાંગનાઓ ડરે છે,
આરપાર જનારી નાવ પર ધ્રૂજે છે.

જુઓ, કુંજવનમાં મોર કળા કરી નાચે છે,
અરે! શ્રાવણનાં વાદળોની છાયા
શ્યામ તમાલનાં વૃક્ષો પર પડે છે.
આપણે સૌ નવજીવન ફાગણની રાતે માથા પર મોરપીંછ
ધારણ કરીને, નીલ નદીના તીરે કયાંક કોઇ
અશોકવનમાં ચાલ્યા જઇશું.
જયારે ઝૂલાની પુષ્પદોર
કદંબની ડાળીએ બંધાઇ જશે.
જયારે દક્ષિણથી આવતા પવનમાં આકાશને ઘેરતી
બંસીની ધ્વનિ ઊઠશે.
અમે સૌ ગ્વાલબાલ મળીને નીલ નદીના તીરે મેળો રચીશું,
નહીં ભાઇ! હું નવબંગમાં નવયુગનો
ચાલક થવા નથી ઇચ્છતો.
હું અંધારા દેશમાં સુસભ્યતાનો નારો નહીં જગાવીશ.
જો માખણ અને માવાના ગામમાં,
કયાંક અશોક-કદંબની છાયામાં
જો હું કોઈ જન્મમાં પણ વ્રજનો ગોપબાળક થઇ શકું
તો મારે નવબંગના નવયુગના ચાલક નથી થવું.

### ૨. વ્રજમાં પણ ઔષધ : (મહાત્મા ગાંધી)

મને એ જાણીને ઘણું દુઃખ થાય છે કે ગોપાલક ભગવાન શ્રીકૃષ્ણચંદ્રની જન્મ તથા ગોચર ભૂમિ હોવા છતાં, અહીં મથુરામાં દૂધના વિષયમાં આટલી ફરિયાદો! જયાં એક સમય વ્રજ તો ગાયોનું ઘર હતું! દૂધની નદીઓ વહેતી હતી! ત્યાં આજે ચોખ્ખું દૂધ મળતું નથી. તેનો દોષ તમારો (વ્રજવાસીઓનો) જ છે. શું તમે તમારા પ્રાંતમાં વિવિધ જગ્યાઓએ પર્યાપ્ત ગોચરભૂમિ નથી રાખી શકતા? ભૂમિના સંકોચને લઇને ગાયોનું યોગ્ય રીતે પાલન તથા રક્ષણ થતું નથી અને તેથી શુદ્ધ દૂધનો અભાવ છે. તેના કારણે તમારી તબિયત પણ ઠીક રહેતી નથી.

### ૩. આપણા ગામને ગોકુળ બનાવીએઃ (વિનોબા ભાવે)

મારા એક મિત્ર જર્મની ગયા હતા. તેમણે ત્યાંનો એક પ્રસંગ કહ્યોઃ

અમે બધા વિદ્યાર્થીઓ એકઠા થયા હતા. ફ્રાંસના, જર્મનીના, ઇંગ્લેન્ડના, જાપાનના, રશિયાના બધા એક સાથે બેઠા હતા. સૌએ પોતપોતાના દેશનાં રાષ્ટ્રીય વાદ્યો વગાડી સંભળાવ્યાં. મને કહેવામાં આવ્યુંઃ તમે હિન્દુસ્તાની વાદ્ય વગાડો.

હું ચૂપચાપ બેસી રહ્યો : મને બીજીવાર પૂછવામાં આવ્યું, તમારું ભારતીય વાદ્ય કયું છે?

મેં તરત કહ્યુંઃ વાંસળી. લાખો ગામોમાં તે વાગે છે. સીધીસાદી અને મીઠી. કૃષ્ણ ભગવાને તેને પવિત્ર કરી છે. એક વાંસની સળી લીધી. તેમાં કાણાં પાડ્યાં, બસ, વાદ્ય તૈયાર.

એવું વાદ્ય શ્રીકૃષ્ણ વગાડતા હતા. તે ગોકુળનું સ્વદેશી વાદ્ય હતું.

અચ્છા, શ્રીકૃષ્ણ શું ખાતા હતા? બીજો પ્રશ્ન થયો.

તેઓ પોતાના ગોકુળનાં માખણ-મલાઇ ખાતા અને બીજાઓને પણ તે જ ખાતાં શીખવતા. ગોપીઓ ગોકુળની આ સંપત્તિ મથુરા લઇ જતી, પરંતુ કૃષ્ણ ગામની આ અન્નપૂર્ણા બહાર લઇ જવા નહોતા દેતા. તે લૂંટીને બધાને વાંટી દેતા. તેમણે પૂરા ગોકુળનાં બાળકોને હૃષ્ટપુષ્ટ બનાવી દીધાં. જેમણે ગોકુળ પર ચઢાઇ કરી, તેમના દાંત કૃષ્ણે ખાટા કર્યા.

ગોકુળમાં રહીને તેઓ ગાયો ચરાવતા. લડાઇઝઘડા ખતમ કર્યા. બધા છોકરાઓને એકઠા કર્યા, પ્રેમ વધાર્યો. આમ શ્રીકૃષ્ણ ગોપાલકૃષ્ણ બન્યા. ગોપાલકૃષ્ણે ગામોનો વૈભવ વધાર્યો, ગાયોની સેવા કરી, ગાયોને પ્રેમ કર્યો. ગામનાં પશુપક્ષી, નદી, ગોવર્ધન પર્વત - સૌને પ્રેમ કર્યો.

આગળ જતાં તેઓ દ્વારકાધીશ બન્યા, પણ ગોકુળને ન ભૂલ્યા. ગોકુળ આવતા. ગાયો ચરાવતા, ગોબર ઉઠાવતા, વનમાળા પહેરતા, બંસી બજાવતા. ગોપ-ગ્વાલો સાથે ખેલતા.

તેમણે ગોકુળને અસીમ આનંદ અને સુખ આપ્યાં.

એવા ગોકુળના અન્નના ચાર દાણા માટે દેવો તરસતા. આપણે આપણાં ગામડાંઓને આવું હર્યું ભર્યું ગોકુળ બનાવવું છે.

**૪. વ્રજભૂમિનો સંદેશ : (ડૉ. રાજેન્દ્રપ્રસાદ)**

જયારે જયારે ન્યાય અને ધર્મ પર સંકટ આવ્યાં, ત્યારે ત્યારે આપણને વ્રજભૂમિથી પ્રેરણા મળી છે. કલા અને સાહિત્યના માધ્યમથી વ્રજભૂમિનો જે સંદેશ જન-જન સુધી પહોંચશે, તેથી દેશનું જ નહિ, વિશ્વનું પણ કલ્યાણ થશે.

**૫. વ્રજભાષા : (પં.જવાહરલાલ નહેરૂ)**

વ્રજભાષા તો ઘણી સુંદર છે. વ્રજભૂમિના કલાકારોનું એક સંગઠન બનાવવું મને બહુ સારું લાગે છે.

**(૬) વ્રજસંસ્કૃતિ : (ઈન્દિરા ગાંધી)**

વ્રજ સંસ્કૃતિ પર શ્રીકૃષ્ણના વ્યક્તિત્વની છાપ અમિટ છે. સમયાનુસાર તેમણે બંસરી અને સુદર્શન ચક્ર બંનેથી સંદેશો આપ્યો. તેમનો સંદેશો સર્વદા પ્રેરણાદાયક જ રહ્યો છે.

**વ્રજ - વિદેશીઓની દૃષ્ટિમાં :**

(૧) ઇ.સ.પૂ.૪થી સદીમાં મેગેસ્થીનીઝ નામનો યુનાની યાત્રી ચંદ્રગુપ્ત મૌર્યના દરબારમાં આવ્યો, તેણે લખ્યું: શૂરસેન (વ્રજ)ના લોકો હરિને બહુ આદરની દૃષ્ટિથી જુએ છે.

(૨) હાલમી નામના યુનાની લેખકે નોંધ્યું: મથુરા દેવતાઓનું નગર છે.

(૩) ઇ.સ.૪૦૦માં આવેલા ચીની યાત્રી ફાહિયાને લખ્યું: મથુરાની આસપાસ યમુના નદીના કિનારે ૨૦ સંઘારામ છે, જેમાં ત્રણ હજાર બૌદ્ધ ભિક્ષુઓ નિવાસ કરે છે. છ બૌદ્ધ સ્તૂપ છે.

(૪) ઇ.સ. ૬૪૦માં સમ્રાટ હર્ષના શાસનકાળમાં બીજો ચીની યાત્રી હ્યુ-એન-સંગ આવ્યો. તેણે નોંધ્યું: મથુરાના લોકો સ્વભાવે કોમળ છે અને તેઓ ગુપ્તરૂપે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવાનું પસંદ કરે છે. તે લોકો પરોપકારી છે. તેમના મનમાં વિદ્યા માટે ઘણું સન્માન છે.

(૫) ઇ.સ. ૧૦૧૭ની આસપાસ મહમૂદ ગઝનવીના મુન્શી મીર અલઉત્સવીએ લખેલા પુસ્તકમાં નોંધ્યું છે કે મથુરામાં સુલ્તાને એક ઇમારત જોઇ, જેને લોકો દેવતાઓની કૃતિ માને છે.

(૬) મહમૂદ ગઝનવીએ લખ્યું: જો કોઇ વ્યક્તિ આવી ઇમારત બનાવવા ચાહે તો તેને દસકરોડ દિનારનો ખર્ચ કરવો પડે અને તે બનાવવામાં બસો વર્ષ લાગે.

(૭) અલબેરૂની, અલબદાઉની અને મુહમ્મદ કાસિમે મથુરાનાં દેવમંદિરોની સમૃદ્ધિ તથા તેમના પર ગઝનવી અને સિકંદર લોદીનાં આક્રમણો વિષે વિસ્તારથી લખ્યું છે.

(૮) મુગલ કાળમાં આવેલા યુરોપિયન યાત્રી જોન-દ-લાઇટે છાતા અને કોસીની વચ્ચેનાં ગામોનો પ્રવાસ કર્યો હતો.

(૯) ઇ.સ.૧૬૫૦માં ફ્રાંસનો ટેવર્નિયર મથુરા આવ્યો. તે લખે છે કે : કેશવદેવજીનું મંદિર એટલું વિશાળ છે કે તે નીચાણમાં હોવા છતાં પાંચ-છ કોસ દૂરથી દેખાય છે. મંદિર એક મોટા ચબૂતરા ઉપર બન્યું છે.

(૧૦) ઇટાલીના યાત્રી મનૂસીએ પણ આ મંદિર વિષે આવું જ વર્ણન કર્યુ છે.

(૧૧) ઇ.સ. ૧૭૦૩માં આવેલા ઇટાલીના જોસેફ ટીફેન થૈલરે મથુરા અને ગોકુળની સ્ત્રીઓનાં લગ્ન તેમના ગામમાં થતાં હોવાનું જણાવ્યું છે.

(૧૨) ઇ.સ. ૧૮૨૫માં આવેલા બિશપ હૈબરે નોંધ્યું છે કે તેણે માથા પર ઘડા રાખી નાચતી ગ્વાલિનીઓ પણ જોઇ હતી.

(૧૩) ઇ.સ. ૧૮૨૬માં આવેલા જેકેમાંટને મથુરા નહોતું ગમ્યું.

(૧૪) ઇ.સ. ૧૮૬૨થી ૧૮૮૨ની વચ્ચે આવેલા એ. કનિંઘમે મથુરા વ્રજમંડળની યાત્રા કરી, આરકિઓલોજીકલ સર્વે રિપોર્ટ લખ્યો.

(૧૫) જિ.બ્લૂયરે ફ્રેંચ ભાષામાં 'એ લિજેંડ ઑફ જૈન સ્તૂપ ઇન મથુરા' નામનો લેખ લખ્યો.

(૧૬) એફ. એસ. ગ્રાઉસે 'મથુરા મેમોઅર્સ' નામનો વ્રજ વિષેનો એક સંશોધનાત્મક ગ્રંથ લખ્યો.

(૧૭) ઇ.સ.૧૯૬૬માં જર્મન વિદ્વાન એ.એચ. હર્ટેલ આવ્યા.

તેમણે વ્રજમાં પુરાતત્ત્વ દૃષ્ટિથી ખોદકામ કરાવી, ત્રણ હજાર વર્ષ પ્રાચીન સંસ્કૃતિ શોધી કાઢી.

(૧૮) રશિયન વિદ્વાન ડૉ. ચેર્નિશોવે વ્રજભાષા વિષે એક શોધગ્રંથ લખ્યો.

(૧૯) ઈ.સ. ૧૯૭૬માં આવેલી રશિયન વિદુષી સજાનોવાએ વ્રજ અને સૂરદાસના સંબંધમાં એક શોધગ્રંથ લખ્યો.

(૨૦) ઈ.સ. ૧૯૩૦માં રોનાલ્ડ નિકસન નામના એક અંગ્રેજ વૃંદાવનમાં આવ્યા. ત્યાં એક વૈષ્ણવે તેમને પ્રશ્ન કર્યો: ઈશ્વર સર્વવ્યાપી, સર્વત્ર છે. તેમને તમારા દેશમાં શોધવાને બદલે અહીં આવવાનું કષ્ટ કેમ કર્યું? તેના જવાબમાં તેમણે કહ્યું: જળ સર્વત્ર છે, પણ રણમાં ખૂબ ઊંડાણમાં ખોદતાં મળે છે. ત્યાંના લોકો એક એક બુંદ માટે તરસે છે. તેવી રીતે સમુદ્રના કિનારે બેઠેલા લોકો, ચારે બાજુ જળ હોવા છતાં તરસ્યા રહે છે. અમારા ભોગપ્રધાન દેશોમાં આવી સ્થિતિ છે.

(૨૧) આથી જ ઈસ્કોનના વિદેશી અનુયાયીઓ હજારોની સંખ્યામાં વ્રજ-વૃંદાવન આવે છે.

(૨૨) પાકિસ્તાની કવિ સવા મથુરાવી વ્રજને ભૂલ્યા નથી.

(૨૩) ન્યુયોર્ક વિશ્વવિદ્યાલયના પ્રા. ઓવિન એમ. લિંચ બે વર્ષ મથુરા રહ્યા અને વ્રજયાત્રા તથા મથુરાના ચોબાઓ વિષે તેમણે શોધગ્રંથ લખ્યો.

(૨૪) બંગલાદેશના કાજી નજરુલ ઈસ્લામ વ્રજભાષામાં લખે છે:

આજ બન ઉપબનમેં
ચંચલ મેરે મનમેં
મોહન મુરલી ધારી, કુંજ કુંજ ફિરૈ સ્યામ
બાજૈ મુરલી બૌલે રાધા નામ.

(૨૫) ઢાકાના વાજી મહમૂદ અશરફ લખે છે :

ચલ સખિ ચલ મધુબનમેં
નિર્ભય હો નિજ મન મેં
જહાં નિબિડ નિર્જન મેં
બ્રજપતિ હૈ નિત આતે ।
ચલ સજની ચલ સત્વર
જમુનાજી કે તટ પર
જહાં નિત્ય બ્રજ નટવર
હૈં વર બેનુ બજાતે ।
ચલ સખિ બંસીબટમેં
જમુના કે તટમેં,
જહાં પ્રેમ પનઘટ મેં હરિ
હૈ પ્યાસ બુઝાતે ।

■

વ્રજની વાત શી કરવી? સાત સાગર દૂર રહે વ્રજની વાતો સાંભળી, વાંચી. મન હાથ ન રહ્યું. પગે સીધી મથુરાની વાટ પકડી. વ્રજના એક આશકની સલાહ મળી. દુનિયાની આંખે વ્રજને ન જોતો. દુઃખી થઈશ. આતમની આંખે જોજે.


મથુરામાં પગ મૂક્યો. એમ લાગ્યું કે આ બધું તો મારું સુપરિચિત છે. ભોમિયા વિના જ બધે ચાલતો જતો રહ્યો. બધું જ પોતીકું, ઓળખીતું લાગ્યું. વ્રજના રજકણમાં કૃષ્ણ-રાધાને ખોજતો રહ્યો. મથુરા-વૃંદાવનની ભીડથી દૂર એકાંતમાં શ્યામવનમાં ગયો. ત્યાં રામ-શ્યામ મળ્યા. કહે- આવ. અહીં રહી જા.

*- વિલિયમ ફ્રાન્સિસ*



# વ્રજની અલૌકિકતા

શ્રીમદ્ બ્રજ બિપિન રસાસવ ભાવં
જુગલ રૂપ ભરિ નૈન પિયાબે, છિન છિન છાક ચઢાવં ॥
નિભૃત નવલ નિકુંજ વિનોદ જુ, સ્વાદ બિબિધ રુચિ પાવં ।
લગન વિભવ, બૈકુંઠ અભાવન, મતવારિન ઠુકરાવં ॥
તિન લોક કી રચના જૈ, તૌ કછુ ન નજર મૈં આવં ।
જમુના પુલિન, નલિન રજ રંજિત, મત પછરિ મુસિકયાવં ॥
નવલ નેહ બનવારી કાં ગહિ, રાધા આનિ ઉઠાવં ॥




# વ્રજની અલૌકિકતા

**૧. કમલાકાર વ્રજ :**

છાન્દોગ્ય ઉપનિષદમાં ભગવાનના નિત્યલીલાધામનું વર્ણન આ પ્રમાણે છે - **અથ યદિદસ્મિન્ બ્રહ્મપુરે દહર પુંડરિકં વેશ્મ.....। નાસ્ય જરયેત જર્જીર્યતે ન વધેનાસ્ય હન્યતે । એતત્સત્યં બ્રહ્મપુરસ્મિન્ કામાઃ સમાહિતાઃ । (૮-૯-૧)** આ બ્રહ્મપુરીમાં આ કમલગૃહ દહર સ્થાન છે. આ જગત જીર્ણ થવા છતાં તે જીર્ણ થતું નથી. જગતના પ્રલયમાં તેનો પ્રલય થતો નથી. આ બ્રહ્મપુરી સત્ય છે. આ લીલાસ્થાન નિત્ય છે. તેમાં ભગવાન સાથેના ભક્તોના સર્વ આનંદ-અનુભવો (આનંદાત્મક લીલાઓ) છે.

ગીતાજીમાં ભગવાને આજ્ઞા કરી છે કે જે કેવળ તેજપુંજ રૂપે જ્ઞાનીઓ અને યોગીઓની સમાધિમાં અનુભવાય છે, તે અક્ષરબ્રહ્મ મારું ધામ છે. ત્યાં ગયા પછી પાછા ફરવાપણું રહેતું નથી.

આ અક્ષરબ્રહ્મમાં વ્યાપિવૈકુંઠ છે. તેને ગોલોકધામ કહેવામાં આવે છે. પરબ્રહ્મ પૂર્ણપુરુષોત્તમ ભગવાન અનાદિ છે. જ્યારે કંઇ જ ન હતું, ત્યારે તેઓ એકલા હતા. વેદમાં આ વાત સ્વયં ભગવાને કહી : **'એકોડહમ્'** હું એકલો છું, આવા એકાકી પ્રભુ **'રસો વૈ સઃ'** છે. ખરેખર તેઓ રસ (આનંદ) સ્વરૂપ છે. એમણે વિચાર કર્યો : **'રસાઃ હિ એવ લબ્ધ્વા આનંદીભવતિ'** - રસ જ પામીને આનંદી બનાય. રસ પામવા ક્રીડા જરૂરી. ક્રીડા માટે સ્નેહી જરૂરી. તેથી ભગવાને નિર્ણય કર્યો: **'બહુ સ્યામ્'** - હું અનેક થાઉં.

ભગવાને પોતાના જ અલૌકિક આનંદાત્મક સ્વરૂપમાંથી નારીરૂપ પ્રકટ કર્યું. ભગવાને સ્વયં તે સ્વરૂપ ધારણ કર્યું, કારણ ભગવાન કંઈપણ કરવા સમર્થ છે. તે કરવામાં તેમને શ્રમ પણ થતો નથી. સહજ ઈચ્છા કરે અને સિદ્ધ થાય. પોતાના આનંદ માટે ભગવાન જે કરે, તે તેમની લીલા. ભગવાને જે નારીરૂપ લીધું-પ્રકટ કર્યું તે **'વપુ દો, પ્રાન એક.'** એક જ પ્રાણધારી બે સ્વરૂપ. એમનું નામ પડ્યું રાધા. ભગવાનની પ્રસન્નતા માટે જે આરાધના કરે, તે રાધા. ભગવાનની અનેક શક્તિઓમાંની મુખ્ય શક્તિ આહ્‌લાદિની શક્તિ-આનંદ આપનારી શક્તિ. આ શક્તિનું સ્વરૂપ તે રાધા.

ભગવાન દ્વૈત - બે - થયા. શ્રી રાધાજીએ ભગવાનને વિનંતી કરી : 'નાથ, આનંદવિહાર કરવા અનુકૂળ સ્થળ જોઇએ. વળી તે એવું હોય કે ત્યાં ગમે તે સ્થાને વગર શ્રમે, ઈચ્છા-માત્રથી પહોંચી શકાય, સર્વ ઋતુઓ સદા સેવામાં તત્પર હોય.'

ભગવાને તત્કાલ ઈચ્છામાત્રથી લીલાવિહાર માટે અલૌકિક અદ્‌ભુત નિજધામની રચના કરી. તેની મધ્યમાં શ્રીગોવર્ધન પર્વત અને તળેટીમાં શ્રીયમુના નદી, તેમને ફરતાં બાર વન અને બાર ઉપવન, વન-ઉપવનમાં લીલાને અનુકૂળ અનેક કુંજ, નિકુંજો, ગોષ્ઠ-ઠોર-સ્થાનો, મહેલો પ્રકટ કર્યા. શ્રીગિરિરાજજીની ભીતર પણ દ્વાદશ નિકુંજોની લીલાસાહિત્ય સાથે રચના કરી. ભગવાનનું આ નિજધામ ગોલોક કહેવાયું. ગો શબ્દના અનેક અર્થો પૈકીનો એક અર્થ છે, રસ. જે લોક કેવળ રસાત્મક - આનંદરૂપ છે, તે ગોલોક.

આ દિવ્ય ગોલોકનું વર્ણન ગર્ગસંહિતામાં વિસ્તારથી મળે છે. શ્રીગોપાલદાસે શ્રીવલ્લભાખ્યાનમાં પણ તેનું દર્શન કરાવ્યું છે.

*જ્યાં શ્રીવૃંદાવન આદિ અચલ શશી, શરણ રેણ બહુ વેશ,*
*વનદેવી પદ કુમકુમ મુખ સુખ પરસે રંગ વિશેષ.*
*જ્યાં સરિતા ચામીકર મણિગણ, ઉભયબદ્ધ સોપાન,*
*કમલ, કુમુદ નાના, અલિ સુંદર, મધુર કરે ત્યાં ગાન.*
*કનકલતા, માલતી, મલ્લિકા, વિવિધ કુસુમ મકરંદ,*
*શીતલ પવન ઝકોરે લહેરે, પરસે અતિ આનંદ.*
*પદ્મરાગ મરકત મણિ સ્ફટિક, શ્રીગોવર્ધન સોહે,*
*બ્રહ્મા રુદ્ર ત્યાં કોણ બાપડા, શ્રીહરિનાં મન મોહે.*
*નાના પક્ષીની શબ્દમાધુરી, શોભા તણો નહિ પાર,*
*વિવિધ પ્રકારે જૂજવા કહેતાં, ગ્રંથ થાય વિસ્તાર.*
*શ્યામા શતદલ નયન સુંદરી, જૂથ તણો નહિ પાર,*
*અનેક રાસમંડલ રચના રચી, ખેલે શ્રીનંદકુમાર.*
*એણી પેરે નિત્ય નવલી લીલા, ઘોષ વાદ્ય ઝંકાર,*
*અંગ સ્વેદ મકરંદે મોહ્યા, મધુપ કરે ગુંજાર.*

(૧-૮થી ૧૪)

જ્યાં નિત્ય રાસ બહુ પેરે રે, મધ્ય નાયક નિરતત ઘેરે રે,
જ્યાં રત્નજટિત તટ સરિતા રે, નવપલ્લવ ભૂમિ હરિતા રે.
જ્યાં રત્નધાતુ ગિરિ રાજે રે, વાજિંત્ર વિવિધ પેરે બાજે રે,
જ્યાં જુવતી જૂથ બહુ માંયે રે, શ્રીજી શ્યામલ વર્ણ સુહાયે રે.

(૫-૮થી ૯)

આ ગોલોકધામ અલૌકિક કમલાકાર છે. કમળની પાંખડીઓ વિકસે, ત્યારે કમળનો ઘેરાવો વિસ્તરે. પાંખડીઓ બીડાય ત્યારે આખું કમળ એક બિંદુ પર આવી જાય. તેવી રીતે શ્રીઠાકોરજી ઇચ્છે ત્યારે ૮૪ કોશ રૂપી કમળ વિસ્તરે અને શ્રીઠાકોરજી ઇચ્છે ત્યારે બધા કોશનાં સ્થાનો એકબીજાની નજીક આવી જાય. આથી શ્રીઠાકોરજી એક જ ક્ષણે મધુવનથી ચંદ્રસરોવર અને ચંદ્રસરોવરથી નંદગામ પહોંચી જાય. આથી ઉપનિષદે તેને પુંડરિકવેશ્મ - કમલધામ - કહ્યું છે.

ગર્ગ સંહિતામાં પણ વ્રજને કમલાકાર કહ્યું છે.

**સ તુ માથુરમુખ્યઃ પરિચ્છિઽત્યથાદ્ભુતઃ ।**
**સ્ફારઃ સકુચિશ્ચ સ્યાત્કૃષ્ણલીલાનુસારતઃ ॥**

તે (વ્રજ) મથુરામંડળ રૂપ, સીમિત છતાં અદ્ભૂત છે. કૃષ્ણની લીલા પ્રમાણે તે વિસ્તરે છે અને સંકોચાય છે.

ભગવદીયોએ પણ ગાયું:

**વ્રજ ચોરાસી કૌસ હૈ, કમલાકાર અનૂપ ।**
**રાસલીલા કો લલિત થલ, શ્રીરાધા બ્રજભૂપ ॥**

વ્રજકમલમાં સૌથી અંદર આઠ પાંખડીઓ, તેની ઉપર સોળ પાંખડીઓ અને તેની ઉપર બત્રીસ પાંખડીઓ છે. કુલ ૫૬ પાંખડીઓનું આ વ્રજકમલ છે.

### (૨) ગોલોકનું પૃથ્વી ઉપર અવતરણ :

આપણને જાણવાનું મન થાય કે આવું અલૌકિક કમલાકાર વ્રજગોલોક કયાં હશે?

શાસ્ત્રો કહે છે કે ભગવાને પ્રકટ કરેલી સૃષ્ટિમાં એક નહીં, અનંત બ્રહ્માંડો છે. આપણા એક બ્રહ્માંડની વાત કરીએ તો એક બહુમાળી મકાનમાં ચૌદ માળ હોય અને દરેક માળ ઉપર ચાર-છ ફ્લેટ હોય, તેમ આપણા બ્રહ્માંડમાં ચૌદ લોક છે. દરેક લોકમાં ઘણા દેશ છે. આપણી પૃથ્વી બ્રહ્માંડના સાતમા માળે છે. તેની નીચે તલ, અતલ, સુતલ, તલાતલ અને પાતાલ નામના છ લોકો છે. પૃથ્વીની ઉપર સ્વર્ગ, જન, મહ, પિતૃ, ધ્રુવ, સત્ય, બ્રહ્મ નામના સાત લોક છે. ત્યાંથી આગળ અંતરિક્ષમાં અક્ષરબ્રહ્મ છે, જે અગોચર છે. તેમાં વિરજા નદીના કાંઠે વ્યાપિ વૈકુંઠ અથવા ગોલોક છે.

જેમ ભગવાન સચરાચરમાં વ્યાપક હોવાથી, બ્રહ્મ કહેવાય છે, તેમ ભગવાનનું નિત્યલીલાધામ વ્રજ પણ વ્યાપક હોવાથી, તે અક્ષરબ્રહ્મ કહેવાય છે.

સત્યયુગમાં ભગવાન લીલાપરિકર સહિત શ્રીગોલોકનાથ સ્વરૂપે ગોલોકધામમાં બિરાજતા હતા. શ્રીયુગલસ્વરૂપની સેવામાં અનેક સેવકો - સખીઓ હતાં. તેમાંથી કેટલાંકને સેવા કરતાં, એમને સેવા કરવા મળેલા પોતાના સૌભાગ્યનું, સામર્થ્યનું કે તેમના ઉપર થયેલી ભગવાનની કૃપાનું અભિમાન થયું. શ્રીયુગલસ્વરૂપ બીજું બધું સહન કરે, ભક્તનું અભિમાન સહન ન કરે. અભિમાની ભક્તોને ગોલોક છોડી, પૃથ્વી ઉપર જવાનો શાપ મળ્યો. કેટલાક સેવકો-સખીઓથી જાણે-અજાણે સેવામાં ચૂક થઇ, તેમને પણ તેના દંડ રૂપે પૃથ્વી ઉપર જવાનું થયું.

શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે પોતાના જીવોના દોષ દૂર કરવાની કૃપા કરવા ભગવાન તેમને શાપ કે દંડ આપે છે. તે દ્વારા ફરી તેમનો ઉદ્ધાર કરે છે.

શ્રીરાધાજીએ એક દિવસ શ્રીગોલોકનાથને વિનંતી કરીઃ 'નાથ, આપણા જીવોને દંડ આપ્યો. હવે તેમનો ઉદ્ધાર કરવો જોઇએ.'

'અવશ્ય. પણ તે માટે આપણે બંનેએ પૃથ્વી ઉપર અવતરવું પડે. અન્ય કોઇ એ કાર્ય કરી શકશે નહિ.'

'હું તૈયાર છું. જયાં આપ, ત્યાં હું. પણ-'

'પણ શું?'

ગર્ગસંહિતા કહે છે :

'પૃથ્વી ઉપર આવું અદ્ભુત, અલૌકિક રમણસ્થળ તો નથી, નિત્યલીલા કયાં કરીશું?'

'ચિંતા ન કરો. આખું ગોલોક પૃથ્વી પર અવતરશે-પ્રકટ થશે.'

ભગવાને વિચાર કર્યો : ગોલોક સિવાયના જીવો ઉપર પણ કૃપા કરવાની છે. વેદની શ્રુતિઓને સ્વરૂપાનંદ આપવાનો છે. ત્રેતાયુગમાં રામાવતારમાં દંડકારણ્યના સોળ હજાર ઋષિકુમારોને પણ મેં સ્વરૂપાનંદનું દાન કરવાનુ વચન આપ્યું છે. ત્યારે વાનરો રૂપે દેવોએ મારી સેવા કરી છે. તેમને પણ ફળદાન કરવું છે.

આથી શ્રીગોલોકનાથે ગોલોકમાં બિરાજતાં શ્રીયમુનાજી અને શ્રીગિરિરાજજી સહિત સમગ્ર લીલાસૃષ્ટિને દ્વાપર યુગના

સારસ્વત કલ્પમાં પૃથ્વી ઉપર અવતરવા-પ્રકટ થવા આજ્ઞા કરી.

**વેદનાગભૂમિઃ સ્વધામ્નઃ શ્રીહરિઃ સ્વયમ્ ।**
**ગોવર્ધન ચ યમુનાં પ્રેષયામાસ ભૂપરિ ॥**

પોતાના ધામ ગોલોકની ૮૪ કોસ ભૂમિ, શ્રીગોવર્ધન તથા શ્રીયમુનાને સ્વયં શ્રીહરિએ પૃથ્વી પર મોકલ્યાં.

સમસ્ત ગોલોકધામ મથુરાપ્રદેશમાં વ્રજમંડળના નામે પ્રકટ થયું. શ્રીગોલોકનાથ શ્રીગોકુલનાથ બની પ્રકટ થયા. શ્રીરાધાજી શ્રીવૃષભાનકુંવરી બની પ્રકટ થયાં.

ત્યારથી શ્રીગોલોકધામ હંમેશ માટે વ્રજમંડળ રૂપે પૃથ્વી ઉપર બિરાજે છે. ત્યાં શ્રીયુગલસ્વરૂપની નિત્યલીલા છે.

**૩. વ્રજની અલૌકિકતા અને નિત્યતા :**

ઋગ્વેદમાં કહ્યા પ્રમાણે વ્રજ અલૌકિક છે, અને નિત્ય છે. ત્યાં શ્રીઠાકોરજીની લીલા પણ નિત્ય છે તથા તે લીલા પ્રાપ્ત થાય એવી કામના કરવામાં આવી છે.

**તા વાં વાસ્તુન્યષ્મસિ યત્ર ગાવો ભૂરિ શૃંગ અયાસઃ ।**
**અત્રાહ તદુરુગદયસ્ય વૃષ્ણઃ પરમં પદં અવભાતિ ભૂરિઃ ॥**
(૨૦-૨-૨૪)

જયાં મોટાં શીંગડાંવાળી ગાયો અને મૃગો વસે છે, તેવાં રાધાકૃષ્ણનાં નિવાસસ્થાનો અમે પ્રાપ્ત કરવા ઇચ્છીએ છીએ. અહીં ખરેખર અનંત કીર્તિવાળા ભગવાનનું શ્રેષ્ઠ સ્થાન વ્રજ-ગોકુલ અત્યંત પ્રકાશે છે. શ્રીરાધાકૃષ્ણનું આવું સ્થાન અમે કૃપારૂપે મેળવવા ઇચ્છીએ છીએ.

આ જ મંત્ર થોડા ફેરફારો સાથે તૈત્તિરીય સંહિતામાં પણ છે.

આ મંત્ર બાદ ઋગ્વેદમાં તરત જ બીજો મંત્ર છે.

**વિષ્ણોઃ કર્માણિ પશ્યત યતો વ્રતાનિ પત્યશે ।**
**ઇન્દ્રસ્ય યુજ્યઃ સખા ।**
**તદ્વિષ્ણોઃ પરમે પદં સદા પશ્યન્તિ સૂરયઃ**
**દિવીવ ચક્ષુરાતતમ્ ।**

વિષ્ણુ (શ્રીકૃષ્ણ)ની લીલાઓને જોઇએ. શબ્દબ્રહ્મને ભક્તિથી જાણનારા ભક્ત વિદ્વાનો વ્રજ રૂપી ભગવાનના પરમ પદને સદા જુએ છે. જેમ યોગીઓ દૂરદર્શનની યૌગિક શક્તિથી સ્વર્ગ વગેરેને જુએ છે, તેમ ભક્તો ભગવાનની કૃપાથી ભગવાનની લીલા સહિત તેમના ધામનું સદા દર્શન કરે છે.

આમ, વેદ દ્વારા પ્રમાણ મળે છે કે ભગવદ્ધામ વ્રજ નિત્ય છે. અને અલૌકિક છે. ત્યાં થતી ભગવાનની લીલા પણ નિત્ય છે, સારસ્વત કલ્પમાં હતી ને આજે નથી એવું નથી. આ નિત્યલીલાવાદ શ્રીગુસાંઇજીએ વિદ્વન્મંડન ગ્રંથમાં સમજાવ્યો છે.

વેદની શ્રુતિઓ આનંદબ્રહ્મ ભગવાનને વિનંતી કરે છે કે આપનાં શ્રીનારાયણ આદિ સ્વરૂપોનાં તો અમે દર્શન કર્યાં, પરંતુ આપના નિર્ગુણ આનંદરસાત્મક સાકાર સ્વરૂપનાં દર્શન તો જ્ઞાનીઓ અને યોગીઓને પણ થતાં નથી. આપના એ અગોચર સ્વરૂપનું તેઓ મન અને વાણીથી પૂર્ણ આનંદ રૂપે વર્ણન કરે છે. આપના એ નિત્ય લોકનાં અમને દર્શન કરાવો.

શ્રુતિઓને ભગવલ્લીલાના અનુભવની ઉત્કટ ઉત્કંઠા થઇ. ભગવત્કૃપાથી તેઓ વ્રજમાં ગોપિકાઓ રૂપે પ્રકટ થયાં, ત્યારે તેમને તેનો અનુભવ પ્રાપ્ત થયો. ત્યાં સુધી તેઓ પણ નિત્યલીલાનો પાર પામી શકયાં નથી. આથી શ્રીગોપાલદાસે કહ્યું : 'નિત્યલીલા નિત્ય નૌતન, શ્રુતિ ન પામે પાર.'

શ્રીમહાપ્રભુજી અણુભાષ્યમાં સમજાવે છે કે **આનંદાધ્યઃ પ્રધાનસ્ય । ન સર્વાભેદાત અન્યત્રેભે ।** (૩-૩-૧૧,૧૦) જેમ પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ દિવ્ય રસાત્મક છે, તેમ એ રસાધિપતિ ભગવાનનું ધામ તથા સર્વલીલાસામગ્રી પણ રસાત્મક સચ્ચિદાનંદરૂપ છે. વ્રજની ભૂમિ, રજ, વૃક્ષો, પર્વતો, જળ, નદી, ગોપિકાઓ, ગાયો, ગોવાળો, પશુપક્ષીઓ, ઋતુઓ, પુષ્પો અને ફળો, ચંદ્ર આદિ સર્વ કંઇ સચ્ચિદાનંદ બ્રહ્મરૂપ, ભગવત્સ્વરૂપ છે, કારણ કે **ભિન્નૈવ કાચિત્ સા સૃષ્ટિર્વિધાતિર્વ્યતુરેહિણી ।** એ સઘળી સૃષ્ટિ ભગવાનના શ્રીઅંગમાંથી જ ઉત્પન્ન થઇ છે, માટે **નિત્યં વિજ્ઞાનમાનંદે બ્રહ્મ ।** આથી સદા સર્વદા બ્રહ્મનો આનંદ જાણવો અને માનવો.

જેમને શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી આદિની કૃપાથી દિવ્ય દૃષ્ટિ મળી છે, તેવા ૮૪-૨૫૨ વૈષ્ણવોને વ્રજનાં આવાં અલૌકિક સ્વરૂપાત્મક દર્શન થયાં છે અને આજે પણ થાય છે. અલીખાન પઠાણને દર્શન થયાં કે **વૃક્ષે વૃક્ષે વેણુર્ધારી, પત્રે પત્રે ચતુર્ભુજઃ** - વ્રજના દરેક વૃક્ષ પર વેણુધારી ભગવાન બિરાજે છે અને તેના પ્રત્યેક પાન પર એ જ ભગવાન ચતુર્ભુજ સ્વરૂપે બિરાજે છે.

જ્યાં સુધી આપણી દૃષ્ટિ લૌકિક છે, દિવ્ય થઇ નથી, ત્યાં સુધી વ્રજની આ અલૌકિક સ્વરૂપાત્મકતાનાં આપણને દર્શન થવાનાં નથી. લૌકિક દૃષ્ટિ હમેશાં દોષ ભરેલી રહે છે. અલૌકિક દૃષ્ટિ નિર્દોષ બને છે. જેમ કમળાના દર્દીની આંખમાં પીળાશ વ્યાપતાં, તેને બધું પીળું દેખાય છે, તેમ આપણને લૌકિક દૃષ્ટિથી વ્રજનું દર્શન કરતાં, બધું દોષરૂપ દેખાય છે. તેથી શાસ્ત્રવચનો અને ભગવદીયોનાં વચનોમાં વિશ્વાસ બેસતો નથી. જે નજરોથી દેખાય, તેને તે જ સ્વરૂપે આપણી બુદ્ધિ સ્વીકારે છે. આથી વ્રજની નિત્યતા અને અલૌકિકતામાં આપણને શ્રદ્ધા સ્થિર થતી નથી.

શ્રીમહાપ્રભુજી અણુભાષ્યમાં સમજાવે છે કે - દર્શય તસ્ય પ્રત્યક્ષાનુમાને ! (૪-૪-૨૦) વ્રજનો વિચાર કરતાં લૌકિક બુદ્ધિ અને અલૌકિક હકીકત વચ્ચે વિરોધ લાગે છે, કારણ લૌકિક બુદ્ધિ અલૌકિક ભગવચ્ચરિત્ર અને લીલા-સામગ્રીના હાર્દ સુધી પહોંચી શકતી નથી. આ સ્થિતિમાં વ્રજ વિષે લૌકિક બુદ્ધિથી અસત્ કલ્પના કરવામાં આવે, તો વ્રજની અલૌકિક ભાવના ન કરવાનું ઘોર પાપ લાગે છે. કઠોપનિષદ પણ આ જ સલાહ આપે છે. નેષા તર્કેણ મતિ રાયનેયા. ભગવદ્ બાબતોમાં લૌકિક તર્કથી બુદ્ધિ ન ચલાવવી. મહાભારતમાં ભીષ્મજી પણ કહે છે કે **અલૌકિકાસ્તુ યે ભાવા ન તાન્ તર્કેણ યોજયેત્** । અલૌકિક ભાવોને લૌકિક તર્કથી ન વિચારો, શાસ્ત્ર અને ભક્તોના અનુભવોમાં શ્રદ્ધા રાખી, તે સ્વીકારો.

શ્રીમહાપ્રભુજી શ્રીસુબોધિનીજીમાં (૧૦-૨૮)માં આજ્ઞા કરે છે કે :

(૧) મનુષ્ય પોતાની ગતિને સમજતો નથી. પહેલાં તેણે સ્વગતિનું જ્ઞાન મેળવવાનું છે, પછી જ દોષોની નિવૃત્તિપૂર્વક તે સ્વગતિને પ્રાપ્ત કરવાનો ઉપાય કરી શકે. જ્ઞાનશાસ્ત્રોમાં બતાવેલા સાધનાના પ્રકારો પ્રમાણે પહેલાં આત્મપ્રાપ્તિ, પછી બ્રહ્મભાવની પ્રાપ્તિ, પછી ભકિત પ્રાપ્ત થાય. ત્યારબાદ જ ભગવદ્જ્ઞાન અને ભગવદ્ધામનું દિવ્ય દર્શન થાય.

(૨) ઉપર દર્શાવેલા ક્રમ પ્રમાણે ભગવદ્ધામનું દર્શન કરોડો જન્મો બાદ પણ દુર્લભ છે. મુનિઓ પણ ગુણાતીત થાય છે, ત્યારે તેમને દર્શન થાય છે.

(૩) આ સંજોગોમાં ભગવાન પોતે કૃપા કરે, ત્યારે જ તેમના વ્રજધામનું અલૌકિક ભગવત્સ્વરૂપાત્મક દર્શન થાય.

**૪. વ્રજનાં ત્રિવિધ સ્વરૂપ :**

ભગવાનની સમગ્ર સૃષ્ટિમાં ભગવાનથી લઇને દરેક પદાર્થનાં ત્રણ સ્વરૂપો છે. (૧) લૌકિક દૃષ્ટિથી દેખાતું સ્વરૂપ. જેનો આવિર્ભાવ અને તિરોભાવ થાય છે. આધિભૌતિક સ્વરૂપ આપણું શરીર આધિભૌતિક છે. શ્રીયમુનાજીનું નદી રૂપે વહેતું જળ આધિભૌતિક છે. જગત ભગવાનનું આધિભૌતિક સ્વરૂપ છે. (૨) જેને આંખોથી જોઇ શકાતું નથી, પણ ઇન્દ્રિયોથી અનુભવી શકાય છે - તેવું શક્તિ - સામર્થ્ય સ્વરૂપ. આપણા ગુણ-દોષ આપણું આધ્યાત્મિક સ્વરૂપ છે. યમયાતનામાંથી યમુનાપાન કરનારને મુક્તિ અપાવવાનું શ્રીયમુનાજીનું સામર્થ્ય તેમનું આધ્યાત્મિક સ્વરૂપ છે. અક્ષરબ્રહ્મ ભગવાનનું આધ્યાત્મિક સ્વરૂપ છે. (૩) દિવ્ય દૃષ્ટિ મળતાં જેને જોઇ શકાય એવું સનાતન દિવ્ય સ્વરૂપ તે આધિદૈવિક સ્વરૂપ. આપણો આત્મા આધિદૈવિક છે. શ્રીયમુના મહારાણીજી અને ભગવાન આધિદૈવિક છે.

આવી રીતે આપણા વૈષ્ણવમાત્રના ત્રણ જન્મ - ત્રણ સ્વરૂપ. (૧) માનવદેહ-આધિભૌતિક સ્વરૂપ (૨) તેમાં રહેલી વૈષ્ણવતા-આધ્યાત્મિક સ્વરૂપ (૩) નિત્યલીલામાં સેવામાં તત્પર સ્વરૂપ તે આધિદૈવિક સ્વરૂપ. માનવ તરીકે જન્મ તે આધિભૌતિક જન્મ. બ્રહ્મસંબંધ થતાં વૈષ્ણવ થયા તે આધ્યાત્મિક જન્મ. નિત્યલીલામાં ભગવત્સ્વરૂપમાંથી પ્રકટ થયા તે આધિદૈવિક જન્મ.

આ જ પ્રકારે વ્રજભૂમિનાં પણ ત્રણ સ્વરૂપ. (૧) આપણી આંખોથી દેખાતું વ્રજ આધિભૌતિક (૨) તેમાં રહેલું અલૌકિક સામર્થ્ય આધ્યાત્મિક (૩) ભગવત્સ્વરૂપાત્મક વ્રજ આધિદૈવિક.

આપણો અનુભવ છે કે દૃષ્ટિ તેવી સૃષ્ટિ. જીવો ત્રણ પ્રકારના (૧) પ્રવાહી (૨) મર્યાદા (૩) પુષ્ટિ. પ્રવાહી જીવોને મંદિરમાં ભગવાનનું સ્વરૂપ પથ્થર રૂપે જ અનુભવાય. મર્યાદા જીવો તેને દેવ-દેવી રૂપે અનુભવે. પુષ્ટિજીવોને તેમાં પૂર્ણપુરુષોત્તમની પ્રતીતિ થાય.

પ્રવાહી જીવો વ્રજમાં જાય, ત્યારે પોતાના મોજશોખના હેતુથી વ્રજનો લૌકિક અનુભવ કરી, દોષદર્શન કરે. મર્યાદા

સકામ જીવો વ્રજના તીર્થમાહાત્મ્યને વિચારી, તીર્થરૂપ વ્રજને સેવે અને પાપ ધોઇ, પુણ્ય મેળવવા ચાહે. પુષ્ટિજીવો વ્રજને અલૌકિક લીલાધામ અને અલૌકિક ભગવત્સ્વરૂપના ભાવથી સેવે.

આમ, વ્રજ મર્યાદા જીવો માટે તીર્થસ્વરૂપ છે, તો પુષ્ટિજીવો માટે ભગવત્સ્વરૂપ છે. ગીતાજીમાં ભગવાનની આજ્ઞા છે કે જે જીવ મને જે ભાવથી ભજે છે તેને હું તે ભાવથી મળું છું. શ્રીભાગવતજીએ કહ્યું કે ભગવાન શ્રીકૃષ્ણ કંસના દરબારમાં પધાર્યા, ત્યારે મલ્લોને મલ્લ, બ્રાહ્મણોને પરમ તત્ત્વ, સ્ત્રીઓને કામદેવ, કંસને કાળ રૂપે દેખાયા.

આપણા શરીરમાં આત્મા રહેલો છે. શરીર દેખાય છે, આત્મા દેખાતો નથી. પણ છે તે ચોક્કસ છે. તેમ આપણી આંખે જે વ્રજ દેખાય છે, તે જ વ્રજમાં અલૌકિક લીલાસ્થળોવાળું દિવ્ય વ્રજધામ છે, એ ચોકકસ છે. આ વ્રજના કણકણમાં સાક્ષાત ભગવાન બિરાજે છે,તે ચોક્કસ છે. માટે આપણે વિશુદ્ધ બુદ્ધિથી શ્રદ્ધા અને ભાવ રાખી વ્રજનું ધ્યાન-ગાન-સેવન કરવું.

પદ્મપુરાણ આ રહસ્ય બતાવે છે:

**તસ્મિન્નંદાત્મજઃ કૃષ્ણઃ સદાનંદાંગવિગ્રહઃ ।**
**આત્મારામશ્ચ આપ્તકામઃ પ્રેમાવતેરનુભૂયતે ॥**

આ વ્રજભૂમિમાં સદાનંદ સ્વરૂપ, આત્મારામ, આપ્તકામ, શ્રીનંદનંદન કૃષ્ણને પ્રેમી ભક્તો અનુભવે છે.

**અત્રૈવ વ્રજભૂમિઃ સા યત્ર તત્ત્વં સુગોપિતમ્ ।**
**ભાસતે પ્રેમપૂર્ણાનાં કવચિદપિ સર્વતઃ ॥**

આ વ્રજભૂમિમાં પરમ તત્ત્વ કૃષ્ણ ગુપ્ત બિરાજે છે. પ્રેમપૂર્ણ ભક્તોને કયારેક તેમની કૃપાથી તેમનાં દર્શન થાય છે.

સ્કંદ પુરાણ કહે છે :

**ગોવર્ધનનિકુંજેષુ ગોષુ વૃંદાવનાદિષુ ।**
**નિત્ય કૃષ્ણેન મોદન્તે દૃશ્યન્તે પ્રેમતત્પરૈઃ ॥**

શ્રીગોવર્ધનની નિકુંજોમાં, વૃંદાવન વગેરે વનોમાં, ગાયોમાં, લીલાપરિકર શ્રીકૃષ્ણ સાથે નિત્ય આનંદવિહાર કરે છે. એનાં દર્શન પ્રેમીભક્તોને થાય છે.

શ્રીઠાકોરજીની વ્રજની નિત્યલીલાના સર્વ પદાર્થોનાં બે સ્વરૂપે દર્શન થાય છે. (૧) લૌકિક સ્વરૂપે, જેને સામાન્ય ભક્તો અને અભક્તો સૌ લૌકિક દૃષ્ટિથી પર્વતો, વૃક્ષો, કુંડો, નદી જેવાં સ્વરૂપે જુએ છે. (૨) અલૌકિક સ્વરૂપે જેને કૃપાપાત્ર ભક્તો જ જોઇ શકે છે, જેમ કે શ્રીગિરિરાજજી રત્નધાતુમય છે. માનસી ગંગા દૂધથી ભરેલાં છે. શ્રીયમુનાજીના ઘાટ રત્ન-સુવર્ણ જડિત છે.

લૌકિક સ્વરૂપે દેખાતા વ્રજમાં અલૌકિકતા સર્વત્ર છે અને સનાતન છે. તેથી એવો ભાવ અને શ્રદ્ધા લઇને જે વૈષ્ણવો જયારે પણ વ્રજમાં જાય છે, ત્યારે તેમને પ્રેમાહ્‌લાદનાં સ્પંદનો જરૂર થાય છે. લોખંડને લોહચુંબક ખેંચે, તેમ વ્રજ વૈષ્ણવોને સદા ખેંચે છે. તેનું કારણ તેની અલૌકિકતા છે. પૃથ્વી ઉપર કુદરતી સૌંદર્યથી ભરેલાં અનેક સ્થળો છે. જયાં એકવાર ગયા પછી બીજીવાર જવાનું મન ભાગ્યે જ થાય છે. જયારે લોકદૃષ્ટિએ વ્રજ એવું પ્રકૃતિધામ પણ આજે રહ્યું નથી, છતાં ત્યાં વારંવાર જવાનું મન થયા કરે છે.

*બ્રજભૂમિ મોહની મૈં જાની ।*
*મોહનકુંજ, મોહન બૃંદાબન, મોહની શ્રીયમુના મહારાની ॥*
*મોહન નાર સકલ ગોકુલકી, બોલત અમૃત બાની ।*
***'શ્રીભટ'** કે પ્રભુ મોહન નાગર, મોહની શ્રીરાધારાની ॥*

## ૫. શ્રીમદ્‌ભાગવતમાં વ્રજવર્ણન :

દશમ સ્કંધમાં શ્રીશુકદેવજી કહે છે:

**તત આરભ્ય નંદસ્ય વ્રજઃ સર્વસમૃદ્ધિવાન્ ।**

(૧૦-૫-૧૮)

ભગવાન શ્રીકૃષ્ણ પ્રગટ થયા ત્યારથી શ્રીનંદરાયજીનું વ્રજ સર્વ પ્રકારે સમૃદ્ધ થયું.

પછી તરત જ બીજા શ્લોકમાં કહ્યું :

**ગોપાન્ ગોકુલરક્ષાયાં નિરૂપ્ય મથુરાં ગતઃ ।**

(૧૦-૫-૧૯)

ગોપોને ગોકુળની રક્ષા સોંપીને શ્રીનંદરાયજી મથુરા ગયા. બંને શ્લોકોને સાથે રાખીને વિચારીએ તો શ્રીનંદરાયજીનું વ્રજ અને ગોકુળ એક જ છે, મથુરા તેથી અલગ છે.

દશમ સ્કંધમાં અનેક સ્થાને ગોકુળ-વ્રજ-ગોષ્ઠ એવા શબ્દો એક જ અર્થમાં વપરાયા છે. આ વ્રજ અષ્ટ સિદ્ધિ અને નવનિધિથી ભરપૂર ઐશ્વર્યવાળું હતું, એમ શ્રીનંદરાયજીએ નંદમહોત્સવ પ્રસંગે આપેલા અઢળક દાનથી સમજાય છે.

શ્રીસૂરદાસજીએ બ્રજ ભયો મહરકે પૂત પદમાં વ્રજની સુખસમૃદ્ધિ વર્ણવી છે. વ્રજમાં અઢળક સંપત્તિ હતી. તો સુંદરતાની સમૃદ્ધિ પણ અઢળક હતી. બધું જ રમણીય અને મનોરમ હતું.

શ્રીમદ્ ભાગવતમાં વ્રજનાં બે મુખ્ય વનોનો સ્પષ્ટ ઉલ્લેખ છે. (૧) બૃહદ્વન અથવા મહાવન (૨) વૃંદાવન.

બૃહદ્વન અથવા મહાવનની સીમા વૃંદાવનથી ગોકુળ સુધીની છે. મધુવનથી નંદઘાટ સુધી વૃંદાવનની સીમા છે. આજનું મહાવન તો નાનકડું ગામ છે. સારસ્વત કલ્પમાં મહાવનમાં અડધા વ્રજનો સમાવેશ થતો. ગોકુળ મહાવનનું જ એક સ્થળ. ભગવાન શ્રીબાલકૃષ્ણલાલની બધી બાલલીલાઓ આ મહાવનમાં થયેલી.

કંસના મોકલેલા અસુરોનો ઉપદ્રવ મહાવનમાં વધતાં, શ્રીનંદરાયજીના ભાઇ શ્રીઉપનંદજીના સૂચનથી શ્રીનંદરાયજી મહાવન છોડી, ગોકુલવાસીઓ સાથે વૃંદાવનમાં સ્થાયી થવા ગયા. ત્યાં નંદગામમાં વસ્યા.

શ્રીનંદરાયજીના મિત્ર શ્રીવૃષભાનજી મહાવનમાં ગોકુલ પાસે રાવલ ગામમાં રહેતા હતા. તેઓ પણ વૃંદાવનમાં બરસાનામાં સ્થાયી થયા.

વ્રજમાં વૃંદાવન એક નથી, ચાર છે. (૧) આદિ વૃંદાવન-રાધાકુંડથી ચંદ્રસરોવર સુધીનો પાંચ કોશનો વિસ્તાર (૨) મધ્ય વૃંદાવન - નંદગામ બરસાનાનો સુધીનો પાંચ કોશનો વિસ્તાર (૩) બાગ વૃંદાવન - કામવનનો પાંચ કોશનો વિસ્તાર (૪) વસંત વૃંદાવન - હાલનું વૃંદાવન.

વ્રજમાં સારસ્વત કલ્પમાં શ્રીયમુનાજીની બે ધારાઓ વહેતી હતી. એક આજે વહેતી ધારા જે ચીરઘાટથી મથુરા થઇ, આગ્રા જાય છે. બીજી ધારા નંદગામ-બરસાના-કામવન-પૂંછરી-જમનાવતા થઇ આગ્રા તરફ જતી ધારાને મળતી હતી. તે સમયે મધુવનમાં પણ શ્રીયમુનાજી બિરાજતાં.

**તત્તાત્ ગચ્છં ભદ્રં તે યમુનાયાસ્તરં શુચિ ।**
**પુણ્યં મધુવનં યત્ર સાન્નિધ્યં નિત્યદા હરેઃ ॥**

(૪-૮-૪૨)

નારદજીએ ધ્રુવજીને આજ્ઞા કરીઃ હે પુત્ર, યમુનાકિનારે પવિત્ર, પુણ્યશાળી મધુવન છે. ત્યાં ભગવાન નિત્ય બિરાજે છે. તેથી તું ત્યાં જા. તારું કલ્યાણ થશે.

ચંદ્રસરોવરને પરાસોલી - પરમ રાસ્થળી - કહ્યું છે. ત્યાં શ્રીયમુનાકિનારે ભગવાને રાસ કર્યો. તેની નજીકમાં જમનાવતા ગામ છે. આજે ય ત્યાં નદીનાં ચિહ્ન રૂપી રજ જોવા મળે છે. શ્રીયમુનાજી શ્રીગિરિરાજજીની તળેટીમાં પૂછરીથી આન્યોર થઇ ચંદ્રસરોવર તરફ વહેતાં હતાં.

નદીની બે ધારાઓ વચ્ચેની ભૂમિને દ્વીપ કહેવામાં આવે છે. ચંદ્રસરોવર પાસે શ્રીયમુનાજીની બે ધારાઓ વચ્ચે ભૂમિ હશે. તે દ્વીપમાં પરાશર મુનિએ શ્રીયમુનાજીના કિનારે તપ કર્યાનું કહેવાય છે. એ દ્વીપમાં જ પરાશર મુનિને ત્યાં વેદ વ્યાસજીનો જન્મ થયો. દ્વીપમાં જન્મ્યા તેથી તેઓ દ્વૈપાયન કહેવાયા. પરાશર મુનિના નામ પરથી પણ આ સ્થાન પરાસોલી તરીકે પ્રસિદ્ધ થયાનું કેટલાક વિદ્વાનો માને છે. ત્યાં તેમનું મંદિર હતું, એમ પણ કહે છે. વ્યાસ પૂર્ણિમા અષાડ સુદ પૂનમે ત્યાં આજે પણ મોટો મેળો ભરાય છે.

મત્સ્ય પુરાણમાં બતાવ્યા પ્રમાણે શેષનાગની એક હજાર ફણાઓના મધ્યમાં કુમુદ નામની ફણા છે. તેના ઉપર સર્વ સ્થાનોમાં શિરોમણિ, મહાફળ રૂપ વ્રજધામ બિરાજે છે. કૃષ્ણવિહાર માટે તે ૮૪ કોશનું છે. તેથી પ્રદક્ષિણા-પરિક્રમા કરનારને ધન, ધાન્ય, સુખ મળે છે. ત્યાં દાન, પૂજન, વાસ કરવાથી વિષ્ણુલોક મળે છે. ત્યાં વસવાટ કરતાં મૃત્યુ થાય તો પુનર્જન્મ થતો નથી. ત્યાં કરેલું પુણ્ય લાખગણું થાય છે. શ્રીકૃષ્ણે ત્યાં ૨૫૦૦ તીર્થો નિર્માણ કર્યાં છે. વ્રજયાત્રા કરવાથી ૨૫૦૦ તીર્થોની યાત્રા સંપન્ન થાય છે.

### ૬. વૈકુંઠ કરતાં વ્રજની અધિકતા :

વૈકુંઠનો અર્થ છે, જયાં અલ્પ બ્રહ્માનંદ નથી, અગણિત સુખ-આનંદ છે એવું ભગવદ્ધામ.

વૈકુંઠમાં બે ભગવદ્ધામ છે, . (૧) ધર્મવિશિષ્ટ ચતુર્ભુજ શ્રીનારાયણ ભગવાન લક્ષ્મીજી સાથે નિવાસ કરે છે, તે રમાવૈકુંઠ. ત્યાંનો આનંદ ગણિતાનંદ-મર્યાદિત છે. (૨) પૂર્ણ પુરુષોત્તમ ધર્મી સ્વરૂપ શ્રીકૃષ્ણ ભગવાન, જયાં શ્રીરાધાજી આદિ હજારો લક્ષ્મીસ્વરૂપા સખીઓ સાથે નિત્ય અગણિતાનંદમાં વિહાર કરે છે, તે વ્યાપિવૈકુંઠ.

મર્યાદા ભક્તો સનકાદિક, નારદજી, મહાદેવજી આદિની

ગતિ રમાવૈકુંઠ સુધી છે. તેમને વ્યાપિવૈકુંઠ દુર્લભ છે. મર્યાદા ભક્તો, જ્ઞાનીઓ, અને યોગીઓ રમાવૈકુંઠમાં વાસ કરવાની કામના કરે છે. પુષ્ટિભક્તો એ મુક્તિને તુચ્છ સમજે છે. વ્યાપિવૈકુંઠમાં વાસ કરવાથી ઓછું કંઇ પુષ્ટિભક્તોને ખપતું નથી. આ વ્યાપિવૈકુંઠ એ જ ગોલોક. એ જ પૃથ્વી પરનું વ્રજ.

શ્રીમહાપ્રભુજી શ્રીપરિવૃઢાષ્ટક સ્તોત્રમાં વ્રજની વિશેષતા બતાવે છે. **સમાયતે સ્વસ્મિન્ સુરનિલયસામ્યં ગતવતિ વ્રજે વૈશિષ્ટ્યં યો નિજપદયતાવજાંકુશયવૈઃ** વ્રજ દેવધામ સ્વર્ગના જેવું તો છે જ, પણ વૈકુંઠથી એની વિશેષતા એ છે કે રમાવૈકુંઠની સમગ્ર ભૂમિ સોનાથી મઢેલી રત્નજડિત ઝળહળતી છે, જ્યારે વ્રજની ભૂમિ માખણ જેવી ઉજ્જવળ અને કોમળ રજથી સભર છે. સોનું સુંવાળું પણ કઠોર. તેથી તેમાં ભગવાનનાં ચરણચિહ્નોની છાપ ન પડે. ભગવાનની ચરણરજ આંખે અને હૈયે લગાડવા ન મળે. વાલુકા લીસી ને કોમળ. મખમલના ભારે વજનદાર ગાલીચા જેવી દળદાર. એવી વ્રજરજમાં ભગવાનનાં ચરણચિહ્નો અંકિત થાય.

ભગવાનનાં ચરણકમળોમાં સોળ દિવ્ય ચિહ્નો છે. (૧) ધ્વજઃ ભક્તોને સન્મુખ લાવી, અભય આપે. (૨) અંકુશઃ લૌકિકમાં ચંચળ મનને વશ કરે. (૩) કમળઃ ભક્તને સુખ આપે. (૪) વજ્ર : ભારે પાપો અને હૃદયની કઠોરતા તોડે. (૫) સ્વસ્તિક : આલોક પરલોકનાં દુઃખ દૂર કરી, સુખ આપે. (૬) અષ્ટકોણ : કોઇ સાધન કરાવ્યા વિના અષ્ટ સિદ્ધિ આપે. (૭) યવ : અતિશય કીર્તિ આપે. (૮) ઊર્ધ્વરેખા : ઊર્ધ્વગતિ આપે. (૯) કળશ : મંગળ કરે. ડાબા ચરણમાં સાત ચિહ્ન : (૧) ગોપદ : શુદ્ધ કરે. (૨) જમ્બૂફળઃ સર્વ સફળતા આપે. (૩) મત્સ્યઃ હૃદયને ભગવદ્ભાવથી ભીનું કરે. (૪) ધનુષ્ય : કામ, ક્રોધ, વગેરે દોષોનો નાશ કરે. (૫) ત્રિકોણ : સત્ત્વ, રજ, તમમાંથી ઉદ્ધાર કરી, નિર્ગુણ બનાવે. (૬) અર્ધચંદ્ર : બુદ્ધિ નિશ્ચલ કરે. (૭) વ્યોમઃ પોતાના સ્વામી પ્રભુ તરફ ગતિ કરાવે. આ બધાં ચિહ્નો ભગવાનના ગુણ-સામર્થ્યનાં સૂચક છે. જે જીવ ભગવાનનાં ચરણકમળોનો દૃઢ આશ્રય કરે છે, તેને ભગવાન આ સોળ ફળ આપે છે. જેમ સોળ શૃંગારથી દેહ શોભે, તેમ આ ષોડશ ચિહ્નો પોતાના અંગ પર ધારણ કરવાથી વ્રજભૂમિ દિવ્ય ભગવત્ સ્વરૂપે શોભે છે. આ સોળ ચિહ્નો વ્રજભૂમિની વિશેષતા છે, જે વૈકુંઠમાં નથી.

શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાષ્ટકમાં વ્રજભૂમિનો બીજો ઉત્કર્ષ બતાવ્યો : **મુરારિપદપંકજ સ્ફૂરદમંદરેણૂત્કટામ્** । વ્રજમાં અમંદ (અતિશય) રજ છે. જળ કરતાં રજ વિશેષ છે. મુરારિ ભગવાનનાં ચરણકમળોનો સ્પર્શ વ્રજરજને થતાં તે ઉત્કટ પ્રમાણમાં સ્ફુરાયમાન થઇ છે. એટલે કે દિવ્ય સ્વરૂપે ઝળકે છે. અન્ય સ્થળોની રજમાં હીરાકણી શી ચમક નથી, જે વ્રજરજમાં છે, જાણે રજ સાથે હીરાકણીઓ ન હોય!

ભગવાનનાં ચરણકમળમાં જડને ચેતન બનાવવાનું સામર્થ્ય છે. રામાવતારમાં શ્રીરામના ચરણસ્પર્શે શિલા બનેલાં અહલ્યાજી ફરી સજીવન થઇ ગયાં. એટલે તો કેવટ નાવિકે શ્રીરામચંદ્રજીને વિનંતી કરી – પહેલાં તમારા ચરણ ધોવા દો. તમારી ચરણરજ મારી નાવને લાગતાં તે સ્ત્રી બની જાય તો મારી રોજી જાય ને ઘરમાં બે સ્ત્રી ભેગી થતાં હું દુઃખી થાઉં. ભગવાન શ્રીકૃષ્ણનો ચરણસ્પર્શ તો જડને માત્ર ચેતન નથી બનાવતો, એને ભગવદ્રૂપ બનાવે છે. આથી વ્રજરજ સ્ફુરાયમાન થઇ એટલે ભગવત્સ્વરૂપ બની ગઇ. તેનું કણ કણ સ્વરૂપાત્મક છે. તેથી વ્રજવાલુકાની વૈષ્ણવો ભગવત્સ્વરૂપની જેમ સેવા કરે છે. તેમાં તેમને સાક્ષાત્ ભગવદ્નુભવ પણ થાય છે.

આપણા મળમૂત્રથી ભરેલા ભૌતિક દેહથી સાક્ષાત્ ભગવાનને આપણે સ્પર્શ કરી શકતા નથી. તે માટે તનુનવત્વ જરૂરી છે. શ્રીવ્રજનાથને આલિંગવાનો પ્રકાર શ્રીહરિરાયજીએ બતાવ્યો. તન પુલકિત બ્રજરજમેં લોટત- વ્રજ રજમાં લોટવાથી, વ્રજરજ આપણા આખા અંગે લાગે. વ્રજરજ સાક્ષાત શ્રીઠાકોરજીનું જ ભાવાત્મક સ્વરૂપ છે. તેથી વ્રજરજ દ્વારા શ્રીઠાકોરજીને આલિંગન થાય છે. આ અલૌકિક લાભ વ્રજમાં જ મળે, વૈકુંઠમાં ન મળે.

શ્રીમદ્ ભાગવતમાં વેણુગીતમાં વૃંદાવન-વ્રજની વિશેષતા કહી છે : **વૃંદાવનં સખિ ભુવિ વિતનોતિ કીર્તિં યદ્દેવકીસુત-પદામ્બુજલબ્ધલક્ષ્મિ** । દેવકીનંદન શ્રીકૃષ્ણનાં ચરણકમળથી શોભતું વૃંદાવન પૃથ્વીની કીર્તિને વધારે છે. ભગવાન અને ઉત્તમ દેવોના ચરણ સામાન્યતઃ પૃથ્વીને સ્પર્શતા નથી. વૃંદાવનની ભૂમિ મૂળ દૈત્યની ભૂમિ અને પાછી સ્ત્રીના

સંબંધવાળી. તેને દેવનાં ચરણનો સ્પર્શ પણ દુર્લભ. ત્યારે પૂર્ણપુરુષોત્તમ પ્રભુનાં ચરણકમળના સ્પર્શનું સુખ તેને પ્રાપ્ત થયું એ જ વૃંદાવનની શ્રેષ્ઠતા.

પૃથ્વીના દેવી સ્વરૂપનું લલાટ એ વૃંદાવન. તેમાં ભગવાનનાં સોળ ચિહ્નોવાળા ચરણકમળની છાપ તે સૌભાગ્યનું તિલક. ભીની રજ પર પગલાંની છાપ કાયમ રહે. શ્રીયમુનાજળથી ભીની વૃંદાવનની ભૂમિ ભગવાનનાં ચરણ-કમળોની છાપ રૂપી સોળ શણગારથી સજ્જ છે! આ સૌભાગ્ય વૈકુંઠની ભૂમિને નથી મળ્યું.

વૈકુંઠમાં ભક્તો ભગવાનને વશ છે. વ્રજમાં ભગવાન ભક્તોને વશ છે. વૈકુંઠમાં વેદો ગાન કરે છે. વ્રજમાં શ્રીકૃષ્ણ પોતે વેણુગાન કરે છે. વૈકુંઠમાં સેવકો ભગવાનની પાછળ ફરે. વ્રજમાં ભગવાન ગાયો અને ગોપગોપીઓની પાછળ ફરે. વૈકુંઠમાં સેવકો ભગવાનની સેવા કરે. વ્રજમાં ભગવાન ગોપગોપીઓની સેવા કરે. વૈકુંઠમાં એક કલ્પવૃક્ષ છે. તે સ્વર્ગનું સુખ આપે છે. વ્રજમાં પ્રત્યેક વૃક્ષ વેણુધારી શ્રીકૃષ્ણરૂપ છે, જે ભક્તોને ભજનાનંદ આપે છે. વૈકુંઠમાં લક્ષ્મીજી મહારાણી છે. વ્રજમાં લક્ષ્મીજી દાસી છે. વૈકુંઠમાં એક લક્ષ્મીજી છે. વ્રજમાં હજારો લક્ષ્મીજીઓ છે. વૈકુંઠમાં બ્રહ્માનંદ છે. વ્રજમાં ભજનાનંદ છે.

આથી શ્રીગુસાંઇજી વ્રજભૂમિને સર્વ મંગલોનું મંગલ કહે છે. **મંગલં મંગલં વ્રજભૂમિ મંગલમ્** । શ્રીકૃષ્ણની પ્રતિજ્ઞા છે - બ્રજ તજિ અનત ન જાઇ હૌં મેરે તો યહ ટેક । વૈકુંઠનાથ વૈકુંઠ છોડે, પણ વ્રજનાથ કદાપિ વ્રજ ન છોડે. ભગવાન વૈકુંઠને ભૂલે, વ્રજને ન ભૂલે. તિનકો નિમિષ ન બિસરિ હૌં નંદરાયકી આન।

આથી શ્રીગોવિંદસ્વામી કહે છે :

કહા કરૌં બૈકુંઠ જાઇ ।
જહાઁ નહીં બંસીબટ જમુના,
ગિરિ ગોવર્ધન નંદ કી ગાઇ ।
જહાઁ નહીં વે કુંજ લતા દ્રુમ,
મંદ સુગંધિ બહત ન બાઇ ।
કોકિલ મોર હંસ ન નહીં કૂજતિ,
તાકો બસિવો કાહિ સુહાઇ ।
જહાઁ નહિ બંસીધુનિ બાજતિ,
કૃષ્ણ ન પૂરબત અધર લગાઇ ।
પ્રેમપુલક રોમાંચ ન ઉપજતિ,
મનબચક્રમ આવત નહિ વાઇ ।
જહાઁ નહિ યે ભુવિ વૃંદાવન,
બાબા નંદ જસોમતિ માઇ ।
**'ગોવિંદ'** પ્રભુ તજિ નંદસુવનકો,
બ્રજ તજિ વહાઁ બસત મેરી બલાઇ ॥

શ્રીસૂરદાસજી પણ આવો જ ભાવ વ્યક્ત કરે છે :

બની સહજ યહ લૂંટ હરિકેલિ ગોપિન કે સુપને,
યહ કૃપા કમલા હૂ ન પાવૈ ।
નિગમ નિરાધાર, ત્રિપુરારિ હૂ બિચારી રહ્યો,
પચિ રહ્યો સેસ નહિ પાર પાવૈ ।
કિન્નરી બહુરિ, અરુ બહુરિ ગંધર્વની, પન્નગની,
ચિતવત નહીં માંઝ પાવૈ ।
દેતિ કર તાલ વે ગોપાલ સોં, પકરિ બ્રજબાલ,
કપિ સોં નચાવૈ ।
**'સૂર'** ગિરિધરન મધુચરિત મધુપાન કે,
ઔર અમૃત કછુ આન લાગે ।
ઔર સુખ રંક કી કૌન ઇચ્છા કરૈ,
મુક્તિ હૂ લોન સી ખારી લાગૈ ।

શ્રીનાગરીદાસજી કહે છે :

બ્રજ સમ ઔર કોઉ નહીં ધામ ।
યા બ્રજ સોં પરમેસુર હૂ કે સુધરે સુંદર ધામ ॥
કૃષ્ણનામ યહ સુન્યૌ ગર્ગ તેં, કાન્હ કાન્હ કહિ બોલે ।
બાલકેલિ રસ મગન ભયે સબ, આનંદસિંધુ કલોલે ॥

શ્રીકૃષ્ણદાસજીએ કહ્યું :

કોટિ કલ્પ કાસી બસૈ, અયોધ્યા કલ્પ હજાર ।
એક નિમિષ બ્રજમેં બસૈ, બડભાગી **'કૃષ્ણદાસ'** ॥

શ્રીઅભયરામજી વ્રજ પર વારી જાય છે :

એક બ્રજ રેણુકા પૈ ચિંતામણિ બારિ ડારૌં ।
બારિ ડારૌં વિશ્વ સેવાકુંજ કે બિહાર પૈ ॥
બ્રજ કી પનિહારિન પૈ રતિ સચિ બારિ ડારૌં ।
રંભાન કું બારિ ડારૌં ગોપિન કે દ્વાર પૈ ।

જયશ્રીબેન જનકભાઈ ખટાઉ (નેપરવીલે નિવાસી)ના સદૈન્ય જયશ્રીકૃષ્ણ

કલ્પતરુ બારિ ડારૌં, બૈકુંઠ હૂ કો બારિ ડારૌં
કાલિન્દી કી ધાર પૈ ॥
કહૈ **'અભૈરામ'** એક રાધે જુ કો જાનત હૌં ।
દેવન કોં બારિ ડારૌં નંદ કે કુમાર પૈ ॥

શ્રીનંદદાસજી તેમના ભાઇ તુલસીદાસજીને સમજાવે છે :

જો ગિરિ રુચે તો બસો શ્રીગોવર્ધન ।
ગામ રુચે તો બસો નંદગામ ॥
નગર રુચે તો બસો શ્રીમધુપુરી ।
સોભા સાગર અતિ અભિરામ ॥
સરિતા રુચે તો બસો શ્રીજમુનાતટ ।
સકલ મનોરથ પૂરન કામ ॥
**'નંદદાસ'** કાનન રુચે તો બસો ભૂમિ વૃંદાવનધામ ॥

શ્રીછીતસ્વામી વિધાતા પાસે માગે છે :

અહો બિધના તો પૈ અચરા પસારિ માગૌં ।
જનમ જનમ દીજૈ મોહિ યાહી બ્રજ બસિવો ।
અહીર કી જાતિ સમીપ, નંદ ઘર
ઘરી ઘરી ઘનશ્યામ હેર હેર હસિવો ॥
દધિ કે દાન મિસ, બ્રજ કી બિથનિ મેં
ઝકઝોરન અંગ અંગ કો પરસવો ।
**'છીતસ્વામી'** ગિરિધરન શ્રીવિઠ્ઠલ
સરદ રૈન રસ રાસ કો બિલસવો ॥

શ્રીદયારામભાઇ કહે છે :

વ્રજ વ્હાલું રે, વૈકુંઠ નહિ આવું,
મને ન ગમે ચતુર્ભુજ થાવું,
ત્યાં તો નંદકુંવર કયાંથી લાવું?

શ્રીગુસાંઇજીના દસ વર્ષના પૌત્ર શ્રીકલ્યાણરાયજીએ મોંઘા મોટા મઠનો મળતો વારસો છોડી વ્રજવાસ માંગ્યો.

હૌં બ્રજ માગનો જુ, બ્રજ તજિ અનત ન જાઉં ।
બડે બડે ભુવપતિ રાજ લોકપતિ દાતા સૂર સુજાન ।
કર ન પસારૌ સીસ ન નાઉં, યા બ્રજ કો અભિમાન ।
સુરપતિ નરપતિ નાગલોકપતિ મેરે રંક સમાન ।

ફરી નાગરીદાસજીને યાદ કરીએ :

બ્રજ કો સ્વાદ બૈકુંઠ નાહીં ।
હરિગુન કથા ભઇ તબ મીઠી,
બ્રજ રસ મિલ્યો તા માँહી ॥
બ્રજરસ બિના રસિક કહા ગાવતે
બ્રજ મહિમા કો વે હી જાને
જિન હી બ્રજ સોં નાતો ॥

## ૭. પુરાણોમાં વ્રજમહિમા :

### (ક) સ્કંદપુરાણની કથા :

સ્કંદપુરાણમાં વ્રજનો ઇતિહાસ વર્ણવ્યો છે. સહસ્રાર્જુન નામના રાજાને હજાર પુત્રો હતા. તેમાંથી માત્ર પાંચ પુત્રો જ બચ્યા. તેમાં બીજા નંબરનો પુત્ર શૂરસેન હતો. સહસ્રાર્જુને તેનું વિશાળ રાજય પાંચ પુત્રોને વહેંચી આપ્યું. શુરસેનને બે પ્રદેશો આપ્યા. સૌર મંડળ અને મથુરામંડળ. શૂરસેનના નામ પરથી સૌરમંડળનું નામ શૂરસેન દેશ પડ્યું. શૂરસેનને એ પ્રદેશ અને તેનું નામ ન ગમ્યાં. તે છોડીને તે મથુરામંડળમાં આવીને વસ્યો. તેણે મથુરામંડળનો ઘણો ઉત્કર્ષ કર્યો.

મથુરામંડળ વિશાળ દેશ બન્યો. તેની રાજધાની મથુરાનગરી. તે યાદવોની રાજધાની બની. રાજા યદુના વંશજો યાદવો કહેવાયા. હિંદુસ્તાનમાં યાદવોનો ઘણો મોટો પ્રભાવ હતો. યાદવો લોકશાહીમાં માનનારા હતા. તેમના રાજયમાં કોઇ રાજા નહિ. રાજયવહીવટ માટે ગણતંત્ર હતું. યાદવો ઘણા શૂરવીર અને ધર્મિષ્ઠ, ન્યાય તથા નીતિપ્રિય હતા. તેમનાથી હિંદુસ્તાનના ઘણા રાજાઓ ડરતા.

તે સમયે બિહાર મગધદેશના નામે ઓળખાતો. ત્યાં સામ્રાજયવાદી, સરમુખત્યાર રાજા જરાસંધનું રાજય હતું. જરાસંધને પણ કેવળ યાદવોનો જ ડર હતો, કારણ કે યાદવો પાસે સત્તા, સંપત્તિ અને સંપ ત્રણે હતાં.

યાદવ અગ્રણી ઉગ્રસેને મથુરા મંડળનો વહીવટ સારી રીતે કર્યો. તેમના ભાઇ દેવક હતા. ઉગ્રસેનનો પુત્ર કંસ. તે અધર્મી, અન્યાયી, સત્તાપ્રિય, અભિમાની અને સામ્રાજયવાદી હતો. તેણે મથુરામંડળ અને વ્રજમંડળમાં કાળો કેર વર્તાવ્યો. શ્રીકૃષ્ણે તેનો સંહાર કર્યો. ઉગ્રસેનને ફરી સત્તા સોંપી. જરાસંધને વારંવાર મારી હઠાવ્યો. કાલયવનના હુમલાઓ થતાં શ્રીકૃષ્ણે મથુરામંડળ યાદવો સહિત છોડ્યું અને દ્વારકાપુરી વસાવી. કાળક્રમે મથુરામંડળ ઉજ્જડ થયું.

ભગવાન શ્રીકૃષ્ણ સ્વધામ પધાર્યા. યાદવવંશ તારાજ થયો.

દ્વારકાપુરી સમુદ્રમાં ડૂબી ગઇ. ત્યારે શ્રીકૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્નના પુત્ર અનિરુદ્ધના પુત્ર વજ્રનાભ એકમાત્ર યાદવવંશના વારસ હયાત હતા. શ્રીકૃષ્ણનાં સોળ હજાર રાણીઓ પણ હયાત હતાં. અર્જુન તેમને હસ્તિનાપુર લઇ આવ્યો.

મહારાજા યુધિષ્ઠિરે મથુરામંડળના રાજા તરીકે મથુરાનગરીમાં વજ્રનાભજીને રાજતિલક કરી, રાજગાદી સોંપી અર્જુનના પુત્ર અભિમન્યુનો પુત્ર પરીક્ષિત જ પાંડવવંશનો એક માત્ર વારસદાર હયાત હતો. તેમને હસ્તિનાપુરની રાજયગાદી સોંપી. પાંડવો હિમાળો ગાળવા ચાલી નીકળ્યા.

શ્રીકૃષ્ણ અને અર્જુન સગા મામા-ફોઇના દીકરા થાય. તે સગપણે પરીક્ષિત વજ્રનાભના કાકા થાય. એકવખત પરીક્ષિત વજ્રનાભને મળવા હસ્તિનાપુરથી મથુરા આવ્યા. વજ્રનાભ ઘણા રાજી થયા. પ્રેમથી સત્કાર કર્યો. પરસ્પરના કુશળ પૂછ્યા.

વાતચીત કરતાં વજ્રનાભે કહ્યું: કાકાજી, ઘણા વખતથી મને એક ચિંતા સતાવે છે. મને મથુરામંડળનું રાજય તો મળ્યું. પણ આખો દેશ નિર્જન છે. અહીં માત્ર બંદરોની જ વસ્તી છે. પ્રજા છે જ નહિ. તો હું કોનો રાજા? મારે કોના ઉપર રાજય કરવાનું?

પરીક્ષિતે કહ્યું: તમારા પ્રપિતામહ શ્રીકૃષ્ણના પિતા શ્રીનંદરાયજીના પુરોહિત મહર્ષિ શાંડિલ્ય મથુરામંડળમાં વસે છે. આપણે તેમને બોલાવીએ. તેઓ માર્ગ બતાવશે.

મહર્ષિ શાંડિલ્ય પધાર્યા. તેમણે કહ્યું: રાજન્, આ વ્રજભૂમિ છે. વ્રજનો એક અર્થ છે વ્યાપવું. જે સર્વત્ર વ્યાપીને રહે તે વ્રજ. તે જ ભગવાન શ્રીકૃષ્ણ સ્વરૂપે અહીં વ્રજમાં પ્રકટ થયા. તેમનો આ વ્રજધામમાં શાશ્વત નિવાસ છે. શ્રીરાધિકાજી તેમનો આત્મા છે. એ યુગલ સ્વરૂપની લીલા આ વ્રજમાં સનાતન છે.

ભગવાનની લીલા બે પ્રકારની છે. (૧) વાસ્તવિક (૨) વ્યાવહારિક. વાસ્તવિક લીલા ગુપ્ત છે. તે કેવળ ભગવાન અને તેમના અતિ કૃપાપાત્ર ભક્તો જ જાણે છે. બીજાને તેનો અનુભવ થતો નથી. જીવોની સામે જે લીલા થાય છે, તે વ્યાવહારિક લીલા. વાસ્તવિક લીલા વિના વ્યાવહારિક લીલા થઇ શકતી નથી. વાસ્તવિક લીલાના રાજયમાં વ્યાવહારિક લીલાનો પ્રવેશ નથી. તેથી વ્રજદેશમાં મનુષ્યો નથી. તેની ચિંતા ન કરવી.

હે વજ્રનાભ, તમે આ ભૂમિના રાજા છો, આ વ્રજભૂમિમાં તમે નાનાંમોટાં ગામો વસાવો. તમારી ઇચ્છા સિદ્ધ થશે. ભગવાન શ્રીકૃષ્ણે આ ભૂમિમાં જયાં જે લીલા કરી, તેને અનુરૂપ તે ગામોનાં નામ આપો. પૃથ્વી રહેવા લાયક બનશે. મથુરા, ગોવર્ધન, નંદગામ, બરસાના મોટાં ગામો થશે. વનો, નદીઓ, પર્વતોની વચ્ચેના સપાટ પ્રદેશમાં કુંડો, કુંજો વગેરે બનાવો. વ્રજભૂમિમાં આવીને વસનારી પ્રજાનું તમે સારી રીતે રક્ષણ કરો. તે પ્રજા સુખસંપત્તિવાળી થશે. તમે આ વ્રજભૂમિને સત્, ચિત્, આનંદરૂપ જાણી તેની સેવા કરો. ઠેર ઠેર શ્રીકૃષ્ણલીલાનાં સ્મારકો બનાવો. શ્રીકૃષ્ણબળદેવનાં મંદિરો બાંધો.

શાંડિલ્ય મુનિના માર્ગદર્શનમાં, પરીક્ષિતની મદદથી વજ્રનાભે બધાં ગામ અને સ્થળોની રચના કરાવી. ચતુર્વેદી બ્રાહ્મણોને બોલાવી, તેમને મથુરામાં નિવાસ કરાવ્યો, જે આજે ચોબાજી તરીકે જાણીતા છે. ક્ષત્રિયો, વૈશ્યો અને શૂદ્રો પણ ત્યાં આવીને વસ્યા.

શાંડિલ્ય મુનિએ બતાવ્યા પ્રમાણે લીલાસ્થાનો પ્રકટ કરી, તેમને તે તે લીલાનાં નામ આપ્યાં.

આ વ્રજ મંડળમાં એકંદર બાર વન, ચોવીસ ઉપવન, ત્રણસો સાઠ કુંડ, નવ દેવી, આઠ મહાદેવ, આઠ દાઉજી, ચાર ઉખર, ચાર પોખર; આઠ સરોવર, પાંચ પર્વત, સાત ચરણચિહ્ન, નવ શિલા, બાર વડ, અગિયાર કૂવા, ચાર કદમખંડી, છ ઝૂલા, શ્રીમહાપ્રભુજીનાં ત્રેવીસ બેઠક, શ્રીગુસાંઇજીનાં પંદર બેઠક, શ્રીગોકુલનાથજીનાં આઠ બેઠક આદિ બેઠકો, ગોકુલ, ગોવર્ધન, નંદગામ, બરસાના, કામવન, વૃંદાવન આદિ ગામો છે.

*શ્રીયમુના ગિરિરાજ જુ, બ્રજમંડલ સુખધામ,*
*જા કે મનમેં વે હિ હૈ, તાકે પૂરન કામ.*

## (ખ) ગર્ગસંહિતાની કથા:

ભગવાને બ્રહ્માજીને આજ્ઞા કરી: સારસ્વત કલ્પમાં દ્રોણ નામના વસુ નંદરાય રૂપે તથા ધરા (પૃથ્વી) યશોદા રૂપે જન્મશે. સુચંદ્ર વૃષભાન રૂપે અને તેમનાં પત્ની કલાવતી કીર્તિરૂપે જન્મશે. તેમને ત્યાં મારી આહ્લાદિની શક્તિ રાધા સ્વરૂપે પ્રકટ થશે. હું પોતે યશોદા-નંદરાયના ત્યાં વ્રજમાં શ્રીકૃષ્ણ સ્વરૂપે પ્રકટ થઇશ. અને નિરંતર વ્રજમંડળમાં ગોપીઓ

સાથે રાસ કરીશ. (ગોલોક ખંડ અધ્યાય-૩)

ભગવાને વેદની શ્રુતિઓને વચન આપ્યું: તમે વ્રજમાં ગોપિકાઓ રૂપે પ્રકટ થાવ. ત્યાં હું તમારો અત્યંત પ્રિય રમણ બનીને પ્રગટ થઈશ. (ગોલોક ખંડ, અધ્યાય-૪)

**(ગ) વરાહ પુરાણની કથા :**

એક વખત હિરણ્યાક્ષ નામનો મહાભયંકર રાક્ષસ આખી પૃથ્વીને ઊંચકીને પાતાળમાં લઈ ગયો. ત્યારે બ્રહ્માજીએ ભગવાનને પૃથ્વીને પાતાળમાંથી બહાર કાઢવા પ્રાર્થના કરી. ભગવાને વરાહ રૂપ ધારણ કર્યું. હિરણ્યાક્ષ સાથે યુદ્ધ કરીને, તેનો સંહાર કર્યો. પાતાળમાંથી પૃથ્વીને પોતાના દાંત ઉપર ઉપાડીને ભગવાન ચાલ્યા. પૃથ્વી ભક્ત છે, પણ તેને અભિમાન થયું. તેણે ભગવાનને કહ્યું: ‘ચારે બાજુ અગાધ જળ છે, આપ મને ક્યાં મૂકશો?’

‘જ્યાં વૃક્ષ દેખાશે ત્યાં તને મૂકીશ.’ શ્રીવરાહ ભગવાને કહ્યું.

‘મહારાજ, બધાં વૃક્ષો, પર્વતો મારી ઉપર છે. મારાથી અલગ વૃક્ષવાળું સ્થાન ક્યાં છે, જ્યાં તમે મને મૂકશો?’ પૃથ્વીએ પૂછ્યું.

એટલામાં તો પૃથ્વીએ પોતાના એક પગના તળિયામાં સમાઈ જાય એટલી લઘુ ભૂમિ વૃક્ષો વાળી જોઈ. તેણે પૂછ્યું: ‘આ ક્યાંનાં વૃક્ષો છે?’

‘આ ગોલોકનું મારું નિજધામ વ્રજભૂમિ છે. તે મથુરામંડળ પણ કહેવાય છે. પ્રલયકાળે તારો નાશ થાય, પણ આ વ્રજભૂમિનો નાશ થતો નથી.’

બ્રજભૂમિને સર્વથી શ્રેષ્ઠ જાણી, પૃથ્વીદેવીનો ગર્વ ઓગળી ગયો.

**(ઘ) પુરાણાંતરની કથાઓ :**

બ્રહ્માજી વગેરે દેવોની પ્રાર્થનાથી જયારે ભગવાને ગોલોકમાંથી પૃથ્વી ઉપર પધારવાનું નક્કી કર્યું, ત્યારે રાધાજીને સાથે પધારવાની આજ્ઞા કરી. શ્રીરાધાજીએ કહ્યું: પૃથ્વી ઉપર યમુના, વૃંદાવન અને ગોવર્ધન ન હોવાથી મારા મનને આનંદ રહેશે નહિ. ત્યારે શ્રીકૃષ્ણની આજ્ઞાથી યમુના, વૃંદાવન, ગોવર્ધન સહિત ગોલોકની ચોરાસી કોસ ભૂમિ પૃથ્વી ઉપર પ્રકટ થઈ.

ચાર યુગના અંતે નૈમિત્તિક પ્રલય થયો, ત્યારે બ્રહ્માજી નિદ્રાવશ થયા. તે સમયે શંખાસુર વેદોને ચોરી ગયો. તે વખતે ભગવાને મત્સ્યરૂપ લઈ, તે મહા બળવાન રાક્ષસ સાથે ઘોર યુદ્ધ કર્યું. ચક્રથી શંખાસુરનું માથું કાપી, ભગવાને બ્રહ્માને વેદો સોંપ્યા. પછી ભગવાને પ્રયાગમાં ત્રિવેણીસ્નાન કરી, તીર્થદેવ પ્રયાગને રાજતિલક કર્યું અને સર્વ તીર્થોના રાજા તરીકે સ્થાપ્યા. અક્ષયવડ છત્ર સમાન થયા. ગંગા-યમુના ચમ્મર સમાન થયા. સઘળાં તીર્થોએ આવી પ્રયાગરાજને પોતાના રાજા તરીકે સ્વીકારી ભેટ કરી.

તીર્થરાજ પ્રયાગ ફૂલ્યા નહોતા સમાતા. એક વખત નારદજી પ્રયાગરાજને મળવા ગયા. નારદજીએ કહ્યું: તમે તમારી જાતને તીર્થરાજ માનો છો. સર્વ તીર્થોએ તમને રાજા તરીકે સ્વીકારી, તમને ભેટ કરી. પરંતુ વ્રજનું એક પણ તીર્થ તમારી પૂજા કરવા આવ્યું કે તમને ભેટ કરી?

આ સાંભળી તીર્થરાજ પ્રયાગ ગુસ્સે થયા. તેઓ સર્વ તીર્થોને સાથે લઈ, ભગવાન પાસે ગયા. તેમણે ભગવાનને ફરિયાદ કરી, ભગવન્, આપે મને સર્વ તીર્થોનો રાજા બનાવ્યો. બધાં તીર્થોએ મારો સ્વીકાર કર્યો. પરંતુ વ્રજનું એક પણ તીર્થ ભેટ લઈને મારું પૂજન કરવા ન આવ્યું.

ભગવાને હસીને કહ્યું: અમે તમને પૃથ્વીનું રાજય સોંપ્યું છે. અમારા ઘરનું રાજય નથી સોંપ્યું. વ્રજ મારું ઘર છે. તે તમારું આશ્રિત ન બને. તમે જઈને વ્રજનું પૂજન કરો.

આથી તીર્થરાજ પ્રયાગે સર્વ તીર્થો સાથે વ્રજનું પૂજન કર્યું. સૌ તીર્થો સહિત પ્રયાગરાજ વ્રજનો આશ્રય કરીને વ્રજમાં, એમનાં આધિદૈવિક દેવતા સ્વરૂપોથી વ્રજની સેવામાં રહ્યાં છે.

*સર્વ તીરથ ભુવલોકમેં, બ્રજ રજકન નહીં પાય,*
*શ્રીપતિ કહી પ્રયાગ સોં, મહિમા કછુ એક ગાય.*

**(૮) ભગવદીયોના અનુભવો :**

એક વિરક્ત વૈષ્ણવ વ્રજનાં દર્શન કરવા વ્રજમાં આવ્યા. યાત્રા કરતા કરતા નંદગામ આવ્યા. થાક ઉતારવા ગોંદરે એક કૂવા પાસે બેઠા. એક ગ્વાલિની જળ ભરવા કૂવે આવી. તેણે વિરક્ત વૈષ્ણવને મીઠી વ્રજભાષામાં પૂછ્યું: બાવા, દરસન કર આયે?

નહીં મૈયા, આજ સારા દિન ઐસે હી બીત ગયા. દરસન નાહીં પાયો.

બાવા, દરસન કો આનો હો, તો ચલો મેરે સંગ. હૌં જા રહી હૂઁ. યે ગગરી ઘર પે ધરિ કે આઇ સમજો ।

અચ્છા, મૈં બાટ દેખતા હૂં.

ગ્વાલિની ગઇ તે ગઇ. રાત ઢળી ચૂકી, તો ય પાછી ન આવી. વૈષ્ણવ ભૂખ્યા થયા. દર્શનની બેચેની પણ ભૂખની સાથે વધી. ભિક્ષા માગવા જાય ને ગ્વાલિની તેડવા આવે તો? રાહ જોતા બેસી રહ્યા. થાકીહારી વ્રજરજમાં જ સૂઇ ગયા.

ઊંઘમાં સ્વપ્ન આવ્યું. પેલી ગ્વાલિની સાથે તેઓ નંદગામના પર્વતનાં પગથિયાં ચડી, મંદિરે પહોંચ્યા. મંદિરમાં રત્નજડિત સિંહાસન પર, મખમલના ગાદીતકિયે શ્રીબલરામજી સાથે શ્રીકૃષ્ણ બિરાજ્યા છે. બંને મલકાય છે. શ્રીકૃષ્ણે તેમની પાઘમાં ધરેલું ગુલાબનું ફૂલ વૈષ્ણવને આપ્યું. શ્રીદાઉજીએ તેમની પાઘનું ગેંડાનું ફૂલ વૈષ્ણવને આપ્યું. વૈષ્ણવના સુખનો પાર ન રહ્યો.

ત્યાં સવાર થતાં વૈષ્ણવ જાગ્યા. પેલી ગ્વાલિની પણ કૂવે જળ ભરવા આવી. વૈષ્ણવે કહ્યું: કાલ સાંજનો મને અહીં રાહ જોતો બેસાડી રાખ્યો અને તમે તો આવ્યાં જ નહીં! હું તો આખી રાત અહીં ટાઢથી ઠૂઠવાયો.

બાવા! ખોટું નહિ બોલવાનું. આપણે બંને દર્શન કરવા તો ગયાં હતાં. તમને શ્રીકૃષ્ણબળદેવે પાઘમાંથી ફૂલ નહોતાં આપ્યાં? અરે, એ પ્રસાદી ફૂલ તો આ રહ્યાં તમારા પડખે! બાવા! આ તો વ્રજ છે. અહીંથી શ્રીકૃષ્ણ કયાંય ગયા નથી. વ્રજ કદી સૂનું નથી. અહીં તો લાલાની નિત્ય લીલા છે.

•

એક વખત મીરાંબાઇ વ્રજમાં ગયાં. વૃંદાવનમાં શ્રીરાધાવલ્લભ સંપ્રદાયના ગુસાંઇ (ગોસ્વામી)ને મળવા ગયાં. ગુસાંઇ આંખો મીંચી ધ્યાનમગ્ન સ્થિતિમાં બેઠા હતા, મીરાંબાઇએ પૂછયું: આંખો મીંચી કોનું ધ્યાન કરો છો, વૈષ્ણવ?

શ્રીકૃષ્ણચંદ્રનું. વ્રજમાં ધ્યાન કરવા જેવું બીજું કોણ છે?

ક્ષમા કરજો, વૈષ્ણવ. મેં તો જાણ્યું છે કે અહીં વ્રજમાં તો શ્રીકૃષ્ણચંદ્ર સાક્ષાત્ બિરાજે છે. તેમને નેત્રોથી નિરખવાના છોડી, આંખો મીંચી તેમનું ધ્યાન કરવાનું?

મીરાંબાઇ વૃંદાવનમાં શ્રીકૃષ્ણ ચૈતન્યજીના સેવક જીવ ગોસ્વામીને મળવા ગયાં. કુટિર બહાર ઊભાં રહ્યાં. કુટિરમાંથી સ્વામીજીએ કહ્યું: હું સંન્યાસી છું, સ્ત્રીમુખ જોતો નથી.

બહારથી મીરાંબાઇએ જવાબ વાળ્યો: હું તો એમ સમજતી હતી કે આખા યે વ્રજમાં પુરુષ તો એક જ છે અને તે ગિરિધર ગોપાલ. બીજો પુરુષ આ વ્રજમાં આવ્યો કયાંથી?

•

એક વખત શ્રીમહાપ્રભુજી વ્રજમાં રાધાકુંડ પધાર્યા. ત્યારે શિયાળો હતો. તેથી તેમણે જલ્દી સ્નાન કરી, રસોઇ કરી, શ્રીઠાકોરજીને રાજભોગ ધર્યો, પછી પોતે ભોજન કર્યું.

શ્રીમહાપ્રભુજીની સાથે વૈષ્ણવ પ્રભુદાસ જલોટા હતા. તેમને મહાપ્રસાદ લેવા બેસવા આજ્ઞા કરી. પ્રભુદાસે કહ્યું: મેં હજી સ્નાન નથી કર્યું. ત્યારે શ્રીમહાપ્રભુજીએ વ્રજની અલૌકિકતા બતાવતાં આજ્ઞા કરી :

**વૃક્ષે વૃક્ષે વેણુર્ધારી, પત્રે પત્રે ચતુર્ભુજઃ ।**
**યત્ર વૃંદાવને તત્ર લક્ષ્યાલક્ષ્ય કથા કુતઃ ॥**
**જલાદપિ રજઃ પુણ્યં, રજસોઽપિ જલં વરં ।**
**યત્ર વૃંદાવનં તત્ર સ્નાત્વા સ્નાત્વા કથા કુતઃ ॥**

જયાં વૃક્ષ વૃક્ષ પર વેણુધારી સાક્ષાત્ શ્રીગોવર્ધનનાથજી બિરાજે છે, એવાં ભગવદીય વૃક્ષો છે. અને તેમનાં પાંદડે પાંદડે ચતુર્ભુજ રૂપ ભગવાન બિરાજે છે. એવું વૃંદાવન છે. આ કથા લૌકિક લોકોને દેખાતી નથી. ભગવદીયોને દેખાય છે. તેવી જ રીતે અહીં વ્રજ-વૃંદાવનમાં જળથી રજ શ્રેષ્ઠ છે અને રજથી જળ શ્રેષ્ઠ છે. ત્યાં નહાવા- ન નહાવાની કથા શીદ કરવી? ચાહે જળથી ન્હાય, ચાહે શરીરે રજ લગાવે. રજ ઊડીને શરીરને લાગે એટલે તેનાથી જ આ વ્રજમાં તો શુદ્ધ અને પવિત્ર થવાય.

•

શ્રીગુસાંઇજીના સેવક અલીખાન પઠાણે શ્રીગુસાંઇજીના મુખથી વ્રજના મહિમાના આ બે શ્લોક સાંભળ્યા. તેમને શ્રીગુસાંઇજીની કૃપાથી એવો સાક્ષાત્ અનુભવ થયો. તેઓ મહાવનના સૂબા હતા. તેમણે એવો હુકમ કાઢ્યો કે જે કોઇ વ્રજનાં વૃક્ષને કાપશે કે તેનાં પાંદડાં તોડશે, તેના હાથ કાપી નાખવામાં આવશે.

તેમણે વૈષ્ણવોને પણ કહેલું કે શ્રીઠાકોરજી માટે પાતળ બનાવવા પાંદડાં એક જ વૃક્ષ પરથી ન તોડવાં. જુદાં જુદાં વૃક્ષ પરથી થોડાં લેવાં અને તે પણ વૃક્ષની આજ્ઞા લઇને.

તેલ વેચવાનો ધંધો કરનાર એક તેલી, એક વખત પાડા ઉપર તેલના ડબ્બા લાદી વેચવા જતો હતો. તેણે પાડાને ખવડાવવા વ્રજનાં વૃક્ષનાં પાન તોડ્યાં. અલીખાન જોઇ ગયા. તેમણે તે તેલીનું બધું તેલ તે ઝાડ પાસે ઠલવાવી દીધું. તે જોઇ બધા લોકો એવા ડરી ગયા કે કોઇ વ્રજમાં વૃક્ષનું એક પણ પાન તોડે નહિ.

●

શ્રીગુસાંઇજીના સેવક સૂરતના એક વૈષ્ણવ દર વર્ષે વ્રજયાત્રા કરવા જતા. વ્રજરજની બનેલી હાંડી રાખતા. દરરોજ તેમાં રસોઇ કરે. પછી તે ધોઇ કામળમાં બાંધી સાથે રાખી બીજે દિવસે તેમાં જ રસોઇ કરે.

માટીનું વાસણ એંઠું થયા પછી ધોવાથી શુદ્ધ ન થાય. તે ફેંકી જ દેવું પડે. વૈષ્ણવ એની એ હાંડી ન વાપરે.

એક વૈષ્ણવે આ વાત શ્રીગુસાંઇજીને કહી. શ્રીગુસાંઇજીએ હાંડીવાળા વૈષ્ણવને બોલાવી આમ કરવાનું કારણ પૂછ્યું. વૈષ્ણવે કહ્યું: મહારાજ, એ વૈષ્ણવે વ્રજરજનું સ્વરૂપ જાણ્યું નથી, એટલે એમ કહે છે. આપની કૃપાથી હું એમને વ્રજરજનું અલૌકિક સ્વરૂપ બતાવું. પછી તેમને આ શંકા નહિ રહે.

શ્રીગુસાંઇજીની કૃપાથી ફરિયાદ કરનાર વૈષ્ણવને હાંડી સુવર્ણસ્વરૂપે દેખાઇ. શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી, આ વૈષ્ણવે વ્રજરજનું અલૌકિક સ્વરૂપ જાણ્યું છે, તેથી તેમને દોષ નથી.

યા બ્રજરજ કે જોરસોં, બંદૌ ન બ્રહ્મા સુરેસ,
પર્યો રહૌં પ્રાન ધરિ કે, જાઓં નહીં અન્ય દેસ.

આ વ્રજરજના પ્રતાપ બળે હું બ્રહ્મા કે ઈન્દ્ર વગેરે દેવોને પણ વંદન કરતો નથી. હું એટલું જ માગું છું કે હું આખું જીવન અહીં જ વીતાવું. બીજે કયાંય જઉં નહિ.

●

એક બ્રાહ્મણ વૈષ્ણવ એક વણિક વૈષ્ણવના ત્યાં ગયા. તેમની મેંડ અને ભાવ જોઇ, વર્ણાશ્રમ ધર્મનો વિચાર કર્યા વિના, તેમના ત્યાં સખડી મહાપ્રસાદ લીધો. પછી તેઓ તે જ ગામમાં બીજા વૈષ્ણવના ત્યાં ગયા. તે વૈષ્ણવે જાણ્યું કે બ્રાહ્મણ વૈષ્ણવે વણિક વૈષ્ણવના ત્યાં મહાપ્રસાદ લીધો છે. તેમણે કહ્યું: અરે! એ વણિક છે, પણ જોડા વેચવાનો ધંધો કરતા હતા. મોચી તો શૂદ્ર કહેવાય. તમે તેમને ત્યાં સખડી લીધી? બ્રાહ્મણ વૈષ્ણવને ગ્લાનિ થઇ. વૈષ્ણવના સ્વરૂપમાં શંકા થઇ. પરિણામે તત્કાલ કપાળ ઉપર સફેદ કોઢ નીકળ્યો.

તેઓ ગભરાઇ ગયા. શ્રીગુસાંઇજી પાસે ગયા. શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી: વ્રજયાત્રા કરો. વ્રજના દરેક કુંડમાં સ્નાન કરી, તેની રજ કપાળે લગાડો, તેથી તમારો કોઢ મટશે.

બ્રાહ્મણ વૈષ્ણવે તેમ કર્યું. તેથી કોઢ મટયો.

●

ચરણદાસ નામના એક ગોડિયા બંગાળી વૈષ્ણવ. શ્રી રાધારાણીમાં અટલ શ્રદ્ધા, વ્રજમાં આવ્યા. રાધે, રાધે રટે. બરસાના જવા નીકળ્યા. તાવ સખત ચડ્યો. ચલાય નહિ. ભૂખ્યા તરસ્યા રસ્તામાં પડ્યા રહ્યા, મનમાં દૃઢ શ્રદ્ધા કે શ્રીરાધારાણી દયાળુ છે. મારું રક્ષણ કરશે.

ચરણદાસની આંખ ખૂલી ત્યારે અડધી રાત વીતી ચૂકેલી. જોયું તો તાવ ગાયબ. બરસાનાના પહાડ પર શ્રીરાધારાણીના મંદિરના ચોકમાં સૂતા છે. મંદિરના મુખિયાજી ચરણદાસ કૌન હૈ? ની બૂમ પાડતા આવ્યા. એક હાથમાં સોનાની થાળીમાં મહાપ્રસાદ. બીજા હાથમાં સોનાની જળની ઝારી. તેમણે ચરણદાસને કહ્યું: લો ભૈયા! શ્રીરાધારાનીને તુમ્હારે લિયે પ્રસાદ ભેજયો હૈ! તુમ ભૂખે હો, વાસું વા કો નિંદ નહીં આવત: લે લો ઔર સો જાવ.

શ્રીરાધારાણી આજે ય વ્રજમાં હાજરાહજૂર છે.

●

એક યુવાન વડીલ માતાપિતાને વ્રજની યાત્રા કરવા લઇ ગયો. પોતાની ગાડીમાં ગયેલાં. બા-બાપૂજી રોજ વ્રજની અલૌકિકતાની વાતો કરે, તે યુવાન પુત્ર સાંભળે, પણ એમાં શ્રદ્ધા ન બેસે. તે મનોમન કહે: શ્રીકૃષ્ણને થઇ ગયે તો પાંચ હજાર વર્ષ થઇ ગયાં. આજે વ્રજમાં કૃષ્ણ કયાંથી હોય અને એમની લીલાઓ કયાંથી હોય? ગપ્પાં. સાતેક દિવસ ગાડીમાં વ્રજનાં ધામોએ જઇ આવ્યાં. સાથે તેમના ચોબાજી.

વ્રજયાત્રાનો આખરી દિવસ હતો. સાંજ નમવા થયેલી. બરસાનાથી જતિપુરા તરફ તેમની ગાડી સાંકડી સડક પર

દોડે. રસ્તાની બે બાજુ માથોડાં ઊંચી થુવેરની વાડ. યુવાન જાતે ગાડી ચલાવે. બાજુમાં ચોબાજી બેઠેલા. પાછલી સીટ પર માતા-પિતા. યુવાને જોયું કે તેના જમણા હાથ તરફથી ગાયોનું મોટું ટોળું આવી રહ્યું છે. સડક ક્રોસ કરી ડાબા હાથ તરફ જઇ રહ્યું છે. એણે ગાડીને જોરથી બ્રેક મારી. ગાડી થોભી ગઇ. તે આંખો ચોળતો જાય ને જોતો જાય. સુંદર રૂપાળી ગાયો. રંગબેરંગી - લાલ, ધૂસર, શ્વેત, શ્યામ, બદામી ગાયો. બે બાજુ વાડ છે, રસ્તો છે જ નહિ. છતાં ગાયો આવે છે ને જાય છે. સાથે ન કોઇ ગોવાળ. પા કલાકમાં તો સેંકડો ગાયો પસાર થઇ ગઇ.

યુવાને કહ્યુંઃ ચોબાજી, યે કયા બાત હૈ? યે સ્વપ્ન હૈ યા સત્ય?

સત્ય, બાવા, સત્ય । યે તો બ્રજ હૈ । શ્રીશ્યામસુંદર ગૈયાં ચરાકે વાપસ નંદગાંવ પધાર રહે હૈ ।

એ તો અકેલી ગાયો છે.

ભૈયા, ભાગ્ય વિના ભગવાનનાં દર્શન ન થાય. પણ તમને વિશ્વાસ બેસાડવા કિશનજીએ એમની ગાયોનાં દર્શન કરાવ્યાં. હવે વિશ્વાસ બેસે છે કે આજે ય વ્રજમાં કૃષ્ણ છે?

હા. એ વિના આ ગાયો કયાંથી આવી ને કયાં ગઇ?

•

અમેરિકાથી એક વૈષ્ણવ આવ્યા. ખાસ વ્રજનાં દર્શન કરવા. આંખોમાં ભાવ અને શ્રદ્ધાનાં અમી. વ્રજદર્શનની મુગ્ધતા. એમની મોટર બરસાના પહોંચી. રાત ઢળી ચૂકી હતી. ગાડીમાંથી બહાર આવ્યા. પગથિયાં ચડી ઉપર જવાનું હતું. તળેટીમાં ઓટલા પર બેઠેલા બેચાર વ્રજવાસીઓએ કહ્યુંઃ ભૈયા, લેટ હો ગયે । દરસન તો કબ કે વ્હૈ ચૂકે । અબ તો કલ સબેરે ।

પેલા વૈષ્ણવનું હૃદય ધબકારો ચૂકી ગયું. મન ચીસ પાડી ઊઠ્યુંઃ હે રાધે! સાત સમંદર પારથી અહીં સુધી દોડાવ્યો અને આવી ક્રૂર મજાક? રાતે તો મથુરાથી ટ્રેન પકડવાની છે. શ્યામ તો ન મળ્યા અને તમે ય રિસાયાં!

તે વૈષ્ણવના પગ તો સડસડાટ પગથિયાં ચડવા લાગ્યા. સાથેનાં બીજાં પણ પાછળ દોડ્યાં. શ્વાસભેર ઉપર પહોંચ્યા, ત્યારે મંદિરના ચોકમાં ઊભા રહી, મુખિયાજી ઊંચા અવાજે પોકારતા હતા : અરૈ, કૌન બૈસ્નવ દર્શન કો બાકી હૈ? આ જાવ. જલ્દી કરો. હમારી રાધારાની સો નહીં પાવત. બાટ દેખ રહી હૈ :

સૌને દર્શન થયાં. શ્રીરાધારાણી હસી રહ્યાં હતાં. શ્રીહસ્તમાં ધરેલુ ગુલાબનું ફૂલ સર્યું. તે લઇ મુખિયાજીએ અમેરિકાથી આવેલા વૈષ્ણવના હાથમાં આપ્યું. લો બૈસ્નવ, શ્રીરાધાજીકો પ્રસાદ. શ્રીરાધારાનીને આપકી યાત્રા માની.

કહો! વ્રજ જાગતું જીવતું નથી?

એમ ન હોય તો અમેરિકાના ગોરા કૃષ્ણભક્તોથી લઇ, વિશ્વના હજારો - લાખો- કરોડો વૈષ્ણવો વ્રજ પાછળ આટલા પાગલ થાય?

•

એક વખત શ્રીગુસાંઇજી શ્યામઢાક .પર બિરાજતા હતા. ત્યાં શોરબકોર સંભળાયો. તેમણે તેમના સૌથી મોટા પુત્ર શ્રીગિરિધરજીને તપાસ કરવા કહ્યું. શ્રીગિરિધરજીએ તપાસ કરીને કહ્યુંઃ કાકાજી, એક ગધેડું મરી ગયું છે, તેને ચમાર લોકો તાણી જાય છે.

શ્રીગુસાંઇજીએ અશ્રુપૂર્ણ નેત્રે અને ગદ્ગદ્ કંઠે શ્રીગિરિધરજીને આજ્ઞા કરીઃ ગોવર્ધન, યા ગધે કી ભાગ્ય કો કહા કહિયે? બ્રજરજમેં લોટનો મહા દુર્લભ હૈ, મોં કો હિ ઐસો હિ કરિયો !

•

શ્રીગુસાંઇજીના સેવક એક શેઠનો દીકરો ગોકુળ આવ્યો. ત્યાં તેણે શ્રીગુસાંઇજીના મુખથી કથા સાંભળી. શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી કે શ્રીઠાકોરજી વ્રજમાં બિરાજે છે. તેમણે અતિ રસભરી લીલાઓ વ્રજમાં કરી છે.

યુવાન વૈષ્ણવે પૂછયુંઃ શું આજે પણ શ્રીઠાકોરજી વ્રજમાં એ લીલાઓ કરે છે?

હા, વ્રજમાં શ્રીઠાકોરજીની લીલાઓ સદા સર્વદા છે.

તે વૈષ્ણવ શ્રીગુસાંઇજીનાં વચનોમાં વિશ્વાસ રાખી, શ્યામઢાક પર જઇને બેઠા. ત્યાં તેમને સખામંડળીની મધ્યમાં બિરાજી છાક આરોગતા શ્રીઠાકોરજીનાં સાક્ષાત્ દર્શન થયાં. તે સાથે જ તેમનો દેહ છૂટી ગયો.

•

ચંદ્રકાંતભાઈ તથા અ.સૌ. રસિકાબેન અમીનના સદૈન્ય જયશ્રીકૃષ્ણ

આગ્રાના એક વૈષ્ણવ કીમતી કાપડના મોટા વેપારી. તેઓ શ્રીગુસાંઇજીના પરિવારને અંગીકાર કરાવવા અતિ ભારે કિનખાવ, જરી, રેશમના તાકાઓની બે ગાંસડી લઇ ગોકુળ આવ્યા. શ્રીગુસાંઇજીએ તેમને આજ્ઞા કરીઃ આ વસ્ત્રો શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીને લાયક છે. માટે બંને ગાંસડી શ્રીયમુનાજીની મધ્યધારામાં પધરાવી દો.

શ્રીગુસાંઇજીની આજ્ઞા થતાં, વૈષ્ણવે તેમ કર્યું તો ખરું. પણ તેમને ઘણો કલેશ થયો. શ્રીગુસાંઇજી મધરાતે તેમને શ્રીઠકુરાણી ઘાટે લઇ ગયા. ત્યાં શ્રીયમુનાજળની ભીતર નિકુંજમાં તે વૈષ્ણવે પધરાવેલાં વસ્ત્રો ધારણ કરી શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી ગોપીજનો સાથે રાસ કરતાં હતાં.

શ્રીયમુનાજી અને શ્રીગિરિરાજજીની ભીતર અલૌકિક નિકુંજોવાળાં રમણસ્થળો બિરાજે છે.

●

શ્રીગુસાંઇજીના સેવક એક યુવાન વૈષ્ણવ તેમના ગામના વૈષ્ણવોના સંઘ સાથે વ્રજયાત્રાએ જવા તૈયાર થગા. એમનાં માજી ભગવદીય હતાં. એમણે કહ્યુંઃ દીકરા, તારા ભાગ્યમાં વ્રજયાત્રા નથી. તું ન જઇશ.

માજીની વાત યુવાને ન માની. તેઓ ગયા. રસ્તામાં લૂંટારાઓ મળ્યા. તેમનો સામનો કરતાં પકડાઇ ગયા. વ્રજયાત્રા ન થઇ. પાછા આવ્યા ત્યારે તેમણે માજીને પૂછયુંઃ માજી, તમે કેવી રીતે જાણ્યું કે મારા ભાગ્યમાં વ્રજયાત્રા નથી?

માજીએ કહ્યુંઃ દીકરા, સારસ્વત કલ્પમાં ભગવાને પહેલી વખત રાસ માટે વેણુનાદ કર્યો, ત્યારે વ્રજના મોટાભાગના જીવો વૃંદાવનમાં દોડી આવ્યાં હતાં. તે લીલામાં મારું સ્વરૂપ હાથણીનું હતું. મેં ઝીણી આંખે ત્યાં આવેલા બધા જીવોને જોયેલા. તેમાં તું ન હતો, જેને રાસલીલાનું સુખ ત્યારે મળ્યું, એમને જ આ જન્મમાં વ્રજયાત્રા કરવાનું ભાગ્ય મળે છે.

મારા માટે વ્રજયાત્રા કરવાનો કોઇ ઉપાય નહિ?

ઉપાય તો છે. તારે ત્રણ કામ કરવાં પડે. (૧) સદા સાચું બોલવાનું. પ્રાણ જાય તો યે જૂઠું નહિ બોલવાનું. (૨) પ્રાણીમાત્ર ઉપર દયા રાખવાની. કોઇનું દિલ નહીં દુભવવાનું અને કોઇની હિંસા નહિ કરવાની. (૩) ઘર પાસે એક ધર્મશાળા બાંધ. ત્યાં આવતા ભગવદીયોની સેવા કર. કોઇ ભગવદીય વગર માગે આશીર્વાદ આપશે, ત્યારે તને વ્રજયાત્રા થશે.

તે યુવાને તે પ્રમાણે કર્યું. એક દિવસ એક ભગવદીયના આશીર્વાદ મળવાથી, તેમને વ્રજયાત્રા થઇ.

●

એક ગામમાંથી વૈષ્ણવો વ્રજયાત્રા કરવા જતા હતા. એક ગરીબ વૈષ્ણવને વ્રજયાત્રા કરવાનું ઘણું મન, પણ પૈસાની સગવડ નહિ. એક શ્રીમંત વૈષ્ણવ પાસે પૈસો ઘણો, પણ જવાની ફુરસદ નહિ.

શ્રીમંત વૈષ્ણવે ગરીબ વૈષ્ણવને કહ્યુંઃ વ્રજયાત્રા માટે હું તમને પૈસા આપું. પણ તમે મને લખી આપો કે યાત્રાનું બધું પુણ્ય મારું.

ગરીબ વૈષ્ણવે લખી આપ્યું. રૂપિયા લઇ વ્રજમાં ગયા. ઘણા મનોરથ કર્યા. ખૂબ આનંદ લીધો. પાછા આવ્યા. શ્રીમંત વૈષ્ણવે પૂછયુંઃ પુણ્ય તો મને લખી આપ્યું છે. તમને શો લાભ થયો?

શ્રીઠાકોરજી અને વ્રજનાં દર્શન - સેવાના લાભથી અધિક બીજો લાભ હોય? વૈષ્ણવ માટે પાપ લોખંડની બેડી છે. તો પુણ્ય સોનાની બેડી છે. પુણ્ય ભેગું થાય, તો તે ભોગવવા ય બીજો જન્મ લેવો પડે. શ્રીઠાકોરજી મળે પછી બીજો જન્મ લેવો જ ન પડે.

●

નંદદાસજી એમના પૂર્વજીવનમાં લૌકિક રૂપમાં આસક્તિ કામી પુરુષ હતા. એક યુવાન સ્ત્રી પાછળ પાગળ બની, પતંગિયાની જેમ તેની પાછળ પાછળ વ્રજમાં આવ્યા. શ્રીયમુનાજીનાં દર્શને અને વ્રજરજને સ્પર્શે તેમનું વિકારયુક્ત મન શુદ્ધ અને અલૌકિક બની ગયું. તેઓ મહાન ભગવદીય થયા.

### ૯. વ્રજની વિશેષતા :

વ્રજ ભારતીય ધર્મસંસ્કૃતિનું કેન્દ્ર છે. વૈદિકકાળથી લઇને આજસુધીનો એનો ઇતિહાસ ધર્મ સાથે જોડાયેલો છે. ત્યાં વૈદિક સનાતન ધર્મ વિકસ્યો. તેની શાખા રૂપ ભાગવતધર્મનું તે મુખ્ય કેન્દ્ર હતું. ભાગવતધર્મ અંતર્ગત ભક્તિમાર્ગ ત્યાં ફૂલ્યોફાલ્યો. શ્રીરામાનુજ, શ્રીમધ્વ, શ્રીનિમ્બાર્ક, શ્રીવલ્લભ, અને શ્રીકૃષ્ણ ચૈતન્ય જેવા વૈષ્ણવ આચાર્યોએ વ્રજના વિકાસમાં

બહુ મોટું યોગદાન આપ્યું છે. જૈન અને બૌદ્ધ ધર્મો પણ અહીં ફેલાયા છે. આ વ્રજે અનેક મુસલમાનોનાં હૃદયપરિવર્તન કર્યાં છે. તેમને અનન્ય કૃષ્ણભક્તો બનાવ્યા છે. છતાં અહીં આજ પર્યન્ત મહિમા તો શ્રીકૃષ્ણ-રાધાનો જ રહ્યો છે. ઘણા વ્રજવાસીઓ એમના અંગત જીવનમાં શ્રીરામના ઉપાસક છે, પણ તેઓ તેમને સખા તો શ્રીકૃષ્ણના જ માને છે.

લૌકિક નજરે વ્રજ ભારતના અન્ય પ્રદેશ જેવું લાગે, પણ એની હવા, રજ અને જળમાં અલૌકિકતા છે. જેમને જેમને તેમનો અનુભવ થયો છે, તેમની અનુભવવાણી જ આ વાતનું પ્રમાણ છે.

*વ્રજ કે રજકણ ભણન કો, પૂછત કૌન પ્રમાન ?*
*કોટિ સહસ્ર મુખ સેસ સોં, રટે ન હોત બખાન.*

વ્રજનાં રજકણોના મહિમાનું શું પ્રમાણ આપી શકાય? શેષજી હજાર મુખથી તેનો મહિમા રટે છે. એવા કરોડ શેષજી ભેગા થાય તો પણ એનો પૂરો મહિમા ગાઇ શકે તેમ નથી.

*ગોરૂપા ધરતી સબૈ, વ્રજમંડળ પયથાન*
*જહાં રહિયે પૈયે સદા, મો મન દે તજિ માન.*

આખી પૃથ્વી ગાયનું સ્વરૂપ છે. વ્રજમંડળ ધરતી રૂપી ગાયનું સ્તન છે. જેમ ગાયના સ્તનમાંથી દૂધ મળે, તેમ વ્રજમાં રહેનારને સદા ભગવદ્રસ મળે છે. માટે હે મન! અભિમાન છોડી, તું વ્રજમાં રહે.

*બરસ હજારન તપ કિયો, બેદ ચતુર્મુખ ગાય,*
*બ્રજ બનિતા કી ચરનરજ, બ્રહ્મા હુ નહીં પાય.*

ચાર મુખવાળા બ્રહ્માજીએ હજારો વર્ષ તપ કર્યું. ચાર મુખથી વેદનું ગાન કર્યુ. છતાં વ્રજની વનિતાઓની ચરણરજ પણ બ્રહ્માજીને મળી શકી નથી. એવી આ વ્રજરજ દુર્લભ છે.

*મહા અલૌકિક કાષ્ટ-રજ, મહા મહિમા બ્રજધામ,*
*મુખમેં લઇ રજ મૃત્તિકા, કાષ્ટ બધે હરિ દામ.*

વ્રજનાં લાકડાં ને રજ બંને મહા અલૌકિક છે. તેમનો મહિમા મહાન છે. સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે વ્રજરજ પોતાના મુખમાં મૂકી છે, માટી ખાધી છે. કયાંય ન બંધાનાર ભગવાન અહીંના વૃક્ષ સાથે દોરડાથી બંધાયા છે.

ઔર કહાં લૌ બરનિયે ધન્ય બ્રજરજ કે ભૂત,
ઇનકી બરોબર કૌન કરિ, સબ દેવન મેં પૂત.

વધારે શું કહીએ? અહીં વ્રજરજમાં વસતા મનુષ્યોને ધન્ય છે. તેમની બરાબરી કોણ કરે? તેઓ સર્વ દેવોથી પણ શ્રેષ્ઠ છે.

*ચોરાસી જન ગુરુ સુને, ચોરાસી નહીં પાઇ,*
*ચોરાસી બ્રજધામમેં સ્થિર કરિ બાસ બસાઇ.*

શ્રીમહાપ્રભુજીના ૮૪ સેવકોએ ગુરુઆજ્ઞા સાંભળી, પાલન કર્યું. તેથી તેમને ચોર્યાસી લાખ યોનિના ફેરામાં ફરી ફસાવું ન પડ્યું. શ્રીમહાપ્રભુજીએ કૃપા કરી તેમને ચોર્યાસી કોશના વ્રજધામમાં સદા માટે સ્થિર વાસ કરાવ્યો.

*કહૈ જગતાનંદ, અબ કહા કહૈ મૂઢ મતિ,*
*છાંડિ મન મોહ, બ્રજભૂમિ પે સટકિ જા.*

જગતાનંદ નામના ભક્તકવિ કહે છે કે હે મૂઢ બુદ્ધિવાળા મનુષ્ય! વધારે શું કહું? મનનો મોહ છોડી વ્રજભૂમિમાં વસી જા.

*મરન મુક્તિ કાસી કહી, મથુરા જીવન મુક્ત,*
*અજન જન્મા યા ભૂમિમેં, નિત નિવાસ હરિયુક્ત.*

કાશીમાં મરણ થતાં, મરણ બાદ મુક્તિ (મોક્ષ) મળે છે. મથુરામાં જીવન દરમ્યાન મુકિત (મોક્ષ) મળે છે, કારણ અજન્મા એવા ભગવાન આ ભૂમિમાં જન્મ્યા છે અને અહીં શ્રીહરિનો નિત્ય નિવાસ છે.

**(૧૦) ઘરમાં વ્રજ :**

આપણને પ્રશ્ન થાય કે વ્રજવાસ કરવો છે, પણ ગૃહસ્થાશ્રમની જવાબદારીઓ છે, શું કરવું? શ્રીમહાપ્રભુજીએ એવો ઉકેલ બતાવ્યો કે ગૃહસ્થાશ્રમની જવાબદારીઓ નિભાવાય અને વ્રજવાસ થાય. શ્રીમહાપ્રભુજી કહે છે કે આપણા પ્રભુ શ્રીગોવર્ધનનાથજીની પ્રતિજ્ઞા છે કે, વ્રજ છોડીને ન જવું. તેમણે વ્રજને સાથે લઇને જવાની ના નથી કહી. વ્રજને સાથે લઇ, ગોલોકમાંથી પૃથ્વી ઉપર પધાર્યા છે. એમનું વ્રજ પણ વ્યાપક છે. શ્રીનાથજીથી વિખૂટું પડતું જ નથી. શ્રીનાથજી જયાં પધારે છે, ત્યાં વ્રજને સાથે લઇને જ પધારે છે. તેથી શ્રીમહાપ્રભુજીએ વૈષ્ણવોને આજ્ઞા કરી કે શ્રીનાથજી મારે વશ છે. હું જયાં મોકલું છું ત્યાં પધારે છે. તેઓ જયાં પધારે છે, ત્યાં વ્રજને સાથે લઇને જ પધારે છે. માટે વૈષ્ણવો! તમારા ઘરમાં તમે શ્રીઠાકોરજીને પધરાવો. શ્રીઠાકોરજી પધારતાં વ્રજ પણ તમારા ઘરમાં પધારશે. પછી તમારું ઘર

શરદભાઈ તથા અ.સૌ. ચારૂલતાબેનના સદૈન્ય જયશ્રીકૃષ્ણ

વ્રજ બની જશે. તમને વ્રજવાસ મળશે.

જેમના ઘરમાં શ્રીઠાકોરજી બિરાજે છે અને સેવાય છે, તે દરેક ઘર વ્રજ છે. તે દરેક ઘરની રજ વ્રજરજ છે. આપણા ઘરમાં આપણે વ્રજનું નિત્ય ભાવન કરવું. શ્રીસૂરદાસજી કહે છે વ્રજવાસ અતિ આનંદદાયક છે, ચાહે ઘરમાં વ્રજ હોય કે, વ્રજમાં ઘર હોય.

*સખિરી, બ્રજ કો બસિવો નીકો ।*
*બછરા ગાય ચરાવત બનપેં, કાન્હ સબન મેં ટીકો ॥*
*બૃંદાબનમેં હોત કુલાહલ, ગરજત સૂર મુરલી કો ।*
*ઠાડે લાલ કદંબ કી છૈયાં, માગત દાન દહીં કો ॥*
*ઉપજત હૈ અતિ પ્રતિ ઉર અંતર, ગાવત જસ હરિ જુ કદો ।*
***'સૂરદાસ'** પ્રભુ મિલે હૈ ગિરિધર, યહ જીવન સબ ઈન હો ॥*

આવી રીતે જે શ્રીઠાકોરજીના થઈને, ઘરમાં શ્રીઠાકોરજી પધરાવીને, શ્રીઠાકોરજી માટે આ જીવન છે એમ સમજીને જીવે છે, એ બધા જ વ્રજવાસી છે. આ વ્રજવાસીઓની સમાન અન્ય કોઈ દેશવાસી નથી.

બ્રજબાસી પટતર કોઉ નાહીં ।
બ્રહ્મા, સનક, સિવ ધ્યાન ન પાવત,
ઈન કી જૂઠન લૈ લૈ ખાહી ॥
હલધર કહ્યો જૈવત સંગ,
મીઠૌ લાગ્યો સરાહત જાહી ।
**'સૂરદાસ'** પ્રભુ બિશ્વંભર,
સો ગ્વાલન કે કૌર અઘાહી ॥

વ્રજવાસીથી ચડિયાતું કોઈ નથી. બ્રહ્મા, સનકાદિક, શિવ જેમને ધ્યાનમાં ય નથી જોઈ શકતા, તે પ્રભુ આ વ્રજવાસીનું જૂઠણ ઝૂંટવીને આરોગે છે. તેઓ પોતાની સાથે ભોજન કરતા શ્રીદાઉજીને કહે છે. ભૈયા, આ દહીં તો અતિ મીઠું છે. વિશ્વનું પોષણ કરનાર પ્રભુ વ્રજના ગોવાળના હાથનો કોળિયો રાજી થઈને આરોગે છે. આપણા ઘરનાં રોટી-શાક-ખીચડી આનંદથી આરોગે છે!

ઘરમાં કે વ્રજમાં - વ્રજવાસ કરવો સહેલો નથી, કારણ બંને ઠેકાણે કાગડા જેવા સંસારી લોકો તો ચોપાસ રહેવાનાં જ. એ સ્થિતિમાં વ્રજવાસનો અલૌકિક આનંદ મેળવવાની ચાવી શ્રીપરમાનંદદાસજી એમના અનુભવમાંથી બતાવે છે.

*બ્રજ બસિ બોલ સબન કો સહિયે ।*
*જો કોઈ ભલી બુરી કહૈ, લિખે નંદનંદન સુખ લહિયે ॥*
*અપને ગૂઢ મન કી બાતેં, કાહું સો નહીં કહિયે ।*
***'પરમાનંદ'** પ્રભુ કે ગુન ગાવત, આનંદ પ્રેમ બઢાઈએ ॥*

વ્રજવાસમાં ચાર બાબત જીવનમાં અપનાવવી. (૧) કોઈ સારું કહે, કોઈ ખરાબ કહે. બધાના બોલ સહન કરવા. સામે જીભાજોડી ન કરવી. (૨) આપણા ભાગ્યમાં શ્રીઠાકોરજીએ જેટલું સુખ લખ્યું હોય, તેનાથી રાજી રહેવું. (૩) આપણા મનની ગૂઢ વાતો અને અલૌકિક અનુભવો કોઈને ન કહેવા. (૪) નિરંતર ભગવદ્ ગુણગાન ગાતા રહી, પ્રભુમાં પ્રેમ અને જીવનમાં આનંદ વધારવો.

આવા વ્રજવાસના પરમ ફળ રૂપે શ્રીઠાકોરજી સમસ્ત લીલાપરિકર સાથે તે વૈષ્ણવના હૃદયમાં સદા માટે બિરાજે છે. પરિણામે તે વૈષ્ણવનું આંતર-બાહ્ય શરીર અલૌકિક વ્રજધામ બની જાય છે.

## (૧૧) દેહમાં વ્રજ :

બાર અંગો વ્રજનાં બાર વન છે. બહારની સ્થૂળ દસ ઈન્દ્રિયો, અંદરના લિંગ દેહની સૂક્ષ્મ દસ ઈન્દ્રિયો અને મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર રૂપી અંતરની ચાર ઈન્દ્રિયો મળી, ચોવીસ ઈન્દ્રિયો વ્રજનાં ૨૪ ઉપવન છે. બાહ્ય શરીર મથુરા છે. તેની ભીતર વહેતો પ્રેમલક્ષણા ભક્તિનો પ્રવાહ શ્રીયમુનાજી છે. હૃદય ગોકુળ છે. મસ્તક શ્રીગોવર્ધન છે. નેત્રો નંદગામ, બરસાના છે. પંચ પ્રાણ પંચકોશી પરિક્રમાનો માર્ગ છે. વિવિધ ભાવો શ્રીયુગલસ્વરૂપનાં વિહારધામ છે. આવા વ્રજપૂરિત ભગવદીયની પરિક્રમા કરીએ તો વ્રજની પરિક્રમાનું ફળ મળે. આપણા ઘરમાં શ્રીઠાકોરજી બિરાજે છે. તેથી તે ઘરની પરિક્રમા કરીએ તો ય વ્રજપરિક્રમા કરી ગણાય. વ્રજપરિક્રમાનું ફળ અવશ્ય મળે.

શ્રીમહાપ્રભુજી આપણને સમજાવે છે કે સંસારનાં સુખો પાછળ ન દોડો. શ્રીઠાકોરજીની સેવા-સ્મરણનાં સુખ પાછળ દોડો. સાચો વ્રજવાસ કરવા સાત્ત્વિકતા જરૂરી છે, સંપત્તિ નહિ. રાગ-દ્વેષના રાજસ-તામસ ભાવો છોડવા જરૂરી છે. સાચો વ્રજવાસ ઘરમાં કરીએ કે વ્રજમાં - કેવો હોવો જોઈએ, તે એક ભગવદીયના મુખથી સાંભળીએ.

મેરે બ્રજધામ ગામ કીને પૂરન કામ ।
પર્યો રહૌં પ્રન ધરિ બૃંદાબન વાટ ॥
ભોગ ધરોં સાગ ટેટી, મસ્ત હૌં લોક મેટ ।
પાતન કી પથારી કરૌં, સોઉં નહીં ખાટ ॥
કાક કે તીરથ કો સુપને હી ન સંગ કરૌં ।
પ્રેમ સો પાન કરૌં, શ્રીજમુના જલ ઘાટ ॥
શ્રીવલ્લભ કે દાસ કો દાસ, ઔર નહીં આસ ।
બિધના બર દીજે યહી, પુનિ પુનિ લિલાટ ॥

વ્રજધામ મારું ગામ છે અથવા મારું ઘર જ વ્રજધામ છે, જયાં મારી સર્વ અલૌકિક ઇચ્છાઓ પરિપૂર્ણ થાય છે. હું નિશ્ચય કરીને વૃંદાવનની વાટમાં રહું. ઘરમાં જયાં શ્રીઠાકોરજી બિરાજે, તે સ્થાન વૃંદાવન. હું અધિકમાં અધિક સમય શ્રીઠાકોરજીની સેવામાં રહું. દુનિયાથી હું ત્રાસેલો છું,ઘર લોકવ્યવહાર છોડી, કેરના શાક-સંધાણાં જે મળે તે શ્રીઠાકોરજીને ભોગ ધરીને લઉં. એમાં સંતોષ માનું. પલંગમાં ન સૂઇ જતાં, જમીન ઉપર વૃક્ષોનાં પાનની પથારી કરી સૂઇ જઉં. સ્વપ્નમાં ય કાગડા જેવા સંસારી માણસોની સોબત ન શોધું. શ્રીયમુનાજીના કિનારે જઇ, શ્રીયમુનાજળ પીઉં. શ્રીઠાકોરજીનાં ઝારીજીનું જળ શ્રીયમુનાજળ જ છે એવા ભાવથી પીઉં. શ્રીમહાપ્રભુજીના દાસનો હું દાસ બનું. એ સિવાય મને બીજી કોઇ આશા નથી. હે વિધાતા! (પુષ્ટિજીવોનાં વિધાતા શ્રીમહારાણીમા છે) મને ભવોભવ આ જ વરદાન આપજો. મારા ભાગ્યમાં આવું જ જીવન લખજો.

આપણા શ્રીમહાપ્રભુજીનું પણ એક નામ પ્રિયવ્રજસ્થિતિઃ છે. બીજાં બે નામ ગોવર્ધનસ્થિત્યુત્સાહઃ અને તલ્લીલાપ્રેમપૂરિતઃ છે. શ્રીમહાપ્રભુજીને વ્રજવાસ પ્રિય છે, કારણ વ્રજ વહાલું લાગે છે. વ્રજની કથા વહાલી લાગે છે. શ્રીગિરિરાજજીમાં બિરાજવાનો આનંદ આવે છે. વ્રજલીલાથી સદા તેમનું હૃદય છલકાય છે. આવા અલૌકિક વ્રજનું સ્વરૂપ પૂરેપૂરું કોઇ વર્ણવી શકે? એનો મહિમા કોણ ગાઇ શકે?

બ્રજ કી ગતિ કાહૂ નહીં જાની ।
નારદ સિવ સનકાદિક બ્રહ્મા,
કછુક લહી ઉન માની ॥
કાગજ ભૂમિ લેખિની સુરતરુ,
સપ્ત સિંધુ મસી સાની ।
બૃંદાબન કો લિખત મહાતમ,
સારદ બુદ્ધિ હૈરાની ॥
જહાં નિત કેલિ કરત હૈ આનંદ,
માધૌ રાધા રાની ।
તિન કી મહિમા સૂર કહા કહૈ,
રસના એક બખાની.

વ્રજનું પૂરું સ્વરૂપ તો કોઇએ જાણ્યું નથી. નારદજી, શિવજી, સનકાદિક બ્રહ્મર્ષિઓ અને બ્રહ્માજી જેવા કંઇક જાણી શકયા છે. સરસ્વતી પૃથ્વી રૂપી કાગળ ઉપર, કલ્પવૃક્ષની કલમ અને સાત સમુદ્રોની શાહી બનાવી, વૃંદાવનનું માહાત્મ્ય લખવા ગયાં, ત્યારે તેમની બુદ્ધિ હેરાન થઇ ગઇ. તેમણે આટલુ લખવા છતાં, અધૂરું રહ્યુ! જયાં નિત્ય રાધામાધવ આનંદકેલિ કરે છે, તે વ્રજના મહિમાનાં વખાણ એક જીભથી કેટલાં થાય?

લાડુ વિષે વાંચવા, સાંભળવા કે કહેવામાં તો અલ્પ આનંદ આવે. સાચો આનંદ તો એના ભોજનમાં આવે, અને તે પણ શ્રીઠાકોરજીના અધરામૃત રૂપ મહાપ્રસાદ હોય ત્યારે! એવું જ વ્રજનું પણ. વ્રજનો આટલો મહિમા જાણ્યા પછી, વ્રજ માટે શ્રદ્ધા અને ભાવ જાગ્યા હોય, તો ચાલો વ્રજની માનસ પરિક્રમા કરવા.

ઐસે બસિયે બ્રજકી બિથનિ ।
ગ્વારિન કે પનવારે મુનિ મુનિ,
ઉદર ભરી જૈ સીથનિ ॥
પેંડે કે સબ બૃક્ષ બિરાજત,
છાયા પરમ પુનિતનિ ।
કુંજ કુંજ પ્રતિ લોટિ લોટિ,
બ્રજરજ લગે રંગ રીતનિ ॥
નિસદિન નિરખી જસોદાનંદન,
અરુ જમુનાજલ પીતનિ ।
પરસત સૂર હોત તન પાવન,
દરસન કરત અતીતનિ ॥

■











# વ્રજયાત્રા

વ્રજ બનિતા બન કરિવે કૂં જાઈ ।
મધુબન તાલ કુમુદ બહુલાબન શાંતનુ કુંડ મેં ન્હાઈ ।
રાધાકુંડ કી દૈ પરિક્રમા માનસી ગંગા ન્હાઈ ॥
પરમોદર ઔર આદિ બદ્રી સાંકરી ખોર રમાઈ ।
કામા કામ કામના પૂરન, યહ બન અતિ સુખદાઈ ॥
બરસાનૌ બસિ, નંદગ્રામ બસિ, કોકિલ દાહિન લાઈ ।
બર સંકેત ક્ષિદ્રબન બસિ કે, જવ યહ જરનિ બુઝાઈ ॥
જાબ બઠૈન કી મધુરી લીલા કહિ કૌન પૈ જાઈ ।
ચરન પહારી દરસન કરિ કે, જબ દધિગ્રામ પઠાઈ ॥
સેષનાગ છાયા હરિ દરસન, જહઁ પોઢૈ જદુરાઈ ।
ખેલનબન ઔર ચીરઘાટ, જહાઁ નંદઘાટ દરસાઈ ॥
સુંદર રાસ રચ્યૌ બલદાઊ, ઉત્તાર યમન બહાઈ ।
બેલ માઁટ ભાંડીર સરસ બન, માનસરોવર ન્હાઈ ॥
કરિ બિશ્રામ લોહવન, બસિ કે બલદાઉ પરસાઈ ।
ગોકુલ ઔર મહાબન કી છબિ સારદ હૂ નહીં પાઈ ।
ધન બૃંદાબન ધન શ્રીમથુરા ધન્ય જસોદા માઈ ।
ઈનકી મહિમા કહેં લગિ બરનૌં પ્રગટે કુંવર કન્હાઈ ॥



# વ્રજયાત્રા

**(૧) યાત્રા-સ્વરૂપ અને હેતુ :**

સંસ્કૃત ધાતુ **'યા'** - જવું પરથી યાત્રા શબ્દ બન્યો. તેની એક વ્યાખ્યા આ પ્રમાણે છે. યાતિ ત્રાતુમાત્માનમિતિ યાત્રા। આત્માના ઉદ્ધાર માટે જવું તે યાત્રા. યાત્રાનો અપભ્રંશ જાત્રા થયો. તે સાથે યાત્રાનો મૂળભૂત હેતુ પણ બદલાઈ ગયો. પરિણામે જાત્રાની વ્યાખ્યા થઈ. જાયતેઽન્યેષાં ત્રાસાતેતિ જાત્રા। અન્યને ત્રાસ-કલેશ કરાવવા માટે જવું તે જાત્રા.

શ્રીમદ્ ભાગવતમાં વિદુરજીની તીર્થયાત્રાના પ્રસંગમાં તીર્થયાત્રાના નવ હેતુ બતાવ્યા છે. (૧) પ્રભુપ્રાપ્તિ કે પુણ્યપ્રાપ્તિ માટે (૨) પવિત્ર-એકાંત-સ્થાનમાં વાસ માટે (૩) ભગવચ્ચિંતન -ગુણગાન માટે (૪) ત્રિકાલ સ્નાન માટે (૫) પૃથ્વી પર સૂવા માટે (૬) શરીર અને ઈન્દ્રિયોનાં સુખસગવડ છોડવા માટે (૭) સ્વજનો અને લૌકિક જનોનો સંગ છોડવા માટે (૮) સાદગી-સાત્વિકતા-સંયમ રાખવા માટે (૯) પ્રભુ પ્રસન્ન થાય તેવાં વ્રત કરવા માટે. આવાં વ્રત શ્રીમદ્ ભાગવતમાં બતાવ્યાં છે.

શર્મિષ્ઠાબેન કીર્તિકુમાર દેસાઈ (મુંબઈ)ના સદ્દૈન્ય જયશ્રીકૃષ્ણ

**દયયા સર્વભૂતેષુ સંતુષ્ટયા યેન કેન વા ।**
**સર્વેન્દ્રિયોપશાંત્યા ચ તુષ્યતાશુ જનાર્દનઃ ॥**
(૪-૩૧-૧૯)

પ્રાણીમાત્ર તરફ દયા રાખવી. જે કંઇ મળે તેમાં સંતોષ માનવો અને વિષયભોગોનો ત્યાગ કરી, સર્વ ઇન્દ્રિયોનો સંયમ રાખવો. તેથી ભગવાન પ્રસન્ન થાય છે.

આથી દરેક ધર્મપરાયણ મનુષ્યના અંતઃકરણમાં એવી ભાવના હોય છે કે જીવનમાં ઓછામાં ઓછી એકવાર પણ તીર્થયાત્રા થાય તો સારું. જગતના દરેક ધર્મોમાં તે તે ધર્મોનાં તીર્થોની યાત્રા કરવાનો ભારે મહિમા છે. હિંદુઓ ચારધામની યાત્રા કરે, તો મુસલમાનો હજયાત્રા કરે. જૈનો સમેતશિખર ને પાલીતાણાની યાત્રા કરે તો બૌદ્ધો બૌદ્ધ-ગયાની. શીખો સુવર્ણમંદિરની યાત્રા કરે તો રાજકારણીઓ રાજઘાટની. એવો જ મહિમા આપણા વૈષ્ણવો માટે વ્રજયાત્રાનો.

યાત્રા તીર્થક્ષેત્રની થાય. જે સ્થાનનું જળ સ્નાન - પાન માટે પવિત્ર ગણાય તે તીર્થ કહેવાય, જેમ કે હરિદ્વાર. ત્યાં ગંગાજળનો મહિમા છે. જે સ્થાનની ભૂમિ પવિત્ર ગણાય, તે ક્ષેત્ર કહેવાય. જેમ કે જગન્નાથપુરી. તે પુરુષોત્તમક્ષેત્ર છે. ત્યાંના સમુદ્રના જળનો મહિમા નથી, ભૂમિનો મહિમા છે. જયાં જળ અને ભૂમિ બંને પવિત્ર હોય તે તીર્થક્ષેત્ર કહેવાય, જેમ કે વ્રજ-મથુરા. ત્યાંનું જળ અને ભૂમિ બંને પવિત્ર છે.

શાસ્ત્રોમાં તીર્થોના બે પ્રકાર બતાવ્યા છે. (૧) સ્થાવર તીર્થ (૨) જંગમ તીર્થ. શ્રીબદ્રિકેદાર, શ્રીજગન્નાથજી, શ્રીરામેશ્વર, શ્રીદ્વારકા, શ્રીનાથદ્વારા, શ્રીવ્રજ આદિ સ્થાવર તીર્થક્ષેત્રો છે. તે જયાં છે, ત્યાં જ સ્થિર છે. તે આપણી પાસે આવતાં નથી, આપણે તેમની પાસે જવું પડે છે. શ્રીમહાપ્રભુજી, શ્રીગુરુદેવ, ભગવદીયો જંગમ તીર્થક્ષેત્રો છે. જીવોનો ઉદ્ધાર કરવા કૃપા કરી, તેઓ જીવો પાસે જાય છે.

શ્રીઠાકોરજી તો તીર્થપાદ છે. એમનાં બંને ચરણકમળોમાં બધાં જ તીર્થો રહેલાં છે. જેમને શ્રીઠાકોરજીનાં ચરણારવિંદ પ્રાપ્ત થાય, તેમને સકલ તીર્થોની યાત્રા સ્વતઃ થઇ જાય. સેવામાં શ્રીઠાકોરજીનાં ચરણસ્પર્શ કરીએ, ત્યારે સર્વ તીર્થોની યાત્રા એક ક્ષણમાં થઇ જાય છે.

પુરાણોમાં તીર્થયાત્રાનો ઘણો મહિમા કહેવાયો છે.

**અગ્નિષ્ટોમાદિર્યજ્ઞૈરિષ્ટ્વા વિપુલદક્ષિણૈઃ ।**
**ન તત્ફલમાપ્નોતિ તીર્થાભિગમનેન યત્ ॥**

ઘણી દક્ષિણા આપીને અગ્નિષ્ટોમ વગેરે મોટા મોટા યજ્ઞો કરાવવાથી અને યજ્ઞપુરુષનું યજન કરવાથી, જે ફળ મળતું નથી, તે તીર્થયાત્રા કરવાથી મળે છે.

આચાર્યો, ભગવદીયો, સંતો, મહાત્માઓ આ તીર્થોમાં ફરતા રહે છે. તે સૌ જંગમ તીર્થો છે. શાસ્ત્ર કહે છે કે આ મહાપુરુષોના હૃદયમાં શ્રીહરિ બિરાજે છે, તેથી તેમનાં ચરણ-સ્પર્શથી તીર્થભૂમિ તીર્થરૂપ બને છે. તીર્થી કુર્વન્તિ **તીર્થાણિ-સ્વાન્તઃ સ્થેન** ગદાભૃતા । શ્રીગોપાલદાસે શ્રીમહાપ્રભુજીની ભારતપરિક્રમા માટે આ જ રહસ્ય બતાવ્યું.

*દિગ્વિજય દસ દિશાએ કીધો, પરિક્રમાને વ્યાજ,*
*તીર્થ સકલ સનાથ કીધાં, ચરણ રેણુ સમાજ.*

મહાપુરુષોની ચરણરજથી પવિત્ર બનેલાં તીર્થસ્થાનોની યાત્રા કરવાથી, આપણાં તન-મન શુદ્ધ અને પવિત્ર બને છે. આપણા વિચારો અને ભાવનાઓમાં દિવ્યતા આવે છે. આપણામાં ભગવદ્ભાવની વૃદ્ધિ થાય છે.

વૈષ્ણવોએ પુણ્યપ્રાપ્તિ માટે, પાપનિવૃત્તિ માટે તીર્થનું માહાત્મ્ય જાણીને તીર્થયાત્રા કરવા ન જ જવું. તીર્થનું માહાત્મ્ય જાણીને, સકામભાવ રાખીને જવાથી તીર્થનો આશ્રય થાય, તો તે અન્યાશ્રય છે. વૈષ્ણવે તો કેવળ શ્રીઠાકોરજીનો જ દૃઢ આશ્રય રાખીને, શ્રીઠાકોરજીના સંબંધથી તીર્થમાં જવું.

શ્રીમહાપ્રભુજીના સેવક સંતદાસજી આગ્રામાં રહે. એમનો અંતિમ સમય નજીક આવ્યો. તેઓ જ્ઞાતિએ ક્ષત્રિય હતા. તેમની જ્ઞાતિમાં એવો રિવાજ કે સ્વજન મરણપથારીએ હોય, ત્યારે તેને નજીકના કોઇ તીર્થસ્થળે લઇ જાય. ત્યાં મૃત્યુ થાય તો તીર્થ તેની સદ્ગતિ કરે. સંતદાસજીને પણ તેમનાં સગાંવહાલાં, સંતદાસજીની ઇચ્છા વિરુદ્ધ બળજબરીથી પૃથોદક નામના તીર્થે લઇ ગયા. ત્યાં ઘણા દિવસ થયા, પણ તેમનો દેહ છૂટયો નહિ. તેમણે કહ્યુંઃ મારું માનો. મને પાછો આગ્રા લઇ જાવ. હું તીર્થમાં દેહ છોડીશ નહિ. આગ્રા ગયા પછી સંતદાસજીએ દેહ છોડયો.

કાશીમાં શ્રીમહાપ્રભુજીના સેવક શેઠ પુરુષોત્તમદાસ રહે. તેમના મામાનો અતિ આગ્રહ કે ગયાજી જઇને પિતાનું શ્રાદ્ધ

કરવું. શેઠ સેવા છોડી ગયાજી ન ગયા. મામાએ હઠાગ્રહ કર્યો. ત્યારે શેઠ નીકળ્યા. કાશીથી થોડે દૂર પહોંચ્યા, ત્યાં એક ખેતરમાં શ્રીઠાકોરજીને લાયક સુંદર રીંગણ જોયાં. ખેડૂતને પૈસા ચૂકવી, રીંગણનો ટોપલો લઇ, ત્યાંથી જ કાશી પાછા ફર્યા. પછી ગયાજી ગયા જ નહિ.

શેઠ પુરુષોત્તમદાસનાં દીકરી રુક્મિણિ કાશીમાં રહે, પણ ગંગાસ્નાન કરવા જીવનભર કયારે ય ગયાં નહિ. શ્રીઠાકોરજીને છોડી, ઘરનો ઉંબરો પણ ઓળંગ્યો નહિ. તેમની જ્ઞાતિની સ્ત્રીઓમાં માઘસ્નાન કરવાનો રિવાજ. પિતાએ તેમની કસોટી કરવા પૂછયુંઃ દીકરી, તું માઘસ્નાન નથી કરતી? રુક્મિણિએ જવાબ આપ્યોઃ માઘસ્નાન માટે એક હજાર રૂપિયા આપો. મહા મહિનો પૂરો થયો. શેઠે પૂછયુંઃ બેટી, તું એકપણ દિવસ માઘસ્નાન કરવા તો ગઇ જ નથી. રૂપિયાનું શું કર્યું?

પિતાજી, આખો મહિનો શ્રીઠાકોરજીને નવી નવી સામગ્રી આરોગાવી, તે જ મારું માઘસ્નાન. રુક્મિણીએ કહ્યું.

શેઠ પુરુષોત્તમદાસ પણ શ્રીમહાપ્રભુજીની સાથે જ ગંગા-ઘાટે જતા. તે સિવાય તીર્થસ્નાન કરવા જતા નહિ.

રુક્મિણિ શ્રીજીચરણ થયાં, ત્યારે એક વૈષ્ણવે શ્રીગુસાંઇજીને કહ્યુંઃ રુક્મિણીબાઇ ગંગાજીને પામ્યાં. ત્યારે શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરીઃ વૈષ્ણવ, એમ કહો કે ગંગાજી રુક્મિણીને પામ્યાં. આજે ગંગાજી સનાથ થયાં.

ભગવદીયોએ એમનાં ચરિત્રો દ્વારા શીખવ્યું કે વૈષ્ણવે તીર્થનો આશ્રય ન કરવો.

### (૨) તીર્થનું સ્વરૂપ :

આગળ જોઇ ગયા કે દરેકનાં ત્રણ સ્વરૂપ છે, તેમ તીર્થક્ષેત્રનાં પણ ત્રણ સ્વરૂપ છે. (૧) આપણી આંખોથી જે જળવિશેષ કે સ્થળવિશેષ રૂપે દેખાય છે, તે આધિભૌતિક તીર્થ. (૨) તેમાં સ્નાન, પાન, દાન કરવાથી અને તેની યાત્રા, પરિક્રમા કરવાથી તે તીર્થક્ષેત્ર ફળદાન કરે. તીર્થક્ષેત્રની આ દિવ્ય શક્તિ તે, આધ્યાત્મિક તીર્થ. (૩) તીર્થના જળવિશેષ અને ક્ષેત્રના સ્થળવિશેષમાં બિરાજતું દેવતાસ્વરૂપ કે દેવીસ્વરૂપ તે આધિદૈવિક તીર્થ.

શ્રીમહાપ્રભુજીએ ગંગાજીનાં ત્રણ સ્વરૂપ સમજાવ્યાં. (૧) ગંગાજળ સ્વરૂપે વહેતી સરિતા - આધિભૌતિક સ્વરૂપ (૨) પાપ ધોવાનું સામર્થ્ય - આધ્યાત્મિક સ્વરૂપ (૩) મગરના વાહન પર બિરાજમાન ગંગાદેવી - આધિદૈવિક સ્વરૂપ. આવું જ બધાં તીર્થોનું સમજવું.

શ્રીમહાપ્રભુજીનાં બેઠક ચરિત્રોમાં પ્રસંગ છે કે શ્રીમહાપ્રભુજીએ જયારે જે નદીના કિનારે શ્રીભાગવત પારાયણ કર્યું, ત્યારે તે નદી,તેમના દેવીસ્વરૂપે શ્રીમહાપ્રભુજીને પંખો નાખવાની સેવા કરતાં. તે તીર્થદેવતા તેમના દેવરૂપે શ્રીમહાપ્રભુજીના મુખથી શ્રીભાગવત સાંભળવા ત્યાં આવતા.

આથી સમજાય છે કે આ બધાં તીર્થક્ષેત્રો માત્ર જડ જમીન કે જળ નથી, તેમની ભીતર દેવતાસ્વરૂપ છે. જેમના પર કૃપા થાય, તેમને દર્શન આપે. આજે આપણાં આ તીર્થોએ તેમનું મૂળ આધિદૈવિક રૂપ સમેટી લીધું છે, એમ શ્રીમહાપ્રભુજી કૃષ્ણાશ્રય ગ્રંથમાં સમજાવે છે.

**ગંગાદિતીર્થવર્યેષુ દુષ્ટૈરેવાવૃતેષ્વિહ ।**
**તિરોહિતાધિદૈવેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥**

ગંગાજી વગેરે શ્રેષ્ઠ તીર્થોને પણ દુષ્ટ લોકોએ ઘેરી લીધાં છે. તેમના ઉપર કબજો જમાવી દીધો છે. તેથી તે તીર્થોમાં રહેલા તેમના આધિદૈવિક દેવતાઓ ત્યાંથી તિરોહિત થઇ ગયા છે.

**મ્લેચ્છાક્રાન્તેષુ દેશેષુ પાપૈકનિલયેષુ ચ ।**
**સત્પીડાવ્યગ્રલોકેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥**

મ્લેચ્છોએ આ પ્રદેશો પર આક્રમણ કરી, તે પવિત્ર સ્થાનોને પાપનાં ધામ બનાવી દીધાં છે. ત્યાં રહેતા અને જતા સત્પુરુષો પીડા ભોગવી વ્યગ્ર રહે છે. આ સ્થિતિમાં આજના સમયમાં શ્રીકૃષ્ણ એ જ આપણો આશ્રય છે.

આથી જ આજે આપણાં તીર્થસ્થાનોની દુર્દશા જોવા મળે છે. તીર્થોના પુરોહિત-પંડા-ગોરનો ત્રાસ વધ્યો છે. તેમની પવિત્રતા નષ્ટ થઇ છે. તીર્થોનું વેપારીકરણ થઇ ગયું છે. સૌ પૈસાના ભૂખ્યા છે. યાત્રી ગમે તેટલું આપે, તો ય કોઇનું પેટ ભરાતું નથી. છળકપટ અને અનીતિ ભરપૂર છે. ધર્મનાં સ્થાનો અધર્મના અડ્ડા બન્યાં છે. પવિત્ર તીર્થજળ અતિ દૂષિત બન્યાં છે. પવિત્ર સ્થળો અપવિત્ર બન્યાં છે. બુદ્ધિશાળીઓની શ્રદ્ધા અશ્રદ્ધા બને છે. તીર્થો વિકૃત બની ગયાં છે. છતાં ભારતીય પ્રજાના હૃદયની આસ્થા ટકી રહી છે, જે તીર્થયાત્રા કરાવે છે.

એક વૈષ્ણવ (મુંબઈ)ના સદૈન્ય જયશ્રીકૃષ્ણ

શરીરનાં કેટલાક અવયવો બીજા કરતાં વધુ શુદ્ધ છે, તેમ પૃથ્વી પરનાં અન્ય સ્થાનો કરતાં તીર્થક્ષેત્રો વધુ પવિત્ર તો છે જ. આજે પણ જેઓ શુદ્ધ ભાવથી તીર્થયાત્રા કરે છે, તેમને તીર્થલાભ તો થાય છે જ. યજ્ઞયાગ જેવાં કર્મો પરમ કષ્ટસાધ્ય અને ખર્ચાળ છે. શ્રીમંતો જ તે કરી શકે છે. તે માટે પવિત્ર દેશ, કાલ, મંત્ર, કર્તા, દ્રવ્ય, કર્મ જરૂરી છે. ધન, સાધનો, પત્ની-પરિવારનો સહયોગ અને જ્ઞાની પુરોહિત પણ જોઈએ. જયારે તીર્થયાત્રા તો અમીર કરી શકે, તેમ ગરીબ પણ કરી શકે છે. તેથી તીર્થયાત્રાનો મહિમા મહાન યજ્ઞોથી પણ વધુ છે.

શાસ્ત્ર કહે છે કે જે માણસ શ્રદ્ધા વગરના છે, પાપી છે, શંકાશીલ મનવાળા છે, નાસ્તિક છે, અને ખોટા તર્કવિતર્ક કરનારા છે, તેવા પાંચ પ્રકારના માણસોને તીર્થયાત્રાથી કોઇ લાભ થતો નથી. માટે તીર્થમાં શ્રદ્ધાપૂર્વક જવું. પવિત્ર બનીને જવું. તીર્થમાં જઇને કોઇ પાપ ન કરતાં. તીર્થના માહાત્મ્યમાં શંકા ન કરવી. ભગવાનમાં આસ્થા રાખવી. તીર્થમાં દેખાતા દોષોની અને લોકોની નિંદા ન કરવી. કુતર્ક, વિતર્ક ન કરવા.

તીર્થયાત્રા એ શરીર, ઇન્દ્રિયો અને મનને લૌકિક ભોગો તથા વિષયવાસનાઓમાં બહેલાવવા અને બહેકાવવા માટેનું પર્યટન કે પ્રવાસ નથી. તે લક્ઝરી ટ્રિપ નથી. ગીતાજીમાં ભગવાનની આજ્ઞા છે કે જયારે શરીરમાં રજોગુણ વધે, ત્યારે કામ અને ક્રોધ પ્રકટ થાય છે. તમોગુણ અને રજોગુણ જીવનનું અધઃપતન કરે છે. સત્ત્વગુણથી જીવન ઉર્ધ્વ બને છે. તીર્થયાત્રા તમોગુણ અને રજોગુણ દૂર કરી, સત્ત્વગુણ વધારવા માટે છે. સત્ત્વગુણના ઉદય માટે સત્ય, સંયમ, સંતોષ જરૂરી છે. પ્રાણીમાત્ર પ્રત્યે દયા અને સત્યધર્મનું પાલન જરૂરી છે. પરમાર્થ - પરોપકાર જરૂરી છે. ત્યાગ અને તપપૂર્વક વ્રતનું અનુષ્ઠાન કે જપનું અનુષ્ઠાન જરૂરી છે. કાચબો જેમ તેની ઢાલ જેવા કવચ નીચે બધાં અંગો છુપાવી લે, તેમ આપણે બાહ્ય ભોગવૃત્તિઓ છોડવી પડે.

આથી તીર્થયાત્રા શકય હોય તો પગે ચાલીને કરવી, પદયાત્રાનો વિશેષ મહિમા છે. વાહનમાં મુસાફરી કરવાથી, સુખસગવડપૂર્વક પ્રવાસ કરવાથી ભોગ વધે છે, તપ ઘટે છે. વાહનમાં જવાથી નિદ્રા વધુ આવે છે. ચાલવાથી નિદ્રા ઘટે છે, ભગવન્નામ વધુ લેવાય છે. ભગવદ્દર્શનની આતુરતા-તાપ વધે છે. વાહનમાં સહયાત્રીઓનો સંગ ટાળી શકાતો નથી. લૌકિક વાતો થાય છે. નિંદાકૂથલીના દોષ થાય છે. ચાલનાર બીજાના સંગથી અલિપ્ત રહી, ભગવન્નામ રટતો કે ભગવચ્ચિંતન કરતો એકલો ચાલી શકે છે. વાહનમાં માર્ગમાં આવતાં નાનાં તીર્થો છૂટી જાય છે.. પદયાત્રામાં દરેક નાનામોટા તીર્થનો લાભ મળે છે. વાહનમાં પ્રવાસ કરતાં સાધનનું અભિમાન આવે છે. પગે ચાલતાં દીનતા અને નિઃસાધનતા બન્યાં રહે છે. વાહનમાં ભોગ છે, ઇન્દ્રિયોના સુખની આળપંપાળ છે. પદયાત્રામાં ત્યાગ, તપ, સંયમ છે.

લાંબા અંતરની યાત્રા પગે ચાલીને કરવી શક્ય ન હોય તો, તીર્થસ્થાન આવતાં વાહનમાંથી ઉતરી, પગે ચાલીને તીર્થમાં જવું. તીર્થમાં વાહનમાં ન ફરવું. વાહનના પ્રવાસ દરમ્યાન પણ લૌકિક વાતો, લૌકિક ભોગ અને લૌકિક પ્રવૃત્તિઓથી બચવું. સંયમ અને સંતોષ રાખવાં.

નિયમ એવો છે કે તીર્થમાં જઇને યાત્રીએ મુંડન કરાવી, વિધિપૂર્વક તીર્થજળમાં સ્નાન કરી, તીર્થદેવનું પૂજન કરી, ઉપવાસ કરવો. સૌભાગ્યવતી સ્ત્રીઓ તિરુપતિમાં મુંડન કરાવી શકે. અન્ય તીર્થોમાં સૌભાગ્યવતી સ્ત્રીઓએ મુંડન કરાવવું નહિ. કુરુક્ષેત્ર, વિશાલ (બદ્રીનાથ), ગયા, વિરજા (વ્રજ) આ ચાર ક્ષેત્રમાં મુંડન કરાવવું નહિ.

તીર્થસ્થાનમાં જોડા-ચંપલ ન પહેરવાં. ખુલ્લા પગે ફરવું. હાથ, પગ, અને મનને વશમાં રાખવાં. તન-મનથી બ્રહ્મચર્ય પાળવું. રોજ એકટાણું ભોજન કરવું. ભોજનમાં તળેલાં ફરસાણ, મિષ્ટાન્ન ન લેવાં. સાત્વિક, સાદું, અલ્પ, શુદ્ધ ભોજન લેવું. હૉટેલ, લોજ, લારીઓનું ન ખાવું. સ્વયંપાકી થવું. શકય હોય તેટલા ઉપવાસ કરવા. ભૂમિ ઉપર સૂવું. પલંગ વગેરે વૈભવનો ત્યાગ કરવો. મન હિંસક, ક્રોધી, અપવિત્ર ન બને તેનું ધ્યાન રાખવું. અસત્ય ન બોલવું. અનીતિ અને અધર્મ ન કરવાં. મોજશોખ ન કરવા. ટી.વી. ફિલ્મ ન જોવાં. છાપાં ન વાંચવાં. ચારિત્ર્યની સારી રીતે રક્ષા કરવી. પત્ની સાથે પણ એકાંતવાસ ન કરવો. બ્રહ્મચર્ય પાળવું. દેવદર્શન, પૂજા, દાન, જપ વગેરેમાં આળસ ન કરવી. તીર્થ કે મંદિરને પુરુષે ખુલ્લા મસ્તકે સાષ્ટાંગ દંડવત કરવાં. સ્ત્રીએ માથે ઓઢી પંચાંગ પ્રણામ કરવાં.

સ્નાન કરવાના નિયમો પણ શાસ્ત્રોએ બતાવ્યા છે. તીર્થજળ વહેતું હોય તો, જે દિશામાં જળ વહેતું હોય તે દિશા તરફ મુખ રાખીને, શરીર પર એક વસ્ત્ર વીંટીને સ્નાન કરવું. તદન નગ્ન શરીરે સ્નાન ન કરવું. અશુદ્ધ દેહથી પણ સ્નાન કરવું. પહેલાં અન્યત્ર સ્નાન કરી, દેહ શુદ્ધ કર્યા પછી જ તીર્થજળમાં સ્નાન કરવું. તીર્થની મર્યાદા સાચવીને સ્નાન કરવું. તેમાં ધબાકા ન મારવા, કોગળા ન કરવા, પેશાબ ન કરવો, તરવું નહિ, ધમાલમસ્તી ન કરવી. ત્રણ વખત ડૂબકી મારીને સ્નાન કરવું.

પવિત્ર ક્ષેત્રમાં સ્નાન કરતી વખતે સૂર્ય જે દિશામાં હોય, તે દિશા તરફ મુખ રાખીને સ્નાન કરવું.

તીર્થમાં સ્પર્શાસ્પર્શનો ઝાઝો બાધ નથી. શાસ્ત્ર કહે છે કે ઘરમાં જેટલી શુદ્ધિ-આચારમર્યાદા પળાય તેનાથી અડધી પ્રવાસમાં પળાય તો ચાલે. વળી એમ પણ કહ્યું છે કે તીર્થોમાં, લગ્નોમાં, પ્રવાસમાં, યજ્ઞોમાં, ઉત્સવોમાં, અને ઉપદ્રવોમાં આભડછેટ ન પળાય કે ઓછી પળાય તો દોષ લાગતો નથી. આનો અર્થ જાણી જોઇને આચારમર્યાદા તોડવી એવો નથી, તે ખાસ ધ્યાનમાં રાખવું. પળાય એટલું અવશ્ય પાળવું.

છેલ્લી એક વાત ખાસ યાદ રાખવાની કે તીર્થજળોમાં માછલાં, દેડકાં વગેરે અસંખ્ય જળચર જીવો રહે છે. મંદિરોમાં પક્ષીઓ, તમચર વગેરે જીવો રહે છે, પરંતુ તેમને તીર્થવાસનું ફળ મળતું નથી. માટે તીર્થયાત્રા કરવી તો વિધિપૂર્વક, શ્રદ્ધા સાથે કરવી. જે તીર્થમાં જઇએ, તે તીર્થનું માહાત્મ્ય પહેલાં જાણીને જઇએ.

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો માટે તો શ્રીવ્રજ-મથુરા-મંડળ, શ્રીનાથદ્વારા, શ્રીબેઠકજીઓનાં સ્થાન મુખ્ય તીર્થસ્થાનો છે. ભગવદ્‌વાર્તાનાં સ્થળ અને ભગવદ્‌મંદિરો તીર્થરૂપ છે. શ્રીગોસ્વામી બાળકો અને ભગવદીયો જંગમ તીર્થો છે. એમનો સંબંધ વિચારીને જ તીર્થયાત્રા કરવી.

એક વખત શ્રીમહાપ્રભુજી અયોધ્યા પધાર્યા. ત્યાં કોઇ રામાનંદી સાધુએ પૂછ્યુંઃ મહારાજ, તમે તો કૃષ્ણભક્ત છો, અને આ તો શ્રીરામજીની ભૂમિ છે. અહીં આવવાનું પ્રયોજન શું?

શ્રીમહાપ્રભુજીએ જવાબ આપ્યોઃ અમારા શ્રીકૃષ્ણચંદ્રજીનું અહીં સસુરાલ છે. તેથી આવ્યા છીએ.

શેઠ પુરુષોત્તમદાસ કાશીમાં રહેવા છતાં કદાપિ કાશી વિશ્વનાથ મહાદેવજીના મંદિરે ન જતા. એકવાર મહાદેવજીએ કહ્યુંઃ શેઠ, આપણે બંને કૃષ્ણભક્ત છીએ- વૈષ્ણવ છીએ. તે નાતે તમારા શ્રીઠાકોરજીનો પ્રસાદ તો મને આપો. આપણો ભગવત્સ્મરણ-જયશ્રીકૃષ્ણ - કરવાનો વ્યવહાર તો ખરો ને? ત્યારથી શેઠ દર જન્માષ્ટમીના બીજા દિવસે મહાપ્રસાદનો ડબરો લઇને જતા અને ભગવત્સ્મરણ કરી આવતા.

એક વૈષ્ણવને કોલ્હાપુર જવાનું થયું. ત્યાં શ્રીમહાલક્ષ્મી મંદિરે જવાનું થયું. ત્યાંના સ્થાનિક વૈષ્ણવે પૂછ્યુંઃ તમે ત્યાં જઇ અન્યાશ્રય નથી કર્યો? તે વૈષ્ણવે જવાબ આપ્યોઃ ના, હું તો મારા શ્રીઠાકોરજીનાં મોટાંબહેનના ખબર-અંતર પૂછવા ગયો હતો. ગોકુળમાં યોગમાયા પહેલાં જન્મ્યાં, પછી શ્રીઠાકોરજી પ્રકટ થયા. તેથી યોગમાયા શ્રીઠાકોરજીનાં મોટાં બહેન. શ્રીમહાલક્ષ્મી યોગમાયાનું સ્વરૂપ. અન્યાશ્રયનો સંબંધ મનના વિચાર-ભાવ સાથે છે, માત્ર ક્રિયા સાથે નથી. તીર્થયાત્રા કરતા આ વાત ધ્યાનમાં રાખવી.

યાત્રા શબ્દની વ્યાખ્યા આગળ જોઇ ગયા. આત્મોદ્ધાર માટે જવું તે યાત્રા. પોતાના ઘરથી તીર્થ સુધી જવું અને તીર્થવાસ કરવો, તીર્થાટન કરવું તે યાત્રા.

જે તીર્થમાં જઇએ તે તીર્થસ્થળ સદા આપણા જમણા હાથ તરફ રહે, તે પ્રમાણે તે તીર્થસ્થળની ચોમેર ચાલવું, તે પરિક્રમા. નિશ્ચિત ક્રમમાં ચારે તરફ ફરવું-ચાલવું તેવો પરિક્રમા શબ્દનો અર્થ છે.

શ્રીનાથદ્વારા જઇએ તે યાત્રા. શ્રીનાથદ્વારામાં શ્રીનાથજીના મંદિરને જમણે હાથે રાખીને, તેની ચોમેર ફરીએ તે પરિક્રમા. એવી રીતે વ્રજમાં જઇએ અને વ્રજનાં વિવિધ સ્થળે જઇએ તે યાત્રા. નિશ્ચિત ક્રમમાં મથુરાથી મધુવન થઇ, વ્રજનાં સ્થળોએ ફરતાં ગોકુળ થઇ, મથુરા આવીએ તે પરિક્રમા.

યાત્રા પગપાળા કે વાહનમાં થાય. પરિક્રમા શકય હોય ત્યાં સુધી પગપાળા જ થાય. માંદગીના કારણે પગે ચાલવું શકય ન હોય તો વાહનમાં થાય. ઘણા શ્રદ્ધાળુ ભક્તો દંડવતી પરિક્રમા પણ કરે છે. એક જગ્યાએ ઊભા રહી, હાથ લંબાવી, ભૂમિ પર સાષ્ટાંગ દંડવત કરવાનાં. જયાં હાથ અડકે ત્યાં

ઊભા રહી એ જ પ્રકારે ફરી દંડવત કરવાનાં. આમ દંડવત કરતાં કરતાં પૂરી પરિક્રમા કરવામાં આવે, તેને દંડવતી પરિક્રમા કહે છે. કેટલાક ભાવિકોએ બાધા રાખી હોય છે. તેમનું કાર્ય સિદ્ધ થતાં તેઓ દૂધની ધારા કરતાં કરતાં અથવા હાથમાં ધૂપ લઇ પરિક્રમા કરતા હોય છે. ઘણા ભક્તો એકથી લઇ એકસો આઠ કે એકહજાર આઠ દંડવતી પરિક્રમા પણ પોતાની શક્તિ અને શ્રદ્ધા પ્રમાણે કરે છે.

જે તીર્થમાં જવાનું થાય, તે તીર્થની પરિક્રમા કરવી જોઇએ. એવી શાસ્ત્રની આજ્ઞા છે.

### (૫) તીર્થોત્તમ તીર્થ શ્રીવ્રજભૂમિ :

વરાહપૂરાણમાં ભગવાનની આજ્ઞા છે કે :

**સપ્તદ્વીપેષુ તીર્થાનિ પુણ્યાન્યાયતનાનિ ચ ।**
**મથુરાયાં ગમિષ્યન્તિ પ્રસુપ્તે તુ યદા મયિ ॥**

સાત દ્વીપોમાં રહેલાં તીર્થો અને બીજાં પણ પવિત્ર સ્થાનો, જયારે હું પૃથ્વીનો ત્યાગ કરીશ, ત્યારે મથુરામંડળમાં જઇને વસશે.

**વિંશતિર્યોજનાનાં ચ માથુરં યત્ર મંડલમ્ ।**
**યત્ર તત્ર નરઃ સ્નાત્વા મુચ્યતે સર્વ પાતકૈઃ ॥**

મારું મથુરામંડળ વીસ યોજન (૮૦ કોસ-ગાઉ) ના ઘેરાવાવાળું છે. તેમાં સ્નાન કરવાથી મનુષ્ય બધાં પાતકોમાંથી મુકત થાય છે.

વ્રજમાં મથુરાથી એક અસુર બળદનું રૂપ લઇને આવ્યો. તે વૃષભાસુર કહેવાયો. શ્રીકૃષ્ણે તેને માર્યો. શ્રીકૃષ્ણના સખાઓએ કહ્યુંઃ કન્હાઇ, તેં બળદને માર્યો તેથી તને ગોવંશની હત્યાનું પાપ લાગ્યું. તું અમને અડીશ નહિ. અમે તારી સાથે નહીં રમીએ.

શ્રીકૃષ્ણ રાધાજીની નિકુંજે પધાર્યા. શ્રીરાધારાણી બોલ્યાંઃ નંદનંદન, તમને ગૌહત્યા લાગી છે. ગૌહત્યાવાળાને ઘરમાં ન આવવા દેવાય.

સૌ શ્રીકૃષ્ણથી દૂર રહેવા લાગ્યાં. શ્રીકૃષ્ણે કહ્યુંઃ અરે, તમે બધાં સમજતાં કેમ નથી? તે ખરેખર બળદ ન હતો. બળદના રૂપમાં આવેલો અસુર હતો. મહાદુષ્ટ હતો. આખા વ્રજનો નાશ કરવા આવ્યો હતો.

શ્રીરાધાજીએ કહ્યુંઃ ભલે એમ હતું. પણ માર્યો ત્યારે તેનુ ખોળિયું તો બળદનું હતું ને?

શ્રીકૃષ્ણ શ્રીરાધાજી સામે જોઇ રહ્યા.

નંદકુંવર, એક બીજી વાત. તમે હત્યાનું પ્રાયશ્ચિત્ત નહીં કરો તો તમારું જોઇને ભવિષ્યમાં કલિયુગના જીવો બેધડક ગાય-બળદને મારશે. પૃથ્વી ઉપર મોટો અધર્મ થશે. લોકકલ્યાણ માટે પણ તમારે પ્રાયશ્ચિત્ત કરવું જોઇએ.

વૃષભાનકુંવરી, હું તમારા પ્રેમને અધીન છું. પ્રેમમાર્ગ દલીલો અને વાદવિવાદનો માર્ગ નથી. પ્રેમીની પ્રસન્નતાનો માર્ગ છે. તમારી પ્રસન્નતા માટે તમે બતાવો તે પ્રાયશ્ચિત્ત કરવા હું તૈયાર છું.

શ્યામસુંદર, શાસ્ત્રો કહે છે કે ગૌહત્યાના પ્રાયશ્ચિત્ત માટે પગે ચાલીને બધાં તીર્થોમાં જવું. દરેક તીર્થમાં શ્રદ્ધા અને ભાવસહિત સ્નાન કરવું. તેથી ગૌહત્યાનો દોષ દૂર થાય છે. તમારે પણ તેમ કરવું જોઇએ.

ભલે, તમારી આજ્ઞા છે તો હું તીર્થયાત્રાએ જઇશ, પરંતુ તમારો વિયોગ મને સહન થશે નહિ. આટલો લાંબો સમય હું તમારા વિના કેવી રીતે રહી શકીશ?

મારાથી પણ તમારા વિના રહી શકાશે નહિ. તમે ન જશો.

બધા સખાઓએ કહ્યુંઃ અમે તમને નહીં જવા દઇએ. તમારા વિના અમને નહિ ગોઠે.

શ્રીકૃષ્ણે કહ્યુંઃ તમે પ્રાયશ્ચિત્ત કરવાનું કહ્યું અને તમે જ ના પાડો છો?

મહારાજ, તમે ધર્મ-અધર્મને જાણનારા છો. ધર્મ સચવાય અને તમારો અને અમારો વિયોગ પણ ન થાય એવો રસ્તો કરો. ચંદ્રાવલીજીએ વિનંતી કરી.

શ્રીયમુનાજીએ માર્ગ બતાવ્યો- પ્રભો! આપ તે તે તીર્થમાં જાવ, તેના કરતાં તે બધાં તીર્થોને જ વ્રજમાં બોલાવી લો ને! આપનો ધર્મ સચવાશે અને વ્રજવાસીઓને આપનો વિયોગ પણ નહીં થાય.

હા, હા, આ ઉપાય ઉત્તમ છે. વ્રજવાસીઓને પણ તીર્થ કરવા વ્રજ છોડીને જવું નહિ પડે. એક જ સ્થાનમાં બધાં તીર્થ થઇ જાય તેથી રૂડું શું? સૌ કહેવા લાગ્યાં.

શ્રીકૃષ્ણને કયાં કંઇ કરવાનું હતું? મન કર્યું અને સર્વ

તીર્થ હાજર. સર્વ તીર્થોને વ્રજનાં વિવિધ સ્થાનોમાં ગોઠવાઇ જવા શ્રીકૃષ્ણે આજ્ઞા કરી.

પછી શ્રીકૃષ્ણ, શ્રીરાધાજી, સખીઓ તથા સખામંડળીને સાથે લઇ તીર્થયાત્રાએ નીકળ્યા. આખા વ્રજની યાત્રા કરતાં, બધાં તીર્થજળોમાં તેમણે વ્રજવાસીઓ સાથે સ્નાન કર્યું. બ્રાહ્મણોને દરેક તીર્થસ્નાન પછી દક્ષિણા આપી, બ્રહ્મભોજન કરાવ્યું.

તીર્થયાત્રા પૂરી થયા પછી, શ્રીકૃષ્ણે સર્વ તીર્થોને તેમના મૂળસ્થાને પાછા જવાની આજ્ઞા કરી. તીર્થોએ સમૂહમાં ભગવાનને વિનંતી કરીઃ આપનાં ચરણકમળ પ્રાપ્ત થયા પછી આપ અમને તરછોડો નહિ. હવે અમે અહીંથી પાછા જવા ઇચ્છતાં નથી. આપે કૃપા કરી, આ નિમિત્તે અમને આપનાં દર્શન આપ્યાં છે. અમારા જળમાં આપે સ્નાન કર્યું, તેથી અમે પવિત્ર થયાં છીએ. લોકો એમનાં પાપ અમારા જળમાં મૂકી જાય છે, તે બધાં પાપો આપે દૂર કરી, અમને અમારી દિવ્યતા પાછી આપી છે. આપનાં દર્શને અહીં વ્રજમાં ઘણા ભાવિક ભક્તો, સંતો અને મહાપુરુષો આવશે. અમને અનાયાસ તેમનો લાભ મળશે. આપે અમારામાં સ્નાન કર્યું છે, તેથી અહીં આવતા યાત્રીઓ પણ શ્રદ્ધાપૂર્વક અમને તીર્થરૂપે સ્વીકારશે. માટે આપ કૃપા કરીને અમને આપના વ્રજમંડળમાં સદાને માટે વાસ આપો.

શ્રીપ્રભુએ આજ્ઞા કરીઃ ભલે, તમે સૌ તમારા આધિદૈવિક સ્વરૂપે સદાને માટે વ્રજમાં રહો. પરંતુ તમારે તમારા આધ્યાત્મિક અને આધિભૌતિક સ્વરૂપે તો તમારા મૂળ સ્થાને રહેવાનું છે, કારણ કે ત્યાં બધા જ જીવો તીર્થયાત્રા માટે આવશે, તેનાથી મારા મુખસ્વરૂપ હજારો બ્રાહ્મણોનો નિર્વાહ થશે.

શ્રીપ્રભુની આ આજ્ઞા માથે ચઢાવી બધાં તીર્થો આધિદૈવિક સ્વરૂપે વ્રજમાં જ રહ્યાં. આથી આજે પણ આખા ભારતનાં બધાં તીર્થો વ્રજમાં બિરાજે છે. તેથી વ્રજભૂમિને સર્વ તીર્થોનું તીર્થ કહેવામાં આવે છે.

ભારતમાં જેટલાં મુખ્ય દેવદેવીઓ છે, તે બધાં શ્રીપ્રભુનાં અંશસ્વરૂપો છે, તેથી તેઓ શ્રીકૃષ્ણનાં સેવક છે. શ્રીકૃષ્ણ તેમના સ્વામી છે. તે સૌ શ્રીકૃષ્ણની સેવા કરવા શ્રીકૃષ્ણનું શરણ સ્વીકારવા વ્રજમાં, આવીને વસ્યાં છે. તેઓ શ્રીકૃષ્ણની લીલામાં સહાયરૂપ બન્યાં છે. જેમ કે નવરાત્રિના દિવસોમાં ગોપીજનો દેવીપૂજનના બહાને દેવીના મંદિરે જાય છે. ત્યાં શ્રીકૃષ્ણ ગોપીજનોને મળે છે અને ગોપીજનોના મનોરથ પૂર્ણ કરે છે. આમ શ્રીકૃષ્ણની લીલામાં સહાયક બનનારાં દેવદેવીઓ વૈષ્ણવ છે. શ્રીકૃષ્ણનાં આશ્રિત છે. તેમને શ્રીકૃષ્ણની લીલાનાં દર્શન થાય છે. તેઓ વ્રજમાં આવતા વૈષ્ણવો ઉપર પ્રેમ રાખનારાં છે. આવાં સર્વ દેવ-દેવીઓ કેવળ વ્રજમાં ભેગાં થયાં છે. તેથી પણ વ્રજભૂમિ ઉત્તમ બની છે.

અન્ય સ્થાનોમાં ભગવાનના અવતાર પ્રકટ થયા છે. જેમ કે, અયોધ્યામાં શ્રીરામ પ્રકટ થયા. પરંતુ એ બધા અવતારો પૂર્ણાવતારો નથી. ભગવાનનો પૂર્ણાવતાર તો શ્રીકૃષ્ણ સ્વરૂપે વ્રજમાં જ થયો છે. શ્રીકૃષ્ણ પ્રત્યક્ષ રીતે વ્રજથી મથુરા ભલે પધાર્યા, પરંતુ ભાવાત્મક સ્વરૂપે તો સદાને માટે વ્રજમાં જ બિરાજેલા છે. તેમની વ્રજલીલા સનાતન છે. તેથી પણ વ્રજભૂમિ અન્ય સ્થાનો કરતાં વધારે અલૌકિક છે. આથી ભક્તો વ્રજયાત્રા કરવાની ભાવના રાખે છે. શ્રીકૃષ્ણની કૃપા થતાં આનંદથી વ્રજયાત્રા કરે છે.

### (૬) વ્રજયાત્રાની પરંપરા :

શ્રીભાગવતજી પ્રમાણે સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે અગિયાર વર્ષ અને બાવન દિવસ સુધી ગોચારણ, રાસ, માખણચોરી, દાન વગેરે લીલાઓ માટે એકલા અથવા શ્રીરાધાજીની સાથે અથવા ગોપીજનો કે ગોપસખાઓની સાથે પૂરી વ્રજભૂમિમાં ભ્રમણ કર્યુ છે. વૃંદાવનમાં તો રોજ વિહાર કર્યો છે. અન્નકૂટના પ્રસંગે દિવાળીની રાત્રે શ્રીનંદરાયજી સહિત સૌ વ્રજવાસીઓને શ્રીગિરિરાજજીની પરિક્રમા કરવાની આજ્ઞા કરી હતી. વૃષભાસુરને માર્યા પછી બધાં તીર્થોને વ્રજમાં બોલાવી ગૌહત્યાના પ્રાયશ્ચિત્ત માટે તેમણે વ્રજવાસીઓ સાથે આખા વ્રજની યાત્રા પણ કરી હતી. આમ સર્વ પ્રથમ વ્રજયાત્રા ભગવાન શ્રીકૃષ્ણે કર્યાનું સમજાય છે.

જયારે બ્રહ્માજી વ્રજમાં આવીને ગ્વાલબાલ અને વાછરડાં ચોરી ગયા, ત્યારે તે લીલાના અંતે ભગવાને બ્રહ્માજીને તેમના દોષનું પ્રાયશ્ચિત્ત કરવા માટે વ્રજપરિક્રમા કરવાની આજ્ઞા કરી હતી. એનો ઉલ્લેખ શ્રીસૂરદાસજી નીચેની પંક્તિઓમાં કરે છે.

રૂપાબેન સંદીપકુમાર ગાંધી (દાહોદ)ના સદૈન્ય જયશ્રીકૃષ્ણ

**શ્રીમુખવાણી કહત વિલંબ અબ નેક ન લાવહુ ।**
**બ્રજ પરિક્રમા કરહુ દેહકો પાપ નસાવહુ ॥**

ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞાથી તેમના પ્રિય સખા ઉદ્ધવજી મથુરાથી વ્રજમાં આવ્યા. ઉદ્ધવજી ઘણા મહિનાઓ સુધી વ્રજમાં રહ્યા. વ્રજભક્તો સાથે તેમણે વ્રજયાત્રા કરી શ્રીકૃષ્ણનાં લીલાસ્થળોનાં દર્શન કર્યાં. ઉદ્ધવજીની વ્રજયાત્રાનો ઉલ્લેખ શ્રીભાગવતજીમાં છે. નદી, વન, પર્વત, ખીણ, પુષ્પોવાળાં વૃક્ષોને જોતાં જોતાં વ્રજવાસીઓને કૃષ્ણનું સ્મરણ કરાવતાં હરિદાસ એવા ઉદ્ધવજીએ વ્રજભક્તો સાથે વ્રજયાત્રા કરી.

બૃહદ્ નારદીય પુરાણ મુજબ નારદજીએ પણ વ્રજયાત્રા કરી છે. નારદજીએ વ્રજની યાત્રા મધુવનથી લઇને ગોકુળ સુધીની કરી છે. વ્રજયાત્રા દરમ્યાન નારદજીને શ્રીરાધાજીની કૃપાથી રાસનાં દર્શન થયાં છે.

સ્કંદપુરાણમાં બતાવ્યા પ્રમાણે શ્રીકૃષ્ણના પ્રપૌત્ર વજ્રનાભજીએ પણ રાજા પરીક્ષિત સાથે વ્રજયાત્રા કરી છે. તેમણે કુસુમ સરોવરમાં ઉદ્ધવજીની પાસેથી શ્રીભાગવત કથા સાંભળી. શ્રીનંદરાયજીના પુરોહિત શાંડિલ્ય મુનિની પ્રેરણાથી તેમણે વ્રજમાંનાં ભગવાન શ્રીકૃષ્ણની લીલાનાં સ્થાનો શોધી શોધી ત્યાં ગામ, કુંડ, મંદિર, કૂવા વગેરે બનાવ્યાં. વ્રજનો પહેલો જીર્ણોદ્ધાર વજ્રનાભજીએ કર્યો.

ભરતપુરના રાજા જવાહરસિંહ દિલ્હીના બાદશાહ સાથેના યુદ્ધમાં જીતી મોટા પ્રમાણમાં દ્રવ્ય લઇ આવ્યા. તેમની માતાની આજ્ઞાથી તે બધું દ્રવ્ય ખર્ચીને તેમણે વ્રજનાં બધાં સ્થાનોનો ફરીથી જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

શ્રીમહાપ્રભુજી જયારે વ્રજમાં પધાર્યા ત્યારે વ્રજ આજના જેવું ન હતું. તે નિર્જન હતું. શ્રીમહાપ્રભુજીએ મથુરામાં વિશ્રામઘાટ પરથી મુસલમાન સુબાએ ધર્મપરિવર્તન માટે લગાવેલું યંત્ર ખસેડાવી મથુરાને નિર્ભય તથા આબાદ બનાવ્યું હતું. તે વખતે વિશ્રામઘાટ ઉપર મથુરાનું સ્મશાન હતું. ત્યાંથી સ્મશાનને હટાવી વિશ્રામઘાટને પવિત્ર બનાવ્યો હતો. ગોકુળગામ નવેસરથી વસાવ્યું હતું. વ્રજનાં લુપ્ત થયેલાં સ્થાનો ફરી પ્રગટ કર્યાં.

શ્રીમહાપ્રભુજીએ એકથી વધુ વખત વ્રજની બાર વનની યાત્રા બાર દિવસમાં કરી હતી. શ્રીસૂરદાસજી વ્રજનાં બાર મુખ્ય વનનો ઉલ્લેખ નીચેનાં પદમાં કરે છે.

*યહ બિધિ ક્રીડત ગોકુલમેં હરિ નિજ વૃંદાવન ધામ ।*
*મધુવન ઔર કુમુદવન સુન્દર બહુલાવન અભિરામ ॥*
*નંદગામ સંકેત ખદીરવન ઔર કામવન ધામ ।*
*લોહવન માટ બેલવન સુન્દર ભદ્ર બૃહદવન ગામ ॥*
*ચૌરાસી બ્રજકોસ નિરન્તર ખેલત હૈં બલમોહન ।*
સામવેદ, ઋગ્વેદ, યજુરવેદમેં કહેંઉ ચરિત બ્રજમોહન ॥

વરાહપુરાણમાં મધુવન, બાલવન, કદવન, કામવન, બકુલવન, ખદિરવન, મહાવન, લોહજંઘવન, બિલ્વવન, ભાંડીરવન, સંકેતવન અને વૃંદાવન એમ બાર વનનો ઉલ્લેખ છે.

શ્રીમહાપ્રભુજી વ્રજમાં પધાર્યા તે પહેલાં તેમના વિદ્યાગુરુ અને શ્રીકૃષ્ણચૈતન્યના ગુરુ શ્રીમાધવેન્દ્રયતિ વ્રજમાં વસ્યાનો અને નિત્ય વ્રજયાત્રા કરતા હોવાનો ઉલ્લેખ મળે છે. માધ્વ, નિંબાર્ક અને ગૌડીય સંપ્રદાયોના સંતો, વૈષ્ણવો, શ્રીમહાપ્રભુજીની પહેલાં વ્રજની યાત્રાએ અવારનવાર આવ્યા છે. શ્રીકૃષ્ણ ચૈતન્યે પણ વ્રજયાત્રા કરી છે. માનસીગંગા પર શ્રીમહાપ્રભુજી અને શ્રીકૃષ્ણ ચેતન્યનો મેળાપ થયો છે. તેમના અનુયાયી રૂપ ગોસ્વામી, જીવ ગોસ્વામી અને સનાતન ગોસ્વામીને તેમણે વ્રજમાં મોકલી વ્રજ-વૃંદાવનનાં લીલાંસ્થાનોનો જીર્ણોદ્ધાર કરાવ્યો છે. પરંતુ આ બધા આચાર્યો, સંતો, ભક્તોએ વ્રજની પરિક્રમા વ્યક્તિગત રીતે અથવા પોતાના ગણ્યાગાંઠ્યા સેવકોને જ સાથે લઇને કરી છે.

શ્રીમહાપ્રભુજીએ પહેલી વ્રજયાત્રા વિ.સં. ૧૫૪૯માં ચૌદ વર્ષની વયે કરી હતી. ત્યારબાદ સં.૧૫૫૫, ૧૫૬૦,૧૫૬૮ અને ૧૫૭૩ તથા ૧૫૮૫ એમ બીજી પાંચ વખત કરી હતી. બધી જ પરિક્રમાઓ બાર વન સુધી મર્યાદિત હતી.

શ્રીમહાપ્રભુજીના મોટા પુત્ર શ્રીગોપીનાથજીએ તેમના નાના ભાઇ શ્રીગુસાંઇજીને સાથે લઇને સં.૧૫૯૫માં વ્રજપરિક્રમા કરી હતી. તે પણ બાર વન પૂરતી મર્યાદિત હતી.

શ્રીગુસાંઇજીએ સામૂહિક પરિક્રમાની શરૂઆત કરી. સૌ પ્રથમ સામૂહિક પરિક્રમા સં.૧૬૦૦ના ભાદરવા વદ બારસે તેમણે ઉપાડી. તે પ્રસંગે તેમણે મથુરાના તેમના કુલપુરોહિત ઉજાગર ચોબાજીને આ પ્રમાણે વૃત્તિપત્ર લખી આપ્યું હતું.

સ્વસ્તિ શ્રીમદ્‌વિઠ્ઠલ દીક્ષિતાનાં મથુરાક્ષેત્રે તીર્થપુરોહિત ઉજાગર શર્મા માથુરોઽસ્તિ. વિ.સં.૧૬૦૦.

ત્યારબાદ તેમણે સં. ૧૬૨૪માં બીજી પરિક્રમા કરી. તે અગિયાર દિવસમાં પૂરી થઇ. તેનું વર્ણન ભક્તકવિ શ્રીજગતાનંદજીએ નીચેના પદમાં કર્યું છે.

*ગોસ્વામી વિઠ્ઠલેસ જુ દૈવી જીવ ઉદ્ધારી ।*
*કીની હૈ બ્રજજાતરા, ભક્તસંગ સુખકારી ॥*
*સોરહસૈ સંવત બન્યો, ચૌલિસા સનિવાર ।*
*ભાદૌં બદિ કી દ્વાદસી, બનૌ કિયા બિચાર ॥*
*શ્રીગોકુલ તેં બિજય કિય, શ્રીમથુરા રહિ રાત ।*
*પ્રાત ભઇ સુત્રયોદસી, ન્હાયે શ્રીવિશ્રાંત ॥*
*બન સબ સંપૂરન કરે, ફિરિ શ્રીગોકુલ આય ।*
*દિન ગ્યાર ચૌબીસ બન, કીને વિઠ્ઠલરાય ॥*

ત્રીજી વ્રજપરિક્રમા શ્રીગુસાંઇજીએ સં.૧૬૨૮માં કરી. શ્રીગુસાંઇજીના સેવક પીતાંબરદાસ હતા. તેમને વ્રજયાત્રા કરવાનો મનોરથ થયો. તેથી તેમણે શ્રીગુસાંઇજીને વિનંતી કરી. ત્યારે શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરીઃ અમે વ્રજયાત્રા કરવા જઇએ, ત્યારે તમે પણ આવજો. પીતાંબરદાસની આતુરતા જોઇને શ્રીગુસાંઇજીએ જલ્દી તૈયારી શરૂ કરાવી. સં.૧૬૨૮ના શ્રાવણ વદ બારસે શયન આરતી બાદ શ્રીગોકુલનાથજીને સાથે લઇ શ્રીગુસાંઇજી મથુરા પધાર્યા. રાત મથુરા રોકાયા. ઉજાગર ચોબાને બોલાવી, તેમની સંમતિ લઇ, વિશ્રામ ઘાટે વિધિસર યમુનાસ્નાન કરી, યાત્રાના નિયમ લીધા.

ઉજાગર ચોબાએ યાત્રામાં સાથે આવવાનું કહેતાં, શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરીઃ તમારે શ્રમ કરવાની જરૂર નથી. તમારી સંમતિ લેવી જોઇએ અને તમારી પાસે નિયમ લેવા જોઇએ.

ઉજાગરજીએ કહ્યુંઃ મહારાજ, પ્રથમ તો ભૂતેશ્વર મહાદેવનાં દર્શન કરવા પધારો.

શ્રીગુસાંઇજીએ કહ્યુંઃ ભૂતેશ્વરજી અહીંથી જ ભલું માનશે. તેમને પ્રણામ.

ચોબાજીને વિદાય કરી, શ્રીગુસાંઇજી પછી મથુરાની અંતર્ગૃહી પરિક્રમા કરવા પધાર્યા. તેમની સાથે સામાનમાં એક ગાડું, એક કોઠી, એક ઘોડો, એક શય્યા હતી. ચાચા હરિવંશજી, પીતાંબરદાસ અને અન્ય બાવીસ વૈષ્ણવ મળી કુલ ચોવીસ વૈષ્ણવ સાથે હતા.

પ્રથમ મધુવન પધાર્યા. ત્યાં ઠાકોરજી શ્રીકલ્યાણરાયજીનાં દર્શન કર્યાં. ત્યાંથી તાલવન પધાર્યા. ત્યાં શ્રીબિહારીલાલજીનાં દર્શન કર્યા. ત્યાંથી કુમુદવન પધાર્યા. ત્યાં કુંડમાં સ્નાન કરી, શ્રીગોપીનાથજી તથા શ્રીકલ્યાણરાયજીનાં દર્શન કર્યા. ફરી પાછા મધુવન પધાર્યા. ત્યાં રસોઇ કરી, શ્રીઠાકોરજીને ભોગ ધરી, ભોજન કરી, વિશ્રામ કર્યો.

બીજા દિવસે સવારે શાંતનુ રાજાના ધામમાં પધાર્યા. શાંતનુ રાજાની કામના સિદ્ધ કરી, સૂર્યદર્શન કરી, બહુલાવન પધાર્યા. ત્યાં બહુલા ગાયનું સ્વરૂપ છે, ત્યાં પૂજન કરી, ગૌદાન કરી, શ્રીમદનમોહનજીનાં દર્શન કરી, રિન, અરિષ્ટ નિવારણ કરી, ત્યાંથી શ્રીરાધાકુંડ પધાર્યા. ત્યાં રાધાકુંડ અને કૃષ્ણકુંડમાં સ્નાન કરી, શ્રીરાધાકૃષ્ણનાં દર્શન કર્યાં. પછી શ્યામઢાક પાસે અનસખડી આરોગ્યા. પછી ગોવર્ધન પધાર્યા.

સૂર્યનો તાપ બહુ હોવાથી શ્રીગુસાંઇજીને ઘણો પરિશ્રમ થયો. પણ તેને ન ગણકારતાં શ્રીગુસાંઇજી શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરવા પધાર્યા.

શ્રીગોકુલનાથજીએ ઘર્માદતાપ ચૂર્ણ સાથે લીધું હતું. ધાણા, જીરું, આમળાં, સૂંઠ, જેઠીમધ અને મિસરી સમાન પ્રમાણમાં લઇ બારીક ચૂર્ણ બનાવવામાં આવ્યું હતું. ગરમી અને થાકથી થતી અસ્વસ્થતા દૂર કરવા માટે આ ચૂર્ણ ઘણું ઉપયોગી છે. આ ચૂર્ણ શ્રીગુસાંઇજી અને શ્રીગોકુલનાથજી બંનેએ લીધું. તરત સ્વસ્થતા થતાં, શ્રીગુસાંઇજી ભૂમિ પર પોઢ્યા. જાગ્યા બાદ રસોઇ કરી, ભોગ ધરી, ભોજન કર્યું.

ત્રીજા દિવસે શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન-સેવા કરી. શ્રીગિરિરાજજીની પરિક્રમા કરી. પછી સાંજે ભોજન કર્યું. રાતે ગાંઠયોલી પધાર્યા. ત્યાંથી પાછલી રાતે પરમંદરા થઇ, પર્વતની સુગંધિની શિલાની ડાબી બાજુથી શ્વેત પર્વત તથા બદ્રિનારાયણને જમણી તરફ છોડીને ઇન્દ્રૌલી પધાર્યા. ત્યાં ઇન્દ્રકૂપમાં સ્નાન કરી, વિમલકુંડનું આચમન કરી, સૂર્યકુંડમાં સ્નાન કરી, શ્વેતકુંડ, સેતુબંધ રામેશ્વર થઇ, નંદગોપનો કુંડ જોઇ, ચોરાસી કુંડ જોયા.

પછી ભાદરવા સુદ એકમે સુન્હેરાની કદમખંડી થઇ,

સુન્હેરા ગામ પધાર્યા. ત્યાંથી ચિત્રવિચિત્ર શિલા જોઇ પોતાના મુકામે પધાર્યા.

સવારે દેહકુંડમાં સ્નાન કરી, રત્નકુંડનું આચમન કરી, ચિકસોલી, નોવારી-ચોવારીમાં પાન કરી, દોબન થઇ સંકેતવન પધાર્યા. સંકેતબટની નીચે રાસમંડલનો ચોતરો અને બેઠક છે. સંકેત વિલાસ વડ છે. ત્યાં કૃષ્ણકુંડમાં સ્નાન કરી, સલબન થઇ, મધુકુંડનું પાન કરી, યશોદાકુંડ પધાર્યા. ત્યાં સ્નાન કરી, લલિતાકુંડ, બનવારી કુંડ થઇ, ગોપેશ્વર થઇ અક્રૂરઘાટ, ઉતરેશ્વરઘાટ થઇ ઉદ્ધવકયારી પધાર્યા, જયાં ઉદ્ધવજીએ વ્રજભક્તોને જ્ઞાનનો ઉપદેશ કર્યો હતો. ત્યાંથી મદનકુંડ થઇ, જલબિહારી શ્રીઠાકોરજીની કદમખંડી પધાર્યા. ત્યાં રસોઇ કરી, ભોગ ધરી, ભોજન કર્યું.

ભાદરવા સુદ ત્રીજના દિવસે ખિદરવન પધાર્યા. મૂળ નાનાકુંડમાં સ્નાન કરી, આપ આગળ પધાર્યા. નાગવલીનું દાન કરી, કરહેલા અને અંજનોખર પધાર્યા. જયાં શ્રીયશોદાજીએ શ્રીઠાકોરજીને અંજન કર્યું છે. ત્યાંથી શ્રીયશોદાજીના પિયર મેહરોલી પધાર્યા. ત્યાં મુકામ કર્યો.

સવારે બલભદ્રકુંડમાં સ્નાન કરી, ચરણપહાડી થઇ, શ્રીગુસાંઇજી દધિગામ પધાર્યા. ત્યાં શ્રીવ્રજભૂષણજીનાં દર્શન કરી શંખચૂડવધનું સ્થાન જોઇ, સેઇ ગામ પધાર્યા. ત્યાં અલીખાન ગોરવાનું સ્થળ છે. શ્રીગુસાંઇજીએ ત્યાં ખીર કરાવી હતી. તે વખતે ત્યાં બહુ વરસાદ પડવાથી બધી ખીર વરસાદમાં તણાઇ ગઇ હતી.

ભાદરવા સુદ પાંચમની સવારે રાસોલી, બચ્છવન છોડીને, સેઇ ગામથી રાનઘાટ પધાર્યા. જયાં શ્રીબલદેવજીએ યમુનાપ્રવાહ ઊલટી દિશામાં વહેવડાવ્યો હતો, ત્યાં અક્ષયબટ છે. ત્યાં પ્રલંબાસુરને માર્યો હતો. તે સ્થાન જોઇ પાછા બલભદ્રઘાટ પધારી, શ્રીયમુનાજીને તીરે પધાર્યા.

પછી બલભદ્રકુંડ, મધુસૂદન કુંડ થઇ ભાંડીરવન પધાર્યા. ભાંડીરવનની પરિક્રમા કરી, રસોઇ કરી, ભોગ ધરી, ભોજન કરી બેલવન પધાર્યા.

બીજા દિવસે સવારે માનસરોવરમાં સ્નાન કરી, રાસસ્થલી પધાર્યા. ત્યાંથી લોહવન પધાર્યા. ત્યારબાદ મહાવન પધાર્યા. બ્રહ્માંડઘાટ થઇ, યમલાર્જુન થઇ, શ્રીમથુરાનાથજીનાં દર્શન કરી, નંદકૂપ પધાર્યા. ઉખલની સન્મુખ શ્રીરોહિણીજીના મંદિરે દર્શન કરી, સપ્તસમુદ્ર થઇ, ઉતરેશ્વર ઘાટ થઇ, રમણરેતીનાં દર્શન કરી, ગોકુળ પધાર્યા. ત્યાં ભોજન કરી, રાતે મથુરા પધાર્યા.

ત્યાંથી વૃંદાવન પધાર્યા. ધર્મકુંડ, વેણુકૂપ થઇ, શ્રીગોવિંદજીનાં દર્શન કરી, કેશીઘાટ થઇ, બંસીબટ પધાર્યા. ત્યાંથી પાછા મથુરા પધાર્યા. ત્યાં યાત્રા પૂર્ણ કરી, ગોકુલ પધાર્યા.

આ યાત્રા દસથી અગિયાર દિવસમાં પૂરી કરી, શ્રીગુસાંઇજી ભાદરવા સુદ સાતમે ગોકુળ પધાર્યા. ચોવીસ વન-ઉપવન, લીલાસ્થળોની યાદ કરી. આ યાત્રામાં વૃંદાવનની પરિક્રમા મથુરા આવ્યા બાદ કરી.

જે જે વૈષ્ણવો ગોકુળ શ્રીગુસાંઇજીનાં દર્શને જતા, તેમને શ્રીગુસાંઇજી આજ્ઞા કરતા - વૈષ્ણવે એક વખત વ્રજની અવશ્ય યાત્રા કરવી. તેથી વ્રજનું સ્વરૂપ હૃદયારુઢ થાય. વ્રજ ભગવદીય છે. તેમનાં દર્શન અને માનસી કરવાથી ભગવદ્‌ભાવ ઉત્પન્ન થાય.

શ્રીનાભાજીએ લખેલ ભક્તમાલ ગ્રંથમાં ચતુરા નાગા નામના વિરક્ત વૈષ્ણવનો પ્રસંગ છે. આ ચતુરાનાગા શ્રીમહાપ્રભુજીને મળેલા. શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી તેઓ શ્રીગોકુલનાથજીના સેવક થયેલા. તેઓ નિત્ય વ્રજવાસ કરીને રહ્યા હતા. તેઓ દરરોજ સવારે વૃંદાવનમાં શ્રીગોવિંદદેવજીની મંગળા આરતીનાં દર્શન કરી, મથુરા આવી શ્રીકેશવદેવજીની શૃંગાર આરતીનાં દર્શન કરતા. ત્યાંથી નંદગામ જઇ, રાજભોગ આરતીનાં દર્શન કરી, ગોવર્ધન આવી, શ્રીગિરિરાજજીની પરિક્રમા કરી, સાંજે વૃંદાવન પહોંચતા. આમ તેમના ચાર પ્રહર (બાર કલાક) રોજ વ્રજયાત્રામાં વીતતા.

શ્રીગુસાંઇજીના સમકાલીન શ્રીનારાયણ ભટ્ટ - નામના વૈષ્ણવ વૃંદાવનમાં થયા. તેઓ નારદજીનો અવતાર ગણાતા. તેમણે વ્રજભક્તિવિલાસ નામનો ગ્રંથ લખ્યો છે. તેમને પણ વ્રજ અને વ્રજયાત્રા માટે ઘણી પ્રીતિ હતી. અકબરના મંત્રી રાજા ટોડરમલ દ્વારા તેમણે પણ વ્રજનાં અનેક પ્રાચીન સ્થાનોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. તેઓ ગૌડીય સંપ્રદાયના હતા. તેમણે સામુદાયિક વ્રજયાત્રાની વ્યવસ્થિત શરૂઆત કરી હોવાનું

કહેવાય છે. યાત્રામાં પ્રવચનો, કીર્તનો, રાસલીલા વગેરેનો તેમણે સમાવેશ કરાવ્યો. તે યાત્રા ૧૮ થી ૨૦ દિવસમાં થતી.

આમ, શ્રીવલ્લભ સંપ્રદાય અને ગૌડીય સંપ્રદાય દ્વારા વ્રજયાત્રાની પરંપરા શરૂ થઇ, જે આજે પણ ચાલે છે. આ વ્રજયાત્રાની પરંપરા ઔરંગઝેબના કાળમાં અટકી ગઇ. ઔરંગઝેબની ધર્માંધતા અને હિંદુધર્મ તરફના કટ્ટર દ્વેષભાવને કારણે આમ થયું. સં. ૧૭૧૩માં બિકાનેરના એક માહેશ્વરી શેઠે વ્રજયાત્રા કાઢી. તે ઔરંગઝેબના સમયની છેલ્લી હતી. સંવત ૧૭૨૬માં ઔરંગઝેબે વ્રજનાં મોટાભાગનાં મંદિરો - દેવાલયોનો નાશ કરાવ્યો.

મોગલ રાજયના પતન બાદ વ્રજમાં રાજપૂત, જાટ, મરાઠાઓની સત્તા થઇ. ત્યારબાદ ફરી વ્રજયાત્રાનો આરંભ થયો. શ્રીવલ્લભ સંપ્રદાયના ગો.શ્રીપુરુષોત્તમલાલજી (ખ્યાલવાળા) જેઓ મથુરામાં બિરાજતા હતા (પ્રાકટ્ય સં. ૧૮૦૫) તેમણે ઓગણીસમી સદીમાં ફરીથી વ્રજયાત્રા શરૂ કરી. તેમણે વ્રજયાત્રાનો નવો ક્રમ ગોઠવ્યો. તેમાં ૧૨ વન, ૨૪ ઉપવન તથા બધાં લીલાસ્થાનોનો સમાવેશ થતો હતો. તે યાત્રાને પચાસ દિવસ લાગતા. તેમના વંશજ ગો.શ્રીવ્રજનાથજીએ (સં.૧૯૦૩-૧૯૬૦) આ યાત્રા અનુસાર શ્રીવ્રજપરિક્રમા નામનું પુસ્તક લખ્યું છે. તેમાં સંવત ૧૯૪૦ના ભાદરવા સુદ બારસથી આસો વદ ચૌદસ સુધીની પચાસ દિવસની યાત્રાનો ઉલ્લેખ છે.

ગો.શ્રીવ્રજનાથજીના ભત્રીજા ગો.શ્રીગોપાલલાલજી (સં. ૧૯૦૭-૧૯૭૪) એ યાત્રાના આ ક્રમમાં થોડું પરિવર્તન કર્યુ. તે પ્રમાણે યાત્રા ૨૫ થી ૨૬ મુકામોમાં ૪૫ દિવસોમાં પૂરી થતી.

યાત્રાનો લગભગ આ ક્રમ ત્યારથી લઇ, આજસુધી અવિરતપણે ચાલુ રહ્યો છે. શ્રીવલ્લભવંશજ ગોસ્વામી બાળકો પૈકી કોઇને કોઇ પૂ.આચાર્યશ્રીની પરિક્રમા પ્રતિવર્ષ ભાદરવા માસમાં યોજાય છે. તેમાં હજારો વૈષ્ણવો જોડાય છે. કોઇક વર્ષમાં તો એક-બે કે ત્રણ પરિક્રમાઓ પણ નીકળેલી છે.

### (૭) લીલી વ્રજપરિક્રમા અને સૂકી વ્રજપરિક્રમા :

સામાન્ય રીતે દર વર્ષે ભાદરવા સુદ એકાદશીની આસપાસ વ્રજપરિક્રમા શરૂ થાય છે. આસો વદ આઠમના અરસામાં તે પૂરી થાય છે. ભાદરવા માસ પહેલાં ભારતમાં મોટાભાગનું ચોમાસું પૂરું થયું હોય છે. તેથી વ્રજ લીલુંછમ હોય છે. નદી, નાળાં, કૂવા, કુંડ જળથી છલકાય છે. પાણીનું સુખ હોય છે. વધુ પડતી ગરમી પણ હોતી નથી. ધૂળ ખાસ ઊડતી નથી. પરિક્રમાના અડધા દિવસો શ્રાદ્ધપક્ષના હોવાથી, એ દિવસોમાં લગ્ન જેવાં માંગલિક મુહૂર્તો પણ આવતાં નથી. આમ, પ્રાકૃતિક અને સામાજિક બાબતોને ધ્યાનમાં લઇને વ્રજપરિક્રમા ભાદરવા માસમાં નીકળે છે. લીલાછમ વાતાવરણને લીધે આ પરિક્રમાને લીલી પરિક્રમા કહેવામાં આવે છે.

કવચિત્ કવચિત્ મહા-ફાગણના દિવસોમાં પણ વ્રજ પરિક્રમા ઊઠે છે. તે સમયે વ્રજમાં ઠંડી કે ગરમી વધુ પ્રમાણમાં હોતી નથી. વરસાદ પણ નથી હોતો. વસંત ઋતુનું વાતાવરણ હોય છે. તેથી તે પરિક્રમાને સૂકી પરિક્રમા કહેવામાં આવે છે.

આપણાં શાસ્ત્રોમાં ચાતુર્માસનું વિશેષ મહત્ત્વ ધર્મકાર્યો માટે છે. ચાતુર્માસમાં બધાં તીર્થો વ્રજમાં તેમનાં આધિદૈવિક સ્વરૂપે બિરાજે છે. તેથી લીલી પરિક્રમા ઓછામાં ઓછી જીવનમાં એકવાર કરવાનો મનોરથ દરેક વૈષ્ણવ રાખે છે.

યાત્રાની અધ્યક્ષતા શ્રીવલ્લભવંશજ આચાર્યશ્રી કરે છે. યાત્રાની જાણકારી વૈષ્ણવોને પત્રિકા અને સાંપ્રદાયિક સામયિકોમાં સમાચાર સ્વરૂપે લગભગ એક વર્ષ પહેલાંથી આપવામાં આવે છે. યાત્રાધ્યક્ષ મહારાજશ્રી યાત્રાની વ્યવસ્થા માટે અનુભવી, અગ્રગણ્ય વૈષ્ણવોની વ્યવસ્થાપક કમિટી બનાવે છે. મથુરાના આગેવાન ચોબાજીઓનો સહયોગ લેવાય છે. મથુરા જિલ્લાના કલેકટર પાસેથી યાત્રા માટે પરવાનગી લેવી જરૂરી હોય છે.

મહારાજશ્રી તેમના સેવ્ય શ્રીઠાકોરજીને સાથે પધરાવે છે. યાત્રામાં વિદ્વાનો, શાસ્ત્રીજીઓને પણ લઇ જવામાં આવે છે, જેઓ દરેક મુકામે રાતે તે સ્થળની લીલા સમજાવે, ભગવદ્-વાર્તા કરે. મહારાજશ્રીનાં વચનામૃત પણ થાય. યાત્રામાં રાસધારીઓની મંડળી પણ જોડાય છે. તેઓ વ્રજનાં તે તે સ્થળે થયેલી કૃષ્ણલીલાના સુંદર રાસ કરે છે.

યાત્રીઓની સુવિધા અને સુખાકારી માટે સરકારી દવાખાનું, પોસ્ટ ઓફિસ, બેંક, પોલિસ વગેરેની વ્યવસ્થા

ચંદ્રકાંત મણિલાલ ગાંધી (અમેરિકા)ના સદૈન્ય જયશ્રીકૃષ્ણ

હોય છે. યાત્રામાં જરૂરી ચીજવસ્તુઓ અને ખાણીપાણીની દુકાનો પણ મુકામનાં સ્થળે મંડાય છે. લાઈટ, ગેસ બત્તીઓ વગેરેની વ્યવસ્થા પણ થાય છે.

યાત્રામાં જોડાવા ઈચ્છતા યાત્રાળુઓ માટે બે પ્રકારની વ્યવસ્થા ઉપલબ્ધ હોય છે. (૧) યાત્રાકમિટી દ્વારા કરાતી વ્યવસ્થા (૨) ખાનગી રાહે ચોબાઓ વગેરે દ્વારા કરાતી વ્યવસ્થા. યાત્રાકમિટી દ્વારા વિવિધ પ્રકારના તંબુઓની વ્યવસ્થા કરવામાં આવે છે, જેમાં સ્વીસ કૉટેજ ટાઈપના સંડાસ-બાથરૂમ સહિતના તંબુઓ, મોટા તંબુઓ, નાના છોલદારી પાલ વગેરે હોય છે. તંબુઓની વ્યવસ્થા પણ બે પ્રકારની હોય છે. (ક) લાઈનદોરીના તંબુઓ. એક મુકામથી યાત્રા ઊઠીને બીજા મુકામે પહોંચે ત્યારે ત્યાં યાત્રીનો તંબુ તૈયાર હોય. લાઈનદોરીના તંબુમાં તંબુના બે સેટ હોય. એક સેટ આગલા મુકામે એડવાન્સમાં પહોંચી જાય. (ખ) સામાન્ય તંબુઓ. તેમાં સીંગલ સેટ હોય છે. એક મુકામે યાત્રા ઊઠ્યા પછી, આ તંબુ સમેટાઈ, ગાડાં કે ટ્રક મારફત બીજા મુકામે જાય. યાત્રીઓના પહોંચ્યા પછી ત્યાં તેમના તંબુ લાગે ત્યાં સુધી યાત્રીએ રાહ જોવી પડે.

યાત્રા કમિટીની વ્યવસ્થામાં ભોજન, ચા, નાસ્તા, ગરમ પાણી વગેરેની વ્યવસ્થા પણ કોન્ટ્રાકટ આપીને ગોઠવવામાં આવી હોય છે. યાત્રા કમિટીએ માણસ દીઠ નક્કી કરેલી રકમ તે માટે લેવાય છે. તંબુના ભાવ પણ યાત્રાકમિટીએ નક્કી કર્યા હોય છે. મોટાભાગે તંબુઓનું બુકીંગ વહેલા તે પહેલાના ધોરણે થતું હોય છે. જેમનો આગળ નંબર લાગે, તેમના તંબુ મહારાજશ્રીના તંબુની નજીકમાં, યાત્રાના પડાવની મધ્યમાં આવે છે. દરેક તંબુને નંબર આપવામાં આવે છે.

રાતે સૂવા માટે લોખંડના ફોલ્ડિંગ પલંગ અથવા લાકડાના લાંબા પાટિયાં જેવા પાટલાઓ મળે છે. વધુ રકમ ખર્ચનારને પંખા વગેરેની વિશેષ સગવડો પણ મળે છે.

સામાન્ય રીતે સવારે ચા કે કૉફી, બપોરે ભોજન, સાંજે ચા કે કૉફી અને રાતે નાસ્તો અથવા હળવું ભોજન મળે છે.

કેટલાક ચોબાજીઓ વગેરે દ્વારા યાત્રીઓ માટે ખાનગી વ્યવસ્થા પણ કરાય છે. તેઓ પણ ઉપરના જેવી જ લગભગ વ્યવસ્થા આપે છે. યાત્રાકમિટીના તંબુઓ ગોઠવાઈ ગયા પછી તેના બહારના ભાગમાં ખાનગી કોન્ટ્રાકટરોના તંબુઓ નંખાય છે. દરેક ખાનગી કોન્ટ્રાકટર તેના પડાવની વચ્ચે એક વાંસ પર પોતાની ખાસ ધજા લગાવે છે અને પ્રવેશદ્વારે કપડાનું બૉર્ડ, જેથી યાત્રી પોતાના તંબુએ સરળતાથી પહોંચી જાય. ખાનગી કોન્ટ્રાકટર વ્યવસાયી હોય છે, એટલે તેમનામાં સેવાનો ભાવ ઓછો અને સ્વાર્થનો ભાવ વધારે હોય છે. શરૂઆતમાં એમની મીઠી વાતોથી વૈષ્ણવો ભોળવાય છે અને પછી યાત્રા દરમ્યાન દુઃખી થતા હોય છે. આ બાબતમાં સાવધાન રહેવું જરૂરી છે.

આજે દેશવિદેશના ઘણા વૈષ્ણવો પરિક્રમા કરવા આવે છે. પહેલાંના સમયમાં પરિક્રમામાં તપ, ત્યાગ, સંયમ અને સાત્ત્વિકતા વધુ જોવા મળતાં. આજથી ત્રીસ ચાલીસ વર્ષ પહેલાંની આપણી જીવનશૈલી પણ એને અનુરૂપ હતી. ઘરમાં પણ સુખી વૈષ્ણવો યે સાદાઈથી રહેતાં. જીવનજરૂરિયાતો ઓછી હતી. આજે જેમ જેમ સંપત્તિ વધતી ગઈ, તેમ તેમ સાધનો અને સવગડો વધતાં ગયાં. ગઈકાલે જે મોજશોખ હતો, તે આજે જરૂરિયાત બની ગઈ છે. જંગલમાં ખુલ્લામાં સંડાસ જવાની ટેવ રહી નથી, બાથરૂમ વિના નહાવાની ટેવ રહી નથી. પલંગ વિના સૂવું ફાવતું નથી. લાઈટ-પંખા વિના ચાલતું નથી. ગરમ, તમતમતું, સ્વાદિષ્ટ, રોજ નવું ભોજન-નાસ્તાની આદત છે. શરીર પહેલાં જેટલાં સશક્ત નથી, ચાલવાની ટેવ છૂટી ગઈ છે. પ્રદુષણની તકેદારી વધી છે. મિનરલ વૉટરની બૉટલ વાપરવા માંડી છે.

આ બધી ટેવોને લઈને પ્રાચીન તપત્યાગવાળી પરિક્રમા રહી નથી. પહેલાં પરિક્રમા સાત્ત્વિક હતી, આજે રાજસ-રજોગુણી-બની છે. રજોગુણનો જોડિયો ભાઈબંધ તમોગુણ છે. રજોગુણ તમોગુણને નોતરે છે. પરિણામે વ્રજની અલૌકિક ભાવના લુપ્ત થાય છે. શ્રીગુસાંઈજીનું ચારસો વર્ષ પહેલાંનું વચન સત્ય દેખાય છે. લૌકિક બઢ જાયગો અરુ સ્વરૂપમેંસું ભાવ ઘટ જાયગો.

કેટલાક યાત્રીઓને મન આ પરિક્રમા લકઝરી ટ્રિપ હોય છે. કેટલાકને મન પૈસાથી પુણ્ય ખરીદવાની પ્રવૃત્તિ હોય છે. કેટલાકને મન ઍન્જોયમેન્ટ છે, તો કોઈક કોઈક માટે સ્વાર્થનું સાધન છે. બહુ થોડા માટે ભગવદ્ધામમાં ભગવલ્લીલાનું

ચિંતન અને ભગવદ્દર્શનનો વિરહતાપ હોય છે. અવ્યાવૃત્ત બની વાનપ્રસ્થાશ્રમ ભોગવવાનો સમય હોય છે. એના પરિણામે યાત્રાના આરંભમાં મથુરામાં લેવાતા નિયમ માત્ર એક કર્મકાંડ બની જાય છે, તેની ગંભીરતા ઓછી હોય છે. તેનો ભંગ વિશેષ થાય છે.

યાત્રીઓના મથુરાના પુરોહિત ચોબાઓ પણ યાત્રામાં સાથે રહે છે. યાત્રીઓને મદદરૂપ થાય છે.

પહેલાં કરતાં આજે યાત્રીઓની સંખ્યા ઘણી વધી છે. પરિણામે વિવિધ બેઠકજીઓમાં ઝારી-ચરણસ્પર્શ કરવા ઉમડતા વૈષ્ણવોની નાનકડી જગ્યામાં અતિશય ભીડ થવાથી અવ્યવસ્થાઓ સર્જાય છે. ધક્કામુક્કી, શોરબકોર, ભીનાં નીતરતાં કપડાંથી કાદવ-કીચડ, શ્રીચોતરાજી પર પડતાં-આખડતાં વૈષ્ણવોનાં ઘણાં વરવા દૃશ્યો હૃદયને કંપાવે છે, દુઃખ આપે છે. બેઠકજીઓના વ્યવસ્થાપકોને શ્રીમહાપ્રભુજીના સુખની પરવા ભાગ્યે જ હોય છે. ઝારીચરણ-સ્પર્શના ન્યોછાવરની રકમમાં જ રસ હોય છે.

એવી જ સ્થિતિ ત્યાંનાં મંદિરોનાં દર્શનમાં, મનોરથોનાં દર્શનમાં જોવા મળે છે. બધું જ જાણે કોમર્શિયલ મની-મેકિંગ માટે ન હોય! ઘણાની શ્રદ્ધાને ભારે ઠેસ પહોંચે છે. સૂચનો થાય છે, પણ સુધારા ઓછા થાય છે.

વૈષ્ણવસમાજ ફરિયાદો કરે છે, આક્રોશ વ્યક્ત કરે છે, પણ પછી બધું ચલાવી લે છે. તેને લઈને પરિવર્તન આવતું નથી. દરેક વૈષ્ણવ જે જે બાબતો ખોટી થતી હોય, તેમાં સહકાર ન આપે તો ખોટું કરનારા આપોઆપ બંધ થઈ જાય.

એક બીજી બાબત પણ વિચારવા જેવી છે. છેલ્લાં થોડાંક વર્ષોથી દર વર્ષે એકથી વધુ ગોસ્વામી બાળકો તરફથી પરિક્રમાનું આયોજન થાય છે. બે પરિક્રમા તો નીકળે જ છે, ક્યારેક ત્રણ પણ. દરેકમાં યાત્રી સંખ્યા બે હજાર જેવી તો ઓછામાં ઓછી. વ્રજમાં યાત્રાનાં સ્થાનોમાં પડાવ માટેની જગ્યા પણ લગભગ એ જ હોય. જળનો જથ્થો પણ મર્યાદિત હોય. જે જગ્યા ખાલી કરીએ, તે સાફ કરવામાં તો આપણે માનીએ જ નહિ. પરિણામે બીજી અને ત્રીજી યાત્રાવાળાઓને તો ગંદકીની વચ્ચે જ મુકામ કરવા પડે. જળ પણ પૂરતા પ્રમાણમાં મળે નહિ. તંબુઓ વગેરેની પણ તકલીફો પડે. આ પરિસ્થિતિ સુખદ તો નથી જ. એનો એક જ ઉકેલ છે કે પૂ.ગોસ્વામી બાળકો આપસઆપસમાં નક્કી કરે કે કયા વર્ષે કોણ યાત્રાધ્યક્ષ બને.

વ્રજયાત્રા વિષયમાં વિચારવા જેવા લેખ અગાઉ સામયિકોમાં છપાયા છે. તેમનો સમાવેશ આ પુસ્તકના પરિશિષ્ટમાં કર્યો છે. તે ધ્યાનથી વાંચી, ગંભીરતાથી અમલ કરવા જેવા છે.

### (૮) યાત્રાના પ્રારંભે લેવાતા નિયમો :

વ્રજયાત્રાના આરંભમાં, મથુરામાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી પાસે વિશ્રામઘાટે નિયમ લેવાય છે. સૌ પ્રથમ યાત્રાધ્યક્ષ મહારાજશ્રી શ્રીમહાપ્રભુજી-શ્રીયમુનાજીને દંડવત્ કરી, આજ્ઞા માગી, તેમના તીર્થપુરોહિત (ઉજાગર ચોબાજીના વંશજ) દ્વારા સંકલ્પ કરી, શ્રીયમુનાસ્નાન કરી, શ્રીયમુનાજીને દૂધ ચઢાવી, પૂજન કરી, ભોગ ધરી વ્રજયાત્રાના નિયમ લે છે.

ત્યારબાદ તે જ પ્રમાણે દરેક યાત્રી પણ તેમના પુરોહિત ચોબાજી દ્વારા વિશ્રામઘાટે સંકલ્પ કરી, શ્રીયમુનાજીને દૂધ-ભોગ વગેરે અંગીકાર કરાવી નિયમ લે છે. શ્રીમહાપ્રભુજીને ઝારી ભરી, ભોગ ધરી, ચરણસ્પર્શ દંડવત્ કરી આજ્ઞા માંગે છે. પોતાના ચોબાજીને યથાશક્તિ દક્ષિણા આપે છે. આ નિયમોનું યાત્રા દરમ્યાન પાલન આગ્રહ અને આદરપૂર્વક શ્રદ્ધાથી અવશ્ય કરવું જોઈએ.

૧. યાત્રા દરમ્યાન સત્ય અને મધુર બોલવું.
૨. અપશબ્દો ન બોલવા, ગાળાગાળી કે ઝઘડા ન કરવા.
૩. જીવહિંસા ન કરવી.
૪. બીજાના અપરાધો ક્ષમા કરવા.
૫. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સરથી દૂર રહેવું.
૬. શુદ્ધ પવિત્ર આચાર વિચાર પાળવા.
૭. દુઃખ, કષ્ટ પડે તો ધીરજથી સહન કરવાં.
૮. દરરોજ સવારે ઊઠી, વ્રજભૂમિને દંડવત કરી, શૌચ, દાતણ, સ્નાન, તિલક આદિ કરી શુદ્ધ વસ્ત્રો પહેરીને યાત્રાનો આરંભ કરવો. સ્નાન કર્યા વિના, મેલાં, રાતનાં પહેરેલાં વસ્ત્રો પહેરીને યાત્રા ન કરવી.
૯. શકય હોય ત્યાં સુધી ખુલ્લા પગે ચાલીને જ યાત્રા

કરવી. ચામડા-પ્લાસ્ટિકનાં જોડા ચંપલ ન જ પહેરવાં. અનિવાર્ય બને તો જ વાહનમાં બેસવું અને કંતાનના જોડા પહેરવા.

૧૦. યાત્રા દરમ્યાન દાઢી ન કરવી, વાળ ન કપાવવા. નખ ન કાપવા.

૧૧. ધોબીનાં ધોયેલાં, ઈસ્ત્રી કરેલાં કપડાં ન પહેરવાં.

૧૨. સ્નાન કે વસ્ત્રો ધોવા સાબુ ન વાપરવો.

૧૩. માથે તેલ ન નાંખવું.

૧૪. રાતે પરિક્રમા ન કરવી.

૧૫. વ્રજનાં વૃક્ષની ડાળી વાળવી, તોડવી કે કાપવી નહિ. પાન, ફૂલ, ફળ પણ તોડવાં નહિ.

૧૬. પરિક્રમાના માર્ગમાં આવેલાં દરેક મંદિરે અવશ્ય સન્મુખ થવું. કોઈ દેવદેવીનો અનાદર ન કરવો. દરેક કુંડ આદિ તીર્થજળમાં સ્નાન-પાન-આચમન અવશ્ય કરવું.

૧૭. દરરોજ એક વખત સાત્ત્વિક પ્રસાદ લેવો. ભોજનમાં ઘી, તેલ, રાજસતામસ વધારનાર વાનગીઓ ન લેવી. ફલાહાર ઉત્તમ સમજવો.

૧૮. પાલ ઉપર આવેલા અતિથિ-બ્રાહ્મણ-વ્રજવાસી-વૈષ્ણવ-ગુરુજનનો યથાશક્તિ સત્કાર કરવો.

૧૯. રજસ્વલા અવસ્થા, સૂતક, માંદગીમાં યાત્રા સ્થગિત કરવી.

૨૦. યાત્રામાં ચાલતાં ભગવન્નામનું રટણ કરવું.

૨૧. મુકામ પર ભગવલ્લીલાનું ગાન કરવું, ચિંતન કરવું, સાથે સેવા ન બિરાજતી હોય તો માનસી કરવી. સત્સંગ કરવો. સ્તોત્ર-જપ-પાઠ કરવા.

૨૨. યાત્રાધ્યક્ષની આજ્ઞાનું પાલન કરવું.

૨૩. યથાશક્તિ શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવની સેવા કરવી.

## (૯) નિયમ પાલનથી આશ્રમસિદ્ધિ :

હિંદુ ધર્મમાં શાસ્ત્રોએ દરેક મનુષ્યના જીવનને ચાર આશ્રમમાં વહેંચ્યું છે. આજે આ ચારે આશ્રમનું સંપૂર્ણ પાલન થતું નથી. પરંતુ ઉપર બતાવેલા નિયમ લઈ, જો વ્રજયાત્રા કરવામાં આવે, તો તેટલા દિવસ ચારે આશ્રમનું એકી સાથે પાલન થાય.

### (૧) બ્રહ્મચર્યાશ્રમ :

(ક) વાળ, નખ ન કાપવા (ખ) જમીન પર સૂવું (ગ) પત્ની સાથે હોવા છતાં સંયમ રાખી બ્રહ્મચર્ય પાળવું (ઘ) ખુલ્લે પગે ચાલવું (ચ) વૃક્ષ, પાન, ફૂલ, ફળ ન તોડવાં (છ) સત્ય બોલવું (જ) રાજસતામસ પ્રકારનું ભોજન ન કરવું (ઝ) એક વખત સાત્ત્વિક ભોજન કરવું (ટ) સાબુ, તેલ ન વાપરવાં.

### (૨) ગૃહસ્થાશ્રમ :

(ક) અતિથિ, અભ્યાગત, વ્રજવાસી, બ્રાહ્મણ, વૈષ્ણવ અને ગુરુજનનો યથાશક્તિ સત્કાર કરવો (ખ) દાન-દક્ષિણા આપવાં.

### (૩) વાનપ્રસ્થાશ્રમ :

(ક) કામ, ક્રોધ, લોભ વગેરે ન કરવાં. (ખ) હિંસા ન કરવી (ગ) પગે ચાલી યાત્રા કરવી (ઘ) વનમાં રહેવું (ચ) લેવાય તેટલું ભગવન્નામ લેવું, સત્સંગ કરવો, દર્શન કરવાં.

### (૪) સંન્યાસાશ્રમ :

(ક) એક ઠેકાણે લાંબો સમય ન રહેવું (ખ) સાંસારિક પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો (ગ) લૌકિકાસક્તિ છોડવી (ઘ) સૌમાં પ્રભુ બિરાજે છે, તેવો ભાવ રાખી, વ્યવહાર કરવો.

## (૧૦) વ્રજયાત્રામાં સાથે શું લઈ જઈશું?

ઓછામાં ઓછા સામાનથી યાત્રા કરવી. લોખંડના પતરાંની મજબૂત તાળું વસાય તેવી પેટી લેવી. ચાર-છ જોડી સાદાં કપડાં લેવાં. અપરસ માટે એક યા બે જોડ રેશમી કપડાંની લેવી. દંતધાવન માટે પાવડર, ઉલિયું, લોટો, ગ્લાસ, ચ્હા પીવા સ્ટીલનાં કપરકાબી, ચપ્પુ, કાતર, સોયદોરો, ટોર્ચ, કંતાનના જોડા, જરૂરી દવાઓ, બેઠકજીએ ઝારી ભરવા તાંબાની કે સ્ટીલની ઝારી, ભોગ ધરવા કટોરો, મિસરી, સૂકોમેવો યાદ કરીને લઈ લેવું. ચાલવાનું સુગમ પડે માટે એક લાકડી રાખવી. વોટરબેગ રાખવી. અપરસનાં વસ્ત્ર મૂકવા. કંતાનની થેલી, બગલથેલો, જેમાં યાત્રા દરમ્યાન જરૂરી વસ્તુઓ રાખી શકાય. સૂવા શેતરંજી, ઓશીકું, ચોરસો - વગેરેવાળો એક નાનો બિસ્તરો.

શ્રીઠાકોરજીને સાથે પધરાવ્યા હોય તો સેવા માટે જરૂરી સાધન સામગ્રી.

રસોઈ જાતે કરવાની હોય તો તે માટે જરૂરી સાધનસામગ્રી. દાગીના-આભૂષણો ન લઈ જવાં. રૂપિયાનું જોખમ પોતાના ચોબાજીને સોંપવું. સામાન પર નામ લખવું, જેથી ઓળખાય.

**(૧૧) ઉપસંહાર :**

*ચોરાસી કોસની પરિક્રમા કીધી,*
*તેને ચોરાસી નથી ભમવું,*
*વન ઉપવન જોઈ આનંદ આવે,*
*તેને હરિ સંગે ઠર્યું રમવું...૧.*
*શ્રીગોવર્ધન શ્રીમહારાણી,*
*જેણે પ્રેમ ધરીને પૂજ્યાં,*
*તેની ઈકોતેર શત પેઢી ત્રાણી,*
*તેને હરિનાં ચરણ સૂઝયાં...૨.*
*સેવ્યા સમર્પ્યા જેણે શ્રીનંદનંદન,*
*શ્રીગોકુલે વાસ વસીને,*
*'**દયા**'નો પ્રીતમ તેને પ્રેમે,*
*પોતાનો કરી હાથ ગ્રહે હસીને...૩.*

આવી અતિ અલૌકિક વ્રજયાત્રા કૃપાસાગર શ્રીયમુનાજીની કૃપાથી જ સિદ્ધ થાય, માટે શ્રીયમુનાજીને વિનંતી કરીએ :

*બ્રજમેં બેગિ બુલાવો, શ્રીજમુનાજી ।*
*છલબલ ભર્યો અતિ હી અજ્ઞાની,*
*કૃપા કરિ રૂપ દરસાવો ...૧.*
*આપ ભક્તિ પ્રતિપાલ કહાવો,*
*ચરન કમલ પરસાવો ।*
*કીજૈ કૃપા ભાનુ કી તનયા,*
*મોહે પયપાન કરાવો ...૨.*
*શ્રીગોવર્ધન, શ્રીબૃંદાબન,*
*તુમ ઢિંગ બાસ બસાવો ।*
*'**નિજજન**' કો દરસન આપ દીજૈ,*
*બિરહતાપ મિટાવો...૩.*

**(૧૨)**

**૧. શ્રીવ્રજચોરાસી કોશની પરિક્રમાનું ધોળ**

પ્રથમ શ્રીવલ્લભપ્રભુજીને જાણું રે,
શ્રીગુરુદેવના ચરણે ચિત્ત આણું રે,
વ્રજભૂમિનાં ચરિત્ર વખાણું,
ચાલો વનયાત્રાનાં સુખ લઈએ રે...(ટેક) ૧.
શ્રીગુસાંઈજીએ કીધો વિચાર રે,
વનયાત્રા કરવી નિર્ધાર રે,
વ્રજભૂમિની લીલા અપાર...ચાલો..૨.
શ્રીવિઠ્ઠલપ્રભુ પરમ દયાળ રે,
સેન આરતી કરી તત્કાળ રે,
સાથે લીધા શ્રીવલ્લભલાલ...ચાલો.૩.
સંવત સોળસેંની સાલ રે,
ભાદરવા વદિ દ્વાદશી સાર રે,
વહાલો ઉતર્યા શ્રીયમુનાજી પાર...ચાલો.૪.
પધાર્યા શ્રીવિઠ્ઠલનાથ રે,
ચાલ્યો રસિક વૈષ્ણવનો સાથ રે,
સૌને મસ્તક ધરિયા છે હાથ...ચાલો..૫.
ત્યાંથી આવ્યા શ્રીમથુરાજી માંહે રે,
હાથ જોડી કરી છે ત્યાંહે રે,
વિશ્રાંતઘાટ શ્રીયમુનાજી ન્હાયે...ચાલો..૬.
શ્રીવલ્લભ પ્રભુજીની બેઠક છે ત્યાંહે રે,
દર્શન કરીને ત્યાં ભોગ ધરાયે રે,
પછી પરિક્રમા કરવાને જાયે... ચાલો...૭.
ત્યાંથી સતઘરા માંહે જઈએ રે,
બીજાં અનેક ધામ સર્વે કહીએ રે,
સપ્ત સાગર કૃષ્ણકૂપ લહીએ...ચાલો...૮.
ત્યાંથી મધુવન જઈને રહીએ રે,
ત્યાં શ્રીમહાપ્રભુજીની બેઠક કહીએ રે,
ભોગ ધરીને તાલવન જઈએ...ચાલો..૯.
કમોદ વનમાં તે દર્શન કરીએ રે,
ગ્વાલમંડળી કરીને છાક ધરીએ રે,
(શ્રી) મહાપ્રભુજીની બેઠક અનુસરીએ...ચાલો.૧૦.
સાંતનવનમાં સાંતનકુડ નાહ્યા રે,
ત્યાં પ્રભુ સાત વરસના આવ્યા રે,
ત્યાં તો સતુવાના ભોગ ધરાવ્યા...ચાલો..૧૧.
બહુલાવનમાં પધાર્યા પ્રભુ આપ રે,
ત્યાં થયો ગાય સિંઘનો મેળાપ રે,
કૃષ્ણકુંડ નાહીને ટાળ્યા તાપ...ચાલો...૧૨.
ત્યાં મહાપ્રભુજીની બેઠકનું છે ધામ રે,
ત્યાં કહુલા ગાયનુ છે ઠામ રે,
દર્શન કરતાં પૂર્ણ કરે કામ...ચાલો...૧૩.

ત્યાં જીખિન ગામમાં જઇએ રે,
શ્રીબલદેવજીનાં દર્શન કરીએ રે,
રેણુકુંડ બલભદ્રકુંડ ન્હાઇએ...ચાલો..૧૪.
શ્રીકુંડ નાહિને પાવન થઇએ રે,
રાધા કૃષ્ણ કુંડે નાહીએ રે,
(શ્રી) વલ્લભ વિઠ્ઠલની બેઠક ચિત્ત લઇએ...ચાલો.૧૫.
રાજ કદમ મુકુટ દર્શન કરિયાં રે,
ચવર કૃષ્ણવટ જોઇ મન હરિયાં રે,
ત્યાં કૃષ્ણ કૂપે જળ ભરિયાં...ચાલો..૧૬.
ત્યાં પાંચ પાંડવનાં છે ઝાડ રે,
છઠ્ઠા વૃક્ષ નારાયણ અવતાર રે,
ત્યાં વેણુનાદ કર્યો છે સાર...ચાલો..૧૭.
શ્રીમહાપ્રભુજીની બેઠકે ચિત્ત ધરિયે રે,
ત્યાં ભોગ ધરીને અનુસરીએ રે,
ત્યાંથી શ્રીજીનાં દર્શન કરીએ રે...ચાલો..૧૮.
નારદકુંડ કુસુમોખર વંન રે,
ત્યાં છે રત્ન સિંહાસન ધન્ય રે,
ત્યાં ઉદ્ધવજી થયા છે પ્રસન્ન...ચાલો..૧૯.
ત્યાંથી માનસી ગંગા જઇ નાહિયે રે,
મોટું ચક્રતીર્થ ત્યાં કહીયે રે,
શ્રીમહાપ્રભુજીની બેઠકે જઇએ...ચાલો...૨૦.
ત્યાં બ્રહ્મકુંડનાં સ્નાન રે,
દાનઘાટી લીધાં પ્રભુ દાન રે,
વ્રજજુવતીનાં રાખ્યાં છે માન...ચાલો...૨૧.
ત્યાંથી ચાર કુંડ તે કહીયે રે,
રણમોચન પાપમોચન નાહિયે રે,
ધર્મરોચન ગોરોચન જઇએ...ચાલો..૨૨.
લીધી જમુનાવતાની વાટ રે,
ત્યાં શ્રીયમુનાજીનો ઘાટ રે,
અડીંગમાં દાન લઇને ફોડ્યાં માટ...ચાલો..૨૩.
ત્યાંથી ગામ પરાસોલી જઇયે રે,
વડ ચંદ્રકૂપ ત્યાં કહીયે રે,
ત્યાં ચંદ સરોવર નાહિયે...ચાલો..૨૪.
બ્રહ્મ રજની કરીને કીધો રાસ રે,
વ્રજભક્તની પૂરી છે આશ રે,
ખટ માસની કીધી છે રાત...ચાલો..૨૫.
ત્યાં બેઠક શ્રીવલ્લભ વિઠ્ઠલવરની રે,
ત્યાં સામગ્રી ભોગ ધરવી રે,
ત્યાં સેવા કરો ફૂલઘરની...ચાલો..૨૬.
સંકર્ષણ ગંવર્ધ કુંડ નાહિયે,
શ્રીબલદેવજીનાં દર્શન જઇએ રે,
આન્યોર મહાપ્રભુની બેઠક કહિયે..ચાલો..૨૭.
ત્યાંથી ચાલો ગોવિંદકુંડ નાહિયે રે,
મહાપ્રભુ બેઠકે દર્શન કરિયે રે,
ત્યાં તો જન્મ તણાં દુઃખ ખોઇએ...ચાલો..૨૮.
શ્રીજીનાં હસ્તાક્ષરનાં ચિહ્ન રે,
ત્યાં મુકુટ ટોપીનાં દર્શન રે,
ત્યાં ચતુરાનાગાનાં છે વન...ચાલો..૨૯.
અપ્સરા કુંડ થઇ શ્યામ ઢાક જઇયે રે,
ત્યાં શ્રીજી ચરાવે છે ગાય રે,
ત્યાં સુગંધી શિલા કહેવાયે...ચાલો..૩૦.
સિંહાસન ઘટિયા મન ભાવે રે,
ત્યાં પાગના પેચ ધરાવે રે,
પ્રભુ નવ કાંકરી રમ્યા તે સુહાવે...ચાલો..૩૧.
સુરભિ ગાય તણી ખરી નિરખો રે,
ઐરાવત હાથીના પગ પરખો રે,
શ્રીજીનાં ચરણ ચિહ્ન જોઇ હરખો...ચાલો...૩૨.
સિંદૂરી શિલાયે સિંદુર થાયે રે,
શ્રીપ્રિયાની માંગ ભરાયે રે,
ગાજની વાજની શિલા કહેવાયે...ચાલો..૩૩.
પૂંછરી થઇને સુરભિકુંડ નાહિયે રે,
ત્યાં રામદાસજીની ગુફા કહિયે રે,
ગોવિંદસ્વામીની કદમખંડી જઇએ...ચાલો..૩૪.
શ્રીગોવર્ધન પૂજા કરવાનું છે ઠામ રે,
શ્રીમહાપ્રભુજીની બેઠક સુખધામ રે,
ત્યાં ગોપાલપુર છે ગામ...ચાલો..૩૫.
ત્યાં છે સાત મંદિર તે કહિયે રે,
શ્રીગુસાંઇજીની બેઠકે જઇએ રે,

એ તો નયને નિરખી સુખ પઈયે...ચાલો.૩૬.
શ્રીગિરિરાજજીની પૂજા કરવી રે,
ત્યાં સામગ્રી ભોગ ધરવી રે,
સુંદર શિલા જોઇને અનુસરવી...ચાલો..૩૭.
દંડવતી શિલાએ દંડવત્ કરિયે રે,
ત્યાં રુદ્રકુંડ જોઇ લઈએ રે,
ઢાક ચોગાનમાં ચિત્ત દઈએ...ચાલો.૩૮
ત્યાંથી જાન અજાન વૃક્ષ જઇએ રે,
ત્યાં વ્રજભક્તે પૂછયું તે કહીએ રે,
ત્યાંથી પ્રભુજી પધાર્યા તે સુખ લઈએ...ચાલો.૩૯.
ગુલાલકુંડમાં ગુલાલ બહુ વરસે રે,
તે જોઇ મનડું હરખે રે,
શ્રીમહાપ્રભુજીની બેઠકે સુખ દરસે...ચાલો.૪૦
વિલછું કુંડ કહીએ શુભ નામ રે,
કદમખંડી ગાંઠ્યોલી છે ગામ રે,
એ ગોવર્ધનનાં સર્વે છે ધામ...ચાલો..૪૧
પરમંદરા કૃષ્ણ કુંડ ધામ રે,
ત્યાં શ્રીદામા સખાનું છે ગામ રે,
ત્યાં પ્રભુ છાક આરોગ્યા પૂરી હામ...ચાલો..૪૨
બદ્રીકુંડ આદિ બદ્રી ધામ રે,
નારાયણ લીલાનું છે ઠામ રે,
અલકગંગા નદીનું છે નામ...ચાલો..૪૩
નવનીતનો પર્વત રસખાણ રે,
ઇંદ્રોલી ચોરી ગાય ઇંદ્રે જાણો રે,
ઇંદ્રકુંડ કૂપ ત્યાં વખાણો...ચાલો..૪૪.
કામવનની પરિક્રમા કહીએ રે,
ત્યાં વિમલ કુંડમાં નાહીએ રે,
લુક લુક આંખ મીંચામણી જઇએ...ચાલો..૪૫.
પહાડી ચરણ પ્રભુ ધરિયા રે,
વ્રજભક્તોને ચકિત કરિયાં રે,
છાક આરોગ્યા હરખ મન ધરિયાં...ચાલો..૪૬
નંદબટમાં પ્રભુજી બેઠા રે,
સુરભિકુંડમાં નાહવા પેઠા રે,
ત્યાં મહાપ્રભુજીની બેઠકે જઇ ભેટ્યા...ચાલો..૪૭
ત્યાંથી ખિસલની શિલા પર આવ્યા રે,
વ્યોમાસુરની ગુફા ત્યાં જાવા રે,
દૈત્ય મારીને ગાય ગોપ લાવ્યા...ચાલો..૪૮
ભોજન થાળીએ ભોજન કીધાં રે,
સખા મંડલીમાં બહુ સુખ કીધાં રે,
માનસીકુંડમાં આચમન લીધાં...ચાલો..૪૯
હવે ગામ કહીએ કનવારો રે,
ત્યાં પ્રભુ આરોગ્યા કુંડવારો રે,
વ્રજભક્તનાં કારજ સાર્યાં...ચાલો..૫૦
કદમખંડી સુનહરાની સારી રે,
ત્યાં રાસ રમ્યા ગિરિધારી રે,
શ્રીમહાપ્રભુજીની બેઠક સુખકારી...ચાલો.૫૧
ચિત્ર વિચિત્ર શિલા શુભ ધામ રે,
ત્યાં બળદેવજીનું ઊંચું ગામ રે,
ત્યાં રાસ રમ્યા બળરામ...ચાલો.૫૨.
ત્યાં દેહ કુંડનાં સ્નાન રે,
ત્યાં સુવર્ણ કેરાં દાન રે,
દ્વિજ જનનાં કર્યાં સન્માન...ચાલો.૫૩
હવે ત્યાંથી જઇએ બરસાને રે,
કરો ભાનોખરનાં સ્નાન રે,
ત્યાં રાજ કરે વૃષભાન...ચાલો.૫૪
ત્યાં શ્રીરાધાજી રૂપ નિધાન રે,
તેઉની અષ્ટ સખી છે સુજાણ રે,
તે તો બહુવિધનાં કરે ગાન...ચાલો.૫૫
ત્યાંથી નોવારી ચોવારી જઇએ રે,
ત્યાં રત્નકુંડ દોહની કુંડ કહીએ રે,
વળી મોહની કુંડ ત્યાં લહીએ..ચાલો.૫૬
માનગઢમાં તે માન મનાવ્યાં રે,
દાનગઢમાં તે દાન ચુકાવ્યાં રે,
દધિને માટે નૃત્ય કરાવ્યાં...ચાલો.૫૭
ગહરવન સાંકડી ખોર આવ્યાં રે,
ત્યાંથી પ્રભુજી વનમાં સિધાવ્યા રે,
શ્રીમહાપ્રભુજીની બેઠકે મન ભાવ્યા...ચાલો.૫૮
વિલાસગઢમાં વિલાસ રાસ કરિયા રે,

મોર કુટીમાં મોરરૂપ ધરિયાં રે,
નૃત્ય કરી શ્રીરાધાનાં મન હરિયાં...ચાલો.૫૯
ત્યાંથી પીરી પોખર ચાલો રે,
જઇને સંકેત વનને નિહાળો રે,
શ્રીમહાપ્રભુજીની બેઠકમાં ચાલો...ચાલો.૬૦
ત્યાંથી સંકેત વનમાં પધાર્યા રે,
પ્રેમ સરોવરે પ્રેમ વધાર્યા રે,
વ્રજ ભક્તનાં કારજ સાર્યાં...ચાલો.૬૧
ત્યાં શ્રીગુસાંઇજીની બેઠક છાજે રે,
શ્રીમહાપ્રભુજીની બેઠક ત્યાં બિરાજે રે,
કૃષ્ણકુંડ કદમખંડી ગાજે...ચાલો.૬૨
ત્યાં શ્રીચંદ્રાવલીની કુંજ રે,
ત્યાં ચંદ્રાવલી છે કુંડ રે,
(શ્રી) ગુસાંઇજીની બેઠક રસપુંજ...ચાલો.૬૩
લલિતા વિશાખાના કુંડ જોઇએ રે,
તેઉની કુંજ જોઇને મન મોહિયે રે,
પૂરનમાસી જોઇ સુખ હોય...ચાલો.૬૪
(શ્રી)જશોદાજીને મંદિરે જાવું રે,
ત્યાં શ્રીપ્રભુજીને જોઇ આવું રે,
ત્યાં શ્રીપ્રભુજીએ જોયાં છે હાઉ...ચાલો.૬૫
ચાલ્યા મધુસૂદન કુંડની વાટે રે,
ત્યાં મહિ વલોવ્યાની છે માટ રે,
ત્યાં છે ચરણ પહાડીનો ઘાટ...ચાલો.૬૬
ત્યાંથી પાન સરોવર આવ્યાં રે,
ગાય વાછરડાંને જલ પીવરાવ્યાં રે,
શ્રીમહાપ્રભુની બેઠકમાં સિધાવ્યા...ચાલો.૬૭
છોકર કદમ વૃક્ષ સ્થલ લીલા રે,
ત્યાં ગાય વાછડાં બાંધવાના ખીલા રે,
જઇને મોતી કુંડમાં ઝીલ્યાં...ચાલો.૬૮
ગાયોને મોતી માળા પહેરાવી રે,
તે તો પ્રભુજીને મન ભાવી રે,
ત્યાંથી ટેર કદમ પર આવી...ચાલો.૬૯
વિલાસ વટની લીલા સુખકારી રે,
વેણી ગૂંથી શ્રીકુંજ-વિહારી રે,
કુંડલ વનની છબિ છે ભારી...ચાલો.૭૦
ત્યાં શ્રીનંદ જશોદાજી નિરખો રે,
બલરામ કૃષ્ણ જોઇ હરખો રે,
નંદગામની લીલા પરખો...ચાલો.૭૧
આગળ આવ્યાં કરહલા ગામ રે,
તે તો ઉપવન કહિયે નામ રે,
ત્યાં કૃષ્ણકુંડ છે ધામ...ચાલો.૭૨
ત્યાં કરી રાસ લીલા નિર્ધાર રે,
ત્યાં છે કદમખંડી બહુ ભારી રે,
શ્રીમહાપ્રભુની બેઠક પર વારી...ચાલો.૭૩
ત્યાંથી આંજન ગામમાં રહીએ રે,
અંજનોખરમાં જઇને નાહીએ રે,
અંજનકુંડ વિહાર સુખ લઇએ...ચાલો.૭૪
તેની પાસે પીસાયો ગામ રે,
ત્યાં જલ આરોગ્યા પૂરણ કામ રે,
ગોપીજને કર્યો વિશ્રામ...ચાલો.૭૫
આગળ કહીએ ખિદરવન ગામ રે,
ત્યાં ગાયો ખદેડી સુંદર શ્યામ રે,
ત્યાં માર્યો બકાસુર ઠામ...ચાલો.૭૬
ત્યાંથી પરાસોલી કુંજમાં જઇએ રે,
કોકિલાવન કૃષ્ણકુંડ કહીએ રે,
શ્રી મહાપ્રભુજીની બેઠકમાં રહીએ...ચાલો.૭૭
ત્યાંથી ચાલી કોટવન જઇએ રે,
તેની પાસે જાવક વન કહીએ રે,
આગળ જાવક બટ જોઇ લહીએ...ચાલો.૭૮
કોકિલાકુંડના જળ હુલ્યાં રે,
ત્યાં કમળ કુમુદિની ફૂલ્યાં રે,
ત્યાં અનેક ભ્રમર રસ ભૂલ્યા...ચાલો.૭૯
ત્યાં છોટી બઠેન છે સારી રે,
આગળ જઇ જુવો ચરણ પહાડી રે,
તેને ગોવર્ધન કરી પ્રભુ ધારી...ચાલો.૮૦
ચરણ કુંડ ચરણ ગંગા જોયા રે,
ત્યાં પ્રભુ પોતે દહીં વલોવ્યાં રે,
ત્યાં માખણ કાઢીને આરોગ્યા...ચાલો.૮૧

દધિગામ ને દધિકુંડ કહીએ રે,
જઇને શીતળ કુંડમાં નાહીએ રે,
મહાપ્રભુ બેઠકે દર્શન પઇએ...ચાલો.૮૨
ત્યાંથી કોટવન માંહે આવ્યાં રે,
સૂરજ કુંડ જોઇને મન ભાવ્યા રે,
જશોદાજીને રાસ દેખાડ્યા...ચાલો.૮૩
શેષશાયી ક્ષીરસાગર ભરિયા રે,
ત્યાં શેષજીની સજ્યા કરિયા રે,
લક્ષ્મી નારાયણનાં રૂપ ધરિયાં...ચાલો.૮૪
પ્રભુજી બલભદ્ર સાથે આવ્યા રે
શ્રીયમુનાજી પુલિન સિધાવ્યા રે
બત્રીસ વાર યમુનાજીમાં નાહ્યા...ચાલો.૮૫
ત્યાંથી લાલબાગમાં પધાર્યા રે,
ત્યાં વ્રજભક્તે સિંગાર કરાવ્યા રે,
લાલ વસ્ત્ર ભૂષણ પહેરાવ્યાં...ચાલો.૮૬
ત્યાંથી ચારઘાટ માંહે આવ્યાં રે,
ત્યાં વ્રજભકતે સેહેરા ધરાવ્યાં રે,
ખેલન વનમાં ખેલ કરાવ્યા...ચાલો.૮૭
ખેલ કરીને આર્તિ કરાવી રે,
ત્યાંથી રામઘાટ પર આવ્યા રે,
શ્રી બલદેવજીએ રાસ રચાવ્યા...ચાલો.૮૮
રાસ મૂકી હળ મૂશળ લાવ્યા રે,
શ્રી યમુનાજી વાંકા ચલાવ્યાં રે,
ત્યાં ઊલટાં નીર વહાવ્યાં...ચાલો.૮૯
ભૂષણ વન નિવારણ વન આવ્યા રે,
ગુંજાવનથી અક્ષયવટ આવ્યા રે,
ત્યાં ગોપીકુંડમાં નાહ્યા...ચાલો.૯૦
તપોવનમાં વિરહ બહુ ધરિયા રે,
આંસુ નેત્રમાં નીર જ ભરિયાં રે,
તત્કાળ નિવારણ કરિયાં...ચાલો.૯૧
ગોપીઘાટ સ્નાન જ કરિયાં રે,
ચીર ઘાટે ચીર પ્રભુ હરિયાં રે,
શ્રીમહાપ્રભુજીની બેઠકે પરવરિયા...ચાલો.૯૨
નંદઘાટથી વચ્છવન લીલા રે,
ત્યાં રાસરમણ પ્રભુ ખેલ્યા રે,
શ્રીમહાપ્રભુની બેઠકે રંગ રેલ્યા રે...ચાલો.૯૩
ત્યાંથી શ્રીવૃંદાવનમાં જઇએ રે,
તહાં કાલીયમર્દન કહીએ રે,
કદમ વૃક્ષ કાલી ઘાટ લઇએ...ચાલો.૯૪
સેવાકુંજ સિંગાર બટ આવ્યા રે,
સામ વેદ મુરલીમાં પ્રભુ ગાયા રે,
વાંસ વૃક્ષ ઋચા સુખ પાયા...ચાલો.૯૫
ત્યાંથી કેશીઘાટ પર જઇએ રે,
શ્રી મહાપ્રભુ બિરાજ્યા તે કહીએ રે,
ત્યાં શ્રીભાગવતનાં સુખ લઇએ...ચાલો.૯૬
આગળ ધીર સમીર ઘાટ નાહ્યા રે,
ત્યાંથી બંસીબટમાં આવ્યા રે,
જોઇ રાસલીલા મન ભાવ્યા...ચાલો.૯૭
ત્યાં શ્રીમહાપ્રભુજીની બેઠક સુખદાઇ રે,
(શ્રી) વિઠ્ઠલવરની બેઠક મન ભાઇ રે,
ત્યાં નિત્ય વિહાર સુહાઇ...ચાલો.૯૮
મધુવનમાં જઇને નિરખો રે,
ત્યાં રાધાબાગ જોઇ હરખો રે,
વેણુકૂપે વેણુનાદ પરખો...ચાલો.૯૯
બેલવનમાં અનેક દ્રુમવેલી રે,
માટવનમાં માટ દધિ રેલી રે,
ત્યાં સિંગાર કરાવ્યા સાહેલી...ચાલો.૧૦૦
ભાંડિર વન ને ભાંડિર બટ જઇએ રે,
પ્રલંબ દૈત્યનો વધ ત્યાં કહીએ રે,
ભાંડિર કૂપના જલે ત્યાં ન્હાઇએ રે...૧૦૧
ત્યાંથી બીજોલા ગામને જાણો રે,
ત્યાં પ્રભુજીની બગીચી વખાણો રે,
ત્યાં વ્રજભક્તનાં સુખ ચિત્ત આણો...ચાલો.૧૦૨
ભદ્રવનમાં બહુ સુખ દીધાં રે,
ગૌ ઘાટે પ્રભુ જળ પીધાં રે,
દાવાનળનાં પાન ત્યાં કીધાં...ચાલો.૧૦૩
માન સરોવરે માન મનાવ્યાં રે,
ત્યાં કુંજ લતા દ્રુમ છાયાં રે,

હસમનબેન ભાનુકાંત પારેખ (મુંબઈ)ના સદૈન્ય જયશ્રીકૃષ્ણ

ત્યાં શ્રીમહાપ્રભુજીની બેઠકે આવ્યા...ચાલો.૧૦૪
ત્યાંથી પિપરોલી ગામ આવ્યાં રે,
શ્રીગુસાંઈજીએ રાસ કરાવ્યા રે,
માણિક શિલાએ ભોગ ધરાવ્યા...ચાલો.૧૦૫
ત્યાંથી લોહવન કૃષ્ણકુંડ આવ્યા રે,
ત્યાં લોહનાં દાન કરાવ્યાં રે,
કૃષ્ણ કૂપના જલે ન્હવરાવ્યા...ચાલો.૧૦૬
ત્યાંથી ગોપાલપુરમાં જઈએ રે,
ત્યાં રાવલ ઉપવન કહીએ રે,
(શ્રી) લાડીલીજીનાં દરશન કરીએ...ચાલો.૧૦૭
નંદી વંદી દેવી છે સારી રે,
નંદરાયજીની ગોબર વારી રે,
કરે ગાયોની રખવારી...ચાલો.૧૦૮
ત્યાંથી શ્રીબલદેવજી જઈએ રે,
બલભદ્ર કુંડમાં નાહીએ રે,
ત્યાં મનવાંછિત ફલ પઈયે...ચાલો.૧૦૯
ત્યાંથી હથોરા ગામ સુખદાઈ રે,
ત્યાં શ્રીનંદરાયજીની અથાઈ રે,
ત્યાં વ્રજવાર્તાની ચર્ચા ચલાઈ...ચાલો.૧૧૦
ચિંતાહરણ ઘાટ સુખકારી રે,
ત્યાં વ્રજભક્તની ચિંતા નિવારી રે,
(શ્રી) યમુના નીર વહે બહુ ભારી...ચાલો.૧૧૧
બ્રહ્માંડ ઘાટે પ્રભુ માટી ખાતા રે,
શ્રીબલદેવજીએ કહી સર્વે વાર્તા રે,
તે જાણ્યું શ્રી યશોદાજી માતા...ચાલો.૧૧૨
મહાવન શ્રીનંદરાયનું ગામ રે,
ત્યાં છઠ્ઠી પલનાનાં છે ઠામ રે,
નંદકૂપ પૂજવાનું છે ધામ...ચાલો.૧૧૩
ત્યાં યમલા - અર્જુનને તાર્યા રે,
ત્યાં નલકુબેરને ઉદ્ધાર્યા રે,
ત્યાં અનેક દૈત્ય પ્રભુએ માર્યા...ચાલો.૧૧૪
હવે રમણ રેતીમાં જઈએ રે,
ત્યાં રમણ લીલા સુખ લઈએ રે,
ત્યાં ગોપ કૂપ જઈ નાહીએ...ચાલો.૧૧૫
વલ્લભ ઘાટ ઉત્તરેશ્વર ઘાટ રે,
જોયો વાજના ટીલાનો ઠાઠ રે,
વળી કહીએ જશોદા ઘાટ...ચાલો.૧૧૬
ચાલી નિરખો શ્રીગોકુલ ગામ રે,
એ છે નિજલીલાનું ધામ રે,
કરે સર્વના પૂરણ કામ...ચાલો.૧૧૭
વાસ દરવાજો કરણકૂપ આવ્યા રે,
ત્યાં પ્રભુજીએ કાન વિંધાવ્યા રે,
ચિંતામણિ માધો મન ભાવ્યા...ચાલો.૧૧૮
ત્યાં શ્રીગુસાંઈજીની બેઠક કહીએ રે,
સાત મંદિરનાં સુખ લઈએ રે,
શ્રીમહાપ્રભુની બેઠકે જઈએ...ચાલો.૧૧૯
શ્રીનવનીતપ્રિયાજી પાલને ઝૂલે રે,
નંદમહોત્સવ જોઈ મન ફૂલે રે,
સુર નર મુનિ જન કૌતુક ભૂલે...ચાલો.૧૨૦
ત્યાં બ્રહ્મ છોકર સુખ છાજે રે,
શ્રીમહાપ્રભુની બેઠક બિરાજે રે,
ત્યાં શ્રીમહારાણીજી ગાજે...ચાલો.૧૨૧
ગોવિંદઘાટ ઠકુરાણી ઘાટ જઈએ રે,
ત્યાં શ્રીયમુજીમાં નાહીએ રે,
ગૌ ઘાટ અષ્ટખંભા કહીએ...ચાલો.૧૨૨
હાથ જોડ યમુનાજીમાં કરીએ રે,
બહુ આનંદ ઉરમાં ભરીએ રે,
હવે કારજ સર્વે સરિયાં...ચાલો.૧૨૩
જે કોઈ નિશદિન મનથી ગાય રે,
વનયાત્રાનું ફલ તેને થાય રે,
શ્રીમહાપ્રભુજીને સોહાયે...ચાલો.૧૨૪
સદા શ્રીગોકુલ માંહે રહીએ રે,
શ્રીમહાપ્રભુજીના ગુણ ગાઈએ રે,
શ્રીવિઠ્ઠલનાં ચરણ ચિત્ત લઈએ...ચાલો.૧૨૫
શ્રીવલ્લભ વિઠ્ઠલે પૂરી આશ રે,
રાખ્યા ચરણ કમલની પાસ રે,
દાસ માગે શ્રીગોકુલ વાસ...ચાલો.૧૨૬

***ઈતિ શ્રીવ્રજ ચોરાશી કોશનું વનયાત્રાનું ધોળ સંપૂર્ણ***

## ૨. શ્રીવનયાત્રાનું ધોળ

જીરે પ્રથમ પ્રણામ શ્રીવિઠ્ઠલનાથ
એમના સેવકજનનો મળિયો સાથ. ૧
ચાલો ચાલોને વૈષ્ણવ વ્રજ જઇએ,
શ્રીગિરિધારીજી નિરખી ધણિયાતાં થઇએ.૨
પહેલાં શ્રીયમુનાજી વિશ્રામઘાટ નાહીએ,
પરિક્રમા કરતાં હરિના ગુણ ગાઇએ. ૩
સર્વે ભગવદીય મળી મધુવન જઇએ,
તાલવન કુમુદવન જઇ નાહીએ..૪
સાંતનકુંડ ભૈસરને બહુલાવન,
ત્યાં તો શ્રીકુંડ નાહી થઇએ પાવન..૫
નાહીએ રાધાકૃષ્ણકુંડ પ્રભુને ભજીએ,
શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલની બેઠકે નમીએ..૬
નાહીએ નારદકુંડ ને કુસુમોખર જે,
શ્રીપ્રભુનું ભજન મનશું કરજે..૭
જીરે ગ્વાલપોખર નાહીએ તેહ,
શ્રીગિરિરાજની તળેટીમાં લોટીએ દેહ..૮
ગિરિરાજધરણનાં મંદિર જોવાં,
ત્યાં તો જન્મ મરણનાં દુઃખો ખોવાં...૯
નાહીએ માનસીગંગા ને બ્રહ્મકુંડનાં સ્નાન,
શ્રીમહાપ્રભુજીની બેઠક કરીએ પ્રણામ...૧૦
દાનઘાટીથી બીલછુવન જાવું,
ત્યાં તો ચક્રતીર્થ મોટું નહાવું...૧૧
પાપમોચન રણમોચન વંદન,
લીલાનાં સ્થળ તે તો નંદનંદન..૧૨
ચંદ્રકૂપ સરોવર બટ મૂલ,
મહાપ્રભુજીની બેઠકે થઇએ અનુકૂલ..૧૩
સંકર્ષણ કુંડ ગાંધર્વકુંડ નાહીએ,
ગોવિંદકુંડ નાહી કૃતાર્થ થઇએ..૧૪
શ્રીમહાપ્રભુજીની બેઠકે ભોગ ધરીએ,
હેતે હળીમળી હરિકીર્તન કરીએ...૧૫
જીરે અપ્સરા કુંડને પૂછરી જે,
જીરે શિલા વાજતી ને ગૌ-ટેરણી જે...૧૬
હરિ હાથી ગાયોનાં પગલાં,
એક મુકુટ શિલાનાં દર્શન કરવાં...૧૭
શ્યામ ઢાકે બેઠક શ્રીજીની,
એક ગુફા ગોવિંદ સ્વામીની...૧૮
પાગ બાંધણીને સિંદૂરી શિલા રે ભલી,
હરજી પોખર સુરભિકુંડ રુદ્રકુંડ વળી...૧૯
શિલા દંડવતીને નમાવવાં શીશ,
શ્રીગોવર્ધનધરની શોભા અતિશે...૨૦
જીરે પૂજની શિલાને ભોગ ધરવા,
આવ્યા વૈષ્ણવ બહુ દર્શન કરવા...૨૧
જીરે શ્રીબેઠકે ભોગ ધરો પ્રીતે,
શ્રીમહાપ્રભુજીને નિરખો રસ રીતે...૨૨
ગુલાલકુંડ ગાંઠોલી પરમંદરાનાં વર્ણન,
જીરે અલકનંદાને બદ્રીનારાયણ..૨૩
કદમખંડીને ઇંદ્રોલી કામવન,
ધર્મકુંડ વિમળકુંડ નિર્મળવન...૨૪
બીજા કુંડ ઘણેરા છે નાહીએ ત્યાં,
આંખમીંચામણની ગુફા જયાં...૨૫
ચરણ પહાડીને ખીસલાની શિલા,
ભોજન થાળીને ભોગ કટોરા ભલા...૨૬
જીરે ગુફા એક વચ્છાસુર તણી,
સુરભિકુંડે બેઠક વર વલ્લભની...૨૭
સુનહરાકી કદમખંડી બડે ધામ,
ત્યાં તો ચિત્રામણી શિલાને ચિત્ર સમાન...૨૮
તે તો દેહકુંડ નહાવું ઊંચો ગામ,
ત્યાં દર્શન કરવાં રેવતી ને બળરામ...૨૯
ભાનુક્ષેત્રને બરસાના ગામ,
ત્યાં તો રાજ કરે રૂડા વૃષભાન...૩૦
શ્રીરાધિકાજીની સંગે અષ્ટ સખીઓ જાણ,
જીરે સાંકરીખોરને મહાઘાટી દાન...૩૧
જીરે દાનગઢ માનગઢમાં દૃઢ મન,
જીરે દાણીકુંડ રત્ન કુંડ ગહ્વર...૩૨
શ્રી મહાપ્રભુજીની બેઠકે મોરકુટી,
જીરે નોબારી ચોબારી ભાનનું વન...૩૩
પીરીપોખર પ્રેમ સરોવર નાહીએ,

વિમલકુંડથી કલાકુંડે જઇએ...૩૪
સંકેતવટ નિકુંજની અતિરે શોભા,
પાનકુંડ મોતીકુંડ જોઇ મન લોભા...૩૫
નંદગામને નંદ જશોદા માત,
શ્રીકૃષ્ણની સાથે બલભદ્રજી ભ્રાત...૩૬
સૂરજકુંડ મધુવનકુંડે સઘળા,
આવું જોઇને મન થયું વિહવળ...૩૭
ચરણપહાડી ચરણ અંકુશ શિલા,
દર્શન કરીને ગાવી સઘળી લીલા...૩૮
લલિતા કુંડને આંજનોખરી જેહ,
ખીદરવન જાઓ બહેન કોકિલા તેહ...૩૯
રાસોલી ચરણપહાડી ચિત્ર શિલા,
જીરે છોટી મોટી બહેનની નિરખો લીલા...૪૦
દધિગામ શેષકુંડને કોટવન,
ક્ષીરસાગર શેષશાયીને ખેલનવન...૪૧
શ્રીયમુનાજી વાંકા કીધાં શ્રીબળરામ,
અખેવટ કાત્યાયની વ્રતમાં ઠામ...૪૨
ગોપીઘાટ ચીર હરવાનાં,
જીરે નંદઘાટે ઉતરવાનાં...૪૩
ભાંડીરવન જાવું નાવની વાટે,
ભાંડીર કૂવો ને બટ બીજોરી ઘાટે...૪૪
બેલવન ભદ્રવન માનસરોવર સુખધામ,
માણેક શિલા પીપરોલીને માટગામ...૪૫
ચાલો વૃંદાવન બંસીબટ ધામ,
પરિક્રમામાં આવે સઘળાં ઠામ...૪૬
લોહવન રાવલ પ્રકટ્યાં રાધા,
મહાવન બ્રહ્માંડ ઘાટ માટી ખાતા...૪૭
શ્રીગોકુલ મંદિર પ્રભુનાં સાત,
રમણ રેતી સ્થળની શી કહું વાત...૪૮
શ્રીમહાપ્રભુજીની બેઠક છે જ્યાંહ,
જીરે બ્રહ્મસંબંધની આજ્ઞા ત્યાંહ...૪૯
બ્રહ્મછોકર ઠકુરાણીઘાટ નાહીએ,
ગોપ કૂવેથી દાઉજી જઇએ...૫૦
જીરે મથુરા જન્મભૂમિ વિશ્રામ,
જીરે સ્થળ સઘળાં જોવાની હામ...૫૧
શ્રીયમુનાજી નાહીને જોડો હાથ,
અહર્નિશ ગુણ ગાય વ્રજનો સાથ...૫૨
ચોરાસી કોશની પરિક્રમા કરી,
સર્વે ભગવદીય મળી ગુણ ગાઓ હરિ...૫૩
જે કોઇ પાઠ કરે નિત્યે ગાય,
તેને વનયાત્રા ફળ અધિક જ થાય...૫૪
જે કોઇ પાઠ ભણે ને નિત્ય નેમ,
તેને હરિશું બાઢે પ્રેમ...૫૫
જીરે વન ઉપવન કોધાં કર જોડ,
શ્રી વ્રજભૂષણજીએ પૂર્યા કોડ...૫૬
જીરે જન્મ જન્મ આપો વ્રજવાસ,
અહર્નિશ ગુણ ગાય વલ્લભદાસ...૫૭

## ૩. વ્રજપરિક્રમાનું ધોળ

ગુરુ પ્રતાપેપ્રેમ સહિત શ્રીયમુનાજીમાં નહાઇયેજી,
શ્રીમહારાણીજી કૃપા કરે તો જ વ્રજ પરિક્રમા કરીએ,
મા શ્રીયમુના મહારાણીકી બલિહારી...(ટેક) ૧
વિશ્રામ ઘાટે નેમ લેઇ શ્રીમહાપ્રભુજીમાં આવ્યાજી,
બેઠકથી દંડવત્ કરીને ભેટ ભોગ ધરાવ્યા...૨
બીજા ઘાટે આચમન લેઇ શ્રીબળદેવ ઘાટે આવ્યા જી,
ધ્રુવ ઘાટે એક પલક બિરાજે, ત્યાં સંદેશો કહાવ્યો...૩
મધુવનમાં મહાપ્રભુજીની બેઠક, કૃષ્ણકુંડે નહાઇએજી,
તાલવન કમોદવન સાંતનકુંડે નહાઇએ...૪
પરિક્રમા કરતાં કરતાં રાધાકૃષ્ણ કુંડે આવ્યાજી,
જુગલ સ્વરૂપ ગઠજોડે નહાઇ, ચાર બેઠક ભોગ ધરાવ્યા...૫
ગિરિરાજની પરિક્રમા મોટી, ધામ ગણ્યાં નવ જાયજી,
શ્રીમહારાણીજી કૃપા કરીને, દર્શન દો તત્કાળ...૬
ચંદ્ર સરોવર રમણીય સ્થળ, આદ્ય વૃંદાવન જઇએજી,
શ્રીગુરુદેવ કૃપા કરે તો, વ્રજપરિક્રમા કરીએ...૭
સંકેતવનની શી કહું શોભા, લગ્ન થયાં તે ધામજી,
સંકેતવનમાં શ્રીમહાપ્રભુજીની બેઠક, બરસાના નંદગામ...૮
ચોરાશીકોશની પરિક્રમા મોટી, ધામ ગણ્યાં નવ જાય જી,
કુંડે કુંડે ન્હાય તેનાં, પાપ સર્વે જાય...૯
વ્રજભૂમિમાં અલૌકિક કુંજો, નૌતમ લીલા થાયજી,

માયા છોડી મન લગાવે, તે લીલામાં જાય...૧૦
વ્રજભૂમિ મહાપ્રભુજી ગુસાંઇજીની બેઠક ગાજેજી,
ભ્રાત લાલ સઘળો પરિવાર, લીલા સહિત બિરાજે...૧૧
શ્રીઠાકુરજીનું મોસાળ મહેરાણા, તે જાણીને જઇએજી,
શેષશાયીનાં દર્શન કરી, ક્ષીર સાગરમાં નહાઇએ...૧૨
રામઘાટ શ્યામઘાટ નંદઘાટ કહીએ, ચીરઘાટની લીલા,
ગોપીઘાટે પ્રેમ કરી, બાલક સરવે જીલ્યા...૧૩
વૃંદાવનની સેવા કુંજો, બંસી બટને ચોકજી,
અનેક રૂપ ન્યારે સ્વરૂપ, વાહાલાજી બિરાજે ગોખ...૧૪
દાઉજીને બરફી પેંડા, માખન મીશ્રી ધરાવ્યાજી,
રમણરેતીમાં રંગરસિયાજી ખેલે, ગોપકૂવે અનુસરીએ...૧૫
કોયલા ઘાટે વસુદેવજી, શ્રીઠાકુરજીને લાવ્યાજી,
અરધી રાતે જશોદામાની સેજમાં પધરાવ્યા...૧૬
જશોદા ઘાટે આનંદ સાગર, વલ્લભઘાટ વખાણું જી,
બીજા ઘાટ ઘણેરા કહિયે, લીલા સહિત મન આણું...૧૭
ઠકુરાણી ઘાટે ગુપ્ત લીલા, શ્રીમહાપ્રભુજીનાં દર્શનજી,
છોકરજી દંડવત્ કરી, મન થયા પરશન...૧૮
ગોવિંદઘાટ જગન્નાથ ઘાટ કહીએ, ઘાટ ઘણેરા કહીએજી,
જન્મ ઘાટે વહુ બેટી, સ્નાન કરે ત્યાં જઇએ...૧૯
વલ્લભકુળ વહુ બેટી વૈષ્ણવ, સૌ મથુરાજીમાં આવ્યાજી,
પરિક્રમા પૂરી થઇ, વિશ્રાંતે નેમ છોડાવ્યા...૨૦
ચોરાશી કોશની પરિક્રમા મોટી, શીખે સૂણે ને ગાયજી,
જુગલ જોડીના ચરણારવિંદમાં, પ્રાપ્તિ તેની થાય...૨૧

### ૪. વ્રજ મેરે મન ભાઈ

વ્રજ મેરે મન ભાઇ, એસી વ્રજ મેને મન ભાઇ.
વિશ્રાન્તઘાટ શ્રીયમુનાજી ન્હાય કે, નીકે નેમ લિવાઇ,
કેશવરાયકે દર્શન કરકે, શ્રીમહાપ્રભુજી દર્શાઇ..વ્રજ.૧
મધુવન તાલ કમોદ બહુલાવન, શાન્તન કુંડપે ન્હાઇ,
રાધાકૃષ્ણ કુંડકી મહિમા, મોપેં બરની ન જાઇ...વ્રજ.૨
ગોવર્ધન કી દે પરિક્રમા, માનસી ગંગા ન્હાઇ,
કુસુમોખર ઓર ચંદ્રસરોવર, ગોવિંદકુંડમેં ન્હાઇ...વ્રજ.૩
આન્યોર ઓર અપ્સરા કુંડ હોય, જતિપુરામેં આઇ,
પરમંદરા ઓર આદિ બદ્રિ, અલક ગંગા પ્રકટાઇ...વ્રજ.૪
કામાકામ સકલ પરિપૂરણ, ચિત્ર વિચિત્ર મન ભાઇ,
બરસાનો ઓર નંદગામ હોય, કોકિલાવનમેં આઇ...વ્રજ.૫
જાઓ બઠેન ઓર અંજન વન હોય, ગામ કરેલા આઇ,
પ્રેમ સરોવર ઓર પીસાયો, પાંડવ ગંગા ન્હાઇ...વ્રજ.૬
બટ સંકેત ખીદ્ર વન હોય કે, જબ તન તપન બુજાઇ,
શેષનાગ છાયા હરિ ઉપર, પોઢે યાદવ રાઇ...વ્રજ..૭
ખેલવન વન ઓર ચીરઘાટ હોય, નંદઘાટ ગૌ ધ્યાઇ,
બચ્છવન બેલ ભદ્ર ભાંડીરવન, માનસરોવર આઇ...વ્રજ..૮
કર સ્નાન લોહવન હોય કે, શ્રીબલદાઉ સુખદાઇ,
ફેર મહાવન શ્રીગોકુલકી, ગત શારદ નાહીં પાઇ...વ્રજ.૯
ધન્ય મથુરા ધન્ય શ્રીવૃંદાવન, ધન્ય ધન્ય યશોદા માઇ,
જાકી મહિમા અગમનિગમ હૈ, પ્રગટે કુંવર કન્હાઇ...વ્રજ.૧૦
બારે વન બારે ઉપવનકી લીલા, ગાય સુનાઇ,
શ્રીપુરુષોત્તમ પ્રભુ કરત સકલ બન, આવાગમન મિટાઇ...૧૧

## ભૈયા, ગોકુલ કબ ચલેંગે?

**બંગાળના દિવાન નારાયણદાસથી વ્રજમાં જવાનું બનતું નહીં. રાજકાજમાં રાતદિવસ ખૂંપેલા રહેતા દિવાનજીએ એક વ્રજવાસીને રોક્યો. વ્રજવાસી દર પાંચ મિનિટે પૂછે : “ભૈયા, ગોકુલ કબ ચલેંગે?” દિવાનજી આંખ મીંચી શ્રીગોકુલનું સ્મરણ કરતાં કહે: “હાં, હાં, અબ ચલેંગે.” પાછા પોતાના કામમાં ડૂબી જાય.**

•









# પરિશિષ્ટ

ગોવર્ધન, નંદગાઁવ, અરુ બરસાના, કામ ।
ચરનપહાડી પાંચ યે, જગતાનંદ અભિરામ ॥

★ ★ ★ ★

બ્રજમેં લખ-દસ કૂપ હૈં, સપ્ત સમૂહ હી જાન ।
નંદકૂપ અરુ ઈન્દ્રકૂપ દ્વૈ કૂપ હરિ માન ॥
એક કૂપ ભાંડીર કો, કરન બેધ કો કૂપ ।
કૃષ્ણ કૂપ આનંદનિધિ, બેનુ કૂપ સુસ્વરૂપ ॥
એક જુ કુબ્જા કૂપ હૈ, ગોપ કૂપ લખિ લેહુ ।
જગતાનંદ બરનન કરત, બ્રજ સોં કરૌં સનેહ ॥

★ ★ ★ ★

બ્રંદાબનમેં પાંચ હૈ, ક્રીડત બ્રજ કે ઈસ ।
બ્રજમેં મંડલ રાસ કે, જગતાનંદ તૈંતીસ ॥
દ્વૈ મંડલ હૈં કામબન, નંદગાઁવ મેં એક ।
દોઈ કરહલા બીચ હૈ, દોઈ દાનગઢ ટેક ॥
એક સાંકરી ખોર મેં, એક પરબત મેં માન ।
એક માનગઢ દેખિયેં, દ્વૈ બિલાસગઢ જાન ॥
ગહવર બનમેં એક હૈ, અરુ સંકેત હી ચારિ ।
એક પિસાયે જાવબટ, દોઉ લખૌ ઉર ધારિ ॥
એક કોકિલા બિપિનમેં, તીન હૈં ઊંચે ગાઁઊં ।
સિલા ખિસલની એક હૈ, એક ગિરિ ટીલે નાહીં ॥
એક સુનહરા બીચ હૈ,કદમખંડી મધિ એક ।
સ્રિય હૈં પુરુષન જાનિયે, નૂતન ભયે અનેક ॥

# પરિશિષ્ટ-૧
## વ્રજનાં વિશિષ્ટ સ્થાનો

**(૧) બાર વન :**

(૧) મધુવન (૨) તાલવન (૩) કમોદ (કુમુદ)વન (૪) બહુલાવન (૫) કામવન (૬) ખિદરવન (૭) વૃંદાવન (૮) ભદ્રવન (૯) ભાંડીરવન (૧૦) બેલવન (૧૧) લોહવન (૧૨) મહાવન.

**(૨) ચોવીસ ઉપવન :**

(૧) શ્રીગોકુલ (૨) શ્રીગોવર્ધન (૩) બરસાના (૪) નંદગામ (૫) સંકેતવન (૬) પરમંદરા (૭) અડીંગ (૮) શેષશાઈ (૯) માટવન (૧૦) ઊંચોગામ (૧૧) બેલવન (૧૨) શ્રીકુંજ (૧૩) ગંધર્વવન (૧૪) પરાસોલી (૧૫) બિલછુવન (૧૬) બચ્છવન (૧૭) આદિબદરી (૧૮) કરહેલા (૧૯) અંજનોખર (૨૦) પિયોસા (૨૧) કોકિલાવન (૨૨) દધિવન (૨૩) કોટિવન (૨૪) રાવલ.

**સુઆ, ચલિ વા બનકો રસ લીજૈ ।**
**જા બન કૃષ્ણનામ સુમરિત, રસ સ્રવન પાત્ર ભરી પીજૈ ॥**
**કો તેરો પુત્ર, પિતા, તૂ કાકૌ, મિથ્યા ભ્રમ જગ કેરો ।**
**કાલ મંથર લૈ જૈ હૈ તોકો, તૂ કહૈ મેરો મેરો ॥**
**હરિ નાના મુક્તિ ક્ષેત્ર ચલ તોહીં હૌં દિખાઉં ।**
**'સૂરદાસ' સાધુ કી સંગતિ, બડે ભાગ્ય જો પાઉં ॥**

પુરાણોમાં આ વનોને સાત વિભાગમાં વહેંચવામાં આવ્યાં છે. (૧) ૧૨ પ્રતિવન (૨) ૧૨ અધિવન (૩) ૧૨ તપોવન (૪) ૧૨ કામવન (૫) ૧૨ અર્થવન (૬) ૧૨ ધર્મવન (૭) બાર સિદ્ધવન.

ભવિષ્યપુરાણમાં બાર કામવન અને બાર પ્રતિવન કહ્યાં છે.

વિષ્ણુપુરાણમાં બાર અધિવન અને બાર સિદ્ધવન કહ્યાં છે.

સ્કંદપુરાણમાં બાર અર્થવન કહ્યાં છે.

વરાહપુરાણમાં બાર તપોવન કહ્યાં છે.

સ્મૃત્યર્થસારમાં બાર ધર્મવન કહ્યાં છે.

બૃહન્નારદીય પુરાણ અને બોધાયનમાં બાર વન, બાર ઉપવન, બાર પ્રતિવન અને બાર અધિવન એમ કુલ ૪૮ વનોના અધિદેવતા કહ્યા છે, જે નીચે મુજબ છે.

**બાર વન :**

(૧) મહાવન - હલાયુધ (૨) કામ્યવન - ગોપીનાથ (૩) કોકિલાવન - નટવર (૪) તાલવન-દામોદર (૫) કુમુદવન-કેશવ (૬) ભાંડીરવન-શ્રીધર (૭) છત્રવન-હરિ (૮) ખદીરવન-પદ્મનામ (૯) લોહવન-હૃષિકેશ (૧૦) ભદ્રવન-હયગ્રીવ (૧૧) બહુલાવન-પદ્મનાભ (૧૨) બેલવન-જનાર્દન.

**બાર ઉપવન :**

(૧) બ્રહ્મવન-ગોપીજનવલ્લભ (૨) આસરાવન-વામન (૩) વિઠ્ઠલવન-વિહ્વલ (૪) કદંબવન-ગોપાલ (૫) સ્વર્ણવન-બિહારી (૬) સુરભિવન-ગોવિંદ (૭) પ્રેમવન-લલિતમોહન (૮) મયૂરવન-કિરીટ (૯) માનેંગિતવન-વનમાલી (૧૦) શેષશાયીવન-અચ્યુત (૧૧) નારદવન-મદનગોપાલ (૧૨) પરમાનંદવન-મુરલીધર.

**બાર પ્રતિવન :**

(૧) રંકપ્રતિવન-નંદકિશોર (૨) વાર્તાવન-કૃષ્ણ (૩) કરહાવન-મુરલીધર (૪) કામવન-પરમેશ્વર (૫) અંજનવન-પુંડરીકાક્ષ (૬) કર્ણવન-કમલાકાર (૭) ક્ષિપવન-બાલકૃષ્ણ (૮) નંદનવન-નંદનંદન (૯) વૃંદાવન-ચક્રપાણિ (૧૦) શિક્ષાવન-ત્રિવિક્રમ (૧૧) ચંદ્રાવલીવન-પીતાંબર (૧૨) લોહવન-વિશ્વક્સેન.

**બાર અધિવન :**

(૧) મથુરા-પરબ્રહ્મ (૨) રાધાકૃષ્ણકુંડ-રાધાવલ્લભ (૩) નંદગામ-યશોદાનંદન (૪) દાનગઢ-નવલકિશોર (૫)

હરિહરભાઈ નવનીતરાય વૈદ્ય તથા નિર્મળાબેન હરિહરભાઈ વૈદ્ય, (સુરત)ના સદૈન્ય જયશ્રીકૃષ્ણ

લલિતાગ્રામ-વ્રજકિશોર (૬) વૃષભાનપુર-રાધાકૃષ્ણ (૭) ગોકુલ-ગોકુલેન્દુ (૮) બલદેવ-કામધેનુ (૯) ગોવર્ધન-ગોવર્ધનનાથ (૧૦) જાવ વટ-વ્રજવર (૧૧) વૃંદાવન-યુગલકિશોર (૧૨) સંકેતવન-રાધારમણ.

(૩) દસ સરોવર :

(૧) કુસુમ સરોવર (૨) ચંદ્ર સરોવર (૩) પાન સરોવર (૪) પ્રેમ સરોવર (૫) નયન સરોવર (૬) નારાયણ સરોવર (૭) માન સરોવર (૮) રૂપ સરોવર (૯) વિમલ સરોવર (૧૦) સૂરજ સરોવર.

**ચકઈરી, ચલિ ચરણ સરોવર, જહાં નહીં પ્રેમવિજોગ ।**
**જહાં ભ્રમ નિસા હોત નહીં કબહું, સો સાયર સુખ જોગ ॥**
**સનક સે હંસ મીન સિવ મુનિ જન, નખ રવિ પ્રભા પ્રકાસ ।**
**પ્રફુલ્લિત કમલ, નિમિષ નહીં, સસી ડર ગુંજત નિયમ સુવાસ ॥**
**જિહીં સર સુભગ મુક્તિ મુક્તાફલ, વિમલ સુકૃત જલ પીજૈ ।**
**સો સર છાંડિ કયોં કુબુદ્ધિ, વિહંગમ, ઈહાં રહૈ કહા કીજૈ ॥**
**જહાં શ્રીસહસ્ર સહિત હરિ ક્રીડત, સોભિત 'સૂરજદાસ' ।**
**અબ ન સુહાઈ વિષય રસ છિલ્લર, વહ સમુદ્રકી આસ ॥**

(૪) તેર કૂવા :

(૧) ઈન્દ્રકૂપ (૨) કર્ણવેધકૂપ (૩) કૃષ્ણકૂપ (૪) કુબ્જાકૂપ (૫) ગોપકૂપ (૬) ચંદ્રકૂપ (૭) ત્રિવેણીકૂપ (૮) પ્રેતકૂપ (૯) ભાંડીરકૂપ (૧૦) નંદકૂપ (૧૧) સપ્ત સમુદ્રકૂપ (૧૨) લલિતાકૂપ (૧૩) લક્ષ્મીકૂપ.

(૫) ૧૮૧ કુંડ : (વ્રજમાં આથી પણ વધુ કુંડ હતા, આજે આટલાં નામ જાણીતાં છે, પરંતુ ખરેખર અસ્તિત્વમાં તો આથી પણ ઓછા છે.)

૧. અપ્સરા કુંડ ૨. આશ કુંડ ૩. અષ્ટસખી કુંડ ૪. ઐરાવત કુંડ ૫. અક્રૂર કુંડ ૬. આદિબદરી કુંડ ૭. અલકગંગા કુંડ ૮. અગ્નિ કુંડ ૯. અયોધ્યા કુંડ ૧૦. ઈન્દ્ર કુંડ ૧૧. ઉદ્ધવ કુંડ ૧૨. કજલી કુંડ ૧૩. કનકસાગર કુંડ ૧૪. કૃષ્ણ કુંડ ૧૫. કપિલ કુંડ ૧૬. કિલ્લોલ કુંડ ૧૭. કાશી કુંડ ૧૮. કલા કુંડ ૧૯. કૈલાસ કુંડ ૨૦. કંકણ કુંડ ૨૧. કુહુદ કુંડ ૨૨. કોકિલા કુંડ ૨૩. કુરુક્ષેત્ર કુંડ ૨૪. કલ્યાણ કુંડ ૨૫. ગોવિંદ કુંડ ૨૬. ગાંધર્વ કુંડ ૨૭. ગ્વાલપોખરા કુંડ ૨૮. ગુલાબ કુંડ ૨૯. ગેંદોખર કુંડ ૩૦. ગરુડગોવિંદ કુંડ ૩૧. ગ્વાલ કુંડ ૩૨. ગોવર્ધન કુંડ ૩૩. ગોરોચન કુંડ ૩૪. ગંગા-ગોદાવરી કુંડ ૩૫. ગોપાલ કુંડ ૩૬. ગંગોત્રી કુંડ ૩૭. ગરુડ કુંડ ૩૮. ગોપી કુંડ ૩૯. ગયા કુંડ ૪૦. ગોપ કુંડ ૪૧. ગાયત્રી કુંડ ૪૨. ગોમતી કુંડ ૪૩. ચંદ્ર કુંડ ૪૪. ચરણ કુંડ ૪૫. ચંદ્રભાગા કુંડ ૪૬. ચંપકલતા કુંડ ૪૭. ચંદ્રાવલી કુંડ ૪૮. ચિત્રગુપ્ત કુંડ ૪૯. છાસ કુંડ ૫૦. છછિહારી કુંડ ૫૧. જલવિહાર કુંડ ૫૨. જન્મોત્રી કુંડ ૫૩. જયવિજય કુંડ ૫૪. જોગીઆ કુંડ ૫૫. ઝઘડા કુંડ ૫૬. ઝુનકી કુંડ ૫૭. તરસ કુંડ ૫૮. તપ્ત કુંડ ૫૯. દામોદર કુંડ ૬૦. દોહની કુંડ ૬૧. દાવાનલ કુંડ ૬૨. દધિ કુંડ ૬૩. દ્વારકા કુંડ ૬૪. દેહ કુંડ ૬૫. ધર્મ કુંડ ૬૬. ધર્મમોચન કુંડ ૬૭. નવલ કુંડ ૬૮. નારદ કુંડ ૬૯. નટ કુંડ ૭૦. નર કુંડ ૭૧. નૈમિષારણ્ય કુંડ ૭૨. નૃસિંહ કુંડ ૭૩. પાંડર કુંડ ૭૪. પોતરા કુંડ ૭૫. પોખર કુંડ ૭૬. પાન કુંડ ૭૭. પનિહારી કુંડ ૭૮. પાપમોચન કુંડ ૭૯. પાંડવ કુંડ ૮૦. પ્રયાગ કુંડ ૮૧. પુષ્કર કુંડ ૮૨. પ્રહલાદ કુંડ ૮૩. પ્યાસ કુંડ ૮૪. ફુલવારી કુંડ ૮૫. બલભદ્ર કુંડ ૮૬. બ્રહ્મકુંડ ૮૭. બદરોલા કુંડ ૮૮. ભરત કુંડ ૮૯. ભાનોખર કુંડ ૯૦. મોતી કુંડ ૯૧. મોહ કુંડ ૯૨. માધુરી કુંડ ૯૩. મણિકર્ણિકા કુંડ ૯૪. મનસા કુંડ ૯૫. માયા કુંડ ૯૬. યશોદા કુંડ ૯૭. રાધાકૃષ્ણ કુંડ ૯૮. રત્ન કુંડ ૯૯. રાધા કુંડ ૧૦૦. રાબડી કુંડ ૧૦૧. રુદ્ર કુંડ ૧૦૨. ઋણમોચન કુંડ ૧૦૩. રોહિણી કુંડ ૧૦૪. રેવતી કુંડ ૧૦૫. રામ કુંડ ૧૦૬. લેવકા કુંડ ૧૦૭. લંકા કુંડ ૧૦૮. લુકલુક કુંડ ૧૦૯. લલિતાકુંડ ૧૧૦. લક્ષ્મણ કુંડ ૧૧૧. લક્ષ્મી કુંડ ૧૧૨. વસંત કુંડ ૧૧૩. વિશાખા કુંડ ૧૧૪. વરાહ કુંડ ૧૧૫. વિમલ કુંડ ૧૧૬. વિલછુ કુંડ ૧૧૭. વિહાર કુંડ ૧૧૮. વેણુ કુંડ ૧૧૯. વામન કુંડ ૧૨૦. વસ્ત્ર કુંડ ૧૨૧. સરસ્વતી કુંડ ૧૨૨. સંકર્ષણ કુંડ ૧૨૩. સુરભિ કુંડ ૧૨૪. સૂરજ કુંડ ૧૨૫. સુહટા કુંડ ૧૨૬. સેતુબંધ રામેશ્વર કુંડ ૧૨૭. સીતા કુંડ ૧૨૮. સાવિત્રી કુંડ ૧૨૯. શચિ કુંડ ૧૩૦. સનત્કુમાર કુંડ ૧૩૧. શાંતન કુંડ ૧૩૨. શેષ કુંડ ૧૩૩. શીતલા કુંડ ૧૩૪. શિવ કુંડ ૧૩૫. શિવતાલ કુંડ ૧૩૬. શત્રુઘ્ન કુંડ ૧૩૭. હરજી કુંડ ૧૩૮. હાથીપદ કુંડ ૧૩૯. હરિદ્વાર કુંડ ૧૪૦. હરિહર કુંડ ૧૪૧. ક્ષીરસાગર કુંડ ૧૪૨. રાસોલી કુંડ ૧૪૩. રાવળ કુંડ ૧૪૪. રૂનકી કુંડ ૧૪૫. રાસ કુંડ ૧૪૬. રતિ કુંડ ૧૪૭. રાવળી કુંડ

૧૪૮. રત્નાકર કુંડ ૧૪૯. વિદ્યા કુંડ ૧૫૦. વચ્છ કુંડ ૧૫૧. વિહ્વલ કુંડ ૧૫૨. વેલ કુંડ ૧૫૩. સંધ્યાવંદન કુંડ ૧૫૪. સહસ્ર કુંડ ૧૫૫. સખ્ય કુંડ ૧૫૬. શ્યામ કુંડ ૧૫૭. શીતળ કુંડ ૧૫૮. શ્યામા કુંડ ૧૫૯. લલિત કુંડ ૧૬૦. અડવારી કુંડ ૧૬૧. આનંદ કુંડ ૧૬૨. કિશોર કુંડ ૧૬૩. કરણ કુંડ ૧૬૪. કામરી સખીનો કુંડ ૧૬૫. કિશોરી કુંડ ૧૬૬. ખચેરા કુંડ ૧૬૭. ગૌકુંડ ૧૬૮. ગુપ્ત કુંડ ૧૬૯. ચુરીતલાઈ કુંડ ૧૭૦. જળધારા કુંડ ૧૭૧. તિલક કુંડ ૧૭૨. દાણી કુંડ ૧૭૩. દાન ગંગા કુંડ ૧૭૪. નિવર્ત કુંડ ૧૭૫. પરલંકા કુંડ ૧૭૬. પૈ કુંડ ૧૭૭. મધુસૂદન કુંડ ૧૭૮. મનોકામના કુંડ ૧૭૯. મૃગી કુંડ ૧૮૦. મધુહારી કુંડ ૧૮૧. યજ્ઞ કુંડ.

**માનસી ગંગા શ્રીહરિદેવ, શ્રીગિરિવર કી પરિક્રમા દેઉ।**
**કુંડ કુંડ ચરણામૃત લેઉ, અપનો જન્મ સુફલ કરી લેઉ॥**

### (૬) છ પોખર (તળાવ) :

૧. કુસુમોખર ૨. અંજનોખર ૩. પીળી પોખર ૪. વિશાખા પોખર ૫. હરજી પોખર ૬. ભાન પોખર (ભાનોખર)

### (૭) આઠ કદંબ :

૧. ઐઠો કદંબ ૨. ગૌખરી કદંબ ૩. ટેડો કદંબ ૪. ટેર કદંબ ૫. દોના કદંબ ૬. પખાવજ કદંબ ૭. રાજ કદંબ ૮. શંખ કદંબ.

### (૮) સાત કદંબખંડી :

૧. ઉદ્ધવજીની કદંબખંડી ૨. કરહેલાની કદંબખંડી ૩. ગાંઠ્યોલીની કદંબખંડી ૪. ગોવિંદસ્વામીની કદંબખંડી ૫. દોઉમિલની કદંબખંડી ૬. પિસાયાની કદંબખંડી ૭. સુન્હેરાની કદંબખંડી

**કુંજમહલ આજ મંગલચાર ।**
**નવદુલહનિ વૃષભાનનંદિની, દુલ્હે શ્રીબ્રજરાજકુમાર ॥**
**નયે નયે પુષ્પકુંજ કે તોરન, નવ પલ્લવ કી બંદનબાર ।**
**ચોરી રચી કદંબખંડીમેં, સઘનલતા મંડપ વિસ્તાર ॥**
**કરત બેદધ્વનિ વિપ્રમધુગણ, કોકિલમિત્ર ગાવત અનુસાર ।**
**દીની ભૂરિ 'દાસ પરમાનંદ', પ્રેમભક્તિ રત્નનકે હાર ॥**

### (૯) નવ ગલી :

૧. કુંજગલી ૨. દાનગલી ૩. પ્રેમગલી ૪. પંખાગલી ૫. કીર્તનિયા ગલી ૬. માનગલી ૭. માલા ગલી ૮. યમુનાગલી ૯. રંગીલી ગલી.

### (૧૦) ચોત્રીસ રાસમંડળના ચોતરાઃ (કુલ ૨૦ સ્થાનમાં)

(૧) વૃંદાવનમાં પાંચ (૨) કામવનમાં એક (૩) નંદગામમાં બે (૪) કરહેલામાં બે (૫) દાનગઢમાં બે (૬) માનગઢમાં એક (૭) વિલાસગઢમાં બે (૮) સાંકરીખોરમાં એક (૯) ગહવરવનમાં એક (૧૦) પિસાયાની કદંબખંડીમાં એક (૧૧) જાવમાં બે (૧૨) કોકિલાવનમાં એક (૧૩) ઊંચો ગામમાં ત્રણ (૧૪) ખિસલની શિલા પર એક (૧૫) સુન્હેરાની કદંબખંડીમાં એક (૧૬) ગોવિંદસ્વામીની કદંબખંડીમાં એક (૧૭) સંકેતવનમાં ચાર (૧૮) શ્રીગિરિરાજજી આગળ એક (૧૯) ચંદ્રસરોવરે એક (૨૦) બિલછુ પર એક.

### (૧૧) સાડત્રીસ શ્રીયમુનાજીના ઘાટ :

(૧) અક્રુર ઘાટ (૨) અષ્ટ સખી ઘાટ (૩) ઉતલેશ્વર ઘાટ (૪) કાલિદહ ઘાટ (૫) કોયલા ઘાટ (૬) કૃષ્ણગંગા ઘાટ (૭) કેશી ઘાટ (૮) ગોપાલ ઘાટ (૯) ગોવિંદ ઘાટ (૧૦) ગૌ ઘાટ (૧૧) ગોપી ઘાટ (૧૨) ચીર ઘાટ (૧૩) ચિંતાહરણ ઘાટ (૧૪) ઠકુરાણી ઘાટ (૧૫) દાન ઘાટ (૧૬) ધ્રુવ ઘાટ (૧૭) દાવાનળ ઘાટ (૧૮) નંદ ઘાટ (૧૯) પ્રયાગ ઘાટ (૨૦) બ્રહ્માંડ ઘાટ (૨૧) બિજોરી ઘાટ (૨૨) બ્રહ્મ ઘાટ (૨૩) બંગાલી ઘાટ (૨૪) બઢા ઘાટ (૨૫) બિહારી ઘાટ (૨૬) ભ્રમર ઘાટ (૨૭) મુરલીધર ઘાટ (૨૮) યશોદા ઘાટ (૨૯) યુગલ ઘાટ (૩૦) યોગ ઘાટ (૩૧) રમણ ઘાટ (૩૨) રાધા ઘાટ (૩૩) વાસુદેવ ઘાટ (૩૪) શ્યામ ઘાટ (૩૫) વિશ્રામ ઘાટ (૩૬) સૂર્ય ઘાટ (૩૭) રામઘાટ.

### (૧૨) સાત ટીલા (ટેકરા)

(૧) રાજા અંબરીશનો (૨) ગોવિંદસ્વામીનો (૩) ધ્રુવજીનો (૪) નારદજીનો (૫) નંદરાયજીની ગાયોના ગોબરનો (૬) રાવણનો (૭) સપ્તર્ષિનો.

### (૧૩) તેર બટ (વડ) :

(૧) અદ્વૈત બટ (૨) અક્ષય બટ (૩) જાવ બટ (૪) ઝૂલન બટ (૫) પરાસોલી બટ (૬) પીપરોલી બટ (૭) બંસી બટ (૮) ભાંડીર બટ (૯) રાસોલી બટ (૧૦) વિલાસ બટ (૧૧) સંકેત બટ (૧૨) શ્યામ બટ (૧૩) શૃંગાર બટ.

### (૧૪) પાંચ પર્વત :

(૧) શ્રીગોવર્ધન (૨) બરસાના (૩) નંદગામ (૪) પહેલી ચરણપહાડી (૫) બીજી ચરણપહાડી.

હસમુખભાઈ શિવલાલ શાહ (મહેસાણા)ના સદૈન્ય જયશ્રીકૃષ્ણ

**(૧૫) એક નદી :**

(૧) શ્રી યમુનાજી.

**(૧૬) ઓગણીસ દેવી :**

(૧) કાત્યાયની (૨) છછિહારી (૩) દધિહારી (૪) પોતરા (૫) નરીસેંમરી (૬) નોવારી-ચોવારી (૭) બંદી-આનંદી (૮) ભદ્રા (૯) મનસા (૧૦) મથુરા (૧૧) મહાવિદ્યા (૧૨) રાસોલી (૧૩) લંકા (૧૪) વિમળા (૧૫) વૃંદા (૧૬) વનદેવી (૧૭) સરસ્વતી (૧૮) સંકેત (૧૯) શીતળા.

પૂજન ચલો હો કદંબ બનદેવી
આઓ હો હમારે સંગ ।
ભાવભક્તિ માનત સબહીનકો,
બલિ ન કાહુ કી કછુ લેવી ॥
પૂજવત સકલ ધોખકી કામના,
શીતલ સુખદ સરસ સુર દેવી ।
'ગોવિંદ' પ્રભુ કહતિ બૃષભાનનંદિની,
સુમન સુમન કછુ બાત ઓર ॥

**(૧૭) ચોત્રીસ ધામ :**

(૧) મથુરા (૨) મધુવન (૩) કમોદવન (૪) શાંતનકુંડ (૫) અડીંગ (૬) કુસુમોખર (૭) ચંદ્રસરોવર (૮) જતિપુરા (૯) ગુલાલકુંડ (૧૦) પરમંદરા (૧૧) બહજ (૧૨) ઘાટા (૧૩) કામવન (૧૪) બરસાના (૧૫) સંકેતવન (૧૬) નંદગામ (૧૭) કરહેલા (૧૮) કોટવન (૧૯) કોશી (૨૦) શેષશાયી (૨૧) જાવ (૨૨) બઠેન (૨૩) કામરગામ (૨૪) ચીરઘાટ (૨૫) બચ્છવન (૨૬) મુખરાઇ (૨૭) નરીસેમરી (૨૮) શેરગઢ (૨૯) ગરુડગોવિંદ (૩૦) વૃંદાવન (૩૧) લોહવન (૩૨) દાઉજી (૩૩) ગોકુલ (૩૪) રાવલ.

**(૧૮) અઢાર શિલા :**

(૧) અંજન શિલા (૨) કાજરી શિલા (૩) ચિત્રવિચિત્ર શિલા (૪) છિદ્ર શિલા (૫) ઘસની-ખિસલની શિલા (૬) દંડોતી શિલા (૭) પૂજની શિલા (૮) ભીમ શિલા (૯) રત્ન શિલા (૧૦) માખણ શિલા (૧૧) માણિક શિલા (૧૨) વાજની શિલા (૧૩) સ્વામિની શિલા (૧૪) સુંદર શિલા (૧૫) સુગંધી શિલા (૧૬) સિંદુરી શિલા (૧૭) શંખ શિલા (૧૮) શૃંગારી શિલા.

**(૧૯) છ હિંડોળા સ્થાન :**

(૧) શ્રીગોવર્ધન પર્વત ઉપર (૨) કરહેલા (૩) સંકેતવન (૪) અંજનોખર (૫) વૃંદાવન (૬) કામવન શ્રીકુંડ.

**(૨૦) સાત શ્રીબળદેવજીનાં સ્થાન :**

(૧) રેડા પાસે (બલદેવ) (૨) નંદગામ (૩) અડીંગ (૪) ઊંચો ગામ (૫) વિલાસવન (૬) જિખિનગામ (૭) નરીસેમરી.

**(૨૧) સાત શ્રીકૃષ્ણનાં ચરણચિહ્ન :**

(૧) જતિપુરા (૨) શ્રીગોવર્ધનના શિખરે (૩) સુરભિકુંડે (૪) નંદગામ (૫) હાથીપદ (૬) પહેલી ચરણપહાડી (૭) બીજી ચરણપહાડી.

**(૨૨) બે શ્રીરાધાજીનાં સ્થાન :**

(૧) બરસાના (૨) રાવલ.

**(૨૩) ચાલીસ બિહારીજી :**

(૧) અંજન બિહારી (૨) અક્રૂર બિહારી (૩) અપ્સરા બિહારી (૪) ઉદ્ધવ બિહારી (૫) કોકિલા બિહારી (૬) કુંજ બિહારી (૭) કિલ્લોલ બિહારી (૮) ગોવિંદ બિહારી (૯) ચિંતાહરણ બિહારી (૧૦) ચંદ્ર બિહારી (૧૧) ચતુર બિહારી (૧૨) તૃણાવર્ત બિહારી (૧૩) દાનબિહારી (૧૪) દાવાનલ બિહારી (૧૫) પૂતના બિહારી (૧૬) નવલ બિહારી (૧૭) પ્રેમ બિહારી (૧૮) પિતા બિહારી (૧૯) બાંકે બિહારી (૨૦) બહુલા બિહારી (૨૧) બ્રહ્માંડ બિહારી (૨૨) બિલછુ બિહારી (૨૩) ભથરોડ બિહારી (૨૪) માન બિહારી (૨૫) મોર બિહારી (૨૬) રસિક બિહારી (૨૭) રાસ બિહારી (૨૮) રમણ બિહારી (૨૯) લલિત બિહારી (૩૦) બિચિત્ર બિહારી (૩૧) બ્રજ બિહારી (૩૨) બન બિહારી (૩૩) બચ્છ બિહારી (૩૪) બેદ બિહારી (૩૫) સંકેત બિહારી (૩૬) શાક બિહારી (૩૭) શ્રી બિહારી (૩૮) શૃંગાર બિહારી (૩૯) સત્યનારાયણ બિહારી (૪૦) શાંતન બિહારી.

**(૨૪) અઢાર મહાદેવ :**

(૧) ઉતલેશ્વર (૨) કામેશ્વર (૩) ગોપેશ્વર (૪) ગોકર્ણેશ્વર (૫) કાલિંજર (૬) આશેશ્વર (૭) ચકલેશ્વર (૮) ચક્રેશ્વર (૯) ચંદ્રેશ્વર (૧૦) ચંદ્રભાગેશ્વર (૧૧) ચિંતેશ્વર (૧૨) નંદીશ્વર (૧૩) પીપલેશ્વર (૧૪) બૂઢે બાબા (૧૫) ભૂતેશ્વર (૧૬) રામેશ્વર (૧૭) લંકેશ્વર (૧૮) રંગેશ્વર.

**(૨૫) શ્રીમહાપ્રભુજીનાં બાવીસ બેઠકજી :**

(૧થી ૩) શ્રીગોકુળમાં ગોવિંદઘાટે, બડી બેઠક, શય્યા બેઠક (૪) મધુવન (૫) કમોદવન (૬) બહુલાવન (૭) શ્રીરાધાકૃષ્ણ કુંડ (૮) માનસી ગંગા (૯) ચંદ્રસરોવર (૧૦) આન્યોર (૧૧) ગોવિંદકુંડ (૧૨) સુંદરશિલા સામે (૧૩) શ્રીગિરિરાજજી ઉપર શ્રીનાથજીના મંદિરે (૧૪) શ્રીકુંડ (૧૫) ગહવર વન (૧૬) સંકેતવન (૧૭) નંદગામ (૧૮) કોકિલાવન (૧૯) ભાંડીરવન (૨૦) માનસરોવર (૨૧) વૃંદાવન (૨૨) વિશ્રામઘાટ મથુરા.

**(૨૬) શ્રીગુસાંઈજીનાં નવ બેઠકજી :**

(૧) શ્રીકુંડ (૨) રાસોલી (૩) ગોપાલપુર (૪) સુરભિકુંડ (૫) ચંદ્રસરોવર (૬) સંકેતવન (૭) પ્રેમસરોવર (૮) માણેક શિલા (૯) શ્રીગોકુલ.

**(૨૭) શ્રીગિરિધરજીનાં ચાર બેઠકજી :**

(૧) શ્રીગોકુળ (૨) જતિપુરા (૩) કામર ગામ (૪) નરી-સેંવરી.

**(૨૮) એક શ્રીબાલકૃષ્ણજીનાં બેઠકજી :**

(૧) શ્રીગોકુલ.

**(૨૯) શ્રીગોકુલનાથજીનાં આઠ બેઠકજી :**

(૧) શ્રીગોકુલ (૨) વૃંદાવન (૩) રાધાકૃષ્ણકુંડ (૪) ચંદ્રસરોવર (૫) જતિપુરા (૬) કામવન (૭) કરહેલા (૮) રાસોલી.

**(૩૦) શ્રીરઘુનાથજીનાં એક બેઠકજી :**

(૧) શ્રીગોકુલ.

**(૩૧) શ્રીઘનશ્યામજીનાં એક બેઠકજી :**

(૧) શ્રીગોકુલ

**(૩૨) શ્રીહરિરાયજીનાં એક બેઠકજી :**

(૧) શ્રીગોકુલ

**(૩૩) શ્રીદામોદરદાસજીનાં બે બેઠકજી :**

(૧) શ્રીગોકુલ (૨) વૃંદાવન

**(૩૪) શ્રીગોવર્ધનનાથજીનાં ચાર બેઠકજી :**

(૧) શ્યામઢાક (૨) ગુલાલકુંડ (૩) ટોડનો ઘનો (૪) રાસોલી.

**(૩૫) શ્રીગોવર્ધનનાથજીનાં બે ચરણચોકી :**

(૧) શ્રીગિરિરાજજી પર મંદિરમાં (૨) મથુરા સતઘરામાં.

શ્રીભાગવતજી આજ્ઞા કરે છે :

**પાદૌ નૃણાં તૌ દ્રુમ જન્મભાજૌ ।**
**ક્ષેત્રાણિ નાનુ વ્રજતો હરેર્યૌ ॥**

(ભા. ૨-૩-૨૨)

વ્રજયાત્રા, ચાર ધામયાત્રા, તીર્થયાત્રા વગેરે યાત્રાઓ ન કરનારા અને શ્રીપ્રભુનાં મંદિરોએ દર્શન કરવા ન જનારા પગ કરતાં તો વૃક્ષ સારાં.

વૃક્ષનાં મૂળ જમીનમાં ચોંટેલાં હોવાથી, વૃક્ષ પરાધીન છે. તે યાત્રા કરવા કે દર્શન કરવા જઈ શકતાં નથી. છતાં તેમનાં બારે અંગથી મનુષ્યમાત્રની સેવા તો કરે છે.

**કામવન, કોટવન, નંદગામ, બરસાનો ।**
**ગોવર્ધન, રાધાકુંડ, હમ તો જાવેંગે ॥**
**ગાંઠોલીમેં જાય ચાર ગાંઠ કટાવે કછુ ।**
**મુખરાઈમેં જાય ઉન્હે મુખ ક્યા દિખાવેંગે ॥**
**ભટક ભટક માયામેં, ડોલે ક્યોં 'કરીમ' ।**
**ગોકુલમેં ન પાવે તો ઔર કહાં પાવેંગે ॥**
**મથુરા કો જાવે ઔ બૃંદાબન ધામેં ।**
**ચિત્ત શુદ્ધ કરિ લગાવે તો કૃષ્ણ મિલ જાયેંગે ॥**

# પરિશિષ્ટ : ૨
## વ્રજની અન્ય વિગતો

### (૧) વ્રજયાત્રા દરમ્યાન મુકામનાં સ્થળો અને સમય.

| અ.નં. | મુકામ સ્થળ | દિવસ |
|---|---|---|
| ૧. | મથુરા | ૨ |
| ૨. | મધુવન | ૧ |
| ૩. | શાંતનકુંડ | ૧ |
| ૪. | બહુલાવન | ૧ |
| ૫. | કુસુમસરોવર | ૧ |
| ૬. | ચંદ્રસરોવર | ૨ |
| ૭. | જતિપુરા | ૭ |
| ૮. | ડીગ | ૧ |
| ૯. | ઘાટા (સેવ) | ૧ |
| ૧૦. | કામવન | ૩ |
| ૧૧. | બરસાના | ૨ |
| ૧૨. | કરહેલા | ૧ |
| ૧૩. | નંદગામ | ૩ |
| ૧૪. | જાવ (કોકિલાવન) | ૧ |
| ૧૫. | કોટવન | ૧ |
| ૧૬. | કોશી | ૧ |
| ૧૭. | પૈગામ | ૧ |
| ૧૮. | શેરગઢ | ૧ |
| ૧૯. | ચીરઘાટ | ૧ |
| ૨૦. | બચ્છવન | ૧ |
| ૨૧. | વૃંદાવન | ૩ |
| ૨૨. | લોહવન | ૧ |
| ૨૩. | દાઉજી | ૧ |
| ૨૪. | શ્રીગોકુલ | ૨ |
| ૨૫. | મથુરા | ૧ |
| | | ૪૧ દિવસ |

### (૨) વ્રજયાત્રાનાં મુખ્ય સ્થળોમાં અંતર (આશરે માઈલમાં)

**(૧) મથુરાથી મધુવન :**
શિવતાલ ૧-મધુવન (મહોલી) -૩ : કુલ ૪.

**(૨) મધુવનથી કુમુદવન :** (મથુરાથી ૯ાા)
તાલવન (તારસી ગામ) - ૨ાા, કુમુદવન-૩ કુલ ૫ાા

**(૩) કુમુદવનથી શાંતનકુંડ** (મથુરાથી ૩)
શાંતનકુંડ (સતોહા ગામ) - ૭ાા

**(૪) શાંતનકુંડથી બહુલાવન** (મથુરાથી ૮)
ગણેશપુરા-૨-ફેંચરી-૨-બહુલાવન (બાડી ગામ)-૧ : કુલ ૫

**(૫) બહુલાવનથી અડીંગ** (મથુરાથી ૧૧)
સકના ગામ-૧-તોષગામ-૧૧ા-જિખિનગામ-૨-અડીંગ-૩ાા કુલ : ૮, બીજો રસ્તોઃ રાર ગામ-૨ાા-વિહારવન-૦ાાા-જિખિનગામ-૨-અડીંગ-૩ાા કુલઃ ૯.

**(૬) અડીંગથી કુસુમસરોવર :** (મથુરાથી ૧૫)
મુખરાઈ-૨ાા-રાધાકૃષ્ણકુંડ-૧ા-કુસુમસરોવર-૨ઃ કુલ ૫ાાા

**(૭) કુસુમસરોવરથી ચંદ્રસરોવર :** (મથુરાથી ૧૭ાા)
ગોવર્ધન-૧-જમનવતા-૦ાા-ચંદ્રસરોવર (પરાસોલી)૧ાા-પેંઠા-૧ાાા-બચ્છગામ-૩ાા : કુલ ૮ા

**(૮) ચંદ્રસરોવરથી જતિપુરા** (મથુરાથી ૧૭)
આન્યોર-૧ા-ગોવિંદકુંડ-૦ાાા-પૂછરી-૨-સુરભિકુંડ-૧ા-જતિપુરા-૦ાા કુલઃ ૬, જતિપુરાથી શ્યામઢાકઃ૩.

**(૯) જતિપુરાથી પસોયા** (મથુરાથી ૩૦)
ગાંઠયોલી-૨-ટોડના ઘના-૨-બહજ ગામ-૨ાા-ડીગ-૨ા-દીદાવલી-૩-ખોહગામ-૩ઃ કુલ ૧૭ાા, પસોયાથી અલીપુર-૨-બુઢેબદરી-૧ઃ૩, પસોયાથી બરોલીગામ-૧ા-બહાર-૧ા-કેદારનાથ-૧ાા : ૪.

**(૧૦) પસોયાથી પરમંદરા** (મથુરાથી ૨૬ાા)
આદિબદરી-૫-અલકનંદા-૧ાા-પરમંદરા-૧ાા- કુલ ૮

**(૧૧) પરમંદરાથી કામવન** (મથુરાથી ૩૬)
સેઉ-રા-ઘાટા-૦ાા-ઈન્દ્રોલી-ર-ઈન્દ્રકૂપ-૦ાા-મિલકુંડ-૩-કામવન-૧ઃ કુલ ૯ાા

**(૧૨) કામવનથી બરસાના** (મથુરાથી ૩૧):
કનવારો-૪-સુન્હેરાની કદંબખંડી-૧ાા-હરસુખ કો નગરા ૦ા-સુન્હેરા ગામ-૦ાા-ચિત્રવિચિત્ર શિલા-૧-દેહકુંડ-૦ાા-ઊંચોગામ-૦ા-ગેંદોખર-૧ાા-બરસાના-૧ઃ કુલ ૧૧, બરસાનાથી ડભારો-૧ા-નૌવારી-ચૌવારી-૦ાા-૧ાા, બરસાનાથી અંજનોખર-૩ાા-પિસાયા-૧ાા-લધોલી-૧ાા-કરહેલા-૧!કુલઃ ૭ાા, બરસાનાથી કમઈ-૧.

**(૧૩) બરસાનાથી સંકેતવન** (મથુરાથી ૩૪):
પ્રેમસરોવર(ગાજીપુર)-૧ાા-સંકેતવન-૧ાા- કુલઃ૩.

**(૧૪) સંકેતવનથી નંદગામ** (મથુરાથી ૨૬):
રીઠૌરા-૩-ભાનોખર-ર-ચહેરાના-૧-નંદગામ-૫-કુલઃ૧૧, નંદગામથી ટેર કદંબ-૧-ઉદ્ધવકયારી-૧ાા-ખિદરવન-રાા-કુલ : ૫

**(૧૫) નંદગામથી બડી બઠૈન** (મથુરાથી ૩૧ાા)
જાવગામ-રા-કોકિલાવન-૧ા-પાંડવગંગા-૧-કુંવરવન-૦ાા-બડીબઠેન-રાઃ કુલ ૭ાા.

**(૧૬) બડી બઠૈનથી કોટવન** (મથુરાથી ૩૨):
છોટીબઠૈન-૦ાા-ચરણગંગા-૧ાા-રાસૌલી-૧ાા-કોટવન-રા-કુલઃ ૬ા, બીજો રસ્તો છોટીબઠૈન-ચરણગંગા-૧ાા-કામરગામ-૫-દુર્વાસા આશ્રમ-૦ાા-રાસૌલી-૪-કોટવન-રા-કુલ ૧૩ાા.

**(૧૭) કોટવનથી શેષશાયી** (મથુરાથી ૩૩ાા):
ચમેલીવન-ર-હતનો-૧ાા-શેષશાયી-રા-કુલ ૫ાા-શેષશાયીથી નંદનવન-ચંદનવન-૧ાા-કોસી-૪ઃ કુલ ૫ાા.

**(૧૮) શેષશાયીથી પૈગામ** (મથુરાથી ૩૩):
બુખરારી-૩ાા!પૈગામ-૩ઃ કુલ ૬ાા. બીજો રસ્તો નંદનવન-ચંદનવન-૧ાા-કાબેનગામ-૩ાા-પૈયામ-૧ાાઃ કુલ ૭.

**(૧૯) પૈગામથી શેરગઢ** (મથુરાથી ૨૮):
બુખરારી-૩ાા-બડાઘાટ-૪ાા-ખેલનવન-લાલબાગ-રાા-શેરગઢ-ર, કુલ ૧૨ાા, બીજો રસ્તો બુખરારી-૩ાા-ખેલનવન-લાલબાગ-રાા-શેરગઢ-ર : કુલ ૮ા.

**(૨૦) શેરગઢથી ચીરઘાટ** (મથુરાથી ૨૪):
રામઘાટ-૧ાા-વિલાસવન-૦ાા-વિહારવન-૧-કાચરોટા-ર-અક્ષયવટ-૦ાા-ચીરઘાટ-૧ાાઃ કુલ ૭.

**(૨૧) ચીરઘાટથી બચ્છવન** (મથુરાથી ૧૭):
ગાંગરોલી-ર-નંદઘાટ-૧-ભયગામ-૦ા-વસઈગામ-૧ાા-સેઈગામ-રા-બચ્છવન-૦ા : કુલ ૭.

**(૨૨) બચ્છવનથી વૃંદાવન** (મથુરાથી ૮):
બીજોલી-૬-મેખવન-૧ાા-મુંજવન-૧ાા-ભાંડીરવન-૧ાા-શ્યામવન-૧-છાંડેરી-૦ાા-માટગામ-૧-બેલવન-૪ાા-વૃંદાવન-રાા : કુલ ૨૨ાા

**(૨૩) વૃંદાવનથી લોહવન** (મથુરાથી ૪):
માનસરોવર-૩-મથુરા-૮—લોહવન-૪ઃ કુલ ૧૫. બીજો રસ્તો માન સરોવર-૩-પાનીગાંવ-૦ાા-કલ્યાણપુર-૧-દીવાના-૧-માવલી-૦ા-શાહપુર-૦ાા-લોહવન-રાાઃ કુલ ૯.

**(૨૪) લોહવનથી દાઉજી** (મથુરાથી ૧૭):
રતિકોનગરા-ર-તારાપુર-રાા-અલીપુર-૧-ખાનપુર-ર-બંદી-આનંદી-૩-દાઉજી-૩ાા : કુલ ૧૪ા.

**(૨૫) દાઉજીથી ગોકુલ** (મથુરાથી ૧૦):
હતોડા-ર-ચિંતાહરણઘાટ-૧ા-બ્રહ્માંડઘાટ-૧ાા-મહાવન-૧ાા-રમણરેતી-૦ાા-ગોકુલ-૧ાાઃ કુલ ૮ા.

**(૨૬) ગોકુલથી મથુરા :** (મથુરાથી ૮ાા)
રાવલ-રાા-ગોપાલપુર-૧ાા-મથુરા-૪ાા : કુલ ૮ાા.

આમ, આશરે ત્રણસો માઇલની યાત્રા થાય છે. દોઢ માસ લાગે છે.

જેઓ યાત્રામાં જોડાઇને યાત્રા ન કરી શકે, તેઓ તેમના પરિવાર સાથે મથુરા કે ગોકુલ મુકામ રાખી ટેક્ષી કરીને વ્રજનાં સર્વ સ્થળોએ સન્મુખ થવા ઇચ્છે તો દસથી બાર દિવસમાં થઇ શકે. ભોમિયા તરીકે પોતાના ચોબાજીને સાથે લઇને જવું હિતાવહ છે.

સ્વતંત્ર રીતે વ્રજમાં જવા માટે મહા-ફાગણ (હોળી સુધી) અથવા ભાદરવો-આસો-કારતક ઉત્તમ ઋતુ છે. વ્રજમાં શિયાળો અને ઉનાળો બંને આકરા હોય છે.

**(૩) વ્રજનાં લીલાસ્થળોની સ્થાનીય પ્રદક્ષિણા :**

દરેક તીર્થની પ્રદક્ષિણા કરવાનો પણ મહિમા છે. તે અનુસાર વ્રજનાં લીલાસ્થળોની સ્થાનીય પ્રદક્ષિણા માટેનું અંતર કોસમાં નીચે પ્રમાણે છે.

(૧) મથુરા-૫ કોસ (૨) મથુરા મંડલ (મથુરા, ગરુડ ગોવિંદ અને વૃંદાવન) ૯ કોસ (૩) ગોવર્ધન-રાધાકુંડ-૭ કોસ (૪) વૃંદાવન-૫ કોસ (૫) નંદગામ ૨ કોસ (૬) બરસાના ૨ કોસ (૭) કામવન ૭ કોસ (૮) ગોકુલ ૩ કોસ (૯) દાઉજી ૨ાા કોસ (૧૦) મધુવન ૧ાા કોસ (૧૧) તાલવન ૦ાા કોસ (૧૨) કુમુદવન ૧ાા કોસ (૧૩) બહુલાવન ૨ કોસ (૧૪) ભાંડીરવન ૨ કોસ (૧૫) લોહવન ૧ાા કોસ.

## (૪) શ્રીગિરિરાજજીની પરિક્રમા :

(૧) મુખારવિંદ - જાન અજાનવૃક્ષ-ગોવર્ધન-રાધાકુંડ-માનસીગંગા-દાનઘાટી-ચંદ્રસરોવર-આન્યોર-પૂછરી-સુરભિકુંડ-મુખારવિંદ : ૯ કોસ.

(૨) મુખારવિંદ - જાન અજાનવૃક્ષ-ગોવર્ધન-રાધાકુંડ-માનસીગંગા-દાનઘાટી-આન્યોર-પૂછરી-સુરભિકુંડ-મુખારવિંદ: ૭ કોસ.

(૩) મુખારવિંદ : જાન અજાન વૃક્ષ-ગોવર્ધન-દાનઘાટી-આન્યોર-પૂછરી-સુરભિકુંડ-મુખારવિંદ: ૫ કોસ.

## (૪) શ્રીગિરિરાજજીની નિકુંજો (ષટઋતુ-દ્વાદશ નિકુંજ)

**(૧) વસંતઋતુ-નિકુંજ** બે (૧) પોખરાજની શ્રીસ્વામિનીજીની (૨) પુષ્પલતામય (શ્રીઠાકોરજીની) સ્થાનઃ પૂછરીથી દંડવતી શિલા, સમય સવારેઃ ૬.૦થી ૧૦.૦, સેવાઃ મંગળાથી ગોપીવલ્લભ.

મનોરથઃ દોલોત્સવ, સખીઃ વસંતી.

**(૨) ગ્રીષ્મ ઋતુ** - નિકુંજ બે (૧) પન્નાની જડાઉ (શ્રીલલિતાજીની) (૨) પુષ્પલતામય (શ્રીઠાકોરજીની) સ્થાનઃ દંડવતી શિલાથી માનસીગંગા. સમય સવારે ૧૦.૦થી બપોરે ૨.૦. સેવાઃ રાજભોગ.

મનોરથઃ ફૂલમંડળી, સખીઃ ગ્રીષ્મ.

**(૩) વર્ષાઋતુ** - નિકુંજ બે (૧) માણેકની જડાઉ (શ્રીવિશાખાજીની) (૨) પુષ્પલતામય (શ્રીઠાકોરજીની) સ્થાનઃ માનસીગંગાથી રાધાકુંડ. સમયઃ બપોરે ૨.૦થી સાંજે ૬.૦. સેવા : ઉત્થાપનથી સંધ્યા આરતી. મનોરથઃ હિંડોળા, સખીઃ વર્ષા.

**(૪) શરદઋતુ** - નિકુંજ બે (૧) હીરાની જડાઉ (શ્રીચંદ્રાવલીજીની) (૨) પુષ્પલતામય(શ્રીઠાકોરજીની) સ્થાનઃ રાધાકુંડથી ચંદ્રસરોવર. સમય સાંજે ૬.૦થી રાતે ૧૦.૦. સેવાઃ શયન. મનોરથઃ રાસોત્સવ. સખીઃ શરદ..

**(૫) હેમંતઋતુ** - નિકુંજ બે (૧) લહેરિયાદાર સોનાની મીનાની જડાઉ (યમુનાજીની) (૨) પુષ્પલતામય (શ્રીઠાકોરજીની) સ્થાનઃ ચંદ્રસરોવરથી આન્યોર. સમયઃ રાતના ૧૦.૦થી ૨.૦. સેવાઃ કુનવારો (અનોસરમાં) મનોરથઃ જાગરણ. સખીઃ હેમંત.

**(૬) શિશિર ઋતુ** - નિકુંજ બે (૧) નીલમણિ જડાઉની (શ્રીરાધાસહચરીજી) (૨) પુષ્પલતામય(શ્રીઠાકોરજીની) સ્થળઃ આન્યોરથી પૂછરી. સમયઃ રાતે ૨.૦થી સવારે ૬.૦. સેવાઃ મંગળભોગ. મનોરથઃવસંતખેલ. સખીઃ શિશિર.

## (૫) વ્રજનાં ૫૫ ભગવદ્અવયવ :

(૧) મથુરા-હૃદય (૨) મધુવન-નાભિ (૩) કુમુદવન-તાલવન-બે સ્તન (૪) વૃંદાવન-ભાલ (૫) બહુલાવન-મહાવન-બે બાહુ (૬) ભાંડીરવન-કોકિલાવન-બે હસ્ત (૭) ખદીરવન-ભદ્રવન-બે સ્કંધ (૮) છત્રવન-લોહવન-બે નેત્રો (૯) બિલ્વવન-માંટવન-બે કર્ણ (૧૦) કામવન-ચિબુક (૧૧) ત્રિવેણી સખી કૂપ-ઓષ્ઠ (૧૨) વિહ્વલાદિક વન-દાંત (૧૩) સુરભિવન-જિહ્વા (૧૪) મયૂરવન-લલાટ (૧૫) માનેંગિત વન-નાસિકા (૧૬) શેષશાયી-પરમાનંદ-બે નસકોરાં (૧૭) કરહલા-કટિપ્રદેશ (૧૮) કર્ણવન-લિંગ (૧૯) કૃષ્ણક્ષિપન-ગુદા (૨૦) નંદનવન-શિર (૨૧) ઇંદ્રવન-નિતંબ (૨૨) શિક્ષાવન-વાણી (૨૩) પંચવન-કરાંગુલી (૨૪) દસવન-ગોવર્ધન,જાવબટ, સંકેત, નારદ, જહ્નુ, મેનકા, કજ્જલ આદિ પાદાંગુલી.

## (૬) મથુરામાં નિવાસ :

૧. વિશ્રામઘાટની આજુબાજુના ઘાટોના વિસ્તારમાં ઘણી ધર્મશાળાઓ છે.

૨. છત્તાબજારમાં પણ ધર્મશાળાઓ છે.

૩. નવાં ગેસ્ટહાઉસ અને મોંઘી હોટેલો (થ્રી સ્ટાર) પણ બની છે.


## (૭) ગોકુલમાં નિવાસ :

સેવાકુંજ, ચિંતામણીમાધવકુંજ તથા નાની મોટી ધર્મશાળાઓ

## (૮) જતિપુરામાં નિવાસસ્થાન :

જાપાનવાલોંકી ધર્મશાળા, લોહાણા અતિથિભવન, નંદભવન, ગોપીભવન, સર્વોત્તમકુંજ, બિનાની ગેસ્ટ હાઉસ, મોદી ગેસ્ટ હાઉસ, કેસરીયા મંડળી.

■



# વ્રજચોર્યાસી કોશનાં લીલાસ્થાનો

મન પંછિ ચલૌ ઊડિ વહાઁ જૈયે ।
જહાઁ સ્યામસુંદર રાધારાની દોઉ પૈયે ॥
જહાઁ ગિરિતરહટી બસિ પરકમ્મા કરિયે ।
નિત નિત જમુનાજલ પાન કરત રહિયે ॥
ગોકુલ રમનરેતમેં ચલો સદા બસિયે ।
સાંકડીખોર પેં કાનકુંવર કો દધિ દાન દૈયે ॥
સુનહરા, કરહલા, રિઠોરા, બેલવન જઈયે ।
નંદગામ, બરસાના, કામવન સુખ લહિયે ॥
માનસીગંગા ન્હાય કે ચંદ્રસરોવર રાસ રચૈયે ।
કરિ સિંગાર કુસુમબન પિયાપ્રીતમ રીઝૈયે ॥
બાર બન ચૌવીસ ઉપવન ગૌ ચરૈયે ।
કુંડ કુંડ સ્નાન આચમન કરિ શુદ્ધિ પૈયે ॥

★ ★ ★

બ્રજ ચૌરાસી કૌસ હૈ, નિજધામ હમારો ।
વહીં સદા બસને કૌ હૈ લક્ષ હમારો ॥

# મથુરા

**મથુરામંડલં સાક્ષાન્મંદિરં મે પરાત્પરમ્ ।**
**લોકત્રયાત્પરં દિવ્યં પ્રલયેડપિ ન સંહૃતમ્ ॥**

**દિવ્યભૂમિ :**

ભારતમાં સાત પુરી સૌથી વધુ પવિત્ર કહેવાય છે. દ્વારિકા, મથુરા, અયોધ્યા, તથા અડધી વિષ્ણુકાંચી એ સાડાત્રણ પુરી વિષ્ણુપુરી છે. કાશી, ઉજ્જૈન, હરદ્વાર અને અડધી શિવકાંચી એ સાડાત્રણ પુરી શિવપુરી છે. આ સાત પુરી પૈકીની એક મથુરાપુરી છે.

મથુરાપુરી શ્રીવિષ્ણુએ સ્થાપિત કરેલી છે. દેવતાઓએ તેની રચના કરી છે. તેનો સંબંધ ગોલોક સાથે છે. તે એવી દિવ્ય ભૂમિ છે કે ભગવાન ત્યાં સદા સાક્ષાત્ બિરાજે છે. પ્રલયકાળમાં પણ તેનો નાશ થતો નથી. પુરાણોએ મથુરાપુરીના ઘણા યશ ગાયા છે.

**મથુરા જવાના માર્ગ :**

મથુરા દિલ્હી અને આગ્રા વચ્ચે શ્રીયમુનાજીના દક્ષિણ કિનારે આવેલું મોટું શહેર છે. મુંબઇથી વડોદરા થઇને ટ્રેઇન દ્વારા જઇ શકાય છે. એવી જ રીતે અમદાવાદથી પણ વડોદરા થઇને ટ્રેઇન દ્વારા મથુરા જઇ શકાય છે. મથુરા રેલ્વેનું મોટું જંકશન સ્ટેશન છે. પ્લેન દ્વારા જવા માટે દિલ્હી જવું પડે છે. ત્યાંથી મોટરમાર્ગે જઇ શકાય છે. એવી જ રીતે પ્લેન દ્વારા જયપુર જઇને ત્યાંથી પણ મોટરમાર્ગે મથુરા જઇ શકાય છે. શ્રીનાથદ્વારાથી મોટરમાર્ગે મથુરા છસ્સો કિલોમીટર થાય છે. અજમેર, જયપુર, ભરતપુર થઇને મથુરા જવાય છે. વૈષ્ણવો ચાહે તો માર્ગમાં અજમેર પાસે શ્રીપુષ્કરનાં બેઠકજીએ તથા કિશનગઢમાં રાજમહેલમાં બિરાજતા શ્રીમહાપ્રભુજીનાં અને શ્રીનાથજીની ચરણચોકીનાં દર્શન પણ કરી શકે છે.



વિશ્રામઘાટ, મથુરા

**મથુરાની સ્થાપના :**

મથુરા ઉત્તરપ્રદેશમાં આવેલું જિલ્લાનું કેન્દ્ર છે. ઘણું મોટું શહેર છે. તે સ્થાનની આજુબાજુ પુરાણકાળમાં મધુવન નામનું વન આવેલું હતું. ત્યાં મધુ નામના દૈત્યની આણ પ્રવર્તતી હતી. મધુનો પુત્ર લવણાસુર હતો. ત્રેતાયુગમાં તેણે શ્રીરામને પડકાર્યા હતા. તેથી શ્રીરામે પોતાના નાનાભાઇ શત્રુઘ્નને તેને હરાવવા મોકલ્યા. યુદ્ધમાં શત્રુઘ્ને લવણનો સંહાર કર્યો. ત્યારબાદ શત્રુઘ્ને મથુરાનગરની સ્થાપના કરી. ત્રેતાયુગમાં મથુરાનગર ઉપર આમ સૂર્યવંશના રાજાઓની આણ પ્રવર્તતી હતી.

ત્યારબાદ દ્વાપરયુગમાં મથુરાનો પ્રદેશ યાદવોના શાસન નીચે આવ્યો. ત્યાં યાદવ રાજા ઉગ્રસેનનું રાજ્ય થયું. ઉગ્રસેનના દુષ્ટપુત્ર કંસે તેના રાજયમાં અધર્મ વધાર્યો. આથી ભગવાન શ્રીકૃષ્ણ મથુરામાં પ્રકટ થયા.

તે સમયે મથુરામંડળનો વિસ્તાર વીસ ગાઉમાં ફેલાયેલો હતો.

આજે મથુરાની ચારે બાજુ ચાર પ્રખ્યાત શિવમંદિરો છે. પૂર્વમાં પીપલેશ્વર, પશ્ચિમમાં ભૂતેશ્વર, દક્ષિણમાં રંગેશ્વર, અને ઉત્તરમાં ગોકર્ણેશ્વર છે. શિવજી પરમ કૃષ્ણભક્ત હોવાથી તેઓ ભગવાન શ્રીકૃષ્ણની મથુરાપુરીનું રક્ષણ કરતા, મથુરાના કોટવાળ છે.

**વિશ્રામઘાટ નામ પડવાનું કારણ :**

મથુરામાં શ્રીયમુનાજી બિરાજે છે. શ્રીયમુનાજીના કિનારે લગભગ ચોવીસ ઘાટ આવેલા છે. તેમાં વિશ્રામઘાટ મુખ્ય છે. તેનું નામ વિશ્રામઘાટ પડ્યું. તેનાં બે કારણ છે. (૧) શ્રીયમુનામહારાણીજી ગોલોકમાંથી કલિંદ પર્વત ઉપર થઇને વ્રજમાં પધાર્યા ત્યારે તેમણે સૌ પહેલો વિશ્રામ અહીં કર્યો, કારણ કે મથુરા વ્રજનું પ્રવેશદ્વાર છે. તેથી આ ઘાટ વિશ્રામઘાટ કહેવાયો. (૨) ભગવાન શ્રીકૃષ્ણે કંસને મારીને શ્રીબળદેવજી સહિત અહીં પધારી, શ્રીયમુનાસ્નાન કરી, અહીં વિશ્રામ કર્યો હતો. આ ઘાટ ઉપર શ્રીકૃષ્ણ, શ્રીબળદેવજીનાં બેઠકના સ્થાને તેમનું મંદિર આવેલું છે. તેથી પણ આ ઘાટ વિશ્રામઘાટ કહેવાય છે.

**શ્રીમહાપ્રભુજીનું આગમન :**

શ્રીમહાપ્રભુજી ચૌદ વર્ષની વયે મથુરા પધાર્યા ત્યારે મથુરાના મુસલમાન સુબાએ વિશ્રામઘાટના પ્રવેશદ્વારે મંત્રેલું



શ્રીમહાપ્રભુજીની બેઠક, વિશ્રામઘાટ, મથુરા

એવું યંત્ર લગાડ્યું હતું, કે જેથી તે દ્વારમાંથી ઘાટ પર જનાર હિંદુઓની ચોટી આપોઆપ કપાઈ જતી અને મુસલમાનની દાઢી બની જતી. આમ, બળજબરીથી હિંદુઓને વટલાવી, મુસલમાન બનાવવામાં આવતા હતા. શ્રીમહાપ્રભુજીએ મથુરાના ઉજાગર નામના ચોબાજી તથા અન્ય નગરજનોની સાથે તે પ્રવેશદ્વારમાંથી પ્રવેશ કર્યો. તેમના પ્રતાપબળે કોઈની ચોટી કપાઈ નહિ અને દાઢી થઈ નહિ. શ્રીમહાપ્રભુજીએ આ યંત્ર ત્યાંથી હટાવડાવ્યું. પછી તેમણે વિશ્રામઘાટ પર બિરાજી, શ્રીયમુનાજીને શ્રીમદ્‌ભાગવતનું પારાયણ સંભળાવ્યું. તે સ્થાને આજે શ્રીમહાપ્રભુજીની બેઠક છે. બેઠકનું સ્થાન એક મોટા ગોખલા જેવું છે. મથુરાના ચોબાઓએ દક્ષિણા માટે ત્યાં કબજો કર્યો છે. પરિણામે, સંપ્રદાયની રીતે ત્યાં સેવા પ્રકાર નભતો નથી, પરંતુ વૈષ્ણવો ત્યાં ઝારી ભરી, ભોગ ધરે છે. શ્રીમહાપ્રભુજીએ અહીં વિશ્રામ કર્યો હોવાથી આ ઘાટ આપણા માટે વિશ્રામઘાટ છે.

જ્યારે ભગવાન શ્રીકૃષ્ણે હંમેશ માટે મથુરાનો ત્યાગ કર્યો અને દ્વારકા પધાર્યા, ત્યારે વ્રજ છોડતાં પહેલાં પોતાનાં મુરલી અને મુકુટ આ ઘાટ ઉપર પધરાવીને ગયા હતા. મુરલી અને મુકુટમાં પોતાનું સંપૂર્ણ ઐશ્વર્ય તેમણે પધરાવ્યું હતું. ત્યાં દરરોજ સાંજે શૃંગાર થાય છે. આ સ્થળને મંડળ કહેવામાં આવે છે.

### વિશ્રામઘાટ :

પ્રાચીન સમયમાં આ ઘાટ પથ્થરનો બનેલો હતો. હાલ તે સુંદર આરસનો બનેલો છે. શ્રીયમુનાજીના કિનારેથી ઘાટનાં પગથિયાં ચડતાં ભવ્ય પથ્થરનું તોરણ છે. એમ કહેવાય છે કે મધ્યપ્રદેશમાં આવેલા ઓડછાના રાજા નૃસિંહદેવજીએ અહીં પોતાનું તુલાદાન કરી, એકયાસી મણ સોનું બ્રાહ્મણોને દાનમાં આપ્યું હતું. એવી જ રીતે કાશીનરેશે પોણા બે મણ અને એક શેર સોનું અહીં તુલાદાનમાં આપ્યું હતું. જયપુર નરેશે સાત રતલ ચાંદી તુલાદાનમાં આપી હતી.

આ પથ્થરના તોરણ ઉપર બે મોટા ઘંટ લટકે છે. સવાર-સાંજ અહીં શ્રીયમુનાજીની આરતી થાય છે. તે સમયે તે વગાડવામાં આવે છે. ઘાટની વચ્ચે આરતી કરવાનો આરસનો ચોતરો છે. તે પર ઊભા રહીને ચોબાજી આરતી કરે છે. ઘાટની ત્રણે બાજુએ બંગલાની તિબારીઓ જેવી તિબારીઓ બનેલી છે. ત્યાં યાત્રાળુઓ બેસે છે. ચોબાજીઓ પણ ત્યાં બેસી જપપાઠ કરે છે. આ ઘાટ ઉપર દાન લેવાનો સર્વે ચોબાજીઓને સરખો હક્ક છે.

ઘાટ પર શ્રીયમુનાજીનું મંદિર છે.

ઘાટની નજીકમાં શ્રીકાશી વિશ્વનાથ મહાદેવજીનું મંદિર છે. એમ કહેવાય છે કે કૃષ્ણજન્મ સમયે શ્રીકૃષ્ણનાં દર્શન કરી, મહાદેવજીએ અહીં વિશ્રામ કર્યો હતો.

### વિશ્રામઘાટે-યમુનાસ્નાન-પાન-પૂજન :

વિશ્રામઘાટ ઉપર યમુનાસ્નાન અને યમુનાપાન કરવાનો ઘણો મહિમા છે. પુરાણોના મતે કુરુક્ષેત્રમાં સ્નાન કરવાથી જે પુણ્ય મળે, તેનાથી અહીં સ્નાન કરવાથી સો ગણું વધારે પુણ્ય મળે છે. તેથી વર્ષભરમાં લાખ્ખો શ્રદ્ધાળુ ભક્તો અહીં સ્નાન કરવા આવે છે. ભાઈબીજના દિવસે તો અસંખ્ય લોકો અહીં સ્નાન કરી, યમયાતનામાંથી મુક્તિ મેળવ્યાનો સંતોષ લે છે.

વ્રજની યાત્રાએ આવનારા વૈષ્ણવોને તેમના તીર્થગોર ચોબાજી શ્રીમહાપ્રભુજીની બેઠક પાસેના વિશ્રામઘાટે શ્રીયમુનાપૂજન કરાવે છે. વૈષ્ણવો આ સ્થળે શ્રીયમુના-મહારાણીની સન્મુખ થઈ, શ્રીયમુનાજીને દૂધ ચઢાવે છે. શ્રીઠાકોરજી અને શ્રીયમુનાજીને ભાવનાથી શ્રીયમુનાજીના પુલિન ઉપર પધરાવી, તિલક કરી, પુષ્પમાળા કે પુષ્પ ધરી, યથાશક્તિ દૂધઘરની સામગ્રીઓ ભોગ ધરી, શ્રીયમુનાષ્ટકના પાઠ કરે છે. પછી શ્રીયમુનાજળનું પાન કરે છે. પછી તે સામગ્રી શ્રીમહાપ્રભુજીને ભોગ ધરી, શ્રીસર્વોત્તમ સ્તોત્રના પાઠ કરે છે.

વહેલી સવારે અને સાંજે આ ઘાટ ઉપર એકાંતમાં બેસી, શ્રીયમુનાજીનાં દર્શન કરતાં કરતાં શ્રીયમુનાષ્ટકના બને તેટલા પાઠ કરવા. શ્રીયમુનાજીના સ્વરૂપનું મનન-ચિંતન કરવું.

શ્રીયમુનાજીના જળમાં નાવ ફરે છે. ઘણા લોકો તેમાં બેસી, શ્રીયમુનાજીના વિવિધ ઘાટોનાં દર્શન કરે છે અને શ્રીયમુનાજીની આરતીનાં પણ દર્શન કરે છે.

### વિશ્રામઘાટની રહસ્ય લીલા :

૮૦ કોશના વ્રજમાં પ્રવેશવાનો પ્રથમ દરવાજો વિશ્રામઘાટ છે. અહીં શ્રીસ્વામિનીજીની ભાવાત્મક નિકુંજ છે. એક વખત તે નિકુંજમાં શ્રીયુગલસ્વરૂપ બિરાજતાં હતાં, ત્યારે શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકોરજીને વિનંતી કરી કે, હું અવાર-નવાર માન કરું છું, આપ મારા પર કૃપા કરી, માન છોડાવો છો. આજે આપ માન કરો અને હું છોડાવું.



વિશ્રામઘાટે આરતી, મથુરા

શ્રીઠાકોરજીએ કહ્યું કે પુરુષ માન કરતા નથી. કરે તો છોડાવવું અઘરું પડે છે.

શ્રીસ્વામિનીજીએ હઠ ચાલુ રાખી, ત્યારે શ્રીઠાકોરજી શ્રીસ્વામિનીજીના વસ્ત્રશૃંગાર ધારણ કરી, શ્રીસ્વામિની સ્વરૂપે માન કરવા બિરાજ્યા. શ્રીસ્વામિનીજી શ્રીઠાકોરજીનું રૂપ લઇ, માન છોડાવવા ગયાં, પણ માન છૂટ્યું નહિ. શ્રીલલિતાજી અને શ્રીચંદ્રાવલીજીથી પણ માન છૂટ્યું નહિ. છેવટે શ્રીસ્વામિનીજીએ શ્રીયમુનાજીને વિનંતી કરી. શ્રીયમુનાજી શ્રીઠાકોરજીના મુકુટકાછનીના વસ્ત્રશૃંગાર ધારણ કર્યા. શ્રીહસ્તમાં કમળની માળા લઇ, શ્રીઠાકોરજી પાસે પધાર્યા. શ્રીઠાકોરજી હસતા હસતા શ્રીયમુનાજીને ભેટી પડ્યા અને કહ્યું : ''મારે શ્રીકિશોરીજી સાથે માન હતું, તમારી સાથે નહિ.'' શ્રીયમુનાજીને ઘણો આનંદ થયો. શ્રીઠાકોરજીને ધરાવવાની કમળની માળા તેમના શ્રીહસ્તમાં રહી ગઇ. શ્રીઠાકોરજીએ માન છોડ્યું અને શ્રીસ્વામિનીજી પ્રસન્ન થયાં. આ રહસ્યલીલા વિશ્રામઘાટની લીલા છે.

**૮૪-૨૫૨ વૈષ્ણવો પૈકી મથુરાના વૈષ્ણવો :**

શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીના સમયમાં મથુરામાં ઘણા વૈષ્ણવો રહેતા હતા. તેમાં એક સાધારણ સ્થિતિના વૈષ્ણવ હતા. તેઓ તેમના શ્રીઠાકોરજીને શેકેલા ચણાનો ભોગ ધરતા. રાતે ભગવદ્ મંડળીમાં આવતા વૈષ્ણવોને તેનો પ્રસાદ આપતા. ત્યાં એક પૈસાદાર શેઠ આવતા. તેઓ ચણાનો પ્રસાદ લેતા, પણ જમીન પર મૂકી દેતા. તે મંડળીમાં મહાદેવજી વૈષ્ણવનું રૂપ લઇને આવતા. શેઠે જમીન પર મૂકી દીધેલો પ્રસાદ વીણી લેતા.

મથુરાના એક વૈષ્ણવ ઉનાળામાં કેરીનો ટોપલો ખરીદી લાવ્યા. તેમણે તે કેરીઓ સિદ્ધ કરી, શ્રીઠાકોરજીને ભોગમાં ધરી. ત્યારે શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી કે વ્રજમાં ગોવિંદકુંડ પર આ કેરીઓ મને કુંભનદાસજીએ આરોગાવી છે. શ્રીઠાકોરજીએ સમજાવ્યું કે મારો ભક્ત મને જે કોઇ પ્રકારે જે-કંઇ ધરે છે તે હું પ્રસન્નતાથી અંગીકાર કરું છું.

મથુરામાં કવિરાજ ભાટ નામના સનોડિયા બ્રાહ્મણ શ્રીમહાપ્રભુજીને વિશ્રામઘાટે મળ્યા. તેમણે પ્રશ્ન કર્યોઃ દેવી મોટા કે મહાદેવ મોટા? શ્રીમહાપ્રભુજીએ કહ્યુંઃ શાસ્ત્રોના મતથી તો શ્રીઠાકોરજી મોટા છે. તેમણે પૂછ્યુંઃ શ્રીઠાકોરજી કેમ મોટા? શ્રીમહાપ્રભુજીએ કહ્યુંઃ ભગવાને મોહિનીરૂપ ધર્યું ત્યારે મહાદેવજી મોહિત થયા હતા, પરંતુ શ્રીઠાકોરજી મહાદેવજીના રૂપથી મોહિત થતા નથી. વળી, મહાદેવજી શ્રીઠાકોરજીને અધીન છે. શ્રીઠાકોરજી મહાદેવજીને અધીન નથી. આ કવિરાજ ભાટ શ્રીમહાપ્રભુજીના સેવક થયા હતા.

મથુરામાં નારાયણદાસ ભાટ રહેતા હતા. ભાટ હોવા છતાં કવિતા રચતાં આવડે નહિ. વિશ્રામઘાટ ઉપર બેસી રહે. એક દિવસ તેમણે વિશ્રામઘાટ ઉપર શ્રીમહાપ્રભુજીનાં દર્શન કર્યાં અને પૂછ્યુંઃ હું આવો મૂર્ખ કેમ થયો? મને દ્રવ્ય મળશે કે નહિ? શ્રીમહાપ્રભુજીએ જવાબ આપ્યોઃ તમને કવિતા રચતાં આવડતી નથી, તે સારું છે. નહીં તો શ્રીમંત લોકોની પ્રશંસા કરતો, તેમની આગળ-પાછળ રખડતો હોત. તારા ભાગ્યમાં દ્રવ્ય નથી. દ્રવ્ય પ્રભુ ન આપે તે પણ તેમની કૃપા છે. આ નારાયણદાસ પણ શ્રીમહાપ્રભુજીના સેવક થયા હતા.

આવા, અનેક વૈષ્ણવો મથુરામાં થઇ ગયા. વિશ્રામઘાટે જઇએ, ત્યારે આ વૈષ્ણવોને યાદ કરી, તેમને વંદન કરવાં. એ વૈષ્ણવોની કૃપા યાચવી.

**મથુરામાં આવેલાં પુષ્ટિમાર્ગીય મંદિરો :**

**(૧) શ્રીદ્વારકાધીશજીનું મંદિર :**

આ મંદિર શ્રીરાજાધિરાજના મંદિર તરીકે જાણીતું છે. મથુરા શહેરના મધ્યમાં વિશ્રામઘાટની પાસે, બજારમાં આવેલું છે. ગ્વાલિયરના શેઠ લક્ષ્મીચંદજીએ સંવત ૧૮૭૦માં અઢળક દ્રવ્ય ખર્ચીને આ ભવ્ય મંદિરનું નિર્માણ કર્યું હતું. હાલ તે તૃતીય પીઠાધીશ ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રીના માથે બિરાજે છે. મંદિરના ઘુમ્મટમાં શ્રીકૃષ્ણલીલાનાં સુંદર ચિત્રો જોવા મળે છે. દર્શનાર્થીઓની ઘણી ભીડ રહે છે.

**(૨) શ્રીદાઉજી-મદનમોહનજીનું મંદિર :**

વ્રજયાત્રાના પરમ આગ્રહી ગો.શ્રીગોપાલલાલજી મહારાજશ્રીનું આ મંદિર બંગાળી ઘાટ ઉપર આવેલું છે. તે હાલ ગો. શ્રીયદુનાથજી મહારાજશ્રીના માથે બિરાજે છે. ત્યાં શ્રીગુસાંઇજીના સેવક ઋષિકેશજીના સેવ્ય શ્રીમદનમોહનજી અને શ્રીસ્વામિનીજી બિરાજે છે. બીજું સ્વરૂપ શ્રીદાઉજીનું બિરાજે




શ્રીદ્વારકાધીશજી (શ્રીરાજાધિરાજ)નું મંદિર, મથુરા

છે. ત્રીજા શ્રીઅષ્ટભુજાજી બિરાજે છે. ચોથું સ્વરૂપ શ્રીઅદ્ભુત-રાયજીનું બિરાજે છે, જે શ્રીગુસાંઇજીએ શ્રીનાથજીના પ્રસાદી ચંદનમાંથી સિદ્ધ કર્યું હતું. આ મંદિર પણ ઘણું ભવ્ય છે.

**(૩) શ્રીછોટે મદનમોહનજીનું મંદિર :**

આ મંદિર પણ બંગાળીઘાટ ઉપર, શ્રીદાઉજી-મદન-મોહનજી મંદિરની બાજુમાં જ છે. તે ગો.શ્રીવ્રજરમણલાલજી મહારાજશ્રીના માથે બિરાજે છે. તેમાં શ્રીગુસાંઇજીના સેવક કનોજિયા બ્રાહ્મણ દંપતીના સેવ્ય શ્રીમદનમોહનજી શ્રીસ્વામિનીજી બિરાજે છે. શ્રીમદનમોહનજીનું સ્વરૂપ શ્રીગુસાંઇજીએ શાલિગ્રામમાંથી પ્રકટ કર્યું હતું. દેવીની મૂર્તિમાંથી શ્રીસ્વામિનીજીનું સ્વરૂપ પ્રકટ થયું હતું. બીજું સ્વરૂપ શ્રીદ્વારકાનાથજીનું બિરાજે છે, જેમની સેવા શ્રીગુસાંઇજીના સેવક મેડતાના રાજા જયમલજીએ કરી હતી. ત્રીજું સ્વરૂપ ઉજ્જૈનના ગોકુલ ભટ્ટના સેવ્ય શ્રીમથુરાનાથજીનું છે.

**(૪) શ્રીનાથજીનું મંદિર :**

પથ્થરની સુંદર કારીગરીવાળું માણેકચોકમાં આવેલું આ મંદિર દર્શનીય છે. તેમાં જ્યોતિષ વિષયક વિવિધ યંત્રો જોવાલાયક છે.

**(૫) શ્રીગોવર્ધનનાથજીનું મંદિર :**

આ મંદિર વિશ્રામઘાટ પાસે, સતીબુર્જ પાસે આવેલું છે.

**(૬) શ્રીગોવર્ધનનાથજીનું બીજું મંદિર :**

સ્થાપત્ય કલાના ગૌરવસમું આ વિશાળ અને સુંદર મંદિર સ્વામીઘાટ ઉપર આવેલું છે. તે કાંકરોલીની માલિકીનું છે. હાલમાં ત્યાં શ્રીઠાકોરજી બિરાજતા નથી. આ મંદિર સંવત ૧૮૮૬માં વડોદરા રાજયના કામદાર શ્રી બાબુ શેઠે બંધાવ્યું હતું.

**(૭) સતઘરા (શ્રીનાથજીની ચરણચોકી) :**

શ્રીગુસાંઇજી કાયમ માટે અડેલ છોડીને પધાર્યા, ત્યારે ગઢાનાં રાણી દુર્ગાવતીએ શ્રીગુસાંઇજીને બિરાજવા માટે સંવત ૧૬૨૩માં આ વિશાળ મકાન બનાવ્યું હતું. શ્રીગુસાંઇજીના સાત લાલજીનાં સાત ઘર અહીં હતાં. સાત ઘરનું અપભ્રંશ 'સતઘરા' થયું. શ્રીનાથજી સંવત ૧૬૨૩માં મહા વદ સાતમે શ્રીગિરિધરજીની સાથે શ્રીગિરિરાજજીથી અહીં પધાર્યા હતા. તે દિવસે શ્રીગુસાંઇજીના પરિવારે તેમને હોળીખેલ ખેલાવ્યો હતો. શ્રીનાથજી અહીં વૈશાખ સુદ ચૌદશ સુધી બિરાજયા હતા. તેથી અહીં શ્રીનાથજીનાં ચરણચોકી છે. ત્યાં દૂધઘરનો



શ્રીકૃષ્ણ જન્મભૂમિ, મથુરા (શ્રીકેશવરાયજીનું મંદિર)

ભોગ ધરાય છે.

**(૮) મથુરાનાં અન્ય દર્શનીય સ્થાનો :**

(૧) શ્યામઘાટ પાસે અષ્ટછાપ ભગવદીય શ્રીછીત-સ્વામીજીનું ઘરમંદિર આવેલું છે. ત્યાં શ્રીછીતસ્વામીજીના શ્રીઠાકોરજીની સેવા શ્રીછીતસ્વામીજીના વંશજો કરે છે.

(૨) **શ્રીયમુનાજીનું મંદિર** : વિશ્રામઘાટ ઉપર પાકા પથ્થરનું બનેલું છે. સવાર-સાંજ અહીંથી શ્રીયમુનાજીની આરતી થાય છે. ભાઈબીજે તેમનાં દર્શન કરવાનું ઘણું મહત્ત્વ મનાય છે.

(૩) **શ્રીકેશવદેવજીનું મંદિર (શ્રીકૃષ્ણજન્મ સ્થાન)** : મથુરાનું આ સૌથી પ્રાચીન પવિત્ર સ્થાન છે. યાદવોના સમયમાં અહીં કંસની જેલ હતી, જ્યાં શ્રીકૃષ્ણ પ્રકટ થયા હતા. તેની યાદમાં છેલ્લાં બે હજાર વર્ષોમાં અનેક વખત અહીં મંદિર બન્યું અને મુસલમાનોએ તોડ્યું. હાલમાં પણ મંદિરની જગ્યામાં જ મસ્જિદ બનેલી છે.

શ્રીકૃષ્ણના પ્રપૌત્ર વજ્રનાભજીએ સૌ પ્રથમ અહીં મંદિર બનાવીને શ્રીકેશવદેવજીનું સ્વરૂપ પધરાવ્યું હતું. પછી શક-ક્ષત્રપ સમયમાં વિ.સં.ના આરંભમાં નવું મંદિર બન્યું. બાદ પાંચમી સદીમાં ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યે ફરીથી બનાવ્યું. તે અગિયારમી સદીમાં મહંમદ ગઝનીએ તોડ્યું. તેરમી સદીમાં રાજા વિજયપાલ દેવે ત્રીજી વખત બંધાવ્યું, તે સોળમી સદીમાં સિકંદર લોદીએ તોડ્યું. સત્તરમી સદીમાં ઓડછાના રાજા વીરસિંહદેવે ચોથી વખત જહાંગીરના સમયમાં બંધાવ્યું. તે અઢારમી સદીમાં ઔરંગઝેબે તોડ્યું અને ત્યાં મસ્જિદ બાંધી. ઓગણીસમી સદીમાં જયપુરના મહારાજા સવાઈ જયસિંહે પાંચમી વખત બંધાવેલું મંદિર આજે દર્શનીય છે.

શ્રીગુસાંઈજી મથુરા બિરાજતા, ત્યારે અહીં દરરોજ શ્રીકેશવદેવજીનાં દર્શન કરવા પધારતા. શ્રીમહાપ્રભુજીના સેવક ગોવિંદદાસ ભલ્લાએ પણ શ્રીકેશવરાયજીની સેવા કરી હતી.

(૪) **પોતરાકુંડ** : શ્રીકૃષ્ણ જન્મસ્થાનની નજીકમાં પોતરા-કુંડ છે. ચોરસ પાકો બાંધેલો આ કુંડ દર્શનીય છે. ત્યાં શ્રીબાલકૃષ્ણનાં વસ્ત્રો ધોવાયાં હતાં, એમ કહેવાય છે.

(૫) **સતી બુર્જ** : ૫૫ ફૂટ ઊંચો ચોખંડો આ સ્તૂપ પ્રયાગઘાટ પાસે છે. અહીં જયપૂરના રાજા બિહારમલની રાણી સતી થઈ હતી. તેના પુત્ર ભગવાનદાસે સંવત ૧૩૨૬માં તે બંધાવ્યો હતો.

(૬) **કંસનો કિલ્લો** : શ્રીયમુનાકિનારે સ્વામી ઘાટથી થોડેક ઉત્તરે આવેલ આ કિલ્લો હાલમાં ખંડેર જેવો છે. અકબરના સમયમાં રાજા માનસિંહે તે ફરી બંધાવેલો. બીજા બાજીરાવ પેશ્વાએ તેનો જીર્ણોદ્ધાર કરાવેલો.

(૭) **મ્યુઝિયમ** : ડેમ્પિયર પાર્કમાં આવેલું પુરાતત્ત્વ અવશેષોનું મ્યુઝિયમ વિશ્વનાં વિખ્યાત મ્યુઝિયમોમાંનું એક છે. તે મથુરાના પ્રાચીન ઈતિહાસનું સંગ્રહભવન છે, જે જોવાલાયક છે.

(૮) **અંબરીશ ટીલા** : કૃષ્ણગંગા ઘાટથી આગળ જતાં રાજા અંબરીશનો ટીલો આવે છે. અહીં રાજા અંબરીશે એકાદશી વ્રતના અનુષ્ઠાનનાં પારણાં કરેલાં, ત્યારે દુર્વાસા ઋષિએ ક્રોધ કરતાં, તેમની પાછળ સુદર્શન ચક્ર પડેલું. તે કથા પ્રસિદ્ધ છે.

(૯) **દુર્વાસા ઋષિનો આશ્રમ** : શ્રીયમુનાજીના સામા કિનારે છે.

**(૯) મથુરાનો મહિમા :**

(૧) **મથુરા ભગવાન યત્ર નિત્યં સંનિહિતો હરિઃ ।**

(શ્રીભાગ.૧૦-૧-૨૦)

ભગવાન સર્વ વ્યાપક હોવા છતાં નિત્ય મથુરામાં બિરાજે છે.

(૨) **મથ્યતે તુ જગત્સર્વં બ્રહ્મજ્ઞાનેન યેન વા ।**
**તત્સારભૂતં યદ્યત્સ્યાન્મથુરા સા નિગદ્યતે ॥**

(ગોપાલોત્તરતાપિન્યુપનિષદ)

જે બ્રહ્મજ્ઞાન માટે સર્વ જગતનું મથન કરે છે, તેના સારભૂત ભગવાન જ્યાં છે, તે મથુરા કહેવાય છે.

(૩) **ચક્રેણ રક્ષિતા હિ મથુરા ।**

શ્રીસુદર્શનચક્રથી રક્ષાયેલી તે મથુરા.

(૪)**શત્રુઘ્નશ્ચ મધોઃ પુત્ર લવણ નામ રાક્ષસમ્ ।**
**હત્વા મધુવને ચક્રે મથુરા નામ વૈ પુરીમ્ ॥**

(શ્રીભાગવત-૧૧-૧૩)

શત્રુઘ્ને મધુના પુત્ર લવણ રાક્ષસને મારી, મધુવનમાં મથુરાપુરી વસાવી.

(૫)**અહો મધુપુરી ધન્યા વૈકુંઠાત્ ચ ગરીયસી ।**
**વિના કૃષ્ણપ્રસાદેન ક્ષણમેકં ન તિષ્ઠતિ ॥**

અહો! મધુપુરીને ધન્ય છે, વૈકુંઠથી તે ઉત્તમ છે, તે એક ક્ષણ પણ કૃષ્ણની કૃપાથી વંચિત નથી.


(૬)મથુરેતિ ત્રિવર્ણીયં ત્રયતોઽપિ ગરીયસી ।
સા ધાવતિ પરંબ્રહ્મ બ્રહ્મ તામનુધાવતિ ॥

મથુરાના ત્રણ અક્ષરો મ-થુ-રા, ત્રણ વેદથી પણ ઉત્તમ છે. વેદો પરબ્રહ્મને અનુસરે છે. બ્રહ્મ મથુરાની પાછળ દોડે છે.

(૭) દદર્શ તાં સ્ફાટિક તુંગીપુર.....

(શ્રીભાગ.૧૦-૪૧, ૨૦થી ૨૩)

ભગવાન શ્રીકૃષ્ણે મથુરામાં પ્રવેશ કરતાં સ્ફટિકમણિના ઊંચા ઊંચા મુખ્ય દરવાજા, તેમનાં સોને મઢેલાં બારણાં અને તોરણો જોયાં. તેનો કોટ તાંબા-પિત્તળનો છે. આસપાસ ઊંડી અને પહોળી ખાઇઓ છે. બગીચાઓ અને ઉપવનોની શોભા છે. સોનાનાં શિખરોવાળી હવેલીઓ, મહેલો, બગીચા, કારીગરોનાં સ્થાનો, સભાસ્થાનો, અને પ્રજાનાં ભવનો છે. વૈદૂર્ય, હીરા, સ્ફાટિક, નીલમ, પરવાળાં, મોતી, પન્ના, જેવાં કિંમતી રત્નો જડેલાં છજાં, ઝરુખા છે. તેમાં મોર-કબૂતર, જેવાં પક્ષીઓ કલરવ કરે છે. રસ્તાઓ પર સુગંધી જળનો છંટકાવ થયેલો છે. ફૂલો, ગજરા, જવારા, ચોખા, જવ વેરાયેલાં છે. શહેરના દરવાજાઓ ધરો, કળશ, દહીં, ચંદન, ફૂલ, દીવા, તોરણ, ફળો, નાની ધજાઓ, રેશમી વસ્ત્રોથી શણગારેલા છે.



અંતગૃહી પરિક્રમા માર્ગ, મથુરા

**(૧૦) મથુરાની પરિક્રમા :**

(ક) દર મહિનાની અગિયારસ, પૂનમ અને અમાસે મથુરાની પંચકોશી પરિક્રમા થાય છે.

(ખ) કારતક સુદ નોમ અને અગિયારસે વૃંદાવન સહિત મથુરાની પરિક્રમા થાય છે.

**(૧૧) મથુરામાં શ્રીયમુનાજીના ઘાટ :**

(૧) વિશ્રામઘાટ (૨) બંગાળી ઘાટ (૩) રામ ઘાટ (૪) શ્યામ ઘાટ (૫) પ્રયાગ ઘાટ (૬) સ્વામી ઘાટ (૭) ધ્રુવ ઘાટ (૮) કૃષ્ણગંગા ઘાટ (૯) સરસ્વતી સંગમ ઘાટ મુખ્ય છે.

**મથુરાની અંતર્ગૃહી પરિક્રમા :**

ભાદરવા મહિનામાં વ્રજની લીલી પરિક્રમા કરનાર વૈષ્ણવો પરિક્રમા શરૂ થવાના આગલા દિવસે શ્રીવિશ્રામઘાટ ઉપર, જયાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી બિરાજે છે ત્યાં, પોતાના તીર્થગોરની સહાયથી શ્રીયમુનાજીનું પૂજન કરી, ભોગ ધરી, શ્રીફળ ભેટ ધરી, શ્રીમહાપ્રભુજીની આજ્ઞા લઇને, તીર્થગોર દ્વારા વ્રજયાત્રાના નિયમ લે છે અને તેનું પાલન કરવાનો સંકલ્પ કરે છે. ત્યારબાદ યાત્રાનાયક પૂ. ગોસ્વામી બાળકના નેતૃત્વમાં, વાજતે-ગાજતે, બધા યાત્રીઓ મથુરાની અંતર્ગૃહી પરિક્રમા કરે છે. પ્રથમ વિશ્રામઘાટ ઉપર આવેલ શ્રીકમળાબેટીજીના મંદિરમાં શ્રીનાથજીનાં દર્શન કરીને, દાઉજીના ઘાટ થઇ, ઊંચે ટેકરા પર શ્રીછીતસ્વામીજીના શ્રીઠાકોરજી શ્રીશ્યામ-વિહારીજીનાં દર્શન કરી, શ્રીગોપાલલાલજી મહારાજના મંદિરે શ્રીમદનમોહનજી અને

શ્રીદાઉજીનાં દર્શન કરે છે. મંદિરમાં જ સીડી ચઢી, ઉપર બીજું મંદિર છે, જયાં શ્રીઅષ્ટભુજાજી બિરાજે છે, ત્યાં દર્શન કરે છે. પછી બાજુમાં શ્રીવ્રજરમણલાલજી મહારાજના મંદિરમાં શ્રીમદનમોહનજી, શ્રીદ્વારકાનાથજી અને શ્રીમથુરાનાથજીના મંદિરે દર્શન કરે છે. શ્રીગોકુળનાથજીના મંદિરે શ્રીગોકુળનાથજીનાં દર્શન કરે છે. ત્યાંથી દાઉજીની ગલીમાં થઈને સતઘરા જાય છે. સતઘરામાં શ્રીનાથજીનાં ચરણચોકીનાં દર્શન કરી, દંડવત્ કરે છે. ત્યાંથી ચોબાગલીમાં શત્રુઘ્નજીનું મંદિર છે. ત્યાં દર્શન કરી, ત્યાંથી ગતશ્રમનારાયણનાં દર્શને જાય છે. ત્યાંથી આદિવરાહજીનાં દર્શન કરી, પદ્મનાભદેવજી અને મનસાદેવીને વંદન કરવા જાય છે. ત્યાંથી શ્રીજમુનાબેટીજીનાં શ્રીનાથજીનાં મંદિરે દર્શન કરી, શ્રીરાજાધિરાજના મંદિરમાં શ્રીદ્વારકાધીશજીનાં દર્શન કરે છે. ત્યાંથી આગળના ઘાટે શ્રીરાધારમણજી બિરાજે છે. તેમનાં દર્શન કરે છે અને ત્યાંથી વિશ્રામઘાટ આવી, શ્રીમહાપ્રભુજી અને શ્રીયમુનાજીને દંડવત્ કરે છે. આમ, મથુરાની અંતર્ગૃહી પરિક્રમા પૂરી થાય છે.

મથુરાની અંતર્ગૃહી પરિક્રમા કયારેક નીચે પ્રમાણે પણ થાય છે. વિશ્રામઘાટથી શ્રીછોટેમદનમોહનજી અને શ્રીબડે મદનમોહનજીના મંદિરે થઈ, ભીખાચંદ શેઠની ગલીમાં થઈ, સતઘરામાં શ્રીનાથજીની ચરણચોકીનાં દર્શન કરી, હનુમાનગલીમાં થઈ, બારીગલીમાં શ્રીશત્રુઘ્નજીના મંદિરે દર્શન કરી, બાજુમાં આવેલ શ્રીગોપાલજીના મંદિરે થઈ, ચોબરચા મહોલ્લામાં થઈ, શ્રીપદ્મનાભજીના મંદિરે દર્શન કરી, ત્યાંથી મહોલ્લે કી પોર અને નગલાપાઈસામાં થઈ, શીતલાપાઈસામાં શ્રીમથુરાદેવીના મંદિરે થઈ, શ્રીદીર્ઘવિષ્ણુના મંદિરે દર્શન કરી, ગજાપાઈસામાં થઈ, શ્રીજમુનાબેટીજીના શ્રીનાથજીના મંદિરે દર્શન કરી, ત્યાંથી માણેકચોકમાં આદિવરાહ શ્વેતવારાહજીનાં દર્શન કરી, કકોરનકી ઘાટી થઈ, ગતશ્રમનારાયણના જૂના મંદિરે દર્શન કરી, શ્યામઘાટ પર છીતસ્વામીજીના ઠાકોરજી શ્રીશ્યામજીના મંદિરે દર્શન કરી, વિશ્રામઘાટ આવે છે.

આ અંતર્ગૃહી પરિક્રમાનું અંતર પાંચ કોશ (એક કોશ એટલે એક ગાઉ)નું હોય છે. ત્યાંથી બીજા દિવસે યાત્રા મધુવન જવા નીકળે છે.

# મધુવન

**તત્તાત ગચ્છ ભદ્રં તે યમુનાયાસ્તટ શૂચિ ।**
**પુણ્યં મધુવનં યત્ર સાન્નિધ્યં નિત્યદા હરેઃ ॥**

## મધુવન જવાનો માર્ગ :

યાત્રાનો પહેલો મુકામ મધુવનમાં પડે છે. મથુરામાં કૃષ્ણજન્મસ્થાનેથી આગળ જતાં બાબા જયગુરુદેવ સંસ્થા નિર્મિત સાત મજલાનું એક ભવ્ય મંદિર સડકના જમણા હાથે બની રહ્યું છે. ત્યાંથી બાજુમાં એક નાનકડી સડક મધુવન જાય છે. મધુવન ગામનું નામ મહૌલી છે. તે મથુરાથી ચાર માઈલ દૂર છે. સડક તૂટીફૂટી છે. રસ્તો સાંકડો છે.

## મધુવનનું પ્રાચીન માહાત્મ્ય :

મહૌલી ગામની આજુબાજુમાં મધુવન આવેલું છે. વ્રજનાં બાર વનોમાંનું આ પહેલું વન છે. અતિ પ્રાચીન કાળથી આ સ્થાન પ્રસિદ્ધ છે. ઘણા પ્રાચીન કાળમાં શ્રીયમુનાજીનો પ્રવાહ હાલના મધુવન પાસેથી વહેતો હતો.

શ્રીભાગવતજીમાં ધ્રુવકુમારની કથા આવે છે. ઉત્તાનપાદ રાજાના પુત્ર ધ્રુવકુમારે અહીં જ શ્રીયમુનાજીના કિનારે, પાંચ વર્ષની ઉંમરે અત્યંત કઠણ તપ કરી, ભગવાનને પ્રસન્ન કરીને ધ્રુવલોકનું રાજય પ્રાપ્ત કર્યું હતું.

અતિ પ્રાચીન સમયમાં અહીં મધુ નામના દૈત્ય રાજાનું રાજય હતું. તેના નામ પરથી આ પ્રદેશનું નામ મધુવન પડ્યું હતું. મધુ દૈત્યના પુત્ર લવણને મારીને શ્રીરામના નાના ભાઈ શત્રુઘ્ને મધુવનનું રાજય મેળવ્યું હતું.

## માર્ગમાં આવતાં દર્શનીય સ્થાનો :

### (૧) શીતલાકુંડ :

મધુવન જતાં રસ્તામાં, મથુરાથી એક માઈલ દૂર શીતલાકુંડ આવે છે. તે મોટા સરોવર જેવો છે. મથુરામાં



શ્રીકૃષ્ણકુંડ, મધુવન

ભગતસિંહ પાર્કની બહાર વૃંદાવન જતી રેલ્વે લાઇનની સામી બાજુએ મધુવન વચ્ચેના માર્ગમાં તે છે. સંવત ૧૮૦૭માં બનારસના એક શ્રીમંતે આ સરોવર બનાવ્યું હતું. તે અષ્ટકોણ છે. બાંધણી બહુ સુંદર છે. ચારે ય બાજુ લીલાંછમ વૃક્ષોથી સરોવર શોભે છે. અહીં શ્રીશિવજીએ કૃષ્ણપ્રાપ્તિ માટે તપ કર્યું હતું. મધુવનના ક્ષેત્રપાળ શ્રીભૂતલેશ્વરમહાદેવ કહેવાય છે. મધુવનમાં પ્રવેશવાની આ પહેલી પોળ છે. ત્યાં શિવતાલબિહારીનાં દર્શન છે.

**(૨) ધ્રુવ ટીલો :**

ત્યાંથી આગળ ધ્રુવકુમારને નારદજીનો સમાગમ થયેલો અને નારદજીએ ધ્રુવકુમારને તપ કરવાનો વિધિ બતાવ્યો, તે સ્થળ આવે છે. તે ધ્રુવ ટીલો કહેવાય છે.

ત્યાંથી આગળ ચાલતાં રસ્તામાં શ્રીધ્રુવજીના ચરણની છત્રી છે. ત્યાંથી લવણાસુરની ગુફાએ જવાય છે. ત્યાંથી ધ્રુવટીલા ઉપર જવાય છે. અહીં ધ્રુવજીએ તપ કર્યુ હતું. શ્રીચતુર્ભૂજ ભગવાને અહીં ધ્રુવજીને દર્શન આપી, વરદાન આપ્યું હતું. અહીં શ્રીધ્રુવનારાયણજીનાં દર્શન છે.

**મધુવનનાં દર્શનીય સ્થાનો :**

**કૃષ્ણકુંડ :** ત્યાંથી મધુવન ગામમાં જવાય છે. ગામના બીજા છેડે સુંદર મોટો કુંડ છે. તેને મધુકુંડ અથવા કૃષ્ણકુંડ કહેવામાં આવે છે. બંને નામથી આ કુંડ પ્રસિદ્ધ છે. ત્યાં શ્રીમધુવનબિહારીજી અને શ્રીદાઉજીનાં દર્શન છે. શ્રીમધુવન-બિહારીજીને અહીં શ્રીમધુવનિયા ઠાકોર તરીકે પણ ઓળખવામાં આવે છે. તે ચતુર્ભુજ સ્વરૂપ છે. એમ કહેવાય છે કે શ્રીકૃષ્ણના પ્રપૌત્ર વજ્રનાભજીએ આ સ્વરૂપ પધરાવ્યું હતું. અહીં દર વર્ષે ભાદરવા વદ અગિયારસે મોટો મેળો ભરાય છે. કુંડની એક પાળે શ્રીવલ્લભઘાટ છે. ત્યાં શ્રીમહાપ્રભુજી બેઠકજી બિરાજે છે. આ બેઠકજી પોરબંદરવાળા ગો.શ્રીરસિકરાયજી મહારાજશ્રીને માથે બિરાજે છે. મધુવનની દોઢ કોશની પરિક્રમા પણ કેટલાક ભાવિકો કરે છે.

**શ્રીબેઠકજીનું ચરિત્ર :**

શ્રીમહાપ્રભુજી વ્રજપરિક્રમા કરતાં અહીં પધાર્યા હતા. તેમની સાથે વાસુદેવદાસ છકડા, યાદવેન્દ્રદાસ કુંભાર, ગોવિંદ દવે, માધવ ભટ્ટ કાશ્મીરી, સૂરદાસ અને પરમાનંદદાસ એમ છ સેવકો હતા. શ્રીમહાપ્રભુજીએ અહીં કૃષ્ણકુંડ ઉપર, કદંબના



શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી, મધુવન

વૃક્ષ નીચે બિરાજી, સાત દિવસ સુધી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યુ હતું. શ્રીમધુવનિયા ઠાકોરજી નિત્ય આ કથા સાંભળવા પધારતા હતા.

એક દિવસ શ્રીમધુવનિયા ઠાકોરજી શ્રીમહાપ્રભુજીની આગળ બાલભાવે રડવા લાગ્યા. શ્રીમહાપ્રભુજીએ તેમને રડવાનું કારણ પૂછ્યું. ત્યારે શ્રીઠાકોરજીએ કહ્યું : હું તો ધ્રુવને વરદાન આપવા આવ્યો, ત્યારનો અહીં તમારી વાટ જોઇને બેઠો છું. મને આપ તમારી સાથે પધરાવી, લઇ જાવ. મારે તમારા ત્યાં બાલલીલા કરવી છે. ત્યારે શ્રીમહાપ્રભુજીએ વિનંતી કરી : હમણાં તો તમે અહીં જ બિરાજો. હું પરિક્રમા કરવા નીકળ્યો છું. પરિક્રમા પૂરી કરીને તમને પધરાવી જઇશ. ત્યારે શ્રીઠાકોરજીએ પૂછ્યું : તે સમયે તમે મને કેવી રીતે ઓળખશો? શ્રીમહાપ્રભુજીએ ઓળખવા માટે નિશાની માગી. શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી : તમે ગોકુળમાં વલ્લભઘાટ પર સંધ્યાવંદન કરવા બિરાજો, ત્યારે શ્રીયમુનાજીની સામી પાર માટીની ભેખડ તૂટશે, તેમાંથી હું ચતુર્ભુજ સ્વરૂપે પ્રકટ થઇશ. મારા તે સ્વરૂપને તમે પધરાવી, લઇ જજો.

શ્રીબેઠકજીનું સ્થાન ઘણું સુંદર છે. અલૌકિક પણ છે. પ્રાચીન વૃક્ષો છે. અહીં વૈષ્ણવો શ્રીમહાપ્રભુજીને ઝારી ચરણસ્પર્શ કરે છે.

**મધુવનની રહસ્યલીલા :**

એક વખત શ્રીસ્વામિનીજીએ તેમનાં સખીઓને અહીં આજ્ઞા કરી : હું આ વનની અંદર સમાધિમાં બેસું છું. તમે સૌ બહાર ઊભાં રહો. કોઇને અંદર આવવા દેશો નહિ. શ્રીઠાકોરજી પધારે તો તેમને પણ મનાઇ કરજો. સર્વેએ કહ્યુંઃ બહુ સારું.

શ્રીસ્વામિનીજી વનમાં એક ગાઢ નિકુંજમાં પદ્માસન વાળી, ખુલ્લા મસ્તકે, નેત્ર મીંચી, સમાધિમાં બિરાજ્યાં. થોડા સમય બાદ શ્રીઠાકોરજી પધાર્યા. સખીઓએ શ્રીસ્વામિનીજીની આજ્ઞા કહી. શ્રીઠાકોરજીએ કહ્યું : શ્રીરાધિકા શું મેળવવા સમાધિમાં બેઠાં છે? હું જોઉં તો ખરો. તેઓ કયા દેવની ઉપાસના કરે છે? એમ કહી અંદર પધાર્યા. શ્રીસ્વામિનીજી સમાધિમાં હોવાથી શ્રીઠાકોરજીને જોઇ શક્યાં નહિ. તેથી તેમણે શ્રીઠાકોરજીને બોલાવ્યા નહિ. શ્રીઠાકોરજી આશ્ચર્ય પામીને જોઇ રહ્યા. પછી બધી સખીઓને અંદર બોલાવી. શ્રીઠાકોરજી બધી સખીઓ સાથે ગાન-વાદન


મધુવનમાં ગૌચારણલીલા - શત્રુઘ્ન દ્વારા લવણાસુરનો વધ

કરવા લાગ્યા. રાસ થતો હોય એવો આભાસ થયો. શ્રીસ્વામિનીજીનાં નેત્રો ખૂલી ગયાં. સમાધિ ઉતરી ગઇ. જોયું તો શ્રીઠાકોરજીનાં અસંખ્ય સ્વરૂપો છે, પરંતુ એક પણ સખી નથી. શ્રીસ્વામિનીજીને નવાઇ લાગી. તેમણે વિનંતી કરી : મહારાજ, ભક્તો સિવાયની આ લીલા કેવી! મારી કોઇ ભૂલ થતી હોય તો મને ક્ષમા કરો. શ્રીઠાકોરજીએ આજ્ઞા કરીઃ તમારી કંઇ ભૂલ નથી. તમે સમાધિમાં જે રૂપનું ધ્યાન ધર્યું હતું, તે રૂપે મેં તમને દર્શન આપ્યાં. શ્રીસ્વામિનીજીએ વિનંતી કરીઃ મેં એક ભૂલ કરી. મારે વ્રજભક્તો સહિત આપનું ધ્યાન ધરવું જોઇતું હતું. ત્યારે શ્રીઠાકોરજીએ શ્રીસ્વામિનીજીને વ્રજભક્તો સહિત દર્શન આપ્યાં. મધુવનમાં શ્રીયુગલસ્વરૂપની આ રહસ્યલીલા થઇ.

અહીં મધુવનમાં શ્રીઠાકોરજી અવાર-નવાર ગોચારણ માટે પધારતા. ત્યારે સખીઓ શ્રીઠાકોરજીને બપોરે આરોગવા માટે અહીં છાક લઇને આવતાં. તેથી આ છાકલીલાનું સ્થળ પણ છે.

શ્રીઠાકોરજી શ્રીસ્વામિનીજી સાથે વર્ષાઋતુમાં મધુવનની શોભા નિરખવા માટે પધાર્યા હતા. ત્યારે અહીં વનવિહાર કરીને હિંડોળે ઝૂલ્યા હતા, તેથી અહીં હિંડોળાલીલાનું સ્થળ પણ છે. અહીં યાત્રા દરમ્યાન રાસધારીઓ મધુ દૈત્યને મારી, શ્રીઠાકોરજીએ ગોચારણલીલા અને છાકલીલા કરી, તેનો રાસ કરે છે.

*મધુબન સ્યામ કરત હૈ વિહાર ।*
*રહી ઢરકિ રંગ પાગ ગુલાબી, હાવત રાગ મલ્હાર ॥૧॥*
*તેસો હી પિછોરા લાગત ભારી, મોતિન માલ સઁવાર ।*
***'સૂર'** ઘટા ઘુમડી ચહું દિસ તેં તિનકી પરતિ ફુહાર ॥૨॥*

મધુવનની અલૌકિકતા માટે એક કવિએ બહુ સુંદર દુહો ગાયો છે.

*ધનિ મધુવનકી માધુરી*
*ધનિ મધુકર, ધનિ મોર ।*
*મિલ રહે મહા મીતસોં*
*ધનિ મૃગી માલ ચકોર ॥*

(મધુવનની માધુરીને ધન્ય છે, એનો રસ લેતા ભમરાઓને ધન્ય છે, અહીં આનંદથી નૃત્ય કરતા મોરોને ધન્ય છે. આવા મધુવનમાં મૃગ જેવાં પશુઓ અને ચકોર જેવાં પક્ષીઓ તેમના પ્રાણપ્રિય પ્રભુને પ્રાપ્ત કરે છે, તેમને પણ ધન્ય છે.

અહીંથી યાત્રા તાલવન થઈ કુમુદવન તરફ જાય છે.

# તાલવન

**અથ તાલાવનમ્ દેવિ દ્વિતીયમ્ વનમુત્વનમ્ ।**
**યત્ર સ્નાતો નરો ભક્ત્યા કૃતકૃત્યઃ પ્રજાયતે ॥**

**તાલવન જવાનો માર્ગ :**

મધુવનથી કુમુદવન જવાના રસ્તે, મધુવનથી અઢી માઇલ દૂર, તાલવન આવેલું છે.

**તાલવનનું માહાત્મ્ય :**

વ્રજનાં બાર વનોમાંનું તાલવન બીજું વન છે. અતિ પ્રાચીન સમયમાં અહીં તાડનાં વૃક્ષોનું બહુ મોટું વન હતું. તેથી આ સ્થળનું નામ તાલવન પડ્યું છે. શ્રીકૃષ્ણાવતારમાં ગધેડાના રૂપમાં ધેનુકાસુર નામનો રાક્ષસ તેના સાથીઓ સાથે અહીં રહેતો હતો. કંસે તેને કૃષ્ણને મારવા માટે રાખેલો. તાલવનમાં તાડનાં વૃક્ષો ઉપર પાકાં સુંદર ફળ ભરપૂર પ્રમાણમાં પાકતાં, પરંતુ ધેનુકાસુર કોઇને તે ફળ ખાવા દેતો નહિ. તેને પોતાને તો તે ફળ કોઇ કામનાં ન હતાં. તે ખાય તો તે મરી જાય, પરંતુ તે સ્વભાવથી દુષ્ટ હોઇને પોતાને નિરુપયોગી ચીજ પણ બીજાને લેવા દેતો નહિ. તેના ડરથી આ વનમાં કોઇ પશુ-પક્ષી પણ આવી શકતાં નહિ.

એક વખત કૃષ્ણબલરામ સખાઓ સાથે વાછરડાં ચારતાં ચારતાં અહીં પધાર્યા. ગોપ બાળકોએ તાડનાં ફળ જોયાં. તેમને ખાવાની ઇચ્છા થઇ. તેમણે શ્રીકૃષ્ણને વિનંતી કરી. તે સખાઓ ધેનુકથી ડરતા હતા. બલરામજીએ સખાઓને હિંમત આપી. સૌએ વૃક્ષો હલાવી-હલાવીને ફળ પાડ્યાં. અવાજથી ધેનુકાસુર દોડી આવ્યો. બલરામજીને છાતીમાં પાછલા પગે લાતો મારી. બલરામજી ધર્મનું એટલે વેદનું સ્વરૂપ. તેમણે અસુરની લાત સહન કરી. ધેનુકાસુર એટલેથી અટક્યો નહિ. તે બલરામજીને ફરી મારવા દોડી આવ્યો. ત્યારે બલરામજીએ તેના બે પગ પકડ્યા. તેને હવામાં ઘૂમાવ્યો અને પછી એક ઝાડ સાથે પછાડ્યો. તેનો ધક્કો વાગતાં આસપાસનાં બધાં ઝાડ ભોંયભેગાં થઇ ગયાં. તે વખતે ધેનુકાસુરના સાથીઓ આવ્યા. શ્રીકૃષ્ણ અને બલરામ દરેક ગોપબાળકની આગળ પોતાનું એક એક રૂપ લઇને



બલભદ્રકુંડ, તાલવન

ઊભા થઇ ગયા. તેમણે સૌ દુષ્ટોને માર્યા. ગોપ બાળકોનો આધ્યાત્મિક દેહાધ્યાસ દૂર કર્યો. સૌને સુંદર ફળ ખવડાવ્યાં. દાઉજીના સ્વરૂપમાં પ્રવેશી, ભગવાન શ્રીકૃષ્ણે આ લીલા કરી.

**તાલવનનાં દર્શનીય સ્થાન :**

કાળક્રમે આ વન ઉજ્જડ થઇ ગયુ, ત્યારે સતોહા રાજયના કછવાહા રાજપૂત તારાસિંહે અહીં એક ગામ વસાવ્યું. તારાસિંહના નામ પરથી તે ગામ તારસી નામે પ્રસિદ્ધ છે. આજે અહીં આ તારસી ગામ આવેલું છે. અહીં બલભદ્રકુંડ છે. શ્રીદાઉજીનાં દર્શન છે. ભાદરવા વદ અગિયારસના દિવસે ભાવિકો તાલવનની પોણા ગાઉની પરિક્રમા કરે છે.

અહીંથી થોડે દૂર પાણીખેડા નામનું ગામ છે. ત્યાં લવણાસુરની ગુફા છે. બૌદ્ધ સમયમાં અહીં પાલી ભાષાનું મોટું કેન્દ્ર હતું. અહીં ખોદકામ કરતાં ઘણી બૌદ્ધ પ્રતિમાઓ મળી આવી છે.

**તાલવનની રહસ્યલીલા :**

સારસ્વત કલ્પમાં શ્રીઠાકોરજીએ અહીં રાસલીલા કરેલી. તે સમયે ચાલુ રાસે શ્રીસ્વામિનીજી માન કરી, રાસમાંથી પધારી ગયાં. શ્રીઠાકોરજીએ શ્રીસ્વામિનીજીનું માન છોડાવવા ઘણા પ્રયત્નો કર્યા પણ માન છૂટયું નહિ. તેથી શ્રીઠાકોરજીએ એક નવી લીલા કરી. તેઓ ત્યાંથી અંતર્ધ્યાન થયા અને પાસેના એક સરોવરમાં ઉગેલા એક નીલકમળમાં છૂપાઇ ગયા. શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકોરજીને જોયા નહિ. તેથી તેમને વિરહ થયો. તેઓ સખીઓને પૂછવા લાગ્યાં કે શ્રીઠાકોરજી કયાં છે? મને જલદી બતાવો, તેમના વિના હું રહી શકતી નથી. શ્રીચંદ્રાવલીજીએ કહ્યું: તેઓ અમારી પાસેથી તમારી પાસે માન છોડાવવા પધાર્યા હતા, ત્યાંથી તેઓ કયાં ગયા, એની અમને ખબર નથી. અમે પણ તેમના વિના દુઃખી છીએ. શ્રીસ્વામિનીજીએ કહ્યું: ચાલો, આપણે શોધી કાઢીએ. શ્રીચંદ્રાવલીજીએ કહ્યું: એ તો ભ્રમર જેવા છે. જરૂર કોઇ સખી સાથે ગયા હશે. વિશાખાજીએ કહ્યું: કદાચ આ નીલકમળમાં છૂપાઇ રહ્યા હોય!

શ્રીસ્વામિનીજી સરોવર ઉપર ગયાં. સરોવરમાં ઉતરી, કમળોમાં શોધવા લાગ્યાં. શોધતાં શોધતાં કમળોની વચ્ચે શ્રીઠાકોરજીનાં દર્શન થયાં. શ્રીસ્વામિનીજી રાજી થયાં



તાલવનની લીલા

અને પૂછયું: અહીં કેમ બિરાજયા છો? શ્રીઠાકોરજીએ કહ્યું: તમે લલિતાજીના ત્યાં મને પધરાવવા માટે લલિતાજીને વચન આપ્યું છે. તે વચન પૂરું કરવા હું અહીં આવ્યો છું. આપણે તેમની સામગ્રી અંગીકાર કરી, તેમના મનોરથ પૂર્ણ કરીએ.

શ્રીયુગલસ્વરૂપની આ વાત લલિતાજી સાંભળતાં હતાં. તેઓ આનંદમાં આવી ગયાં. દોડતાં દોડતાં પાસે આવ્યાં. શ્રીયુગલસ્વરૂપને નિકુંજમાં પધરાવી, સુંદર સામગ્રી આરોગાવી.

પુરાણાંતર મુજબ અહીં શ્રીકપિલમુનિએ તપ કર્યુ હતું. અને ભગવાન વરાહની મૂર્તિનું સ્થાપન કર્યુ હતું, એવું વર્ણન વરાહપુરાણમાં છે.

# કુમુદવન

## કુમુદવન જવાનો માર્ગ :

તાલવનથી કુમુદવન ત્રણ માઇલ દૂર છે.

## કુમુદવનનાં દર્શનીય સ્થાન :

વ્રજનાં બાર વનોમાંનું આ ત્રીજું વન છે. કુમુદવન પાસે ગિરધરપુર નામનું ગામ છે. તેમાં દુર્ગાદેવીનું મંદિર છે. કુમુદવનમાં કૃષ્ણકુંડ છે. કુંડ ઉપર શ્રીમહાપ્રભુજીનાં બેઠક છે. તે ગો.શ્રીયદુનાથજી મહારાજશ્રીના માથે બિરાજે છે. ત્યાં શ્રીકપિલદેવજીનું મંદિર પણ છે.

## શ્રીબેઠકજીનું ચરિત્ર :

શ્રીમહાપ્રભુજી અહીં પધાર્યા, ત્યારે તેમણે કૃષ્ણકુંડ ઉપર, શ્યામતમાલના વૃક્ષ નીચે બિરાજી, ત્રણ દિવસ શ્રીભાગવત કથા કરેલી. શ્રીમહાપ્રભુજીના સેવક કૃષ્ણદાસ મેઘને આ વનમાં કરેલી શ્રીઠાકોરજીની લીલા વિષે પૂછયું, ત્યારે શ્રીમહાપ્રભુજીએ સાથેના સેવકોને કુમુદવનની લીલાની કથા કહી હતી.

## કુમુદવનની રહસ્યમય લીલા :

શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી આ વનમાં પધાર્યાં, ત્યારે કુમુદિની પૂર્ણ સ્વરૂપે ખીલી હતી. શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકોરજીને વિનંતિ કરી કે, આ સ્થળ કુમુદિનીનું વન બને. શ્રીઠાકોરજીએ શ્રીસ્વામિનીજીની ઇચ્છા પૂર્ણ કરવા માટે કુમુદ અને કુમુદિની નામની બે સખીઓને આજ્ઞા કરી કે અહીં બે કુંડ તૈયાર કરો. શ્રીઠાકોરજીની આજ્ઞા પ્રમાણે તે સખીઓએ બે કુંડ તૈયાર કર્યા. એક કુંડ વિલાસકુંડ, બીજો કુંડ પદ્મકુંડ. શ્રીઠાકોરજીએ આ બંને કુંડની રક્ષા માટે બીજાં કુમુદોને આજ્ઞા કરી, તેથી આ વન કુમુદવન તરીકે પ્રસિદ્ધ થયું.



શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી, કુમુદવન



કુમુદવનમાં છાકલીલા - જલવિહારલીલા

વળી, શ્રીઠાકોરજી અહીં સખાઓ સાથે ગોચારણ માટે પધારતા. બપોરે સખીઓ શ્રીઠાકોરજીને આરોગાવવા માટે છાક લઈને આવતાં. સખીઓ ગાઢ વનમાં શ્રીઠાકોરજીને શોધી ન શકે, ત્યારે શ્રીઠાકોરજી અહીંના કદંબના વૃક્ષ ઉપર ચડી, વેણુનાદ કરી, સખીઓને પોતાની પાસે બોલવતા. સખીઓએ લાવેલી છાક શ્રીઠાકોરજી સખાઓ સાથે પ્રેમથી આરોગતા.

શ્રીઠાકોરજીએ જે કદંબના વક્ષ ઉપર ચડી, વેણુનાદ કરી, સખીઓને બોલાવી હતી, તે લાલ કદંબનું વૃક્ષ બેઠકજીથી થોડે દૂર કદંબખંડીમાં આજે પણ છે. સખીઓ અહીં છાક લઈને આવ્યાં, ત્યારે શ્રીઠાકોરજી કદંબનાં વૃક્ષોની ઘટામાં છૂપાઈ ગયાં હતાં. એ લીલાનું સુંદર પદ શ્રીરામદાસજીએ નીચે પ્રમાણે ગાયું છે.

*કુમુદવન ભલી પહુંચી આઈ ।*
*સુફલ ભયી વ્હૈ છાક્ તિહારી લાલ કદંબ તરુ પાય ॥૧॥*
*તહાં તે ઉઠ ચલે માન સરોવર સંગ સખા સબ લાય ।*
*બૈઠત તહાં ઠૌર ગિરિ ઉપર ચરત ચહૂં દિસ ગાય ॥૨॥*
*ખેલત ખાત હસત પરસ્પર બાતેં કરત બનાય ।*
***રામદાસ** બલિ બલિ બુઝન કી કહા કહા બ્યંજન લાય ॥૩॥*

શ્રીઠાકોરજી સખામંડળી સાથે ભોજન કરવા બિરાજયા, ત્યારે એક સખાએ જોયું કે આસપાસમાં ચરતી થોડીક ગાયો દેખાતી નથી. એટલે તે ઊભો થઇ, ગાયોને શોધવા દોડ્યો. ગાયોને હાંકીને પાછો આવ્યો, ત્યારે ભોજન પૂરું થયું હતું. સૌ મીઠા દહીંનાં વખાણ કરતા હતા. ગાયો હાંકીને પાછા આવેલા સખાને વસવસો રહી ગયો કે મને આવું મીઠું દહીં ચાખવા મળ્યું નહિ. તેણે શ્રીકૃષ્ણને ફરિયાદ કરી, ત્યારે શ્રીકૃષ્ણે હસીને કહ્યું : ભૈયા એક કામ કર. ખાતાં ખાતાં મારી હથેળીમાં થોડું દહીં ચોંટી રહ્યું છે, એટલે તું મારી હથેળી ચાટ. આ બહાને શ્રીઠાકોરજીએ એ કૃપાપાત્ર સખાને પોતાના અધરામૃતનું દાન કર્યું.

આ લીલાનું દર્શન કરી, પરમાનંદદાસજીએ સુંદર પદ ગાયું, જે નીચે પ્રમાણે છે.

*આજ દધિ મીઠો મદનગોપાલ ।*
*ભાવત મોહિ તિહારો જુઠો ચંચલ નયન વિસાલ ॥૧॥*
*આન પાત બનાયે દૌના દિયે સબન કો બાંટ ।*
*જિન નહીં પાયો સુનૌ રે ભૈયા મેરી હથેરી ચાટ ॥૨॥*
*બહુત દિન હમ બસે કુમુદવન કૃષ્ણ તુમ્હારે સાથ ।*
*ઐસો સ્વાદ હમ કબહુ ન ચાખ્યો સુન ગોકુલ કે નાથ ॥૩॥*
*આપુન હસત હસાવત ગ્વાલન માનસ લીલા રૂપ ।*
***'પરમાનંદ'** પ્રભુ હમ સબ જાનત તુમ ત્રિભુવન કે ભૂપ ॥૪॥*

કુમુદવન શ્રીઠાકોરજીની જલવિહારની લીલાનું સ્થળ પણ છે. શ્રીઠાકોરજી વારંવાર શ્રીસ્વામિનીજી સાથે આ વનમાં પધારતા અને વનવિહાર કરતા. વર્ષાઋતુમાં શ્રીઠાકોરજી શ્રીસ્વામિનીજીને પ્રિય નીલાંબરનાં વસ્ત્ર અને પાગ ધરી, અહીં પધારતા. અહીંની કુંજોમાં શ્રીસ્વામિનીજીનો શૃંગાર કરતા. એ લીલાનું પદ સૂરદાસજીએ ગાયું છે, તે નીચે પ્રમાણે છે.

*કુમુદવન સ્યામ કરત હૈં બિહાર ।*
*રહી ઢરક સિર પાગ સોસની ગાવત રાગ મલ્હાર ॥૧॥*
*તેસોઈ બન્યો સોસની પિછોરા મોતીન માલ ગરેં ધાર ।*
*બરસત મેહ ઉમટ્યો ચહું દિસતેં ન્હેની પરત ફુહાર ॥૨॥*
*જમુનાતટ બૃંદાબન કુંજન રાધા જૂ કરત સિંગાર ।*
*જદપિ સૂર ગુન કહૌં લૌં બખાનો રહૈ પ્રેમ પચિહાર ॥૩॥*

**ગિરિધરપુર :**

આવી અનેક રસમય લીલાઓ શ્રીઠાકોરજીએ આ વનમાં કરી છે.

અહીં ભાદરવા વદ અગિયારસે કુમુદવનની અડધા ગાઉની પરિક્રમા થાય છે.

કુમુદવન પાસે ગિરધરપુર ગામ છે. શ્રીઠાકોરજી ત્યાં ગાયો ચારવા આવ્યા હતા, ત્યારે ત્યાં બિરાજતાં દુર્ગાદેવીએ શ્રીઠાકોરજીનું પૂજન કર્યુ હતું. તેમણે શ્રીઠાકોરજીને વિનંતી કરી કેઃ હે ગિરિધારી, આપ ગોવર્ધનગિરિને ધારણ કરશો ત્યારે ઇંદ્રનો માનભંગ થશે. ઇંદ્રની આજ્ઞાથી બારે મેઘ અને ઓગણપચાસ પવન વ્રજ પર તૂટી પડશે. હું પણ વીજળી થઇને આકાશમાં ઝબકારા મારીશ. તે માટે હું પહેલેથી આપની ક્ષમા માગું છું.

શ્રીઠાકોરજીએ દુર્ગાદેવી ઉપર પ્રસન્ન થઈને વરદાન આપ્યું કે, મને મળવા માટે જે તમારું પૂજન કરશે, તેને હું પ્રત્યક્ષ કે સ્વપ્નમાં જરૂર દર્શન આપીશ. શ્રીઠાકોરજીની ગોવર્ધનધારણની લીલાના અનુસંધાનમાં આ ગામનું નામ ગિરધરપુર પડ્યું છે.

અહીં યાત્રાનો બીજો મુકામ શાન્તન કુંડ ઉપર પડે છે.

મધુવન મુકામ રાખીને યાત્રિકો તાલવન અને કુમુદવનની યાત્રા કરી આવે છે. પછી યાત્રા શાંતનકુંડ જાય છે.



શાંતનકુંડ

# શાંતનકુંડ

**મયા તત્ર તપસ્યાત્મં પુત્રાર્થં તુ વસુંધરે ।**
**દેવકીગર્ભસંભૂતેન વસુદેવગૃહે શુભે ॥**

**શાંતનકુંડ જવાનો માર્ગ :**

મથુરા-ગોવર્ધનની સડક ઉપર, મથુરાથી આઠ કિલોમીટર દૂર શાંતનકુંડનું સ્થાન આવેલું છે. કુમુદવનથી શાન્તનકુંડ સાડા સાત માઇલ છે. તે ગામનું નામ સતોહા છે.

**શાંતનકુંડનાં દર્શનીય સ્થાન :**

ત્યાં ઊંચા ટેકરા ઉપર શ્રીશાન્તનુબિહારીજીનું મંદિર છે. બાજુમાં શ્રીબળદેવજી અને શ્રીગિરિધરજીનાં મંદિરો પણ છે. ટેકરાની નીચેના ભાગમાં શાન્તનકુંડ છે, તેને ત્યાંના લોકો સંતાનકુંડ પણ કહે છે.

**શાન્તન કુંડનું માહાત્મ્ય :**

અહીં ભીષ્મપિતામહના પિતા શાન્તનુ રાજાએ પુત્ર કામનાથી ઉગ્ર તપ કર્યું હતું. તેમના તપથી ભગવાને પ્રસન્ન થઇ, તેમને દર્શન આપ્યાં હતાં અને પુત્રપ્રાપ્તિનું વરદાન પણ આપ્યું હતું. ગંગાજી દ્વારા તેમને દેવવ્રત નામનો સમર્થ પુત્ર થયો. પિતાના સંતોષ માટે દેવવ્રતે આજીવન બ્રહ્મચર્યની ભીષ્મપ્રતિજ્ઞા લીધી. તેથી તેઓ ભીષ્મના નામે પ્રસિદ્ધ થયા. તેમના પિતા શાન્તનુ રાજાએ તેમને એવું વરદાન આપ્યું હતું કે તેઓ ઇચ્છે, ત્યારે તેમને મૃત્યુ આવે. તેમણે પરશુરામજી પાસેથી વિદ્યા પ્રાપ્ત કરી હતી, છતાં ગુરુ પરશુરામ પણ તેમને યુદ્ધમાં હરાવી શકેલા નહિ. તેમના અંતકાળે બાણશય્યા ઉપર સૂતાં સૂતાં તેમણે ધર્મરાજ યુધિષ્ઠિરને શ્રીકૃષ્ણ અને ઋષિઓની હાજરીમાં ધર્મોપદેશ કરેલો. તેમણે ભગવાન શ્રીકૃષ્ણને આત્મનિવેદન કરેલું, તેથી તેમનો સાયુજ્યમોક્ષ થયેલો. આવા મહાન પુત્રના પિતા શાન્તનુ રાજામાં એવી દિવ્ય શક્તિ હતી કે તેઓ જેને જેને હાથથી અડકે, તે સૌ શાન્તિ પામે, ઘરડા યુવાન બને. આથી તેમનું નામ શાન્તનુ પાડેલું.

શાન્તનુ કુંડ માટે એવી શ્રદ્ધાયુક્ત માન્યતા છે કે જે સ્ત્રીને પુત્ર થતો ન હોય અથવા થઇને જીવતો ન હોય, તે સ્ત્રી શુદ્ધ મનથી આ કુંડમાં સ્નાન કરીને, દોઢસો પગથિયાં ચડી, ટેકરા ઉપર બિરાજતા શ્રીશાન્તનુબિહારીજીના મંદિરે દર્શન કરે અને મંદિરની પરિક્રમા કરી, મંદિરની પાછળના ભાગમાં આવેલા ચોતરા ઉપર ગોબરનો સાથિયો કરી, ચોખા અને ચાંદીનો સાથિયો ચઢાવે તો તેની મનોકામના પૂરી થાય છે. ભાદરવા સુદ-૬ના દિવસે રવિવાર હોય તો આ કુંડમાં સ્નાન કરવાનો મોટો મહિમા છે. ભાદરવા સુદ-૬ના દિવસે ત્યાં મેળો ભરાય છે. અહીં ચોખા, દૂધ અને ચાંદીનું દાન અપાય છે.



શાંતનકુંડની લીલા

**શાન્તનકુંડની રહસ્યલીલા :**

અહીં શ્રીઠાકોરજીએ વ્રજભક્તો સાથે વિહાર કર્યો હતો. શ્રીઠાકોરજીને થયેલા પરિશ્રમને દૂર કરવા વ્રજભક્તોએ શ્રીઠાકોરજીને સતવાનો ભોગ ધર્યો હતો. સતવામાં ઘઉંનો લોટ, ચણાનું વેસણ, ઘી, ખાંડ, અને જળ હોય છે. ઘઉંનો લોટ શ્રીચંદ્રાવલીજીના ભાવથી, ચણાનો લોટ કુમારિકાઓના ભાવથી, ઘી શ્રીસ્વામિનીજીના ભાવથી, જળ શ્રીયમુનાજીના ભાવથી અને ખાંડ સર્વે વ્રજભક્તોના ભાવથી આવે છે.

પ્રાચીન સમયમાં અહીં કુંડ ઉપર શ્રીનાથજીનાં બેઠક હતાં. ત્યાં શ્રીનાથજીને સતવાનો ભોગ વૈષ્ણવો ધરતા હતા. વળી, આ સ્થળ શ્રીઠાકોરજીની છાકલીલાનું સ્થળ પણ છે. તેથી અહીં ભાવનાપૂર્વક શ્રીઠાકોરજીને સતવાનો ભોગ અવશ્ય ધરવો. અહીં રાસ પણ છાકલીલાનો થાય છે. અહીં શાન્તન સખી સદા બિરાજે છે. તેમની નિકુંજનું આ સ્થળ છે.

અહીંથી યાત્રા બહુલાવન જાય છે.

## બહુલાવન

**પ્રપયો બહુલાવનમ્ લતા જાલમ્ સમન્વિતમ્ ।**
**તત્ર સ્વેદ સમાયુકતમ્ વીક્ષ્ય સર્વસખીજનમ્ ॥**
**રાગ તુ મેઘમલ્હારમ્ જગો વંશીધરઃ સ્વયમ્ ।**
**સ્વયં સદ્યસ્તુ ત્રૈવ વવૃષુ મેઘા અંબુકણામસ્તથા ॥**

★ ★ ★

**ગાય ચરાવત કૃષ્ણ જૂ તિનમેં બહુલા ગાય ।**
**ભયૌ સૂતાકે નામસોં બહુલાવન સરસાય ॥**

**બહુલાવન જવાનો માર્ગ :**

શાન્તનકુંડથી બહુલાવનનું અંતર કુલ પાંચ માઈલ છે. બે માઈલ ઉપર ગણેશરા ગામ છે. ત્યાંથી બીજા બે માઈલ ઉપર ફેંચરી ગામ છે. ત્યાંથી એક માઈલ દૂર બાઠી ગામ છે. તેને જ બહુલાવન કહેવામાં આવે છે. મથુરાથી સીધા જઈએ તો આઠ માઈલ થાય.

**રસ્તામાં આવતાં દર્શનીય સ્થાનો :**

**દતીયા :**

ગણેસરાથી પહેલા બે માઈલ ઉપર દતીયા ગામ આવે છે. દતીયા પછી ગણેસરા આવે. અહીં ભગવાને દંતવક્ર નામના રાક્ષસને માર્યો હતો.

**ગણેસરા :**

રસ્તામાં ગણેસરા (ગંધેસરા) નામનું ગામ આવે છે. ત્યાં તુલસીસારંગી સખીની કુંજ છે. ત્યાં ગંધર્વકુંડ આવેલો છે.

**નામ્ના ગંવર્ધકુંડસ્તુ તીર્થાનામં તીર્થમુત્તમમ્ ।**
**તત્ર સ્નાતો નરો દેવિ ગંધર્વૈઃ સઃ મોદતે ॥**

જયારે શ્રીબાલકૃષ્ણને પયપાન કરાવતાં પૂતના મૃત્યુ પામી, ત્યારે ગંધર્વોને ઘણો આનંદ થયો. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. આ સ્થળે ગંધર્વોએ ભગવાનનું યશોગાન ગાયું.

ત્યાં એક ટેકરો આવેલો છે. ત્યાંની એક કાંકરી પણ ન લેવાનું વિધાન છે. એમ કહેવાય છે કે ટેકરાની અંદર ઈંદ્રરાજાનો દૈવી ખજાનો દટાયેલો પડ્યો છે. જયારે ઈંદ્ર શ્રીઠાકોરજીના શરણે આવવા ગંધર્વો અને અપ્સરાઓને શણગારીને સાથે લઈને આવ્યો, ત્યારે તેને ભાન થયું કે ઠાઠ-માઠથી શરણે ન જવાય. શરણાગતિ સ્વીકારવા સાત્ત્વિકતા જોઈએ. તેથી ઈંદ્ર, ગંધર્વો અને અપ્સરાઓએ આ સ્થળે તેમનાં બધાં આભૂષણો દાટી દીધાં હતાં. એટલે અહીં દેવદ્રવ્ય છૂપાયેલું છે. દેવદ્રવ્ય લઈએ તો અપરાધ થાય. માટે, અહીંની કાંકરી પણ લેવાતી નથી.

**ખૈચરી :**

ત્યાંથી આગળ જતાં બે માઈલ ઉપર ખૈચરી (ફેંચરી) ગામ આવે છે. અહીં ભગવાને પૂતનાના પ્રાણ ચૂસ્યા હતા. પૂતના ગોકુળમાં બેઠી હતી, પણ તેના પ્રાણ ચૂસાયા ત્યારે છ કોશના વિસ્તારમાં પડી હતી, તેને વ્રજવાસીઓ અગ્નિદાહ આપવા અહીં સુધી ખેંચી લાવ્યા હતા. તેથી ગામનું નામ ખૈંચરી પડ્યું છે. અહીં પૂતનાકુંડ છે.

**બાઠી - બહુલાવન :**

ત્યાંથી એક માઈલ દૂર બાઠી ગામ આવેલું છે. આ પ્રદેશ બહુલાવન તરીકે પ્રસિદ્ધ છે. વ્રજનાં બાર વન પૈકીનું આ ચોથું વન છે. અહીં કૃષ્ણકુંડ છે.



શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી, બહુલાવન

**પુરાણકથા :**

પ્રાચીન સમયમાં બહુલાવનમાં ગાયો ચરતી હતી. ત્યાં એક સિંહ આવ્યો. સિંહને જોઇને ગાયો ભાગી. ભારે શરીરવાળી ગાયથી દોડાયું નહિ. તેનું નામ બહુલા હતું. તેણે સિંહને વિનંતી કરી કે, મારું વાછરડું ભુખ્યું છે. હું સવારથી વનમાં ચરવા આવી છું. હું તમને વચન આપું છું કે તેને ધવરાવી હું તરત પાછી આવીશ. પછી મને ખાઇ જજો. બહુલા ગાયે તેનું વચન પાળ્યું. બહુલા ગાય પાછી આવી. તેની સત્યપ્રિયતા જોઇને સિંહ સ્વરૂપે આવેલા ધર્મરાજાએ મૂળ સ્વરૂપે દર્શન આપ્યાં અને વરદાન આપ્યું કે જગતમાં તારી પૂજા સૌથી વધારે થશે.

ગામલોકોએ આ વાત જાણી. તેથી બહુલા ગાયનો મહિમા વધ્યો. તેને દૈવી જાણી સૌ તેની પૂજા કરવા લાગ્યાં. થોડા સમય બાદ ગાય મરી ગઇ. ગામ લોકોએ કૃષ્ણકુંડ ઉપર એક પથ્થરની ગાયની મૂર્તિ બનાવી. લોકો શ્રદ્ધાથી તેની પૂજા કરતા અને ઘાસપાણી નીરતા.

શ્રીમહાપ્રભુજીના સમયમાં વ્રજના મુસલમાન સુબાએ આ પૂજા બંધ કરાવી. તેણે કહ્યું કે, પથ્થરની ગાય જીવતી ગાયની જેમ ઘાસ ખાય અને પાણી પીએ, તો તેની પૂજા કરવા દઉં. લોકો ઘણા દુ:ખી થયા. શ્રીમહાપ્રભુજી ત્યાં પધાર્યા, ત્યારે તેમણે આ વાત જાણી. તેમણે સુબાને બોલાવ્યો. ગાયની પથ્થરની મૂર્તિના પૂંછડા પાસે ઘાસ-પાણી મૂકાવ્યાં. ગાય જીવતી થઇ. ઘાસ-પાણી તરફ ફરી, ઘાસ ખાધું અને પાણી પીધું. આથી મુસલમાન સુબો નમી પડ્યો. ગાયની પૂજા ફરી ચાલુ થઇ. સુબાએ શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી કે મને સેવક કરો. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે તેં આ જન્મમાં ગાયની પૂજા બંધ કરાવી, ગાયનો અપરાધ કર્યો છે, તેથી તારો અંગીકાર બીજા જન્મમાં થશે.

તે સુબો બીજા જન્મમાં ગોકુળ પાસે ગોપાલપુર ગામમાં એક માછીના ત્યાં જન્મ્યો. તેનું નામ મેહા ઢીમર પડ્યું. તે શ્રીગુસાંઇજીનો સેવક થયો . તેમણે ઘણાં પદ રચ્યાં છે. આ પ્રસંગ શીખવે છે કે ગાયના અપરાધથી બચવું.

**શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી :**

શ્રીમહાપ્રભુજીએ અહીં કૃષ્ણકુંડ ઉપર વડ નીચે મુકામ કર્યો. ત્યાં ત્રણ દિવસ શ્રીભાગવતનું પારાયણ કર્યુ. અહીં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી બિરાજે છે, તેનું ચરિત્ર ઉપર જોઇ ગયા. મથુરા-કાંકરોલીવાળા ગો.શ્રી કૃષ્ણકુમારજીના માથે

બિરાજે છે. બેઠકજી બહુ જીર્ણ છે. નવનિર્માણ અતિ આવશ્યક છે. ત્યાં શ્રીમહાપ્રભુજીને ઝારી ચરણસ્પર્શ થાય છે.

કૃષ્ણકુંડના સામા કિનારે બહુલા ગાયનું મંદિર છે. તેમાં બહુલાગાય, સિંહ અને શ્રીબહુલાબિહારીજી ઠાકોરજીનાં સ્વરૂપ છે. અહીં ગૌદાન આપવાનો મહિમા છે.

અહીં ભાદરવા વદ બારસે મોટો મેળો ભરાય છે. બહુલાવનની બે ગાઉની પરિક્રમા પણ થાય છે.

**બહુલાવનની રહસ્યલીલા :**

એક વખત શ્રીચંદ્રાવલીજી દહીં વેચવાને બહાને આ વનમાં પધાર્યાં. શ્રીઠાકોરજી સાથે એક આસન ઉપર બિરાજી, આનંદ-વિનોદ કરી રહ્યાં હતાં. તેમનાં ઘરડાં સાસુ વહુનો પીછો કરતાં પાછળ પાછળ આવ્યાં. તેમને જોઇ શ્રીચંદ્રાવલીજી ગભરાઇ ઊભાં થઇ ગયાં. શ્રીઠાકોરજીએ ગભરામણનું કારણ પૂછ્યું.



બહુલા ગાય અને સિંહ

શ્રીચંદ્રાવલીજીએ સાસુ તરફ આંગળી ચીંધી. શ્રીઠાકોરજી સમજી ગયા. તે જ ક્ષણે શ્રીઠાકોરજી સિંહરૂપ અને શ્રીચંદ્રાવલીજી ગાય રૂપ બની ગયાં. સિંહને જોઇને ડોશી ગભરાઇ ગયાં. ભાગવા જતાં પડી ગયાં. સખત વાગ્યું. શ્રીઠાકોરજી તેમની પાસે ગયા. શ્રીઠાકોરજીએ કહ્યું : માજી, આ ઉંમરે અહીં કેમ આવ્યાં છો? માજીએ કહ્યું : મારી વહુની તપાસ કરવા આવી હતી. પવિત્ર વહુ ઉપર શંકા કર્યાનું મને પાપ લાગ્યું. મારા દીકરા ગોરધને મને ના પાડી હતી, છતાં મેં માન્યું નહિ, એનું ફળ મળ્યું.

શ્રીઠાકોરજીએ સખાઓ પાસે ડોશીને ઊંચકાવી તેમના ઘેર પહોંચાડ્યાં. બપોરે શ્રીચંદ્રાવલીજી ઘેર આવ્યાં, ત્યારે સાસુએ માફી માગી. એટલામાં શ્રીઠાકોરજી ત્યાં પધાર્યા. તેમણે પૂછ્યુંઃ માજી, તમારી શી ઇચ્છા છે? માજીએ કહ્યુંઃ અંતકાળે તમારાં દર્શન થયાં. હવે મને કોઇ ઇચ્છા નથી. શ્રીચંદ્રાવલી મહાભક્ત છે. જે ભક્તની નિંદા કરે તેની દશા માજી જેવી થાય. માજીનો દેહ છૂટ્યો. તેઓ મોક્ષ પામ્યાં.

*ન ગહો કાન્હ કોમલ મેરી બહિયાં ।*
*સુંદર સ્યામ છબીલે હૌં નહીં આઊં યા બન મહિયાં ।।*
*હૌં બલિ જાઉ ચરનકમલકી, જાત હુતી અપને ઘર કહિયાં ।*
*હોત અબાર બાર મોહિ લાગે, છાંડ કૌન ટેવ તુમ મહિયાં ।।*
*યે બ્રજબાસ બડે કે ઢોટા, કહિ જુ સકત તુમસોં કછુ નહિયાં ।*
***પરમાનંદ** પ્રભુ કાલ્હિ નિવેશે બૈઠિ હુ નેક કદમ કી છહિયાં ।।*

ભક્તોની કૃપાથી જીવન કૃતાર્થ થાય. ભક્તોની નિંદાથી જીવ અપરાધી થાય. વૈષ્ણવો અહીં બહુલાગાયને શ્રીચંદ્રા-વલીજી અને સિંહને શ્રીઠાકોરજી સમજીને દર્શન કરે છે.

ગર્ગસંહિતા પ્રમાણે શ્રીઠાકોરજીએ અહીં એમની વેણુમાં મેઘમલ્હાર રાગ છેડીને વર્ષા કરી હતી. પછી શ્રીચંદ્રાવલીજી સાથે અહીં વનવિહાર કર્યો હતો.

*ગાયો હૈ મલ્હાર સુન આઇ બ્રજનારિ,*
*કરિ કે સિંગાર ચલિ, ઠાડી આય અરસેં ।*
*ચુનરી કી સારી પહેરેં, કંચન કિનારી સોહે,*
*સુકુમાર હિયો પ્યારી કો હોંસ અતિ સરસેં ।।૧।।*
*સુનિ માન છૉંડ દિયો, જલ ભરન મિસ કિયો,*
*ઇંડુરી જડાવ લીની કંચન કે કરસે ।*
*ત્યૌહાર જુ ભટૂ સાજ, ઠકુરાની તીજ આજ,*
*બીજ શોભા દેખિ મેહ બરસેં ।।૨।।*

# અડીંગ



તોષ ગામની લીલા

**તથાપિ રમસાંસ્તાત્સુ સંપત્તાન રોહિણીસૂતઃ ।**
**અહનારિધ મૂધ્યભ્ય પશૂનિવ મસગાધિપ્ય ॥**

બહુલાવનથી અડીંગ આઠ માઈલ દૂર છે. રસ્તામાં એક માઈલ દૂર સકના ગામ આવે છે. ત્યાંથી દોઢ માઈલ દૂર તોષ ગામ છે. ત્યાંથી બે માઈલ દૂર જિખ્નિ ગામ છે અને ત્યાંથી સાડાત્રણ માઈલ દૂર અડીંગ ગામ છે.

બહુલાવનથી અડીંગ જવાનો એક બીજો માર્ગ પણ છે, જે થોડો લાંબો છે. બહુલાવનથી રાર ગામ અઢી માઈલ છે. ત્યાંથી પોણો માઈલ દૂર વિહારવન છે. ત્યાંથી સવા બે માઈલ દૂર જિખ્નિ ગામ છે અને ત્યાંથી અડીંગ સાડાત્રણ માઈલ દૂર છે. એમ કુલ અંતર સાડા નવ માઈલનું થાય છે. એટલે દોઢ માઈલ વધે છે. મથુરાથી સીધા અડીંગ ગોવર્ધનની સડકે અગિયાર માઈલ દૂર છે.

**માર્ગમાં આવતાં દર્શનીય સ્થાનો :**

**મોરવન :**

બહુલાવનથી સકના ગામ જતાં વચ્ચે મોરવન ગામ આવે છે. ત્યાં મોરકુંડ અને મોરબિહારીજીનાં દર્શન છે. શ્રીકૃષ્ણાવતારમાં અહીં મોર વધારે હશે, એવું અનુમાન કરી શકાય.

**સકના ગામ :**

માર્ગમાં આવતા સકનાગામમાં બલભદ્રકુંડ અને શ્રીગોરેદાઉજીનાં દર્શન છે.

## તોષગામ

ત્યાંથી આગળ તોષગામ આવેલું છે. શ્રીઠાકોરજીના અષ્ટસખાઓમાંના એક તોક સખા આ ગામના હતા. તેમના નામ પરથી આ ગામનું નામ પડેલું છે. તેઓ નૃત્યકળામાં પારંગત હતા. શ્રીકૃષ્ણને તેમણે નૃત્ય શીખવ્યું હતું. તેમના નામ પરથી અહીં આવેલો કુંડ તોષકુંડ તરીકે પ્રખ્યાત છે.

આ કુંડનું નામ તોષકુંડ પડવાનું એક બીજું કારણ પણ છે. ગોચારણ માટે શ્રીઠાકોરજી અહીં પધારતા, ત્યારે આ કુંડનું જળ પીને શ્રીઠાકોરજી, ગ્વાલબાલ અને ગાયો એમની તરસ મટાડી, સંતોષ પામતાં. તોષ શબ્દનો અર્થ છે, સંતોષ. આથી પણ આ ગામ તોષગામ અને તોષકુંડ તરીકે પ્રસિદ્ધ છે, એમ કહેવાય છે. ગામમાં શ્રીરાધારમણજી અને શ્રીગોપાલજીનાં મંદિરો આવેલાં છે.

તોષગામથી થોડેક આગળ કૃષ્ણવિહારકુંડ છે. એમ કહેવાય છે કે ભગવાન શ્રીકૃષ્ણે સખાઓ સાથે અહીં જલક્રીડા કરી હતી. તેની આજુબાજુ કદંબખંડીમાં શ્રીઠાકોરજીનાં ચરણચિહ્નો દર્શનીય છે.

## જિખિનગામ

ત્યાંથી આગળ જિખિન ગામ આવે છે. ત્યાં રેવતીકુંડ ઉપર શ્રીદાઉજીનું મંદિર છે. બીજો એક રેણુકુંડ પણ છે, તે કાચો છે. ભગવાને શંખચૂડને મારીને તેના માથાનો મણિ શ્રીબલદેવજીને આપ્યો હતો, તે આ સ્થાન છે. પ્રાચીન સમયમાં અહીં રહેતા શૂદ્ર વર્ણના લોકો યક્ષપૂજન વધારે કરતા હશે, એવું લાગે છે. પ્રાચીન કાળમાં અહીં યક્ષોની વસ્તી પણ હશે. એમ કહેવાય છે કે સૌરાષ્ટ્રના યક્ષધન નામના રાજાએ અહીં તપ કરીને શ્રીદાઉજીને પ્રસન્ન કર્યા હતા.



જિખિન ગામની લીલા

શ્રીસૂરદાસજીએ તેમના એક પદમાં આ સ્થળનો ઉલ્લેખ જાખ અથવા જખૈયાના નામથી કર્યો છે. જાખ શબ્દ યક્ષના અર્થમાં વપરાયો છે. ભગવાન શ્રીકૃષ્ણ વ્રજમાં પ્રકટ થયા પછી વ્રજવાસી યક્ષનું પૂજન કરે એની ટીકા નીચેની પંક્તિઓમાં કરવામાં આવી છે.

**કોરી મટુકી દધિ જમાયો, જાખ ન પૂજન પાયો ।**
**તેહિ ઘર દેવપિતર કાહેકો, જેહિ ઘર કાન્હર જાયો ॥**

**રાર ગામ :**

ત્યાંથી બીજા માર્ગે જતાં રસ્તામાં રાર નામનું ગામ આવે છે. વ્રજમાં શ્રીયમુનાજીની જે ભાવાત્મક નિકુંજ છે, તેનો પ્રારંભ આ ગામથી થાય છે. અહીં બલભદ્રકુંડ અને બલભદ્ર મંદિર છે. રાર એટલે ઝઘડો-તકરાર. બહુલાવનમાં થયેલ સિંહ અને ગાયનો ઝઘડો અહીં પતેલો, એમ કહેવાય છે. અહીં શ્રીબલભદ્રજીનું મંદિર છે.

**જસોંતી-બસોંતી ગામ :**

રારથી આગળ જસોંતી (જસુમતિ) બસોંતી (વસંતી) ગામ આવે છે. ગામમાં સૂર્યકુંડ છે. તેને કેટલાક લોકો બલભદ્રકુંડ પણ કહે છે. અહીં જસુમતિ નામની સખીએ શ્રીઠાકોરજીને મેળવવા આરાધન કરેલું. તેના નામ પરથી આ ગામનું નામ જસોંતી પડેલું. અહીં આવેલા સૂર્યકુંડમાંથી શ્રીદાઉજીનું સ્વરૂપ પ્રકટ થયું હતું. તે શ્રીમથુરાવાળા ગો.શ્રીપુરુષોત્તમલાલજી મહારાજશ્રીએ મથુરા પધરાવેલું, જે હાલ શ્રીમદનમોહનજીના મંદિરમાં મથુરામાં બિરાજે છે.

બાજુમાં બસોંતી (વસંતી) ગામ આવેલું છે. ગામમાં વસંતકુંડ, લલિતાકુંડ અને રાજકદંબનું વૃક્ષ છે. તે વૃક્ષમાં શ્રીઠાકોરજીના મુકુટનાં ચિહ્નનાં દર્શન થાય છે.

એમ કહેવાય છે કે અહીં આવેલા એક પ્રાચીન વૃક્ષની ડાળે શ્રીયુગલસ્વરૂપ સૌ પ્રથમ હિંડોળે ઝૂલ્યા હતા. શ્રીઠાકોરજી ગાયો ચરાવવા અહીં પધાર્યા, ત્યારે વસંતી સખીએ છાક આરોગાવી હતી. તે દિવસ વસંતપંચમીનો હતો, તેથી વસંત સખીના નામ પરથી આ ગામનું નામ બસોંતી (વસંતી) પડ્યું છે.

આ ગામનું નામ બસોંતી પડવાનું એક બીજું કારણ પણ કહેવાય છે. શ્રીવૃષભાનજી અહીં થોડો સમય રહેલા. તેમના નામ પરથી આ ગામનું નામ બસોંતી પડ્યું.

## અડીંગ

ત્યાંથી આગળ અડીંગ આવે છે. મથુરાથી અડીંગ ઓગણીસ કિલોમીટર દૂર છે. ગોવર્ધન જતાં સડક ઉપર છે. અહીં ભગવાને અરિષ્ટાસુરને માર્યો હતો. તેથી ગામનું નામ

અરિષ્ટ પડ્યું. સમય જતાં તેનો અપભ્રંશ અડીંગ થયું.

એક બીજી કથા પ્રમાણે કંસના મૃત્યુ બાદ તેના આઠ ભાઇઓ મથુરાથી ભાગ્યા. શ્રીદાઉજી તેમની પાછળ પડ્યા. શ્રીદાઉજીએ તે આઠેયને અહીં માર્યા, તેથી આ સ્થળ અરિગ્રહ કહેવાયું. તેનું અપભ્રંશ અડીંગ થયું.

**લીલાભાવના :**

લીલાભાવના મુજબ શ્રીઠાકોરજીએ અહીં વ્રજવનિતાઓને અડી-અડીને દાન લીધાં હતાં, તેથી તેનું નામ અડીંગ પડ્યું.

અડીંગમાં માધુરીકુંડ છે. શ્રીમાધુરીમોહનજીનાં દર્શન છે. અહીંની મધુરતાનું વર્ણન નીચે મુજબની એક કવિતામાં થયું છે.

મધુરી લતાન બીચ, માધુરી બજાઇ બેનુ,
તાન સુની માધુરીકી, ધાઇ બાલ માધુરી,
બન બિહંગ માધુરી, વ્હૈ સમિર માધુરી,
ગલ બાંહી સ્યામ, નૃત્ય કરે માધુરી...૧
માધુરી દરુમન દૂરી, માધુરી વિલોકે છબી,
લાજત મરાલ ગતિ, પેખ દેખ માધુરી,
નૂપુર ધુનિ માધુરી, સુછાઇ ચિત્ત માધુરી,
ઉમેં તાલ માધુરીસોં, માધુરી હુ માધુરી...૨

**૮૪-૨૫૨ વૈષ્ણવો પૈકીના વૈષ્ણવો :**

એક વખત શ્રીમહાપ્રભુજીના સેવક અને શ્રીનાથજીના અધિકારી કૃષ્ણદાસજી ગોવર્ધનથી મથુરા જતા હતા. ત્યારે અહીં તેમને અદ્‌ભૂતદાસ મળ્યા. અદ્‌ભૂતદાસ વિરક્ત મહાપુરુષ હતા. હંમેશાં વ્રજમાં વિચરતા. તેમના ઉપર શ્રીનાથજીની એટલી બધી કૃપા હતી કે શ્રીનાથજી પોતાની ઇચ્છા તેમને જણાવતા.

એક દિવસ શ્રીનાથજીએ અદ્‌ભૂતદાસને આજ્ઞા કરી કે, શ્રીમહાપ્રભુજીએ મારી સેવામાં રાખેલા બંગાળી સેવકો મને દુઃખ આપે છે. મને ભોગ આવે છે, ત્યારે તેઓ તેમની કુળદેવીનું નાનું સ્વરૂપ મારી પાસે ભોગમાં મૂકે છે. મારા માટે થોડુંક ખર્ચ કરી, બાકીની રકમ શ્રીકુંડ ઉપર રહેતા તેમના ગુરુને પહોંચાડી દે છે. માટે તેમને દૂર કરાવો.

અદ્‌ભૂતદાસે અડીંગ પાસે કૃષ્ણદાસને આ આજ્ઞા કહી. કૃષ્ણદાસે કહ્યુંઃ હું કાલે મથુરા જઉં છું. શ્રીગુસાંઇજીની આજ્ઞા મેળવીને જલદીમાં જલદી બંગાળીઓને દૂર કરીશ. મથુરાથી હું અડેલ જઇ આવીશ, કારણ કે શ્રીગુસાંઇજી ત્યાં બિરાજે છે.

શ્રીગુસાંઇજીના ધર્મદાસ નામના સેવક આ ગામના હતા. તેઓ અંધ હતા. શ્રીગુસાંઇજીની રોજ શ્રીનાથજીની સેવા માટે ઘોડા ઉપર બિરાજીને ગિરિરાજ પધારતા. સામાન્ત રીતે તેઓ ગોકુળથી ગોપાલપુર થઇને ગિરિરાજ પધારતા. એક દિવસ તેઓ અડીંગ પાસેથી પસાર થયા, ત્યારે રસ્તામાં અંધ બ્રાહ્મણને જોયો. શ્રીગુસાંઇજીએ તેમનો ઘોડો થોભાવ્યો. તે બ્રાહ્મણ ગભરાઇ ગયો. શ્રીગુસાંઇજીને દયા આવી. તેઓ ઘોડા પરથી નીચે ઉતર્યા. અંધનાં નેત્રો પર જળ છાંટ્યું. તેથી તે દેખતો થયો. તે બ્રાહ્મણ શ્રીગુસાંઇજીની પાછળ ગોપાલપુર ગયો. શ્રીગુસાંઇજીએ તેને સેવક કરી, શ્રીનાથજીનાં દર્શન કરાવ્યાં. અને ગ્રંથો ભણાવ્યા. આ ધર્મદાસ અહીંના વતની હતા.

## રાધાકૃષ્ણ કુંડ

**અદો સ્નાનં તુ રાધાયાઃ કુણ્ડે સર્વાર્થદાયકમ્ ।**
**તતસ્તુ કુર્ષ્ણકુંડે તુ સર્વ પાપ પ્રણાશનમ્ ॥**
**બિમલૌ સર્વ પાપદનૌ બ્રહ્મહત્યા વિધાતકૌ ।**
**વૃષ હત્યાદિ પાપાનાં પ્રણશ્યન્તિ પ્રભાવતઃ ॥**
**ધનધાન્ય સુતોત્પત્તિશ્ચિરાય સુખમાપ્નુયાત્ ।**

**રાધાકુંડ જવાનો માર્ગ :**

અડીંગથી નહેરના રસ્તે રાધાકુંડ જવાય છે. રસતામાં અઢી માઇલ દૂર મુખરાઇ ગામ છે. ત્યાંથી સવા માઇલ દૂર રાધાકૃષ્ણ કુંડ છે. મથુરાથી સીધા જઇએ તો રાધાકૃષ્ણકુંડ તેર માઇલ થાય.

**રસ્તામાં આવતાં દર્શનીય સ્થાનો :**

અડીંગથી નહેરના રસ્તે ચાલતાં ચાલતાં રસ્તામાં **મુખરાઇ ગામ** આવે છે. શ્રીરાધિકાજીના માતામહી (કીર્તિજીનાં માતા)



શ્રીરાધાકુંડ (પાછળ શ્રીકૃષ્ણકુંડ), રાધાકુંડ

મુખરા સખીનું આ પિયર હતું. તેમના નામ પરથી આ ગામનું નામ મુખરાઇ પડ્યું છે. અહીં કૃષ્ણકુંડ, બાજની શિલા, મુખરાદેવી અને મોક્ષબિહારીનું મંદિર છે. એમ કહેવાય છે કે, શ્રીઠાકોરજીએ નારદજીને તેમનાં નાની-સાસુ મુખરાને ઉપદેશ આપવા અહીં મોકલ્યા હતા. નારદજીના ઉપદેશ દ્વારા મુખરાને મોક્ષ આપ્યો હતો.

એક બીજી કથા પ્રમાણે મુખરા નામની શ્રીસ્વામિનીજીની એક સખી હતી. તે શૃંગાર કરવામાં બહુ ચતુર હતી. એક દિવસ મુખરાએ શ્રીસ્વામિનીજીના શૃંગાર કરીને તેમના હસ્તમાં દર્પણ આપ્યું. તેમાં શ્રીસ્વામિનીજીએ પોતાનું પ્રતિબિંબ જોયું. એમને એવું લાગ્યું કે એમના જેવો જ શૃંગાર કરીને સામે બીજી સખી બેઠી છે, એટલે શ્રીસ્વામિનીજી ગભરાયાં. મુખરા ચતુર હતી. તે શ્રીસ્વામિનીજીનો ભય સમજી ગઇ. તરત દર્પણ લઇ લીધું. શ્રીસ્વામિનીજીએ મુખરાને કહ્યું: આજે બીજી કોઇ સખી રાસ માટે તૈયાર થઇને આવી હતી. જો તે રાસમાં જોડાઇ હોત, તો શ્રીઠાકોરજી તેની સાથે જરૂર રાસ કરત, પછી મારું શું થાત? આ લીલા મુખરાઇ ગામે બન્યાનું કહેવાય છે.

વળી, ભગવાને અહીં અઘાસુરને મારીને મોક્ષ આપ્યો હતો. તેથી અહીં મોક્ષબિહારીજીનું મંદિર છે.

**રાધાકુંડ ગામ :**

અહીંથી રાધાકૃષ્ણકુંડ જવાય છે.

ગામનું નામ રાધાકુંડ છે. ત્યાં રાધાકુંડ અને કૃષ્ણકુંડ એવા બે જોડકા કુંડ આવેલા છે. ગોવર્ધનથી રાધાકુંડ ઉત્તર દિશામાં ચાર માઇલ દૂર છે.

**રાધાકૃષ્ણકુંડનું માહાત્મ્ય :**

અડીંગમાં ભગવાન શ્રીકૃષ્ણે અરિષ્ટાસુર દૈત્યનો માર્યો. તે બળદ (સાંઢ)નું રૂપ લઇને આવ્યો હતો. ભગવાને તેને મારવાથી શ્રીસ્વામિનીજી સહિત સૌ ગોપ-ગ્વાલોએ ભગવાનને કહ્યું : તમે ગૌવંશની હત્યા કરી છે. તેના પાપમાંથી છૂટવા તમારે તીર્થસ્નાન કરવું પડે. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે રાધાકૃષ્ણકુંડના સ્થાનમાં પોતાની વેણુથી એક કુંડ બનાવ્યો. ત્યારે બાજુમાં શ્રીસ્વામિનીજીએ પોતાના નખથી એક કુંડ બનાવ્યો. શ્રીઠાકોરજીએ બનાવેલ કુંડ કૃષ્ણકુંડ. શ્રીસ્વામિની-જીએ બનાવેલ કુંડ રાધાકુંડ. કૃષ્ણકુંડ વાંકોચૂકો છે, કારણ કે *'ગિરિધર સબ હી અંગ કો બાંકો ।'* રાધાકુંડ ચોરસ છે, કારણ




શ્રીમહાપ્રભુજીનાં સંધ્યાવંદનનાં બેઠકજી, રાધાકુંડ

કે શ્રીસ્વામિનીજી સરળ છે. ઉપરથી આ બંને કુંડ અલગ-અલગ દેખાય છે. પરંતુ ભીતરથી એક છે. તે એમ સૂચવે છે કે શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી અલગ અલગ સ્વરૂપે દર્શન આપતાં હોવા છતાં મૂળ એક જ સ્વરૂપ છે.

શ્રીઠાકોરજીએ આ કુંડોમાં પોતાના અલૌકિક સામર્થ્યથી એકસો આઠ તીર્થોને બોલાવી, તેમાં વાસ કરાવ્યો. પછી તેમણે તેના જળમાં સ્નાન કર્યું.

**તતસ્તુ રાધિકાત્વકતો લલિતા મોહનસ્તદા ।**
**અસ્માકમ્ નૈવ સંસર્ગો વૃષહત્યાસમન્વિતઃ ॥**

આ સ્નાન આસો વદ આઠમની મધ્યરાત્રિએ થયું. આથી આજે પણ આસો વદ આઠમની મધ્યરાત્રિએ દૂર દૂરથી ભાવિકો અહીં સ્નાન કરવા આવે છે. તે સમયે અહીં સ્નાન કરવાથી ભારતનાં સર્વ તીર્થોમાં એક સામટું સ્નાન કર્યાનું ફળ મળે છે.

રાધાકુંડમાં શ્રીસ્વામિનીજીનો રત્નજડિત મહેલ છે. ત્યાં શ્રીયુગલસ્વરૂપ નિત્ય ક્રીડા કરે છે.

આ બંને કુંડનો જીર્ણોદ્ધાર ભરતપુરના મહારાજાએ કરાવ્યો હતો. તે પૂર્વે શ્રીકૃષ્ણ ચૈતન્ય અહીં પધાર્યા, ત્યારે આ કુંડો લુપ્ત થયેલા હતા. તેથી શ્રીકૃષ્ણચૈતન્યે તે ફરીથી પ્રગટ કરેલા.

**અહીંનાં અન્ય દર્શનીય સ્થાનો :**

શ્રીચૈતન્ય સંપ્રદાયનું વ્રજનું આ મુખ્ય સ્થાન કહેવાય છે. અહીં ગૌડીય સંપ્રદાયનાં ઘણાં સંન્યાસી વૈષ્ણવ સ્ત્રી-પુરુષો ગોપીચંદનનું સફેદ તિલક કરી, હાથમાં જપ કરવાની સફેદ સ્મરણી સાથે હરેકૃષ્ણનું નામસ્મરણ કરતાં દેખાય છે.

કુંડની ઉત્તર પાળ ઉપર શ્રીગિરિરાજજીની જિહ્વાનાં દર્શન થાય છે. અહીં શ્રીરાધાકૃષ્ણ અને શ્રીગોવિંદદેવજીનાં મુખ્ય મંદિરો ઉપરાંત બીજાં મંદિરો આવેલાં છે. શ્રીરાધાકૃષ્ણકુંડ ઉપર શ્રીકૃષ્ણને આભૂષણનું અને શ્રીરાધાજીને વસ્ત્રોનું દાન કરવાનું ઘણું માહાત્મ્ય પુરાણોમાં બતાવેલું છે.

અહીં અષ્ટ સખીઓના આઠ કુંડ પણ હતા. (૧) લલિતાકુંડ (૨) વિશાખા કુંડ (૩) ચંદ્રભાગા કુંડ (૪) ચંપકલતા કુંડ (૫) ચંદ્રાવલી કુંડ (૬) બહુલા કુંડ (૭) સંધ્યા (સંજાવલી) કુંડ (૮) ચિત્રા કુંડ. આજે આ કુંડો લુપ્ત થયેલા છે. લલિતાકુંડ પ્રકટ છે. તે ઉપરાંત અહીં ગોપીકુંડ અને નારાયણકુંડ પણ હતા. આજે આ બધા કુંડોનાં દર્શન થતાં નથી.

અહીં લલિતાકુંડે શ્યામતમાલનું વૃક્ષ છે. તેના થડમાં કોમળ શ્યામ રંગની ગાંઠો છે. તે શાલિગ્રામ સ્વરૂપે દેખાય છે. ત્યાંથી

થોડેક આગળ પાંચ પાંડવ અને નારાયણનાં વૃક્ષો છે.

**શ્રીરાધાકૃષ્ણ કુંડે આવેલાં બેઠકજીઓ :**

અહીં શ્રીકૃષ્ણકુંડ ઉપર કુંડની દક્ષિણ દિશાએ શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી અને શ્રીગોકુલનાથજીનાં બેઠકજી બિરાજે છે. આગળના ભાગમાં શ્રીમહાપ્રભુજીનાં સંધ્યાવંદનનાં અલગ બેઠકજી પણ બિરાજે છે. આમ, અહીં કુલ ચાર બેઠકજીએ ઝારી ચરણસ્પર્શનો લાભ લેવાય છે.

**શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી :**

શ્રીમહાપ્રભુજી અહીં પધાર્યા ત્યારે રાધાકૃષ્ણકુંડમાં સ્નાન કરી, અહીં છોંકરના વૃક્ષ નીચે બિરાજી, એક મહિના સુધી શ્રીભાગવતપારાયણ કર્યું હતું. ત્યારે એક દિવસ શ્રીમહાપ્રભુજીને અહીંથી શ્રીગિરિરાજજીના શિખરે શ્રીયુગલસ્વરૂપનાં દર્શન થયાં. તેથી આપશ્રી શ્રીયુગલસ્વરૂપની પાસે પધાર્યા. શ્રીમહાપ્રભુજીની સાથે રહેલા વૈષ્ણવો કુંડ ઉપર શ્રીમહાપ્રભુજીની રાહ જોતા બેઠા. શ્રીમહાપ્રભુજી ત્રીજા દિવસે પાછા પધાર્યા, ત્યારે આ વૈષ્ણવો મૂર્છિત થયેલા હતા. શ્રીમહાપ્રભુજીએ તેમના ઉપર જળ છાંટીને તેમને સાવધ કર્યા. પોતે શ્રીયુગલસ્વરૂપ પાસે પધાર્યા હતા એ હકીકત કહી. આથી વૈષ્ણવોએ વિનંતી કરી કે અમને પણ શ્રીયુગલસ્વરૂપનાં દર્શન કરાવો. ત્યારે આપશ્રીએ તેમને શ્રીગિરિરાજજીના શિખર ઉપર બિરાજતા શ્રીયુગલસ્વરૂપનાં દર્શન કરાવેલાં. આમ, શ્રીમહાપ્રભુજી શ્રીઠાકોરજીના મનની વાત જાણનારા છે. માટે શ્રીગુસાંઇજીએ શ્રીસર્વોત્તમસ્તોત્રમાં શ્રીમહાપ્રભુજીનું એક નામ 'શ્રીકૃષ્ણહાર્દવિત્' કહ્યું છે.

**શ્રીમહાપ્રભુજીનાં સંધ્યાવંદનનાં બેઠકજી :**

શ્રીમહાપ્રભુજી અહીં એક માસ પર્યન્ત બિરાજયા, ત્યારે સંધ્યાવંદનનાં બેઠકજીના સ્થાને બિરાજીને દરરોજ ત્રિકાળસંધ્યા કરતા હતા.

**શ્રીગુસાંઇજીનાં બેઠકજી :**

શ્રીગુસાંઇજી વ્રજયાત્રા કરતા અહીં પધાર્યા, ત્યારે શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીની બાજુમાં કુંડ ઉપર બિરાજયા હતા. તે વખતે અહીં રહેતા શ્રીરઘુનાથદાસ નામના એક ગૌડિય વૈષ્ણવ શ્રીગુસાંઇજીની ખ્યાતિ સાંભળીને તેમને મળવા આવ્યા. તેમણે કહ્યું: મહારાજ, અમારા સંપ્રદાયમાં અમે શ્રીરાધાજીને પરકીયા સ્વરૂપે માનીએ છીએ. તમે કયા સ્વરૂપે માનો છો? જવાબમાં શ્રીગુસાંઇજીએ કહ્યું કે, અમે શ્રીરાધાજીને સ્વકીયા સ્વરૂપે માનીએ છીએ. આ સાંભળી રઘુનાથદાસજીએ કહ્યું: એનું પ્રમાણ આપો. ત્યારે શ્રીગુસાંઇજીએ રાધાકુંડના જળ ઉપર એક કોરો કાગળ મૂકયો. તે જળમાં ઉતર્યો. જળની ભીતર રત્નજડિત નિકુંજમાં શ્રીસ્વામિનીજી બિરાજતાં હતાં. તેમણે તે કાગળ ઉપર પોતે શ્રીઠાકોરજીનાં સ્વકીયા સ્વામિની છે, એવું શ્રીહસ્તથી લખીને કાગળ ઉપર મોકલ્યો. તે કાગળ શ્રીગુસાંઇજીએ રઘુનાથદાસને વંચાવ્યો. તેમાં નીચેનો શ્લોક લખાયેલો હતો.

**જયતિ વૃષભાનકુલકૌમુદી રાધિકે ।**
**જયતિ કૃષ્ણ પરમાનંદ કુલચંદ્રમા જયતિ ॥**

શ્રીરઘુનાથદાસ ચૂપ થઇને ચાલ્યા ગયા. શ્રીગુસાંઇજીએ અહીં શ્રીભાગવતપરાયણ કર્યુ હતું.

**શ્રીગોકુલનાથજીનાં બેઠકજી :**

શ્રીગુસાંઇજીના ચતુર્થકુમાર શ્રીગોકુલનાથજી અહીં પધાર્યા હતા. સાથે તેમના કૃપાપાત્ર સેવક કલ્યાણ ભટ્ટ હતા. શ્રીગોકુલનાથજીએ અહીં શ્રીભાગવત પારાયણ કર્યુ હતું. તેમણે કલ્યાણ ભટ્ટને આજ્ઞા કરી કે, રાધાકુંડની ભીતર શ્રીસ્વામિનીજીનો રત્નજડિત મહેલ છે. તેમાં શ્રીસ્વામિનીજી શ્રીઠાકોરજી સાથે નિત્ય રમણ કરે છે.

શ્રીગુસાંઇજીના એક સેવક બ્રહ્મદાસ હતા. તેઓ ગોપાલ-પુરમાં રહેતા. વિરક્ત હોવાથી વ્રજમાં ફરતા અને માનસીસેવા કરતા. એક વખત તેઓ રાધાકુંડ આવ્યા. ત્યાં ગૌડિય સંપ્રદાયના એક બંગાળી વૈષ્ણવ રહેતા હતા. તે બ્રહ્મદાસના મિત્ર હતા. તે હંમેશાં માનસીસેવા કરતા અને દુધ પીને રહેતા. થોડા દિવસ પછી તેમણે દૂધ પીવાનું છોડી દીધું અને છાશ પીને રહેવા લાગ્યા. એક દિવસ આ બંગાળી વૈષ્ણવે માનસીમાં તેમના ઠાકોરજીને દૂધનો ભોગ ધર્યો અને પ્રસાદી દૂધ માનસીમાં પીધું. રોજની જેમ છાશ લેવાનો વખત થયો. ત્યારે તેના એક શિષ્યે છાશ આપી. તેણે છાશ લેવાની ના પાડી, પરંતુ પરાણે લેવડાવી. માનસીમાં દૂધ પીધું હતું. એટલે દૂધ ઉપર છાશ ન પીવાય. પરંતુ શિષ્યને ખબર ન હતી. તે બંગાળી વૈષ્ણવને તાવ આવ્યો. બ્રહ્મદાસ ખબર પૂછવા આવ્યા. તેઓ નાડી પરીક્ષા જાણતા હતા. એટલે નાડી જોઇને કહ્યું કે તમે દૂધ ઉપર છાશ પીધી છે, તેથી તાવ આવ્યો છે. તે બંગાળી વૈષ્ણવના શિષ્યે કહ્યું: એમણે દૂધ પીધું નથી. ત્યારે બંગાળી વૈષ્ણવે કહ્યું: તને શી ખબર! જે


રાધાકૃષ્ણકુંડની લીલા

ઘરનું મેં દૂધ પીધું તે ઘરમાં આ વૈષ્ણવ રહે છે. મેં પીધું ત્યારે તેઓ ઘરમાં હતા. આ પ્રસંગ રાધાકુંડનો છે.

**રાધાકૃષ્ણકુંડની રહસ્યલીલા :**

એક વખત શ્રીઠાકોરજી ખેલતા ખેલતા સખા-સખીઓ સાથે અહીં પધાર્યા. ત્યારે સખા-સખીઓમાં વાદ થયો. સખા કહે, અમારા શ્રીઠાકોરજી સુંદર છે. સખીઓએ કહ્યુંઃ અમારાં શ્રીસ્વા-મિનીજી સુંદર છે. નિરાકરણ થયું નહિ. એટલે એવું નક્કી થયું કે બંનેનું પ્રતિબિંબ જોઇને નક્કી કરો. પ્રતિબિંબ જોવા ત્યાં દર્પણ તો હતું નહિ. એટલે શ્રીઠાકોરજીએ પોતાની વેણુથી અને શ્રીસ્વામિનીજીએ પોતાના નખથી અલગ અલગ કુંડ ખોદ્યા. બંને જળથી ભરાઇ ગયા. તેમાં બંનેનાં પ્રતિબિંબ સૌએ જોયાં, તો બંને એકસરખાં સુંદર લાગ્યાં. સખા-સખીઓની વિનંતીથી શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી અહીં સદા રમણ કરે છે. આ સ્થાન શ્રીયમુનાજીની નિકુંજનું સ્થાન પણ કહેવાય છે.

રાધાકુંડ ગામ પણ ઠીક ઠીક મોટું છે. અહીં જરૂરી ચીજ વસ્તુઓ મળે છે. અહીંથી યાત્રા કુસુમસરોવરનાં દર્શન કરવા જાય છે.

શ્રીકૃષ્ણના સમયમાં શ્રીગિરિરાજજી અહીં સુધી બિરાજતા હતા, પરંતુ આજે શ્રીગિરિરાજજી અહીંથી લોપ થયા છે.

## કુસુમ સરોવર

યત્રૈવ લલિતાદ્યાઃ સખ્યો ગોપ્યસ્તથાખિલાઃ ।
રચયેયુર્મનોરથૈસ્તુ રમ્યં પુષ્પં વનં શુભમ્ ॥
યત્ર સ્થાન સમુદ્ભૂતૈઃ પુષ્પરમ્યર્ચનં હરેઃ ।
કુરુતે સર્વદા સૌખ્યં નિત્યમેવ વરં લભેત્ ॥

**કુસુમસરોવરનો માર્ગ :**

રાધાકૃષ્ણકુંડથી કુસુમસરોવર બે માઇલના અંતરે છે.

**રસ્તામાં આવતાં દર્શનીય સ્થાનો :**

કુસુમસરોવર જતાં રસ્તામાં ઉદ્ધવકુંડ આવે છે. ત્યાં શ્રીઉદ્ધવજીનું મંદિર છે. કુંડનું સ્થાપત્ય ઘણું સુંદર છે. આજુબાજુ સુંદર વન છે. એમ કહેવાય છે કે ભગવાનના પ્રપૌત્ર વજનાભજી ભગવાનના નિત્યલીલાપ્રવેશ બાદ ભગવાનનાં સોળહજાર રાણીઓને લઇને વ્રજમાં આવેલા. ત્યારે અહીં ઉદ્ધવજીનો મેળાપ થયો હતો. આ ઉદ્ધવજીને ભગવાન શ્રીકૃષ્ણે મથુરાથી વ્રજગોપિકાઓના વિરહને દૂર કરવા માટે વ્રજમાં મોકલ્યા હતા. તેઓ ગોપિકાઓને જ્ઞાન અને યોગનો ઉપદેશ આપવા આવ્યા હતા, પરંતુ ગોપિકાઓની પ્રેમલક્ષણા ભક્તિ જોઇને તેઓ તેમને નમી પડ્યા. મથુરા જઇને તેમણે શ્રીકૃષ્ણ પાસે વ્રજવાસ માગ્યો. શ્રીકૃષ્ણે આજ્ઞા કરી કેઃ વ્રજમાં તમારા



કુમુદવનની લીલા



કુસુમસરોવરની લીલા

# કુસુમ સરોવર

ઉદ્ધવકુંડથી થોડેક આગળ કુસુમસરોવર છે. તેને કસુમોખર પણ કહે છે. આ સરોવર વિશાળ, બહુ ઊંડું અને સુંદર બાંધકામવાળું છે. તેના સામા કિનારે કલાત્મક ભવન આવેલું છે. લાલ અને સફેદ પથ્થરમાંથી બનેલું આ ભવન અને જલાશય ભરતપુરના રાજા જવાહરસિંહે દિલ્હીની લૂંટમાંથી મળેલા દ્રવ્યમાંથી બંધાવ્યું હતું. રાજા સુરજમલની સ્મૃતિમાં અહીં સુંદર કલાત્મક છત્રી પણ બનેલી છે. આસપાસનું ઉપવન ઘણું શોભાયમાન અને આકર્ષક છે. એમ કહેવાય છે કે આ સરોવરનું જળ ક્યારેય સૂકાયું નથી.

અહીંથી શ્રીગિરિરાજજીનાં સર્વપ્રથમ દર્શન યાત્રાળુઓને થાય છે.

ભગવાનના પ્રપૌત્ર વજનાભજી અને ભગવાનનાં સોળ હજાર રાણીઓ અહીં ઉદ્ધવજીને મળ્યાં, ત્યારે સૌ એક માસ સુધી અહીં રોકાયાં હતા. ત્યારે નારદજી પણ અહીં પધાર્યા હતા. સૌએ સાથે મળીને એક માસ સુધી અહીં કીર્તન મહોત્સવ કર્યો હતો.

શ્રીમહાપ્રભુજી અહીં પધાર્યા, ત્યારે તેમણે કુસુમ સરોવરમાં સ્નાન કરીને તેમના સેવકોને કુસુમ સરોવરના માહાત્મ્યની કથા કહી હતી, જે નીચે પ્રમાણે છે.

**કુસુમ સરોવરની રહસ્યલીલા :**

સારસ્વત કલ્પમાં ભગવાન શ્રીકૃષ્ણે આદિ વૃંદાવનમાં શરદની રાતે રાસક્રીડાનો પ્રારંભ કર્યો, ત્યારે ગોપીજનોને માન અને મદ થતાં શ્રીઠાકોરજી નિરભિમાની રહેલાં શ્રીરાધા-સહચરીજીને સાથે લઇ રાસમાંથી અંતર્ધ્યાન થયા હતા. તેઓ શ્રીરાધાસહચરીજી સાથે આ સરોવરના કિનારે પધાર્યા હતા. અહીં બિરાજીને તેમણે શ્રીરાધાસહચરીજીના કેશમાં પુષ્પોની સુંદર વેણી ગૂંથી હતી. તેથી આ વનનું નામ કુસુમવન પડ્યું છે અને આ સરોવર કુસુમ સરોવર કહેવાય છે. અહીં શ્રીરાધા-સહચરીજીને પણ મદ થતાં, શ્રીકૃષ્ણ તેમને અહીં વૃક્ષની ડાળીએ લટકતાં રાખી, અંતર્ધ્યાન થઈ ગયેલા.



ઉદ્ધવજીનું મંદિર, ઉદ્ધવકુંડ

જેવા જ્ઞાની માટે કોઈ જગ્યા નથી. ત્યારે ઉદ્ધવજીએ કહ્યું : મનુષ્યદેહથી નહીં તો વૃક્ષ-લતાના સ્વરૂપે પણ મને વ્રજવાસ આપો. આથી ઉદ્ધવજી અહીં ઉદ્ધવકુંડ ઉપર કુસુમવનમાં ગુલ્મલતા રૂપે બિરાજ્યા. તેમનો એવો ભાવ હતો કે મારા દેહ પર ગાયો ચરાવતા શ્રીઠાકોરજી અને વ્રજવાસીઓનાં ચરણારવિંદની રજ પડે, જેથી મારો વ્રજવાસ સફળ થાય.

**આસામહો ચરણ રેણુજુષામહંસ્યો ,**<br>
**વૃંદાવને કિમપિ ગુલ્મલતૌષધીનામ્ ।**<br>
**યા હુસ્ત્યજં સ્વજનમાર્ગપથં મ હિત્વા,**<br>
**ભૈજુર્મુકુન્દપદવીં શ્રુતિમિર્વ મૃગ્યામ્ ॥**



કુસુમ સરોવર

**શ્રીમહાપ્રભુજી અને ઉદ્ધવજીનો મેળાપ :**

શ્રીમહાપ્રભુજીએ અહીં મુકામ કર્યો ત્યારે ભગવાનના પરમ સખા ઉદ્ધવજી તેમના આધિદૈવિક સ્વરૂપથી શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. તેમણે વિનંતી કરી : શ્રીભાગવતના દશમસ્કંધના ભ્રમરગીતનાં સુબોધિનીજી મને સંભળાવો. શ્રીમહાપ્રભુજીએ કહ્યું કેઃ આખા ભ્રમરગીતનાં સુબોધિનીજી સંભળાવવાનો મારી પાસે સમય નથી. તેથી એક શ્લોકના એક પદનો અર્થ હું તમને સમજાવીશ. શ્રીમહાપ્રભુજીએ ત્યાં ઊભાં ઊભાં નવ કલાક સુધી એક પદનો અર્થ વિસ્તારથી સંભળાવ્યો. ઉદ્ધવજી શ્રવણમાં તલ્લીન બની ગયા. નવ કલાકના અંતે ઉદ્ધવજીએ વિનંતી કરી : મહારાજ, હવે હું વધુ રહસ્ય હૃદયમાં ધારણ કરી શકીશ નહિ. શ્રીમહાપ્રભુજીએ કહ્યું : મેં જેટલો સંકલ્પ કર્યો છે, તેટલો પૂરો કરીશ. આમ કહી, આપે બીજા સત્તાવીશ કલાક સુધી તે શ્લોકનો અર્થ સમજાવ્યો. ત્યારે ત્યાં મહા આનંદ વ્યાપી ગયો. શ્રવણ કરનાર કોઈ વૈષ્ણવને ભૂખ-તરસ નડી નહિ.

**પુરાણોમાં કહેલી કુસુમસરોવરની લીલાઓ :**

પુરાણોમાં કુસુમસરોવરની રહસ્યલીલાઓ બતાવવામાં આવી છે. એક લીલા એવી છે કે અહીં નારદજીએ સ્નાન કરી, મધ્યાહ્ન સંધ્યા કરી, ત્યારે વૃંદાદેવીએ તેમને દર્શન આપ્યાં. નારદજી કૃષ્ણલીલાનાં દર્શન કરવા ઉત્સુક હતા. આથી માધવીસખીએ નારદજીને સરોવરના વાયવ્ય ખૂણામાં (પશ્ચિમ-ઉત્તર ખૂણામાં) સ્નાન કરાવ્યું. સ્નાન કરતાં જ નારદજી સ્ત્રી રૂપ થઈ ગયા. શ્રીઠાકોરજી વ્રજભક્તો સાથે નિગૂઢ નિકુંજલીલા કરતા હતા, તેનાં દર્શન કરાવી, પાછા સરોવર ઉપર લઈ આવ્યાં. સરોવરના અગ્નિ ખૂણામાં (પૂર્વ-દક્ષિણ ખૂણામાં) સ્નાન કરાવ્યું, એટલે નારદજી સ્ત્રી મટી, ફરી પુરુષ થયા.

**નારદકુંડ :**

ત્યારથી નારદજી કૃષ્ણલીલાનાં દર્શન માટે વધુ ઉત્સૂક બની, અહીંથી થોડેક દૂર આવેલ નારદકુંડ ઉપર તપ કરે છે. ત્યાં નારદજી વૃક્ષ રૂપે રહી, નિત્યલીલાનાં દર્શન કરે છે.

ઉદ્ધવજીએ આ સરોવરમાં સ્નાન કર્યું. જળમાં તેમને શ્રીકૃષ્ણનાં દર્શન થયાં. તેઓ જળની બહાર આવ્યા, ત્યારે તેમની નજર કમળ ઉપર ગઈ. સરોવરમાં ઉગેલાં બધાં કમળ તેમને ગોપીઓ રૂપે દેખાયાં. તેની ઉપર ભ્રમર રૂપે શ્રીકૃષ્ણનાં દર્શન થયાં.

કુસુમવનને શ્રીયુગલસ્વરૂપના શૃંગાર માટેનું ફૂલઘર



કુસુમસરોવરની લીલા

માનવામાં આવ્યું છે. અહીં શ્રીસ્વામિનીજી સખીઓ સાથે પુષ્પો વીણવા પધારતાં, ત્યારે શ્રીઠાકોરજી ત્યાં પધારી, સખીઓને રોકતા અને કહેતા : આ વન મારું છે, તમે કોને પૂછીને ફૂલ ચૂંટો છો? અહીં સખીઓએ ફૂલમંડળીનો મનોરથ કરી, શ્રીયુગલ-સ્વરૂપને પ્રસન્ન કર્યા હતાં. તેનું વર્ણન નીચેના પદમાં છે.

*ફુલનકી મંડલી મનોહર બૈઠેં જહાં રસિક પ્રિયપ્યારી ।*
*સોભિત સબૈં સાજ નાના વિધિકૈં ફુલન કે ભવન પરમ રુચિકારી।।*
*ફુલનકે ખંભ ફૂલનકી ચોખંડી ફૂલન બની સુદેશ તિવારી ।*
*ફૂલનકે ઝૂમિકા ફૂલન કે ઝરોખા ફૂલન કે છજ્જે છબિ ભારી ।।*
*સઘન ફૂલ ચહું ઔર કંગરા ફૂલન બંદનવાર સઁવારી ।*
*ફૂલન કે કલસા અતિ સોભિત ફૂલનકી બિચિત્ર ચિત્રસારી ।।*
*ફૂલન સેજ ગેંદુઆ તકિયા ફૂલનકી માલા મનુહારી ।*
*ચત્રભુજ પ્રભુ ફુલે રાધાઉર રસ ઝૂલે શ્રીગોવર્ધનધારી ।।*

અહીં શ્રીઠાકોરજીએ શ્રીસ્વામિનીજીને પોતાના શ્રીહસ્તે ફૂલોના શૃંગાર કર્યા હતા. તે લીલાનું એક પદ નીચે મુજબ છે.

*પ્યારી કો શૃંગાર કરત નંદલાલ,*
*વાર વારમેં મોતી મોતિયાકન,*
*બિચ બિચ ઝલકત પુષ્પન માલ...૧*
*નૂતનગૂંથી કલિકો લહેંગા,*
*લાલ કલિનકો લાલ દુશાલ,*
*પ્રિત પીતકો નૂપુર પાયન,*
*કર શૃંગાર હાર હિયે ડાબા...૨*
*શ્વેત ચંબેલી લસત કંચુકી,*
*માનો મુકતનકી યહ માલા,*
*નારાયણ પ્રભુ રસિક શિરોમણિ,*
*યહ છબી નિરખત સબ વ્રજબાલા...૩.*

આ વનમાં સાંઝી માટે ફૂલો વીણવા આવેલાં શ્રીસ્વામિનીજી અને ભક્તો સાથે શ્રીઠાકોરજીએ મીઠી રકઝક કરેલી, તે લીલાભાવનું પદ નીચે મુજબ છે.

અરી તુમ કૌન હો રી ફૂલવા બીનનહારી ।
નેહ લગનકો બન્યો બગીચા ફૂલ રહી ફૂલવારી ।।૧।।
મદનમોહન પિય યોં બૂઝત હૈ તૂ કો હૈ સુકુમારી ।
લલિતા બોલી લાલસોં યોં જૂ યહ વૃષભાનદુલારી ।।૨।।
યા બનમેં હમ સદા બસત હૈ હમહી કરત રખવારી ।
બિન બૂઝે તુમ ફૂલવા બીનત જોબનમદ મતવારી ।।૩।।
લલિત બચન સુન લાલ કે સબ રીઝી રહીં વ્રજનારી ।
**'સુરદાસ'** પ્રભુ રસબસ કીની બિરહબેદના ટારી ।।૪।।

**અન્ય દર્શનીય સ્થાનો :**

**ગ્વાલપોખરા :**

અહીંથી થોડેક આગળ ગ્વાલપોખરા છે. પોખરા એટલે નાનું તળાવ. શ્રીઠાકોરજીને બિરાજવા માટે અહીં રત્ન સિંહાસન છે. શ્રીઠાકોરજી જયારે પહેલવહેલા કાળીકામળી ઓઢી, હસ્તમાં લાલ લકુટી લઇ, વાછરડાં ચરાવવા માટે ગ્વાલબાલ સાથે નીકળ્યા ત્યારે શ્રીનંદરાયજીએ શ્રીગિરિરાજજીને સ્તુતિ કરેલી : હે દેવ, આ બાળકનું તમે રક્ષણ કરજો. તેઓ શ્રીકૃષ્ણને શોધતા-શોધતા અહીં આવેલા. ત્યારે તેમણે જોયું કે શ્રીગિરિરાજજીએ પોતાના શ્રીઅંગ ઉપર



કિલ્લોલકુંડ

રત્નજડિત સિંહાસન બનાવી, તેના ઉપર શ્રીઠાકોરજીને પધરાવ્યા છે. ગ્વાલબાલ શ્રીઠાકોરજીની સંભાળ રાખે છે. વાછરડાં આજુબાજુ ચરી રહ્યાં છે.

સખાઓએ શ્રીઠાકોરજીને કહ્યું : લાલા, તમે રત્નજડિત સિંહાસન ઉપર બેસો, તો અમે શા માટે નીચે બેસીએ? આથી શ્રીઠાકોરજીએ શ્રીગિરિરાજજીને આજ્ઞા કરી : અહીં બધા સખા માટે તમે અનેક સિંહાસન સ્વરૂપે બનો. આથી શ્રીગિરિરાજજી ત્યાં અનેક સિંહાસન સ્વરૂપે બિરાજે છે. ગ્વાલપોખરા પાસે શ્રીઠાકોરજી સખાઓ સાથે છાક આરોગ્યા હતા અને ગ્વાલપોખરના જળમાં હાથ-મોં ધોયાં હતાં. ત્યાં શ્રીચૈતન્ય સંપ્રદાયના વિરકત-વૈષ્ણવો રહે છે.

**નારાયણ સ્વામીની સમાધિ :**

કુસુમસરોવર પાસે નારાયણસ્વામીની સમાધિ છે. તેમની પુત્રી રાસમાં શ્રીરાધાજી બનતી. તેની સાથે સાક્ષાત્ શ્રીકૃષ્ણ રાસ કરતા.

**કિલ્લોલ કુંડ :**

ગ્વાલપોખરાથી થોડેક દૂર કિલ્લોકુંડ અને શ્રીકિલ્લોલ-બિહારીજીનાં દર્શન છે. ત્યાં રાસચોતરો છે. અહીં નિંબાકાચાર્યનું મંદિર અને સમાધિ છે. નિંબાર્ક-સંપ્રદાયના વિરક્ત વૈષ્ણવો અહીં રહે છે. શ્રીચંદ્રાવલીજીનું સાસરું સખીતરા ગામ બાજુમાં રહી જાય છે.

કુસુમવનમાં કદંબના એવાં વૃક્ષ છે, જેના પાન પડીયાના આકારનાં છે. તેને દોંણાકદમ કહે છે. શ્રીઠાકોરજી અને સખાઓને છાકલીલા વખતે દૂધ-દહીં આરોગવા આ વૃક્ષો દોણા રૂપે તેમનાં પાન આપીને શ્રીઠાકોરજીની સેવા કરે છે.

અહીંથી યાત્રા માનસીગંગાનાં દર્શને ગોવર્ધન જાય છે.

બ્રજ કે કુંડ સબ તીર્થરૂપ હૈ ।
કુંડ કુંડ સ્નાન કરૌં, પાન કરૌં ॥
તીર્થજલ માર્જન કરેં બડભાગિ ।
સબેં તીરથ દેવરૂપ હૈ જાનોં ॥
સીસ નમાઔં, હસ્ત જોરૌં ।
પાયન લાગૌં, રજમેં લૌટોં ॥

## ગોવર્ધન

**ગંગે દુગ્ધમયે દેવિ ભગવન્માનસોદ્ભવે ।**
**નમઃ કૈવલ્યૂપાઢયે મુક્તિ દેહી મુક્તિ ભાગિની ॥**

**માનસીગંગા (ગોવર્ધન) જવાનો માર્ગ :**

કુસુમ સરોવરથી ગોવર્ધન એક માઇલ દૂર છે. ત્યાં માનસીગંગા આવેલાં છે. ગોવર્ધન શ્રીગિરિરાજજીની તળેટીમાં આવેલું મોટું ગામ છે.

## માનસીગંગા

અહીં શ્રીગિરિરાજજીનું મુખારવિંદ છે. તે માનસીગંગાના કિનારે છે. માનસીગંગાની ત્રણેય બાજુએ પથ્થરોના ઉત્તમ કોટિની કલાથી સુશોભિત ઘાટ આવેલા છે. ચોથી બાજુએ શ્રીગિરિરાજજી બિરાજે છે. માનસીગંગાની વચ્ચે પણ શ્રીગિરિરાજજી બિરાજે છે. માનસીગંગા ઉપર ભરતપુરના રાજાએ એક સુંદર મહેલ બનાવ્યો છે. તેને ભરતપુરના રાજાની છત્રી કહે છે. તેમાં પથ્થરનું નકશીકામ, ચિત્રકામ, સ્થાપત્યકામ જોવાલાયક છે. ભારતની પ્રાચીન કલાનો ઉત્તમ નમૂનો છે. ભરતપુરના રાજાએ લાખ્ખો રૂપિયાનો ખર્ચ કરીને માનસીગંગાના ઘાટ, મહેલ અને આજુબાજુનાં મંદિરો બંધાવેલાં છે.

**શ્રીગિરિરાજજીનું મંદિર :**

માનસીગંગાના કિનારા ઉપર શ્રીગિરિરાજજીનું મંદિર છે. તેમાં મુકુટની આકૃતિનાં દર્શન થાય છે. અહીં શ્રદ્ધાળુઓ શ્રીગિરિરાજજીને દૂધથી સ્નાન કરાવી, ભોગ ધરે છે. અહીંથી



માનસીગંગા, શ્રીહરદેવજીનું મંદિર

શ્રીગિરિરાજજીની પરિક્રમા કરનારા મર્યાદા ભક્તો એક દોહો આનંદથી ગાતા હોય છે. તે નીચે પ્રમાણે છે.

**માનસીગંગા શ્રીહરિદેવ, શ્રીગિરિવરકી પરકમ્મા દેવ,**
**કુંડ કુંડ ચરનામૃત લેવ, અપનો જનમ સુફલ કરી લેવ.**

**શ્રીહરિદેવજીનું મંદિર :**

માનસીગંગાના કિનારે, શ્રીહરિદેવજીનું અતિ પ્રાચીન મંદિર આવેલું છે. એમ કહેવાય છે કે ભગવાન શ્રીકૃષ્ણના પ્રપૌત્ર વજ્રનાભજીએ આ મંદિર બંધાવીને તેમાં શ્રીહરિદેવજીની સુંદર મૂર્તિની પ્રતિષ્ઠા કરી હતી. સંવત ૧૬૩૭ના અરસામાં જયપુર રાજ્ય (આમેર)ના રાજા ભગવાનદાસે આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવેલો. સંવત ૧૭૨૬માં ઔરંગઝેબના ત્રાસથી પ્રાચીન મૂર્તિ અન્યત્ર છૂપાવી દેવામાં આવી. ઔરંગઝેબના સમય પછી આ મંદિરમાં બીજી મૂર્તિ પધરાવવામાં આવી. મંદિર ઘણું જ મોટું અને પ્રાચીન કલાનો નમૂનો છે.

આસો વદ અમાસને દિવાળીના દિવસે અહીં મોટો મેળો ભરાય છે. આજુબાજુથી અને દૂરદૂરથી હજારોની સંખ્યામાં દર્શનાર્થીઓ આવે છે. અહીં તે રાતે માનસીગંગાના જળમાં નાના-મોટા ઘીના દીવા તરતા મૂકવાનું મોટું માહાત્મ્ય છે. તેને દીપદાન કહેવામાં આવે છે. અસંખ્ય નાનાં-મોટાં કોડિયામાં સેંકડો મણ ઘીના દીવા કરીને જળમાં અને ત્રણેય ઘાટ ઉપર મૂકવામાં આવે છે. આ દીપમાલિકાઓની જ્યોતથી માનસીગંગા અને તેની આજુબાજુના સ્થળો ઝળહળી ઊઠે છે. ભરતપુરના રાજા તરફથી આ દીવાઓ માટે ઘણા મોટા પ્રમાણમાં ઘી મળે છે. તે ઉપરાંત ઘણા શ્રીમંતો તરફથી પણ દર વર્ષે અમૂક દીવાઓ પ્રકટાવાય છે. ઘણા ભાવિકો પણ તેમની માનતાના ઘીથી અહીં દીવાઓ સારા પ્રમાણમાં પ્રકટાવે છે. દિવાળીની મધ્યરાત્રિએ માનસીગંગામાં સ્નાન કરીને શ્રીગિરિરાજજીની પરિક્રમા કરવાનો ભારે મહિમા છે. એવી જ રીતે, દશેરાના દિવસે પણ હજારો લોકો માનસીગંગામાં સ્નાન કરી, શ્રીગિરિરાજજીની પરિક્રમા કરે છે. શરદપૂનમે પણ અહીં મોટો મેળો ભરાય છે અને આખી રાત પરિક્રમાનો દોર ચાલે છે.

માનસીગંગાના કાંઠે બ્રહ્મકુંડ ઉપર એક ઊંચી ટેકરી જેવા સ્થાને **મનસાદેવીનું મંદિર** છે. તે વ્રજનાં ઐતિહાસિક લોકદેવી તરીકે પૂજાય છે. પુરાણકથા અનુસાર જરતકારૂ નામના ઋષિ



માનસીગંગા - શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીની લીલા

થઈ ગયા. ઋષિને નિયમિત સમયે સંધ્યા કરવાનો નિયમ હતો. એક વખત ઋષિ સૂઈ ગયા. તેમને સંધ્યા કરવામાં વિલંબ થશે એવા ભયથી ઋષિપત્નીએ ઋષિને જગાડ્યા. ઋષિ જાગતાં ગુસ્સે થયા. તેમણે કહ્યું : મારું એટલું તપોબળ છે કે મારો અર્ઘ્ય લીધા વિના સૂર્ય આગળ ગતિ કરી શકે નહિ. તમે મારું પડખું સેવ્યું, છતાં મારો પ્રભાવ અને સ્વભાવ જાણતાં નથી. માટે, હું તમારો ત્યાગ કરું છું. આમ કહી, ઋષિએ તેમનાં પત્નીનો ત્યાગ કર્યો, પરંતુ દયા આવવાથી તેમના ઉદર ઉપર હાથ મૂકી, તપોબળની શક્તિથી ગર્ભાધાન કર્યું. તેના ફળ રૂપે ઋષિપત્નીને એક પુત્ર થયો. તેનું નામ આસ્તિક. તેમણે પરીક્ષિતના પુત્ર જન્મેજયના સર્પસત્રમાંથી યજ્ઞ અટકાવીને સર્પોને બચાવેલા, તેથી આસ્તિકઋષિનાં માતા સર્પમાતા કહેવાયાં. મનસાદેવી આ ઋષિપત્ની જ છે.

માનસીગંગાની આજુબાજુમાં ગોરોચન, ધર્મરોચન, પાપમોચન અને ઋણમોચન નામના ચાર કુંડ આવેલા છે. માનસીગંગા નંદદાસજીનું ભાવાત્મક દ્વાર છે. નંદદાસજી અહીં પીપળાના વૃક્ષ નીચે રહેતા. લીલામાં તેઓ ચંદ્રલેખાસખીનું સ્વરૂપ છે. તેથી અહીં ચંદ્રલેખાસખીની નિકુંજ કહેવાય છે.

માનસીગંગાની આજુબાજુ ચક્રતીર્થ, ચક્રેશ્વર મહાદેવ, મનસાદેવી, બ્રહ્મકુંડ, શ્રીકૃષ્ણચૈતન્યની બેઠક, શ્રીરામાનુજ-સંપ્રદાયની ગોવર્ધન ગાદીનું શ્રીલક્ષ્મીનારાયણનું મંદિર, શ્યામતમાલનું વૃક્ષ, શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીનાં બેઠકજી વગેરે સ્થાનો પ્રસિદ્ધ છે.



શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી, માનસીગંગા

**માનસીગંગાનું પૌરાણિક માહાત્મ્ય :**

ભગવાન શ્રીકૃષ્ણે વત્સાસુર નામના રાક્ષસનો વધ કર્યો. કંસનો મોકલેલો આ રાક્ષસ વાછરડાનું રૂપ લઇને શ્રીકૃષ્ણનાં વાછરડાં ભેગો ભળી ગયો હતો. તેને ભગવાને માર્યો, ત્યારે સખાઓએ કહ્યું : લાલા, તમે ગૌવંશની હત્યા કરી છે, એ પાપનું પ્રાયશ્ચિત કરવું જોઇએ. તે માટે તમારે ગંગાસ્નાન કરવું પડે. શ્રીકૃષ્ણે કહ્યુંઃ મને વાંધો નથી. હું ગંગાસ્નાન કરવા હરદ્વાર જવા તૈયાર છું. તે સાંભળી સખાઓએ કહ્યું : તમારા વિના અમને અહીં કેમ ગમશે? એવો કંઇક રસ્તો કરો કે તમે વ્રજ છોડીને ન જાવ અને ગંગાસ્નાન પણ થાય. ત્યારે ભગવાને પોતાના મનમાંથી ગંગાજી પ્રકટ કર્યા, તે આ માનસીગંગા. તેમાં સ્નાન કરીને ભગવાને સખાઓની ભાવના અંગીકાર કરી. આથી અહીં સ્નાન કરવાથી ગંગાસ્નાનનું ફળ પ્રાપ્ત થાય છે. શ્રીગિરિરાજજીને માનસીગંગાનું જળ અત્યંત પ્રિય છે. તેથી શ્રીગિરિરાજજી પણ હંમેશાં માનસીગંગાના જળથી જ સ્નાન કરે છે. શ્રીઠાકોરજીએ પહેલી વખત ગોવર્ધન પૂજા કરાવી, ત્યારે પણ શ્રીગિરિરાજજીને માનસીગંગાના જળથી સ્નાન કરાવી, દૂધથી સ્નાન કરાવ્યું હતું.

**શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી :**

માનસીગંગાના જે ઘાટ ઉપર શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી બિરાજે છે, તે ઘાટ વલ્લભઘાટ કહેવાય છે. ત્યાં છોંકરના વૃક્ષ નીચે શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી બિરાજે છે. આ ઘાટને ચક્રતીર્થ ઘાટના નામે પણ ઓળખવામાં આવે છે. ત્યાં બાજુમાં ચક્રેશ્વર મહાદેવજીનું મંદિર છે. શ્રીમહાપ્રભુજી અહીં પધાર્યા, ત્યારે માનસીગંગામાં સ્નાન કરી, છોંકરના વૃક્ષ નીચે બિરાજી, શ્રીભાગવતપારાયણ કર્યું હતું. શ્રીચક્રેશ્વર મહાદેવ દરરોજ તે સાંભળવા માટે આવતા હતા. શ્રીચક્રેશ્વર મહાદેવનો એક સેવક રોજ તેમની પૂજા કરવા આવતો. તેને શ્રીમહાદેવજીનાં સાક્ષાત્ દર્શન થતાં, પરંતુ કથાના દિવસોમાં તેને દર્શન ન થયાં. એટલે



શ્રીકૃષ્ણચૈતન્ય મંદિર, માનસીગંગા

તેણે શ્રીમહાદેવજીને પૂછ્યું : આટલા દિવસ આપ કયાં પધાર્યા હતા? ત્યારે શ્રીમહાદેવજીએ શ્રીમહાપ્રભુજીના સર્વ સમાચાર કહ્યા.

શ્રીમહાપ્રભુજી અહીં એક માસ સુધી બિરાજ્યા હતા. તે સમયમાં બંગાળના વૈષ્ણવ આચાર્ય શ્રીકૃષ્ણચૈતન્ય પણ અહીં હતા. તેઓ શ્રીમહાપ્રભુજીને મળવા આવ્યા. પરસ્પર નમસ્કાર કરીને કુશળ પૂછયા. શ્રીકૃષ્ણચૈતન્યે કહ્યું : હું છ મહિનાથી અહીં છું. પુરાણોમાં લખ્યું છે કે માનસીગંગા દૂધથી ભરેલી છે. જે છ મહિના સુધી નિયમપૂર્વક, શ્રદ્ધાથી તેમાં સ્નાન કરે, તેને માનસીગંગાનાં દૂધ સ્વરૂપે દર્શન થાય છે. મને સ્વપ્નમાં માનસીગંગાએ તેમનાં આધિદૈવિક સ્વરૂપે દર્શન આપીને આજ્ઞા કરી કે : શ્રીવલ્લભાચાર્યજી અહીં પધારશે, ત્યારે તમને મારાં દૂધ સ્વરૂપે દર્શન થશે.

શ્રીમહાપ્રભુજીએ હસ્તમાં જળ લઇ, શ્રીકૃષ્ણચૈતન્ય અને પોતાના સેવકોનાં નેત્રો પર છાંટ્યું. આથી સૌને દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થઇ. સૌને માનસીગંગાનાં આધિદૈવિક-દૂધમય સ્વરૂપે દર્શન થયાં.

શ્રીકૃષ્ણચૈતન્યે શ્રીમહાપ્રભુજીને કહ્યું: મહારાજ, મારું માનવું છે કે કલિયુગમાં પ્રભુના નામ સિવાય બીજી કોઇ રીતે ઉદ્ધાર નથી. જીવ એક ક્ષણ પણ પ્રભુનું નામ લે, તો તેનો ઉદ્ધાર થાય. ત્યારે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરીઃ હું તમારી આ વાત સાથે સંમત નથી. કલિયુગ દરેક જીવને કાલદોષથી બહિર્મુખ બનાવે છે. ગાયના શીંગડા ઉપર રાઇનો દાણો રહે, એટલો સમય પણ જીવ પ્રભુનું નામ ચૂકી જાય, તો તે પ્રભુથી વિમુખ બને છે. ભગવાનનું નામ અલૌકિક છે. તેનો મહિમા અપરંપાર છે. નામ લેનાર જીવ તો લૌકિક છે. માટે, જીવે સતત ભગવદ્નામ લેવું, નહીં તો તેને આસુરાવેશ આવી જશે. આ પ્રસંગમાં શ્રીમહાપ્રભુજીએ સતત ભગવન્નામ લેવાનો સિદ્ધાંત બતાવ્યો. એ જ આજ્ઞા નવરત્ન ગ્રંથમાં પણ કરી.

શ્રીમહાપ્રભુજી અહીં એક માસ સુધી બિરાજયા, ત્યારે નિત્ય ગોવર્ધનમાં આવેલ સર્વ કુંડોમાં સ્નાન કરી, આજુબાજુનાં જમુનાવતા, અડીંગ વગેરે સ્થળોની યાત્રા કરી હતી.

શ્રીમહાપ્રભુજીના એક સેવક અચ્યૂતદાસ સનોઢિયા બ્રાહ્મણ અહીં માનસીગંગા ઉપર ચક્રતીર્થમાં રહેતા હતા. તેઓ દરરોજ શૃંગાર સમયે શ્રીનાથજીનાં દર્શન કરવા ગિરિરાજ ઉપર જતા. દર્શન કરી, મુકામે આવી, તેઓ શ્રીગિરિરાજજીની દંડવતી પરિક્રમા ત્રણ વખત કરતા.

**શ્રીગુસાંઇજીની બેઠક :**

માનસીગંગાના સામા કિનારે શ્રીગુસાંઇજીનાં બેઠકજી બિરાજે છે. ત્યાં પણ ઝારીચરણસ્પર્શ થાય છે.



દાનઘાટીની લીલા (ગોવર્ધન)

**દાનઘાટી :**

ગોવર્ધન ગામમાં નિવર્તકુંડ, બ્રહ્મકુંડ, ધર્મકુંડ આવેલા છે. મથુરાથી ગોવર્ધન ગામમાં આવતી સડક ઉપર દાનઘાટી પાસે શ્રીદાનીરાયજીનું મંદિર આવેલું છે. કૃષ્ણાવતારમાં અહીં પ્રભુ રાજા બન્યા છે. તેમના સખાઓ સિપાઇ બન્યા છે. અહીં શ્રીઠાકોરજીએ ગોપીજનનોએ રોકી-રોકીને દૂધ-દહીંનો કર (દાણ) લીધો છે. માટે આ સ્થાન દાનઘાટી કહેવાય છે. પરિક્રમા વખતે અહીં દાનલીલાનો રાસ થાય છે. તે લીલાનું પદ નીચે મુજબ છે.

*એરી યહ કો હેરી યાહિ દાન દેત ગોવરધન કેરી ખેડે,*
*હાર ન ખેત ન ગામ મઢૈયા, કાન્હર ઠાડો એડે...૧*
*બાપ ભરે કર કંસ રાજા કો, પૂત જગાતી પૈંડે,*
*યા બ્રજ કી સબ રીતિ નઈ હૈ, અબલા તિનકો ન્યાય નીવડે...૨*
*પરાય બગર જિન દેહુ અડી ઠન, કાન્હર છેકી છૈડેં,*
*કૃષ્ણદાસ બરજો નહીં માનત, તોડત લાજકી મેંડે...૩*

શ્રીગુસાંઈજીના સેવક રાજા આશકરણજી વિરકત સ્થિતિમાં વ્રજમાં ફરતા હતા. તેમને વ્યસન અવસ્થા સિદ્ધ થઇ હતી. તેથી તેઓ જયાં જયાં જતા, ત્યાં ત્યાં શ્રીઠાકોરજી તેમને તે તે સ્થળની લીલાનાં દર્શન આપતા. એક દિવસ આશકરણજીએ દાનઘાટી ઉપર શ્રીઠાકોરજીને કામળ ઓઢીને તથા લાકડી લઇને સખા મંડળી સાથે ઉભેલા જોયા. શ્રીઠાકોરજી દહીં વેચવા જતાં ગોપીજનોને રોકતા હતા અને દહીંનું દાણ માગતા હતા. ગોપીજનો તે આપવાની મીઠી આનાકાની કરતાં હતાં. આવી લીલાનાં દર્શન કરીને આશકરણજીએ નીચેનું પદ ગાયું.

*કબતે ભયો હૈ દાની,*
*મટુકી ફોરત હરવા તોરત યહ વાત મૈં જાની...૧*
*નંદરાયકી કાન કરત હૌં ઔર જસોદા રાની,*
*આસકરન પ્રભુ મોહનનાગર ગુનસાગર અભિમાની...૨*

શ્રીઠાકોરજી ઘણીવાર દાનઘાટીમાં ગાયો ચરાવવા ગ્વાલબાલ સાથે પધારતા. એક દિવસ બપોર થયા. શ્રીયશોદાજીએ ગોકુળથી ગોપીઓને કાવડો ભરીને છાક લઇને મોકલી. તે અહીં આવી. શ્રીઠાકોરજીએ તેમને રોકી રાખી. અને કહ્યું: તમે નંદરાયજીના સમ ખાઇને કહો કે અમે ઘેરથી જમીને આવ્યાં છીએ. નહીં તો અમારી સાથે જમવા બેસવું પડશે. ત્યારે ગોપીઓએ સમ ખાધા, એટલે શ્રીઠાકોરજીએ કહ્યું: ભલે, અમારી સાથે ભોજન ન કરો, પણ અમારી સાથે બેસી, દરેક સામગ્રી એકએક વખત ચાખવી તો પડશે. શ્રીઠાકોરજી ગોપીઓને જમાડી, આનંદ લેવા અને આપવા આવો આગ્રહ કરતા હતા. તેમણે સૌ ગોપગોપીઓને વર્તુળાકારે બેસાડ્યાં. પોતે શ્રીહસ્તમાં સોનાનાં સામગ્રી ભરેલાં વાસણ લીધાં અને પીરસવા લાગ્યા. હસી હસી સૌની સામે જોતા જોતા મેવા-મીઠાઇ વહેંચવા લાગ્યા. બીજું પીરસવાનું સખાઓને સોંપી, પોતે ભોજન કરવા બિરાજ્યા. વચ્ચે વચ્ચે તેઓ સુબલ સખાને ટોકવા લાગ્યા. આવા શ્રીપ્રભુ પરમાનંદસ્વરૂપ છે. પરમાનંદદાસજીએ આ લીલાનાં દર્શન કરી, નીચેનું પદ ગાયું છે.



કુંભનદાસજી

છેડે શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર સેવક અને શ્રીનાથજીના પ્રીતિપાત્ર સખા કુંભનદાસજીનું ઘર આવેલું છે. ત્યાં કુંભનદાસજીની બેઠક છે. તેમાં શ્રીગુસાંઈજીની સન્મુખ બેઠેલા કુંભનદાસજીનાં પ્રાચીન ચિત્ર બિરાજે છે.

ગામની નજીકમાં કુંભનતલાઈ અને કુંભનકૂપ આવેલાં છે. કુંભનદાસજીના વંશજોના કહેવા પ્રમાણે કુંભનતલાઈ અને કુંભનકૂપની આજુબાજુનાં ખેતરો કુંભનદાસજીનાં હતાં. તેમાં તેમણે ટેંટી, બોર, રાયણ વગેરેનાં વૃક્ષો રોપેલાં હતાં, તે આજે પણ દર્શન આપે છે. અહીં જ કુંભનદાસજી સાથે ખેલવા શ્રીનાથજી પધારતા. અહીં રાજા માનસિંહ કુંભનદાસજીને મળવા આવેલો. અહીં કુંભનદાસજી એમના પુત્ર ચત્રર્ભુજ-દાસજી સાથે સત્સંગ કરતા.

કુંભનદાસજી ગામમાં જે સ્થળે રહેતા, તે ઊંચા ટેકરા ઉપર આવેલું છે. સંવત ૧૯૧૯માં ત્યાં પાકું મકાન બાંધવામાં આવ્યું છે. પછી સંવત ૨૦૧૪માં તેનો જીર્ણોદ્ધાર પણ થયેલો છે. જમુનાવતામાં એક પ્રાચીન વડ છે. તેને કુંભનદાસજીના વડ તરીકે ઓળખવામાં આવે છે.

*દાન ઘાટી છાક આઈ, ગોકુલ તે કાવર ભર,*
*રાવલ કી રાવરેને રાખી સબ ઘેર,*
*મન તો જબ હી દેહોં, નંદજીકી આન ખેહોં,*
*ભોજનકી રહી કછુ, ચાખો એક બેર...૧*
*કનક બેલા કરમેં લિયે, રાજત ગિરિરાજધરન,*
*બાંટત મેવા હસિ હસિ, હેરત ચહું ફેર,*
*સકલ પાક પરમાનંદ, આરોગત પરમાનંદ,*
*પરમાનંદ ટોક કરત, સુબલ ટેર ટેર...૨*

### નિવર્ત (નિવૃત્તિ) કુંડ :

ગોવર્ધન ગામમાં એક નિવૃત્તિકુંડ છે, તેનુ નામ નિવૃત્તિકુંડ એટલા માટે પડ્યું કે દાનઘાટીમાં દાનલીલા દ્વારા શ્રીઠાકોરજીએ ગોપીજનોની સંસારાશક્તિના મોહનો નાશ કર્યો અને તેમની પ્રીતિ પોતાનામાં લગાડી. આથી ગોપીઓ અભય બની.

## જમનાવતા ગામ

અહીંથી અડધો માઈલ દૂર જમુનાવતા ગામ છે. મથુરાથી સાડા સત્તર માઈલ થાય. સારસ્વત કલ્પમાં શ્રીયમુનાજીનો એક ધારાપ્રવાહ અહીંથી વહેતો હતો. વળી, આ ગામમાં શ્રીભાનુગોપના ત્યાં શ્રીયમુનાજીનું પ્રાકટ્ય ચૈત્ર સુદ છઠે થયું હતું, તેથી ગામનું નામ શ્રીજમુનાવતા પડ્યું. ગામના બીજા



ચતુર્ભૂજદાસજી

## ચંદ્રસરોવર

**ચંદ્રસરોવર જવાનો માર્ગ :**

ગોવર્ધનથી ચંદ્રસરોવર દોઢ માઈલના અંતરે છે. સોંખ ગામ જતી પાકી સડકથી ચંદ્રસરોવર જવાય છે. દાનઘાટી થઈને કાચી સડકે પણ ચાલીને ચંદ્રસરોવર જવાય છે.

**ચંદ્રસરોવર (પરાસોલી) :**

સારસ્વત કલ્પમાં આ સ્થળ આદિ વૃંદાવન તરીકે પ્રસિદ્ધ હતું. સારસ્વત કલ્પમાં ભગવાન શ્રીકૃષ્ણે શરદપૂર્ણિમાની રાત્રિએ વેણુનાદ કરીને ગોપીજનોને અહીં બોલાવ્યાં હતાં અને તેમની સાથે રાસ કર્યો હતો. એટલે સારસ્વત કલ્પનું આ વૃંદાવન છે. માટે તેને આદિ વૃંદાવન કહેવામાં આવે છે. અહીં પરમ રાસલીલા, થઈ એટલે આ સ્થળ પરમ રાસસ્થલી કહેવાયું. તેનું અપભ્રંશ પરાસોલી થયું.

આ સ્થળનું નામ પરાસોલી પડવાનું એક બીજુ કારણ પણ વ્રજના વિદ્વાનો બતાવે છે : સારસ્વત કલ્પમાં અહીં શ્રીયમુનાજીનો બીજો ધારાપ્રવાહ વહેતો હતો. તે આગળ આગ્રામાં હાલના શ્રીયમુનાજીના ધારાપ્રવાહને મળી, એક થતો હતો. બે નદી વચ્ચેના જમીનના ભાગને અથવા જળની વચ્ચેના જમીનના ભાગને બેટ અથવા દ્વીપ કહેવામાં આવે છે. એટલે આ પ્રદેશ યમુનાદ્વીપ તરીકે ઓળખાતો. અહીં પરાશર મુનિએ ઉગ્ર તપ કર્યુ હતું. પરાશરમુનિ અહીં આશ્રમ બાંધીને રહેતા હતા. તેમના નામ પરથી આ સ્થળ પરાસોલી તરીકે પ્રસિદ્ધ થયું. પરાશરમુનિના ત્યાં વેદવ્યાસજીનો જન્મ આ જ સ્થળમાં થયો હતો. પિતાના નામ પરથી વેદવ્યાસજી પારાશર્ય તરીકે પ્રસિદ્ધ છે. એટલે પારાશર્ય નામ પરથી પણ પરાસોલી નામ પડ્યાનુ કેટલાક વિદ્વાનોનું માનવું છે. આજે પણ વેદવ્યાસજીના પ્રાકટ્યનું સ્થળ ચંદ્રસરોવર પાસે આવેલા



ચંદ્રસરોવર, સામે રાસચોતરો

મહેમદપુર નામના ગામમાં બતાવવામાં આવે છે. તે સ્થળે સરસ્વતી મંદિર બાંધવામાં આવેલું છે. અહીં વેદવ્યાસજીના જન્મદિવસ-અષાડ સુદ પુનમ ને ગુરુપૂર્ણિમાએ મોટો મેળો પણ ભરાય છે.

સારસ્વત કલ્પમાં અહીં શ્રીયમુનાજી વહેતાં હતાં. એનું પ્રમાણ આજે પણ ત્યાંની રજ પૂરું પાડે છે. ત્યાંની રજ નદીની રજ જેવી છે. સ્કંદપુરાણમાં અને શ્રીમદ્‌ભાગવતમાંથી પણ એનાં પ્રમાણ મળી આવે છે. સ્કંદપુરાણમાં લખ્યું છે કે **'અહો વૃંદાવનમ્ રમ્યમ્ યત્ર ગોવર્ધનોગિરિ:'** જયાં શ્રીગોવર્ધનપર્વત આવેલો છે, એવું વૃંદાવન રમણીય છે. શ્રીભાગવતમાં લખ્યું છે કે :

**વૃંદાવનં ગોવર્ધનં યમુના પુલિનાનિ ચ ।**
**વીક્ષ્યાન્સિમદુત્તમા પ્રીતિર્રામમાધવયોર્નૃપ ॥**


શ્રીવૃંદાવન અને શ્રીગોવર્ધન પર્વત, અને શ્રીયમુનાજીના સુંદર કિનારાઓ જોઈને, હે રાજા, ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રીબલરામજીનાં હૃદયમાં ઉત્તમ પ્રીતિ પ્રકટ થઈ.

આથી સિદ્ધ થાય છે કે શ્રીગોવર્ધનપર્વતની નજીકમાં જ વૃંદાવન આવેલું હતું. અને ત્યાં શ્રીયમુનાજી પણ વહેતાં હતાં. એટલે ચંદ્રસરોવરનો પ્રદેશ જ સારસ્વત કલ્પનું વૃંદાવન છે.

અહીં શ્રીકૃષ્ણે ગોપીજનો સાથે મહારાસ કર્યો હતો. તેના અનેક પદો પ્રસિદ્ધ છે.



ચંદ્રસરોવરે રાસલીલા




સૂરકુટિ (સ્મારક)

**દર્શનીય સ્થાનો :**

તે સમયમાં અહીં ચંદ્રસરોવર આવેલ હતું. મહારાસ વખતે છ મહિના સુધી સ્થિર થયેલ શરદના પૂર્ણ ચંદ્રનાં કિરણો આ સરોવર ઉપર પડવાથી તે મોટા ચંદ્ર જેવું દેખાતું હતું, તેથી તેનું નામ ચંદ્રસરોવર પડ્યું હતું. આ સરોવર અષ્ટકોણાકૃતિ છે. તેનું ફરીથી સુંદર બાંધકામ ભરતપુરના રાજાએ કરાવેલું છે. અષ્ટદળ કમળના કલાત્મક આકારનો આ કુંડ સંવત ૧૮૧૧માં બનેલો છે. કુંડ ઉપર શ્રીચંદ્રબિહારીજી અને શ્રીદાઉજીનાં મંદિર છે. તેની પાસે એક ચોતરો છે. તે રાસ ચોતરાના નામે ઓળખાય છે. તેના પૂર્વ કિનારે કુંભનદાસજીની બેઠક છે, બાજુમાં ચતુર્ભુજદાસજીની બેઠક છે. પશ્ચિમ કિનારે સૂરદાસજીની બેઠક છે. આ ત્રણેય અષ્ટછાપ ભગવદીયોની સુંદર પ્રતિમાઓનું ત્યાં સ્થાપન કરવામાં આવેલું છે.



શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી, ચંદ્રસરોવર

ચંદ્રસરોવર સૂરદાસજીનું ભાવાત્મક દ્વાર છે. સૂરદાસજી નિત્યલીલામાં ચંપકલતા સખી હતા. તેથી આ ચંપકલતા સખીની નિકુંજ કહેવાય છે. અહીં ચંપકલતા સખી નિત્ય બિરાજમાન છે.

અહીં ચંદ્રકૂપ આવેલો છે. ત્યાં બે મોટા વજનદાર પથ્થરો છે. જેને બજાવવાથી નગારા જેવો અવાજ નીકળે છે. આ પથ્થરોને ઇંદ્રનાં નગારાં તરીકે ઓળખવામાં આવે છે.

અહીં મહાકવિ સૂરદાસજીના નામ સાથે જોડાયેલ વિદ્યાલય પણ ચાલે છે.

અહીં યાદવેંદ્રદાસ કુંભારે જાતે ખોદીને બનાવેલો કૂવો છે. શ્રીનાથજીના જલઘરા માટે આ કૂવો યાદવેંદ્રદાસે ખોદ્યો હતો. તેમાંથી નીકળેલી માટીમાંથી ઇંટો બનાવી, પકવીને તેમણે સ્વહસ્તે તે કૂવો ચણ્યો હતો. તેમાંથી જળ ખારું જળ નીકળ્યું, એટલે તેમના દિલને ઘણું દુ:ખ થયું. એમ કહેવાય છે કે તેઓ ગંગાકિનારે ગયા. ત્યાં જઇ, ગંગાજળમાં પ્રવેશ કરી, ગંગાજળની અંજલિ ભરી ભરીને ગંગાજીમાં નાખી, તર્પણ કરતાં ગંગાજીને વિનંતી કરી : પરાસોલીના કૂવાનું જળ ગંગાજળ સમાન બનાવો, જેથી શ્રીઠાકોરજીની સેવામાં વપરાય. ગંગાજીએ તેમને દર્શન આપીને આજ્ઞા કરી કે, તમારી ઇચ્છા પૂરી થઇ છે. કૂવાનું જળ મીઠું થયું છે. ત્યારે તેઓ શ્રીગિરિરાજજી પાછા આવ્યા. તે જળ તેમણે શ્રીનાથજીને અંગીકાર કરાવ્યું. ત્યારથી આ કૂવાનું નામ શ્રીનાથજીના જલઘરા તરીકે પ્રસિદ્ધ થયું.

**શ્રીબેઠકજીઓ :**

અહીં શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી, શ્રીગિરિધરજી અને શ્રીગોકુલનાથજીનાં ચાર બેઠકજી એક સાથે બિરાજે છે. તેના પાછળના ભાગમાં શ્રીગિરિરાજજીનાં બેઠકજી છે. બહારના ભાગમાં શ્રીગુસાંઇજીનાં વિપ્રયોગનાં બેઠકજી અને શ્રીબડેદાઉજીનાં બેઠકજી છે. ત્યાં સૂરદાસજીનું નિવાસસ્થાન સૂરકુટિ છે.

**શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી :**

શ્રીમહાપ્રભુજી અહીં પધાર્યા ત્યારે ચંદ્રસરોવરમાં સ્નાન કરી, છોંકરના વૃક્ષ નીચે બિરાજી, શ્રીભાગવતપરાયણ કર્યું હતું. સાથેના વૈષ્ણવોની વિનંતીથી આપે સૌને રાસલીલાનાં સાક્ષાત દર્શન કરાવ્યાં હતાં. એક વૈષ્ણવે વિનંતી કરી: મહારાજ, શ્રીગિરિરાજજીના આધિદૈવિક સ્વરૂપનાં સાક્ષાત દર્શન કેવી રીતે થાય? ત્યારે તેમણે આજ્ઞા કરી કે, રસ્તામાં ક્યાંય રોકાયા વિના કે બેઠા વિના, સતત ચાલતા રહીને જો એક જ દિવસમાં શ્રીગિરિરાજજીની ત્રણ પરિક્રમા દીનતા અને પ્રેમથી કરવામાં આવે તો શ્રીગિરિરાજજીનાં આધિદૈવિક સ્વરૂપનાં દર્શન શ્વેત સાપ, ગ્વાલ, સિંહ અને ગાય સ્વરૂપે થાય છે. આથી તે વૈષ્ણવે

શ્રીમહાપ્રભુજીને દંડવત કરી, તેમની આજ્ઞા લઇ, શ્રીગિરિરાજજીની ત્રણ પરિક્રમા કરી. દરમ્યાનમાં તેમને સફેદ સાપનાં, ગ્વાલનાં, સિંહનાં અને ગાયનાં દર્શન થયાં. ત્રણ પરિક્રમા પૂરી કર્યા પછી તેમના મનમાૈ ખેદ થયો કે મને શ્રીગિરિરાજજીનાં સાક્ષાત દર્શન થયાં નહિ. તેમણે આવીને શ્રીમહાપ્રભુજીને આ વાત કહી. ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે, વેદમાં બતાવ્યા પ્રમાણે તમને સફેદ સાપ, સિંહ, ગ્વાલ અને ગાય સ્વરૂપે તથા સ્થૂળ પર્વત સ્વરૂપે શ્રીગિરિરાજજીએ દર્શન આપ્યાં છે. ભગવાન આપણને સાક્ષાત દર્શન આપે છે, છતાં તેમની ઇચ્છા વિના જીવ ભગવદ્સ્વરૂપને ઓળખી શકતો નથી. શ્રીગિરિરાજજી તો અહીં સાક્ષાત રત્ન મણિમય સ્વરૂપે બિરાજે છે. તે દર્શન આપણી આંખોથી થતાં નથી.

### શ્રીગુસાંઇજીનાં બેઠકજી :

શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીની બાજુમાં શ્રીગુસાંઇજીના બેઠકજી બિરાજે છે. ત્યાં બિરાજીને તેમણે શ્રીભાગવતપારાયણ કર્યું હતું. શ્રીગુસાંઇજીનાં બીજાં બેઠકજી આગળના ભાગમાં બિરાજે છે. તે વિપ્રયોગનાં બેઠકજી અથવા ફૂલઘરનાં બેઠકજી તરીકે પ્રસિદ્ધ છે. જયારે શ્રીનાથજીના અધિકારી કૃષ્ણદાસે શ્રીગુસાંઇજી માટે શ્રીનાથજીનાં દર્શન બંધ કર્યાં, ત્યારે શ્રીગુસાંઇજી છ મહિના સુધી અહીં બિરાજી, પ્રભુનો વિરહ કરતા રહ્યા. તે બેઠકની પાછલી દિવાલમાં એક નાની જાળી છે. એવી જ જાળી શ્રીનાથજીના શય્યામંદિરમાં પણ પર્વત ઉપર હતી. એ જાળીમાંથી શ્રીનાથજી શ્રીગુસાંઇજીને રોજ દર્શન આપતા. કૃષ્ણદાસને આ વાતની ખબર પડતાં તેમણે શય્યામંદિરની જાળી પૂરાવી દીધી. ત્યારપછી શ્રીગુસાંઇજી કેવળ જળ ઉપર રહીને વિરહમાં બિરાજયા. શ્રીનાથજીના મુખિયાજી રામદાસ રોજ રાજભોગ પછી શ્રીનાથજીનાં માળા-બીડાં લઇને અહીં આવતા. શ્રીગુસાંઇજી તેમની સાથે શ્રીનાથજીને વિજ્ઞપ્તિનો એક શ્લોક લખી મોકલતા. તેનો જવાબ શ્રીનાથજી પાનની બીડીના પાન ઉપર પોતાના મુખારવિંદના પાનના રસથી લખીને મોકલતા. તે વાંચી, શ્રીગુસાંઇજી તે પત્ર જળમાં ધોળીને આરોગી જતા. આમ, શ્રીગુસાંઇજી અહીં છ મહિના બિરાજયા. તેમણે શ્રીનાથજીને લખેલી વિજ્ઞપ્તિઓ પુસ્તક રૂપે પ્રસિદ્ધ છે. અહીં બિરાજી શ્રીગુસાંઇજી રોજ શ્રીનાથજી માટે પુષ્પમાળા સિદ્ધ કરી મોકલતા. માળાજી સમયસર પહોંચે તે માટે રાજભોગ સર્યા પછી માળા બોલી છે, એવો હેલો પાડવામાં આવતો.

### શ્રીગિરિધરજીનાં બેઠકજી :

શ્રીગિરિધરજી શ્રીગુસાંઇજીના જયેષ્ઠ પુત્ર થાય. તેમણે પણ અહીં બિરાજી, શ્રીભાગવતનું પારાયણ કર્યુ હતું.

### શ્રીગોકુલનાથજીનાં બેઠકજી :

શ્રીગુસાંઇજીના ચોથા પુત્ર શ્રીગોકુલનાથજીએ પણ અહીં શ્રીભાગવતપારાયણ કર્યુ હતું અને શ્રીસર્વોત્તમસ્તોત્ર ઉપરની બડી ટીકા લખી હતી.

શ્રીગોકુલનાથજીએ રાસના મનોરથની શરૂઆત અહીંથી કરી હતી. ત્યારે શ્રીગિરિધરજીની સાથે શ્રીનાથજી પધાર્યા હતા. ચતુર્ભુજદાસજીએ રાસનાં પદ ગાયાં હતાં.

### ભગવદીયોની લીલાઓ :

એક દિવસ શ્રીમહાપ્રભુજીના સેવક કુંભનદાસજી રાજભોગ આરતીનાં દર્શન કરીને તેમના ગામ જમુનાવતા જતા હતા. ત્યારે રસ્તામાં ચંદ્રસરોવર ઉપર એક માળી તેમને મળ્યો. તે બસ્સો મોટી સુંદર કેરીઓનો ટોપલો ભરીને ચંદ્રસરોવરના ઘાટ ઉપર બેઠો બેઠો કેરીઓ સાફ કરી રહ્યો હતો. કુંભનદાસજીએ જોયું કે કેરીઓ શ્રીનાથજીને લાયક છે. તેમણે ભાવ પૂછયો. માળીએ કહ્યું કે, મથુરામાં મને આ ટોપલાના દસ રૂપિયા મળશે. કુંભનદાસજી પાસે પૈસા હતા નહીં. એટલે તેમણે શ્રીનાથજીનું સ્મરણ કરીને વિનંતી કરી કેઃ મહારાજ, આ કેરીઓ આપને આરોગવાલાયક છે. આપ ઉત્તમ વસ્તુના ભોકતા છો, તેથી શ્રીમહાપ્રભુજીની કાનિથી આપ આરોગો. તરત જ અલૌકિક સ્વરૂપે પધારી, શ્રીનાથજી બધી કેરીઓ આરોગ્યા.

એક વખત શ્રીનાથજીએ કૃષ્ણદાસ અધિકારીને આજ્ઞા કરી કે, તમે શ્યામ કુંભારને મૃદંગ સાથે તેડીને રાત્રે પરાસોલી આવજો. તે મૃદંગ ઘણુ સારું વગાડે છે. શ્રીનાથજીની આજ્ઞા પ્રમાણે કૃષ્ણદાસ શ્યામ કુંભારને લઇને પરાસોલી ગયા. ત્યાં શ્રીનાથજી શ્રીસ્વામિનીજી સહિત બિરાજતા હતા. શ્રીનાથજીએ આજ્ઞા કરી કે, શ્યામ, તું મૃદંગ બજાવ. અને કૃષ્ણદાસ તમે કીર્તન કરો. શ્રીનાથજી અને શ્રીસ્વામિનીજી મૃદંગના તાલે નૃત્ય કરવા લાગ્યા. તે વખતે કૃષ્ણદાસે નીચેનું પદ ગાયું.

*શ્રીવૃષભાનુ નંદિની હો નાચત લાલ ગિરિધરન સંગ*
*લાગ ડાટ સુરપ તિરપ રાગ રંગ રાખ્યો,*
*ઝપતાલ મીલ્યો રાગ કેદારો સપ્તસુરન અવધરવર*
*સુઘરતાન ગાન રંગ રાખ્યો.*

*પાઈ સુખ સુરત સિદ્ધ ભરત કામ વિવિધ રિદ્ધ*
*અભિનય દલ શત સુહાગ હુલાસ રંગ રાખ્યો,*
*વનિતા શત યુથકો પિય, નીરખી થકિત સઘન ચંદ્ર*
*બલિહારી **'કૃષ્ણદાસ'** સુધર રંગ રાખ્યો.*

એકવખત શ્રીગુસાંઇજી શ્રીગોકુળમાં બિરાજતા હતા. શ્રીગિરિધરજી વગેરે સર્વ બાળકો જતિપુરામાં બિરાજતાં હતાં. ત્યાં રાસધારીઓ આવ્યા. શ્રીગોકુલનાથજીએ શ્રીગિરિધરજીને પૂછીને પરાસોલીમાં રાસ કરાવ્યો. ત્યારે શ્રીગોકુલનાથજીએ શ્રીગુસાંઇજીના સેવક ચતુર્ભુજદાસજીને આજ્ઞા કરી કે, તમે કંઇક ગાવ. ચતુર્ભુજદાસે કહ્યું: મારું ગાન સાંભળનાર શ્રીનાથજી અહીં પધાર્યા નથી. હું કેવી રીતે ગાઉં? ત્યારે શ્રીગોકુલનાથજીએ કહ્યું કે શ્રીનાથજી હમણાં પધારશે. શ્રીગોકુલનાથજીની વાત સત્ય કરવા માટે શ્રીનાથજી શ્રીગિરિધરજીને જગાડીને પરાસોલી પધાર્યા. શ્રીગોકુલનાથજી અને ચતુર્ભુજદાસજીને શ્રીનાથજીનાં દર્શન થયાં, બીજા કોઇને દર્શન થયાં નહિ. શ્રીનાથજીનાં દર્શન કરીને ચતુર્ભુજદાસે કીર્તન ગાયાં. આખી રાત રાસલીલા થઇ. ચતુર્ભુજદાસ આવા ટેકી હતા. તેઓ બીજા કોઇની આગળ ગાતા નહિ.



પેંઠા ગામની લીલા

## પેંઠા ગામ

ચંદ્રસરોવરથી સવા માઇલ દૂર પેંઠો ગામ છે. રસ્તામાં મોહકુંડ, નારાયણ સરોવર, લક્ષ્મીકૂપ, ગોપાલકુંડ આવે છે. પેંઠા ગામમાં ચતુર્ભુજ શ્રીનાથજીનું અને પેંઠાબિહારીજીનું મંદિર છે. ત્યાં એંઠાકદંબ છે.

ભગવાન ગૌચારણ માટે પધાર્યા ત્યારે એક દિવસ બ્રહ્માજી વત્સહરણ કરીને વાછરડાં અને ગોપબાળકોને બ્રહ્મલોકમાં લઇ ગયા હતા. થોડા દિવસ પછી બ્રહ્માજી અહીં મોહકુંડ પાસે તપાસ કરવા આવ્યા. તેમણે નવા ગોપ, ગાયો અને વાછરડાંને ભગવાન સાથે જોયાં. એ બધાં કૃષ્ણ રૂપે દેખાતાં હતાં, તેથી બ્રહ્માજીને મોહ ઉત્પન્ન થયો, તેથી આ કુંડનું નામ મોહકુંડ પડ્યું.

જયારે ઇંદ્રે વ્રજ ઉપર કોપ કરી, મુશળધાર વરસાદ વરસાવ્યો ત્યારે શ્રીકૃષ્ણે શ્રીગિરિરાજજીને પોતાની ટચલી આંગળી ઉપર ધારણ કરી, સર્વ વ્રજવાસીઓને આજ્ઞા કરી કે, આવો, ગિરિરાજજી કે નીચે પેંઠો. આથી બધા વ્રજવાસીઓ પશુઓ સહિત આ સ્થળેથી શ્રીગિરિરજજીની છાયામાં પેઠા હતા. માટે આ ગામનું નામ પેંઠોગામ પડ્યું છે.

આ ગામનું નામ પેંઠા પડવાનું એક બીજું કારણ પણ બતાવવામાં આવે છે. રાસમાંથી પ્રભુ અંતર્ધ્યાન થયા. ગોપીજનોએ તેમને શોધ્યા. ત્યારે તેઓ ચતુર્ભુજ હતા.

શ્રીઠાકોરજી શ્રીરાધાજી પાસે બે હસ્ત સંકોચીને અંદર પધાર્યા, તેથી આ સ્થળ પેંઠા કહેવાયું.

અહીં કૃષ્ણકુંડ છે. એમ કહેવાય છે કે જેને કોઢ થયો હોય તે આ કુંડમાં શ્રદ્ધાથી સ્નાન કરે તો તેનો કોઢ મટી જાય છે.

જયારે શ્રીકૃષ્ણે શ્રીગિરિરાજ ધારણ કર્યા ત્યારે કેટલાક વ્રજવાસીઓને શંકા થઇ કે આ નાનો બાળક આટલો મોટો પર્વત કેવી રીતે ઊંચકી રાખશે? તેમની શંકા દૂર કરવા માટે શ્રીકૃષ્ણે પોતાનું અસાધારણ બળ બતાવવા અહીં આવેલા એક કદંબના વૃક્ષને આમળ્યું હતું. મહાકાય વૃક્ષના થડને વળ ચડાવી દીધા. વ્રજભાષામાં તેને એંઠવું કહેવાય છે. તેથી આ કદંબનું વૃક્ષ એંઠાકદંબ તરીકે ઓળખાય છે. થોડાક સમય પહેલાં આ વૃક્ષ સૂકાઇને જમીન પર પડી ગયું હતું. તેના થડનો આમળો ચડાવ્યો હોય એવો એક ટૂકડો પેંઠા ગામના વ્રજવાસીઓએ ત્યાંના મંદિરમાં સાચવીને રાખ્યો છે. તે દર્શનીય છે.

આ કદંબને એંઠાકદંબ કહેવામાં આવે છે. તેનું એક બીજું કારણ પણ બતાવવામાં આવે છે. એક વખત શ્રીઠાકોરજી અહીંની એક સખીના ઘરમાં સંતાઇ ગયા. તે વખતે તેની ખીચડીની તપેલી એક બિલાડીએ ઉઘાડીને ખીચડી ખાધી. ખડખડાટ સાંભળીને સખી જોવા આવી. તેણે શ્રીઠાકોરજીને જોયા, એટલે પકડવા દોડી. શ્રીઠાકોરજી છલાંગ મારીને કદંબના વૃક્ષ ઉપર સંતાઇ ગયા. તેથી સખીએ બીજી સખીને બૂમ પાડી. અલી સખી, આ લાલો ખીચડી ખાઇને એંઠા હાથ કદંબના થડને લૂછી, તેના ઉપર સંતાઇ ગયો છે. ત્યારથી આ કદંબનું વૃક્ષ એંઠાકદંબ તરીકે પ્રસિદ્ધ થયું.



એંઠો કદંબ

લક્ષ્મીજી વ્રજમાં ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન કરવા સૌ પ્રથમ અહીં આવેલાં. એટલે અહીંના કૂપને લક્ષ્મીકૂપ કહેવામાં આવ્યો. પછી ભગવાનની આજ્ઞાથી લક્ષ્મીજીએ બેલવનમાં કાયમ માટે નિવાસ કર્યો.

**ખેરો ગામ :**

પેંઠાગામથી આગળ જતાં ખેરો ગામ આવે છે. અહીં શ્રીઠાકોરજી છાક આરોગ્યા હતા. છાક આરોગીને વધેલો સામગ્રીનો ભૂકો-ખેરો ગ્વાલબાલને વહેંચી દીધો. તેથી આ ગામનું નામ ખેરો પડ્યું. આ ખેરા ગામ વિષે વ્યાસદાસજીનું એક સુંદર પદ છે.

ઐસો કબ કરિ હો મન મેરો,
કર કરવા ગુંજન કે હરવા,
કુંજન માંહિ બસેરો...૧
વ્રજવાસિન કે ટુક જુંઠ અરુ,
ઘર ઘર છાંછ મહેરો...૨
ભૂખ લગે તબ ગાંગ ખાય
હાં ગીનૌં ન સાંજ સવેરો...૩
ઇતનિ આસ વ્યાસ કી પૂજિયે,
મેરો ગાંવ ન ખેરો...૪

# બચ્છગામ

પેંઠા ગામથી આગળ, કૃષ્ણકુંડ પાસે સાક્ષીગોપાલનું મંદિર છે. ત્યાંથી આગળ જતાં બચ્છગામ આવે છે. ચંદ્રસરોવરથી તે ચાર માઈલ દૂર છે.



બચ્છવનની લીલા



બચ્છગામની લીલા

આ ગામ વિષે એવી કથા છે કે અહીંના બચ્છવનમાંથી બ્રહ્માજીએ વાછરડાં ચોરી લીધાં હતાં. ભગવાને પોતાના જ સ્વરૂપમાંથી એવાં જ વાછરડાં પ્રકટ કર્યા. તેમને લઈને પોતે આ ગામમાં વાછરડાંની માતાઓ પાસે આવ્યા. ગાયોએ રોજ કરતાં વધારે સ્નેહથી વાછરડાંને દૂધ પાવા માંડ્યું. શ્રીબળદેવજીને એ વાછરડાં ઉપર વિશેષ મોહ થયો. તેમણે જ્ઞાનચક્ષુથી જોયું તો એ બધાં વાછરડાં કૃષ્ણ રૂપે દેખાયાં. આ ગામમાં સંકર્ષણકુંડ છે. ત્યાં શ્રીબળદેવજીને શંકા થઈ. તેમણે શ્રીકૃષ્ણને પૂછ્યું, પણ શ્રીકૃષ્ણ કંઈ બોલ્યા નહિ. આથી શ્રીબળદેવજીએ હઠ કરી. તેથી અહીં અડવારોકુંડ છે. આખરે શ્રીકૃષ્ણે બધી હકીકત કહી. તે સાંભળી બળદેવજીને બ્રહ્માજી ઉપર ક્રોધ આવ્યો. તેમણે કહ્યું કે, હું બ્રહ્મલોકનો નાશ કરીશ. ત્યારે શ્રીકૃષ્ણે તે જ ક્ષણે રામસ્વરૂપ ધારણ કરીને બલદેવજીને

શાન્ત કર્યા. તેથી અહીં રામકુંડ છે. ભગવાને આજ્ઞા કરીઃ મારા રામાવતારમાં જનકપુરની સ્ત્રીઓએ હું તેમનો પતિ થાઉં એવી ઈચ્છા કરી હતી. કૃષ્ણાવતારમાં તેમની ઈચ્છા પૂરી કરવાનું મેં તેમને વરદાન આપ્યું હતું. તેથી તેઓ અહીં વ્રજમાં ગાયો રૂપે જન્મ્યાં છે. એવી જ રીતે, અયોધ્યાની સ્ત્રીઓએ મને પુત્રભાવથી લાડ લડાવવાની ઈચ્છા કરી હતી. તેમની ઈચ્છા કૃષ્ણાવતારમાં પૂરી કરવાનું મેં વરદાન આપ્યું હતું. તે બધાં અહીં ગાય, ગોપી રૂપે જન્મ્યાં છે. તેમનાં વાછરડાં અને પુત્રોનું રૂપ લઈ, હું તેમનું સ્તનપાન કરી, તેમની ઈચ્છા પૂરી કરું એ માટે મેં આ લીલા રચી છે. માટે, તમે બ્રહ્માને ક્ષમા આપો.

અહીં વ્રજભક્તો શ્રીકૃષ્ણ માટે છાક લઈ આવ્યાં હતાં. સુવર્ણકટોરામાં શ્રીઠાકોરજી ઘેંસ આરોગ્યા હતા. ઘેંસને રાબડી કહેવામાં આવે છે. તેથી અહીં રાબડીકુંડ છે. ગોપીજનોએ કનકકટોરા ધોયા, તેથી અહીં કનકસાગર પણ છે.

આ ગામમાં સીતા સખી રહેતાં હતાં. તેમનો મનોરથ પૂર્ણ કરવા શ્રીઠાકોરજી તેમની નિકુંજમાં પધાર્યા. શ્રીઠાકોરજીએ રામ સ્વરૂપ ધારણ કર્યુ, એટલે બળદેવજી લક્ષ્મણ સ્વરૂપ ધરી, ધનુષ્યબાણ લઈ, ઊભા રહ્યા. કંસની સભામાં હળવળાસુર નામનો એક રાક્ષસ હતો. તેણે કહ્યું કે, હું કૃષ્ણ-બળદેવને મારી લાવું છું, કારણ મારું મોત કેવળ હનુમાનજીના હાથથી છે. હનુમાનજી રામની સાથે સ્વધામ ગયા છે, એટલે મને દુનિયામાં મારનાર બીજો કોઈ નથી. હળવળાસુર ભારે વંટોળિયાનું રૂપ લઈ, આ વનમાં આવ્યો. ભગવાને હનુમાનજીનું આહ્‌વાન કર્યુ, એટલે હનુમાનજી આવ્યા. ભગવાને તેમને હળવળાસુરનો સંહાર કરવાની આજ્ઞા કરી. હનુમાનજીએ હળવળાસુરને માર્યો. ભગવાનની સામે તેનું મૃત્યુ થતાં તેને ભગવાને મોક્ષ આપ્યો. પછી ભગવાન રામ સ્વરૂપે નિકુંજમાં પધાર્યા. ત્યાં લતા-પતાના રૂપમાં રહેલાં સીતાજી સીતાસખી રૂપે હાજર થયાં. શ્રીરામે તેમને કૃષ્ણ સ્વરૂપે દર્શન આપ્યાં. લક્ષ્મણજી બળદેવજી થઈ ગયા. શ્રીકૃષ્ણ સીતાજીને સખી રૂપે રાસમાં લઈ ગયા. આવી અદ્‌ભૂત લીલા અહીં થઈ હતી.

**સંકર્ષણકુંડ :**

ચંદ્રસરોવરથી આન્યોર જવાના રસ્તે સંકર્ષણકુંડ આવે છે. એક દિવસ કુંભનદાસજીનો દેહ અશક્ત થયો. ત્યારે તેઓ સંકર્ષણકુંડ ઉપર આવીને બેઠા. ચતુર્ભુજદાસે કહ્યું: તમને ઊંચકીને જમુનાવતા લઈ જઉં. કુંભનદાસજીએ કહ્યું: હવે બે-ચાર ઘડીમાં દેહ છૂટશે. અહીં જ રહીશ, તમે રાજભોગ આરતીનાં દર્શન કરી આવો. ચતુર્ભુજદાસ દર્શન કરવા ગયા, ત્યારે શ્રીગુસાંઈજીએ તેમને કુંભનદાસના સમાચાર પૂછયા. રાજભોગ બાદ શ્રીગુસાંઈજી કુંભનદાસ પાસે પધાર્યા. કુંભનદાસને જે અલૌકિક દર્શન થયાં, તેનાં પદ ગાયાં. પછી કુંભનદાસ દેહ છોડી, નિકુંજલીલામાં પ્રાપ્ત થયા. અહીં કુંભનદાસજીનું શ્રીગિરિરાજજીનું દ્વાર છે.


## આન્યોર

**જતિપુરા જવાનો માર્ગ :**

ચંદ્રસરોવરથી જતિપુરા બે માઈલ દૂર છે. ચંદ્રસરોવરથી આન્યોર થઈ, પૂછરીના લોંઠા પાસે થઈને યાત્રા જતિપુરા આવે છે. ચંદ્રસરોવરથી આન્યોર સવા માઈલ દૂર છે. ત્યાંથી ગોવિંદકુંડ પોણો માઈલ દૂર છે. ત્યાંથી પૂછરી બે માઈલ દૂર છે. ત્યાંથી સુરભિકુંડ દોઢ માઈલ દૂર છે. ત્યાંથી જતિપુરા અડધો માઈલ દૂર છે. યાત્રાનો મુકામ મોટેભાગે સુરભિકુંડ ઉપર થાય છે. અહીં યાત્રા પાંચ-છ દિવસ રોકાય છે.

**આન્યોર - રહસ્યલીલા :**

સારસ્વત કલ્પમાં શ્રીઠાકોરજીની આજ્ઞાથી શ્રીગિરિરાજજીને અન્નકૂટ આરોગાવવામાં આવ્યો, ત્યારે શ્રીગિરિરાજમાંથી સાક્ષાત શ્રીઠાકોરજી સહસ્રભૂજા ધરીને પ્રકટ થયા. અને વ્રજભક્તોના દેખતાં અન્નકૂટ આરોગ્યા. વ્રજભક્તોની બધી સામગ્રી આરોગી લીધા પછી શ્રીઠાકોરજીએ પ્રેમથી આજ્ઞા કરી : આન ઓર, એટલે કે બીજી સામગ્રી લાવો. તેથી આ સ્થળનું નામ આન્યોર પડ્યું. આ લીલાનું એક પદ નીચે પ્રમાણે છે.



આન્યોરની લીલા - ગોવર્ધનધારણ - ઈન્દ્રમાનભંગ

શ્રીજીબાવા જયારે ગોવર્ધનપર્વતમાંથી પ્રકટ થયા ત્યારે તેમણે શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરી હતી કે, તમે અહીં પધારી મને પાટ પધરાવો. તે મુજબ શ્રીમહાપ્રભુજી સંવત ૧૫૪૯ના વૈશાખ સુદ બીજના દિવસે સાંજે આન્યોર ગામમાં પધાર્યા. ગામના મુખી સદુ પાંડેના ઘર પાસેના ચોતરા ઉપર મુકામ કર્યો. બીજા દિવસે અખાત્રીજે શ્રીમહાપ્રભુજી ગોવિંદકુંડમાં સ્નાન કરી, દધિકટોરા પાસે થઈને શ્રીગિરિરાજજી ઉપર પધાર્યા. ત્યારે શ્રીમહાપ્રભુજીનાં ચરણસ્પર્શથી શ્રીગિરિરાજજી રોમાંચિત થઈ ગયા. શ્રીગિરિરાજજીની શિલામાં શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદ અંકિત થયાં. તે શિલા શ્રીમથુરેશજીના મંદિરમાં ગુપ્ત રીતે સેવામાં બિરાજે છે. શ્રીમહાપ્રભુજીને મળવા શ્રીનાથજી સામે પધાર્યા. શ્રીગિરિરાજજીના શિખર ઉપર બંનેનું પ્રથમ મિલન થયું. શ્રીમહાપ્રભુજીએ વ્રજવાસીઓની મદદથી એક નાનું મંદિર બનાવી, તેમાં શ્રીજીબાવાને પધરાવ્યા.

**શ્રીમહાપ્રભુજીની બેઠક :**

શ્રીમહાપ્રભુજી આન્યોરમાં દસ દિવસ સુધી સદુ પાંડેના ઘરમાં બિરાજયા. ત્યાં શ્રીભાગવતનું પારાયણ કર્યું. હાલમાં સદુ પાંડેના ઘરમાં જ શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી બિરાજે છે. શ્રીનાથજીનાં બેઠકજી પણ સાથે છે. સદુપાંડેના વંશજ સેવા કરે છે.

**છાકલીલાનું સ્થળ :**

શ્રીમહાપ્રભુજીની બેઠકના પાછળના ભાગમાં શ્રીગિરિરાજજીમાં દહીંકટોરાનું ચિહ્ન છે. શ્રીઠાકોરજી અહીં છાક આરોગ્યા હતા. તેમાં મુખ્ય દહીં-ભાત આરોગ્યા હતા.

*ગિરિ પર ચઢ ગિરિધર ટૈરેં,*
*અહો ભૈયા સુબલ શ્રીદામા,*
*લાવો ગાય ઘિર કે નૈરે...૧*
*ભઈ અબાર ઘાક જો ખાયેં,*
*કછુક ચૈયા પિઓ સબારેં,*
***'પરમાનંદ'** પ્રભુ બેઠ શિલાન પર,*
*ભોજન કરત ગ્વાલ રહે ઘરૈ...૨*

★ ★ ★

*ગોવર્ધન ગિરિ શૃંગ સિલન પર બેઠે,*
*વ છાક ખાત દધિ ઓદન,*
*આસપાસ બ્રજબાલક મંડલી મધિ,*
*બલ મોહન બૈઠે,*
*ખાત ખવાવત પ્રેમ પ્રમોદન...૧*

*આન ઓર આન કહત ભેચક રહત બ્રજ નારી નર,*
*કટુ તિકત ઈલ્મ મધુર ખારે સલોને ખટ રસસોં,*
*પ્રીત રસસોં અરોગત સુંદર વર...૧*
*ગિરિરાજ ધરન બરનો શિલા સહસ્રન કમલદલ,*
*ઠોર ઠોર બેસન ગુંજાવર,*
*'રામરાય' પ્રભુ જલ અચવાવન કારન,*
*ઈન્દ્ર ઝારી ભર લાયો જલધર...૨*

અહીં શ્રીગોવિંદજીનાં દર્શન છે, ગોવિંદકુંડ છે, ગૌરીકુંડ છે. ચતુરાનાગાની સમાધિ છે. ગંધર્વકુંડ છે. ત્યાં ગંધર્વવૃક્ષ છે. તેમાં ટોપી, છડી અને હસ્તાક્ષરનાં ચિહ્ન દેખાય છે. આન્યોરમાં અને ગોવિંદકુંડ ઉપર શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી બિરાજે છે. આન્યોર ગામ બરોબર શ્રીગિરિરાજજીની તળેટીમાં શ્રીગિરિરાજજીની લગોલગ આવેલું છે.



સદુ પાંડેના ઘરમાં શ્રીબેઠકજી

*કાહુકો છીકો નોઈ છોરિ ડારત વે,*
*વા પર વહ વાકી કોન,*
*બાલકેલિ ક્રીડત* ***'ગોવિંદ'*** *પ્રભુ,*
*હસિ ઢરિ જાત સુબલકી ગોદન...૨.*

**અન્ય દર્શનીય સ્થાનો :**

આન્યોર ગામમાં શ્રીદાઉજીનું શિખરબંધ મંદિર છે. તેની પાસે સંકર્ષણકુંડ છે. તે કુંભનદાસજીનું દ્વાર છે. શ્રીગિરિરાજજીની ઉપર છિદ્રશિલા છે, જયાં ગાય નિત્ય દૂધ સ્રવતી હતી. શ્રીનાથજીના પ્રાકટય સ્થળે મંદિર છે. તેની અંદર ગાજનીવાજની શિલા છે.

ગોવિંદકુંડ જતાં શ્રીગોવિંદબિહારીજી અને શ્રીદાઉજીનું મંદિર આવે છે. પાસે ગૌરીકુંડ છે. ગોવિંદકુંડ પાસે વ્રજના સંત ચતુરાનાગાની સમાધિ છે. તે લાલ પથ્થરની શિખરબંધ છે. ત્યાં જ ગંધર્વકુંડ અને ગંધર્વવૃક્ષ છે. પાસે ગોવિંદકુંડ છે.

આન્યોરની પાથો ગુજરી શ્રીગુસાંઇજીની સેવક હતી. શ્રીનાથજીએ તેને રસ્તામાં રોકીને, તેની પાસેથી દહીં-ભાત આરોગ્યા હતા. એટલામાં શંખનાદ થતાં, શ્રીહસ્ત ધોયા વગર મંદિરમાં પધાર્યા હતા. શ્રીનાથજીની આજ્ઞાથી પાથોગુજરી દરરોજ મંદિરમાં જઇને શ્રીનાથજીને દહીં-ભાત આરોગાવતાં.

આન્યોરના એક વ્રજવાસીની ગાય ખોવાઇ ગયેલી. તેનું આળ તેની પુત્રવધૂ પર આવ્યું. તેણે શ્રીનાથજીને વિનંતી કરી કે, મારી ગાય જડશે, તો હું તમને માખણ આરોગાવીશ. શ્રીનાથજી તેની ગાયનો કાન પકડી, વાડામાં લઇ આવ્યા.

આન્યોરમાં સદુ પાંડે, તેમના ભાઇ માણેકચંદ પાંડે, પત્ની ભવાની અને દીકરી નરો ઉપર શ્રીનાથજી અને શ્રીમહાપ્રભુજીની ઘણી કૃપા હતી.

અહીં ભોળો વ્રજવાસી હતો, જે શ્રીનાથજીને 'પરે' કહીને બોલાવતો. શ્રીનાથજી તેની સાથે સુરત પધાર્યા હતા.

## ગોવિંદકુંડ

**સુરભિ, સુરભિપતિ સંગ લિયે, નિરખિ કૃષ્ણમુખ ઈન્દુ ।**
**કિયૌ રાજ અભિષેક તેહ, ભયૌ કુંડ ગોવિંદ ॥**

આ સ્થાન ઉપર ઇંદ્રે ભગવાનનો ગોવિંદાભિષેક કર્યો હતો. તેથી આ કુંડનું નામ ગોવિંદકુંડ પડ્યું. ઇંદ્રે ભગવાનને ગોવિંદ પદવી આપી. અલૌકિક આધિદૈવિક સ્વરૂપે,



ગોવિંદકુંડ

માનસીગંગાની જેમ ગોવિંદકુંડ પણ દૂધથી ભરેલો છે અને શ્રીગિરિરાજજી રત્નધાતુમય છે. ઘણાં કૃપાપાત્ર વૈષ્ણવોને આવાં દર્શન ભૂતકાળમાં થયાં છે અને આજે પણ થાય છે.

સ્કંદપુરાણમાં ગોવિંદકુંડનું માહાત્મ્ય બતાવતાં કહેવામાં આવ્યું કે ગોવિંદકુંડમાં શુદ્ધ મનથી સ્નાન કરનારનો મોક્ષ થાય છે. માનસીગંગા કરતાં પણ આ કુંડનું માહાત્મ્ય વધારે છે.

**યાત્રાભિષિક્તો ભગવાન્મઘોના યદુવૈરિણાઃ ।**
**ગોવિંદકુંડ તજ્જનીત સ્નાનમાત્રેણ મોક્ષદમ્ ॥**

શ્રીહરિરાયજીએ એમના એક પદમાં શ્રીગિરિરાજજી અને ગોવિંદકુંડનું અલૌકિક સ્વરૂપ બતાવ્યું છે.

*તરહટી શ્રીગોવર્ધનકી રહીએ,*
*નિંત પ્રતિ મદન ગોપાલલાલકે,*
*ચરણકમલ ચિત્ત લહીએ...૧*
*તન પુલકિત વ્રજરજમેં લોટત,*
*ગોવિંદકુંડમેં નહીએ,*
*'રસિક'પ્રીતમ હિત ચિતકી બાતેં,*
*શ્રીગિરિધારીજી સોં કહીએ...૨*

## શ્રીગિરિરાજજીનું પ્રાકટ્ય અને સ્વરૂપ :

ગોલોકધામમાં શ્રીયુગલસ્વરૂપના લીલાવિહાર માટે શ્રીઠાકોરજીના વક્ષઃસ્થળમાંથી અલૌકિક તેજપૂંજ રૂપે સો શિખરવાળા વિવિધ રત્નમય શ્રીગોવર્ધનગિરિરાજ પ્રકટ થયા. તે પૃથ્વી ઉપર શાલ્મલી દ્વીપ (આફ્રિકા ખંડ)માં દ્રોણાચલ પર્વત ઉપર ત્રણ શિખરથી પ્રકટ થયા. પુલસ્ત્ય ઋષિ તેમને કાશી લઇ જવા ઇચ્છતા હતા. તેઓ પોતાની હથેળીમાં યોગબળથી શ્રીગિરિરાજજીને ઊંચકીને કાશી જવા નીકળ્યા. શ્રીગિરિરાજજી વ્રજમાં પધારતાં પોતાનું બળ વધાર્યું. ઋષિએ નીચે પધરાવી દીધા, ત્યારથી અહીં બિરાજમાન છે.

એમ કહેવાય છે કે શ્રીગિરિરાજજીના બીજા ભાઇ કામદગિરિ કાન્તાનાથ પર્વત મધ્યપ્રદેશમાં આવેલા છે, જે ચિત્રકૂટના નામે પ્રસિદ્ધ છે. તેમનો સૌથી નાનો ભાઇ કાશીથી થોડેક દૂર ચરણાટ પ્રદેશમાં ચરણાદ્રિના નામે પ્રસિદ્ધ છે, જયાં શ્રીગુસાંઇજીનું પ્રાકટ્ય થયું હતું.

શ્રીભાગવતના દશમસ્કંધમાં ભગવાને સ્વયં આજ્ઞા કરી કે, હું પોતે ગોવર્ધનપર્વત છું, ભગવાન સ્વયં ગોવર્ધનપર્વતમાંથી વિશાળ રૂપે પ્રકટ થયા અને અન્નકૂટ આરોગ્યા. આવા

શ્રીગોવર્ધન ગિરિરાજ વ્રજમંડળના મુકુટમણિ અને સંરક્ષક છે. વ્રજવાસીઓના કુળદેવ છે.

શ્રીભાગવતના દશમસ્કંધમાં 'વેણુગીત'માં શ્રીગિરિરાજજીને હરિદાસવર્ય કહ્યા છે. શ્રીભાગવતમાં નારદ, યુધિષ્ઠિર અને ઉદ્ધવને હરિદાસ કહ્યા છે. સર્વ હરિદાસોમાં શ્રીગિરિરાજજીને શ્રેષ્ઠ કહ્યા છે. શ્રીગિરિરાજજી બે સ્વરૂપે અનુભવ કરાવે છે. (૧) ભગવદ્ સ્વરૂપે, (૨) ભગવદીય સ્વરૂપે. ભગવદ્સ્વરૂપે શ્રીગિરિરાજજી શ્રીયુગલસ્વરૂપની લીલામાં તત્પર છે. તેમની ભીતર શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીના લીલાવિહાર માટે છ ઋતુ અને બાર નિકુંજ બિરાજે છે. સોળ કંદરાઓ છે, અગિયાર મુખ્ય શિલાઓ છે અને આઠ દ્વાર છે. ભક્તો શ્રીગિરિરાજજીની યથાશક્તિ - પાંચ, સાત, નવ, બાર, સોળ અને વીસ કોસની પરિક્રમા થાય છે.

શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી શ્રીનાથજીની સેવામાં પધારતા, ત્યારે શ્રીગિરિરાજજીની તળેટીમાં આવેલા ગોવિંદકુંડમાં સ્નાન કરીને પર્વત ઉપર પધારતા. શ્રીગિરિરાજજીના ભગવદ્ સ્વરૂપમાં ગોવિંદકુંડ અધરનું સ્વરૂપ છે.

ગોવર્ધન શબ્દના બે અર્થ છે. (૧) ગો એટલે ગાયો. વર્ધન એટલે પોષણ, જે પોતાના જળ, ઘાસ વગેરેથી ગાયોનું પોષણ કરે છે તે. (૨) ગો એટલે ઇન્દ્રિયો. ભક્તોની ઇંદ્રિયોને પ્રભુ પ્રત્યે દોરનાર અને તેનું પોષણ કરનાર.

સારસ્વત કલ્પમાં શ્રીગિરિરાજજીની આજુબાજુના વનપ્રદેશમાં રહેનારી પુલિંદીઓ (ભીલ સ્ત્રીઓ) ઉપર શ્રીગિરિરાજજીએ ઘણી કૃપા કરી હતી. તેમને શ્રીઠાકોરજીની સેવા મેળવી આપી હતી. પુલિંદીઓ શ્રીગિરિરાજજીના સંગથી મહાન ભગવદ્ભક્તો બન્યાં હતાં. ઉત્થાપનભોગની લીલામેવાની સેવા પુલિંદીઓની સેવા છે. આવા શ્રીગિરિરાજજીની તળેટીમાં શ્રીયુગલસ્વરૂપ ભક્તોની સાથે સદા લીલાવિહાર કરે છે. આથી ભક્તો હંમેશાં શ્રીગિરિરાજજીની તળેટીમાં વાસ ઇચ્છે છે અને શ્રીગિરિરાજજી ઉપર સર્વસ્વ ન્યોછાવર કરવાની ભાવના રાખે છે, જે નીચેના પદમાં છે.

**કોટિ કુલ પર્વત શ્રીગિરિરાજજી પેં વાર ડારે,**
**વારોં કોટિ રત્ન કોષ, એક રત્ન શિલાપેં,**
**શ્રી વ્રજ પેં છત્ર કિયે, શ્યામ નિજ રૂપ દિયે,**
**છહાં રસ ભોગ લિયે, અન્નકૂટ લીલા પેં,**
**શીતલ નિકુંજ જલ, ફલ-ફૂલ ભ્રમર ગૂંજ,**
**ત્રિવિધ વહે વાયુ, શ્યામ વ્રજ વધૂ મિલાપેં,**
**ખટ ઋતુ વિલાસ, મહારાસ કંદરામેં સદા,**
**યુગલ વિહાર, અષ્ટ પ્રહર રસ ઝુલા પેં.**

ગોવિંદકુંડ પાસે વિશાખાસખીની નિકુંજ છે. કુંભનદાસજી લીલામાં વિશાખાસખી છે. તેથી અહીં શ્રીકુંભનદાસજીનું દ્વાર છે. આન્યોરની ગાયો ગોવિંદકુંડની આજુબાજુનાં વૃક્ષોની છાયામાં વિશ્રામ કરે છે. સંવત ૧૬૭૬માં ઓડછાના રાજા વીરસિંહે ગોવિંદકુંડનો જીર્ણોદ્ધાર કર્યો હતો. કુંડના કિનારે શ્રીગોવિંદદેવજી અને શ્રીબલદેવજીનાં પ્રાચીન મંદિરો છે. તે રાણી પદ્માવતીએ બંધાવ્યાં હતાં. અહીં ગૌડીય સંપ્રદાયનું શ્રીનાથજીનું મંદિર છે. તેમાં શ્રીનાથજીના જેવું જ સ્વરૂપ બિરાજે છે.

**શ્રીમહાપ્રભુજીની બેઠક :**

ગોવિંદકુંડ ઉપર કદંબના વૃક્ષ નીચે શ્રીમહાપ્રભુજીની અને શ્રીગિરિરાજજીની બેઠક છે. અહીં શ્રીમહાપ્રભુજી ત્રણ દિવસ સુધી બિરાજ્યા હતા અને શ્રીભાગવતપારાયણ કર્યું હતું. તેમના સેવક કૃષ્ણદાસ મેઘનને શ્રીમહાપ્રભુજીએ શ્રીગિરિરાજજીની કંદરાનાં અલૌકિક દર્શન કરાવ્યાં હતાં. કંદરાની નિકુંજો પાસેના વૃક્ષ પર બેઠેલો એક પોપટ સતત અષ્ટાક્ષરનું રટણ કરતો હતો. આવાં દર્શન કરીને કૃષ્ણદાસજીનું અભિમાન દૂર થયું કે પોતે સતત અષ્ટાક્ષર રટે છે! અહીં શ્રીમહાપ્રભુજીએ પોતાના સેવકોને શ્રીસ્વામિનીજીએ રચેલ 'શ્રીકૃષ્ણપ્રેમામૃત' ગ્રંથ સમજાવ્યો હતો. વિરહમાં શ્રીસ્વામિનીજીએ આ ગ્રંથમાં શ્રીઠાકોરજીનાં એકસો અઢાર નામો ગાયાં છે. તેનો જપ શ્રીસ્વામિનીજી હરહંમેશ કરે છે. શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકોરજીને પૂછયું કેઃ આ ગ્રંથનું દાન હું કોને કરું? ત્યારે શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી : જે તમારા સમાન હોય તેને દાન કરો. શ્રીસ્વામિનીજીએ પોતાના હસ્તાક્ષરથી આ ગ્રંથ અહીં શ્રીગિરિરાજજીની શિલા ઉપર લખ્યો. શ્રીમહાપ્રભુજી તે શિલા પાસે પધાર્યા અને પોતે તે ગ્રંથનો વાંચીને પાઠ કર્યો. તે સમયે ત્યાં શ્રીકૃષ્ણચૈતન્ય અને કેશવભટ્ટ કાશ્મીરી પણ હતા. તેઓ આ ગ્રંથ વાંચી શકયા નહિ. શ્રીમહાપ્રભુજીએ આ ગ્રંથ શ્રીકૃષ્ણચૈતન્યને આપ્યો, કારણ કે પૂર્વે શ્રીજગન્નાથજીએ શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરી હતી કે આપના માર્ગનો કોઇ એક ગ્રંથ શ્રીકૃષ્ણચૈતન્યને આપજો. વળી, શ્રીકૃષ્ણ ચૈતન્યને શ્રીસ્વામિનીજીના સ્વરૂપમાં અતિ સ્નેહ હતો. કેશવ ભટ્ટ કેવળ શાસ્ત્રના જ્ઞાતા હતા. તેમનો ભક્તિમાર્ગમાં અધિકાર ન હતો.



ગોવિંદકુંડ - શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી

## ગોવિંદકુંડની રહસ્યલીલા :

એક સમયે શ્રીઠાકોરજી વ્રજભક્તો સાથે અહીં પધાર્યા. વ્રજભક્તોની ઇચ્છાથી શ્રીઠાકોરજીએ એકબીજાના હાથ ઝાલી, વર્તુળાકારે કુંડમાં ઊભા રહી, સમૂહમાં સ્નાન કર્યું. ત્યારે શ્રીઠાકોરજીનો ડાબો હસ્ત શ્રીસ્વામિનીજીએ પકડ્યો હતો અને જમણો હસ્ત શ્રીચંદ્રાવલીજીએ પકડ્યો હતો. સખીઓએ શ્રીસ્વામિનીજી અને શ્રીચંદ્રાવલીજીના બીજા હસ્ત પકડ્યા હતા. શ્રીયમુનાજી શ્રીઠાકોરજીની સન્મુખ વર્તુળમાં ઉભાં હતાં. સ્નાન કરતાં જળમાં ડૂબકી મારતી વખતે શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકોરજીનો હાથ છોડી દીધો. એટલે શ્રીસ્વામિનીજી એકલાં રહી ગયાં. આથી શ્રીસ્વામિનીજી ઉદાસ થયાં. શ્રીઠાકોરજીએ ઉદાસીનું કારણ પૂછયું. શ્રીસ્વામિનીજીએ કહ્યું : ગોળાકાર મંડળમાં મારું વર્ચસ્વ રહ્યું નહિ. આપની સન્મુખ શ્રીયમુનાજી આવ્યાં, તેથી મેં સ્નાન કર્યું નહિ. આ સાંભળીને સર્વ વ્રજભક્તોના આગ્રહથી શ્રીઠાકોરજીએ શ્રીસ્વામિનીજીને ફરીથી સ્નાન કરાવ્યું. આ વખતે સર્વ ભક્તોના હૃદયનો શુદ્ધ પ્રેમરસ ગોવિંદકુંડના જળમાં ભળી ગયો. દૂધ સ્નેહનું સ્વરૂપ છે. દૂધમાં સર્વ રસ રહ્યા છે. તેથી વ્રજભક્તોના સ્નેહરસવાળું ગોવિંદકુંડનું જળ દૂધમય બની ગયું.

## ભગવદીયોના અનુભવ :

શ્રીગુસાંઇજીના સેવક એક કણબી વૈષ્ણવ ગોવર્ધનમાં રહેતા હતા. એક દિવસ તેમણે વૈષ્ણવો પાસેથી જાણ્યું કે ગોવિંદકુંડ દૂધથી ભરેલો છે. બીજા દિવસે શ્રીગુસાંઇજીએ કથામાં એ જ વાત કહી. જેનું ભાગ્ય હોય તેને આવાં દર્શન થાય. તે ભોળા વૈષ્ણવે શ્રીગુસાંઇજીને વિનંતી કરી કે મને આવાં દર્શન થતાં નથી. શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી કે, તું ત્યાં જઇને દર્શન કર. તે વૈષ્ણવ ત્યાં ગયા. દૂધથી ભરેલા ગોવિંદકુંડના દર્શન થયાં.

ગોવિંદકુંડ પાસે શ્રીગિરિરાજજીની એક ગુફામાં શ્રીમહાપ્રભુજીના સેવક અચ્યૂતદાસ રહેતા હતા. તેમને માનસીસેવા સિદ્ધ થઇ હતી. તેઓ એકાંતવાસ કરતા. શ્રીગુસાંઇજી દરરોજ મધ્યાહ્ન સંધ્યા કરવા ગોવિંદકુંડ ઉપર પધારતા, ત્યારે અચ્યૂતદાસને અચૂક મળતા. અચ્યૂતદાસનાં નેત્રોમાં શ્રીગુસાંઇજીને શ્રીમહાપ્રભુજીનાં દર્શન થતાં.

શ્રીનાથજીના ભીતરિયા ભગવાનદાસ સાચોરા હતા. એક દિવસ તેમના હાથે સામગ્રી દાઝી ગઇ. દાઝેલી સામગ્રી શ્રીનાથજીને ભોગ ધરાઇ. આથી શ્રીગુસાંઇજી ભગવાનદાસ પર ઘણા અપ્રસન્ન થયા. અચ્યૂતદાસે શ્રીગુસાંઇજીને વિનંતી કરીને ભગવાનદાસનો અપરાધ ક્ષમા કરાવ્યો.

આન્યોરથી મોહના ભંગી નામનો શ્રીનાથજીનો એક ભક્ત પૂછરી તરફ જતો હતો. શ્રીનાથજી ગોવિંદકુંડ ઉપર ખેલતા

હતા. તે શ્રીનાથજીનાં દર્શન કરીને ઊભો રહ્યો. ત્યારે શ્રીનાથજી તેના ખભા ઉપર ચઢી બેઠા. આ જોઇને ગોવિંદસ્વામીએ કહ્યું: ભંગીને અડવાથી તમે છોવાઇ ગયા છો. તેમણે શ્રીનાથજીનો હસ્ત પકડી, ગોવિંદકુંડમાં ડૂબકી લગાવડાવી અને પોતે પણ ત્યાં સ્નાન કર્યું. શ્રીનાથજી ભીંજાયેલા વસ્ત્રે મંદિરમાં પધાર્યા. શ્રીગુસાંઇજીએ ગોવિંદસ્વામીને પૂછયું: શું બ્રહ્મ છોવાય? ગોવિંદસ્વામીએ કહ્યું કે, મહારાજ, બ્રહ્મ ન છોવાય, પણ શ્રીમહાપ્રભુજીની મેંડ તો છોવાય.

એક દિવસ શ્રીગુસાંઇજી ગોવિંદકુંડ ઉપર સંધ્યાવંદન કરતા હતા. ત્યારે અકબર બાદશાહના એક શિકારી રૂપમુરારીદાસ મારેલા શિકાર સાથે, લોહીથી ખરડાયેલાં વસ્ત્રોમાં ત્યાંથી પસાર થતા હતા. શ્રીગુસાંઇજીએ તેમના ઉપર કૃપા કરી, તેમને હિંસા ન કરવાની આજ્ઞા કરી, તેમને સેવક કર્યા હતા.

એક વખત શ્રીગુસાંઇજી ગોવિંદકુંડમાં સ્નાન કરી, પર્વત ઉપર પધારતા હતા, ત્યારે એક કૂતરો શ્રીગુસાંઇજીના ચરણસ્પર્શની ઇચ્છાથી નજીક આવ્યો. સાથેના વ્રજવાસીઓએ તેને લાકડીથી માર્યો, પણ તે ખસ્યો નહિ. શ્રીગુસાંઇજીએ તેને ચરણસ્પર્શ કરાવ્યાં. તેનો દેહ છૂટી ગયો. પૂર્વ જન્મમાં તે કૂતરો શ્રીનાથજીના દ્વારપાળ રૂપા ધોળિયા હતા. ગોવિંદકુંડ ઉપર રસખાનજીએ વિરહ કર્યો, ત્યારે શ્રીનાથજીએ દર્શન આપેલાં.

ગોવિંદકુંડની સામેથી શ્રીગિરિરાજજીની ઉપર જતાં શ્રીનાથજીની મુકુટટોપીનાં ચિહ્નોનાં દર્શન થાય છે. આગળ જતાં ત્યાં સિંદૂરીશિલા છે. તેની ઉપર આંગળી ઘસતાં આંગળી લાલ થાય છે. અહીંથી ગિરિરાજ ઉપર થઇને જતિપુરા જવાનો માર્ગ છે. તે ગોવિંદઘાટી (ચરણઘાટી) તરીકે ઓળખાય છે.

## પૂછરી

ગોવિંદકુંડથી આગળ જતાં પૂછરી આવે છે. પૂછરી જવાના માર્ગમાં શ્રીગિરિરાજજીની તળેટીમાં સુદર કુંજ-નિકુંજો છે. એ ભાગમાં શ્રીગિરિરાજજીની જુદી જુદી કંદરાઓ હોવાનું પણ કહેવાય છે. વર્ષાઋતુમાં શ્રીઠાકોરજી આ કંદરામાં બિરાજી, ગાયોને જોયા કરતા. કંદરાની ભીતર આવેલી કુંજ-નિકુંજોમાં રાત્રે શ્રીસ્વામિનીજી સાથે પોઢતા.

એક વખત ચતુર્ભુજદાસજી શ્રીનાથજીની માળા માટે ફૂલો વીણવા આ બાજુ આવેલા, ત્યારે તેમણે વહેલી સવારે શ્રીયુગલસ્વરૂપને શ્રીગિરિરાજજીની કંદરામાંથી બહાર પધારતાં જોયેલાં. એ લીલાનું વર્ણન તેમણે નીચેના પદમાં કર્યું છે.

*ગોવર્ધન ગિરિ સઘન કંદરા,*
*રૈન નિવાસ કિયો પિય પ્યારી,*
*ઊઠી ચલેં ભોર સુરત રસ ભીને,*
*નંદનંદન વૃષભાન દુલારી...૧*




પૂછરીના લોઠા



પૂછરીની લીલા

*ઈત વિગલિત કચમાલ મરગજી,*
*અટપટે ભૂષન રગમગી સારી,*
*ઉતહી અધર મસિ, પાગ રહિ ધસિ,*
*દુહું દિસ છબી લાયત અતિ ભારી...૨*
*ઘૂમત આવત રતિ રન જીતે,*
*કરિની સંગ ગજવર ગિરિધારી,*
***'ચતુર્ભુજદાસ'*** *નીરખી દંપતી સુખ,*
*તન મન ધન કીનો બલિહારી...૩*

એમ કહેવાય છે કે, શ્રીગુસાંઈજી પણ અહીંથી જ શ્રીગિરિરાજજીની કંદરામાં ગોવિંદસ્વામીને સાથે લઈ, સદેહે નિત્યલીલામાં પધાર્યા હતા. ત્યાં શ્રીગિરિરાજજીની શિલામાં બુંદ (જળનું ટીપું)નાં ચિહ્ન છે.

## અપ્સરાકુંડ

ત્યાંથી આગળ ચાલતાં નવલકુંડ અને નવલબિહારીજીનાં દર્શન આવે છે. નવલકુંડની પાસે જ અપ્સરાકુંડ પણ છે. અને અપ્સરાબિહારીજીનાં દર્શન છે. ઈંદ્રે શ્રીઠાકોરજીનો ગોવિંદાભિષેક કર્યો, ત્યારે સ્વર્ગમાંથી આવેલી અપ્સરાઓએ અહીં નૃત્ય કર્યું હતું. તેથી આ કુંડનું નામ અપ્સરા કુંડ પડ્યું છે.

**આયે અપ્સરાકુંડ પે સખન સહિત હરિરાય ।**
**ગોપિન કૌ ગાયન સૂન્યૌ મનમેં અતિ સુખ પાય ॥**

નવલકુંડની એક બાજુ શ્રીગિરિરાજજીમાં રામદાસની ગુફાનું સ્થાન છે. બીજી બાજુ તમાલ વૃક્ષ નીચે છીતસ્વામીજીનું સ્થાન છે. વ્રજમાં છીતસ્વામી અહીં રહેતા હતા. તે તેમની લીલાનું દ્વાર છે.



અપ્સરા કુંડ

પૂછરી પાસે **પૂછરીના લોઠા**નું નાનકડું મંદિર છે. શ્રીઠાકોરજીએ ગિરિરાજ ધારણ કર્યો ત્યારે એક બળવાન ગોપ, જેને વ્રજભાષામાં લોઠા કહેવાય છે, તે પર્વતના આ છેડે બેઠેલો. તે ઉઠતો ન હતો. શ્રીકૃષ્ણે તેના બળની પ્રશંસા કરી, વચન આપ્યું કે, તે સ્થાનમાં તેની પૂજા થશે. પછી તે ઉઠેલો. અહીં તેનું દેવમંદિર છે. તેને આ ક્ષેત્રના ક્ષેત્રદેવ પણ કહે છે. ભગવાને તેને પોતાનો પરમ મિત્ર કહ્યો, એટલે તે ભગવાનને પોતાના નાના ભાઈ જેવા ગણતો હતો. પૂછરીના લોઠા માટે વ્રજમાં એક લોકકાવ્ય પ્રસિદ્ધ છે, જે નીચે પ્રમાણે છે.

*ધન તોહી યે પૂછરી કે લોઠે,*
*અન્ન ખાઈ ના પાની પીને,*
*તૂ તો વૈસેઇ પર્યો હૈ સિલોઠા.*

રાસમાંથી જયારે શ્રીઠાકોરજી અંતર્ધ્યાન થયા, ત્યારે તેમને શોધવા નીકળેલાં ગોપીજનો અહીં સુધી આવ્યાં હતાં. તેમને શ્રીઠાકોરજીને શોધવા આગળ જવું હતું, પરંતુ અહીં તેમણે લોઠાજીને બેઠેલા જોયા. ગોપીજનો લોઠાજીને પોતાના પ્રિયતમ શ્રીકૃષ્ણના મોટા ભાઈ જેવા સમજયાં. જેઠની માનમર્યાદા સાચવવાનો રિવાજ હતો. એટલે સૌએ ઘૂંઘટ તાણ્યા. કોઈ તેમને ઓળંગીને આગળ જવાની હિંમત કરી શક્યું નહિ. સૌ એકબીજાના કાનમાં કહેવા લાગ્યાં: પૂછ'રી, પૂછ'રી, અર્થાત્ તું લોઠાજીને પૂછ કે તમારા મિત્રને તમે જોયા છે? સૌ બીજાને કહે છે, પણ પોતે પૂછવાની હિંમત કરતાં નથી. આથી આ સ્થાનનું નામ પૂછરી પડ્યું.

ઘણા વૈષ્ણવો એનો ઉચ્ચાર પૂંછરી કરે છે અને એમ કહે છે કે શ્રીગિરિરાજજી ગાયનું સ્વરૂપ છે, એટલે તેમનું મસ્તક માનસીગંગામાં છે, મુખ જતિપુરામાં સુંદરશિલા ઉપર છે અને પૂંછડી અહીં છે.

એક વખત શ્રીનાથજીની ખોવાયેલી ભેંશને શોધવા ગોપીનાથદાસ ગ્વાલ અને બીજા ચાર-પાંચ ગ્વાલ આ બાજુ આવ્યા હતા. ત્યાં તેમને ભેંશ મળી અને શ્રીનાથજીને ખેલતા પણ જોયા.

એક વૈષ્ણવના પૈસાથી અહીં નજીકમાં આવેલ હિંસન વૃક્ષ પાસે કૂવો ખોદાવવા માંડેલો. તેનું નિરીક્ષણ કરતાં કૃષ્ણદાસ અધિકારી તેમાં પડીને, કૂવાના કાંઠે પીપરના ઝાડ ઉપર પ્રેત બની રહેલા. કૃષ્ણદાસે ગોપીનાથદાસ ગ્વાલને બોલાવીને કહ્યું: તમે શ્રીગુસાંઇજીને મારા વતી વિનંતી કરો. મેં તેમનો મહા અપરાધ કર્યો છે. તેથી મારી આ સ્થિતિ થઈ છે. શ્રીનાથજી

મને દર્શન આપે છે, પણ મારો ઉદ્ધાર થતો નથી. વળી, અહીં નજીકમાં આંબાના ઝાડ નીચે જમીનમાં એક માટીના ઘડામાં સો સોનામહોરો દાટી છે. તે કાઢી, તેમાંથી અધૂરો કૂવો પૂરો કરાવે. તો હું કૂવા માટે પૈસા આપનાર વૈષ્ણવના દેવામાંથી મૂકત થઉં. શ્રીગુસાંઇજી પરમ દયાળુ હોવાથી, તેમણે તે પ્રમાણે કર્યું. કૃષ્ણદાસ નિત્ય-લીલામાં પ્રાપ્ત થયા.

## સુરભિકુંડ

પૂછરીના લોઠાથી જતિપુરાની દિશામાં જતાં સુરભિકુંડ જવાય છે. ઇંદ્રની સાથે સ્વર્ગમાંથી આવેલી સુરભિ ગાયના નામ પરથી આ કુંડનું નામ સુરભિકુંડ પડ્યું છે. અહીં પરમાનંદદાસજીનું દ્વાર છે. સુરભિકુંડની સામે શ્રીગિરિરાજજી ઉપર ઢૂંકાદાઉજીનાં દર્શન છે. શ્રીદાઉજી અહીં બિરાજતા ત્યારે તેઓ નીચી ડોક કરીને પર્વતમાં સંતાઇ ગયા હતા. સંતાઇને શ્રીઠાકોરજીની લીલાનાં દર્શન કરતા હતા. તેથી તેમનું નામ ઢૂંકાદાઉજી પડ્યું છે. આ મંદિરથી આગળ ગિરિરાજજીમાં ચૌદ કંદરાઓ છે. તેમાં ગોચારણ વખતે બપોરે અથવા વર્ષાઋતુમાં શ્રીઠાકોરજી સખાઓ સાથે બિરાજતા અને ખેલતા હતા.

સુરભિકુંડની બાજુમાં શ્રીબાલકૃષ્ણલાલજીનું અતિ પ્રાચીન મંદિર જીર્ણ હાલતમાં છે.

સુરભિકુંડની સામે શ્રીગિરિરાજજીની તળેટીમાં પરિક્રમા વખતે છપ્પનભોગનો મનોરથ થાય છે.

શ્રીમહાપ્રભુજીના સેવક પરમાનંદદાસજી અહીં પર્ણકુટિ બાંધીને રહેતા હતા. એક દિવસ ઘણા વૈષ્ણવો તેમને મળવા આવ્યા, ત્યારે તેઓ આનંદવિભોર થયા. તેમની ભારે આગતાસ્વાગતા કરી અને કહ્યું : આજે મારા શ્રીનંદનંદનના પ્રિય ભગવદીયો પધાર્યા છે, જેમના હૃદયમાં શ્રીઠાકોરજી સદા બિરાજમાન છે. આવા ભગવદીયોનાં ઓવરણાં લઇ, ન્યોછાવર કરવા મારી પાસે બીજું કંઇ નથી, તેથી તેમણે નીચેનું પદ ગાઇને ભગવદીયોનાં ઓવારણાં લીધાં.

*આયે મેરે નંદનંદન કે પ્યારે*
*માલા તિલક મનોહર બાનો, ત્રિભુવન કે ઉજિયારે...૧*
*પ્રેમસહિત બસત ઉર મોહન, નેકહું ટરત નટારે,*
*હૃદકમલકે મધ્ય બિરાજત, શ્રીબ્રજરાજ દુલારે...૨*
*કહા જાનૌં કહા પુન્ય પ્રગટ ભયો, મેરે ઘરજુ પધારે,*
***'પરમાનંદ'** કરિ ન્યોછાવરી, વારિ વારિ હોં વારે...૩*



સુરભિકુંડ



ગોવિંદસ્વામીની કદંબખંડી

## ગોવિંદસ્વામીની કદંબખંડી :

સુરભિકુંડની નજીકમાં ગોવિંદસ્વામીની કદંબખંડી છે. તે શ્રીઠાકોરજીનું હિંડોળા ઝુલવાનું સ્થળ છે. ગોવિંદસ્વામી અહીં પર્ણકુટિ બાંધીને રહેતા હતા. તે તેમનું લીલાદ્વાર છે. અહીં શ્રીનાથજી ગોવિંદસ્વામી સાથે ખેલતા. આ કદંબખંડીમાં ખંભાતના રામદાસને સાથે લઇ જઇને શ્રીનાથજીએ રાસલીલા કરી હતી.


ઇંદ્રવૃષ્ટિનું સંકટ ટળ્યા પછી સર્વ વ્રજવાસીઓએ અહીં શ્રીઠાકોરજીનું પૂજન કરેલું. ગોવિંદસ્વામીની કદંબખંડીમાં ગોવિંદદાસની સમાધિની ગુફા છે, પણ તેમાં કોઇથી જઇ શકાતું નથી. ત્યાં ગોવિંદબિહારીજીનું મંદિર પણ છે. કદંબનાં સઘન વૃક્ષોથી બહુ સુંદર સ્થળ છે, રાસચોતરો છે, ગોવિંદસ્વામીની બેઠક પણ છે.

## સુરભિકુંડની રહસ્યલીલા :

શ્રીનંદરાયજી વગેરે વ્રજવાસીઓ શ્રીગિરિરાજજીને અન્નકૂટ ધરવા અહીં આવ્યા, ત્યારે તેમનો મુકામ અપ્સરાકુંડ ઉપર હતો. શ્રીવૃષભાનજીનો મુકામ સુરભિકુંડ ઉપર હતો. રૂપચૌદસની રાત્રે બધા વ્રજવાસીઓ શ્રીગિરિરાજજીની પરિક્રમા કરવા નીકળ્યાં. શ્રીકૃષ્ણ નાની ઉંમરના હોવાથી, તેમનાથી ચલાશે નહિ તેમ માની, શ્રીયશોદાજીએ તેમને મુકામ ઉપર રાખ્યા. તેમની સંભાળ માટે મધુમંગલ સખાને રાખ્યા. એ જ પ્રમાણે વૃષભાનજી પણ રાધાજીથી ચલાશે નહિ તેમ માની, લલિતા સખીની સાથે તેમને મુકામ પર રાખી, પરિક્રમા કરવા ગયા. શ્રીઠાકોરજીના મિલન માટે શ્રીરાધાજી વિરહતાપ કરી રહ્યાં હતાં, ત્યારે શ્રીઠાકોરજી મધુમંગલને નિદ્રાવશ કરી, સુરભિકુંડ પધાર્યા. ત્યાં બંને ચોપાટ ખેલવા બિરાજયાં. ચોપાટની રમત શરૂ થઇ. શ્રીઠાકોરજી ચોપાટના ખેલમાં એક પછી એક પોતાનાં બધાં આભૂષણ અને વસ્ત્રો હારતા ગયા. છેવટે શ્રીઅંગ ઉપર એક લંગોટ બાકી રહ્યો અને વેણુ રહી. શ્રીઠાકોરજીએ દાવમાં વેણુ મૂકવાની ચોખ્ખી ના પાડી. શ્રીઠાકોરજીએ અપ્સરાકુંડ જવા પહેરવાનું વસ્ત્ર માંગ્યું. શ્રીસ્વામિનીજીએ એમની નીલાંબર સાડી આપી. તે પહેરીને શ્રીઠાકોરજી ગિરિકંદરા વાટે પધાર્યા. ત્યાં અનેક વ્રજભક્તોએ તેમની સેવા કરી. બીજી બાજુ શ્રીરાધાજીએ લલિતાજી સાથે શ્રીઠાકોરજીનાં વસ્ત્ર-શૃંગારની પોટલી અપ્સરાકુંડ મોકલી. લલિતાજી ત્યાં ગયાં, ત્યારે મધુમંગલ ઊંઘતો હતો. પણ



શ્રીગિરિરાજજીનું મુખારવિંદ



ગોવિંદસ્વામીની કદંબખંડીની લીલા



ગોપાલપુર (જતિપુરા)ની લીલા

શ્રીઠાકોરજી ત્યાં નહોતા. તેઓ શ્રીઠાકોરજીને શોધવા નીકળ્યાં.

બીજી બાજુ સવાર થતાં શ્રીઠાકોરજી અપ્સરાકુંડ પર સ્નાન કરવા પધાર્યા. એટલામાં પરિક્રમા કરી, યશોદાજી મુકામે આવ્યાં. લાલાને ન જોતાં શોધવા નીકળ્યાં. અપ્સરાકુંડે શ્રીકૃષ્ણને સ્નાન કરતા જોયા. યશોદાજીએ પૂછયુંઃ તમારાં વસ્ત્ર-શૃંગાર કયાં છે? શ્રીકૃષ્ણે કહ્યુંઃ આ લલિતા પાસે છે. લલિતાજીએ યશોદાજીને વસ્ત્ર-શૃંગારની પોટલી આપી. સ્નાન કર્યા પછી યશોદાજીની આજ્ઞાથી શ્રીલલિતાજીએ ઠાકોરજીને વસ્ત્ર શૃંગાર ધરાવ્યા.

સુરભિકુંડ ઉપર વૃષભાનજીનો મુકામ હતો. વૃષભાનજીએ શ્રીનંદરાયજી વગેરે વેવાઈ પક્ષના વ્રજવાસીઓને અહીં છપ્પનભોગનું મહાભોજન કરાવ્યું હતું. તેથી આજે પણ છપ્પનભોગનો મનોરથ અહીં થાય છે.

સુરભિકુંડથી આગળ જતાં **હરજીકુંડ** આવે છે. હરજી ગ્વાલના નામ પરથી આ કુંડનું નામ હરજીકુંડ પડ્યું છે. હરજી ગ્વાલ પૂર્વ જન્મમાં વિષ્ણુ સ્વામીના શિષ્ય હતા. તેમણે ૭૦૦ વર્ષ સુધી શ્રીભાગવતનો પાઠ કર્યો હતો. તેના ફળ રૂપે તેમનો વ્રજમાં જન્મ થયો. તેઓ શ્રીગુસાંઈજીના સેવક થયા. શ્રીનાથજીની ગાયો ચરાવવાની સેવા કરતા. ગાયોને જળ પીવા તેમણે આ કુંડ બનાવેલો.

હરજીકુંડથી મુખારવિંદ તરફ આગળ વધતાં લીલાસ્થ ગોસ્વામી બાળકોના નાના-મોટા **તુલસીક્યારાઓ** છે. જે ગોસ્વામી બાળકનો વંશ ચાલ્યો ન હોય તેમની સમાધિ ઘૂમ્મટવાળી હોય છે. અહીં લીલામાં પધારેલા ગોસ્વામી બાળકોનાં અસ્થિ દાટવામાં આવે છે અને ત્યાં તેમનો તુલસીકયારો બનાવવામાં આવે છે. આ તેમનાં લીલાનાં પ્રવેશદ્વાર કહેવાય છે.

યાત્રાનો મુકામ મોટે ભાગે સુરભિકુંડ ઉપર પડે છે.

## જતિપુરા

ચૈતન્ય સંપ્રદાયવાળા માધવેંદ્ર યતિ વ્રજમાં શ્રીગિરિરાજજીની તળેટીમાં નિવાસ કરતા. તેમને વ્રજવાસીઓ જતિબાવા કહેતા. તેમના નિવાસસ્થાનની આજુબાજુ વ્રજવાસીઓ આવીને વસવા લાગ્યા. તેથી તે ગામનું નામ જતિપુરા પડ્યું.

એક બીજા મત અનુસાર શ્રીગુસાંઈજીના પ્રથમ પુત્ર શ્રીગિરિધરજી યતિજીના નામે પ્રસિદ્ધ હતા. તેમના નામ ઉપરથી આ ગામનું નામ જતિપુરા પડ્યાનું પણ કહેવાય છે.



ગોપાલપુરા (જતિપુરા) ગામની લીલા - અન્નકૂટ

પહેલાં આ ગામ ગોપાલપુર તરીકે પ્રસિદ્ધ હતું. કારણ કે શ્રીનાથજીને ગાયો બહુ વહાલી હોવાથી તેમનું એક નામ ગોપાલ છે. અહીં શ્રીનાથજીની ગાયો માટે મોટી ગૌશાળા બનેલી. તેથી આ ગામ ગોપાલપુર કહેવાયું. વાર્તા-સાહિત્યમાં આ સ્થાન ગોપાલપુર તરીકે જ પ્રસિદ્ધ છે. વાર્તાસાહિત્યમાં જતિપુરા નામ મળતું નથી. એથી એવું અનુમાન કરી શકાય કે જતિપુરા નામ શ્રીગોકુલનાથજી અને શ્રીહરિરાયજીના સમય પછી પડેલું હોવું જોઈએ.

જતિપુરામાં નીચેનાં સ્થાનો દર્શનીય છે.

**શ્રીનાથજીનું મંદિર :**

જતિપુરામાં શ્રીગિરિરાજજીના મુખારવિંદ અને દંડવતી શિલાની વચ્ચેના ભાગમાં શ્રીગિરિરાજજી ઉપર શ્રીનાથજીનું મંદિર આવેલું છે. શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી તે મંદિર પૂર્ણમલ્લ ક્ષત્રિયે ચાર લાખ રૂપિયાના ખર્ચે બંધાવ્યું હતું. તેમાં શ્રીનાથજી લગભગ દોઢસો વર્ષ બિરાજયા હતા. હાલમાં તે મંદિરમાં શ્રીનાથજીનાં ચરણચોકી છે અને ચિત્રજી બિરાજે છે. તેમની સેવા થાય છે. સામાન્ય રીતે શ્રીગિરિરાજજી સ્વરૂપાત્મક હોવાથી વૈષ્ણવો શ્રીગિરિરાજજી ઉપર પગ મૂકીને મંદિરે દર્શન કરવા જવાનું ટાળે છે. કેટલાક વૈષ્ણવો શ્રીગોસ્વામી બાળકોની આજ્ઞા લઈને, દંડવતીશિલાએ દંડવત કરી, શ્રીગિરિરાજજીની આજ્ઞા માંગીને જીવનમાં એક વખત શ્રીનાથજીનાં પ્રાચીન મંદિરનાં અને ચરણચોકીનાં દર્શન કરવા જાય છે. ઉપર મંદિરનું મુખ્ય દ્વાર સિંહપોળ છે. ત્યાંથી પચાશેક પગથિયાં ચઢતાં મંદિરનો પડી ગયેલો ભાગ આવે છે, જે કૃષ્ણભંડાર તરીકે ઓળખાય છે. મંદિરમાં મણિકોઠા, ડોલતિબારી, જગમોહન વગેરે છે. નીચે ટાંકા જેવું છે. તેમાં અનાજ અને ઘી-તેલના ભંડાર હશે. નિજમંદિરમાં શ્રીનાથજીને



શ્રીગિરિરાજધારણ લીલા



શ્રીનાથજી મંદિર, ગિરિરાજજી પર, જતિપુરા

બિરાજવાનું સ્થાન અને શય્યામંદિર છે. શય્યામંદિરમાં એક ગુફા જેવું છે. એમ કહેવાય છે કે તે ગુફા વાટે ઠેઠ મેવાડ સુધી જવાતું હતું. અજબકુંવરની પાસે આ રસ્તે શ્રીનાથજી પધારતાં. પ્રાચીન વૈષ્ણવો એ ગુફાને સઘનકંદરા તરીકે પણ ઓળખાવે છે. આ મંદિરમાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી પણ હતાં, તેમ બેઠકચરિત્રમાં ઉલ્લેખ છે. તે આજે ગુપ્ત છે. મંદિરની બાજુમાં આંજની અને સુંદરશિલા છે.

**મંદિરમાંનાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીનું ચરિત્ર :**

શ્રીમહાપ્રભુજી શ્રીનાથજીના મંદિરમાં સેવા કરવા પધારતા ત્યારે સેવાના અવકાશના સમયમાં મંદિરના દક્ષિણ ભાગમાં આવેલા એક ચોતરા ઉપર બિરાજી, શ્રીભાગવતનું પારાયણ કરતા. એક દિવસ શ્રીનાથજી માટે રાજભોગની સામગ્રી સિદ્ધ કરવામાં સેવકોને વિલંબ થયો, તેથી શ્રીસ્વામિનીજી સ્વયં સુવર્ણના થાળમાં સામગ્રી લઇને પધાર્યા. શ્રીમહાપ્રભુજીએ દામોદરદાસ હરસાનીને આજ્ઞા કરી : આજે બંને સ્વરૂપોને પરિશ્રમ થયો છે. તેથી આજ પછી દરરોજ શૃંગાર પછી સીધો રાજભોગ ન ધરતાં શ્રીઠાકોરજીને ગોપીવલ્લભ ભોગ આરોગાવવાનો પ્રકાર શરૂ કરીશું.

**સુંદરશિલા (પૂજનીશિલા) :**

જતિપુરામાં શ્રીગિરિરાજીના આ દિવ્ય શિલાખંડને મુખારવિંદ કહેવામાં આવે છે. શ્રીનંદરાયજીએ અહીં શ્રીગિરિરાજજીનું પૂજન કરેલું, ત્યારથી ભકતો શ્રદ્ધાથી અહીં શ્રીગિરિરાજજીને દૂધ ચડાવી, ભોગ ધરે છે. ત્યાં સાંજે શ્રીનાથજીના સ્વરૂપની જેમ સુંદર શૃંગાર ધરાય છે અને આરતી કરાય છે. આ શિલાને પૂજનીશિલા કહેવાય છે. બાજુમાં એક નાનકડો શિલાખંડ છે. તે સુંદરશિલા છે, જેનાથી શ્રીકૃષ્ણ ખેલતા. હાલ વ્રજવાસીઓ તેને બલદેવજીનું સ્વરૂપ કહે છે. અહીં ગોસ્વામી બાળકો અને વૈષ્ણવો તરફથી કુનવારાના મનોરથ અવારનવાર થતા જ રહે છે.

અહીં શ્રીગિરિરાજજીને દૂધથી સ્નાન કરાવવામાં આવે છે. રોજ આશરે ૨૫૦૦ કિલોથી વધુ દૂધ સ્નાનમાં વપરાય છે. દૂધથી સ્નાન કરાવ્યા બાદ માનસીગંગાના જળથી સ્નાન કરાવાય છે. પછી અંગવસ્ત્ર કરી, ઋતુ અનુસાર અત્તર સમર્પી, ધોતી-ઉપરણા, પુષ્પમાળા વગેરે ધરી, દૂધઘરની સામગ્રીઓનો ભોગ ધરાય છે.

કુનવારાનો મનોરથ જેમનો હોય, તેમના તરફથી બપોરે



સુંદરશિલાના શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી

ગોવર્ધનપૂજન થાય છે. રાત્રે કુનવારાનો ભોગ આવે છે. ભોગ સર્યા પછી દર્શન થાય છે. બીજા દિવસે વ્રજવાસીઓને મહાપ્રસાદ લેવડાવવામાં આવે છે.

**સુંદરશિલાની સન્મુખ શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી :**

શ્રીગિરિરાજજીના મુખારવિંદ સામે શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી આવેલાં છે. શ્રીમહાપ્રભુજી અહીં પધાર્યા, ત્યારે છોંકરના વૃક્ષ નીચે બિરાજ્યા હતા. 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર'માં શ્રીમહાપ્રભુજીનું એક નામ ગોવર્ધનમાં બિરાજવાના ઉત્સાહવાળા એવું છે. બીજું નામ શ્રીગોવર્ધનની લીલાના ભગવદ્‌રસથી સભર છે, એવું પણ છે. શ્રીમહાપ્રભુજીએ અહીં પોતાના સેવકોને આજ્ઞા કરી હતી કે દિવાળી અને અન્નકૂટનો ઉત્સવ અહીં કરીશું. અન્નકૂટના દિવસે તેમણે શ્રીગિરિરાજજીને દૂધથી અને માનસીગંગાના જળથી સ્નાન કરાવી, પૂજન કરી, કુનવારાનો ભોગ ધર્યો હતો. શ્રીનાથજીને સવા મણ સખડીનો અન્નકૂટ આરોગાવ્યો હતો. આ અન્નકૂટ એક રૂપિયામાં થયો હતો એમ કહેવાય છે. પછી શ્રીમહાપ્રભુજીએ અહીં બિરાજી, શ્રીભાગવતનું પારાયણ કર્યુ હતું.

એક દિવસ બપોરે શ્રીમહાપ્રભુજી દામોદરદાસ હરસાનીની ગોદમાં મસ્તક મૂકીને વિશ્રામ કરી રહ્યા હતા. તેમનાં નેત્રો બંધ હતાં. અંતઃકરણમાં તેઓ શ્રીઠાકોરજીની લીલાઓનો અનુભવ કરી રહ્યા હતા, એટલે બાહ્ય અનુસંધાન ન હતું. તે સમયે શ્રીનાથજી પર્વત પરથી ત્યાં પધાર્યા. દામોદરદાસે શ્રીનાથજીનાં નુપૂરનો રણકાર સાંભળ્યો. દામોદરદાસજીને એવો ખ્યાલ હતો કે શ્રીમહાપ્રભુજી પોઢ્યા છે, શ્રીનાથજીનાં નુપૂરના રણકારથી જાગી જશે. એટલે તેમને પરિશ્રમ થશે. દામોદરદાસે શ્રીનાથજીને હાથના સંકેતથી સર્વ હકીકત કહી અને પાસે ન પધારવા સંકેત કર્યો. તેથી શ્રીનાથજી દૂર ઠાડા રહ્યા. થોડા સમય પછી શ્રીમહાપ્રભુજીએ નેત્રો ખોલ્યાં. શ્રીનાથજીને દૂર ઉભેલા જોયા. શ્રીમહાપ્રભુજીએ તેમને પ્રેમથી પાસે બોલાવ્યા, પોતાની ગોદમાં પધરાવ્યા અને પૂછ્યું : તમે ત્યાં કેમ ઊભા હતા? શ્રીનાથજીએ હકીકત કહી. આથી શ્રીમહાપ્રભુજી દામોદરદાસ ઉપર અપ્રસન્ન થયા. ત્યારે શ્રીનાથજીએ દામોદરદાસનો પક્ષ લીધો અને કહ્યું : તેમણે સેવકનો ધર્મ બજાવ્યો છે. તેથી હું તેમના ઉપર પ્રસન્ન છું. ત્યારપછી શ્રીનાથજી પાછા પધાર્યા. શ્રીમહાપ્રભુજીએ દામોદરદાસજીને આજ્ઞા કરી : તમારી ભાવના શુદ્ધ હોવા છતાં તમે

ભગવદ્અપરાધ કર્યો છે, એટલે ભગવદ્પ્રાપ્તિમાં તમને દસ જન્મનો વિલંબ થશે.

શ્રીમહાપ્રભુજી અહીં પ્રબોધિની એકાદશી સુધી બિરાજ્યા હતા. પછી તેમણે શ્રીગિરિરાજજીની પરિક્રમા કરી હતી.

**શ્રીગુસાંઇજીનો તુલસીક્યારો :**

મુખારવિંદની બાજુમાં શ્યામ ગ્રેનાઇટનો બનેલો શ્રીગુસાંઇજીનો તુલસીક્યારો છે. શ્રીગુસાંઇજીના નિત્યલીલા પ્રવેશની યાદમાં તે બનેલો છે. શ્રીગુસાંઇજી ગોવિંદસ્વામીને સાથે લઇ, સદેહે ગિરિરાજજીની ભીતર નિત્યલીલામાં પધાર્યા હતા. અગ્નિસંસ્કાર માટે તેમણે શ્રીગિરિધરજીને પોતાનો ઉપરણો આપ્યો હતો.

**દંડવતી શિલા :**

મુખારવિંદથી થોડાંક ડગલાં આગળ દંડવતી શિલા છે. એમ કહેવાય છે કે પહેલાં દંડવતી શિલા એક માથોડું ઊંચાં હતાં. શ્રીનાથજી મેવાડમાં પધાર્યા ત્યાં સુધી આ દંડવતી શિલા છ ફૂટ ઊંચાં હતાં. શ્રીગિરિરાજજીને પુલત્સ્ય ઋષિનો શાપ હતો કે, તમે મારી ઇચ્છા પ્રમાણે મારી સાથે કાશી આવવાને બદલે વ્રજમાં સ્થિરતા કરી, તેથી તમે રોજ તલભાર ઘટશો અને એક દિવસ પૃથ્વીમાં સમાઇ જશો! ત્યારથી શ્રીગિરિરાજજી દરરોજ તલભાર ઘટી રહ્યા છે. સારસ્વત કલ્પમાં શ્રીગિરિરાજજી એટલા ઊંચા હતા કે સૂર્યપ્રકાશમાં તેમની છાયા અઢાર માઇલ દૂર આવેલા મથુરા શહેર ઉપર પડતી. આજે શ્રીગિરિરાજજીની વધુમાં વધુ ઊંચાઇ સો સવાસો ફૂટ રહી છે. કયાંક કયાંક તો તેથી પણ ઓછી ઊંચાઇ છે.

આજે દંડવતી શિલાની ઉંચાઇ એટલી બધી ઘટી ગઇ છે કે તે જમીનમાં સમાઇ ગયાં છે, એટલે જમીનમાં આજુબાજુ ખાડો કરીને એમનાં દર્શન થઇ શકે એવી વ્યવસ્થા કરી છે.

એમ કહેવાય છે કે આ શિલામાં શ્રીગિરિરાજજીનું નાભિકમળ છે. શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી, વગેરે બાળકો શ્રીગિરિરાજજીની ઉપર જતાં અને ઉતરતાં અહીં દંડવત્ કરી, શ્રીગિરિરાજજીની આજ્ઞા લેતા અને ક્ષમા માગતા. અહીં શ્રીગિરિરાજજીને દંડવત કરવાથી અજાણતામાં પણ શ્રીગિરિ-રાજજીનો કોઇ અપરાધ થયો હોય તો તે નિવૃત્ત થાય છે. જે વૈષ્ણવો શ્રીગિરિરાજજીની પરિક્રમા કરી શક્તાં નથી, તેઓ અહીં દંડવતી શિલાની સાત પરિક્રમા કરીને સાતકોસી પરિક્રમાની ભાવના કરી લે છે. અહીં પણ રોજ સાંજે શયનના



દંડવતી શિલા

સમયે શ્રીગિરિરાજજીને શૃંગાર થાય છે.

દંડવતી શિલા વિષેનું એક પદ નીચે મુજબ છે.

*યહ તુમસોં માંગી દંડોતી,*
*શ્રીગિરિરાજ તરહટી વસિવો નિત,*
*નિરખોં શ્રીવલ્લભ ગોતી...૧*
*નિજ મુખ અમલ છોંકર તર,*
*હરિદાસન સંગ પ્રેમ ઉદ્યોતી,*
***'રસિકદાસ'** જનકી યહ પ્રતિજ્ઞા,*
*હંસા માનસરોવર મોતી...૨*

**શ્રીમહાપ્રભુજીનો તુલસીક્યારો :**

દંડવતી શિલાની પાસે શ્રીમહાપ્રભુજીનો તુલસીક્યારો છે. તે શ્રીમહાપ્રભુજીની નિકુંજનું ભાવાત્મક દ્વાર છે.

શ્રીમહાપ્રભુજીના સેવક કુંભનદાસજીના પુત્ર કૃષ્ણદાસને

શ્રીનાથજીની ગાયનું રક્ષણ કરતાં સિંહે મારી નાખ્યા. ત્યારબાદ તે ગાયને દોહવા માટે શ્રીનાથજી પોતે બિરાજ્યા. તે વખતે કૃષ્ણદાસ અલૌકિક સ્વરૂપે વાછરડાને પકડીને ઊભા હતા, એવાં દર્શન કુંભનદાસજીને થયાં. દર્શન કરીને કુંભનદાસજી દંડવતીશિલા પાસે આવ્યા. ત્યારે તેમને સમાચાર મળ્યા કે કૃષ્ણદાસને સિંહે મારી નાખ્યા છે. તે સાંભળતાં કુંભનદાસજીને વિચાર થયો કે સુતક પડવાથી હવે પંદર દિવસ શ્રીનાથજીનાં મને દર્શન થશે નહીં. શ્રીનાથજીના વિરહતાપથી મૂર્છા ખાઇ, તેઓ દંડવતીશિલા પાસે પડ્યા. શ્રીગુસાંઇજીને આ સમાચાર મળ્યા. શ્રીગુસાંઇજી ત્યાં પધાર્યા. તેમણે કુંભનદાસજીને આજ્ઞા કરી : સવારે તમે આવજો. તમને શ્રીનાથજીનાં દર્શન કરાવીશ. તમે ખેદ ન કરો. શ્રીગુસાંઇજીએ સવારે શૃંગાર પછી કુંભનદાસજીને શ્રીનાથજીનાં દર્શન કરાવ્યાં. કુંભનદાસજી સૂતકના દિવસોમાં એક વખત આવી, દર્શન કરી જતા. પછી પરાસોલીમાં ચંદ્રસરોવર પર બેસી, વિરહનાં પદ ગાયા કરતા. કુંભનદાસજીની આડીથી આજ સુધી સૂતકી વૈષ્ણવોને દિવસમાં એક વખત દર્શન થાય છે.

**શ્રીમથુરેશજીનું મંદિર :**

દંડવતી શિલાની સામે શ્રીમથુરાનાથજીનું મંદિર આવેલું હતું. જે ગિરિધરનિવાસના નામથી પ્રસિદ્ધ હતું. ત્યાં શ્રીમથુરેશજી બિરાજતા હતા. તેઓ હવે કોટામાં બિરાજે છે. આ મંદિરમાં શ્રીગુસાંઇજીનાં બેઠકજી છે.

શ્રીગુસાંઇજી શ્રીનાથજીની સેવા માટે પધારતા ત્યારે બપોરે અહીં બિરાજતા. શ્રીભાગવતનું પારાયણ કરતા. એક વખત શ્રીગુસાંઇજીને તેમના પુત્ર શ્રીગોકુલનાથજી અને શોભાબેટીજીએ વિનંતી કરી હતી કે શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીને સવા મણ સખડીનો અન્નકૂટ આરોગાવ્યો, તેનાં દર્શન અમને કરાવો. શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી કે શ્રીઠાકોરજીની લીલા નિત્ય અને અખંડ છે. તેમની કૃપાની તેવાં દર્શન થાય. આમ આજ્ઞા કરીને શ્રીગુસાંઇજીએ તેમને તે અન્નકૂટનાં દર્શન કરાવેલાં.

**શ્રીગિરિધરજીની બેઠક :**

શ્રીગુસાંઇજીની બેઠકની પાસે જ શ્રીગિરિધરજીની બેઠક છે. ત્યાં તેમણે શ્રીભાગવતપારાયણ કરેલું. ત્યાં શ્રીનાથજીએ શ્રીગિરિધરજીને આજ્ઞા કરી હતી : તમારા સાતે ભાઇઓના માથે બિરાજતાં સાત સ્વરૂપોને મારી સાથે પધરાવી, મને અન્નકૂટ આરોગાવો. ત્યારે શ્રીગિરિધરજીએ વિનંતી કરી કેઃ શ્રીગુસાંઇજીની આજ્ઞા વિના તેમ કરી શકાય નહિ. શ્રીગિરિધરજીએ શ્રીગુસાંઇજીની આજ્ઞા માગી. શ્રીગુસાંઇજી મૌન રહ્યા. ફરી શ્રીનાથજીએ શ્રીગિરિધરજીને આજ્ઞા કરી. ફરી શ્રીગિરિધરજીએ શ્રીગુસાંઇજીને વિનંતી કરી. આમ ત્રણ વખત થયું. અંતે શ્રીગુસાંઇજીએ ભગવદિચ્છા જાણી, આજ્ઞા આપી. પરંતુ શ્રીગિરિધરજીને ચેતવ્યા કે, આવા મનોરથથી લૌકિક વધશે અને સ્વરૂપમાંથી ભાવ ઘટશે.

આજે આ સ્થાને મંદિર રહ્યું નથી. ત્યાં શ્રીસર્વોત્તમકુંજ નામનું ગેસ્ટહાઉસ બની ગયું છે!

**શ્રીગોકુલનાથજીનું મંદિર :**

દંડવતીશિલાની સામે એક મોટો દરવાજો છે. તે નગારખાનાનો દરવાજો કહેવાય છે. તેની બાજુમાં શ્રીગોકુલનાથજીનું મંદિર છે. શ્રીગોકુલનાથજી દર વર્ષે ગોવર્ધનપૂજા કરવા માટે ગોકુળથી અહીં પધારે, ત્યારે આ મંદિરમાં બિરાજે છે. શ્રીગોકુલનાથજી ગિરિરાજજી ધારણ કરવાની લીલાનું સ્વરૂપ હોવાથી પ્રથમ ગોવર્ધનપૂજા કરવાનો હક્ક તેમનો છે. ગોવર્ધન પૂજા બાદ શ્રીગોકુલનાથજી આ મંદિરમાં જ અન્નકૂટ આરોગે છે.

આ મંદિરમાં શ્રીગુસાંઇજીના ચતુર્થકુમાર શ્રીગોકુલનાથજીનાં બેઠકજી છે. તેમનો ઉદ્ધવ તિવારી નામે એક સેવક હતો. તે અષ્ટપ્રહર સેવામાં રહેતો. થોડો અવકાશ મળે ત્યારે એકાંત જગ્યાએ જઇ રસોઇ કરી, ભોગ ધરી, પ્રસાદ લેતો. એક દિવસ શ્રીગોકુલનાથજી ઉપરાઉપરી બે-ચાર વખત જળ આરોગ્યા, ત્યારે ઉદ્ધવ તિવારીએ પૂછ્યુંઃ આજે ઉપરાઉપરી જળ કેમ આરોગ્યા? તેમણે કહ્યુંઃ આજે ખીચડીમાં મીઠું વધારે પડ્યું હતું. ઉદ્ધવ તિવારીએ તે દિવસે ખીચડી બનાવી, માનસીમાં શ્રીગોકુલનાથજીને ભોગ ધર્યો હતો. શ્રીગોકુલનાથજીએ તેમને આ સ્થાનમાં સમજાવ્યું કે, રસોઇ સાવધાનીથી કરવી. પ્રભુને પરિશ્રમ ન પડે તે ખાસ જોવું. અહીં શ્રીગોકુલનાથજીના ઘરના સેવકો જ ઝારી ચરણસ્પર્શ કરી શકે છે, બાકીનાં વૈષ્ણવોને દર્શન થાય છે.

**શ્રીમદનમોહનજીનું મંદિર :**

શ્રીમહાપ્રભુજીની બેઠકના પાછળના ભાગમાં ચોકમાં આ મંદિર આવેલું છે. તે શ્રીમટુજીમહારાજના મંદિર તરીકે પણ ઓળખાય છે. શ્રીમટુજીમહારાજ મૂળપુરુષ અને સ્વરૂપભાવના ગ્રંથોના કર્તા શ્રીદ્વારકેશજી મહારાજના પુત્ર હતા. તેમણે દ્વારકા,

ડાકોર અને શ્રીગિરિરાજજીનાં છપ્પનભોગ કર્યો હતો. ત્યાં શ્રીમહાપ્રભુજીના સેવ્ય કવિ જગતાનંદના ઠાકોરજી શ્રીમદનમોહનજી બિરાજે છે. મંદિરમાં સામેના ભાગમાં શ્રીદાઉજી, શ્રીનંદરાયજી, શ્રીકૃષ્ણ-બળદેવ અને શ્રીરાધાકૃષ્ણ બિરાજે છે. મંદિરના પાછળના ભાગમાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીની બાજુમાં શ્રીમટુજીમહારાજનાં બેઠકજી બિરાજે છે. તેમાં તેમનાં પાદુકાજી પણ બિરાજે છે.

**શ્રીગોવર્ધનનાથજીનું મંદિર :**

બાજુમાં શ્રીગોવર્ધનનાથજીનું મંદિર આવેલું છે. ત્યાં બે નાનાં-મોટાં સ્વરૂપો બિરાજે છે.



શ્રીગિરિરાજબાગ, જતિપુરા

**શ્રીચંદ્રમાજીનું મંદિર :**

ત્યાં જ બાજુમાં શ્રીગોકુલચંદ્રમાજીનું મંદિર છે.

જતિપુરામાં વૈષ્ણવોને ઉતરવા-રહેવા માટે જુની ધર્મ-શાળાઓ તો છે જ. અગાઉ મોતીમહેલમાં પણ સગવડ હતી. હવે ઘણાં નવાં ગેસ્ટહાઉસો અને ધર્મશાળાઓ બન્યાં છે. જેમાં બિરલા ગેસ્ટહાઉસ, લોહાણા ગેસ્ટહાઉસ, નંદભવન, ગોપી-ભવન, બિનાની ગેસ્ટ હાઉસ, કેસરિયા મંડળી વગેરે મુખ્ય છે.

**શ્રીગિરિરાજબાગ :**

શ્રીગિરિરાજજીની પરિક્રમા કરીને પાછા ફરતાં, જતિપુરાના પાછલા ભાગમાં શ્રીગિરિરાજબાવ આવેલો છે. તેમાં સુંદર સ્થાપત્ય છે, તે જોવાલાયક છે.

**રુદ્રકુંડ :**

શ્રીગિરિરાજબાગની નજીકમાં રુદ્રકુંડ આવેલો છે. શ્રીઠાકોરજી રાસલીલામાંથી અંતર્ધ્યાન થયા, ત્યારે શ્રીગોપીજનોએ ઘણી શોધ કરી, ગોપીગીત ગાયું. ઘણા પ્રયત્નો પછી પણ શ્રીઠાકોરજી ન મળ્યા, ત્યારે ગોપીજનોએ આ સ્થાને રુદન કર્યુ હતું. તેમના રુદનના અશ્રુઓથી બનેલો આ કુંડ રુદ્રકુંડ કહેવાય છે. આજે તે કુંડ જીર્ણ, ઉપેક્ષિત સ્થિતિમાં છે.

અહીં આમલીના વૃક્ષ નીચે ચતુર્ભૂજ-દાસજીનું દ્વાર છે.

જતિપુરામાં શ્રીગુસાંઇજીના સેવક ધર્મદાસ નામના વણિક રહેતા હતા. જે ઠગ હતા. વૈષ્ણવતાના નામે પરદેશી વૈષ્ણવોને ઠગતા. શ્રીસુરદાસજીએ તેમની પાછળ પડી, તેમને શ્રીનાથજીનાં દર્શન કરાવેલાં અને શ્રીગુસાં-ઇજીના સેવક કરેલા. તેમને ઉપદેશ આપવા માટે શ્રીસૂરદાસજીએ સાઇઠ પદોની ‘સૂરસાઠી’ ગાઇ. તેની એક એક કડીએ આ વૈષ્ણવે શ્રીગુસાંઇજીને એક એક હજાર રૂપિયાની ભેટ કરી.

શ્રીગુસાંઇજીના સેવક શ્યામદાસ નામના આંજણા કણબી અહીં રહેતા હતા. શ્રીગુસાંઇજીએ તેમને ફૂલઘરની સેવા સોંપી હતી. તેમને ફૂલઘરમાં વ્રજભક્તોનાં અલૌકિક સ્વરૂપે દર્શન થતાં.

રુદ્રકુંડથી આગળ બૂઢેબાવામહાદેવજીનું મંદિર છે. શ્રીકૃષ્ણના પ્રપૌત્ર વજનાભજીએ તેની સ્થાપના કરી છે. ત્યાંથી આગળ જતાં સુકટાકુંડ અને તેથી આગળ જતાં ગુલાલકુંડ આવે છે.

**શ્રીગિરિરાજજીની પરિક્રમા :**

વ્રજની યાત્રાએ આવતા સૌ વૈષ્ણવો યથાશક્તિ શ્રીગિરિરાજજીની પરિક્રમા અવશ્ય કરે છે.

મોટાભાગના વૈષ્ણવો ચાલીને પરિક્રમા કરે છે. કેટલાક વિરકતો અને ગૃહસ્થો તથા ગોસ્વામી બાળકો દંડવતી પરિક્રમા પણ કરે છે. શ્રીગિરિરાજીની માનતા રાખનાર કેટલાક ભાવિકો દૂધની ધારા કે અગરબત્તીના ધૂપ સાથે પણ પરિક્રમા કરે છે. શ્રીગિરિરાજજીની પરિક્રમા પાંચ કોસ, સાત કોસ અને નવ કોસની મુખ્યત્વે થાય છે.

શ્રીગિરિરાજજીને અને શ્રીમહાપ્રભુજીને દંડવત કરી, આજ્ઞા લઇ, શ્રીગિરિરાજજીની પરિક્રમા શરૂ થાય. પરિક્રમામાં શ્રીગિરિરાજજી હંમેશાં આપણા જમણા હાથ તરફ બિરાજે. હવે તો પરિક્રમા માટે પરિક્રમા માર્ગ પણ તૈયાર થયો છે. સામાન્ય રીતે ભાવિકો ખુલ્લા પગે જ પરિક્રમા કરે છે.

પરિક્રમામાં સૌથી પહેલાં **જાન-અજાન વૃક્ષ** આવે છે. આ બંને વૃક્ષની આજુબાજુ સુંદર ચોતરો બનાવવામાં આવેલો છે. પ્રાચીન વૃક્ષો સૂકાઇ જવાથી ત્યાંથી નવાં વૃક્ષો રોપાયેલાં છે. શ્રીઠાકોરજી અંતર્ધ્યાન થયા ત્યારે તેમને શોધવા નીકળેલાં ગોપીજનોએ આ વૃક્ષોને પૂછયું હતું કે તમે કયાંય ભગવાનને જોયા છે? એક વૃક્ષે હા કહી, તે જાનવૃક્ષ, બીજાએ ના કહી, તે અજાનવૃક્ષ. પરિક્રમા કરતા વૈષ્ણવો ચોતરા ઉપર ચઢીને આ વૃક્ષોની પરિક્રમા પણ કરે છે.

**બિલછુ કુંડ :**

તેની સામે ડાબા હાથે થોડેક દૂર બિલછુકુંડ આવેલો છે. ત્યાં ખાસ જવું પડે. અહીં શ્રીરાધાજી સખીઓ સાથે જલક્રીડા કરતાં હતાં. ત્યારે શ્રીઠાકોરજી સખીરૂપ લઇ પધાર્યા અને જલક્રીડા કરવા લાગ્યા. જલક્રીડા દરમ્યાન શ્રીરાધાજીના ચરણારવિંદનો વીંછિઓ નીકળી ગયો. બહુ શોધ્યો પણ જડ્યો નહિ, શ્રીરાધાજી ઉદાસ થયાં. સખીરૂપ શ્રીકૃષ્ણે પૂછયુંઃ તમારો વીંછિયો શોધી આપે તેને શું આપશો? શ્રીરાધાજીએ કહ્યુંઃ જે માગશો તે આપીશ. તેમણે જળમાં ડૂબકી મારી, વીંછિયો શોધ્યો. સૌને બહુ આશ્ચર્ય થયું. ખોવાયો હતો એક વીંછિયો,



જાન-અજાન વૃક્ષ

ત્યારે ખોબામાં ઘણા વીછિયા હતા. તેમાં કોઇ નાનો હતો અને કોઇ મોટો હતો. એક પણ બંધ બેસતો આવ્યો નહિ. શ્રીરાધાજી સમજી ગયાં કે આ સખી નથી, પણ શ્રીકૃષ્ણ છે! છતાં તેમણે કહ્યું કે માગો, શું જોઇએ? ત્યારે શ્રીઠાકોરજીએ માગ્યું, રૈન નિવાસ. ત્યાં શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીએ વિલાસકુંજમાં રાત્રિ વિહાર કર્યો. અહીં બાજુમાં નાનકડી ટેકરી ઉપર શ્રીબિલછુબિહારીજીનું મંદિર અને શ્રીસ્વામિનીજીની બેઠક છે.

શ્રીનાથજી સખીઓ સાથે અહીં ગેંદચોગાન ખેલવા પધારતા. શ્રીગુસાંઇજીના એક સેવક ચહુડા ભંગીને શ્રીનાથજી અહીં દર્શન આપતા. અને નિત્ય તેની સાથે વાતો કરતા. શ્રીગુસાંઇજી તેને પૂછતા, શ્રીનાથજી તારી સાથે શું વાત કરે છે? તે કહેતા વનની વાતો કરે છે. એમનાં દર્શન ન થાય ત્યારે હું અન્નજળ લેતો નથી. ત્યારથી શ્રીગુસાંઇજીએ રાજભોગ ખૂલે ત્યારે સૌ પહેલાં આ ચહુડાને દર્શન કરાવાની વ્યવસ્થા મંદિરમાં કરી હતી.

શ્રીનાથજી નિજમંદિરની બારીમાંથી ચહુડા ભંગીને બિલછુકુંડ ઉપર દર્શન આપતા. મંદિરના અધિકારીએ તે બારી પુરાવી દીધી, ત્યારે શ્રીનાથજીએ ચહુડાને આજ્ઞા કરી કે, તું ગોકુળ જઇ, શ્રીવલ્લભજી મહારાજને આ વાત કહે! તેણે તે પ્રમાણે કર્યું. ત્યારે શ્રીવલ્લભજી-શ્રીગોકુલનાથજીએ શ્રીનાથજીની આજ્ઞા સાંભળી, આનંદના આવેશમાં તેઓ ચહુડાને ભેટ્યા અને મોટો ઉત્સવ મનાવ્યો. જતિપુરા આવી, બારી આગળ ચણાવેલી ભીંત પડાવી નાખી, જેથી શ્રીનાથજી બિલછુકુંડ જોઇ શકે.

બિલછુકુંડ ઉપર કૃષ્ણદાસજીનું દ્વાર છે.

શ્રીગુસાંઇજીના સેવક અકબર બાદશાહની દાસી રૂપમંજરી નંદદાસજીને અહીં મળેલાં. રૂપમંજરીનો અહીં મુકામ હતો. રૂપમંજરીએ શ્રીઠાકોરજીને રાજભોગ ધર્યો, તે આરોગવા શ્રીનાથજી સાક્ષાત અહીં પધાર્યા હતા. તેવાં દર્શન નંદદાસજીને થયાં હતાં. રૂપમંજરીએ શ્રીઠાકોરજીના વિરહમાં અહીં દેહ છોડ્યો હતો.

ત્યાંથી પરિક્રમામાં આગળ જતાં ગોવર્ધન ગામ આવે છે. ગોવર્ધન ગામથી ડાબા હાથે પાકી સડક રાધાકૃષ્ણકુંડ તરફ જાય છે. સાતકોસી પરિક્રમા કરનારા આ સડકે રાધાકૃષ્ણકુંડ જાય છે. પંચકોસી કરનારા સીધા ગોવર્ધન ગામમાં થઇ, દાનઘાટી જાય છે.

રાધાકુંડ થઇ, કુસુમસરોવર થઇ, ગોવર્ધન ગામ અવાય છે. ત્યાં માનસીગંગા થઇ, દાનઘાટી જવાય છે. દાનઘાટી પસાર કર્યા બાદ ડાબા હાથનો એક રસ્તો ચંદ્રસરોવર તરફ જાય છે. નવકોસી પરિક્રમા કરનાર ચંદ્રસરોવર જાય છે. અને પાછા દાનઘાટીના આ સ્થળે આવે છે. સાતકોસી કે પંચકોસી કરનાર જમણા હાથે સીધા આન્યોર તરફ જાય છે.

આન્યોરથી ગોવિંદકુંડ થઇ, પૂછરીના લોઠા પાસેથી ફરી શ્રીગિરિરાજજીની સન્મુખ આવી, સુરભિકુંડ થઇ, મુખારવિંદ અવાય છે. આમ, શ્રીગિરિરાજજીની પરિક્રમા થાય છે.

ભાદરવા મહિનામાં થતી વ્રજયાત્રામાં જતિપુરામાં શ્રીગિરિ-રાજજીનો કુનવારો અથવા છપ્પનભોગ અવશ્ય થાય છે.

**શ્રીગિરિરાજજીનું સ્વરૂપ :**

શ્રીગિરિરાજજી ત્રણ સ્વરૂપે બિરાજે છે. (૧) આધિદૈવિક (૨) આધ્યાત્મિક (૩) આધિભૌતિક. શ્રીગિરિરાજજીનાં આધિદૈવિક સ્વરૂપ બે છે. (૧) ભગવદ્ સ્વરૂપ (૨) હરિદાસવર્ય ભગવદીયસ્વરૂપ. શ્રીગિરિરાજજી પોતાના ભક્તો પર કૃપા કરી, તેમનાં દુઃખ દૂર કરે છે અને મનોકામના પૂરી કરે છે, તે તેમનું આધ્યાત્મિક સ્વરૂપ છે. શ્રીગિરિરાજજી બે આભિૌતિક સ્વરૂપે બિરાજે છે. (૧) પૃથ્વી પરનું આધિભૌતિક સ્વરૂપ (૨) નિત્યલીલામાંનું આધિભૌતિક સ્વરૂપ. પૃથ્વી પર પર્વત સ્વરૂપે બિરાજે છે, લીલામાં શ્રીગિરિરાજજીના શિલાખંડો પદ્મરાગ (પોખરાજ), મરકતમણિ (નીલમણિ) અને સ્ફટિકના બનેલા છે. શ્રીઠાકોરજી તેમના ઉપર પધારે છે, ત્યારે તેઓ માખણ જેવા કોમળ બની જાય છે. તેથી તેમના શિલાખંડોમાં શ્રીઠાકોરજીનાં ચરણારવિંદ, લકુટી અને મુકુટનાં ચિહ્નો વિદ્યમાન છે.

શ્રીગિરિરાજજીનાં ત્રણ શિખર છે. (૧) રાધાકુંડથી દાનઘાટી સુધી આદિ શિખર, જે આજે લુપ્ત થયેલું છે. (૨) ગોવર્ધનથી સુરભિકુંડ સુધી મધ્ય શિખર, જેના ઉપર આજે શ્રીનાથજીનું મંદિર આવેલું છે. (૩) સુરભિકુંડથી અપ્સરાકુંડ સુધી બ્રહ્મશિખર. કૃષ્ણાવતારમાં ભગવાને આદિશિખર ઉપર ક્રીડા કરી હતી, અત્યારે મધ્યશિખર ઉપર ક્રીડા કરે છે, ભવિષ્યમાં બ્રહ્મશિખર ઉપર ક્રીડા કરશે.

શ્રીગિરિરાજજીનાં શ્રીઅંગમાં જે જે તીર્થો બિરાજે છે, તે નીચે પ્રમાણે છે.

| તીર્થ | અંગ |
|---|---|
| માનસીગંગા | નેત્ર |
| ચંદ્રસરોવર | નાસિકા |
| કૃષ્ણકુંડ | દાઢી |
| ગોવિંદકુંડ | અધર |
| રાધાકુંડ | જિહ્વા |
| લલિતાકુંડ | કપોલ |
| કુસુમસરોવર | કર્ણપ્રદેશ |
| ગોપકુંડ | કર્ણ |
| મુકુટનું ચિહ્ન | શ્રીગિરિરાજજીનો મુકુટ |
| વાજનીશિલા | કંઠ |
| પૂજનીશિલા | મુખ |
| ચિત્રનીશિલા | મસ્તક |
| કંદૂકતીર્થ | કૂખ |
| ચીરઘાટ | કમર |
| દ્રોણતીર્થ | પીઠ |
| કોકિલાવન | ઉદર |
| કદંબવાડી | હૃદય |
| ઐરાવતકુંડ | મન |
| શૃંગારશિલા | જીવાત્મા |
| સુરભિગાયનાં ચરણ | બે પડખાં |
| ઐરાવતનાં ચરણ | ચરણ |
| પૂછરી | પૂચ્છ |

**શ્રીગિરિરાજજીનાં આઠ દ્વાર :**

(૧) કૃષ્ણદાસજીનું દ્વાર :
બિલછુકુંડ ઉપર શ્યામતાલના વૃક્ષની નીચે.

(૨) નંદદાસજીનું દ્વાર :
માનસીગંગા ઉપર પીપળાના વૃક્ષની નીચે.

(૩) સૂરદાસજીનું દ્વાર :
પરાસોલી ચંદ્રસરોવર ઉપર.

(૪) કુંભનદાસજીનું દ્વાર :
આન્યોરમાં સંકર્ષણકુંડ ઉપર.

(૫) છીતસ્વામીનું દ્વાર :
અપ્સરાકુંડ પાસે શ્યામતમાલના વૃક્ષ નીચે.

(૬) પરમાનંદદાસજીનું દ્વાર :
સુરભિકુંડ ઉપર શ્યામતમાલના વૃક્ષ નીચે.

(૭) ગોવિંદસ્વામીનું દ્વાર :
ઐરાવતકુંડ પાસે ગોવિંદસ્વામીની કદંબખંડીમાં.

(૮) ચતુર્ભુજદાસજીનું દ્વાર : રૂદ્રકુંડ ઉપર આંબલીના વૃક્ષની નીચે.

**પુરાણોમાં શ્રીગિરિરાજજીની કથા :**

વૃંદાવનમાં ગોવર્ધન નામના એક બ્રાહ્મણે ભારે તપ કર્યું. પ્રસન્ન થયેલા ભગવાન વિષ્ણુ વરદાન આપવા પધાર્યા. ગોવર્ધન બ્રાહ્મણ ભગવાનનાં દર્શન કરી, સાક્ષાત દંડવત કરી બોલ્યો: તમારાં બંને ચરણારવિંદ દબાવી, મારી પીઠ ઉપર ઊભા રહો. ભગવાન વિષ્ણુએ તે પ્રમાણે કર્યુ. ત્યારે ગોવર્ધન બ્રાહ્મણે કહ્યું : હવે હું તમને મારી પીઠ ઉપરથી ઉતારીશ નહિ, માટે આ રૂપે સદા બિરાજો. ત્યારથી ભગવાન વિષ્ણુ પર્વત રૂપે ગોવર્ધનમાં સદા બિરાજે છે. કૃષ્ણાવતારમાં ભગવાને ગોવર્ધન બ્રાહ્મણને સારૂપ્યભાવથી ગિરિરાજપૂજન નિમિત્તે ભોજન કરાવ્યું. અને વૃષ્ટિ દ્વારા જલપાન કરાવ્યું. જે મનુષ્ય ભક્તિપૂર્વક, વિભિન્ન ઉપચારોથી આ ગોવર્ધન પર્વતની પૂજા અને પ્રદક્ષિણા કરે છે, તેનો આ સંસારમાં ફરી જન્મ થતો નથી.

પદ્મપુરાણમાં એક બીજી કથા છે. એક વખત શ્રીઠાકોરજી તથા નારદજી વનમાં પધાર્યા. શ્રીઠાકોરજીની આજ્ઞાથી નારદજી જળ લેવા ગયા. ત્યાં સરોવર ઉપર બે ઋષિઓ તપ કરતા હતા. બાજુમાં માણસોનાં હાડકાંનો મોટો પર્વત હતો. તે જોઈ નારદજી આશ્ચર્ય પામ્યા. જળ લીધા વિના પાછા આવ્યા. શ્રીઠાકોરજીએ ખુલાસો કર્યો કે: આ બંને ઋષિઓ અનેક જન્મોથી શ્રીગોવર્ધન પર્વતનાં દર્શન કરવા માટે તપ કરે છે. તપ કરતાં કરતાં દેહ છોડે છે. ફરી જન્મ લઈ, ફરી તપ કરે છે. તેમનાં છૂટેલાં શરીરનાં હાડકાંઓનો મોટો પર્વત બન્યો છે. તો પણ તેઓ હજી દર્શન કરી શક્યા નથી. આ સાંભળી નારદજીને ઘણું આશ્ચર્ય થયું.

'**ગર્ગસંહિતા**'ના શ્રીગિરિરાજખંડમાં શ્રીગિરિરાજજીનું માહાત્મ્ય બતાવવામાં આવ્યું છે. તે નીચે પ્રમાણે છે.

**અહો ગોવર્ધનઃ સાક્ષાત્ ગિરિરાજો હરિપ્રિયઃ ।**
**તત્સમાનં ન તીર્થં હી વિદ્યતે ભૂતલે દિવિ ॥**

અર્થાત્, ગોવર્ધન પર્વતોના રાજા અને શ્રીહરિને વહાલા છે. તેમની સમાન પૃથ્વી કે સ્વર્ગમાં બીજું કોઈ તીર્થ નથી.

આવા શ્રીગિરિરાજજીનાં ગુણગાન ભગવદીયોએ મન ભરીને કર્યાં છે, તે નીચે મુજબ છે.

(૧)

હો હરિદાસવર્ય પેં વારી,
શીતલ ઝરના ઝરત નિરંતર
પવન સુગંધ પરમ સુખકારી...૧
વૃંદાવન કે પરમ મુકુટમણિ
ભકતરાજ કે અતિ હિતકારી,
નંદનંદન ક્રીડત નિશવાસર,
સંગ શોભિત વૃષભાન દુલારી...૨
નિત શ્રીવલ્લભ વિઠ્ઠલ રાજત,
કોટિકલા પ્રગટ અવતારી,
ભજનાનંદ દેત નિજદાસન,
પૂરણ કામ ત્રય તાપ નિવારી...૩
જે જન ક્ષણભરી રહત તરહટી
તાકી કથા કો કહેં વિસ્તારી,
જ્ઞાન વૈરાગ્ય તાકી રજ ચાહત,
સંગ ડોલત હૈ મુક્તિ બિચારી...૪
પૂરણ ભાગ્ય પુલિંદિનીનકો ભયો,
વિમલ કથા શુક વ્યાસ વિચારી,
**'રસિકદાસ'** જન યહ માંગત હેં,
જન્મ જન્મ ઈનકોં અનુસારી...૫

(૨)

ધન્ય ધન્ય હરિદાસ રાઈ,
સાંનિધ્ય સેવા કરત સકલ અંગ,
તાતેં મોહન જિય ભાઈ...૧
કંદ મૂલ ફલ ફૂલ ભેટ ઘર,
સિલા સિંઘાસન રુચિર બનાઈ,
કોમલ તૃણ ગાયન ચરવેકુ,
શીતલ જલ કે ઝરના બહાઈ...૨
વિવિધ કેલ ક્રીડત સખા સંગ,
છિનુ ઉતરત છિનુ ચઢત હે ધાઈ,
રામ-કૃષ્ણ કે ચરણ સ્પર્શ કરિ,
પુલકિત રહત સદાઈ...૩
ઈનકો ભાગ્ય કહા લગિ બરનોં,
કોમલ કરપેં લીયો હે ઉઠાઈ,
પ્રેમ મુદિત વ્હે કહત ગોપિકા,
**'ગોવિંદ'** બલબલ જાઈ....૪

(૩)

હરિદાસવર્ય સુખ રાસિ,
નંદ નંદનકો પરમ રમણ સ્થલ
ભકત જનનકે પ્રેમપ્રકાસી...૧
પૂરન ભાગ પુલિંદીન કે ભયે,
અકથ કથા ગુણ સકલ નિવાસી,
શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલ નિત ક્રીડત,
**'રસિકદાસ'** જન દરસન પ્યાસી...૨

(૪)

સુમિરનતેં અઘ નસાય, પ્રાનનાથ સંગ બસાય,
પુલિંદી યે સાખી ગાય, સબે શાસ્ત્ર બુઝો,
કંદમૂલ કંદરાય ઠોર ઠોર શરદ ગાય,
લતાદ્રુમ સુખછાય, કેકી પિક કૂજો,
મઘબા મન રહ્યો ખિસ્યાય, વ્રજજનપેં છત્ર છાય,
શ્રીમુખ કહિયે સુનાય, ઔર નહીં દૂજો,
એસો શ્રીહરિદાસરાય, એક રસના કહી ન જાય,
જા કો શ્રીઠાકુરને ઠાકુર કરી પૂજો.

(૫)

શ્રીગોવર્ધન હે સબકો ધન,
હરિકોં મમ મત આપુ પુજાયો,
મઘવા કોપ કિયો વ્રજ ઉપર,
વૃષ્ટિ નિવારન છત્ર વ્હૈ આયો,
બરને હરિદાસન મેં વર્ય,
પ્રેમ પુલકિ બ્રજભક્ત સરાયો,
દેખ્યો સુન્યો નહીં એસો દયાલ,
બિનુ સાધન ફલ પુલિંદીન પાયો.

(૬)

ચલો શ્રી ગોવર્ધન કી ગૈલ,
જહાં વિરાજત શ્રીવલ્લભ પ્રભુ કુંજ કંદરા મહલ...૧
જાકી કૃપા પુલિન્દની પૂરણ સો જસ જગત મેં ફૈલ,
**'રસિકદાસ'** જન યહ માંગત હૌં સખી ભાવ કોટિ દલ...૨



શ્યામઢાક - શ્રીનાથજીનાં બેઠકજી

**જતિપુરાની આસપાસનાં દર્શનીય સ્થાનો :**

**શ્યામઢાક :**

પૂછરીની સામેની દિશામાં શ્યામઢાક જવાનો માર્ગ છે. શ્યામઢાક જતિપુરાથી ત્રણ માઇલ અને પૂછરીથી બે માઇલ દૂર છે.

અહીં ખાખરાનાં વૃક્ષોનું સઘન વન છે. ખાખરાનાં વૃક્ષોને વ્રજભાષામાં શ્યામઢાક કહે છે. તેથી આ સ્થળનું નામ શ્યામઢાક પડ્યું છે. અહીં શ્રીનાથજીનાં બેઠકજી અને શ્યામતલાઇ તથા ગોપાલસાગર નામના કુંડ આવેલા છે. અહીંનાં વૃક્ષોનાં પાંદડાં પડિયાના આકારનાં છે, તેથી તે વૃક્ષોને દોનાકદંબ કહે છે. અહીં ખાખરા ઉપરાંત કદંબ અને શ્યામતમાલનાં વૃક્ષો પણ ઘણાં છે.

આ સ્થળ શ્રીનાથજીને અત્યંત પ્રિય છે. તેથી શ્રીનાથજી તેમના સખાઓ સાથે અહીં ખેલવા પધારતા. કુંભનદાસજી અને ગોવિંદસ્વામી શ્રીનાથજીની સાથે અહીં અવાર-નવાર આવતા.

એકવાર શ્રીનાથજી અહીં ગોવિંદસ્વામી સાથે ખેલી રહ્યા હતા. સાંજે ઉત્થાપનનો સમય થતાં શ્રીગુસાંઇજી સ્નાન કરીને શ્રીગિરિરાજજી ઉપર પધારી રહ્યા હતા. તે દૂરથી જોતાંની સાથે જ શ્રીનાથજી વૃક્ષની ડાળીએથી ઠેકડો મારી, નીચે કૂદ્યા અને મંદિરની દિશામાં દોડ્યા. તેમનો વાગો વૃક્ષની ડાળીમાં ભરાઇ જવાથી થોડોક ફાટી ગયો. ગોવિંદસ્વામીએ વાગાની તે ચીંદરડી લઇ જઇ, શ્રીગુસાંઇજીને આપી. ત્યારથી શ્રીગુસાંઇજીએ ત્રણવાર શંખનાદ અને ત્રણવાર ઘંટાનાદ કર્યા પછી, થોડીવાર રહીને ઉત્થાપનનાં દર્શન ખોલવાનો પ્રકાર શરૂ કર્યો.

એક વખત બપોરે શ્રીગુસાંઇજીના સેવક ગોપાલદાસ શ્રીગુસાંઇજી પાસે આવ્યા. તેમણે વિનંતી કરીઃ શ્રીનાથજી પૂછરી તરફ બિરાજ્યા છે અને શીતલભોગની સામગ્રી મંગાવે છે. શ્રીગુસાંઇજી તત્કાલ શીતલભોગની સામગ્રીનો ટોપલો મસ્તકે ધરી, પૂછરી તરફ પધાર્યા. રસ્તામાં શ્રીગોપીનાથદાસ ગ્વાલ મળ્યા. તેમણે કહ્યું કેઃ શ્રીનાથજી શ્યામઢાક ઉપર બિરાજે છે. આથી શ્રીગુસાંઇજી ત્યાં પધાર્યા. શ્રીનાથજીને શીતલભોગ ધર્યો.

અહીં શ્રીઠાકોરજી બપોરે ગોપીજનોએ લાવેલી છાક આરોગતા અને વિશ્રામ કરતા. તેથી આ સ્થળ છાકલીલાનું સ્થળ છે. અહીંની છાકલીલાનું વર્ણન નીચેનાં બે પદોમાં કરવામાં આવ્યું છે.



શ્યામઢાકની લીલા



ગુલાલકુંડની લીલા

(૧)

શ્યામઢાક તર છાક આરોગત
લૈ કર થારી ઠાડી હૈ લલિતા,
ભોજન વ્યંજન કેલકે પાતનમેં,
ચહુધા ચપલાસી વ્રજ વનિતા...૧
નિરખત અંબુજ મોહનકો મુખ,
લોચન ભયે માનો મૃગકેં સી ચકૃતા,
**'શ્રીવિઠ્ઠલગિરિધરન'** અરોગત,
નિકટ બહત કાલિંદી સરિતા...૨

(૨)

છાક લૈ આઇ ગ્વાલિન ગોરી
જસુમતી સબ પકવાન છાણ ભરી,
પઠઈ ટેરત ભોરી...૧
જબહી આનિ અરોગત પ્યારો,
ગોરસ કનક કચોરી,
**'વ્રજાધીશ'** પ્રભુ શ્યામઢાક તર,
ભલી બની યહ જોરી...૨

**ગુલાલકુંડ :**

જતિપુરાથી બે માઇલ પશ્ચિમે, ગાંઠોલી જવાના રસ્તે, ગાંઠોલી ગામના પાદરે ગુલાલકુંડ ઓવેલો છે. બહુ જ સુંદર બાંધકામ છે. આજુબાજુ સુંદર વૃક્ષોની શોભા છે. શ્રીનાથજી વ્રજભક્તો સાથે અહીં હોળી ખેલ્યા હતા. તે ભાવથી અહીં શ્રીનાથજીનાં બેઠક છે. ગુલાલકુંડનું જળ પણ સ્હેજ ગુલાબી દેખાય છે. આસપાસની વ્રજરજ પણ આછી ગુલાબી ઝાંયવાળી લાગે છે.




ગુલાલકુંડ - શ્રીનાથજીનાં બેઠકજી



ગુલાલકુંડ

શ્રીગુસાંઇજીના સેવક ખંભાતના રામદાસજીને શ્રીનાથજીએ આજ્ઞા કરી કે હું ગુલાલકુંડ જઉં છું. તમે ત્યાં શીતલ સામગ્રી લઇને આવો. આથી રામદાસજી શીતલ સામગ્રી લઇને ગુલાલકુંડ ગયા. ત્યાં શ્રીનાથજી સખા-મંડળી સાથે તે આરોગ્યા.

અહીંની હોળીલીલાનું વર્ણન નીચેના પદમાં છે.

*લાલ ગુલાલ કી માર રસભરે ખેલત હરિ હોરી,*
*રત્ન ખચિત પિચકાઇ સોંધે ભર, છિરકત નવલ કિશોરી...૧*
*લલિતા મોહનકો મુખ માંડ્યો, કેસર સોં પટ બોરી,*
*વિચિત્ર વિહારી વિહારીણ પરસ્પર આનંદ સિંધુ પકોરી...૨*

**ગાંઠોલીગામ :**

ગુલાલકુંડની નજીકમાં જ ગાંઠોલી ગામ છે. એમ કહેવાય છે કે અહીં ગોપીજનોએ શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીનાં વસ્ત્રોની છેડાછેડી (ગાંઠ) બાંધીને વિવાહખેલનો ઉત્સવ કર્યો હતો. તેથી આ ગામનું નામ ગાંઠોલી પડ્યું છે.

જયારે શ્રીઠાકોરજીએ ગિરિરાજ ધારણ કર્યો, ત્યારે શ્રીગિરિરાજજીની નીચેની ભૂમિમાં જળ ભરાઇ ન જાય તે માટે શ્રીબળદેવજી તેમના મૂળ-શેષ સ્વરૂપે શ્રીગિરિરાજજીને આંટા દઇને બિરાજ્યા. તેમના આંટાની ગાંઠ અહીં પડી, તેથી ગામનું નામ ગાંઠોલી પડ્યું.

ગાંઠોલી નામ પડવાનું એક ત્રીજું કારણ પણ બતાવવામાં આવે છે. અહીં વ્રજવાસીઓ સાથે શ્રીઠાકોરજી હોળી ખેલવા પધાર્યા હતા, ત્યારે વ્રજવાસીઓએ નંદબાવાના ખેસનો છેડો તેમનાં વેવાણ શ્રીકીર્તિજીની સાડી સાથે બાંધી દીધો અને જસોદાજીની સાડીનો છેડો તેમના વેવાઇ શ્રીવૃષભાનજીની સાથે બાંધી દીધો. આમ, અરસપરસ છેડા ગાંઠીને સૌ ખૂબ આનંદથી નાચવા લાગ્યાં. આનંદમાં શ્રીનંદયશોદા અને વૃષભાન-કીર્તિજીને ખબર પડી નહીં કે આવી અરસપરસ ગાંઠો બંધાઇ છે! અહીં આવી લીલો થઇ હોવાથી, આ ગામને ગાંઠોલી કહે છે.

આ લીલાનું નીચે મુજબનું એક પદ છે.

*જુગલવર આવત હે ગઠજોરે,*
*સંગ શોભિત વૃષભાનનંદિની,*
*લલિતાદિક તૃણ તોરે...૧*
*શીશ સેહરો બન્યો લાલ કે,*
*નીરખ હસત મુખ મોરે,*
*નીરખ નીરખ બલ જાય **'ગદાધર'**,*
*છબી ન બસી કછુ થોરે...૨*

શ્રીગુસાંઇજીના સેવક શ્યામપખાવજી, તેમની પુત્રી લલિતા, જે વીણાવાદનમાં કુશળ હતી અને પાથો ગુજરી આ ગામના વતની હતા.

શ્રીગુસાંઇજીના સેવક ચતુર્ભુજદાસજીના પુત્ર રાઘોદાસ એક વખત ફાગણ મહિનામાં ગાંઠોલી તરફ આવતા હતા. ત્યાં કદંબખંડીમાં તેમણે શ્રીનાથજીને વ્રજભક્તો સાથે હોળી ખેલતા જોયા. આથી રાઘોદાસે દંડવત કરી, નીચેનું કીર્તન ગાયું.

*અરિ ચલિ જાંય જહાં હરિ ખેલત ગોપિન સંગા,*
*આનક બહુ બાજે તાલ મુરજ મુખ ચંગા,*
*ગાવત સુની ભાવત મંદ મધુર સ્વરબાની,*
*જાનોં હરખ પરસ્પર માનોં મદન ગતિ ઠાની.*
*(અરિ ચલિ જાય) જહાં નંદનંદન ઝાંઝ પ્રણવ ડફ ભારી,*
*બીન મૃદંગ ઉપંગ ચંગ બહુ દેત પરસ્પર ગારી.*

લીલાના આવેશમાં ત્યાં જ રાઘોદાસે દેહ છોડ્યો. ત્યાંના વૈષ્ણવોએ રાઘોદાસનો ત્યાં અગ્નિસંસ્કાર કર્યો. રાઘોદાસનું પદ અધૂરું રહ્યું હતું. તેની છેલ્લી દોઢ કડી રાઘોદાસની બેટીએ પૂરી કરી હતી.

ગાંઠોલી ગામથી આગળ જતાં શ્રીયમુનાજીની મોટી નહેર આવે છે. ત્યાંથી આગળ ટોડના ઘનાનું અલૌકિક સ્થળ છે.

**ટોડનો ઘનો :**

અહીં કાંટાળાં વૃક્ષોનું ગાઢ જંગલ હતું. તેમાં ચતુરાનાગા નામના એક વિરક્ત સંન્યાસી રહેતા હતા. શ્રીગિરિરાજજી ઉપર મ્લેચ્છોના લશ્કરના આક્રમણ થવાના સમાચાર જાણીને શ્રીનાથજીબાવા પાડા ઉપર બિરાજીને અહીં પધાર્યા હતા. સાથે મુખિયાજી રામદાસજી, સદુ પાંડે, તેમના ભાઇ માણેકચંદ પાંડે અને કુંભનદાસજી હતા. આ દિવસ શ્રાવણ સુદ તેરસનો હતો.

અહીં રહેતા ચતુરાનાગાને શ્રીનાથજીનાં દર્શનનો ભારે વિરહતાપ હતો, પરંતુ શ્રીગિરિરાજજી સાક્ષાત ભગવદ્સ્વરૂપ હોવાથી તેમના ઉપર પગ મૂકીને તેઓ શ્રીનાથજીનાં દર્શન કરવા જવા તૈયાર ન હતા, તેથી શ્રીનાથજી સામે પધાર્યા.

માર્ગ ઘણો વિકટ હતો. રસ્તામાં કાંટા, કાંકરા, ગોખરુ ઘણા હતા. સઘન જંગલ હતું. જંગલની અંદરના ભાગમાં એક ગોળાકાર ચોક હતો. બાજુમાં રામકુંડ હતો. ચોકમાં એક ચોતરો હતો. ત્યાં ગાદી બિછાવી, તેના ઉપર શ્રીનાથજીને



ટોડના ઘનાનાં શ્રીનાથજીનાં બેઠકજી

પધરાવ્યા. રામદાસજી શીરાની સામગ્રી બનાવી, સાથે લાવ્યા હતા. ચતુરાનાગાએ વનમાંથી કંકોડાનું શાક વીણી, તેનું શાક સિદ્ધ કર્યુ. શ્રીસ્વામિનીજી પોતે સુંદર સામગ્રી લઇને પધાર્યા. શ્રીયુગલસ્વરૂપ અહીં ભોગ આરોગ્યાં. શ્રીનાથજીની આજ્ઞાથી કુંભનદાસે નીચેનું પદ ગાયું.

*ભાવત હૈ તોહિં ટોડકો ઘનો,*
*કાંટે લગે, ગોખરુ ટૂટે, ફટયો જાત યહ તનો...૧*
*સિંઘે કહા લોંકરી કો ડર, યહ કહા બાનિક બન્યો,*
***'કુંભનદાસ'** તુમ ગોવર્ધનધર, વહ કૌન રાંડ ઢેઢનીકો જન્યો...૨*

આ પ્રસંગ સંવત ૧૫૫૨ના શ્રાવણ સુદ તેરસને બુધવારે બન્યો હતો. સાંજે સમાચાર આવ્યા કે મુસલમાન લશ્કર મથુરાથી પાછું ફર્યુ છે, વ્રજમાં આવ્યું નથી. એટલે શ્રીનાથજી સાંજે ગિરિરાજ ઉપર પાછા પધાર્યા. આજે પણ આ સ્થળે શ્રીનાથજીનાં બેઠકજી બિરાજે છે. સ્થળ સુંદર છે, દર્શનીય છે.

જતિપુરાથી યાત્રા આગળ વધે છે, ત્યારે માર્ગમાં ગાંઠોલી અને ટોડનો ઘનો આવે છે. એટલે ત્યાં દર્શન કરતાં કરતાં આગળ જઇ શકાય છે.

## ડીગ ગામ

જતિપુરાથી ગાંઠોલી બે માઇલ છે. ત્યાંથી ટોડનો ઘનો બે માઇલ છે, અને ત્યાંથી ડીગ જવાના રસ્તે બહજગામ અઢી માઇલ દૂર છે. એટલે કુલ સાડા છ માઇલનું અંતર છે.

ટોડના ઘનાથી **બહજગામ** જતાં સૂર્યકુંડ અને બલભદ્રકુંડ આવે છે. ત્યારપછી બહજગામ આવે છે. ત્યાં શ્રીરાધાકૃષ્ણ અને શ્રીદાઉજીનાં દર્શન છે. તેમજ રેવતીકુંડ છે.

ત્યારપછી આવતું ડીગ ગામ વ્રજની સરહદમાં ગણાતું નથી. તેથી કેટલીક વખત યાત્રાનો મુકામ ડીગમાં પડવાને બદલે અહીં બહજ ગામે પડે છે.

### ડીગ ગામ :

અહીંથી આગળ સવા બે માઇલ દૂર ડીગ ગામ આવેલું છે. તેની ગણત્રી વ્રજચોર્યાસી કોસમાં નથી. ભારત આઝાદ થયું એ પહેલાં તે ભરતપુર રાજ્યનું ગામ હતું. હાલ તે રાજસ્થાનમાં આવેલું છે. તેનું પ્રાચીન નામ દુર્ગપુર છે. ભરતપુરના સ્થાપક મહારાજા બદનસિંગે આ ગામ વસાવ્યું હતું. તેમના વંશમાં થયેલા મહારાજા જવાહરસિંહે દિલ્હી જીતીને તેની લૂંટના દ્રવ્યમાંથી વ્રજમાં ઘણા ઘાટ, કુંડ સરોવર વગેરે બનાવ્યાં હતાં. બાકીનું બધું દ્રવ્ય ડીગમાં રાજમહેલ વગેરે બનાવવામાં વાપર્યુ હતું. તેમણે વ્રજનો જીર્ણોદ્ધાર કર્યો હોવાથી તેમને વ્રજેન્દ્રની પદવી આપવામાં આવતી હતી.

ડીગના રાજમહેલ સ્થાપત્યકળાના અદ્‌ભૂત નમૂના છે. તેમાં ગોપાલભવન અને સૂરજભવન નામના બે મુખ્ય મહેલ છે. તેમાં શાહી બેગમનો ઝૂલો, મૂલ્યવાન કસોટીના પથ્થરમાંથી બનાવેલો મોગલ બાદશાહનો સ્નાનમંચ અને દિલ્હીના શાહીમહેલના દરવાજાનાં કમાડ વગેરે ક્ષત્રિયતાના શૌર્યનાં સ્મરણ-ચિહ્નો રૂપે રાખવામાં આવેલાં છે. આ મહેલમાં આવેલા આરસના ફુવારાઓ જોવાલાયક છે. મોટા તળાવ જેવા હોજની અંદર આવેલા આ ફુવારાઓમાં ઘણી ખૂબી છે. તેમાં એક સાથે અનેક રંગવાળું પાણી છોડી શકાય છે. ત્યારે એમ જ લાગે કે શ્રાવણ-ભાદરવાનો રંગબેરંગી વરસાદ વરસી રહ્યો છે.

લગભગ બસોપચીસ ફૂવારાઓ છોડવા માટે મહેલના ઉપરના ભાગમાં જુદી જુદી ચાવીઓ છે. તે ફેરવવાથી ફૂવારાઓ છૂટે છે. ઉપર રાણીવાસમાં ગુલાબજળના હોજ બનાવેલ છે.

આ મહેલ સાત મજલાનો છે. તેના ત્રણ મજલા ભોંયરામાં છે અને ચાર મજલા જમીન ઉપર છે.

મહેલની આજુબાજુમાં રૂપસાગર અને ગોપાલસાગર નામના પાકા ઘાટ બાંધેલાં બે નયનમનોહર સરોવરો છે. તે ઉપરાંત બીજાં પણ ત્રણ-ચાર સરોવરો ડીગમાં આવેલાં છે.

આ ઉપરાંત ડીગમાં એક ઐતિહાસિક પ્રાચીન કિલ્લો છે. તેના ગગનચૂંબી બૂરજો છે. ચારે બાજુ પાણી ભરવા માટે ઊંડી ખાઇઓ છે. ઊંચા બૂરજો ઉપર મેઘગર્જિની, ગર્ભગર્જિની અને મહાકાળી નામની વિશાળ તોપો ગોઠવવામાં આવી છે, તે આજે જર્જરિત સ્થિતિમાં છે.



રાજમહેલ - ડીગ

અમારી તથા અમારા ચોબાઓની લાડીઓનું પૂજન કરીને પગે લાગે તો અમે ડીગમાં મૂકામ કરીએ. ભરતપુરના રાજાએ તે આજ્ઞા સ્વીકારી. સામે જઈને ગુરુની અને ચોબાઓની લાડીઓનું પૂજન કર્યુ અને પગે લાગ્યા. ત્યારથી આ ગામનું બીજું નામ લઠ્ઠવન પડ્યું. ત્યારથી હવે વ્રજયાત્રાના મુકામ ડીગમાં પણ થાય છે. અહીં યાત્રા રોકાય છે, ત્યારે સાંજે અહીંના મહેલોના બગીચાના બધા ફૂવારા યાત્રીઓને જોવા માટે છોડવામાં આવે છે.

ડીગથી આગળ જતાં અલીપુર ગામ આવે છે. ત્યાંથી થોડેક આગળ ગૌરીદેવીનું મંદિર, ગૌરીકુંડ, તપ્તકુંડ થઈને બુઢેલબદરી જવાય છે.

**બુઢેબદરી :**

અલીપુરથી બુઢેબદરી એક માઈલ દૂર છે. તે કરમુકા ગામ પાસે છે. ત્યાં બુઢા બદરિનારાયણનું મંદિર છે. તેમની પાસે ઉદ્ધવજી અને અર્જુનનાં મંદિરો છે. પાસે રાધાકૃષ્ણ ગૌર સ્વરૂપે છે. અર્જુન પાસે કેદારનાથ છે. મહાદેવજી, પાર્વતીજી અને ગણેશજી છે. બદરિનારાયણની પાછળ પાંચ પાંડવોની ખંડિત પ્રતિમાઓ છે. નીચે તપ્તકુંડ છે. એમ કહેવાય છે કે ત્યાં રિબ નામના ઋષિએ તપ કર્યું હતું. તેમને રાધાકૃષ્ણનાં દર્શન થયાં હતાં. ઋષિ તેમને દંડવત કરવા ગયા તે સમયે ઋષિનું શરીર જળરૂપ બની ગયું હતું. તે જળનો આ તપ્તકુંડ છે. તેમાં સ્નાન કરવાથી સર્વે પાપ બળી જાય છે.

એમ કહેવાય છે કે રાસ વખતે શ્રીઠાકોરજી અંતર્ધ્યાન થયા, ત્યારે શ્રીરાધાસહચરીજીને લઈને આગળ પધાર્યા, ત્યારે શ્રીરાધાસહચરીજી શ્રીઠાકોરજીના ખભે બેસવા ગયાં, ત્યારે પ્રભુ ત્યાંથી અંતર્ધ્યાન થઈ ગયા. તેઓ અહીં બદરિનાથમાં પધારી, બુઢે બદરી સ્વરૂપે બિરાજી ગયા.

શ્રીઠાકોરજીએ નંદયશોદાજીને અહીં બદરિનાથનાં દર્શન કરાવ્યાં હતાં. વૈશાખ સુદ ત્રીજે અહીં મોટો મેળો ભરાય છે. અહીં કદંબ વગેરે વૃક્ષોની સુંદર ઘટા છે, નાનકડો પર્વત છે. તેને ગંધમાલ્ય પર્વત કહેવામાં આવે છે.

આ ગામમાં લોખંડનાં વાસણો અને લોખંડની વસ્તુઓ બને છે. અહીં ભાદરવા વદ અમાસે મોટો મેળો ભરાય છે. અહીં શ્રીદાઉજી, શ્રીબાલાજી, શ્રીસાક્ષીગોપાલનાં મંદિરો આવેલાં છે.

ભરતપુરના રાજાઓ કામવનના પંચમ પીઠાધીશ્વર શ્રીદેવકીનંદનલાલજી મહારાજના સેવકો હતા. એક વખત ભરતપુરના રાજાએ મહારાજશ્રીને વિનંતી કરી હતી : તમે વ્રજની પરિક્રમા કરવા પધારો, ત્યારે મારા ગામ ડીગમાં મૂકામ કરો, તો મારું ગામ સનાથ થાય. આપ મુકામ કરો તો તે વ્રજની ગણત્રીમાં લેવાય. મહારાજશ્રીએ રાજાએ કહ્યું કેઃ તું

**હરદ્વાર :**

અહીંથી એકાદ માઇલ આગળ ઉદ્ધવકુંડ, નારદકુંડ અને સુગંધીશિલા આવેલાં છે. તે સ્થળને હરદ્વાર કહેવાય છે. ત્યાં પર્વતમાંથી બે નાની નદીઓ વહે છે. તે અલકગંગા અને ભાગીરથી કહેવાય છે. ત્યાંથી એકાદ માઇલ દૂર બહુ જ ગાઢ વનમાં લક્ષ્મણઝૂલાનું સ્થાન છે. ત્યાંથી આગળ ગંગોત્રી-જમનોત્રીનો પહાડ છે. ચોમાસામાં તેનું જળ ગંગોત્રી અને જમનોત્રી નામના બે કુંડમાં થઇને જાય છે.

અહીંથી બરોલી થઇને કેદારનાથ જવાય છે, તે ચાર માઇલ દૂર છે.

**કેદારનાથ :**

કેદારનાથ પર્વત ઉપર એકસો સાઇઠ પગથિયાં ચઢીને જવાય છે. ત્યાં કેદારનાથ મહાદેવનું મંદિર છે.

ત્યાંથી યાત્રા અલકગંગા અને બદરિનારાયણનાં દર્શન કરતી કરતી પરમંદરા મુકામે પહોંચે છે.

## પરમંદરા

**અલકગંગાકુંડ :**

અલકગંગાનું જળ દૂધ જેવું અને અતિશય ઠંડું છે. પતિપત્ની એક વસ્ત્ર પહેરીને, સ્નાન કરી, ગૌદાન કરે તો ગંગાસ્નાનનું ફળ પ્રાપ્ત થાય છે.

**આદિબદરિ કુંડ :**

આ કુંડ ઉપર આદ્ય બદરિનાથનું મંદિર છે. નંદરાયજી વગેરે ગોપોને બદરિનારાયણનાં દર્શન કરવાની ઇચ્છા હતી, તેથી શ્રીકૃષ્ણે તેમને અહીં બદરિનારાયણનાં દર્શન કરાવ્યાં હતાં.

**પરમંદરા :**

પરમ મંદિર શબ્દનો અપભ્રંશ પરમંદરા થયો હોય એમ લાગે છે. આ સ્થળ પ્રમોદવનના નામે પણ ઓળખાય છે. તેને સુદામાપુરી પણ કહેવામાં આવે છે. ભગવાનના સખા શ્રીદામા ગોપનું આ ગામ હોવાથી તે સુદામાપુરી કહેવાય છે. અહીં શ્રીદામાજીનું નાનું મંદિર અને કૃષ્ણકુંડ છે. શ્રીનાથજી અહીં શ્રીદામાસખા સાથે મમરા આરોગ્યા છે. અહીં શ્રીસાક્ષીગોપાલનું મંદિર પણ છે.

જતિપુરાથી પરમંદરા સુધીનો માર્ગ આ પ્રમાણે છે. જતિપુરાથી ગાંઠોલી બે માઇલ, ત્યાંથી ટોડનો ઘનો બે માઇલ, ત્યાંથી બહજ ગામ અઢી માઇલ, ત્યાંથી ડીગ સવા બે માઇલ, ત્યાંથી દીદીવલી ત્રણ માઇલ, ત્યાંથી ખોહગામ અઢી માઇલ, અને ત્યાંથી પસોપા ત્રણ માઇલ, એમ કુલ ચૌદ માઇલ થાય છે.



પરમંદરાની લીલા

પસોપાથી અલીપુર બે માઈલ, અલીપુરથી બુઢેબદરિ એક માઈલ એમ કુલ ત્રણ માઈલ થાય છે.

પસોપાથી બરોલી ગામ સવા માઈલ, ત્યાંથી બહારગામ સવા માઈલ અને ત્યાંથી કેદારનાથ દોઢ માઈલ એમ કુલ ચાર માઈલ થાય છે.

પસોપાથી આદિબદરિ પાંચ માઈલ, ત્યાંથી અલકગંગા દોઢમાઈલ, અને ત્યાંથી પરમંદરા દોઢમાઈલ એમ કુલ આઠ માઈલ થાય છે.

પરમંદરાથી સેવુ ગામ અઢી માઈલ, ત્યાંથી ઘાટા પોણો માઈલ, ત્યાંથી ઇંદ્રોલી બે માઈલ, ત્યાંથી ઇંદ્રકૂપ અડધો માઈલ, ત્યાંથી વિમલકુંડ ત્રણ માઈલ અને ત્યાંથી કામવન એક માઈલ મળી કુલ સાડાનવ માઈલ થાય છે.

**સેવુ ગામ :**

પરમંદરાથી કામવન જતાં રસ્તામાં પહેલું ગામ સેવુ આવે છે. ત્યાં શ્રીનયનબિહારીજીનાં દર્શન અને નયન સરોવરનાં પાન છે.

**ઘાટા :**

ત્યાંથી આગળ ઘાટા આવે છે. તેનું બીજું નામ આનંદાદ્રિ પણ છે. બે પર્વતની વચ્ચે તળેટીમાં આ સુંદર સ્થળ આવેલું છે. કામવનવાળા શ્રીદેવકીનંદનજી મહારાજશ્રીનાં અહીં બેઠકજી છે. તેમના પુત્ર શ્રીવલ્લભલાલજી મહારાજનો અહીં મોટો મહેલ અને સુંદર બગીચો છે. અહીં આયુર્વેદિક દવાખાનું અને દર્દીઓને ઉતરવાની સગવડ છે. યજ્ઞશાળા છે. મંદાકિની ગંગા નામનો કુંડ પણ છે.

**ઇંદ્રકૂપ :**

અહીંથી આગળ જતાં ઇંદ્રકૂપ આવે છે. એમ કહેવાય છે કે ઇંદ્રે વ્રજ ઉપર કોપ કર્યો, ત્યારે અહીંથી તેણે શ્રીગિરિરાજજી ઉપર ચઢાઇ કરી હતી. અહીં ઇંદ્રેશ્વર મહાદેવનું મંદિર છે. ઇંદ્રે તેમનું પૂજન કર્યુ હતું.

**ઇંદ્રોલી ગામ :**

શ્રીરાધાજીનાં સખી ઇન્દુલેખા સખીનું આ ગામ છે. અહીં શ્રીઠાકોરજીની ગાયોની ગૌશાળા હતી. તેમાંથી ઇંદ્ર એક ગાય ચોરી ગયો. તે ગાય બહુ બળવાળી હોવાથી પાછી આવી. અહીં ઇંદ્રકુંડ છે.



ઘાટા - શ્રીબેઠકજી

# કામવન

વ્રજનાં પુરાણપ્રસિદ્ધ બાર વનોમાંનું આ પાંચમું વન છે. પાંડવોએ તેમના વનવાસનો સમય અહીં વીતાવ્યો હતો. મહાભારતમાં તે કામ્યવન તરીકે કહેવાયું છે. સારસ્વત કલ્પનું આ પણ એક વૃંદાવન છે. ભગવાન પાંચ વર્ષના થયા ત્યાં સુધી તેમણે આ વનમાં લીલાઓ કરી હતી. પૃથ્વી ઉપરનાં બધાં તીર્થો આ વનમાં આવીને વસેલાં છે. તેથી અહીં સકલ કામના પૂર્ણ થાય છે. તેથી કામવનને ચોર્યાસી તીર્થોનો રાજા કહેવામાં આવે છે.



કામવનની લીલા

કામવનની આજુબાજુ ચોર્યાસી કુંડો એક જમાનામાં આવેલા હતા. આજે તેમાંના મોટાભાગના લુપ્ત થયા છે.

એમ કહેવાય છે કે શ્રીયશોદાજી ઠાકોરજીને હાલરડું ગાઈને પોઢાડતાં, ત્યારે તેઓ રામસીતાનો વાતો કહેતાં. એકવાર માતાએ શ્રીઠાકોરજીને કહ્યું કેઃ મને શ્રીરામની ઝાંખી કરવી છે. ત્યારે શ્રીઠાકોરજીએ આ સ્થળે માતાને રામાવતારની લીલાનાં દર્શન કરાવેલાં. તેથી અહીં ચોર્યાસી કુંડોમાંનો એક કુંડ લંકાકુંડ પણ હતો.

ભાદરવા સુદ એકમે કામવનની સાતકોસી પરિક્રમા કરવાનો મહિમા છે.

કામવનમાં વિમલકુંડ, વિમલાદેવી, મધુસૂદન કુંડ, જસોદાકુંડ, લંકાકુંડ, સેતુબંધ રામેશ્વર, ચક્રતીર્થ, લુકલુક કુંડ, ચરણપહાડી, ગયા કુંડ, મનસાદેવી કુંડ, ગોપીનાથજી મંદિર, ૮૪ ખંભા, શ્રીગોકુલચંદ્રમાજી અને શ્રીમદનમોહનજીનાં મંદિર વગેરે મુખ્ય દર્શનીય સ્થાનો છે.

### વિમલકુંડ :

એમ કહેવાય છે કે ચાતુર્માસમાં બધાં તીર્થો વ્રજમાં આધિદૈવિક સ્વરૂપે બિરાજે છે. તેથી ચાતુર્માસમાં વ્રજયાત્રા કરવાનો વધુ મહિમા છે. એક વખત બધાં તીર્થ આવ્યાં, પણ અભિમાનગ્રસ્ત પુષ્કરરાજ ન આવ્યા. ત્યારે ભગવાને વિમલકુંડ પ્રકટ કર્યો. તેના સુંદર જળમાંથી વિમલા નામે સુંદર પવિત્ર સ્ત્રી પ્રકટ થઇ. શ્રીઠાકોરજીએ તેની સાથે જલક્રીડા કરી, તેને વરદાન આપ્યું કે તું આજથી વિમલાદેવી તરીકે અહીં વાસ કર. લોકો તારી પૂજા કરશે. આ જળના કુંડનું નામ પણ વિમલાકુંડ રહેશે. જે મનુષ્ય આ કુંડમાં એક વખત સ્નાન કરશે, તેને સાત વખત પુષ્કરમાં સ્નાન કરવાનું ફળ મળશે. માટે વિમલકુંડને તીર્થરાજ કહેવામાં આવે છે. નંદાદિ ગોપો અને યશોદાજી વગેરે ગોપીઓએ અહીં સ્નાન કરી, વિમલાદેવીનું પૂજન કર્યુ હતું.

વિમલાકુંડ ઉપર વિમલાદેવી અને ચતુર્ભુજદેવનાં મંદિરો છે. કુંડ વિશાળ અને ઊંડો છે. પાકા પથ્થરોથી બાંધેલા ઘાટ



શ્રીકુંડ (કામવન) - શ્રીબેઠકજી



વિમલકુંડ (કામવન)

અને સ્થાપત્ય કળાના નમૂનારૂપ છત્રીઓથી શોભાયમાન છે. શ્રીયમુનાજીમાં જોવા મળે છે તેવા મોટા મોટા કાચબાઓ અહીં પણ છે.

ત્યાંથી જતાં મધુસૂદનકુંડ, શીતલાદેવીનાં દર્શન, જસોદાકુંડ, લંકા-પરલંકાકુંડ આવેલા છે. લંકા-પરલંકા કુંડની વચ્ચે સેતુબંધ છે. ત્યાં હનુમાનજી અને રામેશ્વર મહાદેવ છે. ભગવાને નંદરાયજી વગેરેને અહીં રામાવતારનાં દર્શન કરાવ્યાં હતાં. આગળ ચક્રતીર્થ છે. ભગવાને પોતાના સુદર્શન ચક્રને અહીં ગોપી, ગ્વાલો અને ગાયોનું રક્ષણ કરવાની આજ્ઞા કરી હતી.

**ચરણપહાડી :**

વ્રજના નાના મોટા પાંચ પર્વતોમાં કામવનની આ ચરણપહાડીની પણ ગણત્રી છે. તે અરવલ્લી પર્વતની ગિરિમાળાઓમાંની છે. આ પહાડી ઉપર ભગવાનનનાં ચરણ-ચિહ્ન બિરાજે છે. તેથી તે ચરણપહાડી કહેવાય છે. ઉપર જવા પગથિયાં બાંધેલાં છે. પહાડી ઉપર નાના મંદિરમાં શ્રીઠાકોરજીનાં એક આખા અને બીજાં અડધાં ચરણનાં દર્શન થાય છે. પાસે જ લુકલુક કુંડ અને લુકલુક કંદરા છે. શ્રીઠાકોરજી સખાઓ સાથે અહીં આંખમિચોલીની રમત રમતા, ત્યારે આ ગુફામાં છૂપાઇ જતા. પછી પર્વત ઉપર પ્રકટ થઈ, વેણુનાદ કરી, સખાઓને આશ્ચર્યમાં ડૂબાડતા. ગોપીજનો અહીં છાક લઈને આવતાં. લુકલુકકુંડની લીલાનું સુંદર પદ નીચે મુજબ છે.



ચરણપહાડી - છાકલીલા

*લુક લુક ખેલીએ હો શ્રી રાધે પ્યારી જુ,*
*આંખ મિચોની - ટેક.*
*શ્રીવૃંદાવનકી સઘન લતનમે,*
*છીપીએ સકલ સહેલી,*
*દાવ કહાન પેં આવે પહલે,*
*યહ દેખો છૂપનેકી લુક..૧*
*યહ સુનિકે શ્રી બ્રખુભાન દુલારી,*
*લીનો દાવ નવેલી,*
*એંચત ખેંચત સકલ ભામિની,*
*કરી ચંદ્રાવલી સેની....લુક..૨*
*શ્રી લલિતાજીપેં દાવ ઠેરાયો,*
*આયે શ્યામ પહેલી,*
*ખેલન લગે શ્યામ મન હરખી,*
*દુબક ગઇ હૈ ઝટ દેની...લુક..૩*
*ખોજત લલિતા લતન કે માંહી,*
*શ્યામા શ્યામ સહેતી,*
*પકરિ લાઈ વિશાખાજીકોં,*
*જુગલ સ્વરુપ સુખ લેની...લુક..૪*
*સખીરૂપ ધરાય શ્યામકોં,*
*કીની રૂપ અલબેલી,*
*તબ તારી દેહે કહ્યો સાંવરી,*
*દેહો લલિતાકો રિઝની...લુક..૫*
*દાવ લેહો પકરો પ્રિય મોંકો,*
*તબ તુમકોં રીઝ રેલી,*
*તુરત સાંવરે પકડે પ્યારી,*
*રીઝવારન રસ લેની...લુક..૬*
*ખેલત ખેલ વિપિન દમ છૈયાં,*
*પ્રફુલ્લિત હૈ બન બેલી,*
*નિજજન પ્રભુ સંગ યહ બિધ ખેલત,*
*રસ સુખ પુંજ સનેની...લુક..૭*



ચરણપહાડી

**મહોદધિકુંડ :**

ચરણપહાડી ઉતરીને આગળ ચાલતાં આ કુંડ આવેલો છે. શ્રીઠાકોરજીએ અહીં દહીં આરોગી મુખ ધોયું, તેથી તેનું નામ મહોદધિ પડ્યું.

**છટંકીપંસેરી :**

અહીં બે પથ્થરો છે. તેને છટંકીપંસેરી કહે છે. શ્રીઠાકોરજી ગોપીજનોના ઘરમાંથી માખણ ચોરીને ખાતા તેમજ સખાઓ અને વાંદરાઓને ખવડાવતા, માખણનાં વાસણ ફોડી નાખતા, વધેલું માખણ ઢોળી દેતા. તેથી ગોપીઓ એકઠાં થઈ, શ્રીયશોદાજી પાસે ફરિયાદ કરવા જતાં. ત્યારે શ્રીયશોદાજી નંદભવનમાંથી ત્રાજવાં અને કાટલાં લાવી શ્રીગોપીજનોની સામે મૂકીને બોલ્યાં : તમારું જેટલું નુકશાન મારા દીકરાએ કર્યુ હોય, તેનાથી બમણું કે ત્રમણું તમને જોખીને આપવા હું તૈયાર છું. એ જોખવા માટે આ પથ્થરનાં કાટલાંઓનો ઉપયોગ શ્રીયશોદાજીએ કર્યો હતો.

ત્યાંથી આગળ નંદકૂપ, શ્રીનંદરાયજીની બેઠક છે. ત્યાંથી આગળ ગોપાલકુંડ અને મનસાકુડ છે. ત્યાંથી આગળ લલિતાજીની જ્ઞાનવાવડી છે. ત્યાં શ્રીલલિતાજીએ બધાં સખીઓને શ્રીઠાકોરજી પૂર્ણ પુરુષોત્તમ છે, એવું જ્ઞાન આપ્યું હતું. ત્યાંથી આગળ મોરકુંડ છે. શ્રીઠાકોરજીએ અહીં નાચતા મોરોની સાથે, મોરની જેમ નૃત્ય કર્યુ હતું.

*અરી યહ નાગર નંદલાલ કુંવર મોરન સંગ નાચે ।*
*કટિતટપટ કિંકિણી કલ નુપૂર રુનઝુન કરે,*
*નૃત્ય કરન ચપલ ચરન પાત ઘાત સાંચે ॥*

ત્યાંથી આગળ દેવીકુંડ, ગયાકુંડ, ગદાધરભગવાનનું મંદિર આવેલું છે. ત્યાંથી આગળ કાશીકુંડ અને પ્રયાગકુંડ છે. તેમાં સ્નાન કરવાથી કાશી અને પ્રયાગના સ્નાનનું ફળ મળે છે. ત્યારપછી ચૈતન્ય સંપ્રદાયનું શ્રીગોપીનાથજી અને શ્રીગોવિંદદેવજીનું મંદિર છે.

કામવનમાં શ્રીજગન્નાથજી વગેરેનાં મોટાં અને ભવ્ય મંદિરો છે. ત્યાં ચોર્યાસી સ્તંભોનું એક સ્થાન છે. તે ઘણું પ્રાચીન છે. પ્રત્યેક સ્તંભમાં અનેક મૂર્તિઓ કોતરેલી છે. તેમાંની મોટાભાગની ખંડિત છે. પ્રાચીન સમયમાં તે કામવનના રાજાનો સભામંઠપ હતો, તેમ કહેવાય છે.


કામવનમાં બે પુષ્ટિમાર્ગીય મંદિરો છે. (૧) શ્રીગોકુલ-ચંદ્રમાજીનું મંદિર (૨) શ્રીમદનમોહનજીનું મંદિર. પંચમગૃહનું

આ મુખ્ય સ્થાન છે. ત્યાં પાંચ નિધિ સ્વરૂપો બિરાજે છે. તેમાં નારાયણદાસ બ્રહ્મચારીએ સેવેલા શ્રીગોકુલચંદ્રમાજી બિરાજે છે. બીજું શ્રીમદનમોહનજીનું સ્વરૂપ છે, જે ખેરાળુના શ્રીનરહરિ જોષીના સેવ્ય છે. ત્રીજું શ્રીગુસાંઇજીના સેવ્ય શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ છે, જે હીરાની જમીન પારખનારા વૈષ્ણવના માથે બિરાજતા હતા. ચોથું શ્રીગોકુલનાથજીનું સેવ્ય શ્રીછોટામદનમોહનજીનું સ્વરૂપ અને પાંચમું શ્રીરઘુનાથજીના સેવ્ય શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ છે.

સપ્તમ પીઠનું મુખ્ય સ્થાન બાજુમાં આવેલું છે. તે શ્રીમદનમોહનજીનું મંદિર છે. અહીં શ્રીમહાપ્રભુજીના પૂર્વજ યજ્ઞનારાયણ ભટ્ટને યજ્ઞકુંડમાંથી પ્રાપ્ત થયેલ શ્રીમદનમોહનજી બિરાજે છે. બીજા શ્રીબાલકૃષ્ણજી છે, જે શ્રીગુસાંઇજીના સાતમા લાલજી શ્રીઘનશ્યામજીના સેવ્ય છે. ત્રીજા શ્રીમહાપ્રભુજીના સેવ્ય પુરુષોત્તમદાસ કવિના ઠાકોરજી શ્રીમદનમોહનજી છે.

શ્રીગોકુલચંદ્રમાજીના મંદિરની સામે વૈષ્ણવોને ઉતરવા માટે બે ધર્મશાળાઓ છે.

કામવન ગામ કામા નામથી પ્રસિદ્ધ છે. ગામની બહાર નીકળીને શ્રીકુંડ તરફ જતાં રસ્તામાં વારાહજી અને શીતલાદેવીનાં મંદિર આવે છે. ત્યાંથી આગળ સૂરજકુંડ અને ગોપાલકુંડ થઇને શ્રીકુંડ જવાય છે. શ્રીકુંડને સુરભિકુંડ પણ કહેવામાં આવે છે. શ્રીકુંડ વિશાળ છે. આજુબાજુ સઘન વૃક્ષો છે, જળ શીતળ અને સ્વચ્છ છે. સ્નાન કરવા માટે બાંધેલો પાકો ઘાટ છે. કુંડમાંથી માખણ જેવી કોમળ અને સફેદ રજ નીકળે છે.



પંચમ પીઠ મંદિર (શ્રીગોકુલચંદ્રમાજી) કામવન

શ્રીમહાપ્રભુજી અહીં પધાર્યા ત્યારે આ સ્થળે છોંકરના વૃક્ષ નીચે બિરાજ્યા હતા. અહીંના ચોર્યાસી કુંડોમાં સ્નાન કરી, આપે શ્રીભાગવત-પારાયણ કર્યુ હતું. તે વખતે ત્યાંના તીર્થગોરે આવીને કહ્યું કેઃ અહીં એક બ્રહ્મરાક્ષસ રહે છે, તે સૌને દુઃખ આપે છે. માટે તમે અહીં રાતવાસો કરશો નહિ. શ્રીમહાપ્રભુજીએ ત્યાં જ મુકામ રાખ્યો. અડધી રાતે બ્રહ્મરાક્ષસ આવ્યો, ત્યારે કૃષ્ણદાસ મેઘન શ્રીમહાપ્રભુજીનાં વસ્ત્રો ધોતા હતા. તેમણે તેને જોયો. તેમણે શ્રીમહાપ્રભુજીને સમાચાર આપ્યા. શ્રીમહાપ્રભુજી ત્યાં પધાર્યા અને આજ્ઞા કરી : તેના ઉપર મારાં વસ્ત્રનું જળ છાંટો. તે છાંટવાથી તેની પ્રેતયોનિ છૂટી ગઇ. શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે આ પ્રેત પૂર્વજન્મમાં બ્રાહ્મણ હતો અને આ પ્રદેશનો રાજા હતો. તેણે ઘણી જમીન બ્રાહ્મણોને દાનમાં આપેલી, પરંતુ પાછળથી બુદ્ધિ બગડતાં તે જમીન પાછી લઇ લીધી. આથી બ્રાહ્મણોએ તેને શાપ આપ્યો. એટલે તે બ્રહ્મરાક્ષસ તરીકે રહ્યો. છતાં અપરાધ એટલો મોટો હતો કે

વ્રજરજથી પણ તેની મુક્તિ ન થઇ, અરે! શ્રીમહાપ્રભુજીનાં સાક્ષાત્ દર્શનથી પણ તેની મુક્તિ ન થઇ. તેની મુક્તિ શ્રીમહાપ્રભુજીના વસ્ત્રના જળથી થઇ.

શ્રીમહાપ્રભુજીનાં બેઠકની બાજુમાં **શ્રીગુસાંઇજીનાં બેઠક** બિરાજે છે. અહીં શ્રીગુસાંઇજીએ શ્રીભાગવતપારાયણ કર્યુ હતું. શ્રીગુસાંઇજીના સેવક મધુસૂદનદાસ વિરક્ત વૈષ્ણવ અહીં વ્રજવાસ કરીને રહેતા. તેઓ દરરોજ શ્રીમહાપ્રભુજીની સેવા કરી, તેમન. દૂધ આરોગાવી, રાતદિવસ શ્રીસર્વોત્તમ સ્તોત્રના પાઠ કરે. અને દૂધનો પ્રસાદ લઇને રહે. તેમનો મનોરથ હતો કે શ્રીમહાપ્રભુજી પ્રત્યક્ષ દર્શન આપે પછી આ વ્રત છોડવું. છ મહિના વીતી ગયા. શ્રીગુસાંઇજી અહીં પધાર્યા. ત્રણ દિવસ બિરાજયા. શ્રીભાગવતનું પારાયણ કર્યુ. મધુસૂદનદાસને તેમણે સમજાવ્યું કે આવું વ્રત રાખી, શ્રીમહાપ્રભુજીને પરિશ્રમ ન આપો. પણ તેઓ માન્યા નહિ. બીજા છ મહિના બાદ શ્રીમહાપ્રભુજીએ દર્શન આપ્યાં અને આજ્ઞા કરી : શ્રીસર્વોત્તમજીના પાઠ કરવા છતાં તેં મારા અને શ્રીગુસાંઇજીના સ્વરૂપમાં ભેદ બુદ્ધિ રાખી, માટે તને મારાં દર્શનમાં વિલંબ થયો છે.

ત્યાં ત્રીજાં બેઠક **શ્રીગોકુલનાથજી**નાં છે. અહીં તેમણે પણ શ્રીભાગવતપારાયણ કર્યુ હતું. તેમણે અહીં વૈષ્ણવોને કામવનની ભગવદ્‌લીલાઓ સમજાવી હતી.



સપ્તમ પીઠ મંદિર (શ્રીમદનમોહનજી) કામવન

અહીં ચોથાં બેઠક **શ્રીગિરિધરજી**નાં છે. આપશ્રીએ પણ અહીં પારાયણ કર્યુ હતું. અહીં પાંચમાં બેઠક **શ્રીમહાપ્રભુજીનાં સંધ્યાવંદનનાં** છે. તે ઉપરાંત શ્રીદેવકીનંદનજીના પિતાશ્રી **શ્રીગોવિંદપ્રભુનાં બેઠકજી** પણ છે.

કામવનનાં અન્ય દર્શનીય સ્થાનો:

**ખિસલની શિલા :**

શ્રીકુંડથી આગળ જતાં ઇંદ્રસેન પર્વત છે. તેના ઉપર ખિસલની શિલા છે. ગિરિરાજ ઉપર મેઘવર્ષાની ચડાઇ કરતી વખતે ઇંદ્રની સેના સાત દિવસ આ પર્વત ઉપર રહી હતી. તેથી તેનું નામ ઇંદ્રસેન પર્વત છે. શ્રીઠાકોરજી ગોચારણ કરવા અહીં પધારતા, ત્યારે લપસણી જેવી આ શિલા ઉપરથી લપસવાની ક્રીડા કરતા.

**કામેશ્વર મહાદેવનું મંદિર :**

વ્રજના મુખ્ય મહાદેવોમાંના એક કામેશ્વર મહાદેવ છે. આ મંદિર પ્રાચીન ઐતિહાસિક છે. તેમાં શિવજીની વિશાળ પ્રતિમા છે. તે સાથે બલરામ, કાર્તિકેય, ગણેશ, સૂર્ય વગેરેની કલાત્મક મૂર્તિઓ પણ છે. આ મંદિરનું નિર્માણ છઠ્ઠીથી દશમી સદી વચ્ચેનું કહેવાય છે.

**વ્યોમાસુરની ગુફા :**

ઇંદ્રસેન પર્વતના ઉપરના ભાગમાં તે આવેલી છે. દાનવોનો આચાર્ય માયાસુર હતો. તેનો પુત્ર વ્યોમાસુર હતો. એકવાર તે મનુષ્યનો વેશ



શ્રીકામેશ્વર મહાદેવ

ધારણ કરી, શ્રીકૃષ્ણ અને ગોપ સખાઓની સાથે ચોર-સિપાઈની રમતમાં જોડાઈ ગયો. ગોપબાળકો ઘેટાં બન્યાં હતાં. તે ચોર બનીને ઘેટાં બનેલાં ગોપબાળકોને ઉપાડી, ઉપાડીને આ પર્વત ઉપરની ગુફામાં પૂરી આવતો. એક મોટી શિલાથી તેણે ગુફાનું મોં ઢાંકી દીધું હતું. શ્રીકૃષ્ણ જયારે તેનું આ દુષ્ટ કૃત્ય જાણ્યું, ત્યારે તેની સાથે યુદ્ધ કરી, તેનો નાશ કર્યો. ગુફામાં પુરેલાં ગોપબાળકોને બહાર કાઢયાં. વ્યોમાસુર સાથેના યુદ્ધમાં શ્રીકૃષ્ણનો કંઠમાં પહેરવાનો કઠૂલો તૂટી ગયો. તેના પદકનાં આઠ-દસ ચિહ્નો ત્યાં પર્વતની શિલા ઉપર દેખાય છે. એક શિલામાં મુકુટ, કુંડળ અને પાગના પેચનાં પણ દર્શન થાય છે. પર્વત ઉપર શ્રીબલદેવજીના શ્રીહસ્ત તથા વામ ચરણનાં ચિહ્નનાં દર્શન થાય છે. એમ કહેવાય છે કે તેમના દક્ષિણ ચરણનું ચિહ્ન મથુરામાં છે.

## ભોજન થાળી :

શ્રીકૃષ્ણે ગોપીજનો સાથે અહીં ભોજન કર્યુ હતું, એ આ સ્થળ 'ભોજન સ્થળી' કહેવાતું. તેનું અપભ્રંશ ભોજન થાળી થયું. પર્વતની ટેકરી ઉપર શિલાઓમાં, થાળીઓ અને વાડકાના ઘાટનાં ચિહ્ન છે. તેમાં શ્રીઠાકોરજીએ ગોપીજનો સાથે ભોજન કરેલું. અહીં કૃષ્ણકુંડ પણ છે. અહીં ભોજનપાત્રોમાં સામગ્રી ભરીને તીર્થપુરોહિતને દાન કરવાનો મહિમા છે.



ચરણપહાડીની લીલા

## વિવિધ કુંડો :

આગળ જતાં યજ્ઞકુંડ, ગોપાલકુંડ, ચરણકુંડ, શિવકુંડ, ગરૂડકુંડ આવે છે. ગરૂડકુંડ ઉપર ગરૂડજીનાં દર્શન છે. ત્યાંથી આગળ ચંદ્રભાગા કુંડ અને ચંદ્રભાગેશ્વર મહાદેવનું સ્થાન છે. ત્યાંથી આગળ બલદેવ-રેવતીજીનાં દર્શન છે. ત્યાંથી આગળ કામેશ્વર મહાદેવનાં દર્શન છે. જેમની સ્થાપના શ્રીકૃષ્ણના

પ્રપૌત્ર વજનાભજીએ કરેલી. એથી આગળ શેષશાયી અને ધર્મરાજનાં મંદિરો છે.

એકવખત વેણુનાદ સાંભળીને ભગવાનનાં દર્શન કરવા માટે ધર્મરાજ અહીં આવ્યા હતા. ધર્મરાજે શ્રીઠાકોરજીને વિનંતી કરીઃ મને સેવાની કંઇક આજ્ઞા કરો. ત્યારે શ્રીઠાકોરજીને આજ્ઞા કરી કેઃ મારા ભક્તો ઉપર તમારે ઉદારભાવ રાખવો, તેમના અપરાધ ગણત્રીમાં લેવા નહિ. ધર્મરાજની પાસે જ ચિત્રગુપ્તનું મંદિર છે. નજીકમાં કર્મરાજ, વરાહ ભગવાન, પાંચ પાંડવ અને છઠ્ઠા નારાયણ, દ્રૌપદીજી, કીર્તિજી, ધર્મકુંડ, ચાર યુગના મહાદેવજી, પંચતીર્થ કુંડ અને મનોકામના કુંડ વગેરે તીર્થો આવેલાં છે.

**કામવનની રહસ્યલીલા :**

અહીં પ્રભુએ ભક્તોની અનેક કામનાઓ પૂર્ણ કરી છે, તેથી તેનું નામ કામવન છે. અહીંના ચોર્યાસી ભક્તો અને તેમની ચોર્યાસી પ્રકારની ભક્તિની ભાવના છે. દરેક કુંડ ઉપર શ્રીઠાકોરજીએ જુદી જુદી લીલાઓ કરી છે. એકવખતે વ્રજભક્તોને એવો મનોરથ થયો કે શ્રીઠાકોરજી અમારા શૃંગાર કરે. વૈશાખ સુદ પૂનમની રાતે શ્રીઠાકોરજીએ કામવનમાં પધારી, વેણુનાદ કરી, વ્રજભક્તોને બોલાવ્યાં. જેટલાં વ્રજભક્તો આવ્યાં, તેટલાં સ્વરૂપ ધારણ કરી, શ્રીઠાકોરજીએ પોતાના શ્રીહસ્તથી દરેક વ્રજભક્તના શૃંગાર કર્યા. વ્રજભક્તોએ શ્રીઠાકોરજીનો શ્રમ નિવારવા પના વગેરેની શીતલ સામગ્રી આરોગાવી.

## બરસાના

કામવનથી કનવારો ગામ ચાર માઇલ દૂર છે. ત્યાંથી દોઢ માઇલ દૂર સુન્હેરાની કદમખંડી આવે છે. ત્યાંથી પા માઇલ દૂર હરસુખકો નગરા અને ત્યાંથી પોણો માઇલ દૂર સુન્હેરા ગામ છે. ત્યાંથી એક માઇલ દૂર ચિત્ર-વિચિત્ર શિલા છે. ત્યાંથી અડધો માઇલ દેહકુંડ છે. પછી પા માઇલ દૂર ઊંચો ગામ છે. ત્યાંથી દોઢ માઇલ ગેંદોખર અને ત્યાંથી સવા માઇલ દૂર બરસાના છે. આમ, કામવનથી બરસાના સવા અગિયાર માઇલ દૂર છે.

**માર્ગમાં આવતાં દર્શનીય સ્થાનો :**

**કનવારો ગામ :**

અહીં શ્રીઠાકોરજીનો કર્ણવેધ થયો હતો, તેથી અહીં કર્ણકુંડ છે. કહાન નામના ગ્વાલને ભગવાન શ્રીકૃષ્ણે અહીં દર્શન આપ્યાં હતાં. તેથી આ ગામનું નામ કનવારો પડ્યું છે. અહીં શ્રીઠાકોરજીએ સખાઓ સાથે કુનવારો આરોગ્યા, તેથી પણ ગામનું નામ કનવારો કહેવાય છે. અહીં કૃષ્ણકુંડ છે. શ્રીબલદેવજીની સુખશય્યા અને હિંડોળાનું સ્થાન છે.



કનવારા ગામની લીલા



સુન્હેરાની કદંબખંડી

**સુન્હૈરાની કદંબખંડી :**

કનવારા ગામથી આગળ ચાલતાં સ્વર્ણપ્રસ્થ નામનો પર્વત આવે છે. પર્વતની તળેટીમાં પનિહારી કુંડ છે. તે ઘણો વિશાળ છે. પ્રાચીન સમયમાં વ્રજાંગનાઓ અહીં જળ ભરવા આવતી હતી, તેથી તેનું નામ પનિહારીકુંડ પડ્યું છે. પનિહારીકુંડથી નજીકમાં કદંબનાં વૃક્ષોની નિકુંજો વચ્ચે અનેક ચોક બનેલા છે. તેને સુન્હેરાની કદંબખંડી પણ કહે છે. અહીં સુન્હેરા સખીએ પોતાના ભાવથી શ્રીયુગલસ્વરૂપને સોનેરી વસ્ત્રાભૂષણો ધરાવી, સોનેરી પુષ્પના શૃંગાર કરી, બે વિશાળ સ્તંભ ઉપર ઝૂલો બાંધી, ઝુલાવવાનો મનોરથ કર્યો હતો. અહીં રાસચોતરો, કૃષ્ણકુંડ અને ગોપાલમંદિર છે. શ્રીઠાકોરજીને પ્રિય એવાં મોર પણ અહીં મોટી સંખ્યામાં છે. સમગ્ર સ્થળનું વાતાવરણ દિવ્ય અને અનેરી સુગંધથી મહેંકતું છે. અહીં શ્રીકાકાવલ્લભજી મહારાજનાં બેઠક છે. તેઓ કામવનમાં શ્રીગોકુલચંદ્રમાજીની સેવા પહોંચીને નિત્ય અહીં પધારતા અને એકાંતમાં વ્રજલીલાનું ચિંતન કરતા. આ બેઠકજી પાસે જ યુગલ સ્વરૂપના શૃંગાર સ્થળની બેઠક અને વનવિહારીજીનું મંદિર છે. અહીંથી આગળ ચાલતાં સુન્હેરા ગામ આવે છે. ત્યાં વ્રજભક્તોએ શ્રીઠાકોરજીને સોનેરી વસ્ત્રો ધરાવ્યાં હતાં.

**ચિત્ર-વિચિત્ર શિલા :**

સુન્હેરાની કદમખંડીથી આગળ જતાં પર્વતની ટેકરી ઉપર એક છત્રી નીચે આ શિલા આવેલી છે. એમ કહેવાય છે કે શ્રીસ્વામિનીજી માન કરીને અહીં બિરાજતાં, ત્યારે ચિત્રશિલા ઉપર તેમણે પોતાની તાજી મેંદીના રંગથી વ્રજનાં વૃક્ષોનાં ચિત્રો બનાવ્યાં હતાં. બાજુમાં આવેલી વિચિત્ર શિલા ઉપર શ્રીઠાકોરજીએ ચિત્રો દોરેલાં. બંને શિલાઓ ઉપર આજે પણ મેંદીરંગની ઝાંખી રેખાઓ દેખાય છે. બંને સ્વરૂપોએ દોરેલાં ચિત્રોમાં શ્રીસ્વામિનીજીનાં ચિત્રોની અધિકતા નીચેના પદમાં બતાવી છે.

(રાગ : સારંગ)

*પ્યારી કે પાય લગે લાલ,*
*જાવક દેન ચરનકમલ ચિત હિત લગાઈ,*
*સીક સનેહ સવારી શ્યામઘન,*
*લિખત ચિત્ર બહુ બિધિ બનાઈ...૧*
*નખમનિ જોત નિરખ બિથકિત ભયે,*
*સિથિલ ભયે રંગ રંગ્યો ન જાઈ,*



સુન્હેરાની કદંબખંડીની લીલા

*નાગરીદાસ હસિ કહત કુંવરિ યોં,*
*રહો જુ રહો જુ પગ રહી હે છિપાઈ...૨*

અહીંથી જરાક ઉપર ચઢતાં પર્વતની શિલામાં છપ્પન કટોરાનું ચિહ્ન છે. એમ કહેવાય છે કે શ્રીલલિતાજીએ શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીનાં લગ્ન પછી, તેમને અહીં છપ્પનભોગ આરોગાવ્યો હતો.

**દેહકુંડ :**

પર્વતથી નીચે ઉતરી, આગળ જતાં માણેકશિલા અને દેહકુંડનાં દર્શન થાય છે. દેહકુંડ ઉપર શ્રીઠાકોરજીનાં બંસીનાં દર્શન થાય છે. એક વખત શ્રીઠાકોરજી શ્રીસ્વામિનીજી સાથે અહીં પધારતા હતા, ત્યારે એક ભિક્ષુક બ્રાહ્મણે વિનંતી કરી : મહારાજ, મને કંઈક આપો. શ્રીઠાકોરજીએ કહ્યું કે મારી પાસે તો કાંઈ નથી. આ સ્ત્રી છે, તેને તું લઈ જા. બ્રાહ્મણે કહ્યું: મારું તો પૂરું થતું નથી, ત્યાં હું તમારી સ્ત્રીને લઈને શું કરું? ત્યારે શ્રીઠાકોરજીએ શ્રીસ્વામિનીજીને પૂછ્યું કે હવે શું કરવું? શ્રીસ્વામિનીજીએ કહ્યું કે તમારી ઈચ્છામાં આવે તે કરો. તેથી શ્રીઠાકોરજીએ એ બ્રાહ્મણને શ્રીરાધિકાજીના વજન બરાબર સોનું જોખીને આપ્યું. માટે આ કુંડનું નામ દેહકુંડ પડ્યું. અહીં વૈષ્ણવો કુંડમાં સ્નાન કરી, પોતાના તીર્થપુરોહિતને યથાશક્તિ સુવર્ણનું દાન આપે છે.


આ દેહકુંડ વિષે પુરાણમાં એવી કથા છે કે એક વખત શ્રીઠાકોરજી અને બલદેવજી સખીઓ સાથે દડો રમતા ગેંદોખર ગયા. ત્યાં શ્રીરાધાજીએ પોતાની વાડીમાંથી શ્રીઠાકોરજીને ઈસારો કર્યો. શ્રીઠાકોરજી લલિતાજી પાસે આવ્યા. લલિતાજી દેહકુંડ ઉપર સ્નાન કરતાં હતાં. ત્યાં શ્રીરાધાજી પણ આવ્યાં.



દેહકુંડની લીલા



ઊંચો ગામની લીલા



ઊંચો ગામની લીલા

શ્રીરાધાજીએ લલિતાજીને દાન આપવા કહ્યું. તેથી લલિતાજીએ તેમનાં સોનાનાં આભૂષણો શ્રીઠાકોરજીને પહેરાવ્યાં. પછી શ્રીઠાકોરજીએ રાધાજી પાસે દાન માંગ્યું. શ્રીરાધાજીને પોતાનું તન, મન અને ધન શ્રીઠાકોરજીને અર્પણ કર્યુ અને કહ્યુંઃ મારા પ્રાણ આપના વિના એક ક્ષણ રહી નહિ શકે. ત્યારે શ્રીઠાકોરજીએ આજ્ઞા કરીઃ મારું સૂક્ષ્મ સ્વરૂપ સદા આપનાં નેત્રોની પલકો પર રહેશે. તમે ઈચ્છશો ત્યારે તમને મારાં દર્શન થશે. આમ અહીં ભગવાન અને ભક્તે પરસ્પર પોતાના દેહ અર્પણ કરવાથી આ કુંડનું નામ દેહકુંડ પડ્યું.

**ઊંચો ગામ :**

અહીંથી આગળ જતાં આગળ ટેકરા ઉપર આવેલું ગામ ઊંચો ગામ કહેવાય છે. કેટલાક આ ગામને શ્રીલલિતાજીની જન્મભૂમિ તરીકે ઓળખાવે છે. ત્યાં ઊંચી ટેકરી ઉપર શ્રીલલિતાજીની બેઠક છે. શ્રીનારાયણ ભટ્ટ નામના એક વ્રજવાસી વિદ્વાન આ સ્થાનમાં રહી, વ્રજલીલાનું ચિંતન કરતા. તેમણે અહીં વ્રજલીલાના અનેક સુંદર ગ્રંથોની રચના કરી છે. શ્રીલલિતાજીની બેઠકની છત્રી આરસની બનેલી છે. અહીં શ્રીલલિતાબિહારીજીનાં દર્શન છે. ત્યાંથી નીચે ઉતરી ગામમાં જતાં શ્રીબલદેવજી-રેવતીજીનું શિખરબંધ પ્રાચીન મંદિર છે. આગળ ત્રિવેણીકૂપ છે. તેમાં ગંગા, યમુના અને સરસ્વતી આધિદૈવિક સ્વરૂપે બિરાજે છે. ત્યાંથી આગળ શ્રીઠાકોરજીને દડો ખેલવાનું સ્થાન ગેંદોખરકુંડ આવે છે.

**બદરોલા :**

અહીંથી બરસાના જતાં બદરોલા ગામ રસ્તામાં એક બાજુએ રહી જાય છે. ત્યાં બદરોલા કુંડ છે. શ્રીવૃષભાનજીના ત્યાં દહીં વલોવવાનું કામ કરનારી બદરોલા નામની દાસીનું આ ગામ. શ્રીગિરિરાજજીને અન્નકૂટ ધરાવવામાં આવ્યો, ત્યારે આખા વ્રજમંડળમાંથી આ બદરોલા જ ત્યાં આવી શકી ન હતી. તેને પુષ્કળ તાપ થયો કે મારો ભોગ શ્રીગિરિરાજજી આરોગશે નહિ. ત્યારે શ્રીઠાકોરજીએ પોતાનો હસ્ત લંબાવી, બદરોલાનો ભોગ અંગીકાર કર્યો, તેનું વર્ણન નીચેના પદમાં છે.

(રાગઃ બિલાવલ)

*યહ છબી દેખી રાધિકા ભૂલી,*
*બાત કહતી સખિયનિ સૌં ફૂલી,*
*આપુહિ દેવા, આપુ પૂજેરી,*
*આપુહિ જેંવત ભોજન ઢેરી...૧*
*ઈક વૃષભાનુ બિલોવનહારી,*
*નામ તાહિ બદરૌલા નારી,*
*તાકી બલિ લઈ, ભુજા પસારી,*
*અતિ આતુર જેંવત હૈ ભારી...૨*
*ઉત ગિરિ સંગ ખાત બલિહારી,*
*બદરૌલાકી બલિ રુચિકારી,*
*'સૂરદાસ' પ્રભુ જેંવન ડારી,*
*ગિરિ બપુરે સૌ કો અધિકારી...૩*

## બરસાના

**બ્રજ ચોરાસી કોસમેં, ચાર ગાંવ નિજધામ,**
**બૃંદાવન અરુ મધુપુરી, બરસાનો નંદગામ.**



બરસાના ગામની લીલા

વ્રજમંડળનાં મુખ્ય સ્થાનોમાં બરસાનાની પણ ગણત્રી છે. બરસાના શબ્દ બૃહતસાનુ ઉપરથી પડ્યો છે. બૃહત્ સાનુ એટલે ઊંચું શિખર. બૃહત્સાનુનો અપભ્રંશ બૃહસાનુ અને તેનો અપભ્રંશ બરસાના થયો. બીજા મત પ્રમાણે વૃષભાનજીની આ રાજધાની હતી. તેથી વૃષભાનજીના નામ પરથી તેનું નામ બરસાના પડ્યું. વેદમાં ત્રણ દેવો ત્રણ પર્વતરૂપે બિરાજ્યા છે. વિષ્ણુ ગોવર્ધન રૂપે, મહાદેવજી નંદગામના પર્વત રૂપે અને બ્રહ્માજી બરસાનાના પર્વત રૂપે. બરસાનાનો પર્વત અરવલ્લી પર્વતની શ્રેણીની એક પહાડી છે. આ આખું બરસાના ગામ પહાડી ઉપર વસેલું છે. આજુબાજુમાં વિલાસગઢ, દાનગઢ અને માનગઢ છે. પર્વત ઉપર શ્રીરાધાજીનું ભવ્ય મંદિર છે. તેના દરવાજા પાસે બ્રહ્માજી બિરાજે છે. આ પર્વતનાં ચાર શિખર છે, કારણ કે બ્રહ્માજી ચાર મુખવાળા છે.

**શ્રીરાધાજીનું મંદિર :**

અહીં શ્રીરાધાજીનું જે ભવ્ય મંદિર છે, તેને લાડિલીજીનું ભવન પણ કહેવામાં આવે છે. એમ કહેવાય છે કે આ મંદિરનો પાયો ઓડછાના રાજા વીરસિંહદેવે સંવત ૧૬૭૫ના મહા સુદ પાંચમે ખોદાવ્યો હતો. સંવત ૧૬૮૦માં તે બંધાઈ રહ્યું. આ મંદિરની બાજુમાં બીજું એક નવું મંદિર છે. તેનું નિર્માણ વૃંદાવનનિવાસી શેઠ હરગુલાલે કરાવ્યું છે. જુના મંદિરથી આ મોટું અને અધિક કલાપૂર્ણ છે. અહીં પહાડ ઉપર આવવા માટે પગથિયાં પણ છે અને મોટર માર્ગે અવાય તેવો રસ્તો પણ છે.

નારાયણ ભટ્ટજીના શિષ્ય નારાયણદાસ બ્રાહ્મણ અહીં રાતદિવસ ભજન કર્યા કરતા. એક દિવસ એમને સ્વપ્નમાં શ્રીરાધાજીએ દર્શન આપ્યાં કે, જયાં બેસીને તું મારું ભજન કરે છે, તેની નીચે હું બિરાજું છું. મને બહાર પધરાવ અને મારું મંદિર બનાવ. નારાયણદાસ બ્રાહ્મણે વિચાર કર્યો કે મારાથી મંદિર બની શકશે નહિ અને શ્રીલાડિલીજીની સેવા-પૂજા પણ થઈ શકશે નહિ. વળી, ભજનમાં વિઘ્ન થશે. આવો વિચાર કરી, તેમણે તે સ્વરૂપ બહાર ન પધરાવ્યું. એટલે ફરી સ્વપ્નમાં આજ્ઞા થઈ, ત્યારે જમીન ખોદીને શ્રીરાધારાણીને બહાર પધરાવ્યાં. એક ઝૂંપડી બનાવી, તેમની સેવા-પૂજા કરવા લાગ્યા. શ્રીરાધારાણીએ ફરી નારાયણદાસને સ્વપ્નમાં આજ્ઞા આપી કે, તું લગ્ન કર. થોડા દિવસ પછી એક બ્રાહ્મણ તેની કન્યાને નારાયણદાસ બ્રાહ્મણ સાથે પરણાવવા આવ્યો. એ



શ્રીલાડિલીજી (શ્રીરાધિકાજી)નું મંદિર, બરસાના

કન્યા સાથે નારાયણદાસે લગ્ન કર્યાં. એમનો જ વંશ આજે બરસાનાના ગોંસાઇ તરીકે પ્રસિદ્ધ છે અને તેઓ જ શ્રીલાડિલીજીની સેવા કરે છે.

બરસાના ગામ મોટું અને સારું છે. મુસલમાનોના આક્રમણ વખતે બરસાનામાં પણ ઘણો વિનાશ થયો હતો. બરસાના માટે વ્રજભાષાના લોકસાહિત્યમાં નીચેની પંક્તિઓ પ્રસિદ્ધ છે.

**બરસાનો માખન મિસરી કો ખાનો,**
**રાધો તેરો ભલો બન્યો બરસાનો,**
**પીરી પોખર, પ્રેમ સરોવર, ભાનોખરકો ન્હાનો,**
**રાધા તેરો ભલો બન્યો બરસાનો.**

**બરસાનાનાં દર્શનીય સ્થાનો :**

ભાનોંખર, કીર્તિકુંડ, રાબડીકુંડ, પાવડી કુંડ, રાવલજોગીની બેઠક, તિલકકુંડ, મોરકુંડ, લલિતાકુંડ, વિશાખાકુંડ, જલબિહારકુંડ, દોહનીકુંડ, મોહનીકુંડ, ગહવન વન, તેમાં કૃષ્ણકુંડ, શ્રીમહાપ્રભુજીની બેઠક, મોરકુટી, માનગઢ, દાનગઢ, વિલાસગઢ, જયપુર નરેશનું મંદિર, શ્રીરાધિકાજીનો મહેલ, સુખમાદાદી અને દાદા મહીભાનજીનાં દર્શન, શ્રીવૃષભાનજી અને કીર્તિજીનાં દર્શન, અષ્ટ સખીનાં દર્શન, શ્રીલક્ષ્મીબિહારીજીનાં દર્શન વગેરે મુખ્ય છે.

**ભાનોંખર :**

ઉખર એટલે તળાવ. વૃષભાનજીના નામ સાથે જોડાયેલ આ વિશાળકુંડનું નામ વૃષભાનસુર હતું. તેનું અપભ્રંશ ભાનોખર થયું. કુંડની ચોમેર વૃક્ષોની મનોહર ઘટા છે. એમ કહેવાય છે કે અહીં શ્રીવૃષભાનજી અને કીર્તિજી દરરોજ સ્નાન કરવા આવતાં. શ્રીરાધિકાજીના લગ્નપ્રસંગે આવેલી જાનને આ સ્થળે છપ્પનભોગનું ભોજન અપાયું હતું.

ત્યાંથી આગળ જતાં કીર્તિકુંડ, જશોદાકુંડ, લલિતા-વિશાખાકુંડ અને જલવિહારકુંડ આવે છે.

**બરસાનાની રહસ્યલીલા :**

બરસાના શ્રીરાધાજીનું પિયર છે, તેમને મળવા શ્રીકૃષ્ણ અહીં જુદા જુદા વેશે પધારતા, જેથી શ્રીરાધાજીનાં માતાપિતા અને વડીલો જાણી શકે નહિ. અહીં શ્રીઠાકોરજીએ મણિયારીલીલા, સોનારણ લીલા, રંગરેજીલીલા, લીલહારી લીલા, કાંસકી વેચનારી લીલા, જોષીલીલા, વૈદ્યલીલા, જોગીલીલા, માલણ લીલા વગેરે અનેક લીલાઓ કરેલી છે.



ભાનોખર; બરસાના

**દોહનીકુંડ :**

અહીં શ્રીનંદરાયજીની ગાયો દોહવાની દોહનીઓ (દોણીઓ) ધોવાતી. એકવખત શ્રીયશોદાજી શ્રીકૃષ્ણને લઇને અહીં દોહની ધોવા આવ્યાં હતાં. તે સમયે શ્રીરાધારાણી પણ સખીઓ સાથે ખેલતાં-ખેલતાં અહીં પધાર્યાં હતાં. તે વખતે શ્રીયશોદાજીએ શ્રીરાધાજીનો શૃંગાર કરી, દેવો પાસે ખોળો પાથરીને મનોમન વરદાન માગ્યું હતું કે આ સુંદર કન્યા સાથે મારા કનૈયાની સગાઇ થાય. અહીં ગોરને ચાંદી અથવા તાંબા-પિત્તળનું બોઘરણું કે લોટાનું દાન આપવાનું માહાત્મ્ય છે.

આ સ્થળે શ્રીવૃષભાનજીની ગાયોની ગૌશાળા હતી. એક દિવસ શ્રીરાધાજી ત્યાં ગાય દોહતાં હતાં. તે સમયે શ્રીકૃષ્ણ સખી રૂપે પધાર્યા અને કહ્યુંઃ તને ગાય દોહતાં પણ આવડતી નથી! લાવ, હું દોહી આપું. એમ કહી, શ્રીકૃષ્ણ ગાય દોહવા બેસી ગયા. તેમની દોહવાની ચતુરાઇ જોઇને શ્રીરાધાજીએ કહ્યુંઃ મને પણ તમારી જેમ ગાય દોહતાં શીખવાડી દો. તેઓ સામે બેસી ગયાં. શ્રીકૃષ્ણે કહ્યુંઃ ભલે, બે આંચળ હું દોહું અને બે આંચળ તમે દોહો. હું કેવી રીતે દોહું છું, તે તમે જોતાં રહો અને તે પ્રમાણે દોહતાં રહો. આવી લીલા આ દોહનીકુંડ ઉપર થઇ. આ લીલાનું એક પદ નીચે મુજબ છે.

*સામેં સામેં બૈઠ દોઉં, દોહત કરત ઠઠોર,*
*દૂધધાર ધરણી ગિરત દમ ભયે ચંદ ચકોર...૧*
*પ્રીતિ પ્રભાવ ભરી યહ સરિતા,*
*રસિનકો રસ છલ્ન કહૈયા,*
*ભરી દોઉં અંક મિલે પિય પ્યારી,*
*જલવિહાર, વિરહાગ્નિ વહ્યો...૨*

**નૌવારી-ચૌવારી દેવી :**

બરસાનાથી ત્રણ માઇલ દૂર ડભારો નામનું ગામ છે. તે ચંપકલતા સખીનું ગામ છે. ત્યાં સૂર્યકુંડ છે. ચંપકલતા સખી અહીં સૂર્યની ઉપાસના કરતાં. સૂર્યદેવે પ્રસન્ન થઇ, તેમને રત્નનો એક હાર આપ્યો હતો. એક સમયે શ્રીરાધાજી ચંપકલતા સખીને ઘેર પધાર્યાં. ચંપકલતા સખીએ આ ઉત્તમ હાર શ્રીરાધાજીને ભેટ કર્યો. શ્રીરાધાજી ત્યાંથી ચાલીને નૌવારી-ચૌવારીના મુકામે આવ્યાં. તે બંને સખીઓ શ્રીવૃષભાનજીના ત્યાં ગોબર ભેગું કરવાની સેવા કરતી હતી. તે બંને શ્રીરાધાજીનાં દર્શન કરી, બહુ પ્રસન્ન થયાં. શ્રીરાધાજીને સામગ્રી આરોગાવ્યા પછી ઢીંગલા-ઢીંગલીનો ખેલ ખેલી, શ્રીરાધાજી બરસાના પધાર્યાં. તે સખીઓ અહીં દેવીરૂપે પૂજાય છે.

**રત્નકુંડ :**

શ્રીરાધાજીને રસ્તામાં એવો વિચાર આવ્યો કે માતા-પિતા આવો ઉત્તમ હાર જોશે, તો મને પૂછશે કે કયાંથી લાવી? હું શું જવાબ આપીશ? તેમણે હાર તોડી, રસ્તા પરના એક એક કુંડમાં રત્નો ફેંકવા માંડ્યાં. પછી તે ઘેર આવ્યાં. ત્યાં તેમણે શ્રીવૃષભાનજીને ચિંતામાં બેઠેલા જોયા, એટલે કારણ પૂછ્યું. શ્રીવૃષભાનજીએ જવાબ આપ્યો કે, મેં તારા વિવાહનો ચાંલ્લો, પત્રિકા અને મોતીનો હાર શ્રીનંદરાયજીને મોકલ્યો હતો. ત્યાંથી એક ટોપલો ભરીને મોતી આવ્યાં છે. હવે આપણે શું આપીએ? શ્રીરાધાજીએ કહ્યુંઃ બાવા, તમારા ત્યાં રત્નનો કુંડ ભર્યો છે, તેમાંથી ચાર-પાંચ ટોપલા ભરીને મોકલી આપો. શ્રીવૃષભાનજીએ કહ્યુંઃ ગાંડી, આપણા ત્યાં રત્નનો કુંડ કયાં છે? શ્રીરાધાજીએ કહ્યુંઃ ચાલો, હું દેખાડું. તેમ કહી, શ્રીવૃષભાનજીને સાથે લઇ, કુંડ ઉપર આવ્યાં. તેમાંથી રત્નો કાઢી-કાઢી ઢગલો કર્યો. વૃષભાનજીને આશ્ચર્ય થયું. શ્રીરાધાજીએ બધી હકીકત કહી. ત્યારે શ્રીવૃષભાનજી રાધાજીના અલૌકિક સ્વરૂપને જાણી શક્યા. તેમણે ચાર ટોપલા ભરી, રત્નો શ્રીનંદરાયજીના ત્યાં મોકલી આપ્યાં, જે કુંડમાંથી આ રત્નો મળ્યાં, તે રત્નકુંડ કહેવાય છે. ત્યાં રત્નસિંહાસન છે. કુંડ ઉપર કદંબનાં વૃક્ષોનો મોટો ચોક છે. વળી, બાજુમાં વિહારકુંડ અને વિહારીજીનું મંદિર પણ છે. ત્યાં રાસચોતરો છે.

**ગહવરવન :**

બરસાનામાં શ્રીલાડલીજીના મંદિરથી કુંડ સુધીનો રસ્તો ગાઢ નિકુંજની ઘટાવાળો છે. તેમાં સૂર્ય પણ પ્રવેશી ન શકે એવાં વૃક્ષો છે. એ વનની શોભા દર્શનીય છે. શ્રીઠાકોરજી અને શ્રીરાધાજીને નિત્ય વિહાર કરવાની રાસસ્થલી છે. તેને ગહવરવનના નામે ઓળખવામાં આવે છે. અહીંની લીલાનાં બે પદો નીચે મુજબ છે.

*અમુકી મત જૈયો ગહેવરકી ગેલન,*
*ઠાડો લંગરવાર,*
*મોહિતેં કરી ઝકઝોરી,*
*દીની મેને સુધિ સમાર...૧*
*ખીજત આય ધાય ભેટ પર્યો,*
*લીની મોહી એકબાર,*

'અગ્રસ્વામી' અબલાકો કહા બલ,
મનમાની કીની રીઝવાર...૨

★ ★ ★

કુંવર ચલોજું આગે ગહવર બનમેં,
જહાં બોલત મધુરે બોલ,
બિકસત બન રાજીવ તહાઁ,
કોકિલા કરત કલોલ...૧
મધુરે બચન સુનત પ્રીતમ કે,
લીનો પ્યારી ચિત્તચોર,
'ગોવિંદ' બલબલ પિયા પ્યારી કી જોર...૨

**મોરકુટી :**

ગહવરવનમાં આવેલું આ સુંદર સ્થાન છે. શ્રીરાધાજીને પ્રસન્ન કરવા અહીં શ્રીકૃષ્ણે મધુરનૃત્ય કર્યું હતું. તેથી તેનું નામ મોરકુટી પડ્યું છે. અહીં નિમ્બાર્ક સંપ્રદાયનું શ્રીમોરબિહારીજીનું મંદિર છે.



મોરકુટિની લીલા

**શ્રીમહાપ્રભુજીની બેઠક :**

ગહવરવનમાં કૃષ્ણકુંડ આવેલો છે. તેને ગહવરગંગા પણ કહે છે. ત્યાં શ્રીસાક્ષીગોપાલ અને શ્રીગોપાલનાં મંદિરો છે. ત્યાંથી આગળ ઊંચા માર્ગ ઉપર જતાં એકાંત સ્થાનમાં શ્રીમહાપ્રભુજીની બેઠક છે. અહીં સાત દિવસ બિરાજી, શ્રીમહાપ્રભુજીએ ભાગવતનું પારાયણ કર્યું હતું. એક દિવસ તેઓ વન જોવા તેમના સેવકો સાથે પધાર્યા. રસ્તામાં એક મોટો અજગર પડ્યો હતો. તેને અસંખ્ય કીડીઓ ફોલી ખાતી હતી. એ જોઈ શ્રીમહાપ્રભુજીને દયા આવી. તેમણે પોતાનું ચરણોદક છાંટી, અજગર અને કીડીઓનો ઉદ્ધાર કર્યો. પછી સેવકોને આજ્ઞા કરી કેઃ આ અજગર પૂર્વ જન્મમાં વૃંદાવનનો મોટો મહંત હતો. તેણે અંગત સ્વાર્થ માટે શિષ્યો બનાવી, તેમની પાસેથી ઘણું દ્રવ્ય ભેગું કર્યું હતું, પરંતુ શિષ્યોનું આત્મકલ્યાણ કર્યું નહિ. ભેગું થયેલું દ્રવ્ય વિષયભોગમાં વાપર્યું, એટલે મર્યા પછી તે મહંત અજગર થયો. તેના શિષ્યો કીડીઓ થઈ, વેર લેવા લાગ્યાં. તે મૂળ વ્રજનો જીવ હોવાથી સુખ અને દુઃખ બંને વ્રજમાં જ ભોગવ્યાં.

બેઠકજીની નજીકમાં પર્વતની એક શિલા ઉપર ભગવાનના શંખના ચિહ્નનાં દર્શન થાય છે.

**દાનગઢ - સાંકરી ખોર :**

અહીં શ્રીઠાકોરજીએ દહીં માટે નૃત્ય કર્યું હતું અને દાનલીલા કરી હતી. અહીં શ્રીદાનીબિહારીજીનું મંદિર, દાનગંગાકુંડ, રાસચોતરો અને હિંડોળાનું સ્થાન છે.

**વિલાસગઢ :**

અહીં શ્રીયુગલસ્વરૂપનું વિલાસમંદિર છે. તેનાં દર્શન કરવા માટે બ્રહ્માજી પર્વતનું રૂપ ધારણ કરી, અહીં રહ્યા હતા. તેથી બરસાનાનો પર્વત ચાર મુખવાળો છે. એક મુખ વિલાસગઢમાં છે, બીજું માનગઢમાં છે, ત્રીજું મોરકુટી દાનગઢમાં અને ચોથું શ્રીરાધાજીના મંદિરના દ્વાર સામે ગોપી રૂપે પહેરો ભરતા બ્રહ્માજીનું છે.

**માનગઢ :**

દાનગઢની સામેના પર્વત ઉપર માનગઢ છે. તેને માનમંદિર પણ કહેવામાં આવે છે. એક વખત શ્રીરાધાજીએ અહીં ગાઢ માન કર્યું, ત્યારે શ્રીઠાકોરજીએ મોરનું રૂપ લઈ,



દાનગઢની લીલા



વિલાસગઢની લીલા



માનગઢની લીલા

નૃત્ય કરી, શ્રીરાધાજીને પ્રસન્ન કર્યાં હતાં.

માનગઢની લીલાનું પદ નીચે પ્રમાણે છે.

*માનગઢ કર્યો હૂ ન તુટત,*
*અબલોકે બલકો પ્રતાપ આપુન ઢોવા ચઢી ગિરિધર પિય.*
*અબલા તુ ચિલા ભ્રૂ ચાંપ મુકત કટાક્ષ બાન,*
*માન ઘૂંઘટ દરવાજો નહિ ફૂટત...૧*
*વિવિધ પ્રણતિ હાથ ના બોલ ગોલા,*
*ઉચાટ પરમ ક્રોધ હૂ ન છૂટત,*
*'ગોવિંદ' પ્રભુ સામ, દામ, દંડ, ભેદ કટક લે ઘેર પાર્યો,*
*ચહુદિશ ઉતરુ ખાય જલ કયોં હૂ ન ખૂટત...૨*

★ ★ ★

**મોરકુટી ગિરિવર ઘટી, દાન માનગઢ બીચ,**
**સખી સરોવરિ શ્યામઘન, મચી નેહકી કીચ.**

આ દાનગઢ, માનગઢ વગેરેનું સુંદર વર્ણન નીચેના પદમાં છે.

*દાનગઢ માનગઢ સાંકરી ગલી અલી,*
*લાલ સંગ કરત રલી ઝુંઠકો ઉરહાનોરી,*
*દૂધ દહીં ભાવ ભેટ સ્યામ સુંદર સહેટ*
*બ્રજકો વ્યોહાર સખી સબતેં ઈત રાનોરી,*
*ગિરિ ઘુટી મોર કુટી મનમથકી ફોજ લૂંટી,*
*પ્રેમકી જંજીર જૂટી કહાંલો બખાનોરી,*
*એસે નિત નવ વિલાસ પ્રીતમ પ્યારીહુલાસ,*
*બાસ બરસાનો વીર સદા સરસાનોરી.*

**ચિકસૌલી :**

બરસાનાની પાછળના ભાગમાં કૃષ્ણકુંડની નજીક ચિત્રલેખા સખીનું ચિકસૌલી ગામ આવેલું છે. એમ કહેવાય



ચિકસૌલી ગામની લીલા

છે કે તે સમયમાં શ્રીરાધાજીની ચિત્રશાળા પણ ત્યાં હતી. તેથી ગામનું નામ ચિકસૌલી પડ્યું. અહીં સાંઝી અત્યંત સુંદર રીતે ચીતરાય છે. શ્રીકૃષ્ણ એમના સખાઓ સાથે અહીં ગાય ચરાવતા હતા. એક દિવસ અહીંની કોઇ ગ્વાલિનના ખેતરમાંથી તેમણે લીલા ચણા ચોર્યા હતા. તે લીલાનું પદ નીચે મુજબ છે.

*ચિકસૌલી કે ચના ચુરાયે*
*ગારી દૌ દારી રખવારનિ,*
*ગ્વાલનિ સહિત ગુપાલ ભજાયે...૧*
*હરે લુંટ દાબૈ બગલનિ મૈં,*
*સ્વાસભરે ગહવર બન આયે.*
*કહ આતુરે બોલ લોલ દગ,*
*હસત હસત સબ બાષ ચઢાયે...૨*
*રેચાબત દોઉ હોરા કરિ,*
*બનકી લીલા લાલ લુભાયે,*
*નાગરિયા બૈઠી છકિહારી,*
*છીલ છીલ નંદલાલ ખવાયે...૩*

**જયપુર નરેશે બંધાવેલું મંદિર :**

જયપુરના મહારાજા માધવસિંહજીએ અઢળક દ્રવ્ય ખર્ચીને શ્રીરાધાજીનું એક બહુ જ સુંદર અને ભવ્ય મંદિર બંધાવ્યું, પણ શ્રીસ્વામિનીજીની ઇચ્છા મૂળ મંદિરમાં જ બિરાજવાની હોવાથી આ નવા મંદિરમાં બીજાં સ્વરૂપ પધરાવ્યાં છે. તેની ભીંતો ઉપર દશમસ્કંધની લીલાઓનાં સુંદર ચિત્રો છે.

**શ્રીરાધાજીનું મંદિર :**

બરસાનાનું આ મુખ્ય મંદિર છે. શ્રીરાધાજીને અહીં સૌ શ્રીલાડિલીજી કહે છે. આ પ્રદેશમાં તેમનું જ પ્રાધાન્ય છે. અને સત્તા છે. બરસાના ગામનો થોડોક ભાગ પર્વત ઉપર અને થોડોક ભાગ તળેટીમાં છે. બસ્સો પગથિયાં ચઢતાં શ્રીરાધાજીનું મુખ્ય મંદિર આવે છે. મંદિર ઘણું વિશાળ અને દર્શનીય છે. મંદિરમાં શ્રીયુગલસ્વરૂપ બિરાજે છે. મંદિર ઉપરથી ચારે બાજુનું સુંદર દશ્ય જોવા મળે છે. મંદિરના પાછળના ભાગમાં શ્રીજીની બેઠક છે. તે સંગમબેઠક તરીકે ઓળખાય છે. મંદિરની નજીકમાં ગ્વાલિયરના મહારાજાએ સુંદર નકસીકામવાળી આરસની છત્રી બંધાવી છે. ત્યાં દર વર્ષે ઠકુરાણી ત્રીજના દિવસે શ્રીરાધાકૃષ્ણ હિંડોળે ઝૂલે છે. અહીં શ્રીરાધાજીનો જન્મદિવસ ભાદરવા સુદ આઠમથી ચૌદસ સુધી ધામધૂમથી મનાવાય છે. તે પ્રસંગે અહીં મોટો મેળો ભરાય છે.

મંદિરથી નીચે ઉતરતાં શ્રીરાધાજીના દાદા મહીભાનજી અને દાદી સુખમાજીનાં મંદિર છે. ત્યાંથી આગળ શ્રીરાધાજીના ભાઇ શ્રીદામાજીનું મંદિર છે. છેક નીચે અષ્ટસખીઓ - શ્રીલલિતાજી, શ્રીવિશાખાજી, શ્રીચંપકલતાજી, શ્રીરંગદેવીજી, શ્રીચિત્રલેખાજી, શ્રીઇન્દુલેખાજી, શ્રીસુદેવીજી અને શ્રીતુંગવિદ્યાજીનાં મંદિરો છે. તદ્‌ઉપરાંત શ્રીવૃષભાનજી અને શ્રીકીર્તિજીનાં પણ મંદિરો છે.

બરસાનાની આજુબાજુમાં તેમની આઠ મુખ્ય સખીઓનાં ગામો આવેલાં છે. શ્રીલલિતાજીનું મંદિર છે. લલિતાકુંડ છે. ત્યાંથી આગળ પિસાયાની કદંબખંડી છે, જયાં પિયાસકુંડ અને પિયાસબિહારીજીનાં દર્શન છે.

**બરસાનાની હોળી :**

આમ તો સમસ્ત વ્રજમંડળમાં મહા સુદ પાંચમ એટલે વસંતપંચમીથી હોળીખેલની શરૂઆત થઇ જાય છે અને ફાગણ મહિનાના અંત સુધી વ્રજનાં જુદાં જુદાં ગામોમાં હોળીલીલા નાનાં-મોટાં સ્વરૂપમાં થતી રહે છે. તેમાં બરસાના-નંદગામની લઠમાર હોળી, જાવબહેન અને દાઉજીના હોરંગા, ફાલૈનની હોળી, ગુલાલકુંડ, કોકિલાવન અને ખેલનવનમાં લાલબાગની હોળી તથા ઉમરી રામપુરની ચિરકલા નૃત્યહોળી વધારે પ્રસિદ્ધ છે.

બરસાનામાં ફાગણ સુદ આઠમ, નોમ અને દશમ એમ ત્રણ દિવસ લઠ્ઠામાર હોળી થાય છે, તે જોવા બહારગામથી હજારો લોકો આવે છે.

ફાગણ સુદ આઠમે નંદગામના મંદિરના એક પુજારી શ્રીકૃષ્ણના સખાનું પ્રતીક બનીને બરસાના જાય છે. ત્યાં શ્રીલાડિલીજીના મંદિરે બરસાનાના બધા વયોવૃદ્ધ ગોસ્વામી અને આગેવાન વ્રજવાસીઓ ભેગા થાય છે. હોળીનાં પદોનું ગાન થાય છે. નંદગામના પુજારી હોળીના રસિયા ગાતાં નૃત્ય કરે છે અને ભગવાન શ્રીકૃષ્ણ તરફથી બરસાના હોળી ખેલવાનું આહ્‌વાન આપે છે. તેનો બરસાનાવાસીઓ સ્વીકાર કરે છે. નંદગામથી આવેલા પુજારી શ્રીરાધાજીના મંદિરના ઉંબર ઉપર એક પત્રિકા મૂકીને વિનંતી કરે છે કે બધાં ગોપીજનો તૈયાર રહેજો. આવતી કાલે નંદગામથી નંદલાલ પધારશે. ફાગણ સુદ આઠમની આ લીલાને પાંડેલીલા કહેવામાં આવે છે.

બીજા દિવસે એટલે કે ફાગણ સુદ નોમના રોજ નંદગામના પુજારીઓનો એક સમૂહ ભગવાન શ્રીકૃષ્ણ અને તેમના સખાઓના પ્રતીક રૂપે, બનીઠનીને, ગાતા-બજાવતા બરસાના પહોંચે છે. તેમની પાઘમાં મોરપિચ્છ ખોસેલાં હોય છે. મોઢાં ચંદન અને ગુલાલથી રંગેલાં હોય છે. ગ્વાલના જેવો વેશ ધારણ કરી, ઉમંગથી નાચતા-ઘૂમતા બરસાના પાસે પીરી પોખર ઉપર આવે છે. ત્યારે બરસાનાના ગોસ્વામીઓ સ્વાગત કરવા સામે આવે છે. નંદગામના આગેવાન બડાગ્વાલને પાંચ રૂપિયા ભેટ ધરે છે. સૌના ગાલ ઉપર ગુલાલ લગાવી હોળી ખેલવા, પધારવા વિનંતી કરે છે. પછી બંને પક્ષ ગાતા-નાચતા શ્રીલાડિલીજીના મંદિરે પહોંચે છે. તે વખતે બરસાનાની ગોપીઓ ભગવાન શ્રીકૃષ્ણના પધાર્યાની વધામણીમાં રસિયા ગાય છે.

*રસિયા આયો તેરે દ્વાર, ખબર દીજો,*
*યહ રસિયા પૌરીમેં આયો,*
*જાકી બાંહ પકરી ભીતર લીજો,*
*રસિયા આયો તેરે દ્વાર, ખબર દીજો.*

સામે નંદગામથી આવેલા વ્રજવાસીઓ શ્રીરાધાજીને સંબોધન કરતાં, નીચેના રસિયાઓ ગાય છે.

*દરશન દૈ, નિકસી અટામેં તેં - દરશન દૈ*
*કોટિ રમા સાવિત્રી ભવાની,*
*તેરે નિકસી હૌ અંગ છટામેં તેં - દરશન દૈ*
*તે ઐસી વૃષભાનુ નંદિની,*
*જૈસે નિકસ્યો હૈ ચંદ ઘટામેં તેં - દરસન દૈ*
***'પુરુષોત્તમ'** પ્રભુ યહ રસ ચાખ્યૌ,*
*જૈસે માખન નિકસ્યો મઠામેં તેં - દરશન દૈ.*

પછી મંદિરના આંગણમાં નંદગામ અને બરસાનાના ગોસ્વામીઓ સામસામે બેસે છે અને સમાજ કરે છે. તેમાં પરસ્પર વ્યંગ-વિનોદપૂર્ણ નૃત્યગાન થાય છે. નારાયણ ભટ્ટજીની રચેલી ઘમાર ગવાય છે. બરસાનાવાસીઓ તરફથી શ્રીકૃષ્ણને પ્રેમપૂર્ણ ગાળો ગાવામાં આવે છે.

આવો સમાજ સમાપ્ત થયા પછી રંગીલી હોળીનો પ્રારંભ થાય છે. તેમાં ચારે તરફ ગુલાલ, અબીર અને રંગ છવાઇ જાય છે. ઉપરથી રંગીન પાણીની વર્ષા થવા લાગે છે. પછી નંદગામના ઘેરૈયાઓ મંદિરથી નીચે ઉતરી આવે છે. ત્યાં રંગીલી ગલીમાં બરસાનાના ગોસ્વામીઓનાં ઘરની સ્ત્રીઓ ગોટા કિનારીવાળા લહેંગા, ઓઢણામાં બનીઠની, લાંબા ઘૂંઘટ કાઢી, હાથમાં મોટા મોટા લઠ્ઠ લઇ, તેમનું સ્વાગત કરવા તૈયાર ઊભી હોય છે. ગલીની ચારે તરફનાં છજાં પર હજારો નરનારીઓ હોળીલીલા જોવા એકઠાં થયાં હોય છે. બરસાનાની સ્ત્રીઓ લોકગીતો ગાતી, નંદગામના ઘેરૈયાઓ તરફ આગળ વધે છે. તેમના પર ધડાધડ લાઠીઓના પ્રહાર કરે છે. નંદગામના લોકો સાખી ગાતા ગાતા, એમના પ્રહારથી ચામડાની ઢાલ આડી રાખી, ઘૂંટણિયાભર જમીન પર બેસી જઇ, પોતાને બચાવે છે, લઠ્ઠના ઘા ઢાલ ઉપર ઝીલે છે, દેડકાની માફક કૂદતા કૂદતા આગળ વધે છે અને પોતાનો બચાવ કરે છે. આ ક્રમ ત્રણ વખત ચાલે છે. દરેક વખત ગીત અને સાખીઓ ગાય છે. પછી બરસાનાના ગોસ્વામીઓ આવીને તેમની સ્ત્રીઓને રોકે છે અને તેમને સુરક્ષિત રીતે ભીડમાંથી બહાર લઇ જાય છે. પછી નંદગામના ઘેરૈયા નંદગામ તરફ રવાના થાય છે.

ભગવાન શ્રીકૃષ્ણ નંદગામમાં બિરાજતા હતા ત્યારે તેઓ હોળી ખેલવા, બરસાના જવા તૈયાર થયા હતા, ત્યારે તેમના એક સખાએ તેમને ન જવા સમજાવતાં એક પદ ગાયેલું. તે નીચે પ્રમાણે છે.

*ભૂલિ જિન જૈયો, બ્રજરાજ બરસાને કહું,*
*ગોરિન કે ગોલતેં કિસોરી જો નિહારોંગી,*
*ઘોર રંગ રોરિન તેં કસર કમોરિન તેં,*
*પ્રીતિ ઝક ઝોરિન તેં પકરિ પછારેંગી...૧*
*યાદ કરિ સાંકરિ ગલી કો લૂટ ગોરસકી,*
*સો રસકી નિત આજુ કસર નિકારૌંગી,*
*મલકે ગુલાલ રસ ખ્યાલમેં ગુપાલલાલ,*
*દેખત હીં લાલ! તુમ્હેં લાલ કરિ ડારૌંગી...૨*

છતાં શ્રીકૃષ્ણ હોળી ખેલવા નંદગામથી બરસાના ગયા, ત્યારે જે હોળીખેલ થયો, તે લીલાનું પદ નીચે પ્રમાણે છે.

(રાગઃ હમીર)

*ખેલન આયે હરિ નંદ ગામ તેં રંગભીને બરસાનેં,*
*મૃગમદ મેદ અરગજા ચોવા સબ નારીન બરસાને...૧*
*દગઢિંગ છાંડ માંડ કેસર મુખરીત સુખ બરસાને,*
*વિન કારજ કરમેં રાખે શોભિત ચખ અરસાનેં...૨*
*સોઈ અંજન મિષ ઈષદ લોચન ચઢે મદન ખરસાને,*
***'કૃષ્ણજીવન લછીરામ'** ખેલ લખ જીયે જલ ધરવાને...૩*

બીજા દિવસે ફાગણ સુદ દશમના રોજ નંદગામમાં હોળીખેલ થાય છે.

**કરહલા :**

ત્યાંથી કરહલા જવાય છે. રાસલીલાની શરૂઆત કરહલાથી થઈ. ત્યાં રાસધારીઓનાં બે મુખ્ય યૂથો છે, જે મહેલવાળા અને હવેલીવાળા તરીકે પ્રસિદ્ધ છે. ત્યાં ઘેર ઘેર શ્રીનાથજીના મુગટ બિરાજે છે. ત્યાં કૃષ્ણકુંડ પર શ્રીગુસાંઈજીની, શ્રીમહાપ્રભુજીની અને શ્રીગોકુલનાથજીની બેઠકો છે. શ્રીરાધાજીની અષ્ટસખીઓમાં મુખ્ય શ્રીલલિતાજીનું આ જન્મસ્થાન છે. તેને શ્રીવૃષભાનજીનું ઉપવન કહેવામાં આવે છે. અહીં શ્રીઠાકોરજીએ દધિલીલા કરી હતી. નજીકમાં કરહલાની કદંબખંડી છે. અહીં હોળીખેલ થયો, ત્યારે શ્રીસ્વામિનીજીએ સખીઓને આજ્ઞા કરી કેઃ કર હલ્લા ઠાકોર કુ પકડ. સખીઓએ ઓચિંતા દોડીને શ્રીઠાકોરજીને પકડ્યા. મુખ રંગીને શણગાર પહેરાવ્યા. કર હલ્લા એવી આજ્ઞા થઈ, તે પરથી ગામનું નામ કરહલા પડ્યું.

અહીં શ્રીદ્વારકાધીશજીનું મંદિર છે. શ્રીઠાકોરજીની બેઠક અને હિંડોળા ઝૂલવાનું સ્થાન છે. કારણ કે લલિતાજીએ અહીં યુગલસ્વરૂપને હિંડોળે ઝૂલાવ્યાં હતાં. અહીંની રાસ મંડળીઓ બહુ જ પ્રસિદ્ધ છે. રાસલીલાને સુવ્યવસ્થિત રજુ કરવાનું શ્રેય અહીંના ઘમંડદેવજીને જાય છે. તેમના વંશજ ઉદયકરણ અને ખેમકરણ પ્રસિદ્ધ રાસધારીઓ હતા.

**શ્રીમહાપ્રભુજીની બેઠક :**

એમ કહેવાય છે કે શ્રીમહાપ્રભુજીની સાથે અહીં શ્રીનાથજી પધાર્યા હતા. તે સિવાય બેઠકજીના ચરિત્રની કોઈ વિશેષ હકીકત મળતી નથી.

**શ્રીગુસાંઇજીની બેઠક :**

શ્રીગુસાંઈજીએ અહીં બિરાજીને રાસપંચાધ્યાયીનાં સુબોધિનીજી ઉપર ટિપ્પણીજી નામની ટીકા લખી હતી. એકવખત શ્રીગુસાંઈજી રાસોલીમાં શ્રીલલિતાજીના સ્વરૂપને પુષ્પમાળા ધરાવવા માંડ્યા, ત્યારે શ્રીલલિતાજીએ તે કંઠમાં પહેરવાને બદલે પોતાના હસ્તમાં લઈ લીધી. સાંજે શ્રીગુસાંઈજી ફરી ત્યાં દર્શન કરવા પધાર્યા, ત્યારે શ્રીલલિતાજીએ કહ્યું કેઃ તમારી પુષ્પમાળા મેં શ્રીસ્વામિનીજીને ધરાવી હતી. તેમણે પ્રસાદી કરી, મને પાછી આપતાં આપને આપવાની આજ્ઞા કરી છે. શ્રીગુસાંઈજીએ તે માળા પોતાના શ્રીકંઠમાં ધારણ કરી. આથી શ્રીલલિતાજી બહુ પ્રસન્ન થયાં.



કરહલા, કૃષ્ણકુંડ



શ્રીબેઠકજી, કરહલા

**શ્રીગોકુલનાથજીનાં બેઠક :**

અહીં શ્રીગોકુલનાથજીએ વેણુગીતનાં શ્રીસુબોધિનીજીની ટીકા-કથા કરી હતી. તે સાંભળનારને એટલો રસાવેશ થયો કે સૌ શરીરનું ભાન ભૂલી ગયાં હતાં. શ્રીગોકુલનાથજીએ પોતાના ચરણોદકથી સૌને સાવધાન કર્યા હતાં.

અહીં શ્રીકૃષ્ણના પ્રપૌત્ર વજનાભજીની સમાધિ છે.

કરહલાની લીલાનું પદ નીચે મુજબ છે.

*નેક ઠાડી રહે કરહેલા વારી,*
*ક્યોં ઝપટ ઝપટ જાત બરસત મેહ ભીજત સારી...૧*
*આજા મેરે છતાનમેં તનક પરનકે બાદલ ઉઘરારી,*
*લાલા કૈસે ઠહરું, મોહિ ગોરસ ના બિકે, હોત બહુ અવારી...૨*
*પ્યારે મોઈ ઘર જાને દે, ખીજેગી સાસ દેવેગી ગારી,*
*પ્યારી નેક ચખાય કમન હો, મો તન તાપ નિવારી...૩*
*હાં હાં સબ તો મોહિ જાને દે,*
*સચમુચ કહું શ્યામદાસ કલ આઉં મુકરારી...૪*

અહીંથી આગળ કમરઇ સખીનું ગામ આવે છે. કમરઇ સખીએ શ્રીઠાકોરજી અને શ્રીરાધાજીનું પ્રેમપૂર્વક અહીં પૂજન કર્યુ હતું. શ્રીવિશાખાસખીનું તે જન્મસ્થાન પણ કહેવાય છે.

**સંકેતવન :**

બરસાનાથી પ્રેમસરોવર દોઢ માઇલ દૂર છે. ત્યાંથી દોઢ માઇલ દૂર સંકેતવન છે. સંકેતવન કુલ ત્રણ માઇલ દૂર છે.

**પીળી પોખર :**

બરસાનાથી યાત્રા સંકેતવન જતાં રસ્તામાં બરસાનાની નજીકમાં આવેલ પીળી પોખરે પાન કરે છે. એમ કહેવાય છે કે શ્રીરાધાજીનું લગ્ન થયું, ત્યારે અહીં તેમની પીઠી ચોળવામાં આવી હતી. પીઠી ચોળ્યા પછી અહીં શ્રીરાધાજીએ સ્નાન કર્યુ હતું, તેથી અહીંનું જળ પીળું થયું. માટે તેને પીળી પોખર કહે છે. સંસ્કૃતમાં નાના તળાવ માટે પુષ્કરિણી શબ્દ છે. તેનો અપભ્રંશ પોખર થયો છે. પીળી પોખરનો કુંડ ચારેબાજુએ પાકો બાંધેલો છે. અહીં શ્રીસ્વામિનીજીની બેઠક છે.

**સાંકડીખોર :**

બરસાનાથી પીળી પોખર જતાં સાંકડીખોર આવે છે. ત્યાં આજુબાજુ પર્વતના બે ભાગ વચ્ચે સાંકડો રસ્તો છે. એક બાજુના પર્વત ઉપર દાનગઢ, માનગઢ અને બરસાના છે, બીજી બાજુ નંદગામના પર્વતનો ભાગ છે. વચ્ચે સાંકડીખોર છે. ત્યાં વિલાસગઢ થઇને જવાય છે. એક જ માણસ જઇ શકે



કરહલાની લીલા



પીળી પોખરની લીલા

એટલો સાંકડો માર્ગ છે. આ સાંકડીખોરનો એક જ પથ્થર બે પર્વતને સાંધતો હોય તેવો અને નાવ આકાર જેવો છે. આખા રસ્તાનો પથ્થર એક જ, સાંધા વગરનો છે. આ સ્થળે શ્રીઠાકોરજીએ સૌ પ્રથમ વખત શ્રીસ્વામિનીજી પાસેથી દહીંનું દાન લીધું હતું. તે લીલાનાં પદ નીચે મુજબ છે.

(રાગ : બિલાવલ)

*ઠાડે લાલ સાંકરી ખોર,*
*નિકસિ આય સકલ વ્રજસુંદરી, આગે નવલ વૃષભાન કિશોર...૧*
*ગહિગહિ બાંહ રોકી સબ રાખી, નાગર નંદકિશોર,*
*હસિહસિ કરત દાન સબ લેહું, મનહિ હરત નયન કી કોર...૨*
*આવત જાત સદા યહ મારગ, અબ લાલન રાખી તુમ ઘેર,*
***'શ્રીવિઠ્ઠલગિરિધર'** મુસિકયાને, ફિર ફિર ચંદબદન તન હેર...૩*

(૨)

*સાંકરી ગિરિ મોર બોલ હો ચહું ઓર,*
*લતાદ્રુમ ઝૂમી ઝૂમી દીસત નાહીં ભાનરી.*
*તાહી સમેં રૂપ છકે છબીકે છબિલે છેલ,*
*રોકી રહ્યો બીચ ગેલ અબલા અતિ જાનરી,*
*ગોરસ સબ લૂટી લિયો દાન દે સુખ લિયો,*
*દોઉ રસ ભીજ્યો હિયો કરત મન માનરી,*
*પ્રેમ કો પરાગ રાગ પાવે તે મહા ભાગ,*
*સબહી તે સુનો સગી અનોખો વ્રજ દાનરી.*

**પ્રેમસરોવર :**

પીળી પોખરથી આગળ જતાં પ્રેમસરોવર આવે છે. આ સરોવર અત્યંત વિશાળ અને સુંદર છે. અષ્ટકોણાકૃતિ છે. ચારે બાજુએ ઘાટ બાંધેલા છે. તે અત્યંત વિશાળ અને સુંદર પણ છે. એમ કહેવાય છે કે શ્રીઠાકોરજી અને ગોપીજનો અહીં ભેગાં થયાં, ત્યારે પરસ્પરને એકબીજા માટે પહેલીવાર દિવ્ય પ્રેમ જન્મ્યો હતો. વ્રજભક્તોએ શ્રીઠાકોરજીને કદંબ વૃક્ષ નીચે, રાસ ચોતરા ઉપર પધરાવી, પીતાંબર ઓઢાડ્યું હતું અને તેમને રાખી બાંધી હતી. બધાં વ્રજભક્તોએ ભેગાં મળીને સલોનોદિન મનાવ્યો હતો. પ્રેમસરોવરની આ લીલા માટે એક સુંદર દોહો અને એક પદ પણ છે, જે નીચે પ્રમાણે છે.

દોહરો

**પ્રેમ સરોવર પ્રેમકી, ભરી રહત દિન રૈન,**
**જહાં લાડિલી પગ ધરત, લાલ ધરત દોઉ નૈન.**


કવિત

*ઉત આવક નંદલાલ,*
*ઈતે અલિ આય રહી વૃષભાનકુમારી,*
*બિચ પ્રેમસરોવર ભેંટ ભાઈ*
*યહ પ્રેમ નિકુંજ નવીન નિહારી...૧*
*ચિત ચાહત હૈ ઈતહી રહીયે,*
*યહ કીન્હ વિનય પિયસોં જબ પ્યારી,*
*તબ નિત્ય નિવાસ કિયો ઈતહી,*
*મિલે રાધે ગોવિંદ નિકુંજ વિહારી...૨*

પ્રેમસરોવર ઉપર શ્રીપ્રેમબિહારીજીનું મંદિર, શ્રીરાધા-ગોપાલનું મંદિર, સદાવ્રત અને એક સંસ્કૃત પાઠશાળા છે. ત્યાં વિદ્વાનોનો સારો સત્કાર થાય છે. અભ્યાગતોને અને બ્રાહ્મણોને ભોજન કરાવવામાં આવે છે.



પ્રેમસરોવરની લીલા



પ્રેમસરોવર - સામે કિનારે શ્રીબેઠકજી

**શ્રીગુસાંઇજીની બેઠક :**

પ્રેમસરોવરના ઘાટ ઉપર કદંબના વૃક્ષ નીચે શ્રીગુસાંઈજીની બેઠક છે. અહીં શ્રીગુસાંઈજી એક માસ સુધી બિરાજયા હતા. શ્રીકૃષ્ણપ્રેમામૃત નામના ગ્રંથની ટીકા તેમણે અહીં લખી હતી. ગોવિંદસ્વામીને અહીં શ્રીયુગલસ્વરૂપનાં સાક્ષાત દર્શન કરાવ્યાં હતાં. આ બેઠક પંચમપીઠ કામવનના માથે બિરાજે છે.

**પ્રેમસરોવરની રહસ્યલીલા :**

એક વખત પ્રેમસરોવરમાં શ્રીરાધાજી સખીઓ સાથે જલવિહાર કરવા પધારેલાં. ત્યાં કોઇ પુરુષ આવે નહીં એ હેતુથી સરોવરને ફરતાં સો કદમ છેટે એક ગોળ વર્તુળ દોર્યું, અને આજ્ઞા કરી કેઃ આ વર્તુળમાં કોઇ પુરુષ આવશે તો તે સ્ત્રી થઇ જશે. તેની ચોકી શ્રીચંદ્રાવલીજી અને શ્રીલલિતાજીને સોંપી.

એક સમયે મથુરાના રાજા કંસે સાંભળ્યું કે વ્રજની અંદર સુંદર સ્ત્રીઓ પ્રેમસરોવરમાં વિહાર કરે છે. તેને તે વિહાર જોવાનું મન થયું. એટલે તે એકલો છૂપા વેશે અહીં આવ્યો. તે વર્તુળ ઓળંગી, અંદર ગયો કે તરત સ્ત્રી થઇ ગયો. આથી તે ઘણો ગભરાઇ ગયો. થાકીને શ્રીવૃષભાનજી પાસે આવીને, રડતાં રડતાં ચરણમાં પડ્યો. પોતાની બધી હકીકત કહી. વૃષભાનજીએ કહ્યું કેઃ રાજા કંસ તો મહા સમર્થ છે. અને તું એક કંગાળ સ્ત્રી દેખાય છે. હું તારી વાત કેવી રીતે માનું? કંસે કહ્યું કે : મેં જે કહ્યું છે તે સાચું છે. શ્રીવૃષભાનજીએ રાધાજીને પૂછ્યું. શ્રીરાધાજીએ કહ્યુંઃ હું કંઇ જાણતી નથી. ચંદ્રાવલીજીને પૂછો. ચંદ્રાવલીજીએ કહ્યુંઃ હા, એક પુરુષ આવ્યો હતો, પણ હું તેને ઓળખતી નથી. તે સ્ત્રી બની ગયો હતો. જો તે કંસ હોય તો બહુ સારું થયું. તે શ્રીકૃષ્ણને હેરાન કરે છે. એટલે તેનાં કરમ ભોગવે છે. ત્યારે શ્રીવૃષભાનજીએ કહ્યુંઃ તે ગમે તેવો હોય, પણ આપણો રાજા છે. ચંદ્રાવલીજીએ કહ્યુંઃ દુષ્ટ ઉપર દયા કરવી એ પાપ છે. છતાં તમે લલિતાજીને પૂછો. લલિતાએ કહ્યુંઃ અમારા શ્રીકૃષ્ણને દુઃખ આપનારને અમે માફ કરી શક્તાં નથી, છતાં શ્રીરાધાજીની ઇચ્છા હોય તેમ કરો. શ્રીરાધાજીએ વિચાર કર્યો કે કંસ સ્ત્રી વેશમાં રહેશે તો પૃથ્વી ઉપર ભાર વધશે નહીં અને તેને મરાશે નહિ. માટે તેને પુરુષ બનાવવો જોઇએ. આથી શ્રીરાધાજીએ કહ્યુંઃ પિતાજી, તમારી આજ્ઞા પાળવી એ અમારો ધર્મ છે. આપણા રાજયમાં

કંસ કોઇ દિવસ આવે નહીં અને કર લે નહિ, એવી આપણી શરત સ્વીકારે તો તેને પુરુષ બનાવીએ. કંસે મહાદેવજીના સોગન ખાઇને બંને વાત કબુલ રાખી. શ્રીરાધાજીએ કહ્યુંઃ તું અમારા રાજયની હદ બહાર જઇશ એટલે પુરુષ થઇ જઇશ. કંસ શ્રીવૃષભાનજીના રાજયની બહાર ગયો એટલે તે પુરુષ થઇ ગયો. આ પ્રેમસરોવરની લીલા છે.

**સંકેતવન :**

પ્રેમસરોવરથી સડકના રસ્તે સંકેતવન દોઢ માઇલ છે. ત્યાં ગાજીપુર નામનું ગામ છે. ત્યારપછી વિહ્વળકુંડ અને વિહ્વળદેવી છે. તે દેવીને ચાર હાથ છે. ત્યાં એક શિલા ઉપર કલ્પવૃક્ષનું ચિત્ર છે. વૃક્ષ ઉપર મોર બેઠો છે. વૃક્ષની ડાબી બાજુ સખીઓ સાથે શ્રીઠાકોરજી અને જમણી બાજુ ત્રણ ગોપીજનો છે. એમ કહેવાય છે કે વ્રજભક્તોએ અહીં શ્રીઠાકોરજીના શૃંગાર કર્યા હતા.

ત્યાંથી સહેજ આગળ સંકેતવન છે. ગામનું નામ પણ સંકેતવન છે. સંકેત એટલે ઇશારો અથવા ગુપ્ત સૂચના. અહીં શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી એકબીજાંને સંકેત કરી, ગુપ્ત રીતે મળતાં. ગોપીજનોએ તે બંનેનાં ગુપ્ત રીતે અહીં લગ્ન કરાવ્યાં હતાં. લગ્ન કરાવવા બ્રહ્માજી ખાસ આવ્યા હતા. તેથી આ સ્થાન સંકેતવન તરીકે પ્રસિદ્ધ થયું. ત્યાં સંકેતવડ છે, એથી કેટલાક આ સ્થાનને સંકેતબટ પણ કહે છે. ગામમાં પ્રવેશતાં શ્રીરાધારમણજીનું શિખરબંધ મંદિર છે, જે એકહજાર વર્ષ જેટલું પ્રાચીન હોવાનું મનાય છે. ત્યાં ગૌડીય સંપ્રદાયના સાધુઓ રહે છે. ચૈતન્ય સંપ્રદાયના ગોપાલ ભટ્ટજીની બેઠક પણ ત્યાં છે.

ત્યાંથી આગળ જતાં શ્રીસંકેતદેવીનું મંદિર આવે છે. થોડેક દૂર શ્રીસંકેતબિહારીજીનું મંદિર છે. શ્રીસંકેતબિહારીજીનું સ્વરૂપ અત્યંત તેજસ્વી પારસમણિનું હોય તેવું છે. નજીકમાં હિંડોળા ઝૂલવાનું અને રાસમંડળનું સ્થાન છે.

**શ્રીગુસાંઇજીની બેઠક :**

સંકેતદેવીની પાસે મંદિરના પાછલા ભાગમાં શ્રીગુસાંઇજીની બેઠક છે. અહીં શ્રીગુસાંઇજીએ શ્રીભાગવત-પારાયણ કર્યુ હતું. તેમના કપડવંજના વતની અને ઉદંબર બ્રાહ્મણ સેવક રેઠા વ્યાસને અહીં દિવ્ય ચક્ષુનું દાન કરી, શ્રીઠાકોરજીના વિવાહખેલનાં અલૌકિક દર્શન કરાવ્યાં હતાં.

**શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી :**



સંકેતવન - કૃષ્ણકુંડ - શ્રીબેઠકજી


સંકેતવનની લીલા


સંકેતદેવી

અહીં કૃષ્ણકુંડ ઉપર શ્રીમહાપ્રભુજીનાં બેઠક છે. કુંડ બહુ જ મોટો છે. પાકો ઘાટ બાંધેલો છે. છોંકરના વૃક્ષ નીચે, કુંડના ઘાટ ઉપર બેઠક છે. આ બેઠકની વિશિષ્ટતા એ છે કે બેઠકની નીચે કુંડનું જળ છે. અને ઉપર બેઠક છે. બેઠકમાંથી જ કુંડમાં સ્નાન કરી શકાય છે. અહીં શ્રીમહાપ્રભુજીએ શ્રીભાગવત-પારાયણ કર્યુ ત્યારે સંકેતદેવી સુંદર વસ્ત્રાભૂષણ ધારણ કરી, રત્નજડિત સોનાની દાંડીવાળું ચમ્મર લઈને શ્રીમહાપ્રભુજીને ચમ્મર ઢોળવાની સેવા કરતાં હતાં.

**વિવાહખેલનું સ્થળ :**

પ્રેમસરોવર ઉપર શ્રીયુગલસ્વરૂપને પ્રીતિ થઈ, બરસાના સગાઈ થઈ અને સંકેતવનમાં લગ્ન થયાં. યાત્રા સંકેતવનમાં આવે છે, ત્યારે અહીં વિવાહખેલનો રાસ થાય છે. શ્રીઠાકો-રજીનો વરઘોડો શ્રીમહાપ્રભુજીની બેઠકથી ચઢે છે અને રાસના સ્થળે ઉતરે છે. ત્યાં શ્રીરાધાજી સાથે ધામધૂમથી લગ્ન તાય છે.

**સંકેતવનની રહસ્યલીલા :**

એક વખત સવારે શ્રીઠાકોરજી નંદગામમાં નંદાલયમાં કલેઉં કરી રહ્યા હતા, ત્યારે પછીતની દિવાલની બારીમાંથી એક સખીએ શ્રીઠાકોરજીને સંકેતની ભાષામાં કહ્યું કે, વનમાં એક ગાય વિયાઈ છે, બહુ કષ્ટાય છે. ગોપાલ શ્રીકૃષ્ણ તરત જ ઊભા થઈ ગયા. લકુટિ લેવી ભૂલી ગયા. સખા કે ગ્વાલને સાથે લીધા વિના એકલા સંકેતવનમાં પધાર્યા. શ્રીયશોદાજીને આશ્ચર્ય થયું કે કૃષ્ણ હાથ પણ ધોયા સિવાય કયાં દોડ્યો?

શ્રીકૃષ્ણ સંકેતવનમાં આવ્યા. ત્યાં એક સખીને વિરહમાં શ્યામ...શ્યામ...પોકારતી જોઈ, તેની પાસે જઈ, શ્રીઠાકોરજીએ તેના મસ્તકે હાથ મૂકી, તેને ભાનમાં આણી.

આવી ઘણી લીલાઓ શ્રીઠાકોરજીએ સંકેતવનમાં કરી છે.

# નંદગામ

સંકેતવનથી યાત્રાનો મુકામ નંદગામ જાય છે. સંકેતવનથી રીઠૌરા ત્રણ માઈલ છે. ત્યાંથી ભાનોખર બે માઈલ છે. ત્યાંથી મહેરાના એક માઈલ છે અને ત્યાંથી નંદગામ પાંચ માઈલ છે. એમ કુલ અગિયાર માઈલ થાય છે.

**રીઠૌરા :**

સંકેતવનથી નંદગામ જતાં પહેલું સ્થાન રીઠૌરા આવે છે. તે વૃષભાનજીના ભાઈ ચંદ્રભાન ગોપનું ગામ છે. તેમના ત્યાં શ્રીચંદ્રાવલીજીનું પ્રાકટ્ય થયું હતું, એટલે અહીં શ્રીચંદ્રાવલીજીની નિકુંજ છે. ગામ પૂરું થતાં પાકો બાંધેલો ચંદ્રાવલીકુંડ છે. તેમાંથી એક પ્રાચીન અને સુંદર સ્વરૂપ પ્રકટ થયું હતું. તે ગામના મંદિરમાં બિરાજે છે. કુંડ પાસે કદંબના વૃક્ષ નીચે શ્રીગુસાંઈજી અને શ્રીચંદ્રાવલીજીની બેઠક સાથે સાથે બિરાજે છે. આ બેઠક પંચમપીઠ-કામવનની છે. શ્રીગુસાંઈજી નિત્યલીલામાં શ્રીચંદ્રાવલીજીનું સ્વરૂપ છે. અહીં બિરાજી શ્રીગુસાંઈજીએ ત્રણ દિવસ શ્રીભાગવતપારાયણ કર્યુ હતું. તદ્ ઉપરાંત 'શૃંગાર રસમંડન' નામના ગ્રંથનું બીજું પ્રકરણ - દાનલીલા લખવાની શરૂઆત પણ અહીં કરી હતી, જે અસારવા (અમદાવાદ)ની બેઠકે પૂરું થયું હતું. બેઠકજી બહુ સુંદર છે, અલૌકિક સ્થળ છે.

**મહેરાના :**

રીઠૌરાથી બે માઈલ દૂર નંદરાયજીના ભાઈ અભિનંદ ગોપનું ગામ મહેરાના આવેલું છે. તે યશોદાજીનું પિયર પણ છે. શ્રીકૃષ્ણનું મોસાળ છે. ત્યાં યશોદાકુંડ અને શ્રીરામચંદ્રજીનાં મંદિર છે. એમ કહેવાય છે કે શ્રીયશોદાજી શ્રીબાલકૃષ્ણને પધરાવીને અહીં આવ્યાં, ત્યારે એક દિવસ તેમને પોઢાડતાં રામાયણનો પ્રસંગ હાલરડામાં ગાતાં હતાં. તે સાંભળીને



રીઠોરાનાં બેઠકજી - શ્રીગુસાંઈજી અને શ્રીચંદ્રાવલીજી સાથે બિરાજે છે.



રીઠોરાની લીલા

શ્રીકૃષ્ણને પોતાના રામાવતારની યાદ આવી. એટલે શ્રીરામ સ્વરૂપે તેમણે લક્ષ્મણ...લક્ષ્મણ એમ બૂમ પાડી.

ગામની દક્ષિણ દિશાએ ચંદ્રકુંડ છે. શ્રીબાલકૃષ્ણે આકાશમાં ચંદ્ર જોયો, એટલે એવો જ ચંદ્ર રમવા માટે માગ્યો. ઘણી હઠ કરી. શ્રીયશોદાજીએ થાળીમાં જળ ભરી, તેમાં ચંદ્ર બતાવ્યો. તેથી આ કુંડ ચંદ્રકુંડ કહેવાય છે. આ લીલાનું પદ નીચે મુજબ છે.

(રાગ : ઈમન)

*મેરો માઈ અરટ્યો હે બાલ ગોવિંદા*
*ગહિ અચરા મોહિ ગગન બતાવત,*
*ખેલન કોં માંગે ચંદા...૧*
*ભાજન મેં જલમેદ યશોદા,*
*લેકર ચંદ દિખાવે,*
*રુદન કરત પાની મેં ઢૂંઢત,*
*ચંદ ધરની કૈસેં આવે...૨*
*દૂધ દહી પકવાન મીઠાઈ,*
*જો કછુ માંગે સો દેહોં ખિલોના,*
*લહેર ચકઈ પાટકે લટકન,*
*માગ લેહૂ મેરે છોના...૩*
*દૈત્ય દલન ગજદંત ઉખારે,*
*કેસી કંસ નિકંદ,*
***'સુરશ્યામ'** બલિ જાય યશોદા,*
*સુખ સાગર કે કંહ...૪*

ગામના વાયવ્ય ખૂણે શ્યામકુંડ છે. ત્યાં પીંપળાનાં વૃક્ષ છે, એટલે ગામલોકો તેને પીપરવાળો કુંડ કહે છે. અભિનંદ



મહેરાનાની લીલા

ગોપે શ્રીકૃષ્ણને અહીં સ્નાન કરાવી, ફૂલના શૃંગાર ધરાવ્યા હતા. તેની પાસે ભ્રમરકુંડ છે. અભિનંદ ગોપ ભમરાની જેમ શ્રીઠાકોરજીની સાથે ફરતા.

મહેરાનાથી નજીકમાં સાંચોલી ગામ છે. ત્યાં અભિનંદ ગોપનાં કુળદેવી સાંચોલીદેવીનું મંદિર છે.

મહેરાના ગામ વ્રજયાત્રાના માર્ગમાં આવતું નથી, ખાસ સમય મેળવીને ત્યાં જવું પડે.

રીઠૌરાથી આગળ જતાં બેલકુંડ આવે છે. ત્યાંથી આગળ પનિહારી ગામ અને પનિહારી કુંડ આવે છે. નંદગામમાં નંદાલય માટે આ કુંડનું જળ ભરીને લઈ જવાતું, તેથી તેનું નામ પનિહારીકુંડ પડ્યું. બીજી કથા પ્રમાણે શ્રીકૃષ્ણ પનિહારીનું રૂપ લઈને અહીં જળ ભરવા આવ્યા હતા. માટે તે પનિહારીકુંડ કહેવાયો. આ સ્થળ ભાવાત્મક સ્વરૂપે શ્રીયમુનાજીની નિકુંજનું સ્થળ મનાય છે. આ કુંડના કિનારે બે તમાલવૃક્ષ છે - એક શ્યામતમાલ અને બીજું ગૌરતમાલ. તેને યુગલસ્વરૂપ કહે છે, તેનું એક ભાવાત્મક પદ નીચે મુજબ છે.

(રાગઃ સુધરાઈ)

*કિશોરી અંગ અંગ ભેટી શ્યામ હી,*
*કૃષ્ણ તમાલ તરુ ભૂજ શ્યામ, લટક રહી જ્યોં દામહી...૧*
*ગિરિવર ધરન સુરત રતિ નાયક, રતિ જીત્યો સંગ્રામ હી,*
***‘સૂર’** કહે યહ ઉભય સુબટ વિચ, કોજુ વસે રિપુ કામહી...૨*

### ગેંદોખર કુંડ :

ત્યાંથી આગળ જતાં ગેંદોખર કુંડ આવે છે. અહીં શ્રીઠાકોરજી ગેંદ (દડો) ખેલતા હતા. શ્રીયુગલકિશોરીનું સુંદર મંદિર છે. ગારુડીકુંડ છે. આ સ્થાનને ગદહરવન કહેવામાં આવે છે. ગદ એટલે રોગ. રોગનો નાશ કરે તે ગદહર. અહીં ગર્ગાચાર્યજીએ તપ કર્યુ હતું. આ કુંડમાંથી વિહારીજીની મૂર્તિ પ્રકટ થઈ હતી. તેમની સેવા ગર્ગાચાર્યજીએ કરી હતી.

ત્યાંથી આગળ જતાં વિલાસકુંડ છે. અહીં શ્રીકૃષ્ણે શ્રીરાધાજીના પુષ્પના શૃંગાર કર્યા હતા. પાસે સાંસકુંડ છે. ગાયોની પાછળ દોડતાં દોડતાં શ્રીકૃષ્ણને શ્વાસ ભરાઈ આવ્યો ત્યારે અહીં વિશ્રામ કરવા થોભ્યા હતા.

તેથી આગળ રોહિણીમોહિની કુંડ છે. અહીં શ્રીકૃષ્ણે મોહિની સ્વરૂપ ધારણ કરી, વ્રજવાસીઓને મોહિત કર્યા હતા. પછી બંસી બજાવી, બધાને સચેત કર્યા હતા.

ત્યાંથી આગળ જતાં ગાયોના ખૂંટા, ગાયોની ખિરક અને નંદગામની ચરણપહાડી આવે છે. ચરણપહાડી ઉપર છત્રી નીચે શ્રીઠાકોરજીનાં ચરણચિહ્ન છે. ત્યાં રત્નસિંહાસન છે. શ્રીઠાકોરજીને છાક આરોગવાનું સ્થળ છે. તેની સ્મૃતિમાં એક કૂંડી છે.

### પાન સરોવર :

નંદગામના ગોંદરે પાનસરોવર છે. સરોવર વિશાળ છે. પાકો બાંધેલો ઘાટ છે. ચોમેર સઘન વૃક્ષરાજિ છે. સરોવર ઊંડું છે. શ્રીનંદરાયજીએ શ્રીકૃષ્ણના લગ્નની ખુશાલીમાં અહીં વ્રજવાસીઓને શાલ-પામરીનું દાન આપ્યું હતું. તેથી વૈષ્ણવો તેમના ગોરને યથાશક્તિ વસ્ત્રનું દાન આપે છે. આ કુંડ સંવત ૧૮૦૪માં બનેલો છે.

### શ્રીમહાપ્રભુજીની બેઠક :

પાન સરોવરના કિનારે શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી છે.



પાનસરોવરની લીલા



નંદગામ - શ્રીબેઠકજી

શ્રીમહાપ્રભુજી અહીં પધાર્યા, ત્યારે છ માસ સુધી બિરાજયા હતા. ઉદ્ધવજી પણ અહીં છ માસ રહ્યા હતા. શ્રીમહાપ્રભુજીએ છ માસ રહીને શ્રીનંદરાયજીને શ્રીભાગવત સંભળાવ્યું હતું.

શ્રીમહાપ્રભુજી અહીં બિરાજતા હતા, ત્યારે એક દિવસ, એક મોગલ સરદાર તેના ઘોડાને પાણી પાવા સરોવરે આવ્યો. પાણી પાઇને પાછો જતો હતો, ત્યારે ઘોડાના પેટમાં પીડા ઉપડી. ધરતી ઉપર આળોટવા લાગ્યો અને મરી ગયો. મર્યા પછી ચતુર્ભુજરૂપ ધારણ કરી, વિમાનમાં બેસી વૈકુંઠમાં ગયો. આ ચમત્કાર શ્રીમહાપ્રભુજીએ એમના સેવકોને દિવ્ય દૃષ્ટિ આપીને બતાવ્યો.

તે મોગલ સરદારે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી કે મને સેવક કરો. શ્રીમહાપ્રભુજીએ કહ્યું: તારો અંગીકાર બીજા જન્મમાં થશે. પછી તે મોગલનો દેહ છૂટયો. બીજા જન્મમાં તે જામનગરમાં વાસણજી નામના મોચી તરીકે જન્મ્યો. તેઓ શ્રીગુસાંઈજીના સેવક થયા. શ્રીગુસાંઈજીની આજ્ઞા પ્રમાણે બ્રાહ્મણની જેમ આચારવિચારનું પાલન કરી, સેવા કરતા. જામનગરના રાજાએ તેમને બોલાવી પૂછયું: તમે શૂદ્ર થઇને બ્રાહ્મણનો ધર્મ કેમ પાળો છો? ત્યારે વાસણજીએ કહ્યું: હું વૈષ્ણવ થયો છું, એટલે શૂદ્ર મટી ગયો છું. રાજાએ કહ્યું: એવું કેવી રીતે બને? બ્રાહ્મણ ભ્રષ્ટ થાય તો શૂદ્ર બને, પણ શૂદ્ર કદી બ્રાહ્મણ ન બને. દૂધની છાશ થાય, પણ છાશનું દૂધ ન થાય! વાસણજીએ કહ્યું: ભગવાનની કૃપા થાય તો છાશનું પણ દૂધ બને. તેમણે છાશની દોણી ઉપર પોતાનો પ્રસાદી ઉપરણો ઢાંકી, શ્રીગુસાંઇજીને વિનંતી કરી કે હું વૈષ્ણવ બન્યો હોઉં તો છાશનું દૂધ થજો. શ્રીગુસાંઇજીની કૃપાથી તે છાશનું દૂધ થયું.

## નંદગામ

નંદગામ શ્રીનંદરાયજીની રાજધાની અને શ્રીઠાકોરજીની અલૌકિક લીલાઓનું સ્થાન છે. ગોકુળમાં કંસનો ઉપદ્રવ વધવાથી નંદરાયજી તેમના મોટાભાઈ ઉપનંદજીની સલાહ માની, ગોકુળ છોડી, અહીં નંદગામમાં આવીને વસ્યા હતા.

ગામ પર્વત ઉપર વસેલું છે. પર્વત ઉપર સૌથી ઊંચા સ્થાને શ્રીનંદરાયજીનું વિશાળ મંદિર છે. તેમાં શ્રીનંદરાયજી, શ્રીયશોદાજી અને શ્રીકૃષ્ણ-બલરામનાં સ્વરૂપ બિરાજે છે. મંદિરમાં એક ગોખ છે. ત્યાંથી સામે બરસાનાના શ્રીલાડિલીજીનાં મંદિરનો ગોખ દેખાય છે. એમ કહેવાય છે


નંદગામની લીલા


નંદગામની લીલા

કે શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી સામસામે ગોખમાં ઊભાં રહી, એકબીજાને મિલન માટે સંકેત કરતાં હતાં. અહીં પરિક્રમા દરમ્યાન નંદમહોત્સવ મનાવવામાં આવે છે.

શ્રીનંદરાયજીના મંદિરથી નજીકમાં શ્રીરાધેશ્યામનું મંદિર છે. તેમાં ઘણું સુંદર સ્વરૂપ છે. એક જ સ્વરૂપમાં શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીનાં દર્શન થાય છે. આવું સ્વરૂપ બીજે કયાંય નથી. આ સ્વરૂપનું વર્ણન પરમાનંદદાસજીએ એક પદમાં કર્યુ છે, તે નીચે પ્રમાણે છે.

(રાગઃ બિલાવલ)

*દેખત તૃપ્તિ ન હોય કમલ મુખ,*
*યહ સુખ કહા દુઃહાગિન જાને, રહિ નિશાભર સોય...૧*
*જ્યોં ચકોર ચાહત ઉડુરાજે, ચંદ બદન રહિ જોય,*
*નેક અકોર દેત નહિ રાધા, ચાહત પિયહિ નિચોય...૨*
*ઉનસો અપનો સર્વસ્વ દીનો, એક પ્રાણ વપુ દોય,*
*ભજન ભેદ ન્યારો '**પરમાનંદ**', જાનત વિરલા કોય...૩*

શ્રીનંદરાયજીના મંદિરની નજીકમાં નંદિકેશ્વરમહાદેવનું મંદિર છે. શ્રીકૃષ્ણના પ્રપૌત્ર વજ્રનાભજીએ તે બંધાવેલું છે. નંદિકેશ્વરમહાદેવજી શ્રીઠાકોરજીનાં દર્શન કરવા જોગી સ્વરૂપે આવ્યા હતા.

ત્યાંથી નજીકમાં શ્રીયશોદાનંદન, શ્રીબિહારીજી અને ચતુરાનાગાના ઠાકોરજીનાં દર્શન છે.

નંદગામનો પર્વત રૂદ્રપર્વત કહેવાય છે. આ મંદિર સંવત ૧૯૦૭માં રૂપસિંહ નામના જાટ સરદારે બંધાવ્યું હતું. મંદિરમાં સ્વરૂપોની પ્રતિષ્ઠા વ્રજના વિખ્યાત ભક્તકવિ આનંદઘનજીએ કરી હતી. તેમના વર્તમાન વંશજો હાલ મંદિરના અધિકારી છે.

નંદગામની પરિક્રમા ભાદરવા સુદ ચોથ અને કારતક સુદ આઠમે થાય છે. તે બે કોસની પરિક્રમા છે.

નંદગામમાં શ્રીમનોહરલાલજી ગોપાલપ્રસાદનું એક મંદિર છે. તેમાં શ્રીમદનમોહનજીના સ્વરૂપની સેવા પુષ્ટિમાર્ગીય પ્રણાલિકા મુજબ થાય છે.

શ્રીગુસાંઈજીના સેવક ગોપાલદાસ ક્ષત્રિય નંદગામમાં રહેતા હતા. શ્રીગુસાંઈજી અહીં પધાર્યા ત્યારે તેમણે પોતાનું બધું શ્રીગુસાંઈજીને અર્પણ કરી દીધું. પછી એક મ્લેચ્છના ત્યાં નોકરી કરવા લાગ્યા. તે મ્લેચ્છનું દ્રવ્ય વૈષ્ણવોની સેવામાં ખર્ચતા. કેટલાક લોકોએ મ્લેચ્છને ઉશ્કેરવા માંડ્યો, ત્યારે મ્લેચ્છે કહ્યુંઃ મારા ભાગ્યથી મારું દ્રવ્ય ધર્મમાં ખર્ચાય છે, માટે હું રાજી છું.

શ્રીગુસાંઈજીના બીજા સેવક ખંડન બ્રાહ્મણ નંદગામમાં રહેતા હતા. તેઓ ઘણા વિદ્વાન હતા. તેથી પૃથ્વી ઉપર જેટલા મત હતા, તે બધાનું ખંડન કરતા. એક દિવસ આ ખંડન બ્રાહ્મણ વૈષ્ણવોની મંડળીમાં આવ્યા. વૈષ્ણવોએ તેમને કહ્યુંઃ અમારી મંડળીમાં તમારું કામ નથી. છતાં ખંડન બ્રાહ્મણે માન્યું નહિ અને ઝઘડો કર્યો. રાતે તે ઘરમાં સૂતો હતો ત્યારે ભગવાનના ચાર દૂત મોટા મુગદળ લઈ, તેને મારવા લાગ્યા, ત્યારે તે નમી પડ્યો. પછી ગોકુલ જઈ, શ્રીગુસાંઈજીનો સેવક થયો.

આવા અલૌકિક નંદગામ વિષે શ્રીનંદદાસજીએ એક સુંદર પદ રચ્યું છે, તે નીચે પ્રમાણે છે.

*નંદગામ નીકો લાગતરી,*
*પ્રાતસમે દધિ મથત ગ્વાલિની,*
*સુનત મધુર ધ્વનિ ગાજતરી...૧*
*ધન્ય યે ગોપી ધન્ય યે ગ્વાલ સંગકે,*
*જિનકે મોહન ઉર લાગતરી,*
*હલધર સંગ સખા સબ રાજત,*
*ગિરિધર લે લે દધિ ભાગતરી...૨*
*જહાં વસત સુરદેવ મહામુનિ,*
*એકો પલ નહીં ત્યાગરી,*
***'નંદદાસ'** પ્રભુ કૃપા કાં ઈહિ ફલ,*
*ગિરિધર દેખી મન જાગતરી...૩*

## નંદગામનાં અન્ય દર્શનીય સ્થાનો :

### મોતીકુંડ :

ટેર કદંબ જતાં રસ્તામાં આ કુંડ આવે છે. શ્રીવૃષભાનજીએ તેમની દીકરી શ્રીરાધાજીની સગાઈ શ્રીકૃષ્ણ સાથે કરી, ત્યારે એક મોતીનો હાર ભેટ મોકલાવ્યો. રિવાજ પ્રમાણે શ્રીનંદરાયજીએ તેથી વધારે કિમતી ભેટ મોકલવી જોઈએ. શ્રીકૃષ્ણ મોતીનો હાર પહેરી, મોતીકુંડ ઉપર આવ્યા. ત્યાં હાર તોડી, એક એક મોતી જમીનમાં વાવી દીધું. નંદરાયજી અને યશોદાજીને કહ્યું કે, મેં મોતી વાવ્યાં છે, તેમાંથી અનેક મોતી ઉગશે. ચાલો, બતાવું. શ્રીકૃષ્ણે મોતીકુંડ ઉપર નાના-નાના કયારાઓમાં ઉગેલા છોડ બતાવ્યા, જેના ઉપર મોતીના મોટા-મોટા ગુચ્છાઓ લટકતા હતા. આથી આ સ્થાન મોતીકુંડ કહેવાયું.

શ્રીકૃષ્ણ અહીંથી મોતી વીણી, તેની માળાઓ બનાવી, ગાયોને અને વ્રજભક્તોને પહેરાવતા હતા. માટે પણ તે મોતીકુંડ કહેવાયો.

અહીં મોતીનું દાન આપવાનો મહિમા છે. કુંડ ઉપર શ્રીઠાકોરજીની બેઠક છે. કુંડને પાકો ઘાટ નથી. આસપાસનાં વૃક્ષો ઉપર મોતીના દાણા જેવા ફળના ગુચ્છા લટકતા જોવા મળે છે.

### ફુલવારીકુંડ :

અહીં શ્રીકૃષ્ણે સખીવેશ ધારણ કરી, ગોપીજનો સાથે ફૂલ વીણવાની લીલા કરી હતી. અહીં શ્રીઠાકોરજીની બેઠક છે. શ્રીઠાકોરજીએ અહીં શ્રીરાધાજીની વેણી ગૂંથી હતી.

એક વખત સાંઝી માટે શ્રીરાધાજી સખીઓ સાથે અહીં ફૂલ વીણવા પધાર્યાં હતાં, ત્યારે શ્રીકૃષ્ણે તેમને કહ્યું કે, આ અમારો બગીચો છે. અમારી રજા વિના તમે કેમ ફૂલ વીણો છો? આ લીલાનું પદ નીચે મુજબ છે.

(રાગ : જંગલો)

અરી, તુમ કૌન હો રી, બનમેં ફૂલવા બીનન હારી,
રત્નજટિત કો બન્યો બગીચા, ફૂલ રહી ફૂલવારી. અરી...૧
કૃષ્ણચંદ્ર બનવારી આયે, મુખ કયોં ન બોલત સુકુમારી,
તુમ તો ઢોતા નંદ મહર કે, હમ વૃષભાન દુલારી. અરી...૨
યા બનમેં હમ સદા બસત હૈ, હમ કરત રખવારી,
બિન બુઝત બિનત હો ફૂલવા, જોબન મદ મતવારી. અરી.૩
તબ લલિતા એક મતો ઉપાયૌ, સેન બતાઈ પ્યારી,
**'સૂરદાસ'** રસ બસ કીને, બિરહ વેદના ટારી. અરી.૪

**ટેરકદંબ :**

શ્રીઠાકોરજીએ સૌ પહેલાં અહીં ગાયો ચરાવી હતી. અહીંનાં કદંબનાં વૃક્ષો ઉપર ચઢી, શ્રીકૃષ્ણ બંસીમાં ગાયોનાં નામ દઈ, ગાયોને બોલાવતા. અહીં શ્રીઠાકોરજી છાક આરોગતા અને ગાયોને લાડુ ખવડાવતા. અહીંની લીલાનું પદ નીચે મુજબ છે.

(રાગ : પૂર્વી)

*ટેર હો ટેર કદંબ ચઢ દૂર જાત હૈ ગૈયાં,*
*તુમ્હારી ટેર સુનત બગદેંગી પાછે પીજે ધૈયાં...૧*
*ઝટકત રઈ પતૂખી ફારત ધાવત નંદ દુહૈયા,*
*હમતેં બહુત તિહારે ગોધન હસત કહા હો ભૈયા..૨*
*આજ હમારી ઘિરત ન ઘેરી ઉતહી કીં જાત હૈ ધૈયા,*
***'રામદાસ'** પ્રભુ પર હૂંકત આંઈ હેરી દેત કન્હૈયા...૩*

★ ★ ★

*કદમ ચઢી કાન્હ બુલાવત ગૈયાં,*
*મોહન મુરલીકો સબ્દ સુનતહી જહાં તહાંતે ઉઠી ધૈયાં...૧*
*આવો આવો સખા સિમિટ સબ, પાઈ હૈ ઈક ઠૈયાં,*
*ગોવિંદ પ્રભુ બલદાઉસોં કહત હૈ અબ ઘરકોં બગ દૈયા...૨*

**કૃષ્ણકુંડ :**

ટેર કદંબની પાસે કૃષ્ણકુંડ છે. ત્યાં શ્રીરાધાકૃષ્ણનું મંદિર અને રાસચોતરો છે. અહીં શ્રીકૃષ્ણ ગુંજામાળા બનાવતા, એમ કહેવાય છે.

**રૂપ સનાતનની કુટિર :**

કૃષ્ણભક્ત ગૌડીય-વૈષ્ણવ રૂપ સનાતનને એક દિવસ ખીર ખાવાની ઈચ્છા થઈ. શ્રીરાધાજી સોનાના કટોરામાં વસ્ત્ર ઢાંકીને ખીર લાવ્યાં અને કહ્યું: સાધુ, આ ખીર ખાઈ લો. મારી માતાએ મોકલી છે. રૂપ સનાતને પૂછ્યું: તું કોની બેટી છે? શ્રીરાધાજીએ કહ્યું: હું આહીરની બેટી છું. મારી ગાય ભાગી જાય છે, હું પછી આવીને કટોરો લઈ જઈશ. રૂપ સનાતને વસ્ત્ર ખોલીને જોયું તો સોનાનો કટોરો હતો. તેઓ સમજી ગયા કે શ્રીરાધાજીએ કૃપા કરી છે.

**આસકુંડ :**

ટેર કદંબથી નંદગામ જતાં આસકુંડ આવે છે. કુંડ ઉપર આશેશ્વર મહાદેવજીનું મંદિર છે. શ્રીકૃષ્ણનાં દર્શનની આશાથી મહાદેવજી અહીં પધાર્યા હતા. અહીં શ્રીસાક્ષીગોપાલ અને શ્રીરાધાકૃષ્ણનાં મંદિર તેમજ શ્રીઠાકોરજીના ચરણચિહ્નનાં દર્શન છે.

**છાસકુંડ :**

અહીં છછીઆરીદેવીનું મંદિર છે. તેમને શીતલા દેવી પણ કહે છે. આ દેવીને છાશથી સ્નાન કરાવવામાં આવતું હોવાથી તેમનું નામ છછીઆરીદેવી પડ્યું છે. શ્રીનંદયશોદાએ કૃષ્ણની રક્ષા માટે તેમની પૂજા કરી હતી.

**ઉદ્ધવકયારી :**

ઉદ્ધવકયારી જતાં માર્ગમાં કૃષ્ણકુંડ, જલવિહારકુંડ, સૂરજકુંડ, અને જોગિયાકુંડ આવે છે. શ્રીકૃષ્ણનાં દર્શન કરવા આવેલા મહાદેવજી શ્રીકૃષ્ણનાં દર્શન ન થવાથી અહીં જોગી બનીને રોકાયેલા. શ્રીકૃષ્ણ ખૂબ રડ્યા ત્યારે એક સખી આવીને તેમને નંદભવનમાં લઈ ગયેલી.

ત્યાંથી આગળ ઝઘડાકુંડ આવે છે. અહીં શ્રીકૃષ્ણને તેમના સખાઓ સાથે ઝઘડો થયો હતો. ત્યાંથી આગળ કૂહકકુંડ આવે છે. ત્યાં ગોપબાળકો ડરી ગયાં હતાં. ત્યાંથી આગળ લેવકાકુંડ આવે છે. શ્રીકૃષ્ણે અહીં સખાઓને લેવ-લેવ કહીને ખૂબ મહાપ્રસાદ આપેલો. ત્યાંથી આગળ ભંડારબટ છે. અહીં શ્રીનંદરાયજીનો સામગ્રીનો મોટો ભંડાર હતો.

ત્યાંથી આગળ અક્રુરકુંડ આવે છે. અક્રુરજીએ અહીં નંદરાયજીને કંસનો સંદેશો આપેલો. અહીં અક્રુરજીની બેઠક પણ છે. ત્યાંથી આગળ ચીરતલાઈ, વસ્ત્રકુંડ અને વસ્ત્રવન છે.

ત્યાંથી આગળ જતાં ઉદ્ધવકુંડ, ઉદ્ધવ કયારી, અને ઉદ્ધવ કદંબખંડી તથા ઉદ્ધવજીની બેઠક છે. આ અલૌકિક સ્થળ છે. ત્યાં કદંબના જુદા જુદા વિશાળ ચોક છે. તે ચોક એવા મોટા છે કે તેમાં હજાર-હજાર માણસો બેસી શકે. વચ્ચે વચ્ચે લલિતાકુંડ, વિશાખાકુંડ, મોહનકુંડ વગેરે કુંડો પણ આવેલા છે. એમ કહેવાય છે કે અહીં શ્રીવિશાખાજીની નિકુંજ છે. શ્રીઉદ્ધવજી અહીં આવ્યા, ત્યારે શ્રીવિશાખાસખીએ તેમનું સૌ પ્રથમ સ્વાગત કર્યુ હતું. અહીં ગોપીજનોનાં જુદાં જુદાં યૂથ અલગ અલગ બિરાજેલાં, તેથી જુદા જુદા ચોક છે. અહીં કુલ છપ્પન ચોક હતા, એમ કહેવાય છે. અહીં રાસચોતરો પણ છે. આ કદંબખંડીમાં ઉદ્ધવજી ગુલ્મલતારૂપે સદા રહેલા છે.

**હાઉબિલાઉ :**

નાનાં બાળકો તોફાન કરે ત્યારે તેમની માતા તેમને હાઉ આવ્યો, એમ કહી, ડરાવે છે. તેમ, શ્રીયશોદાજી પણ



હાઉબિલાઉ - નંદગામ

શ્રીબાલકૃષ્ણને હાઉની બીક બતાવતાં. આ હાઉબિલાઉનું સ્થાન ઉદ્ધવ કયારીથી આગળ નંદપોખર પાસે છે. ત્યાં યશોદાકુંડ, મધુસૂદન કુંડ, એક છત્રી નીચે શ્રીનંદરાયજીની બેઠક, શ્રીયશોદાજીનું મંદિર અને શ્રીબલદેવજીનો રાસચોતરો છે.

અહીં માતા શ્રીબાલકૃષ્ણને હાઉની બીક આપીને ડરાવતાં, ત્યારે શ્રીકૃષ્ણ હસીને કહેતા : તારો હાઉ કેવો છે, એ તો બતાવ? મેં તો કયાંય હાઉ જોયો નથી! શ્રીઠાકોરજી હાઉના નામથી ડર્યા નહિ. ભગવાને મનમાં કહ્યુંઃ મને ડરાવનાર જગતમાં કોઇ જન્મ્યું નથી. મેં ભલભલા અસુરોનો વધ કર્યો છે.

હાઉલીલાની સાક્ષીરૂપે નંદગામને સિમાડે પથ્થરના મોટા બિલાડા જેવા છ હાઉ હતા. તેમાંથી હાલ ચાર રહ્યા છે, તે પણ ખંડિત સ્થિતિમાં છે.

ત્યાંથી આગળ જતાં શ્રીયશોદાજીનું દહીં વલોવવાનું માટલું આવે છે. તે એટલું મોટું છે કે એક માણસ તેમાં આરામથી બેસી શકે છે.

**પૂર્ણમાસીનું મંદિર :**

નંદગામથી આંજનોખર જવાના રસ્તે શ્રીનંદરાયજીના પુરોહિત શાંડિલ્યમુનિનાં પત્ની પૂર્ણમાસીજીનું મંદિર આવે છે. ત્યાં રોહિણીકુંડ છે. રૂનકીઝુનકી નામનો કુંડ અને બેઠક છે. આ રૂનકી અને ઝુનકી બે સખીઓ હતી. તેમાંની એક શ્રીરાધાજી પાસે ગઇ, બીજી શ્રીકૃષ્ણ પાસે ગઇ. એકે શ્રીરાધાજીને કહ્યુંઃ કૃષ્ણ તમને બોલાવે છે. બીજીએ શ્રીકૃષ્ણને કહ્યુંઃ રાધાજી તમને બોલાવે છે. આવી ચતુરાઇથી બંનેએ યુગલસ્વરૂપનો મેળાપ કરાવી આપ્યો. પછી યુગલસ્વરૂપને તેમના ઘેર આંજનોખર ગામે લઇ ગઇ. ત્યાં હિંડોળા ઝૂલાવ્યા, માખણ-મીસરી આરોગાવ્યાં. આથી પ્રસન્ન થયેલા શ્રીકૃષ્ણે રૂનકી-ઝુનકીકુંડ ઉપર ઝુનકી સખીનો શૃંગાર કર્યો હતો.

આંજનોખર ગામે અંજનકુંડ છે. તથા આંજની શિલા છે. તે શિલા પર આંગળી ઘસવાથી આંગળી પર કોઇ રંગ લાગતો નથી. પરંતુ તે આંગળી આંખે લગાવવાથી આંખમાં કાજળ આંજયા જેવું દેખાય છે. શ્રીકૃષ્ણે અહીં શ્રીરાધાજીનાં નેત્રોમાં કાજળ આંજયું હતું.

આંજનોખરથી આગળ સિપરસોં ગામ છે. શ્રીઅક્રુરજી સાથે ભગવાન મથુરા પધારતા હતા, ત્યારે ગોપીઓ વિરહાતુર થઇને રથની નીચે મરવા માટે આવી પહોંચી. ત્યારે આ સ્થળે શ્રીઠાકોરજીએ તેમને આશ્વાસન આપ્યું હતું કે, હું શીઘ્ર

પરમદિવસે જ પાછો આવીશ. માટે આ ગામનું નામ સિપરસોં પડ્યું.

**ખિદરવન :**

નંદગામથી આંજનોખર જવાના રસ્તે ખિદરવન છે. વ્રજનાં બાર વનોમાંનું છઠ્ઠું વન છે. શ્રીદાઉજીની સખીનું આ વન છે. અહીં શંખચૂડ રાક્ષસે ગાયોને ડરાવીને ભગાડી હતી. તેથી તે વનનું નામ ખિદરવન અથવા ખદિરવન પડ્યું. ગામનું નામ ખાયરો છે. અહીં ભગવાને બકાસુરને માર્યો હતો. બકાસુરનો વધ કરવાથી ભગવાનને શ્રમ થયો. તેના નિવારણ માટે વ્રજભક્તોએ ચરણસેવા કરી, પંખો નાખ્યો હતો. તેથી ગામનું નામ ખાયરો પડ્યું. કામવનથી પણ આ ગામે જઈ શકાય છે.



બડી બઠૈનની લીલા

ખિદરવન બિહામણું પણ રળિયામણું છે. અહીં શ્રીરાધા-માધવ એકાંતમાં મળતાં હતાં. અહીં એક વખત શ્રીકૃષ્ણ અને બળદેવજી સાથે મળી, ગોપીઓ સાથે રાસ કરતા હતા, ત્યારે કુબેર ભંડારીનો નોકર શંખચૂડ અહીં આવ્યો હતો. તે ગોપીઓને ભગાડીને લઈ જવા લાગ્યો. ગોપીઓએ ચીસો પાડી, તેથી શ્રીકૃષ્ણ શંખચૂડની પાછળ ભાગ્યા. બલદેવજી ગોપીઓની રક્ષા કરવા રોકાયા. શ્રીકૃષ્ણે શંખચૂડને પકડી, મારી નાખ્યો. તેના મસ્તકનો મણિ લઈ, દાઉજીને આપ્યો.

અહીં રાસમંડળનો ચોતરો, બલભદ્રકુંડ, શ્રીદાઉજી અને શ્રીગોપીનાથજીનાં મંદિર છે.

**કુંડલવન :**

નંદગામની બાજુમાં આવેલું છે. શ્રીઠાકોરજીનું કુંડળ અહીં ખોવાઈ ગયું હતું. તે ગોપીઓએ શોધી આપ્યું હતું.

**બડીબઠૈન :**

નંદગામથી યાત્રાનો મુકામ બડીબઠૈન જાય છે. નંદગામથી જાવ ગામ સવા બે માઈલ છે. ત્યાંથી કોકિલાવન સવા માઈલ છે. ત્યાંથી પાંડવગંગા એક માઈલ છે. ત્યાંથી કુંવરવન પોણો માઈલ છે અને ત્યાંથી બડીબઠૈન સવા બે માઈલ છે. કુલ સાડા સાત માઈલનું અંતર છે.

**જાવગામ :**

શ્રીકૃષ્ણનો વેણુનાદ સાંભળી, ગોપીજનો તે દિશામાં ચાલતાં ચાલતાં શ્રીકૃષ્ણ પાસે આવ્યાં. ત્યારે શ્રીકૃષ્ણે પહેલાં તેમનું સ્વાગત કર્યુ અને પછી આજ્ઞા કરીઃ વ્રજમાં પાછાં જાવ. આવી આજ્ઞા આ સ્થળે થઈ હોવાથી ગામનું નામ જાવગામ પડ્યું છે. ગામ બહાર હજારો માણસો બેસી શકે એટલી વિશાળ ખુલ્લી જગ્યા છે. તેથી એમ કહેવાય છે કે હજારો ગોપીજનો અહીં એકત્ર થયાં હશે. વ્રજનાં બાર પ્રસિદ્ધ વડમાંનો એક જાવબટ અહીં છે. ગામની પાસે જાવક ઉપવન છે, જ્યાં શ્રીકૃષ્ણે શ્રીરાધાજીનાં ચરણારવિંદમાં પોતાના શ્રીહસ્તે જાવક (મેંદી) લગાવી, શૃંગાર કર્યો હતો.

અહીં કિશોરીકુંડ, ચીરકુંડ અને હિંડોળાનું સ્થાન છે. આસપાસ પીલુડીનાં વૃક્ષો મોટી સંખ્યામાં છે. ગામમાં મનિહારી કુંડ આવેલો છે, જ્યાં શ્રીકૃષ્ણે મનિહારી બનીને શ્રીસ્વામિ-નીજીને ચૂડીઓ પહેરાવી હતી. કુંડની પાસે શ્રીદાઉજી અને શ્રીરાધારમણજીનાં મંદિર છે. મંદિરની છત ઉપરથી આજુ-બાજુનું દૃશ્ય બહુ સુંદર લાગે છે.



કોકિલાવનની લીલા

## કૃષ્ણકુંડ :

જાવ ગામથી આગળ જતાં કૃષ્ણકુંડ, પાડરકુંડ, કિશોરકુંડ, નટકુંડ, લક્ષ્મીકુંડ વગેરે આવે છે. શ્રીકૃષ્ણે નટ બની, ભેંસા ઉપર ચડી, નટનો સામાન લઈ, પાંડરવનથી બરસાના પધાર્યા હતા. ત્યાં શ્રીરાધાજીને નટલીલા કરી બતાવી હતી. શ્રીરાધાજીએ તેમને ઓઢણી ઈનામમાં આપી. તે ઓઢી, નૃત્ય કરી બતાવ્યું હતું. અહીં તેમણે ભેંસા (પાડા)ને પાણી પાયું. માટે તે કુંડ પાડરકુંડ કહેવાય છે.

## કોકિલાવન :

સઘન વૃક્ષો અને મોર, કોયલ જેવાં પક્ષીઓથી કોકિલાવન ઘણું રળિયામણું લાગે છે. શ્રીકૃષ્ણ અહીં કોયલના અવાજ સાથે તેમનો સ્વર મિલાવી બોલ્યા હતા, તેથી આ વન કોકિલાવન કહેવાય છે. અહીં કોકિલાબિહારીજીનાં દર્શન છે. તેની પાસે ચતુરાનાગાની બેઠક છે. નજીકમાં કૃષ્ણકુંડ છે. થોડે દૂર પનિહારીકુંડ છે. બંનેની વચ્ચે શ્રીકહાપ્રભુજીની બેઠક છે. પનિહારીકુંડ ઉપર લલિતાકૂપ છે. તેના જળથી લલિતાજીએ શ્રીઠાકોરજીને સ્નાન કરાવી, યુગલસ્વરુપને શૃંગાર ધરી, વિવિધ પ્રકારની સામગ્રી આરોગાવી હતી. અહીં શ્રીસ્વામિનીજીની નિકુંજ છે. અહીં શ્રીઠાકોરજીએ હોળીખેલની લીલા પણ કરી હતી. કૃષ્ણકુંડના ઈશાન ખૂણામાં સૂર્યકુંડ છે.

## કોકિલાવનની રહસ્યલીલા :

કોકિલાવનમાં કોકિલાસખી રહે છે. એક વખતે શ્રીઠાકોરજી ગાયો ચરાવતા બપોરે અહીં પધાર્યા. કોકિલાસખીએ આગ્રહપૂર્વક વિનંતી કરી, પોતાને ત્યાં પધરાવ્યા. સુંદર સામગ્રીઓ આરોગાવી. શ્રીઠાકોરજીએ કોકિલાસખીના બધા મનોરથ પૂર્ણ કર્યા. કોકિલાસખીનો વર્ણ શ્રીઠાકોરજીના જેવો



કૃષ્ણકુંડની લીલા

શ્યામ છે અને કંઠ કોયલ જેવો મધુર છે, તેથી કોકિલાસખી શ્રીઠાકોરજીને ઘણાં પ્રિય છે.

કોકિલાવનમાં નિત્ય વસંત છે. ત્યાં પનઘટલીલા છે. હોળીખેલમાં શ્રીસ્વામિનીજી અહીં પધાર્યાં, ત્યારે શ્રીઠાકોરજીના કપોલ પર ગુલાલ લગાવી, કુંજમાં ભાગી ગયાં.

શ્રીગુસાંઈજીના સેવક એક વિરકત વૈષ્ણવ એક વખત કોકિલાવનમાં આવી ચઢ્યા. તેમણે રસોઈ કરી. તે દિવસે દોલોત્સવ હતો, પણ તે વાત ભૂલી ગયા. રસોઈ કરી રહ્યા પછી ઉત્સવ યાદ આવ્યો. તેથી ઘણા દુઃખી થયા. પછી કુંજની લતાઓમાં દોલ બાંધી, દોલોત્સવ કર્યો. શ્રીઠાકોરજીને ઝૂલાવ્યા. ત્રણેય ભોગમાં દાળ-બાટી આરોગાવી. તેમનો ભાવ જોઈ શ્રીઠાકોરજી ઘણા પ્રસન્ન થયેલા.

**શ્રીમહાપ્રભુજીની બેઠક :**

કૃષ્ણકુંડ ઉપર છોંકરના વૃક્ષ નીચે શ્રીમહાપ્રભુજીના બેઠકજી છે. તેઓ એક માસ સુધી અહીં બિરાજયા હતા. અહીં નિમ્બાર્ક સંપ્રદાયના સાધુ ચતુરાનાગા રહેતા હતા. તેમના એક હજાર નાગા સાધુ શિષ્યો હતા. શ્રીમહાપ્રભુજી અહીં બિરાજતા હતા ત્યારે તે સૌ શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા અને કહ્યુંઃ તમે વિષ્ણુસ્વામીમતના આચાર્ય છો. અમારા બધા સાધુઓને ભોજન કરાવો. શ્રીમહાપ્રભુજીએ તેમની ઈચ્છા સ્વીકારી. કૃષ્ણદાસ મેઘનને નંદગામ મોકલી, પાંચ શેર દૂધ મંગાવ્યું. વાસુદેવદાસ છકડાએ ખીર બનાવી. શ્રીમહાપ્રભુજીએ તે ખીરના વાસણ ઉપર દૃષ્ટિ કરી. પાંચ શેર દૂધની ખીર એક હજાર સાધુઓને ધરાઈ ધરાઈને ખવડાવી, તો પણ ઘટી નહિ. શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી તે ખીર બીજી હાંડીમાં ઠલવી, ત્યારે તે ઘટી. આ ચમત્કાર જોઈ, ચતુરાનાગાએ વિનંતી કરીઃ મને સેવક કરો. શ્રીમહાપ્રભુજીએ કહ્યુંઃ તમારો અંગીકાર મારા પૌત્ર કરશે. ચતુરાનાગાએ કહ્યુંઃ આ શરીરનો ભરોંસો શો? શ્રીમહાપ્રભુજીએ કહ્યુંઃ તમારુ આયુષ્ય દોઢસો વર્ષનું છે. હજી તમને ચાલીસ વર્ષ જ થયાં છે.

શ્રીમહાપ્રભુજીના પૌત્ર શ્રીગોકુલનાથજીના સમયમાં માળા-તિલકનો મોટો પ્રશ્ન ઊભો થયો. શ્રીગોકુલનાથજી તે વખતે મથુરા પધારતા હતા. રસ્તામાં ચતુરાનાગા સામે મળ્યા. શ્રીગોકુલનાથજીએ તેમને ઠપકો આપ્યો કે, અમે ગૃહસ્થ થઈને માળા ઉતારતા નથી, તમે વૈરાગી થઈને માળા ઉતારી, એ ઠીક કર્યુ નથી. ચતુરાનાગાની વિનંતીથી શ્રીગોકુલનાથજીએ તેમને સેવક કરી, માળા પહેરાવી. શ્રીગોકુલનાથજી જહાંગીરને મળવા કાશ્મિર પધાર્યા ત્યારે આ ચતુરાનાગા પણ તેમની સાથે, તેમની સેવામાં ગયા હતા. ચતુરાનાગાએ જતિપુરા પાસે ગોવિંદકુંડ ઉપર સમાધિ લીધી. ત્યાં તેમની સમાધિ આજે પણ છે.

**પાંડવગંગા :**

કોકિલાવનથી થોડે દૂર વૃક્ષોની વચ્ચે પાંડવગંગા છે. એમ કહેવાય છે કે વનવાસના સમયમાં અર્જુને તીર મારી, અહીં ગંગાજી પ્રકટ કર્યાં હતાં. પછી પાંડવોએ સતી દ્રૌપદી સાથે ગંગાજીનું પૂજન કરી સ્નાન કરી, ગૌદાન કર્યુ હતું. તેથી અહીં ગૌદાન કરવાનું માહાત્મ્ય છે. અહીં પાંડવોની ગુફા અને તેમની બેઠક છે. બાજુમાં કરાવવનમાં તેમના સેવેલા મહાદેવજી બિરાજે છે. પાંડવગંગામાં કમળ ઘણાં થાય છે.

## બડીબઠૈન

બડીબઠૈન અને છોટીબઠૈન એવાં બે ગામો પાસપાસે આવેલાં છે. બડીબઠૈનમાં બલભદ્રકુંડ, શ્રીદાઉજીનું મંદિર, જયવિજયકુંડ, સનતકુમારકુંડ, વેદોખર તથા વેદવિહારીજીનાં દર્શન છે. છોટીબઠૈનમાં ગોપાલકુંડ, ગેંદોખર આવેલાં છે.

એકવાર અહીં શ્રીઠાકોરજી અને બલદેવજી સખાઓ સાથે રમતા હતા, ત્યારે શ્રીઠાકોરજી અને શ્રીબલદેવજીએ સખાઓના બે ભાગ પાડ્યા. બંને અલગ અલગ પક્ષ બનાવી અહીં ખેલ્યા. શ્રીબલદેવજી મોટા હોવાથી તેમનો પક્ષ જયાં બેઠો એ બડીબઠૈન અને શ્રીઠાકોરજી નાના હોવાથી તેમનો પક્ષ જયાં બેઠો તે છોટીબઠૈન.

આ સ્થળની સુંદરતાનું એક પદ નીચે મુજબ છે. તેમાં સખી પોતાની બીજી બહેનપણીને કહે છે કેઃ બઠૈનમાં રહેવામાં ઘણું સુખ છે. અહીં એક જ દુઃખ છે, શ્રીઠાકોરજી અહીંથી

ઘણા દૂર છે.

ચલરી, સખી! નંદગામ જાઈ બસિએ,
ખિરક ખેલત વ્રજચંદ્રજૂ સોં હંસિએ...૧
બસત બઠૈન સબૈ સુખ માઈ,
એક કઠિન દુઃખ દૂર કન્હાઈ...૨
માખન ચોરત દૂર દૂર દેખોં,
અપુનો જન્મ સુફલ કર લેંખો...૩
જલચર લોચન છિનુ છિનુ પ્યાસા,
કઠિની પ્રીતિ **'પરમાનંદ દાસા'**...૪

**કોટવન :**

બડીબઠૈનથી છોટીબઠૈન પોણો માઈલ દૂર છે. ત્યાંથી ચરણગંગા લગભગ પોણા બે માઈલ દૂર છે. ત્યાંથી રાસૌલી દોઢ માઈલ દૂર છે અને ત્યાંથી કોટવન સવા બે માઈલ દૂર છે. આમ, કુલ અંતર સવા છ માઈલનું છે.



છોટી બઠૈનની લીલા

બડીબઠૈનથી કોટવન જવાનો એક બીજો રસ્તો પણ છે. તે ઘણો લાંબો છે. બડીબઠૈનથી છોટીબઠૈન અને ત્યાંથી ચરણગંગા થઈ કામરગામ જવાય છે. જે ચરણગંગાથી લગભગ પાંચ માઈલ દૂર છે. ત્યાંથી દુર્વાસા આશ્રમ પોણો માઈલ દૂર છે. ત્યાંથી રાસૌલી ચાર માઈલ દૂર છે. રાસૌલીથી કોટવન સવા બે માઈલ છે. આમ, આ બીજો રસ્તો સવા તેર માઈલનો છે.

**છોટીબઠૈન :**

અહીં કૃષ્ણકુંડ અને બલભદ્રકુંડ છે. શ્રીસાક્ષીગોપાલનાં દર્શન છે. શ્રીકૃષ્ણ-બલદેવની બેઠક અને ગાયોની ખિરક છે. ત્યાંથી આગળ ચરણપહાડી ઉપર શ્રીકૃષ્ણ-બલદેવ અને શ્રીરાધાજીનાં ચરણચિહ્ન છે. સૂર્ય, ચંદ્ર, ગાય, ઘોડાની ખરી અને હાથીનાં પગલાંનાં ચિહ્નો પણ છે. અહીં પ્રૌઢાનાથજી શ્રીઠાકોરજીનાં દર્શન છે.

એમ કહેવાય છે કે અહીં શ્રીઠાકોરજીએ સ્વહસ્તે દધિમંથન કર્યું હતું અને સખીઓને માખણ-મિસરી આરોગાવી હતી.

**ચરણગંગા :**

એક વખત શ્રીકૃષ્ણે ગોપવેશ ધારણ કરી, આ ચરણપહાડીને ગોવર્ધનપર્વતની જેમ ઉપાડી હતી. ત્યારે બધા સખાઓએ શ્રીકૃષ્ણનાં ચરણકમળ ધોઈને, પૂજન કર્યું હતું. તે સ્થાન ઉપર બનેલો કુંડ ચરણકુંડ અથવા ચરણગંગા કહેવાય છે.

**રાસૌલી :**

ચરણગંગાથી આગળ જતાં રાસૌલી ગામ આવે છે. ત્યાં રાસકુંડ, રાસચોતરો અને હિંડોળાનું સ્થાન છે. શ્રીકૃષ્ણે શંખચૂડને અહીં માર્યો હતો. અહીં એક તળાવ છે. તેની પાસે કદંબના વૃક્ષ નીચે શ્રીનાથજીની બેઠક છે. છોંકરના વૃક્ષ નીચે એક ચોતરો છે, તેના ઉપર શ્રીગોકુલનાથજીની બેઠક છે. અહીં શ્રીગોકુલનાથજીએ શ્રીભાગવતપારાયણ કર્યું હતું. કલ્યાણ ભટ્ટને ભ્રમરગીતનાં સુબોધિનીજી સંભળાવ્યાં હતાં. આગળ જતાં શ્યામતમાલના એક વૃક્ષના મૂળમાં શ્રીઠાકોરજીનાં ચરણચિહ્નનાં દર્શન થાય છે.

**કામરૂગામ :**

કામરૂગામ એક બાજુએ રહી જાય છે. યાત્રામાં આવતું નથી. ગામની આસપાસ આવેલા વનને કામરવન કહેવામાં

આવે છે. શ્રીકૃષ્ણની કામરી અહીં ખોવાઇ હતી. તેથી આ ગામનું નામ કામર પડ્યું છે.

કામરવનથી પૂર્વ દિશાએ **વિહારવન** છે. ત્યાં નાનાં નાનાં વૃક્ષો છે. પાંચથી દસ વૃક્ષોનું એક જૂથ, એવાં અનેક જૂથ છે. તેની નીચી ઘટા જમીનને સ્પર્શ કરે છે. વન ઘણું મોટું છે. અહીં શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકોરજીનાં દર્શન માટે એકાંતમાં પ્રાર્થના કરી હતી. અહીં શ્રીઠાકોરજીની કામર ખોવાઇ હતી, તે જડી નહિ, એટલે શ્રીઠાકોરજી શ્રીયશોદાજી પાસે બાલભાવથી રડી પડ્યા હતા. આ કામરી ખોવાયાથી ગોપીજનોએ શ્રીઠાકોરજીની હાંસી કરી, ત્યારે શ્રીઠાકોરજીએ તેનો જવાબ નીચેના પદમાં આપ્યો હતો.

*યહ કમરી કમરી કર જાનત,*
*જાકી જિતની બુદ્ધિ હૃદયમેં સો તિતની અનુ માનત...૧*
*યા કમરી કે એક રોમ પર વારોં કોટિન અંબર,*
*સો કમરી તુમ નિદંત ગોપી, તીન લોક આડંબર...૨*
*કમરી કે બલ અસુર સંહારે, કમરી તેં સબ ભોગ,*
*જાત પાંત કમરી હે મેરી, '**સુર**' સબહી સહયોગ...૩*

એક સખી શ્રીઠાકોરજીની ખોવાયેલી કામર લઇને આવી. તેથી તે સખીનું નામ કામરીસખી પડ્યું. અહીં કામરીસખીનો કુંડ છે.

અહીં કદંબખંડીની વચ્ચે ચાર સરોવર અને વચ્ચે ચાર કુંડ છે. શ્રીઠાકોરજી અહીં રડ્યા હતા, તેથી આ કુંડને રોમરે કૃષ્ણ કુંડ પણ કહે છે. અહીં પાંચ રાસચોતરા છે. ગામની પાસે અર્ધચંદ્રાકાર કુંડ અને મોહનકુંડ છે. જે બંને અંદરથી એક છે. અહીં શ્રીમોહનજીનું મંદિર છે. તે સ્વરૂપ મોહન-કુંડમાંથી શ્રીગુસાંઇજીના પ્રથમ પુત્ર શ્રીગિરિધરજીને મળ્યું હતું. તેના ભોંયરામાં શ્રીગિરિધરજીની બેઠક છે. તેની માલિકી ત્યાંના મહંતની છે.

વિહારવન અને વિહારકુંડની પાસે સૂર્યકુંડ છે, શ્રીસ્વામિ-નીજી અહીં ફૂલ વીણવા આવેલાં. ત્યારે શ્રીઠાકોરજી મોરનું સ્વરૂપ લઇને પધારેલા. શ્રીસ્વામિનીજીએ બનાવેલી ફૂલમાળા મોર સ્વરૂપે શ્રીઠાકોરજીએ તોડી નાખેલી. ત્યારે શ્રીઠાકોરજીનાં દર્શન કરી, શ્રીસ્વામિનીજી દેહનું ભાન ભૂલી ગયાં હતાં. શ્રીલલિતાજીએ કીર્તિજીને સમાચાર આપ્યા કે રાધાજીને સર્પે ડંખ માર્યો છે. તેથી બેભાન થયાં છે. ઘણા ઉપચાર કર્યા પણ શ્રીરાધાજી ભાનમાં ન આવ્યાં, ત્યારે શ્રીઠાકોરજી ગારુડીનું સ્વરૂપ લઇને પધાર્યા અને શ્રીરાધાજીને ભાનમાં લાવ્યા. અહીં સૂર્યકુંડ ઉપર આ લીલા થઇ, તેથી કેટલાક સૂર્યકુંડને સર્પકુંડ પણ કહે છે.

અહીંથી આગળ જતાં દુર્વાસાકુંડ આવે છે. પાસે દુર્વાષાઋષિનું મંદિર છે. તે પહેલાં માર્ગમાં હરિકુંડ અને ગોપીકુંડ પણ આવે છે.

**દેહગામ :**

કામરગામની બાજુમાં દેહગામ આવેલું છે. તેને દધિગામ પણ કહે છે. શ્રીકૃષ્ણે અહીં દહીં વલોવવાની લીલા કરી હતી. તેથી ગામનું નામ દધિગામ છે. અહીં દધિકુંડ, દધિહારીદેવીનું મંદિર તેમજ શ્રીવ્રજભૂષણજીનું મંદિર છે. એમ કહેવાય છે કે શ્રીસૂરદાસજીએ આ જ સ્થળે શ્રીઠાકોરજીની લીલાનાં સવા લાખ પદ રચવાનો સંકલ્પ કર્યો હતો. તે સવા લાખ પદની પોથી અહીંના મંદિરમાં ઘણાં વર્ષો પહેલાં હતી, તેનો આજે પત્તો નથી. ત્યાંથી આગળ જતાં ભામિનીકુંડ આવે છે. ત્યાં એક કદંબનું વૃક્ષ છે. તેનું થડ પખાવજનાં ઘાટનું છે. વળી, બે કદંબનાં વૃક્ષોના મૂળમાં શ્રીકૃષ્ણ-બળદેવજીના મુગુટનાં દર્શન થાય છે. અહીં શ્રીઠાકોરજીએ રાસ કરેલો. ત્યાં કંકણકુંડ છે. શ્રીઠાકોરજીએ વેણુનાદ કરી, દૂર ગયેલી ગાયોને નામ લઇ લઇને બોલાવેલી. અહીં શૃંગારમંદિર તથા ગોપીજનોનાં સાત રમણમંડળ છે.

## કોટવન

પ્રાચીન ગ્રંથોમાં કોટવનને કોટિબન કહ્યું છે. સઘન વૃક્ષોની વચ્ચે શ્રીકૃષ્ણે અહીં લતા-પતાનો કોટ બનાવી, તેમાં લીલા કરી હતી. તેથી આ સ્થળનું નામ કોટવન પડ્યું.

એક બીજી કથા પ્રમાણે, એક દિવસ શ્રીયશોદાજીએ શ્રીકૃષ્ણને કહ્યું: લાલા, મેં સાંભળ્યું છે કે તું ગોપીઓની સાથે રાસલીલા કરે છે. મને પણ એક દિવસ તારો રાસ બતાવ. શ્રીકૃષ્ણે વિચાર કર્યો કે માતાના દેખતાં ગોપીઓ મારી સાથે રાસ ન કરે. એટલે શ્રીકૃષ્ણે પોતાની ઇચ્છાશક્તિથી અહીં અનેક ચોક બનાવી, પોતાની કોટિલીલાનાં દર્શન માતાને કરાવ્યાં. તેથી આ વનનું નામ કોટવન પડ્યું. અહીં છોંકર, કદંબ અને બોરડીનાં વૃક્ષો વધારે છે. અહીં રાસચોતરો છે. અહીં શીતલકુંડ છે. શ્રીયશોદાજી નંદગામથી શ્રીકૃષ્ણની લીલાનાં દર્શન કરવા અહીં પધાર્યાં, ત્યારે ઘણાં શ્રમિત થયાં. તેમણે આ કુંડમાં સ્નાન કરતાં શીતળતા થઇ. માટે આ કુંડનું નામ શીતલકુંડ પડ્યું. શીતલકુંડ ઉપર શ્યામતમાલના વૃક્ષ નીચે શ્રીઠાકોરજીની બેઠક છે.

કોટવન ગામની ઉત્તરે સૂર્યકુંડ છે. ત્યાં યશોદાજીએ કરોડો સૂર્યોને શ્રીકૃષ્ણની સ્તુતિ કરતા જોયા, માટે તે કુંડનું નામ સૂર્યકુંડ પડ્યું.

**શ્રીગુસાંઇજીની બેઠક :**

શીતલકુંડની પાસે છોંકરના વૃક્ષ નીચે આ બેઠક છે. મકાન સારું અને સગવડભર્યુ છે. અહીં શ્રીગુસાંઇજીએ શ્રીભાગવત-પારાયણ કર્યુ હતું. ગોવિંદસ્વામી સાથે હતા. એક દિવસ મધરાતે શ્રીગુસાંઇજીએ ગોવિંદસ્વામીને આજ્ઞા કરી કે અત્યારે કદંબખંડીમાં કઇ લીલા થઇ રહી છે, તે જોઇ આવીને મને કહો. ગોવિંદસ્વામી ત્યાં ગયા. ત્યાં યુગલસ્વરૂપ વિહાર કરી રહ્યા હતા. શ્રીઠાકોરજીએ આનંદના આવેશમાં શ્રીસ્વામિનીજીનો મોતીનો હાર તોડી નાખ્યો. બધાં મોતી જમીન ઉપર વેરાઇ ગયાં. શ્રીઠાકોરજીએ બધાં મોતી એકઠાં કરી, ફરી હાર પરોવી, શ્રીસ્વામિનીજીને પહેરાવ્યાં. શ્રીગુસાંઇજીની કૃપાથી ગોવિંદસ્વામીને અહીં આ લીલાનાં દર્શન થયાં. તેમણે નીચેનું પદ ગાયું.

*કદંબ બન બીથિન કરત બિહાર,*
*અતિ રસભરે મદન મોહન, પ્રિય તો રયો પિતા ઉરહાર...૧*
*કનક ભૂમિ બિથુરે ગજ મોતી, કુંજ કરી કે દ્વાર,*
*'ગોવિંદ' પ્રભુ શ્રીહસ્તસોં, પોહન સુંદર બ્રજરાજ...૨*

# શેષશાયી

કોટવનથી બે માઇલ દૂર ચમેલીવન છે. ત્યાંથી દોઢ માઇલ હતનોગામ છે. ત્યાંથી સવા બે માઇલ શેષશાયી છે. કોટવનથી શેષશાયીનું કુલ અંતર પોણા છ માઇલ છે.

**ચમેલીવન :**

ચમેલીવનને ભુલનવન પણ કહે છે. ત્યાં ભુલાવનો ગામ છે. કોટવનથી ગામ બહાર નીકળી, રેલ્વેની સડક ઓળંગીને, પાટે પાટે ચાલીને જતાં આ વન આવે છે. અહીં અત્યંત સઘન વન હોવાથી ભૂલા પડવાનો સંભવ છે. અનેક પ્રકારનાં વૃક્ષોની અવર્ણનીય શોભા છે. સમસ્ત વ્રજમાં આવી સુંદરતા બહુ ઓછાં સ્થાનોએ છે. કેટલાંક વૃક્ષોને વેલીઓ વીંટળાયેલી છે. કેટલાંક વૃક્ષોની ઉપર વેલીઓ ઝૂલતી હોય તેવું લાગે છે.

અહીં ચમેલીકુંડ, શ્યામકુંડ, લક્ષ્મીકુંડ, રામકુંડ, સીતાકુંડ, લક્ષ્મણ કુંડ, હનુમાનકુંડ, ગોપાલકુંડ, રાસકુંડ વગેરે ઘણા કુંડો આવેલાં છે. હનુમાનજીનું એક મંદિર પણ છે. આ વનમાં વાનરોની સંખ્યા ઘણી છે. વન લગનગ છથી આઠ માઇલના ઘેરાવામાં છે. વૃક્ષોના ઘેરાવાને લીધે અહીં અનેક નિકુંજોનાં દર્શન થાય છે. ગરમીની મોસમમાં પણ અહીં ભરપૂર શીતળતાનો અનુભવ થાય છે. વનની બહાર નીકળતાં શ્રીયમુનાજીની નવી નહેર આવે છે. તેના ઉપર પુલ છે. પુલ ઉપરથી આગળ જતા વિજયગઢ અને વિજયકુંડ આવે છે. અહીં કામદેવે કૃષ્ણનો વિજય સ્વીકાર્યો હતો.

આગળ જતાં હતનો ગામ આવે છે. કામદેવ અહીં હતાશ થયા હતા, માટે તેનું નામ હતનો ગામ પડ્યું. ત્યાં રતિકુંડ અને હરિહરકુંડ છે. ત્યાંથી આગળ જતાં શ્રીયમુનાજીની મોટી નહેર આવે છે. તેના ઉપર શેષશાયી પૂલ છે, તે ઓળંગી આગળ જતાં શેષશાયી ગામ આવે છે.



ચમેલીવનની લીલા

આવાં દર્શન કરી, ગોપીજનોએ શ્રીઠાકોરજીના શ્રીઅંગ ઉપર ચંદન સમર્પી, ખીરનો ભોગ ધર્યો. પછી વ્રજભક્તોએ વિનંતી કરી કે, અમારે વધારે સમય આ લીલાનાં દર્શન કરવાં નથી. હવે અમને વ્રજલીલાનાં દર્શન કરાવો.

શ્રીલક્ષ્મીનારાયણના મંદિર આગળ ફાગણ સુદ અગિયારસે અને જેઠ સુદ અગિયારસે મોટા મેળા ભરાય છે. આજુબાજુનાં ગામોમાંથી લાખ્ખોની સંખ્યામાં લોકો આવે છે. ક્ષીરસાગરમાં સ્નાન કરી, શ્રીશેષશાયી ભગવાનનાં દર્શન કરે છે.

અહીંથી પાછા વળતાં શ્રીયમુનાજીની નહેર ઉપર શેષશાયી પૂલ આવે છે. પૂલ પાસેથી બે રસ્તા જાય છે. એક રસ્તો હતાનો ગામ અને નંદનવન-ચંદનવન થઇ કોસી જવાય છે. તેનું અંતર વધારે છે. બીજો રસ્તો શ્રીયમુનાજીની નહેરના



શેષશાયીની લીલા

**શેષશાયી :**

અહીં ક્ષીરસાગર નામનો મોટો કુંડ છે. કિનારા ઉપર શેષશાયીનું વિશાળ મંદિર છે. તેને કેટલાક લોકો લક્ષ્મીનારાયણનું મંદિર પણ કહે છે. તેમાં શેષનાગ ઉપર શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ કરેલા પ્રભુ પોઢ્યા છે. લક્ષ્મીજી ચરણસેવા કરે છે. નાભિકમળમાંથી બ્રહ્માજી પ્રગટ થયા છે. આવાં દર્શન થાય છે.

એક વખત વ્રજવાસીઓએ શ્રીકૃષ્ણને વિનંતી કરી કેઃ ક્ષીરસાગરમાં શ્રીલક્ષ્મીનારાયણ બિરાજે છે, તેમનાં અમને દર્શન કરાવો. ત્યારે શ્રીબળદેવજી શેષનાગરૂપ થયા. તેમના ઉપર શ્રીકૃષ્ણ ચતુર્ભૂજ બની, શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ કરી પોઢ્યા. લક્ષ્મીરૂપા શ્રીસ્વામિનીજી તેમની ચરણસેવા કરવા લાગ્યાં. ભગવાને નાભિકમળમાંથી બ્રહ્માજીને ઉત્પન્ન કર્યા.

કિનારે સીધો કોસી જાય છે. નંદનવન-ચંદનવન થઇ કોસી જઇએ તો કુલ સાડા પાંચ માઇલનું અંતર થાય છે.

નહેરને કિનારે કિનારે આગળ જતાં, જયાં શ્રીબળદેવજીએ ગાયો ચરાવી હતી, તે સ્થળ આવે છે. તે સ્થાન બરસાનાના ગહવરવન કે ચમેલીવન જેવું લાગે છે. શ્રીયમુનાજીને લઇને અતિશય શીતળતા છે.

**કોસી :**

કોસીનું પ્રાચીન નામ કુશસ્થલી છે. વ્રજમાં બધાં તીર્થોના નિવાસ છે. તે અનુસાર કોસી ગામ વ્રજની દ્વારકાપુરી છે. આ ગામ મથુરા-દિલ્હી રોડ ઉપર મથુરાથી છવ્વીસ માઇલના અંતરે આવેલું છે. હાઇ-વે ઉપર હોવાથી ગામનું ઘણું મહત્ત્વ છે. વેપાર-ઉદ્યોગ ઘણા છે. અહીં રત્નાકર કુંડ, માયાકુંડ, વિશાખાકુંડ અને ગોમતીકુંડ છે. ગોમતીકુંડ પાસે એક મોટું તળાવ છે. તેના સુંદર ઘાટ ઉપર શ્રીગિરિરાજજી બિરાજે છે. ત્યાં મથુરાવાળા ગો.શ્રીપુરુષોત્તમલાલજી મહારાજની બેઠક છે. ગામમાં શ્રીદાઉજી અને શ્રીસત્યનારાયણનાં મંદિર છે. અહીં ફૂલડોલ અને દશેરા ઉપર મોટા મેળા ભરાય છે. દશેરાના દિવસે રાવણવધ કરવામાં આવે છે. અહીં ગરમ અને સુતરાઉ કાપડની ચીજ વસ્તુઓ સારી મળે છે.

**કોસીની રહસ્યલીલા :**

એક વખત સૂર્યગ્રહણ નિમિત્તે દ્વારકાધીશ શ્રીકૃષ્ણ તેમનાં સોળહજાર એકસો આઠ પટરાણીઓ સાથે કુરુક્ષેત્ર પધાર્યા. વ્રજમાંથી શ્રીરાધાજી સહિત બધાં વ્રજભક્તો પણ ત્યાં પધાર્યા હતાં. સૌ ત્યાં મળ્યાં. શ્રીરાધાજી અને શ્રીરુક્મિણીજીએ શ્રીકૃષ્ણનો એક એક હાથ પકડ્યો. શ્રીરુક્મિણીજીને લાગ્યું કે રાધાજી મારા પતિને વ્રજમાં લઇ જશે, એટલે તેમની દિશામાં શ્રીકૃષ્ણને ખેંચવા લાગ્યાં. આથી શ્રીકૃષ્ણે બે સ્વરૂપ ધારણ કર્યાં. એક સ્વરૂપે શ્રીરુક્મિણીજી સાથે પધાર્યા, બીજા સ્વરૂપે શ્રીરાધાજી સાથે વ્રજમાં પધાર્યા. વ્રજમાં અહીં કુશસ્થલીમાં શ્રીરાધાજીએ વિનંતી કરીઃ આપની દ્વારકાનગરી મને દેખાડો. ત્યારે શ્રીકૃષ્ણે અહીં દ્વારકાની રચના કરી. ગોમતીજી સહિત દ્વારકા બતાવી. પોતે ચતુર્ભુજ સ્વરૂપે દર્શન આપ્યાં. ત્યારે શ્રીરાધાજીએ કહ્યુંઃ અમે તો બે ભુજાવાળા શ્રીકૃષ્ણથી રાજી છીએ. અમારે ચતુર્ભુજ સ્વરૂપ જોઇતું નથી. તેથી શ્રીકૃષ્ણ દ્વિભૂજ બનીને અહીં બિરાજયા.

# પૈ ગામ

શેષશાયીથી બુખરારી પોણા ચાર માઇલ છે. ત્યાંથી પૈ ગામ ત્રણ માઇલ છે. કુલ પોણા છ માઇલનું અંતર છે. પૈ ગામ જવાનો એક બીજો રસ્તો પણ છે. શેષશાયીથી નંદનવન-ચંદનવન દોઢ માઇલ છે. ત્યાંથી ફાલેન ગામ પોણા ચાર માઇલ છે. ત્યાંથી પૈ ગામ પોણા બે માઇલ છે. કુલ અંતર સાત માઇલનું થાય છે.

એકવાર શ્રીકૃષ્ણ સખાઓ સાથે ખેલનવનમાં ખેલતા હતા. ત્યારે શ્રીકૃષ્ણને ઘણી ભૂખ લાગી . એટલે સખાઓએ ગાયોનું દૂધ દોહી, શ્રીકૃષ્ણને આરોગાવ્યું. તેથી આ ગામનું નામ પયગામ પડ્યું. તેનો અપભ્રંશ પૈગામ થયું.

**પી ગયો મોહન પય પય પય,**
**મોં મટકાય બાંકી ચાલ ચલાય,**
**પી ગયો મોહન પય પય પય.**

શ્રીકૃષ્ણને આરોગતાં પ્રસાદી દૂધ નીચે પડ્યું. તેનું પય સરોવર થયું. અહીં સુંદર કદંબખંડી છે. વૃક્ષોની ઘટા વચ્ચે પય સરોવર છે. અહીં દૂધનું દાન અપાય છે. પયબિહારીજીનાં દર્શન છે. ગોપાલકુંડ અને ગોપીકુંડ નામના બે કુંડ છે. ગોપાલકુંડ ઉપર શ્રીરાધારમણનું અને ગામમાં શ્રીચતુર્ભુજજી અને શ્રીદાઉજીનાં મંદિર છે. આ ગામ ચતુરાનાગાનું જન્મસ્થાન છે.

**ફાલૈન :**

કોસીથી પૈ ગામ જવાના રસ્તેથી થોડે દૂર આ ગામ છે. અહીં ફાગણ સુદ પૂનમે હોલિકા દહનનો મોટો મેળો ભરાય છે. તે જોવા દૂર દૂરથી લોકો આવે છે. અહીંના પુજારીઓ સળગતી હોળીની જવાળાઓમાં ખુલ્લા શરીરે ચાલે છે. અહીં પ્રહલાદ્ કુંડ છે.

ચાલી નીકળી. પ્રભુને આરોગાવવાનો મનોરથ કરતી, આનંદમાં ને આનંદમાં ચાલવા લાગી. રસ્તો ભૂલી ગઈ, એટલે 'શ્યામ, શ્યામ' કહી પોકારવા લાગી. ત્યારે શ્રીકૃષ્ણે એક વૃક્ષ ઉપર ચઢી, બંસી બજાવી. પરિણામે બંસીના અવાજની દિશામાં તે સખી ચાલતાં ચાલતાં શ્રીકૃષ્ણ પાસે આવી. શ્રીકૃષ્ણે પૂછ્યુંઃ તું મારા માટે શું લાવી છે? સખીએ કહ્યુંઃ હું છાક લાવી છું. શ્રીકૃષ્ણે કહ્યુંઃ એ તો મારાં મૈયાએ મોકલ્યું છે, તારું શું લાવી છે? સખીએ કહ્યુંઃ હું મારું સર્વસ્વ લાવી છું. શ્રીઠાકોરજી તેના ઉપર પ્રસન્ન થયા. તેને એકાંત કુંજમાં લઈ જઈ, તેના સર્વ મનોરથ પૂર્ણ કર્યા. પછી તે ભૂલી ન પડે એટલા માટે પોતે તેને મૂકી આવ્યા. આ લીલાનાં બે પદો નીચે મુજબ છે.

(રાગઃ સારંગ)

*તુમકોં ટેર ટેર મેં હારી,*
*કહાં જો રહે અબલોં મનમોહન, લેહો ન છાક તુમ્હારી...૧*
*ભૂલી પરી આવત મારગમેં, કહોહું ન પેંડો પાયો,*
*બૂઝત બૂઝત યહાં લોં આઈ, તવ તુમ વેણુ બજાયો...૨*
*દેખો મેરે અંગકે પસીના, ઉરકો અંચલ ભીનો,*
*__'પરમાનંદ'__ પ્રભુ પ્રીતિ જાનકે, ધાય આલિંગન કીનો...૩*

(૨)

*આગે આઉ છકહારી,*
*જબ તુમ ટેરે તબ મેં, બોલી સુની ન ટેર તિહારી...૧*
*મૈયા છાક સવારે પઠઈ, તૂં કિત રહી અવારી,*
*અહો ગોપાલ ગેલ હોં ભૂલી, મધુરે બોલન પર વારી...૨*
*ગોવર્ધન ઉદ્ધરણ ધીરસોં, પ્રીતિ બઢી અતિ ભારી,*
*__'જનભગવાન'__ મગ્ન ભઈ ગ્વાલિની, તનકી દશા બિસારી...૩*

**શેરગઢ :**

શેરગઢ નામના મોટા ગોપનું આ ગામ છે. અહીં શ્રીદાઉજીએ રાસ કર્યો, ત્યારે મસ્તકે સહેરો ધારણ કર્યો હતો, તેથી તેનું નામ શેરગઢ પડ્યું એમ કહેવાય છે. ગોપીજનોએ અહીં શ્રીકૃષ્ણને સહેરાનો શૃંગાર ધરી, જુદી જુદી સામગ્રીઓનો ભોગ ધરી આરતી કરી, માટે તેનું નામ શેરગઢ પડ્યું, એમ પણ કહેવાય છે.

ઈતિહાસ પ્રમાણે શેરશાહ નામના બાદશાહે આ ગામ વસાવ્યું હોવાથી તેનું નામ શેરગઢ પડ્યું. અહીં શેરગઢ ગામનો જુનો કિલ્લો તૂટેલી હાલતમાં છે.

ગામમાં શ્રીદાઉજી, શ્રીધર્મરાયજી, શ્રીગોપીનાથજી, શ્રીરાધારમણજી, શ્રીમદનમોહનજી, શ્રીરાધાકૃષ્ણ અને શ્રીસાક્ષીગોપાલનાં મંદિરો છે. ગામ બહાર બલભદ્ર કુંડ અને રાધાકુંડ નામના બે કુંડ છે. ગામમાં દશેરાએ રાવણવધ અને બીજા દિવસે ભરતમિલાપની રામલીલા થાય છે. અહીં ઘોડાનાં જીન, સુતરાઉ કાપડ, હાથ કારીગરીની વસ્તુઓ વગેરે સારા પ્રમાણમાં મળે છે.

શ્રીમહાપ્રભુજીના સેવક ત્રિપુરદાસ કાયસ્થ આ શેરગઢ ગામના વતની હતા. તેઓ શ્રીનાથજીને કદી પીઠ થાય એમ બેસતા કે ઉઠતા નહિ. તેઓ શ્રીનાથજીનાં ચરણોદક અને મહાપ્રસાદ લીધા વિના જલપાન કે ભોજન કરતા નહિ.

શ્રીમહાપ્રભુજીને અડેલ પાસે આવેલા કડા ગામમાંથી શ્રીઠાકોરજીનું એક પ્રાચીન સ્વરૂપ પ્રાપ્ત થયું. તેમની પૂજા ગામલોકો કલ્યાણી દેવી તરીકે કરતાં હતાં. શ્રીમહાપ્રભુજીએ તે સ્વરૂપ તેમના સેવક બાબા વેણુ, કૃષ્ણદાસ અને યાદવદાસને પધરાવી આપ્યું. શ્રીઠાકોરજીનું નામ શ્રીકલ્યાણરાયજી પડ્યું. તે સ્વરૂપ શ્રીગુસાંઈજીએ તેમના છઠ્ઠા લાલજી શ્રીયદુનાથજીને પધરાવી આપ્યું. આ સ્વરૂપ ઘણાં વર્ષો સુધી શેરગઢમાં બિરાજ્યું હતું. સંવત ૧૯૬૭માં આ સ્વરૂપ વડોદરા પધાર્યું.

શ્રીમહાપ્રભુજીના સેવક દામોદરદાસની માતા વીરબાઈ પણ અહીંના વતની હતા. તેમણે તેમના ઠાકોરજી શ્રીકપૂરરાયજીની સેવા સુવાવડના દિવસોમાં પણ કરી હતી. તે સ્વરૂપ પણ હાલ વડોદરામાં શ્રીકલ્યાણરાયજીની સાથે બિરાજે છે.

## ચીરઘાટ

શેરગઢથી રામઘાટ દોઢ માઈલ છે. ત્યાંથી અડધો માઈલ વિલાસવન છે. ત્યાંથી એક માઈલ વિહારવન છે. વિહારવનથી કથરોટા બે માઈલ છે. ત્યાંથી અડધો માઈલ અક્ષયવટ છે.



ચીરઘાટની લીલા

ત્યાંથી ચીરઘાટ દોઢ માઈલ છે. કુલ અંતર સાત માઈલનું થાય છે.

**રામઘાટ :**

શેરગઢથી શ્રીયમુનાજીના કિનારે આગળ જતાં રામઘાટ આવે છે. ત્યાં વિલાસવન છે.

એક વખત શ્રીબળદેવજી તેમના ભકતો સાથે ત્યાં રાસ કરવા પધાર્યા, ત્યારે શ્રીયમુનાજીએ કહ્યું કે : તમે રાસના અધિપતિ નથી, શ્રીઠાકોરજી રાસના અધિપતિ છે. એટલે તમને આ લીલા શોભતી નથી. આ સાંભળી શ્રીબલદેવજીને ઘણો ગુસ્સો આવ્યો. તેઓ હળ લઈને દોડ્યા. શ્રીયમુનાજીના વહેતા પ્રવાહને ઉલટી દિશામાં ખેંચ્યો. ત્યારથી આ સ્થળે શ્રીયમુનાજીનો પ્રવાહ વાંકો દેખાય છે. અહીં શ્રીગોરેદાઉજી (ગૌરસ્વરૂપ)નાં દર્શન છે. શ્રીકમલેશ્વર મહાદેવનાં પણ દર્શન છે.

અહીંથી આગળ વિહારવનમાં વિહારકુંડ છે. ત્યાં એક ચોતરા ઉપર શ્રીઠાકોરજીની બેઠક અને ગૌશાળા છે. ત્યાંથી આગળ જતાં **ભૂષણવન, નિવારણવન અને ગુંજાવન** આવે છે. ભૂષણવનમાં ગોપીજનોએ શ્રીઠાકોરજીને ફૂલના શૃંગાર કર્યા હતા. અને શ્રીઠાકોરજીએ ગોપીજનોને શૃંગાર કર્યા હતા. પછી સૌ વિહાર કરતા કરતાં નિવારણવનમાં પધાર્યા. ત્યાં શૃંગાર વડા (નિવારણ) કર્યા. વળી, અહીં નિવાર નામનાં ફૂલો ઘણાં થાય છે. આ બે કારણથી આ વનનું નામ નિવારણવન પડ્યું છે.

ગુંજાવનમાં ચણોઠીનાં ઘણાં વૃક્ષો છે. ગોપીજનોએ અહીં ગુંજાની માળા બનાવી, શ્રીઠાકોરજીને ધરી હતી. શ્રીગુસાંઈજીના ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણજીને અહીંથી જ તેમના સેવ્ય શ્રીઠાકોરજી શ્રીદ્વારકાધીશજીનાં સ્વામિનીજીનું સ્વરૂપ પ્રાપ્ત થયું હતું.

આ ત્રણેય વનોને શ્રીયમુનાજીના પ્રવાહે અલગ પાડ્યાં છે.

**બ્રહ્મઘાટ :**

ત્યાંથી આગળ જતાં બ્રહ્મઘાટ આવે છે. અહીં બ્રહ્માજીએ તપ કરી, તેમણે વત્સહરણ કરવાનો ભગવાનનો જે દોષ કર્યો હતો, તેની ક્ષમા માગી હતી.

**અક્ષયબટ :**

ત્યાંથી આગળ જતાં અક્ષયબટ આવે છે. પ્રાચીન વડ સૂકાઈ જતાં ત્યાં બીજો વડ વાવવામાં આવ્યો છે. અહીં સાત ગોપીઓએ મળીને શ્રીઠાકોરજીને શૃંગાર ધરાવ્યા હતા. શ્રીઠાકોરજીએ અહીં ઘણી લીલા કરેલી.

ત્યાંથી આગળ જતાં શ્રીરાધાજીનું મંદિર આવે છે. તેમાં સ્ફટિક મણિ જેવા શાલિગ્રામજી બિરાજે છે.

**ચીરઘાટ :**

અહીં શ્રીનંદરાયજીના ત્યાં સેવા કરતાં કુમારિકાઓએ કાત્યાયની દેવીનું વ્રત કર્યું હતું. સૌએ હેમંતઋતુના પ્રથમ માસ - માગસર મહિનામાં અહીં નિત્ય શ્રીયમુનાસ્નાન કરી, કાત્યાયનીદેવીની મૂર્તિ બનાવી, તેમનું પૂજન કરી, તેમને પ્રાર્થના કરી હતી કે હે મહામાયા! હે મહાયોગિની! હે દેવી કાત્યાયની! નંદનંદન શ્રીકૃષ્ણને અમારા પતિ બનાવો. અમે આપને નમન કરીએ છીએ.

આમ, એક માસ સુધી વ્રત કર્યું. એક માસ બાદ તેઓ વસ્ત્રો ઉતારી, શ્રીયમુનાજીમાં સ્નાન કરવા ઉતર્યાં, ત્યારે

શ્રીઠાકોરજી ત્યાં પધાર્યા. તેમનાં બધાં વસ્ત્રો કિનારા પરથી લઇ, કદંબના વૃક્ષ ઉપર મૂકી, તેઓ પણ કદંબના વૃક્ષ ઉપર જઇને બિરાજ્યા. સ્નાન કર્યા બાદ કુમારિકાઓએ વસ્ત્રો મેળવવા ઘણી પ્રાર્થના કરી. છેવટે શ્રીઠાકોરજીની આજ્ઞા પ્રમાણે નિરાવરણ શરીરે જળમાં સ્નાન કરવાના અપરાધની ક્ષમા માગી. ત્યારે શ્રીઠાકોરજીએ શરદઋતુની પૂનમે તમારો મનોરથ સિદ્ધ થશે એવું વરદાન આપ્યું. આ લીલાને વ્રતચર્યાલીલા કહેવાય છે. તેનાં ઘણાં પદો છે, તેમાંથી કેટલાંક નીચે પ્રમાણે છે.

(રાગ: રામકલી)

*હરિજસ ગાવત ચલી વ્રજસુંદરી, નદી જમુના કે તીર,*
*લોચન લોલ બાંહ જોટી કર, શ્રવનન ઝલકત બીર..૧*
*બેંની સુથિર ચારુ કાંધે પર, કટિપટ અંબર લાલ,*
*હાથન લીયે ફુલનકી ડલીયાં, ઉર મુકતામનિમાલ..૨*
*જલ પ્રવેશ કરી મજ્જન લાગીં, પ્રથમ હેમ કે માસ,*
*જાસોં પ્રીતમ હોય નંદ સુત, વ્રત ઠાન્યો ઈહિ આસ...૩*
*તબહી ચીર હરે નંદનંદન, ચઢે કદમ કી ડારિ,*
***'પરમાનંદ'** પ્રભુવર દેવે કોં, ઉદ્યમ કિયો હૈ મુરારિ...૪*

★ ★ ★

*વસન હરે સબ કદંબ ચઢાયે,*
*સોલે સહસ્ત્ર ગોપ કન્યન કે, અંગ આભૂષણ સહિત ચુરાયે...૧*
*અતિ બિસ્તાર નીપતરુ તામેં લે લે, જહાં તહાં લટકાયે,*
*મણિ આભૂષણ ડાર ડારન પ્રતિ, દેખત છબિ મનહીં અટકાયે...૨*
*નીલાંબર પાટંબર સારી શ્વેત પીત ચૂનરી અરુઝાયે,*
***'સૂરસ્યામ'** યુવતિ ન વ્રત પૂરણ કો કદંબડાર ફલ પાયે...૩*

★ ★ ★

*દૃઢ વ્રત કીનો મેરે હેત,*
*ધન્ય કહે નંદનંદન જાઉં સબનહીકેત...૧*
*કરો પૂરન કામ તુમારો સરદ રાસ રમાય,*
*હરખ ભઇ યહ સુનત ગોપી રહી સીસ નવાય...૨*
*સબનકો અંગ પરસ કીનો વ્રત કીનો તનગાર,*
***'સૂર'** પ્રભુ સુખ દિયો મિલ કે વ્રજવાસી સકુમાર...૩*

### ચીરહરણલીલાનું રહસ્ય :

ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ જલાશયમાં નગ્ન સ્થિતિમાં સ્નાન કરવું યોગ્ય નથી. તેથી કુમારિકાઓનો અપરાધ ક્ષમા કરવા શ્રીઠાકોરજીએ આ લીલા કરી હતી. તેમાં પણ વ્રત કરનારથી તો નિરાવરણ સ્નાન થાય જ નહિ. શ્રીકૃષ્ણ ધર્મના રક્ષક હોવાથી તેમણે કુમારિકાઓને આવી ભૂલ ન કરવા આ લીલા દ્વારા ઉપદેશ આપ્યો હતો.

આ વ્રત દ્વારા કુમારિકાઓએ પોતાનું સર્વ-સમર્પણ શ્રીઠાકોરજીને કરવાનો ઉત્કટ તાપ સેવ્યો હતો. સર્વસ્વનું સમર્પણ કરવાની તત્પરતા હોવા છતાં નિરાવરણ શરીરથી પ્રભુની સામે જવામાં તેમને લોકસંકોચ હતો. વસ્ત્ર એક પ્રકારનું આવરણ, અર્થાત્ માયા છે. માયાનું આવરણ દૂર થાય ત્યારે જ પ્રભુ સાથે સંબંધ થાય. માયાનું આવરણ દૂર કરવા લોકવેદની લજ્જાનો ત્યાગ કરવો જરૂરી છે. આથી ભગવાને તેમને જળમાંથી નિરાવરણ બહાર બોલાવી, માયાનું આવરણ દૂર કર્યું.

કદંબના વૃક્ષને સંસ્કૃતમાં નીપ કહે છે. નીપ શબ્દનો અર્થ છે કામનું પાન કરનાર. વૃક્ષ વૈષ્ણવ છે, માટે શ્રીકૃષ્ણે લૌકિક કામને નિવૃત્ત કરનાર કદંબના વૃક્ષરૂપી વૈષ્ણવ ઉપર એ વસ્ત્રો મૂકયાં હતાં અને પોતે પણ ત્યાં બિરાજ્યા હતા.

આ લીલા દ્વારા ભગવાને સૂચવ્યું કે જે લોકો મને પતિ તરીકે પ્રાપ્ત કરવા ઈચ્છતા હોય તેમણે લોકલાજ અને વેદમર્યાદા તોડવી પડશે. કારણ કે આવરણ હશે ત્યાં સુધી પ્રેમ અને સમર્પણ અપૂર્ણ રહેશે. આવરણવાળી ભક્તિ ઉત્તમ ભક્તિ નથી.

આ લીલા પાછળ એક બીજું રહસ્ય પણ છે. શ્રીકૃષ્ણે પૂતનાનું પયપાન કર્યુ હતું. પૂતનાએ સોળ હજાર બાળકોના પ્રાણ ચૂસીને તેના હૃદયમાં રાખ્યા હતા. તે સોળ હજાર બાળકના પુંભાવ ભગવાને પૂતનાનો વધ કરી, પોતાના હૃદયમાં ધારણ કર્યા હતા. આ પુંભાવનું દાન વસ્ત્રો દ્વારા તેમણે કુમારિકાઓમાં સ્થાપન કર્યુ, જેથી રાસલીલા માટે તેમને અધિકાર પ્રાપ્ત થયો.

### ચીરઘાટનાં દર્શનીય સ્થાનો :

અહીં ચીરકદંબ, કાત્યાયની દેવીનું મંદિર, શ્રીચીરબિહારીજીનાં દર્શન અને શ્રીગુસાંઇજીનાં બેઠકજી આવેલાં છે. અહીં ગોરને વસ્ત્રદાન કરવાનો મહિમા છે.

### શ્રીગુસાંઇજીનાં બેઠકજી :

પીંપળના વૃક્ષ નીચે શ્રીગુસાંઇજીનાં બેઠકજી છે. અપરસ કરવા નજીકમાં કૂવો છે. શ્રીગુસાંઇજી અહીં ત્રણ દિવસ સુધી બિરાજ્યા હતા. 'શૃંગારરાસમંડન' ગ્રંથના વ્રતચર્યા પ્રકરણનું લેખનકાર્ય અહીં કર્યુ હતું.

# બચ્છવન

ચીરઘાટથી બચ્છવન જતાં ગાંગરોતી ગામ આવે છે. તે બે માઇલ દૂર છે. ત્યાંથી એક માઇલ નંદઘાટ છે. ત્યાંથી પા માઇલ ભય ગામ છે. ત્યાંથી સવા માઇલ વસઇ ગામ છે.



નંદઘાટની લીલા

ત્યાંથી સવા બે માઇલ સેઇ ગામ છે. ત્યાંથી ચાર માઇલ બચ્છવન છે. ચીરઘાટથી બચ્છવનનું કુલ અંતર આઠ માઇલનું છે.

**નંદઘાટ :**

શ્રીયમુનાજીના કિનારે આ કાચો ઘાટ છે. એક વખત શ્રીનંદરાયજી એકદશીનું વ્રત કરીને, બારસની મધ્યરાત્રિ પછી આસુરી સમયમાં શ્રીયમુનાસ્નાન કરવા અહીં આવ્યા હતા, ત્યારે વરુણનો સેવક તેમને વરુણલોકમાં ઉપાડી ગયો. સાથેના ગોપોની બૂમાબૂમથી શ્રીકૃષ્ણ-બલદેવ પધાર્યા. શ્રીકૃષ્ણ વરુણ લોકમાં ગયા. વરુણે તેમનો ભક્તિભાવપૂર્વક સત્કાર કર્યો. તેઓ નંદરાયજીને લઇને પાછા પધાર્યા. માટે આ ઘાટ નંદઘાટ કહેવાય છે. અહીં મંદિરમાં નંદરાયજીની મોટી મૂર્તિ છે.

**ભયગામ :**

નંદગામની પાસે આવેલું છે. વરુણનો દૂત નંદરાયજીને લઇ ગયો, તેથી સાથેના ગોપોને ઘણો ડર લાગ્યો. એટલે આ સ્થાનનું નામ ભયગામ પડ્યું. અહીં નંદરાયજીની બગીચી છે. તેમાં અક્ષયવટ પાસે શાલિગ્રામજીનાં દર્શન થાય છે. એમ કહેવાય છે કે, આ શાલિગ્રામજી નંદરાયજીના ઈષ્ટદેવ હતા. તેઓ તેમની રોજ પૂજા કરતા. એક વખત શ્રીકૃષ્ણે બાલલીલા દરમ્યાન આ શાલિગ્રામજી પોતાના મુખમાં પધરાવ્યા હતા.

**વસઇગામ :**

આ ગામ વસુદેવજીનું ગામ કહેવાય છે. ત્યાં કૃષ્ણકુંડ છે. એમ પણ કહેવાય છે કે બધાં ગોપબાળકો રમતમાં હારવાથી ભગવાનને વશ થયા,માટે ગામનું નામ વસઇ પડ્યું. ત્રીજી કથા એવી છે કે કંસના ત્રાસથી કંટાળી, નંદરાયજી અહીં આવીને વસ્યા હતા, માટે તેનું નામ વસઇ પડ્યું.

ગામની પશ્ચિમ દિશાએ ગોપકુંડ છે. ત્યાંથી બે માઇલ ઉપર મવઇ ગામ છે. મવઇની પશ્ચિમમાં બે માઇલ પર દલૌતા ગામ છે. ત્યાં બલભદ્રકુંડ છે અને દાઉજીનાં દર્શન છે. આગળ રેવતીકુંડ છે. ત્યાંથી આગળ સેઇ ગામ આવે છે.

**સેઇગામ :**

અલિખાન પઠાણનું આ ગામ છે. પૂર્વ જન્મમાં અલિખાન ગોરવા ક્ષત્રિય હતા. મુસલમાનોના બળાત્કારથી તેઓ મુસલમાન થયેલા. પહેલાં તેમનો ધંધો વાછરડાં વેચવાનો હતો, પાછળથી તેઓ શ્રીગુસાંઇજીના સેવક થયા હતા.



બચ્છવનની લીલા

**બચ્છવન :**

વત્સવનનુ અપભ્રંશ બચ્છવન છે. અહીં શ્રીવત્સ-વિહારીજીનું મંદિર એક ઊંચા ટેકરા ઉપર છે. ગ્વાલચોતરો, ગ્વાલમંડલીનું સ્થાન, ગ્વાલકુંડ, હરિબોલ તીર્થ અને શ્રીયમુનાજીની નહેર છે. અહીંથી બ્રહ્માજી વાછરડાં હરી ગયા હતા. માટે આ સ્થાન બચ્છવન કહેવાયું. ગામનું નામ સઇ ગામ છે. વળી, અહીં અઘાસુરને મારીને તેના મુખમાંથી મરેલાં વાછરડાં અને ગ્વાલોને અમૃતદષ્ટિથી સજીવન કરી, બહાર કાઢયાં હતાં, પછી શ્રીયમુનાજીના કિનારે શ્રીકૃષ્ણ ગ્વાલમંડળી સાથે છાક આરોગવા બિરાજયા હતા.

બ્રહ્માજી વાછરડાં અને ગોપ બાળકોને બ્રહલોકમાં લઇ ગયા, ત્યારે ભગવાને પોતાનામાંથી વાછરડાં અને ગોપબાળકો પ્રકટ કર્યાં. એક વર્ષ સુધી તેમની સાથે લીલા કરી. બ્રહ્માજીને પોતાની ભૂલનું ભાન થયું. આ લીલા અહીં બની હતી, તેનું પદ નીચે મુજબ છે.

(રાગ : સારંગ)

*બ્રહ્મા બાલક બચ્છ હરે,*
*આદિ અંત પ્રભુ અંતરજામી મનસા તૈંજુ કરે...૧*
*સોઇ રૂપ વૈ બાલક ગોસુત, ગોકુલ જાઇ ભરે,*
*એક બરસ નિસિ વાસર, રહિ સંગ કાહુ ન જાનિ પરે...૨*
*ત્રાસ ભયૌ અપરાધ આપુ લખિ, અસ્તુતિ કરત ખરે,*
*'સૂરદાસ' સ્વામી મનમોહન તામૈ મન ન ધરે...૩*

**બચ્છવનનાં દર્શનીય સ્થાનો :**

સેઇ ગામમાં મુખિયાજીના ઘરમાં ચતુર્ભુજભગવાનનું સ્વરૂપ છે. સ્વરૂપ બહુ જ મોટું અને તેજસ્વી છે. સ્વરૂપની પીઠિકામાં ગ્વાલ, વાછરડાં, વૃક્ષો દેવો વગેરેનાં ચિહ્નો છે. એમ કહેવાય છે કે પહેલાં આ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીની બેઠકની અંદરના ભાગમાં બિરાજેલું હતું. કેટલાક આ સ્વરૂપને વત્સવિહારી કહે છે.

**બ્રહ્મવૃક્ષ :**

બચ્છવનથી એક માઇલ દૂર રસ્તામાં એક અલૌકિક પીપળનું વૃક્ષ છે. તેને બ્રહ્મવૃક્ષ કહે છે. બ્રહ્માનાં ચાર મુખ પ્રમાણે આ વૃક્ષને ચાર દિશામાં ચાર જાડાં થડ છે. ચારેબાજુથી વચ્ચેથી માણસ જઇ શકે તેવી જગ્યા છે. ચાર મૂળ ઉપર એક જ વૃક્ષ છે. વૈષ્ણવો આ વૃક્ષની પરિક્રમા કરે છે.

**શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી :**

બચ્છવનમાં ટેકરી ઉપર, છોકરના વૃક્ષની નીચે શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી છે. જોકે, ચોર્યાસી બેઠકોનાં ચરિત્રોમાં આ બેઠકજીનો ઉલ્લેખ નથી. એમ કહેવાય છે કે અલિખાન શ્રીમહાપ્રભુજીને નંદગામથી અહીં પધરાવી લાવ્યા હતા. ગામમાંથી દૂધ તથા ખાંડ લાવી આપ્યાં હતાં. શ્રીમહાપ્રભુજીએ તેની ખીર બનાવી, શ્રીઠાકોરજીને ધરી, અંગીકાર કરી હતી.

**શ્રીગુસાંઇજીનાં બેઠકજી :**

શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીની બાજુમાં જ શ્રીગુસાંઇજીનાં બેઠકજી છે. અહીં શ્રીગુસાંઇજીએ વેણુગીતના સુબોધિનીજી ઉપર ટીપ્પણીનું આલેખન કર્યુ છે. તદ્ ઉપરાંત સેવકોને વત્સહરણલીલાનો પ્રસંગ સમજાવ્યો હતો.

બેઠકજીની પાસે પગથિયાંવાળી વાવ છે. તે લગભગ પુરાઇ ગયેલી સ્થિતિમાં છે. ત્યાંથી નીચે ઉતરતાં એક કૂવો છે. બીજો એક કૂવો બેઠકજીના ચોગાનમાં છે.

# વૃંદાવન

બચ્છવનથી વૃંદાવન જવાના બે માર્ગ છે. પહેલો માર્ગ નીચે પ્રમાણે છે. બચ્છવનથી છ માઇલ બિજૌલી છે. ત્યાંથી સવા માઇલ મેખવન છે, ત્યાંથી દોઢ માઇલ મુંજવન છે. ત્યાંથી દોઢ માઇલ ભાંડીરવન છે. ત્યાંથી એક માઇલ શ્યામવન છે. ત્યાંથી અડધો માઇલ છાંડોરી ગામ છે, ત્યાંથી માટગામ એક માઇલ છે. ત્યાંથી બેલવન સાડાચાર માઇલ છે. ત્યાંથી વૃંદાવન અઢી માઇલ છે. કુલ અંતર સવા વીસ માઇલ થાય છે.

બીજો રસ્તો નીચે પ્રમાણે છે. બચ્છગામથી સેઇ ગામ પોણો માઇલ છે, તરોલી બે માઇલ છે. ત્યાંથી સેંમરી બે માઇલ છે. ત્યાંથી નરી સવા માઇલ છે. ત્યાંથી ચોમુહા પોણા છ માઇલ છે, ત્યાંથી જૈત બે માઇલ છે. ત્યાંથી છટીકરા અઢી માઇલ છે. ત્યાંથી ભતરોડ ચાર માઇલ છે. ત્યાંથી વૃંદાવન બે માઇલ છે. કુલ સવા બાવીસ માઇલ થાય છે. સામાન્ય રીતે યાત્રા પહેલા રસ્તે જાય છે.

પહેલા માર્ગ કરતાં બીજો માર્ગ વધારે લાંબો છે. ત્યાં થઇને જતાં શ્રીયમુનાજી ઉતરીને જવું પડતું નથી. પહેલા માર્ગે જતાં બે વખત શ્રીયમુનાજી પાર કરવા પડે છે. પહેલા માર્ગમાં યાત્રાનાં ઘણાં લીલાસ્થાનો છે, જે બીજા માર્ગમાં આવતાં નથી. એટલે આપણે બંને માર્ગે આવતાં સ્થાનોનો પરિચય કરીશું.

## પહેલા માર્ગમાં આવતાં સ્થાનો :

### ભદ્રવન :

બચ્છવનથી શ્રીયમુનાજી ઉતરી, સામે પાર થોડુંક ચાલતાં ભદ્રવન આવે છે. વ્રજનાં બાર વનોમાંનું આ નવમું વન છે, જ્યારે શ્રીયમુનાજી પારનાં પાંચ વનોમાંનું આ બીજું વન છે. અહીં ગૌઘાટ છે. જ્યાં શ્રીઠાકોરજી શ્રીબલદેવજી સાથે શ્રીયમુનાજીનું પાન કરતા અને ગાયોને પીવડાવતા. અહીં



ભદ્રવનની લીલા

સૂરજકુંડ, મધુસૂદન કુંડ અને મધુસૂદન ઠાકોરજીનાં દર્શન છે. વડના ઝાડ નીચે હનુમાનજી અને ઝારખંડેશ્વરજી મહાદેવજીનાં દર્શન છે.

અહીં ભગવાને બકાસુરનો વધ કર્યો હતો. વળી, અહીં ભગવાને દાવાનળનું પાન કર્યુ હતું.

### ભાંડીરવન :

ભદ્રવનથી પૂર્વમાં અઢી માઇલ દૂર આવેલું છે. અહીં ભગવાને પ્રલંબાસુર નામના દૈત્યનો બલદેવજી પાસે વધ કરાવ્યો હતો. અહીં ભાંડીરકૂપ, ભાંડીરબટ, શ્રીદાઉજી અને ભાંડીરબિહારીજીનાં મંદિર આવેલાં છે. ભાંડીરકૂપ પાસે શ્રીઠાકોરજીના મુગુટનું ચિહ્ન છે. પુત્રની કામનાવાળી સ્ત્રીઓ શ્રીઠાકોરજીને પુત્રપ્રાપ્તિ માટે પ્રાર્થના કરી, ત્યાં ગોબરનો સાથિયો કરે છે. અહીં ભાંડીરકુંડ પણ છે. તે સ્થાન અત્યંત મનોહર છે.



ભાંડીરવન બેઠકજી



શ્યામવન



ભાંડીરવનની લીલા



બિજૌલી ગામની લીલા

**શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી :**

અહીં શ્રીમહાપ્રભુજીએ સાત દિવસ બિરાજી, શ્રીભાગવતનું પારાયણ કર્યુ હતું. અહીં મધ્વ સંપ્રદાયના સ્વામી વ્યાસતીર્થે શ્રીમહાપ્રભુજીને મધ્વ સંપ્રદાયની ગાદી સંભાળવા વિનંતી કરી હતી. તે રાતે ચાર જણા મુગદળ લઇ, સ્વામી વ્યાસતીર્થને મારવા આવ્યા અને કહ્યું : તારું ભલુ ચાહતો હોય તો શ્રીમહાપ્રભુજીના શરણે જા. આ ચમત્કારથી વ્યાસતીર્થ બીજા દિવસે શ્રીમહાપ્રભુજીના શરણે આવ્યા. અહીં બેઠકજી પ્રગટ બિરાજે છે.

**શ્યામવન :**

અહીંથી આગળ જતાં શ્યામવન આવે છે. ત્યાં શ્યામકુંડ, શ્રીશ્યામવિહારીજી અને શ્રીદામાજીનાં મંદિર છે. શ્યામકુંડના પાછળના ભાગમાં વૃક્ષોની સુંદર નિકુંજો અને વચ્ચે રાસનો ચોક છે. અત્યંત અલૌકિક સ્થળ છે.

**બિજૌલીગામ :**

અહીં શ્રીબલરામ-કૃષ્ણની બગીચી છે. અહીં શ્રીઠાકોરજી સુંદર સામગ્રી સિદ્ધ કરી, તેમના સખાઓને વહેંચતા. અહીં લલિતાજીએ શ્રીયુગલસ્વરૂપનું મિલન કરાવ્યું હતું.

**માટગામ :**

ત્યાંથી આગળ, માટગામ આવે છે. શ્રીકૃષ્ણે અહીં વ્રજભકતોનાં દૂધ-દહીંનાં માટીનાં વાસણ ફોડ્યાં હતાં, તેથી ગામનું નામ માટગામ પડ્યું છે. એકવખત શ્રીયશોદાજી ચૂલા ઉપર દૂધ ગરમ કરવા મૂકી, શ્રીકૃષ્ણને સ્તનપાન કરાવતાં હતાં. પાસે માખણનું માટલું પડ્યું હતું. ચૂલા ઉપર દૂધ ઉભરાવા લાગ્યું, એટલે યશોદાજી શ્રીકૃષ્ણને ભૂમિ પર સુવડાવી, દૂધ સંભાળવા દોડ્યાં. યશોદાજીને શ્રીઠાકોરજી કરતાં દૂધ વધારે વહાલું લાગ્યું, એટલે શ્રીકૃષ્ણે માખણનું માટલું ફોડી નાખ્યું.



માટ ગામની લીલા

પછી ત્યાંથી શ્રીકૃષ્ણ ભાગીને એક વનમાં સંતાઇ ગયા. શ્રીયશોદાજી તેમને શોધી લાવ્યાં અને સ્નાન કરાવ્યું. આ લીલા અહીં થઇ, તેથી પણ ગામનું નામ માટગામ પડ્યું છે. અહીંના ચોર ચોરી કરવામાં ઘણા ચાલાક કહેવાય છે. તેથી તેમના માટે **'ધન્ય ધન્ય માંટગાંવ કે ચોર'** એવી કહેવત પડી છે. શ્રીચૈતન્ય સંપ્રદાયના જીવગોસ્વામી શ્રીયમુનાજીને કિનારે આવેલા આ ગામમાં રહી, ઘણું ભજન કરતા હતા. ગામને ફરતો એક પ્રાચીન કિલ્લો છે. ગામમાં શ્રીદાઉજીનું મંદિર છે.

**બેલવન :**

માટગામથી હોડીમાં બેસીને બેલવન જવાય છે. વ્રજનાં બાર વનોમાંનું આ દશમું વન અને શ્રીયમુનાપારનું ત્રીજું વન છે. ત્યાં જહાંગીરપુર ગામે વસેલું છે.

આ વનમાં શ્રીસ્વામિનીજીનાં બેઠકજી છે. અહીં વ્રજભક્તોએ શ્રીયુગલસ્વરૂપને શૃંગાર ધરાવ્યા હતા. અહીં પહેલાં બેલ એટલે બીલીનાં વૃક્ષો ઘણાં હતાં. શ્રીઠાકોરજી અહીં બીલાંથી રમ્યા છે, માટે આ વનનું નામ બેલવન પડ્યું છે. શ્રીઠાકોરજી વ્રજમાં પ્રકટ થયા ત્યારે શ્રીલક્ષ્મીજી વ્રજમાં આવ્યા. શ્રીઠાકોરજીએ તેમને આજ્ઞા કરી કે, અહીં તમારો અધિકાર નથી. લક્ષ્મીજીએ વ્રજવાસ કરવાની વિનંતી કરી, ત્યારે તેમને બેલવનમાં રહેવાની આજ્ઞા કરી. આથી અહીં લક્ષ્મીજીનું મંદિર છે. લક્ષ્મીજીએ અહીં તપ કર્યુ હતું.

એમ કહેવાય છે કે શ્રીઠાકોરજી રમતમાં અહીં બેલ એટલે બળદ બન્યા હતા. ગ્વાલબાલ સાથે બેલ બની ખેલ્યા હતા, તેથી પણ આ વનનું નામ બેલવન પડ્યું છે.



બેલવનની લીલા

**શ્રીગુસાંઇજીની બેઠક :**

બેલવનમાં શ્રીયમુનાજીના કિનારે શ્રીગુસાંઈજીનાં બેઠક છે. લક્ષ્મીજીના મંદિરની બાજુમાં છે. અહીં શ્રીગુસાંઇજીએ તેમના સેવક ભગવાનદાસને રાસલીલાનાં અલૌકિક દર્શન કરાવ્યાં હતાં. અહીં બિરાજીને શ્રીગુસાંઇજીએ 'શૃંગારરસમંડન' ગ્રંથનું પુરુષોત્તમઉલ્લાસ નામનું પ્રકરણ લખ્યું હતું. અહીં ત્રણ દિવસ શ્રીગુસાંઇજીએ શ્રીભાગવતનું પારાયણ કર્યુ હતું.

અહીં યાત્રા આવે છે, ત્યારે યાત્રા તરફથી યાત્રાના બધા યાત્રીઓને ખીચડી-દહીંનો મહાપ્રસાદ લેવડાવવામાં છે. તેને ખીચડી-ખેલનો મનોરથ કહે છે. પ્રસાદ લઇને યાત્રા હોડીઓ દ્વારા વૃંદાવન જાય છે. આ ખીચડી ખેલના મનોરથનાં દર્શન કરવા લાયક હોય છે. ત્યાંના વૃક્ષોની છાયામાં હજારો વૈષ્ણવોને એક સાથે ખીચડીનો મહાપ્રસાદ લેતા જોવા, એ એક લ્હાવો છે.

**વૃંદાવન જવાના બીજા માર્ગે આવતાં સ્થાનો:**

**નરી-સેંમરી :**

નરી-સેંમરી શ્રીરાધાજીની દાસીઓ હતી. તેઓ માન મનાવવામાં બહુ ચતુર હતાં. એક વખત શ્રીરાધાજી જૈત ગામમાં માન કરીને બિરાજયાં હતાં. તેમને મનાવવા આ સખીઓ આવ્યાં. શ્રીરાધાજીએ તેમને છણકો કર્યો. તેથી આ સખીઓ શ્રીકૃષ્ણ પાસે ગઇ. શ્રીકૃષ્ણને સાથે લઇને આવી. દીપક પ્રગટાવી, શ્રીરાધાજીનું મુખ બતાવવા લાગ્યાં. શ્રીરાધાજીએ ફુંક મારી, દીવો ઓલવી નાખ્યો.ત્યારે શ્રીઠાકોરજીએ હસ્તમાં મણિ લીધો. મણિના પ્રકાશમાં મુખ જોવા લાગ્યા. ત્યારે શ્રીરાધાજીએ મણિ ઉઠાવી, તેમના મુખમાં મૂકયો, એટલે શ્રી ઠાકોરજીએ એકહજાર ફેણવાણું શેષ સ્વરૂપ પ્રકટ કર્યુ. એક હજાર ફેણ ઉપર મણિ પ્રકટ કર્યા. આવા શેષજીને જોઇ શ્રીરાધાજી ડરી ગયાં અને શ્રીકૃષ્ણને લપેટાઇ ગયાં. એટલે માન છૂટી ગયું. શ્રીકૃષ્ણની જીત થઇ માટે ગામનું નામ જૈત ગામ પડ્યું. શ્રીઠાકોરજીએ તે શેષજીને ત્યાં આવેલા કૃષ્ણકુંડમાં પધરાવ્યા, એટલે તેઓ પાષાણરૂપ થઇ ગયા. અત્યારે પણ તે પાષાણરૂપે ત્યાં છે.

શ્રીયુગલસ્વરૂપે નરી-સેંમરીને વરદાન આપ્યું કે આજથી તમારી દેવી તરીકે પૂજા થશે. એટલે અહીં બંને દેવીઓનાં મંદિર છે. ઘણાં લોકો માનતા માને છે. નવરાત્રિમાં મોટો મેળો ભરાય છે.



વ્રજની રમણીયતા

નરી અને સેંમરી બંને ગામ પાસપાસે છે. નરીમાં કિશોરકુંડ અને નરીદેવીનું મંદિર છે. સેંમરીમાં નારાયણકુંડ, બલભદ્રકુંડ, સેંમરીદેવીનું અને બલદેવજીનું મંદિર છે. વળી, સેંમરીમાં શ્રીગુસાંઈજીના પ્રથમ પુત્ર **શ્રીગિરિધરજીનાં બેઠક** છે. અહીં તેઓ છ માસ સુધી બિરાજયા હતા અને શ્રીભાગવતનું પારાયણ કર્યુ હતું.

**ચૌમુહા :**

નરી-સેંમરીથી આગળ ચૌમુહા ગામ આવે છે. તેને વ્રજવાસીઓ ચામા કહે છે. તે સંસ્કૃત ચતુર્મુખનો અપભ્રંશ છે. અહીં બ્રહ્માજીએ વત્સહરણના અપરાધ માટે શ્રીકૃષ્ણની સ્તુતિ કરી, માફી માગી હતી.

**જૈતગામ :**

ત્યાંથી આગળ જૈત ગામ આવે છે. ત્યાંની લીલા ઉપર જોઇ ગયા.

**આજહીગામ :**

ગોપ બાળકોએ વ્રજમાં જઇ, તેમનાં માતાપિતાને કહ્યું કેઃ આજે જ નંદયશોદાના પુત્રે મોટા અજગરને માર્યો અને અમને બચાવ્યાં. એ લીલાના સ્મરણમાં ગામનું નામ આજહી પડ્યું છે. આ ગામમાં ગાય, બળદ કે વાછરડું વેચવામાં આવતાં નથી. કોઇ ચોરીછૂપીથી વેચે તો ગામ તેનો બહિષ્કાર કરે છે.

**છટીકરા :**

અહીં શ્રીસ્વામીનિજીની છ સખીઓની જુદી જુદી કુંજો છે, તેથી ગામનું નામ છટીકરા પડ્યું છે. શ્રીરાધાજીનું અહીં ગુપ્ત ભવન છે. નાનકડું ગામ છે. અહીં વૃંદાવન રોડ નામનું રેલ્વે સ્ટેશન છે. પાસેના વનમાં ગોપાલગઢ નામનું એક મંદિર છે. જે નિમ્બાર્ક સંપ્રદાયનું છે. છટીકરા પાસે ગરૂડગોવિંદ મંદિર પણ છે. શ્રીકૃષ્ણે ગોવર્ધન ધારણ કર્યો ત્યારે દર્શન કરવા અને સેવા કરવા ગરૂડજી અહીં આવ્યા હતા. મંદિરમાં ગરૂડજી ઉપર બાર ભુજાવાળા શ્રીગોવિંદજી બિરાજે છે. શ્રીકૃષ્ણના પ્રપૌત્ર વજ્રનાભજીએ આ મૂર્તિ પધરાવી હતી. બીજી કથા પ્રમાણે અહીં ગરૂડજીએ મથુરાના એક બ્રાહ્મણને ચતુર્ભુજ સ્વરૂપે જોયા. તેથી ગરૂડજીને સંદેહ થયો, ત્યારે તેમણે શ્રીકૃષ્ણનું ધ્યાન દોર્યુ. શ્રીકૃષ્ણે દર્શન આપીને આજ્ઞા કરી કે, મથુરાના બ્રાહ્મણ ચોબાઓ મારું જ સ્વરૂપ છે એમ જાણો. તેઓ સંતોષ પામે તો હું સંતુષ્ટ થઉં છું.

ત્યાંથી આગળ ચાલતા અક્રુરઘાટ આવે છે. ત્યાંથી ભતરોડ થઇ વૃંદાવન જવાય છે.

## વૃંદાવન

**વૃંદાવનસો બન નહીં, નંદ ગાંવ સો ગાંવ**
**બંસી બટસો બટ નહિ, કૃષ્ણ નાંવસો નાવ.**

વૃંદા એટલે તુલસી. શ્રીયમુનાજીને કિનારે આવેલું આ વન એક જમાનામાં તુલસીનું વન હતું, તેથી તેનું નામ વૃંદાવન પડ્યું. શ્રીયુલસ્વરૂપનું આ વિહારસ્થળ છે. શ્વેતવારાહ કલ્પમાં શ્રીકૃષ્ણે અહીં શરદપૂનમની રાતે ગોપીજનોને બોલાવી, રાસ કર્યો હતો. તેથી તે રાસસ્થળી છે. આ શહેર મંદિરોની નગરી તરીકે વિખ્યાત છે. અહીં અનેક ભગવદ્‌ભક્તો કૃષ્ણભક્તિમાં તલ્લીન બની, ભગવદ્‌પારાયણ જીવન જીવે છે. અહીં ઘેર ઘેર કૂવો, તુલસીજી અને શ્રીઠાકોરજીનું મંદિર છે.



વૃંદા દેવી

જાલંધર નામના દૈત્યરાજની પત્ની વૃંદા દિવ્ય, સ્વરૂપવાન અને ભગવદ્‌ભક્ત હતી. તેથી શ્રીઠાકોરજીએ જાલંધરનું રૂપ લઇ, તેનો અંગીકાર કર્યો, પછી પોતાના અલૌકિક સ્વરૂપનાં દર્શન કરાવ્યાં. ત્યારે વૃંદાએ કહ્યું: તમે હવે મારો ત્યાગ કરશો કે અંગીકાર કરશો? ત્યારે શ્રીઠાકોરજીએ કહ્યું: હું તારો અંગીકાર કરીશ. તેણે આ વનમાં મહા તપ કર્યું, તેથી વનનું નામ વૃંદાવન પડ્યું. તેના તપથી દેવતાઓ ગભરાઇને ભગવાન પાસે ગયા. તેનું દૃઢ વ્રત અને ભક્તિ જોઇ પ્રભુ પ્રસન્ન થયા. તેમણે વૃંદાને વરદાન આપ્યું કે, ત્રણેય લોક તને વંદન કરશે. તારી પૂજા કરશે. તારી આડીથી હું બધા યજ્ઞ તથા વ્રતનું ફળ ગ્રહણ કરીશ. વૃંદા ત્યાં તુલસીરૂપે બિરાજ્યાં. ભગવાન શાલિગ્રામ સ્વરૂપે બિરાજ્યા. તુલસીજીનું શાલિગ્રામજી સાથે લગ્ન થયું. તેથી તુલસીજી ભગવાનનાં ચરણપદ્મજા બન્યાં. શ્રીઠાકોરજીનાં ચરણારવિંદમાં અને સામગ્રીમાં તુલસીપત્ર ધરાય, ત્યારે જ શ્રીઠાકોરજી તે અંગીકાર કરે છે.

એમ કહેવાય છે કે અહીં ઘણાં વર્ષો પૂર્વે પંદર વીસ માઇલના ઘેરાવામાં તુલસીનું વન હતું. હાલ પણ અહીં તુલસીજી મોટા પ્રમાણમાં છે. તેથી અહીં તુલસીજીની માળાઓ બનાવવાનો ઉદ્યોગ સારો ચાલે છે. અહીં મોટાં મોટાં વૃક્ષો છે. કુંડો અને જલાશયો પણ છે.

વ્રજનાં બાર વનોમાં વૃંદાવનને શ્રેષ્ઠ વન કહ્યું છે. જગતમાં વૃંદાવન જેવું કોઇ સ્થાન થયું નથી અને થશે પણ નહીં! વૃંદાવનના મહિમાનું વર્ણન કોઇ પૂરેપૂરું કરી શક્યું નથી. ભગવાનનું આ નિત્ય, અલૌકિક ધામ છે.

શ્રીરાધિકાજીનાં સોળ નામમાં એક નામ વૃંદા છે. તેથી વૃંદાવન એટલે શ્રીરાધિકાજીની ક્રીડાસ્થલી. શ્રીઠાકોરજીને સાથે રાખીને શ્રીરાધિકાજી અહીં વિહાર કરે છે, માટે શ્રીઠાકોરજીનું નામ વૃંદાવનવિહારી છે. શિવજીએ પાર્વતીજીને કહ્યું હતું કે, વૃંદાવન સૌથી દુર્લભ છે. તે પરમ મનોહર છે. સર્વ સ્થાનોમાં ગુપ્ત અને સર્વ શક્તિમાન છે. ભગવાનને અતિ પ્રિય છે.

એક વખત ભક્તિમહારાણી તેમના બે પુત્રો - જ્ઞાન અને વૈરાગ્યને લઇને અહીં વૃંદાવનમાં આવેલાં, ત્યારે વૃદ્ધ બનેલાં ભક્તિમહારાણી ફરી યુવાન બની, નૃત્ય કરવા લાગ્યાં, એવું આ અલૌકિક સ્થાન છે. આથી ભક્તોએ પદોમાં વૃંદાવનનો ઘણો મહિમા ગાયો છે, તે નીચે પ્રમાણે છે.

(૧)

*આલી! મ્હાંને લાગે બિંદ્રાબન નીકો,*
*ઘર ઘર તુલસી ઠાકુર પૂજા દરસણ ગોવિંદજીકો...૧*
*નિરમળ નીર બહત જમનામેં, ભોજન દૂધ દહીકો,*
*સ્તન સિંઘાસણ આપ બિરાજૈ મુગટ ધર્યો તુલસીકો...૨*
*કુંજન કુંજન ફિરત રાધિકા, સબદ સુણત મુરલીકો,*
***'મીરાં'** કે પ્રભુ ગિરધર નાગર, ભજન બિના નર ઠીકો...૩*

(૨)

*દેખો બલિ બૃંદાબન આનંદ,*
*નવલ સરદ નિસિ નવ બસંત રિતુ, નવકા સુરાકા ચંદ...૧*
*નવલ મોર પિક કીર કોકિલા કૂજત નવલ મલિંદ,*
*રટત શ્રી રાધે રાધે માધવ મારૂત સીતલ મંદ...૨*
*નવલ કિશોર ઉમંગન ખેલત, નવલરાસ રસ કંદ,*
***'લલિત માધુરી'** રસિક દોઉબર, નિરતત દિયે કરફંદ...૩*



વૃંદાવનની લીલા

(૩)

ધન ધન બૃંદાબન કે મોર,
કુંજન ઉપર નૃત્ય કરત હૈં, જિનકોં દેખૈં નંદકિશોર...૧
જિનકો બોલી લગે સુહાઈ, કુકૈં નિસ દિન હરિકી ઓર,
**'અભયરામ'** યેહુ બડભાગી, ઈનકે દર્શન કી જૈ ભૌર...૨

(૪)

ધન ધન બૃંદાબનકી ચૈંટી,
મહાપ્રસાદ કે કનિકા લૈ કે, જાય બિલૈ મૈં બેઠી...૧
વ્હૈ ગયો ગ્યાન ધ્યાન હિરદ મૈં, બ્યાધિ જનમકી મેટી
**'અભયરામ'** યે હુ બડભાગિની, રજ મૈં રહૈં લપેટી...૨

(૫)

ધનિ ધનિ બૃંદાબનકે વાસી,
નિત પ્રતિ ચરન કમલ અનુરાગી, શ્યામા શ્યામ ઉપાસી...૧
યા રસકૌ જો મરમ ન જાનૈ, જાય બસૌ સો કાસી,
ભસ્મ લગાઈ ગરૈ બાંધો, સદાય રહૌ ઉદાસી...૨
અષ્ટ મહાસિદ્ધિ દ્વારૈ ઢાઢી, મુક્તિ ચરનકી દાસી,
**'પરમાનંદ'** ચરન કમલ ભજ, સુંદર ધોખ નિવાસી...૩

(૬)

ધનિ યહ બૃંદાબનકી રેનુ,
નન્દકિશોર ચરાવત ગૈયાં, મુખહિ બજાવત બેનુ...૧
મનમોહન કૌ ધ્યાન ધરૈં, નિય અતિ સુખ પાવત ચૈનુ,
ચલત કહાં મન ઔર પુરીતન, જહાં કછુ બૈન ન દૈનુ...૨
ઈહાં રહહુ જહં ઝૂઠનિ પાવહુ, બ્રજ બાસિનિ કૈં ઐનુ,
**'સૂરદાસ'** હ્યાં કી સરવરિ નહિ, કલ્પવૃચ્છ સુર ધૈનુ...૩

(૭)

બૃંદાબન એક પલક જો રહીએ,
જન્મ જન્મ કે પાપ કટત હૈ, શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણ મુખ કહીએ...૧
મહાપ્રસાદ અરુ જળ જમુનાકો, તનક તનક ભર લહીએ,
**'સૂરદાસ'** વૈકુંઠ મધુપુરી, ભાગ્ય બિના કહાંસે પાઈએ...૨

(૮)

લગે જો શ્રીબૃંદાબન કો રંગ,
મન કે મૈલ સબૈ છૂટ જેહે, અરુ વિષયન કો સંગ...૧
રાધાવર સેવત અરુ સુમરત ઉપજત લહેર તરંગ,
સખીભાવ સહજ હોય છિનમેં, પુરુષભાવ હોય ભંગ...૨
દેહ અભિમાન સબ છૂટ જેહેં, મનસા હોય અપંગ,
**'પરમાનંદ'** નંદનંદન ભજ મિટહેં કોટિ અનંગ...૩

વૃંદાવનની ધૂળ પણ ધન્ય છે. કેમ કે તેના ઉપર શ્રીકૃષ્ણ ખુલ્લા ચરણારવિંદથી ગાયો ચરાવે છે. અહીંના વાતાવરણને ધન્ય છે, કારણ કે તેની હવામાં શ્રીકૃષ્ણની બંસીના સૂર સદા ગૂંજે છે! અહીં શ્રીકૃષ્ણનુ ધ્યાન ધરવાથી મન અને આત્માને ઘણી પ્રસન્નતા થાય છે. અહીંના સુખની બરોબરી કલ્પવૃક્ષ કે કામધેનુ પણ કરી શક્તાં નથી!

રાજસ્થાનમાં આવેલા કિશનગઢના રાજા શ્રીસાવંતસિંહજી નાગરીદાસના નામે પ્રસિદ્ધ છે. તેમણે તેમની રાજધાની, સુખ-સંપત્તિ અને વૈભવ છોડી, જીવનનાં છેલ્લાં સાત વર્ષ વૃંદાવનવાસ કર્યો હતો.

શ્રીકૃષ્ણ ચૈતન્યને સન્યાસની દીક્ષા ન લેવા માટે સમજાવવા લોકો ગયા અને રડવા લાગ્યા, ત્યારે તેમણે કહ્યું: ભાઈઓ, તમે સૌ મારા બંધુઓ છો. મારા માટે આટલો સ્નેહ છે, તમારી



યમુનાપુલિનની લીલા

વાતો હું સમજું છું. હું પરાધીન છું, કારણ કે મને શ્રીકૃષ્ણે પકડ્યો છે. મને એવા આશીર્વાદ આપો કે હું શ્રીકૃષ્ણને પામી શકું. સંન્યાસી થઇ હું વૃંદાવન જઇશ. ત્યાં વ્રજવાસીઓના ઘેરથી ભિક્ષા માગીને ખાઇશ. વૃંદાવનની બહાર કદંબનાં વૃક્ષો નીચે વાસ કરીશ, શ્રીયમુનાજળનું પાન કરીશ. શ્રીકૃષ્ણનાં સુમધૂર નામોનું સંકીર્તન કરીશ. જ્યાં સુધી મને શ્રીકૃષ્ણ નહીં મળે, ત્યાં સુધી મારું હૃદય તેમના વિરહતાપમાં સળગતું રહેશે.

એક મહાત્માએ કહ્યું હતું કે, હે સજ્જન! તારે ભગવાનને મેળવવા હોય તો વેદરૂપી વૃક્ષને ચૂંથીશ નહિ. ત્યાં તને ભગવાન નહીં મળે. તેમને શોધવા તું ભક્તિના ક્ષેત્ર એવા વૃંદાવનમાં આવ. ત્યાં તને વૃક્ષે વૃક્ષે વેણુધારી અને પત્રે પત્રે ચતુર્ભુજનું દર્શન થશે!

આવું વૃંદાવનધામ ગોલોકધામમાં બિરાજે છે. તે યુગલ સ્વરૂપની વિહારભૂમિ છે. શ્રીઠાકોરજીએ તે જ વૃંદાવનને પૃથ્વી ઉપર પ્રગટ કર્યુ છે.

હાલનું વૃંદાવન શહેર મથુરાથી છ માઇલ દૂર છે. જયારે ગોકુળમાં કંસનો ઉપદ્રવ વધ્યો, ત્યારે શ્રીનંદરાયજીએ ગોકુળવાસીઓ સાથે સ્થળાંતર કર્યુ, અહીં વૃંદાવનમાં આવીને તેઓ વસ્યા.

શ્વેતવારાહ કલ્પમાં શ્રીકૃષ્ણે અહીં મહારાસ કર્યો હતો. અહીં (૧) શૃંગારકુંજ (૨) શ્યામકુંજ (૩) માનકુંજ (૪) સેવાકુંજ (૫) નિધિકુંજ (૬) બંસીકુંજ (૭) દાનકુંજ (૮) માખણચોર કુંજ (૯) જ્ઞાનકુંજ છે. તેમાં કુંજગલી, માનગલી, દાનગલી જેવી અનેક ગલીઓ છે. અહીં સોળમી સદી જેટલાં પ્રાચીન મંદિરો છે. શ્રીમહાપ્રભુજીએ વૃંદાવનનું સ્વરૂપ શ્રીસુબોધિનીજીમાં સમજાવ્યું છે. વૃંદા શબ્દનો એક અર્થ સમૂહ થાય છે, તો બીજો અર્થ સ્ત્રીલિંગવાચક ઘણી વસ્તુઓ એવો થાય છે. એટલે જ્યાં એકી સાથે નવધાભક્તિ અને દશમી પ્રેમલક્ષણાભકિતના સમૂહને પ્રગટ થઇને પ્રભુને તત્કાલ પ્રકટ કરવાનું સામર્થ્ય હોય, તેનું નામ વૃંદાવન. ભગવાને વિચાર કર્યો કે મારી ભક્તિનો પ્રદેશ આસુરી લોકોથી મુકત હોવો જોઇએ, જેથી ભક્તોનો બગાડ ન થાય. એટલે શ્રીકૃષ્ણે અસુર દૈત્યોને મારી, દસ પ્રકારની ભક્તિના પ્રદેશ એવા વૃંદાવનને નિર્દોષ, શુદ્ધ બનાવ્યું. આથી શ્રીલલિતકિશોરી નામનાં એક ભક્તે કહ્યું :

(રાગ : જંગલા)

*કર સખી બૃંદાબન સોં હેત,*
*તજી પરપંચ અરુન હરિયારે કારે પીરે સેત...૧*
*'લલિતકિશોરી' લાલ રૂપ લખ બન નિકુંજ સંકેત,*
*દારા સુત જો સંગ ન છાંડૌ તો બસિયે કુટુંબ સમેત...૨*

**વૃંદાવનનાં દર્શનીય સ્થાનો :**

**ભતરોડ :**

ભતરોડને ભોજનટીલો પણ કહેવામાં આવે છે. અહીં મથુરાના બ્રાહ્મણો યજ્ઞ કરતા હતા, ત્યારે ભુખ્યા થયેલા ગોપબાળકોને શ્રીકૃષ્ણે તેમની પાસે મોકલી, ભોજનની માગણી કરાવી. બ્રાહ્મણોએ યજ્ઞનું અન્ન ન અપાય એવું કહ્યું. ગોપબાળકો પાછા આવ્યા. શ્રીકૃષ્ણે તેમને બ્રાહ્મણ પત્નીઓ પાસે મોકલ્યાં અને કહેવડાવ્યું કે ભગવાન ભુખ્યા છે, અન્ન



કાલીઘાટ - કાલીદહની લીલા

આપો. બ્રાહ્મણ પત્નીઓ યજ્ઞની સામગ્રીઓ લઈને ભગવાન પાસે ગયાં. શ્રીકૃષ્ણ પ્રસન્ન થયા અને આશીર્વાદ આપ્યા કે, તમારા પરિવાર સદા સુખી રહેશે, પરંતુ તમારા પતિઓએ મારી આજ્ઞાનો અનાદર કર્યો છે, એટલે તેઓ હંમેશાં તેમના યજમાનો પાસે હાથ લંબાવતા રહેશે. ભગવાનના આ આશીર્વાદ આજે સત્ય જણાય છે. અહીં શ્રીમદનટેર ઠાકોરજીનું મંદિર છે. બીજું ભતરોડ બિહારીજીનું મંદિર છે. તે વિષ્ણુસ્વામી સંપ્રદાયનું સ્થાન છે.

**અક્રુરઘાટ :**

ગામનું નામ અક્રુરઘાટ છે. અકુરજી શ્રીકૃષ્ણ-બલદેવને પધરાવી, મથુરા જતા હતા. ત્યારે અહીં શ્રીયમુનાજીમાં સ્નાન કરવા ઉતર્યા. ત્યાં તેમને શ્રીકૃષ્ણનાં જુદા જુદા સ્વરૂપનાં દર્શન થયાં. અહીં અક્રુરબિહારીજીનું અને ગોપીનાથજીનું મંદિર છે.

**કાલીઘાટ-કાલીદહ :**

પ્રાચીન સમયમાં આ ઘાટને અડીને શ્રીયમુનાજી વહેતાં હતાં. આજે અહીંથી એક માઈલ દૂર બિરાજે છે. ઓડછાના રાજા વીરસિંહદેવે સંવત ૧૭૧૬માં આ ઘાટ બંધાવ્યો હતો. અહીં ભગવાન શ્રીકૃષ્ણે કાલિયનાગને નાથ્યો હતો.

**યુગલઘાટ :**

અહીં યુગલકિશોરજીનું મંદિર છે. તેમાં ભક્તકવિ શ્રીહરિરામ વ્યાસજીના ઠાકોરજી બિરાજે છે.



શૃંગારવટની લીલા

**વૃંદાવનનાં મંદિરો અને સ્થાનો :**

**શ્રીમદનમોહનજીનું મંદિર :**

વ્રજનાં પ્રાચીન મંદિરોમાંનું આ એક છે. તે લાલ પથ્થરનું શિખરવાળું છે. સંવત ૧૩૦૦માં રામદાસ કપૂર નામના શેઠે તેનું નિર્માણ કર્યું હતું. તેમાં બિરાજતું સ્વરૂપ વૃંદાવન વસાવનાર બંગાળના આચાર્ય શ્રીરૂપસનાતનજીને એક ચોબાજી પાસેથી પ્રાપ્ત થયું હતું. આ મંદિર યુગલઘાટ ઉપર આવેલું છે. બાજુમાં સુપ્રસિદ્ધ ભક્તકવિ સૂરદાસ મદનમોહનની સમાધિ છે.

**અદ્વૈતવટ :**

અદ્વૈત ગોસ્વામીની આ તપોભૂમિ છે. અહીં અષ્ટસખીઓનું સુંદર મંદિર છે.

**શૃંગારવટ :**

શ્રીમદનમોહનજીના મંદિરની પાસે આ સ્થળ આવેલું છે. અહીં વાંસનાં ઘણાં વૃક્ષો છે. અહીં શ્રીકૃષ્ણે બંસીમાં સામવેદનું ગાન કર્યું હતું. અહીંના વડ નીચે શ્રીકૃષ્ણે શ્રીરાધિકાજીનો શૃંગાર કર્યો હતો. અહીં શ્રીરાધિકાજીની બેઠક અને તેમનાં ચરણચિહ્ન છે. ગૌડીય આચાર્ય શ્રીનિત્યાનંદજી અહીં રહેતા હતા, તેથી તેને નિત્યાનંદબટ પણ કહે છે.

**શ્રીબાંકેબિહારીજીનું મંદિર :**

વૃંદાવનનું ખૂબ જ સુપ્રસિદ્ધ મંદિર છે. બાંધણીમાં સુંદર અને વિશાળ છે. સંગીતકાર, કલાનિપુણ શ્રીહરિદાસના સ્વામી અહીં બિરાજે છે. આ સ્વરૂપ નિધિવનમાંથી પ્રાપ્ત થયું હતું. શ્રીબાંકેબિહારીજીનાં દર્શન એક સાથે ઘણીવાર થઈ શકતાં નથી. થોડી થોડી વારે ટેરો આવે છે. સ્વરૂપ ખૂબ જ તેજસ્વી અને સુંદર છે.

એક ભકત મટકું માર્યા વિના દર્શન કરતાં કરતાં તન્મય બની ગયા, ત્યારે શ્રીઠાકોરજી ભકતના પ્રેમને વશ થઈ, તે



વૃંદાવન

ભકતની સાથે ચાલી નીકળ્યા. મંદિરના પૂજારીઓએ ઘણી વિનંતી કરી, ત્યારે મંદિરમાં પાછા પધાર્યા. ત્યારથી એવો નિયમ કર્યો છે કે એક સાથે વધારે સમય દર્શન કરાવવાં નહિ.

અહીંનો સેવાપ્રકાર પણ વિલક્ષણ છે. સવારે દશ વાગે શ્રીઠાકોરજી જાગે છે. બાર વાગ્યા સુધીમાં રાજભોગ થઇ જાય છે. મંદિરમાં કોઇપણ જાતનું વાજિંત્ર વગાડવામાં આવતું નથી.

**અષ્ટમલાલજીનું મંદિર :**

શ્રીગુસાંઇજીને સાત લાલજી હતા. શ્રીગુસાંઇજીના એક સેવક તુલસીદાસ સારસ્વત બ્રાહ્મણ હતા. તેઓ શ્રીગુસાંઇજીના જલઘરિયા હતા. બાળપણમાં તેમનાં માતા-પિતાનો દેહાંત થવાથી તેઓ શ્રીગુસાંઇજીના સાત લાલજી સાથે રમતા-ખેલતા. તેથી તેઓ એમ સમજતા કે હું શ્રીગુસાંઇજીનો આઠમો પુત્ર છું. શ્રીગુસાંઇજીએ પોતાની છત્રછાયામાં તેમને મોટા કર્યા હતા. એક દિવસ એક વૈષ્ણવ શ્રીગુસાંઇજીનાં દર્શન કરવા આવ્યા. તેમણે શ્રીગુસાંઇજીએ પૂછયું: આપના લાલજી કયાં બિરાજે છે? ખવાસ શ્રીગુસાંઇજીનાં બાળકોને બોલાવવા ગયો, એટલામાં તુલસીદાસ આવ્યા અને શ્રીગુસાંઇજીની ગોદમાં બેઠા. વૈષ્ણવે પૂછયું: આ કોણ છે? શ્રીગુસાંઇજીએ કહ્યું: અમારા આઠમા લાલજી છે. શ્રીગુસાંઇજીએ સાત લાલજીને સાત સ્વરૂપ પધરાવી આપ્યાં. ત્યારે તુલસીદાસે વિનંતી કરી: મને કંઇ આપ્યું નહિ! શ્રીઠાકોરજીએ શ્રીગુસાંઇજીને આજ્ઞા કરી: એમને પણ સેવા પધરાવી આપો. એમના દ્વારા અનેક જીવો શરણે આવશે. તેથી શ્રીગુસાંઇજીએ તેમને શ્રીગોપીનાથજી ઠાકોરજી પધરાવી આપ્યા અને આજ્ઞા કરી: તમે સિંધદેશમાં જાવ. ત્યાં અમારાથી જવાનું બનતું નથી. ત્યાંના દૈવીજીવોને તમે અષ્ટાક્ષરમંત્ર આપી, પ્રભુના શરણમાં સોંપજો. બ્રહ્મસંબંધ કરાવવા અહીં મોકલજો. આથી તુલસીદાસજી શ્રીગોપીનાથજી ઠાકોરજીને પધરાવી, સિંધમાં ગયા. ત્યાં ક્રમે ક્રમે વૈષ્ણવોની સૃષ્ટિ વધી. જુદાં જુદાં ગામોમાં મંદિરો બન્યાં. સિંધપ્રદેશ પાકિસ્તાનમાં જવાથી આઠમા લાલજીના વંશજ ભારતમાં આવ્યા. તેમનાં ત્રણ-ચાર કુટુંબો હરદ્વારમાં, બે આગ્રા-દિલ્હીમાં અને ચાર-છ કુટુંબો જયપુર-મથુરા-વૃંદાવનમાં રહે છે. હાલ તેમની સોળમી પેઢી ચાલે છે.

**શ્રીરાધાવલ્લભજીનું મંદિર :**

શ્રીબાંકેબિહારીજીના મંદિરથી આગળ આ મંદિર આવેલું છે. શ્રીહિતહરિવંશજીના ઠાકોરજી માટે આ મંદિર શ્રીહિતહરિવંશજીના સેવક સુંદરલાલ કાયસ્થે બનાવ્યું હતું. શાહજહાંના સમયમાં બનેલું આ પ્રાચીન મંદિર મુસલમાનો દ્વારા નષ્ટ થતાં ત્યાં નવું મંદિર બન્યું છે. અહીં શ્રીઠાકોરજીને ભોગમાં ખીચડી ધરાય છે.

અહીંથી આગળ જતાં દાનગલી, માનગલી, યમુનાગલી અને કુંજગલી આવે છે.

**સેવાકુંજ (ગહવરવન) :**

અહીં નાનાં મોટાં વૃક્ષોની સુંદર કુંજ છે. તે પ્રાચીન નિકુંજોનું સ્મરણ કરાવે છે. શ્રીરાધાવલ્લભ સંપ્રદાયના પ્રવર્તક શ્રીહિતહરિવંશજીનું આ સ્થાન છે. અહીં લલિતાકુંડ છે. એક શ્યામતમાલના વૃક્ષની દરેક ગાંઠમાં શાલિગ્રામજીનાં દર્શન થાય છે. અહીં શ્રીઠાકોરજીનો રંગમહેલ અને શય્યામંદિર છે. વૃક્ષોની કુંજમાં નીચા નમીને જતાં શ્રીઠાકોરજીની બેઠકનાં દર્શન થાય છે. આ સ્થળે કોઈ રાતવાસો કરી શક્તું નથી. અહીં આરસના એક નાના મંદિરમાં શ્રીયુગલસ્વરૂપ બિરાજે છે. શ્રીઠાકોરજી શ્રીરાધાજીની ચરણસેવા કરતા હોય એવું આ સ્વરૂપ છે, જે રસખાનજીના પદની યાદ અપાવે છે.

*બ્રહ્મ મૈં ઢૂંઢ્યો પુરાનન ગાનન,*
*વેદરિચા સુની ચૌગુને ચાયન,*
*દેખ્યો સુન્યો ન કહુ કબહું,*
*વહ કૈસે સરૂપ ઔ કૈસે સુભાયન.*
*ટેરત હેરત હારિ, પરયો,*
***'રસખાની'** બતાયો ન લોગ-લુગાયન.*
*દેખો દુરો વહ કુંજ કુટિર મૈં,*
*બૈઠો પલોટત રાધિકા પાયન.*

**શ્રીશાલિગ્રામજીનું મંદિર :**

લોઈ બજારમાં આવેલું છે. તેમાં સવામણનું વિશાળ શાલિગ્રામજીનું સ્વરૂપ બિરાજે છે. આટલું મોટું સ્વરૂપ બીજે કયાંય બિરાજતું નથી.

**શાહબિહારીજીનું મંદિર :**

લખનૌના જમીનદાર શાહ બિહારીએ બંધાવેલું, સુંદર આરસની નકશીવાળું મંદિર છે. તેના થાંભલાઓ દોરડાને વળ ચડાવ્યા હોય તેવા હોવાથી તેને વાંકા થાંભલાવાળું મંદિર



શાહબિહારીજીનું મંદિર

પણ કહે છે. શાહ બિહારીજીના પૌત્રો-શાહ કુંદનલાલ અને શાહ ફૂંદનલાલ પાછળથી લલિતકિશોરીજી અને લલિતમાધુરીજીના નામે પ્રસિદ્ધ ભક્તો થઇ ગયા. તેમનામાં એવી ઉચ્ચ ભાવના હતી કે લઘુશંકા અને ગુરુશંકા કરતાં શરીરનો મળ વ્રજમાં ન પડે, તે માટે તેઓ આગ્રાથી માટી મંગાવતા અને તેનો ઉપયોગ કરતા. પછી તે માટી વ્રજની બહાર ફેંકાવતા. આ મંદિરમાં શાહ બિહારીજી તેમના બે પુત્રો અને મુનિમનાં ચિત્રો આરસમાં કોતરાવી મંદિરની ફરસ ઉપર લગાવેલાં છે. તેની પાછળની ભાવના એવી છે કે વૈષ્ણવોની ચરણરજ તેમના ઉપર પડે. તેમનો મુનિમ મંદિરમાં લાખ્ખો રૂપિયા ખર્ચવા ના પાડતો હતો, માટે ચિત્રમાં તેને આંધળો બતાવ્યો છે. તેમાં શ્રીરાધારમણજીનું સ્વરૂપ બિરાજે છે.

**નિધિવન :**

સ્વામી હરિદાસજીનું સેવ્ય સ્વરૂપ-શ્રીબાંકેબિહારીજી અહીંથી પ્રાપ્ત થયું હતું. તેથી આ વનને નિધિવન કહે છે. અહીં શ્રીહરિદાસજીની બેઠક, વેણુકુંડ, વિશાખાકુંડ, શૃંગાર મંદિર અને રાસચોતરો છે. અહીં નિત્ય રાસ થાય છે.


**શ્રીરાધારમણજીનું મંદિર :**

આ સ્વરૂપ શ્રીગોપાલભટ્ટજીના ઇષ્ટદેવ છે. આ મંદિર શ્રીકૃષ્ણચૈતન્ય સંપ્રદાયનું છે. પહેલાં આ સ્વરૂપ શાલિગ્રામજી રૂપે બિરાજતું હતું. તેમની સેવા કરતાં ગોપાલભટ્ટજીને વસ્ત્રાલંકાર ધરવાની ઉત્કટ ઇચ્છા રહેતી. તેમના મનોરથ સ્વરૂપે શ્રીશાલિગ્રામજીમાંથી શ્રીરાધારમણજીનું સ્વરૂપ પ્રકટ થયું. એમ કહેવાય છે કે ગોપાલભટ્ટ દક્ષિણની યાત્રાએ ગયેલા, ત્યારે ગંડકી નદીમાંથી બાર શાલિગ્રામજી પધરાવી લાવેલા, તેમાંથી એક શ્રીરાધારમણજી રૂપે પ્રકટ થયા. બાકીના અગિયાર શ્રીશાલિગ્રામજી રૂપે રહ્યા. આજે પણ આ સ્વરૂપમાં શ્રીશાલિગ્રામજીનાં દર્શન થાય છે. વૈશાખી પૂર્ણિમાએ તેમનો પ્રાકટ્યોત્સવ મનાવવામાં આવે છે. મંદિરની પાસે શ્રીગોપાલભટ્ટની સમાધિ છે.

વૃંદાવનમાં શ્રીબાંકેબિહારીજી, શ્રીરાધારમણજી અને શ્રીહિતહરિવંશજીનાં શ્રીરાધાવલ્લભજીનાં ત્રણ સ્વરૂપો પ્રાચીન, સુંદર અને મનમોહક છે.

**શ્રીગોપીનાથજીનું મંદિર :**

શ્રીકૃષ્ણ ચૈતન્ય સંપ્રદાયનું આ મંદિર છે. શ્રીમદનમોહનજીના મંદિરને મળતી બનાવટ છે. રાજપૂતાનાના શ્રીરાયસેનજીએ તે બનાવ્યું હતું. તે ખંડિત થતાં નંદકુમાર બાબુ નામના બંગાળી ભક્તે તે બનાવ્યું હતું. અહીં બિરાજતું શ્રીગોપીનાથજીનું પ્રાચીન સ્વરૂપ અત્યારે જયપુર બિરાજે છે.



નિધિવન, વૃંદાવન

**શ્રીગોકુલાનંદ ઉર્ફે રાધાવિનોદ મંદિર :**

શ્રીકૃષ્ણ ચૈતન્યે સંન્યાસ લીધા પછી તેઓ વૃંદાવન આવ્યા હતા. જીવનપર્યંત વૃંદાવનમાં રહી, શ્રીરાધાવિનોદની સેવા કરી હતી.

**બંસીબટ :**

વૃંદાવનનું આ એક મુખ્ય સ્થાન છે. તેના માટે એક દોહો પ્રસિદ્ધ છે.

**શ્રીવૃંદાવન સો વન નહિ, નંદગામ સો ગામ,**
**બંસીબટ સો બટ નહિ, શ્રીકૃષ્ણ નામ સો નામ.**

અહીં વડ નીચે બિરાજી, શ્રીકૃષ્ણ બંસી બજાવતા. શ્રીકૃષ્ણને સૌથી વહાલું આ સ્થાન હતું. અહીં રાસચોતરો છે. નિત્ય સવારે દસ વાગ્યે અહીં રાસ થાય છે. અહીં બપોરે શ્રીઠાકોરજી છાક આરોગતા. બંસીબટની છાકલીલાનાં બે પદો પ્રસિદ્ધ છે.



વૃંદાવનની લીલા

(રાગઃ સારંગ)

બંસી બટ બૈઠે હૈ નંદલાલ,
ભયો હૈ મધયાહ્ન છાક કી બિરિયાં,
અપની અપની ગૈયા છૈયાં લૈ આવો બ્રજબાલ...૧
ગ્વાલ મંડલી મધ્ય બિરાજત,
કરત પરસ્પર ભોજન નવલ બને ગોપાલ,
**'આસકરન'** પ્રભુ મોહનનાગર, સબ સુખ રસિક રસાલ...૨

(૨)

ભોજન કરત નંદલાલ સંગ લિયે ગ્વાલ બાલ,
બૈઠે હૈ કરત ખ્યાલ બંસીબટ છૈયા,
પાતન પર ધરત ભાત દધિ ઓદન લિયે હાથ,
માંગત મુસિકાત જાત સાંવરો કન્હૈયા...૧
બ્યંજન બહુ ભાંતિ ભાંતિ અનુપમ છબી કહી ન જાત,
રુચિસોં લેત ખાત મુદિત પઠઇ મૈયા,
**'છીતસ્વામી'** ગિરિવરધર જેંવત હરિ મંડલ મધ્ય,
સોભિત સબકો મનજુ મોહે નીરખી લેત બલૈયા...૨

**શ્રીગોપેશ્વરજી મહાદેવ :**

વ્રજના સુપ્રસિદ્ધ આઠ મહાદેવજીમાં અહીંના ગોપેશ્વરજી મહાદેવજી પણ છે. શ્રીકૃષ્ણના પ્રપોત્ર શ્રીવજ્રનાભજીએ તેમનું સ્થાપન કર્યું હતું. એમ કહેવાય છે કે શરદપૂનમના મહારાસ વખતે મહાદેવજી રાસનાં દર્શન કરવા ગોપીનું રૂપ ધરીને આવ્યા હતા. અંતર્યામી શ્રીકૃષ્ણ મહાદેવજીને ઓળખી ગયા. એટલે કહ્યુંઃ પધારો ગોપેશ્વર. શ્રીમહાદેવજીએ તરત પોતાનું મૂળ રૂપ ધારણ કરી, આવવાનું કારણ જણાવ્યું. ત્યારથી તેઓ ગોપેશ્વર મહાદેવ તરીકે પ્રસિદ્ધ થયા. આ સંબંધમાં નીચેનો દોહો પ્રસિદ્ધ છે.

**વૃંદાવનકી ભૂમિકો, સુરપતિ નાવે માથ,**
**જહાં આય ગોપી બને, શ્રીગોપેશ્વર નાથ.**

પુરાણમાં એક બીજી કથા પણ છે. આસુરી નામના એક મુનિ રાસરસેશ્વર શ્રીકૃષ્ણનું ધ્યાન ધરતા. તેમાં મગ્ન થઇ જાય ત્યારે દેહનું ભાન રહેતું નહિ. એક વખત ધ્યાનમાં તેમને ભગવાનનાં દર્શન થયાં નહિ. કંટાળીને તેઓ બ્રહ્મલોકમાં બ્રહ્મા પાસે ગયા. તેમણે બ્રહ્માને પૂછયુંઃ મારો શો અપરાધ થયો છે? ધ્યાનમાં મને દર્શન નહિ થાય તો હું પ્રાણ ત્યજીશ. બ્રહ્માએ તેમને કહ્યુંઃ મહાદેવજી ભગવાનના ખાસ ભક્ત હશે, તમે તેમની પાસે જાવ. તેઓ તમારા મનનું સમાધાન કરશે



ગોપેશ્વર મહાદેવ

અથવા વૈકુંઠનાથને ખબર હશે, તમે ત્યાં જાવ. આસુરીમુનિ વૈકુંઠનાથ પાસે ગયા. વૈકુંઠનાથ તેમને લઇ, મહાદેવજી પાસે ગયા. મહાદેવજીએ કહ્યુંઃ ભગવાન હાલ વ્રજભૂમિમાં રાસમાં બિરાજયા છે. સૌ મહાદેવજીને સાથે લઇ, વ્રજભૂમિમાં વૃંદાવનમાં આવ્યા. ત્યાં રાસમંડળમાં ગોપીજનોના યૂથનો ચારે બાજુ એક ગોળાકાર કોટ બની ગયો હતો, જેથી તેમાં કોઇ પુરુષ પ્રવેશી ન શકે. દ્વાર પર ઉભેલી સખીએ બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ અને આસુરીમુનિને પૂછ્યુંઃ તમે કેમ આવ્યા છો? સૌએ કહ્યુંઃ અમે ભગવાનનાં દર્શન કરવા આવ્યા છીએ. તે સખીએ અંદર જઇ, ભગવાનને વિનંતી કરી. ભગવાને આજ્ઞા કરીઃ વિષ્ણુ અને બ્રહ્માને પોતપોતાના સ્થાને પાછા જવા કહો, તેમનો અધિકાર નથી. આસુરી મુનિ અને મહાદેવજીને માનસરોવરમાં કાયાકલ્પ કરાવ્યું. મહાદેવજીને ગોપીરૂપ પ્રાપ્ત થયું. આસુરીમુનિનો ભગવાનના સ્વરૂપમાં મોક્ષ થયો. પછી મહાદેવજીને ભગવાનની રાસલીલાનાં દર્શન થયાં. મહાદેવજીએ માગ્યું કે, હું ગોપીરૂપે અહીં નિરંતર રહું અને દર્શન કરું. ભગવાને તેમની ઇચ્છા પૂરી કરી. ત્યારથી મહાદેવજી ગોપેશ્વર નામે કાયમ બંસીબટમાં બિરાજે છે.

**બંસીબટ પાસે આવેલાં ચાર બેઠકજી :**

શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી, શ્રીગોકુલનાથજી અને દામોદરદાસ હરસાનીજીનાં એમ ચાર બેઠકો એક જ સ્થાનમાં પાસપાસે આવેલાં છે.

**શ્રીમહાપ્રભુજીની બેઠક :**

શ્રીમહાપ્રભુજીએ અહીં બિરાજી, વૈષ્ણવોને સુબોધિનીનું રસપાન કરાવ્યું હતું. તેમના સેવક પ્રભુદાસ જલોટાને વૃક્ષે વૃક્ષે વેણુર્ધારી...શ્લોક સંભળાવી, વ્રજરજનું માહાત્મ્ય બતાવ્યું હતું. શ્રીકૃષ્ણ ચૈતન્યના સેવક ગોપાલદાસ ગોડિયાને તેમની ભાવના મુજબ શાલિગ્રામમાંથી શ્રીઠાકોરજીનું સ્વરૂપ પ્રકટ કરી, તેમનું રાધારમણ નામ પાડી, પધરાવી આપ્યું હતું.

**શ્રીગુસાંઇજીની બેઠક :**

શ્રીમહાપ્રભુજીનાં બેઠકની બાજુમાં શ્રીગુસાંઇજીનાં બેઠક છે. ત્યાં બિરાજી તેમણે શ્રીભાગવતનું પારાયણ કર્યુ હતું. અહીં તેમને મળવા માટે શ્રીહરિવંશજી વગેરે ચૈતન્ય સંપ્રદાયના મહંતો આવ્યા હતા. શ્રીહરિવંશજીએ પૂછયું હતું કે, તમે સંધ્યાવંદન કેમ કરો છો? શ્રીગુસાંઇજીએ કહ્યું કે નંદાલયમાંથી સવારે પ્રભુ ગૌચારણ માટે વનમાં પધારે છે, ત્યારે વ્રજભક્તોને પ્રભુનો વિયોગ થાય છે. સાંજે જયારે પ્રભુ વનમાંથી પાછા પધારે છે, ત્યારે વ્રજભક્તોને પ્રભુનો સંયોગ થાય છે. એ ભગવદ્‌લીલાનું અનુસંધાન રહે, તે માટે અમે સંધ્યાવંદન કરીએ છીએ. આ સાંભળી સૌ ચૂપ થઇ ગયા.

એક મૂર્તિકાર ભગવદ્‌મૂર્તિઓ લઇને આવ્યો હતો. શ્રીગુસાંઇજીની દૃષ્ટિ તે મૂર્તિઓ ઉપર પડતાં તે મૂર્તિઓમાં પુરુષોત્તમનો આવિર્ભાવ થયો, એટલે સૌ પ્રગટદર્શન આપવા લાગ્યાં. આવો ચમત્કાર જોઇ એક મહંત શ્રીગુસાંઇજીના શરણે આવ્યા.

**શ્રીગોકુલનાથજીનાં બેઠક :**

શ્રીગુસાંઇજીની બાજુમાં શ્રીગોકુલનાથજીનાં બેઠક છે. અહીં બિરાજી, શ્રીગોકુલનાથજીએ શ્રીભાગવત સપ્તાહ કરી હતી, ત્યારે વૃંદાવનના બધા સંત-મહંતો શ્રવણ કરવા સાત




શ્રીબેઠકજી - વૃંદાવન

દિવસ આવ્યા. શ્રીગોકુલનાથજીએ ત્યારબાદ અહીં શ્રીવલ્લભાષ્ટક ઉપર સંસ્કૃત ટીકા રચી, તેનું શ્રવણ કલ્યાણ ભટ્ટ વગેરે વૈષ્ણવોને કરાવ્યું.

**દામોદરદાસ હરસાનીજીનાં બેઠક :**

પુષ્ટિભક્તોના શિરોમણિ મહાનુભાવ દામોદરદાસ હરસાનીજીનાં બેઠક પણ અહીં આવેલાં છે.

બેઠકજીમાં અપરસમાં સ્નાન કરવાની અને ઝારી ચરણસ્પર્શ કરવાની સુંદર વ્યવસ્થા છે.

**શ્રીમદનમોહનજીનું પુષ્ટિમાર્ગીય મંદિર :**

બેઠકજીની પાસે શ્રીમદનમોહનજીનું પુષ્ટિમાર્ગીય મંદિર આવેલું છે.

**શ્રીગિરિધરદાસજીનું મંદિર :**

ગ્વાલિયરના મહારાજા જીયાજીરાવે સંવત ૧૯૧૭માં બંધાવેલું આ મંદિર નિમ્બાર્ક સંપ્રદાયનું છે. બ્રહ્મચારી તુલસીદાસ ત્યાં સેવા કરતા. તેઓ મહા સિદ્ધ પુરુષ હતા. તેમને વાક્‌સિદ્ધિ હતી. મંદિરમાં શ્રીરાધાકૃષ્ણ, શ્રીહંસગોપાલ, સનતકુમારો અને નારદજીનાં સ્વરૂપો છે. નિમ્બાર્ક સંપ્રદાયના મૂળ આચાર્યોની પ્રતિમાઓ છે. અહીં નિત્ય રાસ થાય છે.

**લાલાબાબુનું મંદિર :**

શ્રીરંગજીના મંદિરની ઉત્તર બાજુએ શ્રીકૃષ્ણચંદ્રનું મંદિર આવેલું છે. જે લાલાબાબુના મંદિર તરીકે ઓળખાય છે. તેઓ કલકત્તાના બંગાળી કાયસ્થ હતા. વ્રજવાસ કરી, તેમની અપાર સંપત્તિ વડે આ સુંદર મંદિર સંવત ૧૮૬૭માં બંધાવ્યું હતું. તેના ઉપર સુવર્ણનો કળશ અને સુદર્શનચક્ર છે. લાલાબાબુ વ્રજરજના બહુ પ્રેમી હતા. તેઓ વ્રજવાસીઓના ત્યાંથી ભિક્ષા માગી ભોજન કરતા. તેમની અંતિમ ઈચ્છા હતી કે તેમના શબને વ્રજરજમાં ઘસડતાં અગ્નિસંસ્કાર માટે લઇ જવું.

**શ્રીરાસમાધવનું મંદિર :**

બ્રહ્મદેશમાં રહેતા એક બંગાળી ગૃહસ્થે આ મંદિર બનાવ્યું છે. તેમાં શ્રીઠાકોરજીને બિરાજવાના સિંહાસનથી લઇને દીવાની દીવી સુધીની બધી વસ્તુઓ સોનાની છે.

**તુલસીકુંજ :**

ત્યાંથી આગળ જતાં તુલસીકુંજ આવે છે. જાણે તુલસીનું વન જોઇ લો!



શ્રીરંગજી મંદિર, વૃંદાવન

**બ્રહ્મકુંડ :**

ત્યાંથી આગળ જતાં બ્રહ્મકુંડ આવે છે. અહીં ગ્વાલમંડળી સાથે ઠાકોરજી છાક આરોગ્યા હતા. અને સૌ સખાઓને યમુનાજીમાં હાથ ધોવાને બદલે હાથ લૂછી નાખવાની આજ્ઞા કરી હતી. અહીં બ્રહ્માજી માછલું બની, મહાપ્રસાદ ખાવા આવ્યા હતા. ભગવાને તેમના સખાઓને અહીં બ્રહ્મલોકનાં દર્શન કરાવ્યાં હતાં.

**શ્રીરંગજીનું મંદિર :**

શ્રીરામાનુજ સંપ્રદાયનું આ સુપ્રસિદ્ધ મંદિર શેઠ લક્ષ્મીચંદના નાના ભાઈ રાધાકૃષ્ણજી અને ગોવિંદદાસજીએ સંવત ૧૯૦૮માં તે સમયના પીસ્તાલીસ લાખ રુપિયા ખર્ચીને બંધાવ્યું હતું. વ્રજમાં આ અજોડ મંદિર છે. શિખર ઘણું ઊંચું છે. મંદિરનું બાંધકામ શ્રીરંગપટ્ટણમના શ્રીરંગજીના મંદિરને અનુરૂપ છે. મંદિર બાંધવામાં બંને ભાઈઓ જાતે ખભા ઉપર પથ્થરો ઉપાડી, દીનતાથી સેવા કરતા હતા. મંદિરમાં સાત પરિક્રમા માર્ગ છે. તે ઉપરાંત તળાવ, બગીચો અને મંદિરના કર્મચારીઓને રહેવાનાં પચાસ મકાનો છે. દરેક મકાનમાં કૂવો અને મંદિર છે. મંદિરમાં પાઠશાળા છે. તેમાં ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કરાવવામાં આવે છે. પ્રાચીન અલભ્ય પુસ્તકોનો વિશાળ સંગ્રહ છે. વિદ્યાર્થીઓ અને સાધુઓ માટે સદાવ્રત ચાલે છે. મંદિરમાં શ્રીરંગનાથજી, લક્ષ્મીજી અને ગરૂડજીની વિશાળ મૂર્તિઓ છે. મંદિરની અંદર જ ચારે બાજુ અનેક મંદિરો છે. મંદિરનું વાર્ષિક ખર્ચ એક લાખ રૂપિયાથી વધારે છે. મંદિર તરફથી જુદા જુદા ઉત્સવો ઉજવાય છે. મંદિરના ચોકમાં સાડા બાર મણ વજનના સોનાનો એક ઊંચો ગરૂડસ્તંભ છે.

**શ્રીગોવિંદદેવજીનું મંદિર :**

વ્રજના ચાર મુખ્ય દેવ - હરિદેવ, બલદેવ, કેશવદેવ અને ગોવિંદદેવ પૈકી વૃંદાવનમાં શ્રીગોવિંદદેવજીનું મંદિર છે. જયપુરના મહારાજા માનસિંહે સંવત ૧૬૪૭માં તે બંધાવ્યું હતું. મંદિર ઘણું ઊંચું, લાલ પથ્થરોનું બનેલું છે. દિવાલો ઉપર વેલબુટ્ટીની નકશી છે. સ્થાપત્યના કલાકૌશલનો અદ્‌ભૂત નમૂનો છે. પહેલાં તેના સાત માળ હતા. ઔરંગઝેબે ઉપરના માળ તોડી નંખાવ્યાનું કહેવાય છે. મંદિરમાં શ્રીગોવિંદદેવજીનું સ્વરૂપ શ્રીકૃષ્ણના પ્રપૌત્ર વજ્રનાભજીએ પધરાવેલું હતું. તે હાલ જયપુરમાં બિરાજે છે. પાછળના ભાગમાં ગોવિંદદેવજીનું નવું મંદિર આવેલું છે.



શ્રીગોવિંદજીનું મંદિર, વૃંદાવન

શ્રીગુસાંઈજીના સેવક ભગવાનદાસ વૃંદાવન આવ્યા ત્યારે ગોવિંદદેવજીના મંદિરના અધિકારીએ ભગવાનદાસને શ્રીગોવિંદદેવજીનાં દર્શન કરવા આવવા દીધા નહીં, કારણ કે તેઓ શ્રીગુસાંઈજીના સેવક થયા હતા. તે વખતે શ્રીગોવિંદદેવજીને શયનભોગ ધરાયો, ત્યારે શ્રીગોવિંદદેવજીએ આજ્ઞા કરી કે, ભગવાનદાસ ભોગ ધરશે, તો જ હું આરોગીશ. આથી અધિકારીને ભગવાનદાસને ઘેર જઈ, પગે પડી, વિનંતી કરી, બોલાવી લાવવા પડ્યા.

**જ્ઞાનગુદડી :**

શ્રીરંગજીના મંદિરની પૂર્વ બાજુએ, શ્રીયમુનાજીના કિનારે આ સ્થાન આવેલું છે. જ્ઞાનગુદડી એટલે જ્ઞાનનું બજાર. પ્રાચીન સમયમાં અહીં જ્ઞાનના સિદ્ધાંતોની ચર્ચા થતી. હાલ અહીં વિષ્ણુસ્વામી સંપ્રદાયના વિરક્તોનો અખાડો (મંદિર) છે. તે શ્રીમોહનીદાસના મંદિર તરીકે પ્રસિદ્ધ છે. અહીં અષાડ સુદ બીજના દિવસે રથયાત્રાનો ઉત્સવ થાય છે. આ મોહનીદાસજી શ્રીહરિદાસજીની શિષ્યપરંપરામાં થઈ ગયા. અહીં સ્વામી હરિદાસજીના કરવા અને કોપીનનાં દર્શન થાય છે. અહીંનો યમુનાકિનારો બહુ રમણીય છે. તેની બાજુમાં શાહજહાં-પુરવાળી રાણીનું બંધાવેલું કિશોરરમણજીનું મંદિર અને જયપુરના મહારાજાનું મંદિર છે.

**રાજા વનમાલીરાયનું મંદિર :**

બંગાળના રાજા વનમાલીરાયનું બંધાવેલું આ મંદિર જમાઈબાબુના મંદિરના નામે ઓળખાય છે. રાજાની દીકરી ભગવદીય હતી, તેથી તેણે લૌકિક પુરુષ સાથે લગ્ન ન કરતાં, પ્રભુ સાથે લગ્ન કર્યુ હતું. પુત્રીની ઈચ્છા પ્રમાણે રાજાએ રાજમહેલ જેવું આ મંદિર બનાવી, તેમાં ગૃહસ્થ રાજાને અનુરૂપ બધું સજાવ્યું હતું. શ્રીઠાકોરજીની સેવા ગૃહસ્થ રાજાને અનુરૂપ થાય છે. શ્રીઠાકોરજીને અનોસરમાં પલંગ પાસે હુકકો પણ ધરવામાં આવે છે. આ મંદિરમાં શ્રીરાધાવિનોદ ઠાકોરજી બિરાજે છે.

**શ્રીજુગલકિશોરનું મંદિર :**

કેશીઘાટ પાસે આવેલ આ મંદિર સંવત ૧૬૮૩માં બનેલું પ્રાચીન મંદિર છે.

**મીરાંબાઇનું મંદિર :**

શાહજીના મંદિરની પાસે ગોવિંદદેવ મહોલ્લામાં આવેલું છે. મીરાંબાઈ વૃંદાવનમાં આવ્યાં ત્યારે આ સ્થાને વૃંદાવનમાં



ગીતામંદિર, વૃંદાવન

સંત-મહંતોને મળ્યાં હતાં. મંદિરમાં પાંચ સ્વરૂપો બિરાજે છે.

આ ઉપરાંત વૃંદાવનમાં નાનાં-મોટાં હજ્જારો મંદિર છે.

**વૃંદાવનમાં શ્રીયમુનાજીના ઘાટ :**

(૧) **કેશીઘાટ** : ભગવાને અહીં કેશીદાનવને માર્યો હતો.

મથુરાના ગડુસ્વામી સનાઢ્ય બ્રાહ્મણ શ્રીવૃંદાવનમાં કેશીઘાટ ઉપર બેસી, પ્રભુની કયારે કૃપા થશે તેનો વિરહ કરતા. એક વખત શ્રીમહાપ્રભુજી અહીં પધાર્યા. આગલા દિવસે રાત્રે શ્રીઠાકોરજીએ નિદ્રામાં આજ્ઞા કરી કે તું શ્રીમહાપ્રભુજીનો સેવક થજે. શ્રીમહાપ્રભુજીએ અહીં ગડુસ્વામીને સેવક કર્યા હતા.

(૨) **ધીરસમી ઘાટ** : જયદેવજીએ તેમના 'ગીતગોવિંદ' કાવ્યમાં આ ઘાટનું વર્ણન કરેલું છે.

(૩) **વિહારઘાટ** : શ્રીકૃષ્ણ અહીં જલવિહાર કરતા.

(૪) **કાલીદહઘાટ** : શ્રીકૃષ્ણે અહીં કાલિયનાગનું દમન કર્યુ હતું.

(૫) **યુગલઘાટ** : યુગલસ્વરૂપ અહીં જળક્રીડા કરતાં.

(૬) **ભ્રમરઘાટ** : એકવાર શ્રીરાધિકાજીના મુખકમળથી આકર્ષાઈ એક ભ્રમર આસપાસ ગુંજારવ કરવા લાગ્યો. ત્યારે શ્રીરાધિકાજી અહીં શ્રીકૃષ્ણના શ્રીઅંગને લપટાઈ ગયાં હતાં, માટે તેનું નામ ભ્રમરઘાટ પડ્યું.

(૭) **પ્રસ્કંધ ઘાટ**

(૮) **ગોવિંદઘાટ**

(૯) **સૂર્યઘાટ**

(૧૦) **દાવાનળઘાટ**

(૧૧) **અક્રુરઘાટ.**

**ગીતામંદિર :**

મથુરા-વૃંદાવનના માર્ગ ઉપર ગીતામંદિરના નામે પ્રસિદ્ધ બિરલામંદિર છે. તેમાં સ્તંભો ઉપર સંપૂર્ણ ગીતા અંકિત છે.


**ધન્ય વૃંદાવન, ધન્ય યમુના,**
**ધન્ય રાધામાધવ, ધન્ય લીલા;**
**ધન્ય વૃંદાવનની ગોપી,**
**ધન્ય ધન્ય વૃંદાવનવાસી.**
**ધન્ય વૃંદાવનની રજ,**
**ધન્ય વૃંદાવનનાં વૃક્ષ.**



વૃંદાવનનાં મંદિરો



ઈસ્કોન મંદિર, વૃંદાવન



પાગલબાવાનું મંદિર, વૃંદાવન



વૃંદાવનનાં મંદિર

# લોહવન

વૃંદાવનથી લોહવન જવાના બે માર્ગ છે. પહેલો માર્ગઃ વૃંદાવનથી માનસરોવર ત્રણ માઇલ, ત્યાંથી મથુરા આઠ માઇલ, ત્યાંથી લોહવન ચાર માઇલ, આમ કુલ પંદર માઇલનું અંતર છે. બીજોમાર્ગઃ વૃંદાવનથી માનસરોવર ત્રણ માઇલ, પાનીગાંવ પોણો માઇલ, કલ્યાનપુર એક માઇલ, દીવાના એક માઇલ, માવણી પા માઇલ; શાહપુર અડધો માઇલ અને ત્યાંથી લોહવન અઢી માઇલ, કુલ નવ માઇલ અંતર છે.

**માનસરોવર :**

વૃંદાવનથી કેશીઘાટે નાવમાં બેસી, સામે કિનારે ઉતરી, ચાલતાં ત્રણ માઇલના અંતરે માનસરોવર આવે છે. શીતળ-સ્વચ્છ જળથી ભરેલું વિશાળ અને ઊંડું સરોવર છે. ચોમેર સુંદર વનરાજી છે. એકાંત-રમણીય સ્થાન છે. અહીં શ્રીઠાકોરજીએ ચતુરાઈપૂર્વક શ્રીસ્વામિનીજીનું માન છોડાવ્યું હતું. તેથી આ સરોવરનું નામ માનસરોવર પડ્યું છે. અહીં મહામાનની જગ્યા છે. ત્યાં શ્રી રાધિકાજીની બેઠક છે. ત્યાં નેત્રનાં દર્શન થાય છે. શ્રીરાધિકાજી મહામાન કરીને બિરાજયાં, ત્યારે શ્રીકૃષ્ણ સખીની સાથે તેમને શોધવા ફરતા હતા. અહીં શ્રીરાધાજી કમળોની વચ્ચે પોતાના હસ્તકમળ પર મુખ ધરીને, નેત્ર મીચીને બિરાજયાં છે. જાણે કમળો પર ચંદ્રમા બિરાજયો ન હોય!

અહીં માનવિહારીજીનાં દર્શન પૂર્વ તરફના મંદિરમાં છે. શ્રીરાધિકાજીની બેઠકના અગ્નિ ખૂણે શ્રીમહાપ્રભુજીની બેઠક છે.

**શ્રીમહાપ્રભુજીની બેઠક :**

અહીં શ્રીમહાપ્રભુજીએ ત્રણ દિવસ બિરાજી, શ્રીભાગવતનું



માનસરોવરની લીલા

પારાયણ કર્યુ હતું. એક દિવસ અડધી રાતે દામોદરદાસજી ઉઠ્યા, ત્યારે તેમને શ્રીમહાપ્રભુજીનાં દર્શન ન થયાં, એટલે તેઓ ચિંતા કરવા લાગ્યા. એટલામાં શ્રીમહાપ્રભુજી દિવ્ય પુરુષોત્તમ સ્વરૂપે પધાર્યા. દામોદરદાસજીએ પૂછ્યું : આપ કયાં પધાર્યા હતા? શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : આજે શ્રીસ્વામિનીજીએ ગાઢ માન કર્યુ હતું. તેમને મનાવી, શ્રીઠાકોરજી પાસે પધરાવીને આવું છું.

**શ્રીગુસાંઇજીની બેઠક :**

શ્રીમહાપ્રભુજીનાં બેઠકની સાથે શ્રીગુસાંઈજીનાં બેઠક પણ છે. એક વખત શ્રીગુસાંઇજી માનસરોવર ઉપર સંધ્યાવંદન કરતા હતા, ત્યારે એક હંસ અને હંસિનીનું જોડું શ્રીગુસાંઈજીની પાસે આવી, જળ પીતું હતું. શ્રીગુસાંઇજીએ તેમને નામમંત્ર આપી વૈષ્ણવ કર્યાં. આ હંસ-હંસિની માનસરોવરમાં રહેતાં.



માનસરોવર બેઠકજી

વ્રજયાત્રા કરતાં વૈષ્ણવો અહીં આવે ત્યારે તેમની ચરણરજમાં તેઓ લોટતાં, એ જોઇ એક પારધી વૈષ્ણવનો વેશ લઇ, હંસહંસિનીને પકડકવા આવ્યો. હંસ-હસિનીની પાંખોનો પારધીને સ્પર્શ થતાં તેની બુદ્ધિ શુદ્ધ થઇ. તે ગોકુળ જઇ, શ્રીગુસાંઇજીનો સેવક થયો. પછી નિરંતર અષ્ટાક્ષર જપવા લાગ્યો.

આ બેઠકજી કાંકરોલીવાળા ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજના માથે બિરાજે છે. હાલ તેના નવનિર્માણનું કાર્ય હાથ ધરાયું છે.

**પાનીગાંવ :**

માનસરોવરથી બે માઇલ દૂર દક્ષિણમાં આવેલું છે. ચોમાસામાં અહીં ઘણું પાણી ભરાઇ જાય છે, તેથી તેનું નામ પાનીગાંવ પડ્યું છે. અહીં દુર્વાસાઋષિ તપ કરતા હતા. વ્રજની ગોપીઓએ યમુના પાર કરી, અહીં દુર્વાસાઋષિને ભોજન કરાવ્યું હતું. જાટ રાજા સૂરજમલની રાણીએ બનાવેલું એક મંદિર અહીં છે.

**લોહવન :**

અહીં ભગવાને લોહાસુરને માર્યો હતો, તેથી આ સ્થાનનું નામ લોહવન પડ્યું છે. બ્રહ્માના પુત્રો સનતકુમારોએ અહીં તપ કર્યુ હતું. અહીં લોહાસુરની ગુફા, લોહકુંડ, કૃષ્ણકૂપ અને શ્રીગોપીનાથજી ઠાકોરજીનાં દર્શન છે. અહીં નીલ વસ્તુ, નીલ વસ્ત્ર અને લોખંડનું દાન કરવાનો મહિમા છે. આ વન બાર વનોમાનું એક વન છે. અહીં દાન લેનાર બ્રાહ્મણ શનિચર કહેવાય છે.

**બંદી-આનંદેવી :**

લોહવનથી દાઉજી જતાં રસ્તામાં, તારાપુર, કિશનપુર અને ખાનપુર ગામ થઇને બંદીગામ આવે છે. ત્યાં આનંદકુંડ છે. કુંડ ઉપર બંદીદેવીનું નાનું સ્વરૂપ અને આનંદીદેવીનું થોડુંક મોટું સ્વરૂપ બે જુદાં શિખરદાર મંદિરોમાં છે. આ બંને દેવીઓ કૃષ્ણાવતારમાં બે બહેનો હતી. શ્રીનંદરાયજીના ત્યાં છાણ ભેગું કરી, છાણાં થાપનારી હતી. તેમને શ્રીકૃષ્ણનાં દર્શનની ઘણી આસક્તિ હતી. છાણાં થાપવાની સેવા નિમિત્તે તેમને નિત્ય દર્શનનું સુખ મળતું. શ્રીઠાકોરજીએ તે બંને પર કૃપા કરી, તેમને આશીર્વાદ આપ્યા હતા કે આગળ ઉપર તમે બંને દેવી તરીકે પુજાશો.




લોહવનની લીલા



લોહવન

**શ્રીદાઉજી :**

લોહવનથી આશરે દસ માઇલ, મથુરાથી ચૌદ માઇલ, મહાવનથી છ માઇલ અને ગોકુળથી આઠેક માઇલ દૂર બલદેવ ગામ આવેલું છે. તેનું જૂનું નામ રીંડા ગામ છે, પણ વૈષ્ણવો આ ગામને શ્રીદાઉજી તરીકે જ ઓળખે છે. ગામમાં પેસતાં જ શ્રીદાનવિહારીજીનું મંદિર છે. ત્યાંથી આગળ ક્ષીરસાગર તળાવ છે. તેના કિનાર ઉપર શ્રીબલદેવજીનું વિશાળ ભવ્ય મંદિર છે. તેમાં શ્રીબલદેવજી અને રેવતીજીનાં દર્શન છે. શ્રીબલદેવજી મૂળ ગૌર સ્વરૂપના, પરંતુ શ્રીઠાકોરજીએ પોતાનું તેજ તેમનામાં સ્થાપન કર્યુ હોવાથી અહીં તેમનાં શ્યામ સ્વરૂપે દર્શન થાય છે. સમસ્ત મથુરામંડળમાં દાઉજીનું આ સ્વરૂપ સૌથી પ્રાચીન અને પ્રભાવશાળી છે. વ્રજવાસીઓ અને વૈષ્ણવો તેમની ઘણી માનતા માને છે. શ્રીદાઉજીને મુખ્યત્વે ભાંગ, માખણ, મિસરી અને ખીરપુરીનો ભોગ આવે છે.



શ્રીદાઉજીની લીલા

પુષ્ટિમાર્ગીય સિદ્ધાંત પ્રમાણે શ્રીદાઉજી પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણનું ધર્મસ્વરૂપ છે. કૃષ્ણાવતારમાં તેઓ શ્રીકૃષ્ણના મોટાભાઈ છે. તેઓ અત્યંત બળવાન અને હાંસી-વિનોદપ્રિય સ્વભાવના છે. શ્રીદાઉજીને વ્રજના રાજા ગણવામાં આવે છે. તેઓ શ્રીકૃષ્ણના મોટાભાઈ હોવાથી, વ્રજભાષામાં મોટાભાઈને 'દાઉ' કહે છે. માટે તેમને દાઉજી કહેવામાં આવે છે. તેમની સેવા પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકોરજીની ભાવનાથી જ થાય છે અને તેમનો મહાપ્રસાદ લેવાય છે. એમ કહેવાય છે કે અહીં શ્રીદાઉજીનું આ સ્વરૂપ શ્રીકૃષ્ણના પ્રપૌત્ર વજનાભજીનું પધરાવેલું છે. આ સ્વરૂપ ઘણો સમય ક્ષીરસાગરમાં ગુપ્ત રીતે બિરાજતું હતું. એકવાર કલ્યાણજી અહિવાસી નામના વ્રજવાસીને શ્રીબલદેવજીએ સ્વપ્નમાં દર્શન આપી, આજ્ઞા કરી કે મને ક્ષીરસાગરમાંથી બહાર પધરાવી, મારું મંદિર સિદ્ધ કરો. ત્યારે કલ્યાણજી આહિવાસીએ ક્ષીરસાગરના કિનારે કાચા મંદિરમાં પધરાવ્યા. ત્યારબાદ શ્રીગુસાંઈજીના ચોથા લાલજી શ્રીગોકુલનાથજીએ તેમને મોટા મંદિરમાં પાટ પધરાવી, તેમની સેવાનો પ્રબંધ પુષ્ટિમાર્ગીય સેવાપ્રણાલી અનુસાર કર્યો. પોતે શ્રીદાઉજીને માખણ, મિસરી અને દૂધપાકનો ભોગ ધર્યો. ભાદરવા સુદ છઠ અને માગસર સુદ પૂનમે અહીં મોટો મેળો ભરાય છે. ભાદરવા સુદ છઠે શ્રીદાઉજીનો જન્મદિવસ મનાવાય છે. માગસર સુદ પૂનમ શ્રીદાઉજીની પૂનમ તરીકે પ્રસિદ્ધ છે. ઔરંગઝેબના લશ્કરે આ મંદિર ઉપર હુમલો કર્યો ત્યારે મંદિરમાંથી અસંખ્ય ભમરાઓ નીકળ્યા હતા, તેથી લશ્કર ભાગી ગયું હતું.

અહીંના પંડાઓ યાત્રીઓને બહુ જ તંગ કરે છે અને માથાભારે હોય છે.

**હતોડાગામ :**

શ્રીબલદેવ ગામની નજીકમાં તે આવેલું છે. અહીં શ્રીનંદરાયજીની બેઠક છે. નંદબાવાની ગોદમાં બેસી, શ્રીઠાકોરજી અહીં બાલલીલા કરતા.

**ચિંતાહરણ ઘાટ :**

અહીં શ્રીયમુનાજી બિરાજે છે. ચિંતાહરણ મહાદેવ અને ચિંતાહરણબિહારીજીનું મંદિર છે. શ્રીઠાકોરજીએ પોતાના ભક્તોની બધી ચિંતાઓ અહીં દૂર કરી હતી.



હતોડા ગામની લીલા

## બ્રહ્માંડ ઘાટ :

એક વખત શ્રીઠાકોરજી સખાઓ સાથે અહીં ખેલતા હતા, ત્યારે સખાઓએ જોયું કે શ્રીઠાકોરજી માટી ખાય છે. સખાઓએ યશોદામૈયાને ફરિયાદ કરી. શ્રીઠાકોરજીનાં તોફાનથી યશોદામૈયા અકળાયેલાં હતાં. એટલે વધારે ગુસ્સે થઇ ત્યાં આવ્યાં. શ્રીઠાકોરજીનો હાથ પકડીને પૂછ્યું: લાલા, તેં માટી ખાધી? શ્રીઠાકોરજીએ ના પાડી. માએ કહ્યું: શું તારા સખાઓ ખોટું બોલે છે? શ્રીઠાકોરજીએ કહ્યું: મારું મોં જુઓ. શ્રીઠાકોરજીએ મુખ ખોલ્યું. તેમની માતાને પૂરા બ્રહ્માંડનાં દર્શન કરાવ્યાં.

શ્રીઠાકોરજીએ માટી ખાધી હતી, છતાં નથી ખાધી એવું કેમ કહ્યું એનું કારણ શ્રીમહાપ્રભુજીએ શ્રીસુબોધિનીજીમાં સમજાવ્યું છે. પૂતનાએ સોળ હજાર બાળકોના પ્રાણ ચૂસ્યા હતા, તે શ્રીઠાકોરજીએ પૂતનાના સ્તનપાન દ્વારા પોતાના હૃદયમાં રાખ્યા હતા. આ બાળકોને પૂતનાનો સંગ થવાથી આસુરાવેશ થયેલો. શ્રીઠાકોરજીના હૃદયમાં રહેવા છતાં તેમનો આસુરાવેશ દૂર થયો નહિ, તેથી શ્રીઠાકોરજીએ વિચાર કર્યો કે મારાં ભક્તિરૂપી ચરણારવિંદનો સંબંધ આ જીવોને થાય તો તેમનો આસુરાવેશ છૂટે. માટે શ્રીકૃષ્ણે બ્રહ્માંડઘાટ પરની પોતાની ચરણરજ લઇ મુખમાં મૂકી અને તે હૃદયમાં રહેલાં સોળ હજાર બાળકોને ચરણામૃત રૂપે ખવડાવી. વાસ્તવમાં ભગવાને પોતે તે ખાધી ન હતી.

બ્રહ્માંડઘાટ બહુ જ સુંદર બાંધેલો છે. શ્રીયમુનાજીનાં અહીં સુંદર દર્શન થાય છે. અહીંની રજનું ચરણામૃત બ્રહ્માંડઘાટના ચરણામૃત તરીકે પ્રસિદ્ધ છે. અહીં બ્રહ્માંડવિહારી અને સાક્ષીગોપાલનાં મંદિર છે.

## મહાવન :

બ્રહ્માંડઘાટથી મહાવન જવાય છે. બ્રહ્માંડપુરાણમાં બૃહદવન માહાત્મ્યમાં મહાવનનું માહાત્મ્ય વર્ણવવામાં આવ્યું છે. તેમાં મહાવનનાં એકવીસ સ્થળોનો ઉલ્લેખ છે. તેનું મુખ્ય સ્થાન ગોકુલ છે. પરંતુ અહીંના વ્રજવાસીઓ મહાવન ગામને જૂનું ગોકુળ કહે છે અને તેને શ્રીનંદરાયજીનું ગામ કહે છે. અહીં શ્રીઠાકોરજીની બાળલીલાનાં અનેક સ્થળો બતાવવામાં આવે છે. એક ઊંચા ટેકરા ઉપર ચોર્યાસી સ્તંભનું મંદિર છે. તેને શ્રીનંદરાયજીનો મહેલ કહેવામાં આવે છે. તેમાં શ્રીનંદરાયજી, શ્રીયશોદાજી અને કૃષ્ણ-બળદેવજીનાં સ્વરૂપો છે. ચોર્યાસી સ્તંભોમાં બાલલીલાઓનું દર્શન થાય છે.

અહીંથી આજુબાજુમાં વાછરડાં ચરાવવાનું સ્થાન, શ્રીનંદરાયજીને દાતણ કરવાનો ટેકરો, નંદકૂપ, શ્રીરાધા-દામોદરનું મંદિર, શ્રીનંદરાયજીના ઠાકોરજી, શ્રીમથુરાનાથજી અને શ્રીદ્વારકાનાથજીનાં મંદિરો છે. પૂતનાખાર નામનું સ્થાન છે, જ્યાં શ્રીકૃષ્ણે પૂતનાને મારી હતી. પૂતના અવિદ્યાનું સ્વરૂપ હતી. તેને મારીને શ્રીકૃષ્ણે વ્રજવાસીઓની અવિદ્યા દૂર કરી હતી.

ત્યાં શ્રીનંદરાયજીની ગાયોના ગોબરનો ટેકરો છે. ત્યાં એક પ્રાચીન પારસપીંપળો છે. તેને પીળાં ફૂલ આવે છે. ત્યાંથી આગળ ખેલનવન અને કૂવો છે. ત્યાંથી આગળ બળદેવજીનું મંદિર છે, જે અતિ પ્રાચીન છે.

મહાવનમાં શ્રીમહાપ્રભુજીનાં સેવક એક ક્ષત્રાણી રહેતાં



મહાવનની લીલા

હતાં. તેમને શ્રીયમુનાજીમાંથી ચાર સ્વરૂપ પ્રાપ્ત થયાં હતાં. શ્રીગુસાંઇજીના સેવક ગોવિંદસ્વામી અવારનવાર મહાવનના ટેકરા ઉપર બેસતા અને કીર્તન ગાતા. અલિખાન પઠાણ અને તેમની દીકરી પીરજાદી પણ મહાવનમાં રહેતાં અને રોજ ગોકુળ શ્રીગુસાંઇજીની કથા સાંભળવા આવતાં. ગોકુળની જેમ મહાવનમાં પણ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીના ઘણા સેવકો રહેતા હતા.

**રમણરેતી :**

મહાવનથી ગોકુળ તરફ આવતાં રસ્તામાં રમણરેતી આવે છે. અહીંની રેતી સુંદર, લીસી અને ચમકતી છે. શ્રીઠાકોરજી અહીં ઘૂંટણીયાં તાણતા રેતીમાં ખેલતા અને આળોટતા. તેથી અહીં આળોટવાનો મહિમા છે. પહેલાં રમણરેતી પુષ્કળ મોટા વિસ્તારમાં હતી, અત્યારે બહુ થોડા વિસ્તારમાં રહી છે. તેની આજુબાજુ કાષ્ણિપંથના સાધુઓનો આશ્રમ અને ગૌશાળા બની ગયાં છે. તે જોવાલાયક છે. અહીં રાત્રે કોઇ રહી શક્તું નથી. અહીં શ્રીરમણબિહારીજીનું મંદિર છે. અહીં ફાગણ સુદ અગિયારસે રમણરેતીનો ઉત્સવ મનાવાય છે. કારતક સુદ પાંચમે તેની પરિક્રમા થાય છે.

અહીંથી ગોકુળ તરફ આગળ જતાં ચાર રસ્તા આવે છે. તેને આશકરણ રાજાનો ટીલો કહેવાય છે. ત્યાં આશકરણ રાજાને શ્રીઠાકોરજીના હોળીખેલનાં દર્શન થયાં હતાં. તેની નજીકમાં અલીખાન પઠાણનું સમાધિસ્થાન અને છત્રી છે. બાજુમાં બીજી છત્રી તેમની પુત્રીની છે. ત્યાંથી થોડેક દૂર રસખાનજી અને તાજબીબીની છત્રીઓ પણ છે.

**ગોપકુવો :**

ત્યાંથી આગળ ચાલતાં ગોપકૂવો આવે છે. સોમવતી અમાસે આ ગોપકૂપના જળથી સ્નાન કરવાનો મહિમા છે. ત્યાંથી આગળ જતાં ગોવિંદસ્વામીનો ટીલો આવે છે. પાસે નારદટીલો છે. એમ કહેવાય છે કે નારદજીએ અહીં છ માસ સુધી તપ કર્યુ હતું.

**શ્રીવલ્લભઘાટ :**

ત્યાંથી આગળ ગોકુળ તરફ જતાં વલ્લભઘાટ આવે છે. શ્રીગુસાંઇજીના ચોથા લાલજી શ્રીગોકુલનાથજી અહીં નિત્ય નિયમપૂર્વક સંધ્યાવંદન કરવા પધારતા. ભરુચિ પંથના શ્રીગોકુલનાથજીના સેવકો આજે પણ અહીં રહે છે. શ્રીગોકુલનાથજીનું સંધ્યાવંદનનું સ્થાન અત્યંત સુંદર છે. ઘાટ ઉપર બે વિશાળ પ્રાચીન વૃક્ષો નિકુંજના દ્વારની જેમ ઊભાં છે. શ્રીગોકુલનાથજીના સંધ્યાવંદનના સ્થાન ઉપર તુલસીકયારો બનાવેલો છે. અત્યંત સુંદર, રમણીય અને અલૌકિક સ્થળ છે.

આગળ જતાં ઉત્તલેશ્વર ઘાટ આવે છે. એમ કહેવાય છે કે વસુદેવજી કન્યા લઇને મથુરા પાછા જતાં અહીંથી શ્રીયમુનાજીમાં ઉતર્યા હતા. ત્યાં ઉત્તલેશ્વર મહાદેવ છે. ત્યાંથી આગળ ગોપાલઘાટ છે, જયાં શ્રીઠાકોરજીએ ગોચારણ લીલા કરી હતી. ત્યાંથી આગળ શ્રીગોકુલનાથજીનો બગીચો છે. બાજુમાં બાજનો ટીલો છે. શ્રીઠાકોરજીના પ્રાકટય વખતે દેવતાઓએ અહીં આનંદદુદુંભિ વગાડ્યાં હતાં. પાસે યશોદાઘાટ છે. અહીં શ્રીયશોદાજી રોજ દધિમંથનનાં પાત્રો ધોવાં પધારતાં અને જળ ભરી જતાં.



૮૪ સ્તંભનું મંદિર




રમણરેતી



રસખાનજીની સમાધિ




શ્રીવલ્લભ ઘાટ

# ગોકુળ

મથુરાથી ગોકુળ જવા માટે શ્રીયમુનાજીનો પુલ પાર કરી, આગળ જતી સડક ઉપર ડાબા હાથે ગોકુળની સડક જાય છે. યાત્રા દાઉજીથી ગોકુળ જાય છે.

**રાવલગામ :**

રાવલગામ શ્રીગોકુળથી શ્રીયમુનાજીના કિનારે ત્રણ માઈલ દૂર આવેલું છે. વ્રજનાં ચોવીસ ઉપવનોમાનું તે એક ઉપવન છે. અહીં શ્રીવૃષભાનજીનાં પત્ની કીર્તિજીનું પિયર અને શ્રીરાધિકાજીનું મોસાળ હતું. જયારે શ્રીનંદરાયજી ગોકુળમાં રહેતા હતા, ત્યારે શ્રીવૃષભાનજી પોતે પણ આ રાવલગામમાં રહેતા હતા. તેથી કીર્તિજીનું સાસરું પણ અહીં જ હતું.

ગોકુળમાં જયારે શ્રીનંદરાયજીના ત્યાં શ્રીકૃષ્ણનું પ્રાકટ્ય થયું, ત્યારે રાવલગામના એક ગોપે વૃક્ષ ઉપર ચઢીને ગોકુળમાં થતો કોલાહલ સાંભળી, રાવલના વ્રજવાસીઓને વધાઈ આપી હતી.

રાવલગામમાં શ્રીરાધાજીના પ્રાકટ્ય સ્થાનની સ્મૃતિમાં શ્રીરાધાજીનું પ્રાચીન મંદિર બંધાવેલું હતું. સત્તરમી સદીમાં આ મંદિરનું ઘણું મહત્ત્વ હતું. સત્તરમી સદીમાં શ્રીયમુનાજીમાં ભારે પૂર આવતાં આ મંદિરને ઘણું નુકશાન થયું હતું. ત્યારે આ મંદિરમાં બિરાજતા શ્રીરાધાજીના સ્વરૂપને બરસાનાના મંદિરમાં પધરાવ્યું હતું. સંવત ૧૯૭૮માં પ્રાચીન મંદિરના સ્થાને નવું શિખરયુકત મંદિર બન્યું, તેમાં શ્રીયુગલસ્વરૂપ હાલ બિરાજે છે. એનું નિજમંદિર શ્રીરાધિકાજીનું જન્મસ્થાન કહેવાય છે. મંદિરની પાછળ થોડેક દૂર શ્રીયમુનાજી બિરાજે છે. ત્યાંના ઘાટને રામઘાટ કહેવાય છે. અહીં શ્રીરાધાષ્ટમીએ બહુ મોટો મેળો ભરાય છે. શ્રીરાધારાણીનાં દર્શનનો ઘણો



શ્રીરાધાજીનું મંદિર



રાવલ ગામની લીલા

શ્રીમહાપ્રભુજી સંવત ૧૫૪૯માં અહીં પધાર્યા, ત્યારે અહીં ગોકુળ ગામ વસેલું ન હતું. ગાઢ વન હતું. ત્યારપછી શ્રીગુસાંઈજી કાયમ માટે ગોકુળમાં બિરાજયા. સંવત ૧૬૨૮માં શ્રીગુસાંઈજીએ ગોકુળવાસ કર્યો. ધીમે ધીમે ગોકુળમાં વસતી વધતી ગઈ. અનેક મંદિરો અને હવેલીઓનું નિર્માણ થયું. વિ.સં.૧૬૩૪ અને ૧૬૩૮માં અકબર બાદશાહે ગોકુળ ગામની જમીનદારી શ્રીગુસાંઈજીને લખી આપી. ત્યારથી તેઓ ગોસ્વામી કહેવાયા. સંવત ૧૬૨૮થી ૧૭૨૬ સુધીની એક સદી ગોકુળનો સુવર્ણયુગ હતો. સંવત ૧૭૨૬માં ઔરંગઝેબના આક્રમણથી શ્રીગોકુલનાથજી સિવાયનાં બધાં સ્વરૂપો ગોકુળ છોડી, અન્યત્ર પધાર્યાં.

**શ્રીમદ્ ગોકુળની ભાવભાવના :**

ગો એટલે ગાયો. ગાયોનાં કુળ એટલે સમૂહને રહેવાનું



કોઈલા ઘાટ, ગોકુળની લીલા

મહિમા છે. એમ કહેવાય છે કે શ્રીરાધાષ્ટમીએ અહીં જરૂર થોડોક વરસાદ પણ આવે છે. શ્રીરાધાષ્ટમીની વધાઈઓમાં જે રાવલગામનો ઉલ્લેખ છે તે જ આ રાવલગામ છે.

**શ્રીમદ્ ગોકુલ :**

શ્રીવ્રજભૂમિમાં જેમ ચાર વૃંદાવન (ચંદ્રસરોવર, નંદગામ, કામવન, વૃંદાવન) છે, તેમ ચાર ગોકુળ છે. પહેલું ગોકુળ શ્રીમદ્ ગોકુળ. બીજું ગોકુળ મહાવન. ત્રીજું ગોકુળ ગોવર્ધનની નજીક ગ્વાલપોખરા પાસેનું કહેવાય છે. અને ચોથું ગોકુળ તે નંદગામ. આ ચારેય સ્થળે શ્રીનંદરાયજી વસ્યા છે. હાલનું ગોકુળ વ્રજનાં બાર વન પૈકી મહાવનના વિસ્તારમાં આવેલું છે. મહાવનને સંસ્કૃતમાં બૃહદવન કહેવામાં આવે છે. ચોવીસ ઉપવનો પૈકીનું ગોકુળ એક છે. શ્રીકૃષ્ણનું પ્રાકટ્ય અહીં શ્રીમદ્ ગોકુલમાં થયું હતું. તેથી તે પુષ્ટિમાર્ગનું પ્રધાનસ્થાન છે.

સ્થાન તે ગોકુળ. શ્રીનંદરાયજીની ગાયોને રહેવાનું સ્થાન એટલે ગોકુળ. ગાયોના ગોવાળો પણ સાથે જ રહે. ગોવાળોનાં નિવાસસ્થાન જ્યાં હોય, તે નેસ અથવા નેહડો કહેવાય. ગામથી દૂર હોય, બીજા લોકોથી તેઓ રહેણીકરણીમાં પણ જુદા હોય. આથી ગોકુળના ગોવાળો મથુરાથી દૂર હતા. રહેણીકરણી જુદી હતી. નેહનો બીજો અર્થ સ્નેહ છે. તેઓ ભગવાન શ્રીકૃષ્ણમાં સ્નેહવાળા હતા.

ઋગ્વેદમાં શ્રીગોકુળનું સુંદર વર્ણન છે. ત્યાં કહ્યું છે કે અમને શ્રીકૃષ્ણ, બળદેવ અથવા શ્રીકૃષ્ણગોપીઓનાં પ્રસિદ્ધ સ્થાનો પ્રાપ્ત કરવાની ઇચ્છા છે. ત્યાં મોટાં શીંગડાંવાળી સારી ગાયો વસે છે. ગોપીઓને આનંદનું દાન કરનાર ઘણી કીર્તિવાળા લોક અને વેદમાં પ્રસિદ્ધ એવા ભગવાનનાં ચરણ ગોકુળમાં પ્રકાશે છે. ત્યાં ઘણી નિકુંજો, શ્રીયમુનાજીનો તટ, ગોવર્ધનપર્વતનાં શિખર વગેરે છે. તેથી તે ઘણું પ્રકાશે છે. તે ભગવાનનું સ્થાન હોવાથી, વ્યાપક અને નિત્ય છે.

ગોલોકનું બધું સુખ જ્યાં સમાયું છે તે ગોકુળ. ગોલોકનાથ જ્યાં નિઃસાધન ગોકુલવાસીઓના નાથ બનીને બિરાજ્યા છે તે ગોકુળ. આથી આપણું ઘર અને હૃદય ગોકુળ છે. શ્રીગોકુળનું માહાત્મ્ય અને અલૌકિકતા અવર્ણનીય છે. આથી શ્રીગુસાંઇજીનાં સેવક નારાયણદાસ દિવાને એક વ્રજવાસીને રોકીને, એને એટલું કામ સોંપ્યું હતું કે વારેઘડીએ પૂછ્યા કરેઃ ભૈયા, ગોકુલ કબ ચલેંગે? શ્રીગુસાંઇજીના સેવક રાજા ભીમ એક પદમાં આ જ વાત કહે છે : 'સાચા સંબંધી રે શ્રીગોકુળ કયારે જઇશું?'

શ્રીગોકુળમાં શ્રીમહાપ્રભુજીની ચાર, શ્રીગુસાંઇજીની ત્રણ, શ્રીગિરિધરજીની એક, શ્રીબાલકૃષ્ણજીની એક, શ્રીગોકુલ-નાથજીની એક, શ્રીરઘુનાથજીની એક, શ્રીઘનશ્યામજીની એક, શ્રીહરિરાયજીની એક અને શ્રીદામોદરદાસ હરસાનીની એક બેઠક આવેલી છે. ૨૫ થી ૨૭ જેટલાં પુષ્ટિમાર્ગીય મંદિરો પણ એક સમયે ગોકુળમાં હતાં.

આવા, અલૌકિક વૈભવશાળી ગોકુળમાં કાળબળે લૂંટ, ચોરી, રંજાડના ઉપદ્રવો વધતાં, ગોકુળવાસ મુશ્કેલ બન્યો. તેથી ઘણા ગોસ્વામી બાળકો ગોકુળમાં તેમના માથે બિરાજતાં નિધિ સ્વરૂપોને અન્યત્ર પધરાવી ગયા. ગોકુળથી અક્રુરજી શ્રીઠાકોરજીને પધરાવી જતાં, જે સ્થિતિ ગોકુળની થઇ હતી, તે આજે પણ દેખાય છે.



શ્રીબડી બેઠક

**શ્રીગોકુળમાં બિરાજતાં બેઠકજીઓ :**

**(૧) શ્રીમહાપ્રભુજીનાં બેઠકો :**

(ક) શ્રીયમુનાજીના કિનારે, ગોવિંદઘાટ ઉપર, છોંકરના વૃક્ષ નીચે આ બેઠક છે. ત્યાં શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાષ્ટકથી શ્રીયમુનાજીની સ્તુતિ કરી હતી અને શ્રીયમુનાજીએ તેમને સાક્ષાત દર્શન આપ્યાં હતાં. શ્રાવણ સુદ-૧૧ની મધ્યરાતે ત્યાં શ્રીઠાકોરજીએ સાક્ષાત પ્રકટ થઇ, શ્રીમહાપ્રભુજીને બ્રહ્મસંબંધ મંત્રની આજ્ઞા કરી હતી. શ્રીમહાપ્રભુજીએ શ્રીઠાકોરજીને સુતરનું કેસરી પવિત્રું અને મિસરીનો ભોગ ધર્યો હતો. અને મધુરાષ્ટકથી સ્તુતિ કરી હતી. તે સ્થાનમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજીનાં બેઠકજી સાથે સાથે બિરાજે છે.

(ખ) **બડી બેઠક :** શ્રીદ્વારકાધીશજીના મંદિર પાસે આવેલી છે. ત્યાં શ્રીમહાપ્રભુજી નિત્ય ભોજન કરતા અને ભગવદ્‌વાર્તા કરતા. ત્યાં વિશાળવૃક્ષ છે. વૃંદાવનથી એક વિરકત ગૌડીય વૈષ્ણવ શ્યામાનંદ શ્રીમહાપ્રભુજીની પરીક્ષા લેવા અહીં આવ્યા હતા. તેમણે વૃક્ષની ડાળીએ તેમના ઠાકોરજી શાલિગ્રામજીનો બટવો લટકાવ્યો હતો. દર્શન કરીને પાછા ફરતાં બટવો ન દેખાયો. એટલે તેમણે શ્રીમહાપ્રભુજીને ફરિયાદ કરી કે આપના સેવકે મારો બટવો ચોર્યો છે. શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે મારા સેવક ચોરી ન કરે. ફરી જુઓ. ફરી જોયું તો વૃક્ષની ડાળીએ ડાળીએ ઘણા બટવા હતા. તેમને નવાઇ લાગી. તેમણે શ્રીમહાપ્રભુજીને પૂછયું: આમાં મારો બટવો કયો? શ્રીમહાપ્રભુજીએ કહ્યું: તમે તમારા ઇષ્ટદેવને ઓળખી શકતા નથી, તો સેવા કેવી રીતે કરશો? ફરી જુઓ. તેમણે ફરી જોયું તો એક જ બટવો લટકતો હતો. આ ચરિત્ર શ્રીમહાપ્રભુજીએ આ બેઠકમાં બતાવ્યું.

(ગ) **શય્યામંદિરની બેઠક :** શ્રીદ્વારકાધીશજીના મંદિરમાં શય્યામંદિરની બેઠક આવેલી છે. શ્રીમહાપ્રભુજીના સમયમાં મંદિર સિદ્ધ થયું ન હતું. શ્રીમહાપ્રભુજી તે સ્થાનમાં પોઢતા. ત્યાં એક યોગેશ્વર દ્વાપરયુગથી તપ કરતા. તેમની ઝૂંપડી જમીનની અંદર હતી. તેઓ બહાર આવી, શ્રીમહાપ્રભુજીને દંડવત કરી, કહેવા લાગ્યા : કે તમારાં દર્શનથી મને મારા તપનું ફળ મળ્યું છે. અહીં સાત મંદિર થશે. શ્રીગોકુળ ફરી વસશે. મને અહીંથી કોઇ ખસેડે નહિ તેવી કૃપા કરો. શ્રીમહાપ્રભુજીએ તેમને અભયવચન આપ્યું.



શ્રીગોવિંદઘાટ, ગોકુળ

(ઘ) **સંધ્યાવંદનનાં બેઠક :** ગોવિંદઘાટના પાછલા ભાગમાં આ બેઠક આવેલી છે. ત્યાં શ્રીમહાપ્રભુજી નિત્ય સંધ્યાવંદન કરતા અને શ્રીઠાકોરજીની સેવા કરતા. તેમણે શ્રીદામોદરદાસ હરસાનીને આ જ સ્થળે બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષા આપી હતી અને સિદ્ધાંત રહસ્ય ગ્રંથ રચી સમજાવ્યો હતો.

**(૨) શ્રીગુસાંઇજીનાં ત્રણ બેઠકો :**

**(ક) શ્રીગોકુલનાથજીના મંદિરમાં આવેલાં બેઠકજી:**

શ્રીગુસાંઈજીએ સૌ પ્રથમ તેમના સેવ્ય શ્રીનવનીતપ્રિયજીને અહીં પધરાવી, ગોકુલવાસ કર્યો હતો. આ સ્થાન સારસ્વતકલ્પમાં નંદાલયનું છે.

શ્રીગુસાંઈજી પછી શ્રીગિરિધરજીને આચાર્યપદનું તિલક થયું, છતાં શ્રીગિરિધરજી કદી ગાદી ઉપર બિરાજીને સંધ્યાવંદન કરતા ન હતા. તેઓ શ્રીગુસાંઈજીનાં બેઠકજીની સામે બિરાજીને સંધ્યાવંદન કરતા હતા. એક દિવસ શ્રીગોકુલનાથજીએ શ્રીગિરિધરજીને પૂછયું કે આચાર્ય તરીકે આપને ગાદી ઉપર બિરાજવાનો અધિકાર છે, છતાં આપ ત્યાં કેમ બિરાજતા નથી? ત્યારે શ્રીગિરિધરજીએ આજ્ઞા કરી કે મને અહીં ગાદી ઉપર બિરાજતા શ્રીગુસાંઈજીનાં હંમેશાં દર્શન થાય છે. આપ પણ તેમનાં દર્શન કરો. ત્યારે શ્રીગોકુલનાથજીને પણ સંધ્યાવંદન કરતા શ્રીગુસાંઈજીનાં સાક્ષાત દર્શન થયાં.

આ બેઠક શ્રીગોકુલનાથજીના મંદિરના અંદરના ભાગમાં બિરાજે છે.

(ખ) શ્રીગુસાંઈજીનાં બીજાં બેઠકજી બડી બેઠકમાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીની બાજુમાં બિરાજે છે.

(ગ) શ્રીગુસાંઈજીનાં ત્રીજાં બેઠકજી ગોવિંદઘાટની પાછળ શ્રીમહાપ્રભુજીના સંધ્યાવંદનનાં બેઠકજીની બાજુમાં બિરાજે છે. ત્યાં શ્રીગુસાંઈજી હંમેશાં સંધ્યાવંદન કરવા પધારતા. 'સાયં કુંજાલય' એ શ્લોકમાં શ્રીગુસાંઈજીના સંધ્યાવંદન સમયના સ્વરૂપનું જે વર્ણન છે, તે આ જ સ્થળનું છે.

શ્રીઠકુરાણી ઘાટ ઉપર એક ઓરડામાં શ્રીગુસાંઈજીનાં બેઠક હાલ પ્રસિદ્ધ છે. જેને સંધ્યાવંદનનાં બેઠક તરીકે ઓળખાવવામાં આવે છે. તે મૂળ બેઠક શ્રીઠકુરાણી ઘાટના નીચેના પગથિયા પાસે છે.




બ્રહ્માંડ ઘાટ - શ્રીયમુનાપાન

**શ્રીગિરિધરજીનાં બેઠકજી :**

શ્રીગિરિધરજીનાં બેઠકજી પણ શ્રીગોકુળમાં બિરાજે છે. સેવાનો પ્રકાર ખૂબ સાધારણ છે.

**શ્રીબાલકૃષ્ણનાં બેઠકજી :**

શ્રીગુસાંઈજીના ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણજીનાં બેઠકજી શ્રીદ્વારકાધીશજીના મંદિરમાં બિરાજે છે. તેમણે તે મંદિર સિદ્ધ કરાવી, તેમાં તેમના સેવ્ય શ્રીદ્વારકાધીશજીને પધરાવ્યા હતા. અહીં તેઓ વારંવાર શ્રીભાગવત પારાયણ કરતા હતા. તેમણે અહીં ઘણા ગ્રંથોની રચના પણ કરી છે. સેવાપ્રકાર ચાલુ છે. ઝારી-ચરણસ્પર્શ થઇ શકે છે.



શ્રીદામોદરદાસજીનાં બેઠકજી

**શ્રીગોકુલનાથજીનાં બેઠકજી :**

શ્રીગોકુળમાં શ્રીગોકુલનાથજીના મંદિરમાં શ્રીગોકુલ-નાથજીનાં બેઠકજી બિરાજે છે. આ બેઠકજી 'શ્રીબેઠક' નામથી પ્રસિદ્ધ છે. ચતુર્થગૃહની સૃષ્ટિના વૈષ્ણવો આ બેઠકજીને આપશ્રીનાં મુખ્ય બેઠકજી માને છે. અહીં આપ સદૈવ સાક્ષાત બિરાજે છે, એ ભાવનાથી સર્વ સેવાપ્રકાર યોજાયેલો છે. ચતુર્થગૃહના વૈષ્ણવોને અહીં ચરણસ્પર્શનો અધિકાર છે.

શ્રીગોકુલનાથજી ભૂતળ ઉપર બિરાજતા હતા, ત્યારે અહીં બિરાજી વૈષ્ણવોને વચનામૃતનું શ્રવણ કરાવતા. નિત્ય ભગવદ્‌વાર્તા કરતા. એક વખત શ્રીગોકુલનાથજીએ શ્રીગુસાંઈજીને પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત પૂછયો, જે શ્રીગુસાંઈજીએ ખૂબ વિસ્તારપૂર્વક સમજાવ્યો. તે સાંભળી તેઓ પોતાની આ બેઠકમાં પધાર્યા. અને તેના ઊંડા ચિંતનમાં ડૂબી ગયા. એવામાં તેમના કૃપાપાત્ર સેવક કલ્યાણ ભટ્ટ ત્યાં આવ્યા. ૯૬ મિનિટ સુધી આપ ચિંતનમાં ડૂબેલા રહ્યા. પછી કલ્યાણ ભટ્ટની વિનંતીથી આપે આ સ્થાનમાં બિરાજી, ચોવીસ વચનામૃતો કહ્યાં. જેમાં પૂરા પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત આવી જાય છે.

શ્રીગોકુલનાથજી અહીં બિરાજી શરણાગત વૈષ્ણવો ઉપર ઘણું કૃપાસિંચન કરતા. વૈષ્ણવો તેમને પ્રાણથી ય અધિક પ્રિય હતા. મધ્યરાત્રિ સુધી અહીં ભગવદ્‌વાર્તા થતી. શ્રીગોકુલ-નાથજીએ અહીં જ વૈષ્ણવોને ૮૪-૨૫૨ વૈષ્ણવોના પ્રસંગો સંભળાવ્યા હતા.

**શ્રીરઘુનાથજીનાં બેઠક :**

શ્રીગોકુલચંદ્રમાજીના મંદિરમાં શ્રીરઘુ-નાથજીનાં બેઠક છે. અહીં બિરાજી તેમણે શ્રીભાગવતપારાયણ કરેલું. અહીં સેવાપ્રકાર ચાલે છે. ઝારી ચરણસ્પર્શ થાય છે.

**શ્રીઘનશ્યામજીનાં બેઠક :**

શ્રીમદનમોહનજીના મંદિરમાં શ્રીઘનશ્યામજીનાં બેઠક છે. તેમના સેવ્ય શ્રીમદનમોહનજી ચોરીમાં પધારતાં તેમના વિરહમાં અન્નજળનો ત્યાગ કરી આપ અહીં

બિરાજયા હતા અને અહીંથી જ નિત્યલીલામાં પધાર્યા હતા. અહીં પણ સેવાપ્રકાર ચાલે છે. ઝારી ચરણસ્પર્શ થાય છે.

**શ્રીહરિરાયજીની બેઠક :**

જશોદાઘાટ જતાં શ્રીવિઠ્ઠલનાથજીના મંદિરમાં છે. અહીં બિરાજી આપે ભાગવતનું પારાયણ કર્યુ હતું. વૈષ્ણવો સાથે દરરોજ ભગવદ્વાર્તા કરતા. આપના કૃપાપાત્ર સેવક હરજીવનદાસ સાથે રહસ્યવાર્તા કરતા. આપે ઘણા ગ્રંથોની રચના પણ અહીં બિરાજીને કરી હતી. સેવાપ્રકાર ચાલુ છે. ઝારી ચરણસ્પર્શ થાય છે.

**શ્રીગોવર્ધનનાથજીનાં બેઠક :**

ગોવિંદઘાટ ઉપર શ્રીમહાપ્રભુજીનાં બેઠકની સાથે જ શ્રીગોવર્ધનનાથજીનાં બેઠક છે. ત્યાં શ્રીગોવર્ધનનાથજીએ સાક્ષાત પ્રકટ થઇ શ્રીમહાપ્રભુજીને બ્રહ્મસંબંધ મંત્ર આપ્યો હતો. સેવાપ્રકાર ચાલુ છે. ઝારી ચરણસ્પર્શ થાય છે.

**શ્રીનવનીતપ્રિયજીનાં બેઠક :**

તે બડી બેઠકમાં આવેલી છે. અહીં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીએ શ્રીનવનીતપ્રિયજીનો જન્માષ્ટમી મહોત્સવ મનાવ્યો હતો. નંદમહોત્સવ પણ અહીં મનાવાયો હતો. તેનાં દર્શન કરવા ગુપ્તવેશે અકબર બાદશાહ આવેલા. તેમને અલૌકિક દર્શન થયેલાં. અહીં પણ ઝારી ચરણસ્પર્શ થાય છે.

**દામોદરદાસ હરસાનીજીનાં બેઠક :**

ગોવિંદઘાટના પાછળના ભાગમાં શ્રીમહાપ્રભુજીનાં સંધ્યાવંદનનાં બેઠકની પાસે આવેલાં છે. અહીં તેમને બ્રહ્મસંબંધનું દાન પ્રાપ્ત થયું હતું. શ્રીમહાપ્રભુજીએ સિદ્ધાંત રહસ્ય ગ્રંથ શીખવ્યો હતો. શ્રીમહાપ્રભુજી તેમની સાથે અહીં ભગવદ્વાર્તા કરતા. શ્રીમહાપ્રભુજીના લીલાપ્રવેશ બાદ અહીં તેમને શ્રીમહાપ્રભુજી દર ત્રીજા દિવસે દર્શન આપતા. તેમનાં ઝારી ચરણસ્પર્શ થાય છે.

**શ્રીગોકુળમાં આવેલાં પુષ્ટિમાર્ગીય મંદિરો :**

**(૧) ચતુર્થપીઠનું શ્રીગોકુલનાથજીનું મંદિર:** શ્રીગોકુળમાં આ મંદિર મુખ્ય ગણાય છે. અહીં શ્રીગુસાંઇજીના ચોથા લાલજી શ્રીગોકુલનાથજીના સેવ્ય શ્રીમહાપ્રભુજીના નિધિ સ્વરૂપ શ્રીગોકુલનાથજી બિરાજે છે. ત્યાં શ્રીમહાપ્રભુજીનાં પાદૂકાજી, ઉપરણો, માળાજી, હસ્તાક્ષર વગેરે બિરાજે છે. તદ્ઉપરાંત શ્રીગુસાંઇજીનાં પાદૂકાજી અને હસ્તાક્ષર પણ બિરાજે છે. શ્રીગોકુલનાથજીનાં પાદુકાજી પણ બિરાજે છે. આ મંદિરમાં




શ્રીચતુર્થપીઠ મંદિર, ગોકુળ

શ્રીગુસાંઇજીની, શ્રીગિરિધરજીની અને શ્રીગોકુલનાથજીની એમ કુલ ત્રણ બેઠકો પણ બિરાજે છે.

**(૨) શ્રીરાજાઠાકુરનું મંદિર** : સંવત ૧૬૨૮માં તેનો પાયો શ્રીગુસાંઇજીના સેવક યાદવેન્દ્રદાસ કુંભારે એક રાતમાં ખોદ્યો હતો. ત્યાં શ્રીગુસાંઇજીએ પોતાની મુખ્ય હવેલી બંધાવી હતી. તે આજે શ્રીરાજાઠાકુરના મંદિર તરીકે પ્રસિદ્ધ છે. તેમાં સાત સ્વરૂપ બિરાજતાં હતાં. તેથી તેની શ્રીસાતસ્વરૂપની હવેલી પણ કહેવામાં આવે છે.

શ્રીમહાપ્રભુજીના સેવક વિષ્ણુદાસ છીપા આ હવેલીના દ્વારપાળ તરીકે સેવા કરતા. શ્રીગુસાંઇજી સાથે જે પંડિતો વાદવિવાદ માટે આવતા, તેમને વિષ્ણુદાસ છીપા હરાવીને, દરવાજેથી જ પાછા રવાના કરી દેતા. આવા પ્રતાપી વિષ્ણુદાસ છીપાનું સ્થાન પણ આ મંદિરમાં મોજુદ છે.

અહીં શ્રીમહાપ્રભુજીના નિધિ રામદાસ બ્રાહ્મણના ઠાકોરજી બિરાજે છે, જેમણે રામદાસનું કરજ ચૂકવ્યું હતું. આ શ્રીનવનીતલાલજી રાજા ઠાકોરના નામથી પ્રસિદ્ધ છે. બીજા શ્રીબાલકૃષ્ણજી છે. શ્રીગુસાંઇજીના સેવક મેહા ઢીમરના સેવ્ય છે. જેમણે મેહાની સ્ત્રી પાસે પ્રસુતિમાં સેવા કરાવી હતી. અહીં બડેદાઉજી મહારાજની બેઠક પણ છે. તે શ્રીગોકુલનાથજીના મંદિરની બાજુમાં હતી.



શ્રીરાજાઠાકોરનું મંદિર

**(૩) શ્રીગોપાલલાલજીનું (ચોકીવાળું) મંદિર**: અહીં રાણા વ્યાસના ઠાકોરજી શ્રીનવનીતપ્રિયજી, ગંગાબાઈ ક્ષત્રાણીના શ્રીબાલકૃષ્ણલાલજી, શ્રીહરિરાયજીના સેવ્ય શ્રીનવનીતલાલજી, શ્રીગોવર્ધનનાથજી અને શ્રીદાઉજી તથા શ્રીનટવરલાલજી બિરાજતા હતા.

**(૪) મોરવાળુ મંદિર**: અહીં કાનબાઇના સેવ્ય શ્રીનવનીતપ્રિયજી અને વાંસવાડાવાળા ગોપાલદાસજીના સેવ્ય શ્રીમદનમોહનજી બિરાજતા હતા.

**(૫) કટરાવાળું મંદિર**: અહીં કાશીના શેઠ પુરુષોત્તમદાસના સેવ્ય શ્રીમદનમોહનજી, વેણીદાસ માધવદાસના સેવ્ય શ્રીસ્વામિનીજી સહિત શ્રીબાલકૃષ્ણ, તાજબીબીના શ્રીશ્યામ-સુંદરજી, અને પટેલ માજીના બાજરીના દાણા આરોગેલા શ્રીમુકુંદરાયજી બિરાજતા હતા.

**(૬) શ્રીકાકાજીનું મંદિર**: અહીં પ્રભુદાસ જલોટાના સેવ્ય શ્રીમદનમોહનજી બિરાજતા હતા.

**(૭) જામનગરવાળાં શ્રીરાધામાજીનું મંદિર**: અહીં જેમના લાડુની હાંડી શ્રીઠાકોરજી બે હસ્તથી આરોગવા માંડ્યા, તે માજીના સેવ્ય શ્રીબાલકૃષ્ણજી અને જેમના સંગે દયા ભવૈયા વૈષ્ણવ થયા, તે રાજાના સેવ્ય શ્રીમદનમોહનજી બિરાજતા હતા.

(૮) **શ્રીવ્રજેશ્વરજીનું મંદિરઃ** અહીં હરજી કોઠારીના શ્રીમદનમોહનજી અને વરસાદમાં ભીંજાતાં બહાર સૂતેલા દંપતીને શ્રીઠાકોરજીએ અંદર બોલાવ્યાં, એમના સેવ્ય શ્રીબાલકૃષ્ણજી બિરાજતા હતા.

(૯) **શ્રીગંગાબેટીજીનું મંદિરઃ** તે શ્રીબેનીબેટીજીના મંદિરથી પ્રખ્યાત છે. ત્યાં શ્રીબાલકૃષ્ણ અને શ્રીનવનીતલાલજી બિરાજતા હતા.

(૧૦) **શ્રીદ્વારકાધીશજીનું મંદિરઃ** અહીં શ્રીદ્વારકાધીશજીનું સ્વરૂપ બિરાજે છે. મંદિરમાં શ્રીમહાપ્રભુજીનાં શયનનાં બેઠકજી અને ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણજીનાં બેઠકજી બિરાજે છે.

આ ઉપરાંત (૧૧) શ્રીમથુરેશજીનું મંદિર (૧૨) શ્રીનથ્થુજીનું મંદિર (૧૩) શ્રીપાર્વતીવહુજીનું મંદિર (૧૪) શ્રીભામિનીજી વહુજીનું મંદિર (૧૫) કામવનવાળા શ્રીવલ્લભલાલજી મહારાજનું મંદિર (૧૬) શ્રીલાલજીનું જૂનું મંદિર (૧૭) શ્રીલાલજીનું નવું મંદિર (૧૮) પંચમગૃહવાળા શ્રીગોપાલલાલજીનું મંદિર (૧૯) શ્રીવિઠ્ઠલનાથજીનું મંદિર (૨૦) શ્રીમદનમોહનજીનું મંદિર (૨૧) શેરગઢવાળા શ્રીગિરિધરલાલજી મહારાજનું મંદિર (૨૨) શ્રીચિંતામણિ માધવનું મંદિર પણ છે. મોટાભાગનાં મંદિરોમાં બિરાજતાં નિધિ સ્વરૂપો આજે અન્યત્ર પધારેલાં છે.

**શ્રીગોકુળનાં અન્ય દર્શનીય સ્થાનો :**

**(૧) શ્રીયમુનાજીના ઘાટ :**

અહીં શ્રીયમુનાજીના મુખ્ય બાર ઘાટ છે. (૧) ગોવિંદઘાટ (૨) ઠકુરાણી ઘાટ (૩) જગન્નાથ ઘાટ (૪) અષ્ટસખી ઘાટ (૫) મુરલીધર ઘાટ (૬) ચોગાન ઘાટ (૭) રમણ ઘાટ (૮) કોઈલા ઘાટ (૯) વલ્લભ ઘાટ (૧૦) ગોપાલઘાટ (૧૧) ઉત્તલેશ્વરઘાટ (૧૨) જશોદાઘાટ.

(૧) **ગોવિંદઘાટ :** ઘાટ ઉપર શ્રીમહાપ્રભુજીને શ્રીઠાકોરજીએ બ્રહ્મસંબંધની આજ્ઞા કરી હતી. ત્યાં તેમનાં બેઠકજી બિરાજે છે.

(૨) **ઠકુરાણી ઘાટ :** શ્રીગુસાંઈજી સંધ્યાવંદન કરવા ત્યાં પધારતા. ત્યાં તેમણે અકબર બાદશાહના પ્રશ્નઃ સાહેબ કૈસે મિલે? નો ઉત્તર આપ્યો હતો. ત્યાં તેમણે અનેક વૈષ્ણવોને શ્રીયમુનાજીનાં અલૌકિક સ્વરૂપનાં દર્શન કરાવ્યાં હતાં. ત્યાં તેમનાં બેઠકજી છે.



શ્રીગોકુળના શ્રીગોવિંદ - ઠકરાણી ઘાટ - બેઠકજીઓ



ચિંતાહરણ ઘાટની લીલા

(૩) **જશોદા ઘાટ :** એમ કહેવાય છે કે શ્રીજશોદાજી અહીં જળ ભરવા આવતાં હતાં, તેથી તેનું નામ જશોદાઘાટ પડ્યું છે. શ્રીગુસાંઇજીના સેવક ગોવિંદસ્વામી ગોકુળ આવતા ત્યારે જશોદાઘાટ ઉપર બેસતા. ત્યાં બાદશાહ અકબર ગુપ્ત વેશે તેમનું કીર્તન સાંભળવા આવ્યા હતા. ગોવિંદસ્વામી ભૈરવી રાગ ગાતા હતા. બાદશાહે તે સાંભળ્યો એટલે રાગ છોવાઇ ગયો. ત્યારથી પુષ્ટિમાર્ગમાં ભૈરવી ગવાતો નથી.

(૪) **ચોગાનઘાટ :** અહીં શ્રીઠાકોરજી સખાઓ સાથે ગેડી-દડા-ગેંદચોગાન ખેલતા હતા. તેથી તેનું નામ ચોગાનઘાટ પડ્યું.

(૫) **રમણઘાટ :** અહીં શ્રીઠાકોરજી શ્રીસ્વામિનીજી સાથે રમણ કરતા. તેથી તેનુ નામ રમણઘાટ પડ્યું.

(૬) **કોઇલાઘાટ :** શ્રીવસુદેવજી મથુરાથી શ્રીઠાકોરજીને પધરાવી, આ ઘાટે આવેલા. રાત્રિના અંધારામાં તેમણે અહીં ઊભા રહી, કોઇ લો, કોઇ લો એવી બૂમો પાડેલી. તેથી આ ઘાટ કોઇલાઘાટ કહેવાયો.


(૭) **વલ્લભઘાટ :** શ્રીગોકુલનાથજીનું બીજું નામ શ્રીવલ્લભ છે. તેઓ અહીં નિત્ય સંધ્યાવંદન કરવા પધારતા. તેથી તે વલ્લભઘાટ કહેવાયો.

**(૨) નંદભવન :**

ગોવિંદઘાટ જતાં રસ્તામાં વિવિધ સ્થાનોમાં શ્રીકૃષ્ણની બાળલીલાની ઝાંખીઓ જોવા મળે છે. ત્યાં શ્રીયમુનાજીના કિનારે નંદભવન આવેલું છે. તે દર્શનીય છે.

**(૩) કર્ણવેધ કૂપ :**

શ્રીગોકુળમાં કર્ણવેધ મહોલ્લામાં કર્ણવેધકૂપ આવેલો છે. અહીં શ્રીબાલકૃષ્ણના કર્ણછેદનનો વિધિ થયો હતો. આ કૂપ



ગોપાલપુર ગામની લીલા



શ્રીયમુનાજીનો કુનવારો, ગોકુળ

અતિ પ્રાચીન હોવાનું પુરાતત્ત્વવિદો પણ સ્વીકારે છે.

**(૪) પોતરાકુંડ :**

ગોકુળમાં પ્રવેશતાં બસ સ્ટેન્ડ પાસે આ કુંડ આવેલો છે. શ્રીબાળકૃષ્ણનાં બાળોતિયાં અહીં ધોવાયા હતાં. તેથી તેને પોતરાકુંડ કહે છે.

શ્રીગોકુળની આજુબાજુ પાંચ કિલો મીટરના વિસ્તારમાં શ્રીઠાકોરજીનાં સુંદર લીલાસ્થાનો અવેલાં છે. તે નીચે મુજબ છે.

**કરણાવલ :**

બ્રહ્માંડ ઘાટથી શ્રીયમુનાજી પાર કરીને સામે પાર જતાં કરણાવલ ગામ છે. ત્યાં મોતીકુંડ છે. ટેકરી ઉપર શ્રીમહાપ્રભુજી અને શ્રીમથુરેશજીની બેઠક છે. કુંડ પર એક વિશાળ વટવૃક્ષ છે. જે નિકુંજના દ્વાર જેવું છે.

**કોઇલાઘાટ :**

બ્રહ્માંડ ઘાટથી સામે પાર કોઈલાઘાટ છે. ત્યાં કોઈલે નામનું ગામ છે. જ્યારે વસુદેવજી શ્રીકૃષ્ણને પધરાવી, શ્રીયમુનાજી ઉતરી, ગોકુલ તરફ આવતા હતા ત્યારે શ્રીયમુનાજી શ્રીઠાકોરજીનાં ચરણસ્પર્શ કરવા માટે અહીં ઊંચાં થયાં હતાં. શ્રીયમુનાજીનું જળ ગળા સુધી આવી જતાં વસુદેવજી ગભરાઇ ગયા. પુત્રની રક્ષા માટે પોકારી ઉઠ્યા કે કોઇ લો. તેથી ગામનું નામ કોઇલે પડ્યું. કોઇલે ગામથી આગળ કરણાવલ ગામ છે.

વ્રજયાત્રાનો છેલ્લો મુકામ ગોકુળ છે. ત્યાંથી યાત્રા પાછી મથુરા જાય છે.

**ગોકુલગામનો મહિમા :**

સવૈયા

વેદકે ભેદકો જ્ઞાન ન નેમ,
પિયે રસ પ્રેમ બને રહે વેડે,
તીરથ તપ નહિ દાન કરે,
ધરે પગ કાન્હ કે કાનન પેડે.
સાધન સાધ સમાધ નહીં,
અપરાધ પિધિ કે આંખ ન ભેડે,
ગોકુલ ગામ ગમાર અહીરપેં,
રાવરી ભીડ અડે રહે એડે.

ગોકુલ ગામનાં અજ્ઞાન આહીર ગોપ જાતિનાં માનવીઓને વેદનું કોઇ જ્ઞાન નથી, વ્રત-નિયમનું તેઓ પાલન કરતાં

નથી, તેમણે તીરથ, તપ કે દાન કર્યાં નથી, તેમણે કોઇ સાધન કર્યાં નથી કે સમાધિ પણ રચી નથી. તેમણે પોતાના અપરાધોનો પણ વિચાર કર્યો નથી. તેઓ ફક્ત શ્રીકૃષ્ણના પ્રેમમાં રસતરબોળ રહ્યાં છે અને તેઓ એ પ્રેમમાંથી જરાકે વિમુખ થયાં નથી.

*છોંકરી છૈયા અમરૈયા પ્રાન જીવનકી,*
*ગોવિંદ ઠકુરાની ઘાટ શ્રીમુખ અબ લોક હૈ,*
*ખરિક ઓર સાંઝ ભોર ભીર લગી ઠોર ઠોર,*
*સબકો સંકેત હેત લગી નયન નોક હે,*
*ભવન ભવન જવન સખી કાપેં, એ જાત લખી*
*શ્રીવલ્લભ કૃપા સખી ફેરિ કો રોક હે,*
*બાર બાર કહત સુનો સંત જે સુજાન સુજન,*
*દેખો યા લોકમેં ગોકુલ ગોલોક હૈ.*

ગોવિંદઘાટ અને ઠકુરાણી ઘાટ ઉપર છોંકરના વૃક્ષની છાયામાં શ્રીમુખનું દર્શન કરવું ગમે છે. ખિરકમાં અને માર્ગ ઉપર પ્રભુ સાંજે પાછા પધારે છે, ત્યારે તેમનાં દર્શન કરવા ભીડ ભરાયેલી હોય છે, ત્યારે પ્રભુ પોતાના નેત્રસંકેતથી સૌના મનોરથ પૂરે છે. હે સખી! પ્રભુ પ્રત્યેક ભવનમાં પધારી, સુખનું દાન કરે છે. આવી રીતે, શ્રીવલ્લભની કૃપા જેણે ચાખી છે, તેને પછી કોણ રોકી શકે? તેથી જ સૌ ભગવદીયો વારંવાર કહે છે કે સુજ્ઞ સજ્જનો! તમે જુઓ છો કે આ પૃથ્વી પર ગોકુલ જ સાચું ગોલોક છે.

સવૈયા

*પેંઠ લગી બ્રજ બીથન બીર,*
*વિકાનોં તનમન સર્વસુવારો*
*ચોરત દૂધ દહીં નવનીત,*
*મનમોહન મીત સો પ્રીતમ પ્યારો,*
*સોવત જાગત સપુને મેં,*
*દિન રાતિ લગ્યો રહે દરસન ચારો,*
*છિનુ છિનુ કોતિક કો કહીએ સખી,*
*ગોકુલ ગામ કો પેંડોઇ ન્યારો.*

હે સખી! ગોકુલ ગામની રીત જ જુદી છે. વ્રજના માર્ગો ઉપર ભરાયેલા બજારમાં અમારાં તન, મન, બધું આપી દઇને અમે વેચાઇ ગયાં છીએ. અમારા પ્રાણપ્યારાએ દૂધ, દહીં, માખણની ચોરી કરી, અમારું મન પણ ચોરી લીધું છે. સૂતાં, જાગતાં કે સ્વપ્નમાં દિવસ રાત તેનાં દર્શન કરવાનું જ મન થયા કરે છે. આવું દરેક ક્ષણનું કૌતુક હું શું કહું!

કવિત

*તીન લોક તીરથ વ્રજ કનિકાપેં વારિ ડારોં,*
*વારું કલ્પતરુ કોટિ પલ્લવ પરણપેં,*
*કામધેનુ યૂથ વારું ખિર ગૌ રંભન પેં,*
*વારિ ડારું સચી રંભા પુલિંદની કે ભાગ પેં,*
*વારું કલ ધોતગામ ગોકુલકી ગલીન પેં,*
*વારું વૈકુંઠ રમા અનુચરી અનુરાગ પેં,*
*નાદ રસ સ્વાદ સંગીત ગીત સકલ લોક,*
*વાર વાર ડારું મુરલી મુખ રાગ પેં,*

ત્રણેય લોકનાં તીર્થોને વ્રજની એક રજકણ ઉપર હું વારી નાખું છું, કરોડો કલ્પવૃક્ષોને શ્રીવલ્લભનાં ચરણ પર ઓવારી દઉં છું. કામદેવનાં જૂથોને વ્રજની ગાયોની ખિરક ઉપર ઓવારી દઉં છું, વનની શોભા ઉપર ઇન્દ્રાણીને વારી દઉં છું અને પુલિંદીઓના ભાગ્ય ઉપર રંભા જેવી અપ્સરાઓને પણ ઓવારી દઉં છું. ગોકુલની ગલીઓ ઉપર વૈકુંઠ જેવા પ્રભુના ધામને ઓવારી દઉં છું અને વ્રજભકતોના પ્રેમ ઉપર લક્ષ્મીજીને પણ ઓવારી દઉં છું.પ્રભુના મુખારવિંદથી વાગતી વેણુના રાગ ઉપર નારદજીની વીણાના સંગીતને અને સમગ્ર જગતના સંગીતને હું વારંવાર ઓવારું છું.

**વિપિન પ્રથમ શ્રીહરિ કિયો, વદન માધુરી રાગ,**
**રાગ બીજ ફલ નેવકો, પ્રગટ્યો બ્રજ અનુરાગ.**

શ્રીહરિ પ્રભુએ પોતાના શ્રીઅંગમાંથી જ વ્રજ પ્રગટાવ્યું છે, જેમાં કેવળ પ્રેમ સિવાય બીજું કશું નથી. આપે પોતાના મુખારવિંદ પર વેણુ ધરીને તે દ્વારા અધરામૃત વહાવ્યું છે.

### રાવલ :

ગોકુળથી ત્રણેક માઇલ દૂર રાવલગામ આવે છે. વ્રજનાં ચોવીસ ઉપવનોમાંનું એક છે. તે કીર્તિજીનું પિયર અને શ્રીરાધાજીનું મોસાળ છે. શ્રીરાધાજીનું પ્રાકટ્ય અહીં થયું હતું. ગામમાં શ્રીરાધાજીનું મંદિર છે. તે ઘણું પ્રાચીન છે. ફરીથી સંવત ૧૯૭૮માં તેનો જીર્ણોદ્ધાર થયો છે. મંદિરની પાછળ શ્રીયમુનાજીનો ઘાટ છે, જે રામઘાટ કહેવાય છે.

### ગોપાલપુર :

ત્યાંથી આગળ જતાં ગોપાલપુર ગામ આવે છે. શ્રીઠાકોરજીએ અહીં ગોચારણલીલા કરી હતી. મેહા ઢીમર શ્રીગુસાંઇજીના સેવક ગોપાલપુર ગામના હતા. ગોપાલપુરથી અઢી માઇલ દૂર દુર્વાસામુનિનો આશ્રમ છે. ત્યાં દર્શન કરી,

શ્રીયમુનાજી ઉપરના પૂલ ઉપર થઇને યાત્રા મથુરા આવે છે. પૂરી વ્રજયાત્રામાં મથુરા સહિત કુલ પચીસ જેટલા મુકામ થાય છે.

**મથુરા :**

યાત્રા મથુરા પાછી આવે ત્યારે વિશ્રામઘાટ ઉપર યાત્રાળુઓ શ્રીયમુનાજીને દંડવત્ કરી, સ્નાન કરી, દૂધ ચડાવી, ભોગ ધરી, પોતાના તીર્થપુરોહિત પાસે વિધિવત યાત્રા માટે લીધેલા નિયમો છોડે છે. તીર્થ પુરોહિતને યથાશક્તિ દક્ષિણા આપી, બ્રહ્મભોજન કરાવે છે. પછી બીજા દિવસે ફરીથી મથુરાની પાંચકોશી પરિક્રમા કરે છે. આમ, સમગ્ર વ્રજયાત્રા પરિપૂર્ણ થાય છે.

**બ્રજમેં બેગિ બુલાવો, શ્રીયમુનાજી ।**
**છલબલ અતિ હી ભર્યો અજ્ઞાની,**
**કૃપા કરિ રૂપ દરસાવો ॥**
**આપ ભક્ત પ્રતિપાલ કહાવો**
**ચરન કમલ પરસાવો ।**
**કીજૈ કૃપા ભાનુ કી તનયા**
**મોહિ પયપાન કરાવો ॥**
**શ્રીગોવર્ધન શ્રીબૃંદાબન,**
**તુમ ઢિગ બાસ બસાવો ।**
**'નિજજન'કો દરસન દીજૈ**
**બિરહતાપ મિટાવો ॥**

■



॥ બ્રજ બસિવૌ દીજૈ સુલભ ॥

॥ તરહટી શ્રીગોવર્ધનકી રહિયે ॥



# પરિશિષ્ટ - ૧

## વ્રજ કે પ્રસિદ્ધ પર્વત

ગોવર્ધન, નંદગાઁવ મેં અરુ બરસાના કામ ।
ચરણ પહાડી પાંચ યે 'જગતાનંદ' અભિરામ ॥

## વ્રજ કે રાસમંડલ

બૃંદાબનમેં પાંચ હૈ ક્રીડત બ્રજ કે ઈસ ।
બ્રજ મેં મંડલ રાસ કે 'જગતાનંદ' તૈંતીસ ॥
દ્વૈ મંડલ હૈ કામબન, નંદગાંવમેં એક ।
દોઈ કરહલા બીચ હૈ, દોઈ દાનગઢ ટેક ॥
એક સાંકરીખોર મેં, એક પર્વત મેં માન ।
એક માનગઢ દેખિયે. દ્વૈ બિલાસગઢ જાન ॥
ગહવર બનમેં ચાર હૈ, અરુ સંકેત હિ ચારિ ।
એક પિસાયેં જાબબટ, દોઈ લગ્યૌ ઉર ધારી ॥
એક કોકિલા બિપીનમેં, તીન જુ ઊંચે ગાંવ ।
સિલા ખિસલની એક હૈ, એક ગિરિ ટીલે નાંવ ॥
એક સુનહરા બીચ હૈ, કદમ ખંડી મધિ એક ।
લિખિ હૈ પુરાતન જાનિયે, નૂતન ભયે અનેક ॥

## વ્રજ કે પ્રમુખ કૂપ

બ્રજમેં લખ દસ કૂપ હૈ, સપ્ત સમુદ્ર હિ જાન ।
નંદકૂપ અરુ ઈંદ્ર કૂપ, ચંદ્રકૂપ કરિ માન ॥
એક કૂપ ભાંડીરકો, કરણ વેધકો કૂપ ।
કૃષ્ણ કૂપ આનંદનિધિ, બેનુ કૂપ સુખરૂપ ॥
એક જુ કુબજા કૂપ હૈ, ગોપ કૂપ લખિ બેહુ ।
'જગતાનંદ' બરનન કરત, બ્રજ સૌં કરૌં સનેહ ॥

## આદિ વૃંદાવનનું વર્ણન

કનકલતા માલતી મલ્લિકા વિવિધ કુસુમ મકરંદ ।
શીતલ પવન ઝકોરે લહેરે, પરસે અતિ આનંદ ॥
પદ્મરાગ મરકતમણિ સ્ફાટિક, શ્રીગોવર્ધન સોહે ।
બ્રહ્મા, રુદ્ર ત્યાં કોણ બાપડા, શ્રીહરિનું મન મોહે ॥
નાના પક્ષીની શબ્દ માધુરી, શોભા તણો નહીં પાર ।
શ્યામા શતદલ નયન સુંદરી, યૂથ તણો નહીં પાર ॥
અનેક રાસમંડલ રચના રચી, ખેલે શ્રીનંદકુમાર ॥

## વ્રજ મેં બેઠકજી

મધુપુરી, મધુબન બેઠક પ્રાણવલ્લભકી ।
કુમુદબન, બહુલા બન, શ્રીકુંડ રાજ હી ॥
માનસી ગંગા તેં સરોવરિ ચંદ્ર પરાસોલી ।
ઉત્સવ નિત કેલિ કુંજ ગોવર્ધન રાજ હી ॥
કામબન, બરસાનો, સંકેત સરોવરી ।
પ્રેમ, રીઠોરે, નંદગાંવ, કરહેલા મહારાસ હે ॥
કોકિલા-કામબન, કોટબન, ચીરઘાટ ।
બેલ-માનસર, બૃંદાબન, ગોકુલ સુખરાજ હે ॥

## વ્રજ કે દ્વાદશ કુંજ

(૧) પુષ્પકુંજ - આનંદસાગર શ્રીગોવર્ધનનાથજી
(૨) ફળકુંજ - પરમાનંદસાગર શ્રીરાધિકાજી
(૩) રસકુંજ - સુખસાગર શ્રીયમુનાજી
(૪) મધુકુંજ - દીનતાસાગર શ્રીલલિતાજી
(૫) ગોકુંજ - પ્રેમસાગર શ્રીગોપીજન
(૬) દ્વારકુંજ - કૃપાસાગર શ્રીમહાપ્રભુજી
(૭) નવકુંજ - સેવાસાગર શ્રીગુસાંઈજી
(૮) શશીકુંજ - રસસાગર શ્રીગોકુલનાથજી
(૯) પ્રેમકુંજ - જ્ઞાનસાગર શ્રીભાગવતજી
(૧૦) સિદ્ધકુંજ - શિક્ષાસાગર શ્રીહરિરાયજી
(૧૧) લક્ષ્મીકુંજ - ભક્તિસાગર શ્રીહરસાનીજી
(૧૨) તુલસીકુંજ - પદસાગર શ્રીસૂરદાસજી

## વ્રજમાં સાત સમુદ્ર

(૧) મધુવન - ધ્રુવસાગર (૨) બૃહદ્વન - ગોપાલસાગર (૩) બચ્છગામ - કનકસાગર (૪) શ્યામ ઢાક - ગોપસાગર (૫) નંદઘાટ - વૈકુંઠસાગર (૬) કોસી - લક્ષ્મીસાગર (૭) નંદભવન - ક્ષીરસાગર

## શ્રીસ્વામિનીજીનાં માનનાં ૨૪ સ્થળ

(૧) સંકલ્પમાન - લાલબાગ (૨) અલખમાન - આદિ બદરી (૩) વીણા માન - માનસરોવર (૪) નટમાન - બરસાના (૫) ચંદ્રમાન -રાવલ (૬) જયત માન - જયંત ગામ (૭) અંજન માન - આંજનો ગામ (૮) ગોદાણીમાન - બરસાના (૯) ત્યાગમાન - બરસાના (૧૦) હિંડોળામાન - કદંબખંડી (૧૧) ગાઢ માન - માનગઢ (૧૨) સ્વયં માન - શ્યામવન (૧૩) પરસ્પરમાન - માનગઢ (૧૪) નિંદામાન - કામર ગામ (૧૫) ખંડિતામાન - બરસાના (૧૬) મંદલમાન - દ્રુમનવન (૧૭) સેવામાન - વૃંદાવન (૧૮) બંસીમાન - ગહવરવન (૧૯) સુખેમન માન - ચરણગંગા (૨૦) નિરંતર માન - પ્રેમસરોવર (૨૧) ઉલટમાન - વિલાસગઢ (૨૨) ખંડિતમાન - મુખરાઈ (૨૩) ખટમાન - રીઠોરા (૨૪) માલણમાન - મોતીકુંડ

## વ્રજમાં પુષ્ટિમાર્ગનાં પાંચ તત્ત્વ

### ૧લું તત્ત્વ - શ્રીઠાકોરજી

શ્રીજી, શ્રીનવનીતપ્રિયા સુખકારી જી,
સમરો શ્રીમથુરાનાથ કુંજબિહારી જી,
શ્રીવિઠ્ઠલેશરાય દ્વારકેશરાય ગિરિધારી જી,
શ્રીગોકુલચંદ્રમાજી શ્રીમદનમોહન પર વારી જી.

### ૨જું તત્ત્વ - શ્રીવલ્લભકુળ (બેઠકજીઓ)

બીજું તત્ત્વ શ્રીવલ્લભકુળને ભજીએ જી.

### ૩જું તત્ત્વ - શ્રીગિરિરાજજી

ત્રીજું તત્ત્વ શ્રીગોવર્ધનગુણ ગાઈએ જી.

### ૪થું તત્ત્વ - શ્રીયમુનાજી

ચોથું તત્ત્વ શ્રીયમુનાજીને જાણો જી.
કરો દર્શન પયપાન એ સુખ માણો જી.

### ૫મું તત્ત્વ - શ્રીવ્રજભૂમિ

પાંચમું તત્ત્વ શ્રીવ્રજભૂમિને ગાઈએ જી
નિત્ય ઊઠી વૈષ્ણવજન પદરજ લઈએ જી.

પાંચ તત્ત્વનું ધ્યાન નિરંતર ધરીએજી,
તો મન વાંચ્છિત ફળ સર્વે પાઈએ જી.
પાંચ તત્ત્વ શિવબ્રહ્માદિકને દુર્લભજી,
શ્રીવલ્લભપ્રભુ પ્રગટ્યા પ્રમાણ કીધાં સર્વે સુલભજી.

# પરિશિષ્ટ - ૨
# વ્રજકમળની ભાવના

| દલ | સ્થળ | સખી | લીલા | સામગ્રી | વિશેષ |
|---|---|---|---|---|---|
| **(૧)** | **અંદરનાં આઠ દળ** | | | | |
| ૧. | મથુરા(મર્યાદા)<br>(બેઠકજી પુષ્ટિમાં) | -<br>- | -<br>- | મિશ્રી, પેંડા, બરફી વગેરે | બેઠકજીમાં ભોગ<br>વિશ્રામઘાટે સ્નાન<br>(વ્રજયાત્રાની આજ્ઞા) |
| ૨. | મધુવન | માધુરી | યુગલસ્વરૂપને ભોગ. રાત્રિરમણ | મિશ્રી, પેંડા, ખીર, બાસુદી, દૂધ, મલાઈ વગેરે | બેઠકજી, કુંડ પર ભોગ |
| ૩. | તાલવન | તામસી | રમણ | શિખરનવડી, ચના, ફરફરીઆ લુણમરીના, સક્કરપારા, બુંદી, તરમેવા, બદામ પિસ્તાં લુણ-મરીનાં આદાપાતરીનાં અથાણાં વગેરે. | કુંડ પર, વૃક્ષ નીચે ભોગ |
| ૪. | કુમુદવન | રાજસી | યુગલવિહાર જલવિહાર | ફળ, ફૂલ, અરગજા, ચંદન, ગુલાબજળ, અત્તર, ખૂબ ખારેક વાળું જાડું દૂધ વગેરે. | બેઠકજી તથા કુંજમાં ભોગ |
| ૫. | શાંતનકુંડ | સાત્ત્વિકી (દૈન્યયુક્ત) | શાન્તરસની ભક્તાધીન | સતુઆ, મગદળના લાડુ, વગેરે | બેઠકજી કે યોગ્ય લાગે ત્યાં ભોગ |
| ૬. | ગંધેસરા | તુલસી-સારંગી | યુગલગાન શ્રવણ કર્યું | ગુલકન્દ, ગુલાબ-કતરી, સેવતીનું ઓટ્યું દૂધ (સુગંધવાળું) વગેરે | યુગલ-મુખ-સુગંધ, સુગંધ દિશાઓમાં ફેલાયો |
| ૭. | બહુલાવન | બહુલા (અતિવિરહિણી) | યુગલરૂપે પધારવું. | શીરો, ખીચડી, પાપડ, વગેરે | કૃષ્ણકુંડ, મર્યાદા-પુષ્ટિ-લીલા |
| ૮. | જિખિનગામ | - | બલદેવજીની મર્યાદાની લીલા | પેંડા બરફી વગેરે<br>શ્રીસ્વામિનીજીનાં દાદીનું | તોષકુંડે છાક આરોગ્યા. મુખરાઈ - ગામ |
| | (મર્યાદા) કુંજમાં ભોગ. | | | | |
| **(૨)** | **બીજાં બહારનાં સોળ દળ** | | | | |
| ૧. | રાધા-કૃષ્ણ-કુંડ | શ્રીસ્વામિનીજીની નિકુંજ | યુગલસ્વરૂપનો નિત્યવિહાર | ખીર, પેંડા, બરફી, બાસુદી, (બેઠકજીમાં ભોગ.) પાસે હિન્ડોળાનું સ્થળ, ત્યાં પૂઆ, પાસે કુંજમાં-સેવના લાડુ, અડદના પાપડ, મેંદા-વેસનના ભેગા લાડુ વગેરે. | ચારે બેઠકજીમાં કુંડ ઉપર ભોગ. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨. | કુસુમ-સરોવર | રાજસી (કુલઘર) | - | ગુલકંદ, ઓટ્યું દૂધ (સુગંધી), અરગજા, મેવા-મીઠાઈ, ગુલાબ-કતરી વગેરે. | ઉદ્ધવજીના સિંહાસન પાસે ભોગ. |
| | નારદ-કુંડ પાસે. | તામસી રાજસી ચાતુરી | - | અડદના લોટની બુંદીના લાડુ, વગેરે. | - |
| | રત્નસિંહાસન | રાજસી | - | દહીં ભાત, વગેરે. | - |
| | ગ્વાલપોખરા | - | - | વઘારેલા મુરમુરા (પોંક) વગેરે. | - |
| ૩. | માનસીગંગા | - | - | દૂધ-પૂઆ, બેઠકજીમાં બાસુંદી, બીજી બેઠકજીમાં - માલપૂઆ | શ્રીસ્વામિનીજીના મનમાંથી પ્રાકટ્ય. |
| ૪. | ઋણ-મોચનાદિ- | તામસી | - | - | મર્યાદા - તીર્થરૂપ. |
| | ચારકુંડ જમનાવતા ગામ- | - | - | મિશ્રીનો પનો, સક્કરપારા, બેજરની રોટી, ટેંટીનું શાક, | |
| ૫. | અડીંગ | રાજસી | - | દહીં, ભાત, પૂરી, ખીર, | માધુરીકુંડે સ્નાન. |
| | | તામસી | - | બાસુંદી, મલાઈ વગેરે. | |
| | | સાત્ત્વિકી | - | દૂધ - ભાત વગેરે. | લતાપતાને ભોગ |
| ૬. | પરાસોલી. (ચન્દ્રસરોવર) | - | - | ખીર, ચન્દ્રકલા, બેઠકજીમાં બાસુંદી, દૂદઘર, દૂધ-પુઆ, ચન્દ્રકલા, ઉપરેટા, ખીર, દૂધ-વગેરે રાસની સામગ્રી. | મુખ્ય રાસ-સ્થલ |
| ૭. | પેંઠાગામ. | - | ઘૈયા આરોગાવ્યું શ્રીગિરિરાજ-ધારણ કરીને ભક્તરક્ષા. | ઘૈયા | - |
| ૮. | આન્યોર. | શ્રુતિરૂપા | - | દૂધ, દહીં, પેંડા, (કટોરા પાસે ભોગ)બેઠકજીમાં બાસુંદી, સંકર્ષણ કુંડે ખીર, પૂઆ, લાડુ, દહીંભાત વગેરે. | - |
| ૯. | ગોવિંદકુંડ. | રાજસી | - | મેવાવાળું દૂધ. | - |
| ૧૦. | અપ્સરાકુંડ. | કુમારિકા | - | ટેટીના બીજના લાડુ, જલઘરામાં મિશ્રીપનો, સુગંધી જલ-બીડાં વગેરે. | - |
| ૧૧. | શ્યામઢાક. | - | - | દહીંભાત, શીરો, વગેરે. | લક્ષ્મીજીનો મનોરથ, પીતાંબર ઓઢાડવું, કુંજમાં પ્રભુને ભોગ. |
| ૧૨. | ઢુકા-દાઉજી. | - | - | દૂધઘરની સામગ્રી, ખીચડી, | મર્યાદાલીલા. |
| | સુરભિકુંડ | શ્રુતિરૂપા સાત્ત્વિક-તામસી | - | પાપડ, દૂધ ભાત વગેરે | કુંજમાં ભોગ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩. | ગોવિન્દસ્વામીની કદંબખંડી. | - | - | ઓટેલું દૂધ, ઘૈયા, સમાધિ પાસે-મગદળ ચોટિયાના લાડુ. હરજી પોખરામાં મુરમુરા, સક્કરપારા વગેરે | - |
| ૧૪. | રુદ્રકુંડ | - | - | દાળ, ભાત, તીનકુડા, ઢીલું શાક, રીંગણનું ભરત વગેરે. | દંડાવતી-શિલાએ ભેટ. ત્યાં શ્રીગિરિરાજજીનાં ચરણ છે. |
| ૧૫. | પૂજનીશિલા | - | - | કુનવારો ભોગ, ઉપર મંદિરે-ઋતુ પ્રમાણે સામગ્રી, | દૂધથી સ્નાન-કરાવવું. |

## (૩) પછીનાં બીજાં બહારનાં બત્રીસ દળ


| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | બિલછુ-કુંડ | - | - | ટેટી, કેરી, ફળ દાનઘાટીમાં-દહીં, દૂધ, પેંડા, બરફી | કુંજમાં ભોગ |
| | | રાજસી | - | ગુલાલકુંડે-દોલની સામગ્રી; બેઠકજીમાં દૂધઘર, વગેરે. | - |
| ૨. | ગાંઠોલી-કદંબખંડી | તામસી | - | વિવાહની સામગ્રી ટોડના ઘનામાં-દહીં, ભાત, લીટી, સંધાણું, વગેરે. | - |
| ૩. | આદિ-બદરી | - | - | કુંજમાં ફળ-ફૂલ-ભોગ પરમંદરામાં છાકની સામગ્રી સખડી-અનસખડી-સઘળું-ભોગ. | મર્યાદાલીલા શ્રીદામા સખાનું ગામ. |
| | | શ્રુતિરૂપા | - | કામવન-વિમલકુંડે-ઘેવર, ચરણ-પહાડીમાં-ચોખાની ધાણી, વગેરે, | |
| ૪. | ખિસકની શિલા. | - | - | ઘૈયા, દૂધ, બૂરા; ઠોર, શ્રીકુંડે-મેવાબાટી, સંજાવની ખીર, શ્યામતમાલ નીચે બેઠકજીમાં - બરફી,માવો, મિશ્રી, છોંકર નીચે ભોગ | |
| ૫. | કનવારા. | - | - | કુનવારો. | - |
| | | શ્રુતિરૂપા | - | કુંજમાં ચાર પ્રકારની અનસખડી | - |
| | | સુન્હેરા | - | ઓટેલું દૂધ-છાકની સામગ્રી વગેરે. | |
| ૬. | ચિત્ર-વિચિત્ર-શિલા. | રાજસી | - | પૂરી-બાસુદી વગેરે દેહકુંડે-માવાના લાડુ વગેરે. | - |
| ૭. | બરસાના | - | - | ભાનુ-ઓખરે-છપ્પનભોગની સામગ્રી ચાર સામગ્રી કુનવારાની, અનસખડી વગેરે | શ્રીવૃષભાનજીએ અહીં શ્રીનંદરાયજી વગેરેને વિવાહ ભોજનરૂપે છપ્પન-ભોગ આરોગાવ્યો છે. |
| ૮ | સાંકડીખોર | - | - | દૂધ, દહીં, પેંડા, દાનગઢમાં-દહીં, ભાત, દૂધ, માનઢમાં-સૂકો મેવો વગેરે | - |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯ | ગહ્વરવન. | - | - | વિલાસગઢમાં-બાસુંદી, બેઠકજીમાં-બદામનો શીરો, ઓટ્યું દૂધ, દોહનીકુંડે-માખનવડાં, દહીંવડાં વગેરે | |
| ૧૦. | નોવારી-ચોવારી | - | - | રત્નકુંડ, ખરમંડા, બીલસારુ, શ્રીલાડિલીજી મંદિરે-પેંડા-બરફી, મુખ વિલાસ, કુમારિકાની પીળીપોખરમાં-શૃંગારની સામગ્રી, સુકોમેવો, પાયેલો મેવો, કોપરાની બરફી, પ્રેમસરોવરે-ગોળપાપડી વગેરે. | |
| ૧૧. | સંકેત-વન | - | - | શીરો, બાસુદી, શય્યામંદિરે-શય્યાની સામગ્રી, કુંડ-બેઠકજીમાં-ખીર, બાસુંદી, માંયરામાં-બેઠકજીમાં વિવાહસામગ્રી. | - |
| | | શ્રીચન્દ્રાવલીજી | | રીઠોરા-ચન્દ્રાવલીકુંડે-ચન્દ્ર-કલા. બેઠકજીમાં-દૂધઘર, બાસુદી, મેવો, મિશ્રી. વગેરે | શ્રીચન્દ્રાવલીજીના ભાવથી શ્રીગુંસાઈજીનાં બેઠકજી. |
| ૧૨. | શ્રીનન્દગામ | - | - | યશોદાકુંડે-માખણ, મિશ્રી, રોટી, દહીં, વગેરે. મધુસૂદનકુંડે-દહીંવડાં, શિખરનવડાં, ચરણ-પહાડી પર-મેવા, મિશ્રી, મોતીકુંડે-ઝીણી બુંદી. ઉપર શ્રીનન્દ-મંદિરે-શ્રીનન્દ-મહોત્સવ-સામગ્રી, બરફી, પ્રસાદ લૂંટાવાય. પાન-સરોવર બેઠકજીમાં-બાસુંદી, લુચઈ, વડ પાસે-શય્યાભોગ-સામગ્રી. ટેર-કદંબે ઘૈયા, બૂરો વગેરે. | |
| ૧૩. | જલ-વિહાર-કુંડ | - | - | મિશ્રીપનો, શિખરનવડી, આશકુંડે-ફિકી-મીઠી-કચોરી. સફેદ અને પીળા ઉપરેટા, ઉદ્ધવ-ક્યારીમાં-મુરમુરા-છોંકેલા. | |
| ૧૪. | પૂર્ણ-માસીમંદિર | - | - | બુંદીના લાડુ, ખીર, કુંડ પર ભોગ. આદિપોખરમાં-બાબર, ખુરમા. કરહલાની કદંબખંડીમાં-બાસુદી, શીરો, હિંદોલામાં-પૂઆ, બેઠકજીમાં-પેંડા, બરફી વગેરે. | |
| ૧૫. | પિસાયાનીકદંબખંડી | - | - | મિશ્રીનો પનો, બીજવાડીમાં-બીજના લાડુ, લધોલીમાં કચોરી, ખિદરવનમાં તરમેવો વગેરે. | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬. | કૃષ્ણ-કુંડ | - | - | ખોવા, સૂર્યકુંડમાં-દહીંભાત, જાવમાં-સક્કરપારા, મેવા, મિશ્રી, કોકિલાવન બેઠકજીમાં-બાસુંદી, શીરો, ચન્દ્રકલા, ખીર, પેંડા, શયનનું કાઢેલું-દૂધ વગેરે. | |
| ૧૭. | બઠેન. | - | - | મણકાની ખીર, દૂધ-બૂરો, ઘૈયા, ચરણ-પહાડી પર-માખણ, મિશ્રી, રાસોલી શ્રીગોકુલનાથજીનાં બેઠકજીમાં -બાસુદી, ઉપરેટા, ચન્દ્રકલા, પૂરી, દહેગામમાં-અડદની દાળનાં દહીંવડાં, દહીંભાત વગેરે. | - |
| ૧૮. | કોટવન | - | - | શીતલકુંડ-ચોકમાં-બેઠકજીમાં-ઓટ્યું દૂધ, મીઠોભોત, શિખરન-ભાત, સૂર્યકુંડે-પીળોભાત,પાપડ, શેષશાયીમાં-દૂધ-ભાત, ખીર, લાલ-બાગમાં-શીરો વગેરે. | |
| ૧૯. | અક્ષયવટ. | - | - | વેસણની પાપડી, સેવ, તપોવનમાં-મેવાબાટી, ચુરમું, ચીરઘાટમાં-ફલાહાર, બેઠકજીમાં, બુંદી, મેવાબાટી, સક્કરપારા, સેવના લાડુ. | બલદેવજી ગૌર મર્યાદારૂપ શ્રીયમુનાજીને ભોગ. |
| ૨૦. | નન્દઘાટ. | - | - | મગ-ભાત, પાપડ, વડાં, અથાણું, કચરિયું, શાક, વત્સવનમાં-બેઠકજીમાં દૂધઘર, રોટીની તોતરી, પરાસોલી-માં- ચન્દ્રકલા, બાસુદી-વગેરે. | |
| ૨૧. | સકરાઘાટ | - | - | ગામ પાસે ટેકરા ઉપર શ્રીઠાકોરજીની બેઠકજીમાં-ખીર, કેરીનો શીરો વગેરે. | |
| ૨૨. | રામતાલ. | - | - | લુચઈ, ત્રણ ગણી, બિલસારુ, ખીર, પૂરી, માખણ, મિશ્રી, નન્દ-ગામમાં-ખીર, બલદેવજીને-માખણ મિશ્રી વગેરે. | - |
| ૨૩ | નરી સૈમરી. | - | - | માવો, દૂધ-પૂરી, છત્રીઘરાપર-છાકમાં વડાં, દહીં-ભાત, શાક, ભતરોડમાં-દહીં, ભાત, ખીર,પૂરી, મઠડી- વગેરે. | |
| ૨૪. | કાલી (ય) દહ(હદ) | - | - | રોટલી, દૂધ, શ્રીયમુના તટે-કેશીઘાટે-મેવા, મીઠાઈ, બુંદીના લાડુ વગેરે. | |
| ૨૫. | બંસીબટ. | - | - | રાસની સામગ્રી, ભોગ, બેઠકજીમાં--બાસુદી, ખીર, ફિકી ચર્પરી વગેરે. | |
| ૨૬. | ગહ્વરવન. વૃંદાવન પાસે | - | - | ઈન્દરસાં, રાજપુરમાં-પૂઆ, રાધાબાગમાં-ઓટ્યું દૂધ, બેલવનમાં-મેવાબાટી, અરગજા, સુગંધી ફુલ-માલા વગેરે. | - |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭. | માટગામ | - | - | દહીંભાત, તવાપુરી, ભાંડીર-વનમાં-છોંક્યા મુરમુરા, ભદ્રવનમાં-ઈમરતી, ડોગેલીમાં-ગુંજા, માન સરોવરમાં-શિખરન વડી, શિખરનભાત, બેઠકજીમાં બાસુંદી, દૂધભાત, શયનનું દૂધ વગેરે. | કુંજમાં ભોગ |
| ૨૮. | ગોપાલપુર | - | - | રાવલ પાસે-અડદનાં વડાં, વેસનની પકોડી-ગોળ મળેલી, લોહવનમાં-ગોળનું ચુરમું, ખીચડી, પાપડ, પીપરાલીમાં-રાસની સામગ્રી રાવલમાં-દૂધભાત, ખીર, બાસુંદી, મિશ્રી, પંજરી, દૂધઘર | સ્થળમાં ભોગ<br>શ્રીરાધાજીનું પ્રાકટ્ય સ્થળ |
| ૨૯. | બંદી | - | - | આનંદીદેવી-બાટી, પુઆ, ગુલગુલા, રસગુલ્લાં, માલપુઆ, શ્રીબલદેવજી-માં-માખણ-મિશ્રી-ખીર, બાગમાં-સખડી, અનસખડી, હતોડામાં-ધાણી, મેવા, રોટી, એલચી દાણા, ચિંતા-હરણ ઘાટે- દહીંભાત, બ્રહ્માંડ ઘાટે-ખાટો ભાત, છઠ્ઠીપાલના-પંજરીનાં નંગ. નંદકૂપે-પૂઆ, બાટી, યમલાર્જુને -માખણ, દૂધઘર, રમણ-રેતીમાં-બાસુંદી, દૂધભાત, શયનનું દૂધ, મિશ્રીપનો, ફૂલમાલા, અરગજા વગેરે | |
| ૩૦. | ગોપકૂપ | - | - | બરફી, પેંડા, તલની સામગ્રી. | કુંજમાં ભોગ. |
| ૩૧. | શ્રીવલ્લભઘાટ | - | - | શીરો, પૂરી, દહીં, શાક, ઠોર, લાડુ, શ્રીયશોદાઘાટે-માખણ, મિશ્રી, દહીં, રોટી, કર્ણવેધકૂપ-લાડુ, ગુંજાના ટુક વગેરે. | |
| ૩૨. | શ્રીઠકુરાણીઘાટ | - | - | બેઠકજીમા-મેવા, મિશ્રી, પેંડા, બાસુદી, દૂધઘર, ગોવિંદઘાટે-શ્રીમહારાણીજીનો શૃંગાર, શ્રીગોપી-વલ્લભની સામગ્રી, દૂધઘર, મેવા-વગેરે. | |

# વ્રજનાં બેઠકજીનો નકશો



॥ श्रीहरिः ॥

वन्दे नन्दव्रजस्त्रीणां पादरेणुमभीक्ष्णशः।
यासां हरिकथोद्‌गीतं पुनाति भुवनत्रयम् ॥

અદ્‌ભુત નિરૂપણનિર્ણય અને નિતાન્ત આદર - આવું અલૌકિક ઐશ્વર્ય જેમાં સમાયું છે, એવું આપનું 'વ્રજ મેરે મન ભાયી'નું નિરૂપણ સૌને ગમશે જ. મને તો ગમે, પરંતુ વ્રજની જેનાથી પ્રતિષ્ઠા છે, એ વ્રજરાજને ગમે, તો પછી કોને ન ગમે? વ્રજની વાત વાણીનો વિષય બની ન શકે એવી વિશેષતા એમાં ભરેલી છે. વ્રજના કોઈ એક પુષ્પગુચ્છમાં રસ પીવા માટે મિલિન્દ થવાનો મનોરથ વિધાતા વાંછે છે. આથી વધીને વ્રજનું મહત્ત્વ કયું હોઈ શકે?

હું તો વ્રજનો મહિમા ગાવા માટે સમર્થ નથી. અરે, વ્રજનો મહિમા ગાનારનો પણ મહિમા ગાવા માટેની વાણી મારી પાસે નથી. પરમ ભાગવત ઉદ્ધવજી ક્ષણ પ્રતિક્ષણ વ્રજની રજમાં અવગાહન કરવા વાંછા ધરાવે છે. એ માટે વ્રજને અને વ્રજભક્તોને અનંત વાર દંડવત પ્રણામ કરે છે. ત્યારે વ્રજની ગાથા શી ગાવી?

અખિલ વિશ્વમાં નથી એવું ઐશ્વર્ય વ્રજમાં વસેલું છે. અન્યથા શ્રીવ્રજનાથ વ્રજમાં અનાવૃત્ત ચરણે વિચરે ખરા? એ જ્યાં વિચર્યા હોય એવી ભૂમિમાં આળોટવા માટે પશુપંખીનો પણ દેહ મળે તો ભગવાનનો બીજો અનુગ્રહ મેળવવાની વૃત્તિ પણ ન રહે. મનોનિગ્રહના જ્યાં બધાં સાધનો નિરાશ થઈ જાય, ત્યાં વ્રજરજનો નિત્ય વિજય થાય છે.

રમેશભાઈ, આપના આલેખેલ વ્રજમહિમાને જે કોઈ પીશે, તે શ્રીવ્રજરાજનો પ્રિય બની જશે.

આપનો
ભગવદીયજનપદપરાગ
અકિંચન કિંકર
કૃષ્ણશંકરના જયશ્રીકૃષ્ણ
(શ્રીકૃષ્ણશંકરભાઈ શાસ્ત્રીજી, સોલા)